



વિશ્વની શ્રેષ્ઠ નવલકથાઓ

દીપક મહેતા








દીપક મહેતા

સમીક્ષક, સંપાદક, અનુવાદક અને સાહિત્યિક કટારોના લેખ
તરીકે જાણીતા દીપક મહેતા (જન્મ : ૧૯૩૯)નાં પ્રગટ થયેલાં દ
જેટલાં પુસ્તકોમાં નવલકથા : કસબ અને કલા, કથાપ્રસંગ
કથાવલોકન, માતૃવંદના ભાગ ૧થી ૫, મુનશીનો વૈભવ, આપણ
કેટલાક સાહિત્યસર્જકો, દીપે અરુણું પરભાત, ગુલાબદા
બ્રોકરની શબ્દસૃષ્ટિ, નર્મદની શબ્દસૃષ્ટિ, ઓગણીસમી સદીન
ગુજરાતી ગ્રંથસમૃદ્ધિ તથા ૧૫ પરિચય પુસ્તિકાનો સમાવેશ થા
છે. ઈ.સ. ૨૦૦૦થી તેઓ મુંબઈ સમાચારમાં દર અઠવાડિયે પ્રગ
થતા સાહિત્ય વિશેના વર્ડનેટ પાનાનું લેખન-સંપાદન કરે છે. અ
પુસ્તકમાં તેમણે વિશ્વની કેટલીક શ્રેષ્ઠ નવલકથાઓ અને તેન
લેખકોનો રસમય પરિચય આપ્યો છે.



વિશ્વની શ્રેષ્ઠ નવલકથાઓ

દીપક મહેતા

વિશ્વની શ્રેષ્ઠ નવલકથાઓ

Vishvani Shreshth Navalkathao

By Deepak Mehta

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨

ગુજરાતીઓને વાંચતા કરવાની ૭૦ ટકા ઓછી કિંમતની 'ગ્રંથયાત્રા' યોજના વર્ષ પાંચમું

પાંચ વરસમાં સંસ્કારી ગુજરાતીઓ પોતાના કુટુંબને રૂ. ૨,૭૨૫/-માં રૂ. ૯,૦૦૦/-ના સો દોઢસો સાહિત્યનાં અને અન્ય ઉપયોગી પુસ્તકોની લાઈબ્રેરીનો વારસો આપતા જાય તે માટે મિત્રભાવે ખોટ પોતાને માથે ઓઢીને 'સાહિત્ય સંગમે' રજૂ કરેલી રૂ. ૧,૮૦૦/-નાં પુસ્તકો ૭૦ ટકા ઓછી કિંમતે માત્ર રૂ. ૫૪૫/-માં ઘરબેઠાં આપવાની યોજના જેને સ્વ. બકુલ ત્રિપાઠીએ 'ગ્રંથયાત્રા' નામ આપ્યું હતું તેના પાંચમા વર્ષનાં પુસ્તકો પણ પ્રગટ થઈ ગયાં છે. તેમાંનું આ એક પુસ્તક જેની કિંમત બજારભાવે

રૂ. ૩૪૦-૦૦ મુકાય છે તે

રૂ. ૨૨૫-૦૦

મુદ્રક-પ્રકાશક

સાહિત્ય સંગમ

પંચોલી વાડી સામે, બાવા સીદી, ગોપીપુરા, સુરત - ૩૯૫ ૦૦૧

ફોન : (૦૨૬૧) ૨૫૯૭૮૮૨ / ૨૫૯૨૫૬૩

Email : sahityasangamnjk@gmail.com

અન્ય પ્રાપ્તિસ્થાન

(૧) સુરત

સાહિત્ય સંકુલ, ચૌટાબજાર, સુરત - ૩૯૫ ૦૦૩

ફોન : (૦૨૬૧) ૨૫૯૧૪૪૯

Email : janaknaik54@gmail.com

(૨) અમદાવાદ

સાહિત્ય ચિંતન, કચરિયા પોળ, બાલા હનુમાન સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧ ફોન : (૦૭૯) ૨૨૧૭૧૯૨૯

વિનંતી

[illegible] હજાર સંસ્કારી પ્રજાજનો પોતાના કુટુંબને સાહિત્યના અને [illegible] 'ગ્રંથયાત્રા'નાં સો-સવાસો પુસ્તકોનો સંસ્કારવારસો આપી [illegible] સંસ્કારભૂખને પણ સાંકળતા જાય.

અર્પણ

જેમણે નવલકથાઓનો
પહેલવહેલો પરિચય કરાવ્યો તે સ્મૃતિશેષ
'ભાઈ'
(રમણકાંત ધનવંતરાય ઓઝા) ને

લેખકનાં પુસ્તકો

વિવેચન :
નવલકથા : કસબ અને કલા
કથાસંદર્ભ (વંદના મહેતા સાથે)
રમણલાલ વ. દેસાઈ
કથાવલોકન
કથાપ્રસંગ
આપણા કેટલાક સાહિત્યસર્જકો
દીપે અરુણું પરભાત
ઓગણીસમી સદીની ગુજરાતી ગ્રંથસમૃદ્ધિ

સંપાદન :
માતૃવંદના ભાગ ૧-૫
માતૃપ્રદક્ષિણા
માતૃસંહિતા
લગ્નકથા
પ્રતીચી (અંગ્રેજીમાં)
મુનશીનો વૈભવ
૨૦૦૪ની શ્રેષ્ઠ વાર્તાઓ
ઉત્તરાયણ
ગુલાબદાસ બ્રોકરની શબ્દસૃષ્ટિ
નર્મદની શબ્દસૃષ્ટિ

બાળવાર્તા : (વંદના મહેતા સાથે)
પરીકથામાળા (પાંચ પુસ્તક)
સબરસ કથામાળા(પાંચ પુસ્તક)
પંચામૃત કથામાળા (પાંચપુસ્તક)

અનુવાદ અંગ્રેજીમાંથી :
સરદાર પટેલનો પસંદ કરેલો પત્રવ્યવહાર
એક કોડીનું સ્વપ્ન

અનુવાદ મરાઠીમાંથી :
માહિમની ખાડી
જીવનસ્વપ્ન
હરિનારાયણ આપ્ટે
એક ક્રાન્તિવીરની આત્મકથા

પરિચય પુસ્તિકા :
કનૈયાલાલ મુનશી
રમણલાલ વ. દેસાઈ
ધૂમકેતુ
ઝવેરચંદ મેઘાણી
ગુલાબદાસ બ્રોકર
ચંદ્રવદન મહેતા
મનસુખલાલ ઝવેરી
મુનશીની નવલત્રયી
પાંચ દાયકાનો સાહિત્યિક વિકાસ
શામળની કવિતા
જગતની શ્રેષ્ઠ નવલકથાઓ
ગુજરાતીમાં પુસ્તક-પ્રકાશન
પ્રથમ અખબાર : મુંબઈ સમાચાર
અવતરણની અત્તરદાની
ભારતની રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી

અન્ય :
પેન્ડોરાના પટારામાંથી
જાપાનીઝ જીવનનાં સત્યો

પ્રસ્તાવના

નવલકથા માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ 'નૉવેલ' નામ ઉપરાંત વિશેષણ તરીકે પણ વપરાય છે. પહેલાં કરતાં કશુંક જુદું, કશુંક નવું, એવા અર્થમાં 'નૉવેલ' વિશેષણ વપરાય છે. ઊર્મિકાવ્ય, મહાકાવ્ય અને નાટ્યકાવ્ય જેવાં સાહિત્યનાં પ્રાચીન સ્વરૂપોની સરખામણીમાં આજે પણ નવલકથાનું સ્વરૂપ નવું જ ગણાય. કારણ નવલકથાનો ઇતિહાસ માંડ ચારસો વર્ષનો છે. સ્પેનમાં ૧૬૦૫થી ૧૬૧૫ દરમ્યાન બે ભાગમાં પ્રગટ થયેલ દોન કિહોટેને ઘણા વિવેચકો પહેલી નવલકથા અને તેના લેખક સર્વાન્ટિસને પહેલો નવલકથાકાર માને છે.

હેન્રી જેમ્સ નામના અમેરિકન નવલકથાકાર અને વિવેચકે કહેલું કે નવલકથાના મહાલયમાં હજારો અટારીઓ છે. આ મહાલયની બહાર ફેલાયેલા માનવજીવનના અફાટ વિસ્તારને નિહાળવા માટે વ્યક્તિગત શક્તિ અને ઇચ્છાથી નવલકથાનો લેખક કોઈ પણ અટારી ખોલી શકે અને તેમાંથી જેવું અને જેટલું જગત દેખાતું હોય તેવી અને તેટલી વાત પોતાની નવલકથામાં કરી શકે. આજ સુધીમાં અનેક લેખકોએ નવલકથાના મહાલયમાંની કોઈ ને કોઈ અટારી ખોલીને માનવજીવનનું દર્શન કર્યું છે અને વાચકોને કરાવ્યું છે. અહીં આપણે વિશ્વની અગણિત નવલકથાઓમાંથી કેટલીક વિશિષ્ટ નવલકથાઓનો પરિચય મેળવશું. સ્પેનમાં જન્મેલી નવલકથા યુરોપના જુદા જુદા દેશોમાં પ્રસરી. સર્વાન્ટિસની નવલકથાનો ૧૬૧૨માં અંગ્રેજી અનુવાદ પ્રગટ થયો તે પછી બ્રિટનમાં નવલકથા વિકસી. અઢારમી સદીની છેલ્લી પચ્ચીસીમાં નવલકથા અમેરિકા પહોંચી. વીસમી સદીમાં તો અમેરિકન નવલકથા વિશ્વની નવલકથા પર છવાઈ ગઈ. યુરોપના દેશો, બ્રિટન અને અમેરિકાની કેટલીક વિશિષ્ટ નવલકથાઓ વિષે અહીં વાત કરી છે.

નવલકથાના મહાલયમાં જેમ અનેક અટારીઓ છે તેમ અનેક ઊંચા નીચા માળ પણ છે. તેના ભોંયતળિયે લોકપ્રિય નવલકથા - પોપ્યુલર ફિક્શન - વસે છે. અહીં સતત આવનજાવન થતી રહે છે, લેખકોની, કૃતિઓની, અને વાચકોની પણ. તેમાંનું કોઈ અહીં લાંબો વખત રહી શકતું નથી. પણ થોડો વખત જે રહે છે તે ઝાકઝમાળ થઈને રહે છે. પછી ભંડકિયામાં ક્યાં ખોવાઈ જાય છે તેની ખબર પણ નથી પડતી. વચલા ઘણા બધા માળ પરની

નવલકથાઓને ત્યાં લાંબો વખત વસવાની સગવડ વાચકો અને વિવેચકોની સતત હાજરી કરી આપે છે. મહાલયની ટોચ પર જે થોડી નવલકથાઓનો વાસ હોય છે ત્યાં સુધી પહોંચવાનું ગજું સામાન્ય વાચકનું નથી હોતું. દૂરથી જોઈને જ હરખાવાનું રહે છે. પણ વિવેચકો અને સાહિત્યના ઇતિહાસકારો આ નવલકથાઓની સતત વાત કરતા રહે છે - ક્યારેક વિવાદ પણ. અહીં આ બધા પ્રકારની નવલકથાઓમાંથી પસંદગી કરી છે. અલબત્ત, આવી કોઈ પણ પસંદગી વિષે મતભેદને અવકાશ હોય જ.

નવલકથા મોટે ભાગે ઉત્તરપદપ્રધાન હોય છે. એટલે કે તેનું મહત્ત્વનું અંગ હોય છે કથા, વાર્તા, પ્લોટ. અહીં દરેક નવલકથાની કથા થોડી વિગતે આલેખવાનો પ્રયત્ન કર્યો છે તો સાથોસાથ મુખ્ય પાત્રોનો પરિચય પણ આપ્યો છે. નવલકથાકારના જીવન અને નવલકથાના લેખન તથા પ્રકાશન અંગેની રસપ્રદ વાતો પણ લખાણમાં વણી લીધી છે. એકંદરે વાચકને નવલકથા અને તેના લેખકનો જીવંત પરિચય મળી રહે તેવો પ્રયત્ન કર્યો છે. વિવેચનની ભારેખમ પરિભાષાથી સતત સભાનતાથી દૂર રહેવાનું પસંદ કર્યું છે. આ લેખો અગાઉ 'મુંબઈ સમાચાર' દૈનિકમાં 'બુકમાર્ક' નામની સાપ્તાહિક કૉલમમાં પ્રગટ થયા હતા. ત્યારે તેને વાચકોનો જેવો ઉમળકાભર્યો આવકાર મળ્યો હતો તેવો જ હવે આ પુસ્તકને પણ મળશે એવી આશા છે. ભાષા- સાહિત્યના વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને પણ આ લેખો બિનઉપયોગી જણાયા નહોતા. મુંબઈ સમાચારમાં આ લેખો પ્રગટ કરવા માટે તેનાં તંત્રી પિન્કીબહેન દલાલનો આભારી છું. પત્ની વંદનાએ દર અઠવાડિયે કાપીકૂપીને આ લેખો સાચવ્યા તો જ આજે આ પુસ્તકનું પ્રકાશન શક્ય બન્યું. પણ તે માટે 'આભાર' શબ્દ ઓછો પડે કે કદાચ વધારે પણ પડે. પુસ્તકનું પ્રકાશન કરવા માટે સાહિત્ય સંગમના મુરબ્બી નાનુભાઈનો અને મિત્ર જનકભાઈનો આભારી છું.

આષાઢસ્ય પ્રથમ દિવસે, ૨૦૧૨

દીપક મહેતા

૫૫, વૈકુંઠ, લલ્લુભાઈ પાર્ક,
અંધેરી,
મુંબઈ - ૪૦૦૦૫૮
Email : deepakbmehta gmail.com

અનુક્રમ

ક્રમ	નવલકથા	લેખક	પ્રકાશનસાલપાનાનં.
૩૨.	ડ્રેકુલા	અબ્રાહમ સ્ટૉકર	૧૮૯૭ / ૨૦૩
૩૩.	અ રૂમ વિથ અ વ્યૂ	ઇ. એમ. ફોર્સ્ટર	૧૯૦૮ / ૨૦૭
૩૪.	અ પેસેજ ટુ ઇન્ડિયા	ઇ. એમ ફોર્સ્ટર	૧૯૨૪ / ૨૧૩
૩૫.	સિદ્ધાર્થ	હર્માન હેસ	૧૯૨૨ / ૨૨૯
૩૬.	યુલિસિસ	જેમ્સ જૉય્સ	૧૯૨૨ / ૨૩૩
૩૭.	મિસિસ ડોલોવે	વર્જિનિયા વુલ્ફ	૧૯૨૫ / ૨૪૩
૩૮.	અ ફેરવેલ ટુ આર્મ્સ	અર્નેસ્ટ હેમિંગ્વે	૧૯૨૯ / ૨૫૩
૩૯.	ઓલ્ડમૅન ઍન્ડ ધ સી	અર્નેસ્ટ હેમિંગ્વે	૧૯૫૨ / ૨૫૬
૪૦.	ધ ગુડ અર્થ	પર્લ બક	૧૯૩૧ / ૨૬૫
૪૧.	બ્રેવ ન્યૂ વર્લ્ડ	આલ્ડસ હક્સલે	૧૯૩૨ / ૨૬૯
૪૨.	મર્ડર ઑન ધ ઓરિયન્ટ	આગાથા ક્રિસ્ટી	૧૯૩૩/ ૨૭૬
૪૩.	ગોન વિથ ધ વિન્ડ	માર્ગારેટ મિચેલ	૧૯૩૬ / ૨૯૩
૪૪.	રેબેકા	દાફ્રૅ દ મોરિયર	૧૯૩૮ / ૨૯૮
૪૫.	ધ સ્ટ્રેન્જર	આલ્બેર કામુ	૧૯૪૨ / ૩૦૧
૪૬.	ધ હ્યુમન કૉમેડી	વિલિયમ સારોયાન	૧૯૪૩ / ૩૦૪
૪૭.	ઍનિમલ ફાર્મ	જ્યૉર્જ ઑરવેલ	૧૯૪૫ / ૩૧૩
૪૮.	ધ કેચર ઇન ધ રાય	જે. ડી. સેલિંજર	૧૯૫૧ / ૩૧૭
૪૯.	ફેરનહાઈટ ૪૫૧	રે બ્રૅડબરી	૧૯૫૩ / ૩૨૩
૫૦.	ધ ઍડવેન્ચર્સ ઑફ	સોલ બેલો	૧૯૫૩ / ૩૨૭
૫૧.	લોલિટા	નાબોકૉફ	૧૯૫૫ / ૩૪૦
૫૨.	આઇ નેવર પ્રૉમિસ્ડ	જોઆન ગ્રીનબર્ગ	૧૯૫૬ / ૩૪૪
૫૩.	ડૉક્ટર ઝિવાગો	બોરિસ પાસ્તરનાક	૧૯૫૮ / ૩૬૦
૫૪.	કૅચ ૨૨	જોસેફ હેલર	૧૯૬૨ / ૩૬૪
૫૫.	વન ફલ્યુ ઓવર	કેનકેસે	૧૯૬૨ / ૩૬૮
૫૬.	ધ થૉર્ન બર્ડ્ઝ	કોલિન મૅક્કોલો	૧૯૭૭ / ૩૭૨
૫૭.	ધ કલર પર્પલ	એલિસ વૉકર	૧૯૮૨ / ૩૭૬
૫૮.	બિલવેડ	ટોની મોરિસન	૧૯૮૭ / ૩૮૩
૫૯.	જાઝ	ટોની મોરિસન	૧૯૯૨ / ૩૮૯
૬૦.	ધ આલ્કેમિસ્ટ	પાઉલો કોએલ્હો	૧૯૮૮ / ૩૯૮
૬૧.	ડિસગ્રેસ	જે. એમ. કોએટ્ઝી	૧૯૯૯ / ૪૦૧
૬૨.	ધ દા વિન્ચી કોડ	ડેન બ્રાઉન	૨૦૦૩ / ૪૦૫

૧. અમર નવલકથા, અમર નાયક
દૉન કિહોટે/ સર્વાન્ટિસ

એમનું અવતરણ થયું આજથી લગભગ ૪૦૦ વર્ષ પહેલાં, એસ્પાનિયા કહેતાં સ્પેન દેશમાં. પણ આજેય તેઓ ઠેર ઠેર જોવા મળે છે. સામ, દામ, દંડ કે ભેદ વાપરી છાપામાં પોતાના ફોટા છપાવતા ફોટાબહાદુરો રૂપે. સરકાર સામે લટુડાંપટુડાં કરી એસઈએમનો બિલ્લો ગળામાં ગળામાં ફૂલાવી ફરનારા બિલ્લાબહાદુરો રૂપે. લડ નહીં તો લડનારો છે. ન્યાયની ક્યારેક પર્યાવરણની, ક્યારેક હેરિટેજની, ક્યારેક વેજિટેરિયનિઝમની પવનચક્કીઓને રાક્ષસો માનીને તેમની સામે બાયોં ચડાવનારા જંગબહાદુર રૂપે. એમનાં નામ - કામ - દામ ભલે જુદાં જુદાં હોય, એમને સૌને માથે એક જ નામની પાઘડી બંધબેસતી થાય છે. એ નામ છે દૉન કિહોટે.

દુનિયાની થોડીક અમર નવલકથાઓમાંની એક નવલકથાનું નામ પણ 'દૉન કિહોટે'. એના લેખકનું લાંબુલચક નામ મીગ્યુલ સર્વાન્ટિસ સાપેડ્રા. પણ સ્પેનમાં અને સ્પેન બહાર પણ વધુ ઓળખાય છે સર્વાન્ટિસના ટૂંકા નામે. એનો જન્મ ૧૫૪૭માં. ચોક્કસ જન્મતારીખ કોઈને ખબર નથી. પણ ચર્ચમાં તેના નામકરણનો વિધિ ૧૫૪૭ના ઑક્ટોબરની નવમી તારીખે થયેલો એટલે તેના થોડા દિવસ પહેલાં જન્મ થયો હશે. પિતા ડૉક્ટર હતા. સર્વાન્ટિસ પોતે પહેલાં હતો સૈનિક. લડાઈમાં લડતાં ડાબો હાથ ગુમાવેલો. મધદરિયે ચાંચિયાઓને હાથે પકડાયેલો અને પૂરાં પાંચ વર્ષ અલ્જિરિયામાં બાનમાં રહેલો. એ દરમ્યાન ચાર વખત તેણે ભાગવાનો પ્રયત્ન કરેલો અને ચારે વખત પકડાઈને સારો એવો મેથીપાક ખાધેલો. છૂટ્યા પછી સ્પેનમાં સરકારી નોકરી ઠીક લાંબો વખત કરી. પણ પૈસા અંગેની ગોલમાલના આરોપસર નોકરી દરમ્યાન બે વખત જેલમાં પણ જઈ આવ્યો. ૧૫૮૨માં પોતાનાથી ૧૮ વર્ષ નાની કેટેલિના દ સાલઝાર નામની છોકરીને પરણ્યો

પણ તે પહેલાં લગ્નબાહ્ય સંબંધથી થયેલી એક દીકરી સર્વાન્ટિસને હતી. તેણે કવિતા લખી, નાટકો લખ્યાં, પણ વિશ્વસાહિત્યમાં તેને જે માનભર્યું સ્થાન મળ્યું છે તે તેણે લખેલી નવલકથાઓને લીધે, બલ્કે તેણે લખેલી એક નવલકથા 'દૉન કિહોટે'ને લીધે. અંગ્રેજી સહિતની યુરોપની ભાષાઓમાં લખાયેલી પહેલી નવલકથા કઈ એ અંગે આજ સુધી જાણકારોમાં એકમતી નથી. કેટલાક આ 'દૉન કિહોટે'ને પહેલી નવલકથા માને છે.

'દૉન કિહોટે'નો પહેલો ભાગ ૧૬૦૫માં પ્રગટ થયો. પોતે લખેલો કથાનો બીજો ભાગ સર્વાન્ટિસ પ્રગટ કરે તે પહેલાં જ બીજા કોઈ લેખકે પહેલા ભાગના અનુસંધાનમાં કથા લંબાવી તેને બીજા ભાગ રૂપે પ્રગટ કરી નાખેલી. આનું કારણ હતું. પ્રગટ થતાવેંત જ 'દૉન કિહોટે'ના પહેલા ભાગને મળેલી અસાધારણ લોકપ્રિયતા. સર્વાન્ટિસે પોતે લખેલો દૉન કિહોટેનો બીજો ભાગ ૧૬૧૨માં પ્રગટ થયો. પહેલા ભાગનો સર્વપ્રથમ અંગ્રેજી અનુવાદ પણ તે જ વર્ષે-૧૬૧૨માં પ્રગટ થયો અને બીજા ભાગનો અંગ્રેજી અનુવાદ પ્રગટ થયો ૧૬૨૦માં. ગુજરાતીમાં 'દૉન કિહોટે'નો અફલાતૂન અનુવાદ ચન્દ્રવદન મહેતાએ કર્યો છે. તેની પહેલી આવૃત્તિ ૧૯૬૪માં દિલ્હીની સાહિત્ય અકાદમી તરફથી પ્રગટ થયેલી.

કડકાબાલુસ ઘોડી રોઝીનાન્ટ ઉપર કાટ ખાઈ ગયેલું બખ્તર સજી ફાનસ જેવા લટકતા જડબાવાળા અને દુણાયેલા દીદારના દૉન કિહોટે પોતાને સર-નાઈટ માની પરાક્રમની શોધમાં નીકળી પડે છે. તેમની સાથે છે દુંદાળા કારભારી સાંકો પાન્ઝા. એણે પોતાના હાથમાં ભાલો બરાબર પકડેલો છે. લા માન્શાના આ બે જંગબહાદુરો પોતાનું ભ્રમણ શરૂ કરે તે પહેલાં એક મુસાફરખાનાના માલિકને સમજાવી-પટાવી કથાનાયક તેને હાથે પોતાને માટે સર-નાઈટનો ખિતાબ મેળવી લે છે. પેલા માલિકને લાગે છે કે આ માણસની ડાગળી ચસકી ગઈ છે. શરૂઆતમાં તો વાચકને પણ દૉન કિહોટે ઘેલો લાગે છે અને સાંકો પાન્ઝા ડાહ્યો લાગે છે. પણ જેમ જેમ કથા આગળ વધતી છે તેમ તેમ વાચકને વિમાસણ થવા લાગે છે કે દૉન કિહોટે ખરેખર ઘેલો છે કે ડાહ્યો ? સાંકો પાન્ઝા ખરેખર ડાહ્યો છે કે ઘેલો ? નવલકથાના પહેલા ભાગમાં મેદાનમાંની પવનચક્કીઓને રાક્ષસો માનીને દૉન કિહોટે તેમની સામે જુદ્ધે ચડે છે એ પ્રસંગે ખૂબ જાણીતો થયો છે.

મેદાનમાં બાંધેલી ત્રીસ કે ચાલીસ પવનચક્કીઓ દૉન કિહોટેના

જોવામાં આવી. સર-નાઈટની ત્યાં નજર પડી કે તરત એણે મોટેથી કહ્યું, ‘આપણે ઇચ્છીએ એના કરતાં પણ વધારે નસીબ આપણને મદદગાર છે અને યારી આપે છે. પણ જો, મારા દોસ્ત સાંકો, જો પેલા દુષ્ટ ત્રીસ ઉપરાંત રાક્ષસો ! હવે હું એને મારો હાથ બતાવીશ. એમનો જાન લઈશ.’ ‘કયા રાક્ષસો?’‘ પેલા હરામજાદાઓ, હાથ પહોળા કરી ઊભા છે તે. એ વંશમાં કેટલાકના હાથ તો ઘણીવાર બબ્બે કોસ લાંબા હોય છે.’ ‘માફ કરજો, પણ આપ નામદાર બરાબર ધારીને જુઓ. એ જે દેખાય છે તે રાક્ષસો નથી, પણ પવનચક્કીઓ છે, અને જેને આપ હાથ કહો છો એ એના પંખા છે. એ ફરે એથી એ ચક્કીઓ ચાલે.’સાંકોએ ઠોસ હકીકત જાહેર કરી. પણ સાંકોની વાત માને તો એ સર-નાઈટ શાના ? એમણે તો પોતાના ઘોડા રોઝીનાન્ટને એડી મારી દોડાવ્યો. પવનચક્કી પાસે પહોંચ્યા ત્યારે પવનથી પંખા ફરવા લાગ્યા એ જોઈ દૉન કિહોટેએ દિશા ગજાવતાં કહ્યું: ‘નીચ હલકટો ! રાક્ષસ બ્રાયરસ કરતાં પણ વધારે જોરથી તમે હાથ ઉઠાવો છો, પણ યાદ રાખજો, તમારી આ ઉદ્ધતાઈનો હમણાં જ હું બદલો લઈશ.’ જે પહેલી પવનચક્કી નજીક હતી તેના ઉપર એના ઘોડા રોઝીનાન્ટ સાથે જવાય એટલી ઝડપથી હલ્લો કર્યો અને ફરતા પંખામાં ભાલો પરોવી દીધો. પવનથી પંખો એવા તો જોરથી ફરતો હતો કે તરત જ ભાલાના ટુકડે ટુકડા થઈ ગયા, અને ઘોડો અને સર-નાઈટ અસ્વાર, એવી તો ઘુમરી ખાઈને દૂર ફેંકાયા કે ખેતરમાં ક્યાંક ગબરડી ખાતાં ખાતાં આખરે ધૂળ ભેગા થઈ અટક્યા. આ અમર પ્રસંગે અંગ્રેજી ભાષાને એક રૂઢિપ્રયોગ પણ આપ્યો છે: ટુ ટિલ્ટ ઍટ વિન્ડમિલ્સ. અને સર-નાઈટના અંગ્રેજી ઉચ્ચાર પરથી ભાષાને એક વિશેષણ પણ મળ્યું છે: ક્વિકઝોટિક.

પહેલા ભાગને અંતે ગ્રામ લોકો સર-નાઈટને અને તેના સાથીને પરાણે પોતાને ઘેર પાછા લઈ આવે છે. પણ થોડા વખત પછી બંને પાછા પરાક્રમો કરવા નીકળી પડે છે અને કથાનો બીજો ભાગ શરૂ થાય છે. બીજા કેટલાક પ્રસંગો પછી એક ડ્યૂક અને ડચેસના મહેલમાં બંને આવી પહોંચે છે.અવનવાં પરાક્રમોની યશગાથા આ ઉમરાવ અને તેની પત્ની સુધી પહોંચેલી એટલે એ બન્ને આ બે લલ્લુઓને ઉલ્લુ બનાવવા ધારે છે. દૉન જાણે ખરેખર સર-નાઈટ હોય તેમ તેની આગતાસ્વાગતા થાય છે, આફત આવી પડી છે કહી તેમની મદદ મગાય છે અને એક એવું નાટક રચાય છે જે ડ્યૂક માટે એક પ્રહસન છે, પણ દૉન અને સાંકો તો

એ નાટકને પૂરેપૂરી ગંભીરતાથી લે છે. દ્વન્દ્વ યુદ્ધમાં દૉનને હરાવી એક યુવાન તેની સાન ઠેકાણે લાવે છે અને તેને તથા સાંકોને પાછા ગામ ભેગા કરે છે. સાંકોના મનમાં આશા છે કે હજી ત્રીજી વાર સર-નાઈટના સાથમાં ભ્રમણ કરવા નીકળી પડાશે, પણ દૉન કિહોટે માંદો પડે છે. માંદગીના બીછાને પડ્યા પછી તેનું ઘેલાપણું ચાલ્યું જાય છે અને ડહાપણ પાછું આવે છે અને પોતે સર-નાઈટ નહીં પણ એક સીધોસાધો માણસ છે એ હકીકત તે સ્વીકારી લે છે. પોતાનું વસિયતનામું કર્યા પછી એક પવિત્ર ખ્રિસ્તી તરીકે દૉન કિહોટે મૃત્યુ પામે છે.

દૉન કિહોટે લખ્યા પછી બીજી એક નવલકથા 'પર્સિલેસ ઍન્ડ સિગિસમુન્ડા' સર્વાન્ટિસે લખી. તે કૃતિ પૂરી થયા પછી ચોથે દિવસે - ૧૬૧૬ના ઍપ્રિલની ૨૨મી તારીખે સર્વાન્ટિસનું માદ્રિદમાં અવસાન થયું શેક્સપિયરનું અવસાન પણ થયું ૧૬૧૬ના ઍપ્રિલની ૨૨મી તારીખે. પણ હકીકતમાં અવસાન એક જ દિવસે થયું નહોતું. કારણ કે તે વખતે સ્પેન અને ઇંગ્લૅન્ડમાં વપરાતાં કૅલેન્ડર્સ વચ્ચે બાર દિવસનો ફરક હતો.

•

૨. નિર્જન ટાપુ પર અઠ્ઠાવીસ વરસ
રોબિન્સન ક્રુઝો /ડેનિયલ ડેફો

૧૬૮૫ના વર્ષની બે ઘટના : ઇંગ્લૅન્ડમાં રાજા જેમ્સ બીજા સામે બળવો થયો જે મોનમાઉથ રિબેલિયન તરીકે ઓળખાય છે. એ ઘટના આજે ઇંગ્લૅન્ડના ઇતિહાસમાં એક ખૂણે સંઘરાઈ છે. ઘટના બીજી : એ બળવાખોરોમાંનો એક માણસ રાજાના સિપાઈઓથી બચવા એક સાંજે એક કબ્રસ્તાનમાં છુપાયો છે. રાત પડે તે પહેલાં તો કબ્રસ્તાનમાંથી બહાર નીકળવાનું શક્ય નથી. એટલે છુપાઈને કબરના પથરાઓ જોઈ રહ્યો છે. એમાં એક પથ્થર પર એક નામ વાંચે છે. કોણ જાણે કેમ પણ એ નામ પેલા માણસના મનમાં ઘર કરી જાય છે. અને બરાબર ૩૪ વર્ષ પછી એ માણસ પોતે જે નામ કબરના પથ્થર પર વાંચેલું તેને અમર બનાવી દે છે, અંગ્રેજી સાહિત્યમાં, વિશ્વ સાહિત્યમાં. કબરના પથરા પર લખાયેલું એ નામ તે રોબિન્સન ક્રુઝો અને એ નામને અમર બનાવનાર તે ડેનિયલ ડેફો. અંગ્રેજી ભાષામાં નવલકથાના પ્રકારનો પ્રાંરભ કરવાનું માન આ ડેનિયલ ડેફોને અને સેમ્યુએલ રિચાર્ડસનને આપવામાં આવે છે. ડેફોની જન્મ તારીખ જણાઈ નથી. પણ ૧૬૬૦માં જન્મ. ૧૭૩૧ના ઍપ્રિલની ૨૪મીએ અવસાન. કિસમ કિસમના ધંધા કર્યા. વેપાર કર્યો, કારખાનું કાઢ્યું, વહાણોના વીમા ઉતારવાનું કામ કર્યું, સિપાઈ બન્યો, ચોરી કરી, જેલમાં ગયો, બળવામાં જોડાયો, રાજકારણમાં પડ્યો અને સાથોસાથ ૪૦૦ જેટલી કૃતિઓ લખી ! રોબિન્સન ક્રુઝોની ગણના આજે બ્રિટિશ નવલકથાની પ્રશિષ્ટ કૃતિઓમાં થાય છે, પણ ૧૭૧૯માં તે પહેલીવાર પ્રગટ થઈ ત્યારે ઢગલાબંધ લોકપ્રિય પુસ્તકો છાપનાર ડબલ્યુ ટેલર ટેલર નામના પ્રકાશકે તે છાપી હતી. પહેલી આવૃત્તિમાં કયાંય તેના લેખકનું નામ છાપ્યું નહોતું અને પ્રકાશકે પુરસ્કાર તરીકે ડેફોને રોકડા દસ પાઉન્ડ આપ્યા હતા ! ડેનિયલની મૂળ અટક હતી 'ફો', પણ ૧૭૦૩માં બદલીને તેણે ડેફો કરી. હતો ખાટકીનો દીકરો. બાપની ઇચ્છા તેને પાદરી

બનાવવાની. પણ ડેનિયલભાઈ થયા અઠંગ ખેલાડી . આજે જેને 'યલો જર્નાલિઝમ' કહીએ તે કર્યું. આઠ વખત તો તેની ઉપર કેસ ચાલેલા.પૈસાની ગાલમાલમાં પાવરધો. એક વખત તો પોતાની સગ્ગી સાસુના ચારસો પાઉન્ડ પણ ચાંઉ કરી ગયેલો. પણ ચોરની સાસુ બીજું શું કરે ? કોઠીમાં મોં નાંખીને રુએ. છતાં ડેફો મર્યો ત્યારે વારસામાં ૧૭ હજાર પાઉન્ડનું દેવું મૂકતો ગયેલો ! ડેનિયલ ડેફો એ જેને અમર કરી દીધો તે રોબિન્સન ક્રૂઝો નવલકથાના આરંભે માત્ર ૧૮ વરસનો છોકરડો છે. બાપ જુએ છે બેટાને વકીલ બનવવાનાં સપનાં, પણ બેટાને તો સાગરી સફરો ખેડવાના કોડ છે. બે ભાઈઓએ પણ આવા જ કોડ સેવેલા અને દરિયાઈ મુસાફરીમાં જાન ખોયો. માબાપ રોબિન્સનને સમજાવે-પટાવે છે, વારે છે, પણ સાહસનું સપનું જેની આંખમાં અંજાયું હોય તેને સલામતીની સલાહ શેં સદે ? ઘરમાંથી ભાગી જાય છે. લંડન સુધીની પહેલી મુસાફરીમાં જ આફતો આવે છે. પગપાળા લંડન પહોંચે છે અને ગિયાના જતા એક વહાણમાં ચડી જાય છે. મુસાફરી દરમ્યાન તુર્કી ચાંચિયાઓ હુમલો કરી ખલાસીઓ અને ઉતારુઓને કેદી બનાવી સેલી નામના બંદરે લઈ આવે છે. બે વરસ સુધી રોબિન્સન ચાંચિયાઓનો ગુલામ બનીને રહે છે, પણ પછી તેમનામાંના જ એક છોકરાની મદદથી ભાગી છૂટે છે. હબસીઓની વસાહતમાં થોડો વખત રહે છે. પછી એક પોર્તુગીઝ વહાણમાં ચડી બ્રાઝિલ પહોંચે છે. બ્રાઝિલમાં બાગબગીચાનો માલિક બની રોબિન્સન સારું એવું કમાય છે. ધંધો વિકસતો જાય છે. ભાગીદારો જોડાય છે. હવે ભાગીદારોને ગુલામોનો વેપાર કરવાનો ચસકો લાગે છે. તે માટે રોબિન્સન ફરી દરિયાઈ મુસાફરીએ નીકળી પડે છે. પણ મધદરિયે વહાણ ભાંગે છે. બીજા બધા ડૂબી જાય છે, એકમાત્ર રોબિન્સન બચી જાય છે. તરીને એક ટાપુને કિનારે પહોંચે છે. જીવનનિર્વાહ માટેની જરૂરી સામગ્રી ડૂબેલા વહાણમાંથી સાથે લેતો જાય છે.

આખો ટાપુ સાવ નિર્જન. વસતી માત્ર એક જણની - તે એક જણ તે રોબિન્સન ક્રુઝો. પૂરાં ૨૮ વર્ષ, બે મહિના અને ૧૯ દિવસ તે આ નિર્જન ટાપુ પર વિતાવે છે. વહાણમાંથી ખાધાખોરાકી લાવ્યો તેની સાખે બાઇબલની એક નકલ પણ લાવેલો. તે વાંચી વાંચીને શાતા મેળવે છે. ધીમે ધીમે ટાપુ પર એક જણ માટેની વસાહત ઊભી કરે છે.ઘેટાં-બકરાં પાળે છે, ખેતી કરે છે, રાંધતાં શીખે છે. પહેલાં તો દુઃખીના દાળિયા થઈ ગયેલા, પણ પછી લાગવા માંડે છે કે ઇંગ્લૅન્ડ કે બ્રાઝિલમાં જીવતો તે

જિંદગી કરતાં આ સાદીસીધી સાચી જિંદગી લાખ દરજ્જે સારી છે. આ રીતે પંદર વર્ષ વીતી જાય છે, બીજા કોઈ માણસનું મોં પણ જોયા વિના. પણ પછી એક દિવસ તેને રેતીમાં બીજા કોઈ માણસનાં પગલાં દેખાય છે. પગેરું પકડી ટાપુ પરના જંગલમાં પહોંચે છે તો જુએ છે કે માનવભક્ષીઓ કેટલાક કેદીઓને મારીને મિજબાની ઉડાવી રહ્યા છે ! રોબિન્સન ડઘાઈ જાય છે. પણ માનવભક્ષીઓ ટાપુ પર રહેતા નથી. થોડે દૂર આવેલા દરિયાકાંઠાના પ્રદેશમાં રહે છે અને મિજબાની માણવી હોય ત્યારે કેદીને લઈને ટાપુ પર પહોંચે છે. પહેલી વાર રોબિન્સન લાચાર બની આંખ સામે જે બને છે તે જોઈ રહે છે. પણ થોડાં વર્ષો પછી માનવભક્ષીઓ ફરી બે કેદીને લઈને જિયાફત માટે ટાપુ પર આવે છે. ત્યારે પોતાની બંદૂક ફોડીને માનવભક્ષીઓને ગભરાવીને ભગાડી મૂકે છે. તેમના કેદીને બચાવીને પોતાની પાસે રાખે છે અને તેનું નામ રાખે છે 'મેન ફ્રાઈડે'. વફાદારીપૂર્વક તે રોબિન્સનની ખિદમત કરે છે, થોડું અંગ્રેજી બોલતાં શીખી લે છે અને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરે છે. બંને જણા કેટલાંક વર્ષો સુખ શાંતિમાં ગાળે છે. પણ પછી ફરી એ ટાપુ પર માનવભક્ષીઓનું એક વહાણ નાંગરે છે. વહાણ પર ત્રણ કેદીઓ છે, માનવભક્ષી ભોજન માટે. ત્રણમાંથી બે કેદીને રોબિન્સન અને તેનો સાથી બચાવી શકે છે. પણ રોબિન્સનના આશ્ચર્ય વચ્ચે ફ્રાઈડે તેને કહે છે કે બચાવેલા બે કેદીઓમાંનો એક તો મારો બાપ છે ! પહેલાં એકથી ભલે બે, [illegible] ભલે તીન ! હવે માણસની ભૂખ જાગી છે રોબિન્સનના [illegible] ફ્રાઈડેને અને તેના બાપનેવહાણમાં મોકલે છે- ટાપુ પર [illegible] માટે ખલાસીઓને લઈ આવવા માટે. પણ બંને જણ પાછા ફરે તે પહેલાં જ ટાપુના કિનારે એક યુરોપિયન જહાજ નાંગરે છે. તેમાં ત્રણ કેદીઓ છે. કિનારે ફરવા નીકળેલા ખલાસીઓ પાસેથી રોબિન્સન જાણે છે કે આ વહાણના ખલાસીઓએ બળવો કર્યો છે અને જે ત્રણ કેદી છે તેમાંનો એક વહાણનો કપ્તાન છે. જો પોતાનો, ફ્રાઈડેને અને તેના બાપને વહાણમાં ઇંગ્લૅન્ડ લઈ જવા કેપ્ટન કબૂલ થાય તો બદલામાં બળવો દબાવી તે કપ્તાનને છોડાવશે એમ રોબિન્સન કહે છે. કહે છે તે પ્રમાણે કરી બતાવે છે. પાંત્રીસ વર્ષે રોબિન્સન ફ્રાઈડે સાથે ઘેર પાછો ફરે છે . ખબર પડે છે કે આ વર્ષો દરમિયાન વાડીવજીફામાંથી ખૂબ કમાયો છે. પરણે છે, ત્રણ છોકરાં થાય છે. પણ પછી પત્નીનું મૃત્યુ થાય છે અને ફરી એકવાર રોબિન્સન નીકળી પડે છે દરિયાઈ સફરે! ૧૯૧૩માં રોબિન્સન

ક્રુઝો પહેલી વાર ફિલ્મરૂપે અવતરી તે પછી તેને આધારે કે તેના પરથી પ્રેરણા લઈને આજ સુધીમાં બીજી ૪૦ ફિલ્મો બની છે ! 'જંગલમાં મંગલ' નામે મગનભાઈ પ્ર. દેસાઈએ કરેલો ગુજરાતી અનુવાદ ૧૯૫૯માં અને રોબિન્સન ક્રુઝો નામે જ વિજયગુપ્ત મૌર્યે કરેલો અનુવાદ ૧૯૮૪માં પ્રગટ થયો હતો.

●

૩. ક્યારેય 'આઉટ ઓફ પ્રિન્ટ' ન થયેલું પુસ્તક
ગલિવર્સ ટ્રાવેલ્સ /જોનાથન સ્વિફ્ટ

આ બાળકો અને કિશોરો માટેની અદ્‌ભૂત રસિક વાર્તા છે? હા અને ના. આ સાહસભરી પ્રવાસકથા છે ? હા અને ના. વિકટોરિયન યુગના બ્રિટનના લોકો, તેમના રીતરિવાજો, તેમની માન્યતાઓ, એ જમાનાની કેટલીક જાણીતી વ્યક્તિઓ વગેરેની ઠેકડી ઉડાડતી એ કટાક્ષકથા છે ? હા અને ના. આ માણસને અંદરથી જોવા અને જાણવા મથતી, તેના ભાવિનો તાગ લેવા મથતી, કંઈક નિરાશાવાદી એવી રૂપકકથા છે એ ? હા અને ના. હકીકતમાં એ એક બહુરૂપી સર્જન છે. જેવો વાચક, જેવો સમય, જેવો દેશ તેવો વેશ ધારણ કરી શકે છે એ.

એ પુસ્તકનું નામ ગલિવર્સ ટ્રાવેલ્સ. ઈ. સ. ૧૭૨૬માં ચાર ભાગમાં પહેલી વાર આ પુસ્તક પ્રગટ થયું ત્યારથી આજ સુધીમાં તેનાં કંઈ કેટલાંયે રૂપાંતર, અનુવાદ, અનુકરણ થઈ ચૂક્યાં છે. નાટક, ફિલ્મ, ટી.વી.વાળાઓએ પણ તેનો ઉપયોગ કર્યો છે, મુખ્યત્વે બાળકો માટે. ગલિવર્સ ટ્રાવેલ્સ પહેલી વાર પ્રગટ થયું ત્યારે તેના ચાર ભાગમાંથી એકે ભાગ પર કયાંય તેના ખરા લેખકનું નામ છાપ્યું જ નહોતું. કથાનાયક પોતે જ જાણે લેખક હોય તેમ પુસ્તક પર લેખક તરીકે 'લેમ્યુએલ ગલિવર' નામ છાપેલું. એટલું જ નહિ, ગલિવર જાણે સાચી વ્યક્તિ હોય તેમ તેનું ચિત્ર પણ પુસ્તકના મુખપૃષ્ઠ ઉપર છાપેલું ! પુસ્તકનો આરંભ તેના પ્રકાશક રિચર્ડ સિમ્પસને વાચકોને ઉદ્દેશીને લખેલી નોંધથી થાય છે. પોતાના જિગરજાન મિત્ર અને દૂરના સગા ગલિવર પાસેથી આ પુસ્તકનું લખાણ પોતાને કઈ રીતે મળ્યું તેની તેમાં તેણે વાત કરી છે. ત્યારબાદ ગલિવરે સિમ્પસનને લખેલો પત્ર મૂકવામાં આવ્યો છે. તેમાં પુસ્તકમાંની કેટલીક વાતો અંગે ગલિવરે પોતાનો બચાવ કર્યો છે અથવા ખુલાસો રજૂ કરી છે. આ પત્ર જાણે ખરેખર કોઈ લેખકે પોતાના પ્રકાશકને લખ્યો હોય એવી રીતે લખાયો છે. પણ પત્રને અંતે લખેલી તારીખ -

એપ્રિલ ૨, ૧૭૨૭ તરફ ધ્યાન જાય તો તરત સમજાઈ જાય કે ગલિવરના આ પત્ર અને પ્રકાશકની નોંધ સુધ્ધાં વાસ્તવિક નહીં પણ કાલ્પનિક છે. નહીંતર ૧૭૨૬માં પ્રગટ થયેલા પુસ્તકમાં ૧૭૨૭માં લખાયેલો પત્ર કઈ રીતે છપાયો હોય ? વળી બીજી એપ્રિલની તારીખ પણ પુસ્તકના સ્વરૂપની સૂચક છે. આ પહેલી એપ્રિલની બનાવટ - એપ્રિલ ફૂલ નથી પણ વાસ્તવિકતા અને કલ્પના, હકીકત અને બનાવટ, અહેવાલ અને તરંગ એ બધાનું અહીં અજબ મિશ્રણ છે માટે એપ્રિલ ફૂલ પછીના દિવસની તારીખ.

ગલિવરના નામે આ પુસ્તક લખનાર તે આઈરિશ પ્રોટેસ્ટન્ટ પાદરી અને કટાક્ષલેખક જોનાથન સ્વિફ્ટ. એ જમાનાના બ્રિટનના રાજકારણીઓ પર અને સામાજિક રીતરસમો પર તેમાં જે વેધક કટાક્ષો છે તેને કારણે સ્વિફ્ટે લેખક તરીકે પોતાનું નામ છાપ્યું નહોતું. અને છતાં સ્વિફ્ટના વિરોધની અવગણના કરીને પ્રકાશકે પુસ્તકના મૂળ લખાણમાંનો કેટલોક ભાગ ગાળીચાળી નાંખ્યો હતો ! પુસ્તક પ્રગટ થયું તે પછી માત્ર એક જ અઠવાડિયામાં તેની બધી નકલો ખપી ગયેલી. ત્યારથી આજ સુધી ક્યારેય આ પુસ્તક 'આઉટ ઑફ પ્રિન્ટ' બન્યું નથી. '૧૭૨૮માં પ્રખ્યાત ફ્રેન્ચ લેખક અને વિચારક વોલ્તેરે સ્વિફ્ટને લખેલું : 'જેમ જેમ હું તમારી કૃતિ વાંચતો જાઉં છું તેમ તેમ મેં જે કાંઈ લખ્યું છે તે અંગે હું શરમ અનુભવતો જાઉં છું.' અને ૧૯૨૬માં પોતાનાં કલાર્ક લેકચર્સમાં પ્રખ્યાત કવિ વિવેચકે સ્વિફ્ટને 'ધ ગ્રેટેસ્ટ રાઇટર ઑફ ઇંગ્લિશ પ્રોઝ' તરીકે ઓળખાવ્યો હતો.

ગલિવર્સ ટ્રાવેલ્સના ચાર ભાગમાંથી પહેલા બે ભાગ સૌથી વધુ જાણીતા થયા છે અને તેમાં સ્વિફ્ટની સર્જકતા સોળે કળાએ ખીલી છે. પહેલા ભાગમાં ગલિવર છ ઇંચના વહેંતિયા લિલિપુટોના પ્રદેશમાં જઈ ચડે છે. આ વહેંતિયાઓનાં રીત-રિવાજ, રહેણીકરણી, રાજ્ય-વ્યવસ્થા વગેરેના અદ્‌ભુત ચિત્રણ દ્વારા લેખકે માણસના વામન સ્વરૂપને પ્રગટ કરવા તાકયું છે. આ છ ઇંચના વહેંતિયા માટે સીધોસાદો, નૉર્મલ માણસ ગલિવર એક અજાયબી બની જાય છે. તેઓ જાતજાતની રીતે ગલિવરને માપવાનો અને પામવાનો પ્રયત્ન કરે છે. તો પુસ્તકના બીજા ભાગમાં એ જ ગલિવર મહાકાય વિરાટ લોકોના દેશમાં પહોંચી જાય છે. આ મહાકાય લોકો જીવે છે તદ્દન વ્યવહારુ ભૂમિકા પર. પણ તેમને ન્યાય,

નીતિ, સારું - ખરાબ જેવાં 'અમૂર્ત' ખ્યાલોમાં નથી ગતાગમ પડતી કે નથી તેની જરૂર જણાતી. પહેલા ભાગમાં લેખકે જેમ માણસના દોષોને સૂક્ષ્મદર્શક કાચ વડે જોયા - બતાવ્યા તેમ આ બીજા ભાગમાં માણસના દોષોને મેગ્નિફાઈ કરીને બતાવ્યા છે. તો ત્રીજા ભાગમાં તેણે પોતાના જમાનાના વૈજ્ઞાનિકોની હાંસી ઉડાવી છે.

લાગાડો શહેરમાં પ્રખર બુદ્ધિશાળી વૈજ્ઞાનિકો, સંશોધકો, વિચારકો વસે છે. પણ એવા કે માણસની ડાબી આંખ અંગે વિચારવા પાછળ આખી જિંદગી કાઢી નાખે, પણ માણસને જમણી આંખ પણ હોય છે તેની તેમને ખબર ન હોય ! આજે પણ આપણે જેને 'ઓવર સ્પેશિયલિઝેશન' કહીએ છીએ તેની અહીં સ્વિફ્ટે હાંસી ઉડાવી છે અને માણસના જીવતરને રૂડું ન બનાવી શકે તેવું વિજ્ઞાન નકામું છે એ વાત સૂચવી છે.

ઇન્ટરનેટ સાથે જેને હેવા થયા હોય તે 'યાહૂ' નામથી અજાણ્યો ન જ હોય. પણ તેમાંથી કેટલાને ખબર હશે કે આ 'યાહૂ' નામ સ્વિફ્ટે આપેલું છે? ચોથા ભાગમાં ગલિવર આ યાહૂઓના દેશમાં જઈ ચડે છે. 'યાહૂ' એટલે માણસના રૂપમાં અતિ બળવાન રાક્ષસ. જંગલી રંગઢંગ, રીતભાત જંગલી. સ્વિફ્ટ કદાચ સૂચવવા માગે છે કે માણસ જાતનું ભાવિ આવા યાહૂ બની રહેવાનું જ છે. આવા ભાવિમાંથી ઊગરવાનો માત્ર એક જ માર્ગ છે : પરમપિતા પરમેશ્વરની કરુણા.

૧૬૬૭ના નવેમ્બરની ૩૦મીએ ડબ્લિન શહેરમાં સ્વિફ્ટનો જન્મ. તેના જન્મ પહેલાં જ પિતાનું અવસાન થયેલું એટલે પિતાનો પ્રેમ ન મળ્યો. માતાની ગરીબાઈને કારણે પહેલાં સૂયાણી પાસે અને પછી તવંગર કાકા પાસે ઊછર્યો. સારસંભાળ મળ્યાં, પણ પ્રેમ નહીં. બે સ્ત્રીઓ સાથેના પ્રેમપ્રસંગો પણ નિષ્ફળ નીવડ્યા. રાજકારણમાં પડ્યો, પણ બંને વખત જે પક્ષમાં હતો તે પક્ષ હાર્યો એટલે રાજકીય મહત્ત્વકાંક્ષા પૂરી ન થઈ. ચર્ચમાં પણ અપેક્ષા પ્રમાણેનો ઊંચો હોદ્દો ક્યારેય ન મળ્યો. લગભગ આખી જિંદગી બહેરાશ અને વર્ટિગોથી પીડાતો રહ્યો. લગભગ ગાંડપણની હદે પહોંચ્યા પછી ૧૭૪૫ના ઑક્ટોબરની ૧૯મીએ સ્વિફ્ટનું અવસાન થયું.

•

૪. વાત એક ભોળિયા ભાઈની
કેન્ડિડ / વોલ્તેર

ફ્રેન્ચ નવલકથાકાર વોલ્તેરની નવલકથાનું નામ 'કેન્ડિડ'. એના નાયકનું નામ પણ કેન્ડિડ. કેન્ડિડ એટલે સરળ, ભલો, ભોળો, કંઈક બિનઅનુભવી. અનુભવાર્થી બનવા તેણે જે પરિભ્રમણ કર્યું, તેને પરિણામે જે જાતભાતના અનુભવો મેળવ્યા તેની કથા, ૧૭૫૯માં પ્રગટ થયેલી આ નવલકથામાં વોલ્તેરે આલેખી છે. કથાનો સમય છે ૧૮મી સદીનો. વેસ્ટ ફેલિયા એક ઉમરાવ રહે, ઠંડર-ટ્રેન-ટ્રોન્કને બેરન, તેની પત્ની બેરોનેસ. તેમની રૂડી રૂપાળી એક દીકરી, નામ કનગોંડ. કુટુંબ સાથે એક ઘરશિક્ષક પણ રહે. નામે પેંગલોસ અને એ જ ઘરમાં સાથે રહે પેલો ભોળો ભટાક કેન્ડિડ. બેરનસાહેબના ભાઈનો અનૌરસ દીકરો.પેંગલોસ હતો ભારેનો આશાવાદી. દુનિયામાં જે કાંઈ છે તે બધું સારું જ છે, સમુંસૂતરું જ ચાલે છે એમ માનનારો. કહે છે કે જે થાય તે સારા માટે. તેની આવી બધી વાતો ભોળિયો કેન્ડિડ સો ટકા સાચી માની લે છે. પણ થોડા જ વખતમાં કેન્ડિડનો મોહભંગ શરૂ થાય છે. એક દિવસ ઘરમાં જરા એકાંત મળી જાય છે પેલી ફૂટડી કનગોંડ સાથે. હૈયું હાથ નથી રહેતું. એક ચુંબન ચોડી દે છે. કનગોંડના હોઠો પર. પણ ચુંબનની ચોરી કરતાં પકડાઈ જાય છે. બેરનસાહેબ ધૂંઆપૂંઆ : 'નીકળી જા અત્તરઘડી મારી હવેલીની બહાર. તારી આ મજાલ! તારો ટાંટિયો હવે એક ઘડીય ન જોઈએ મારા ઘરમાં.

નીકળી જાય છે કેન્ડિડ બિચારો હવેલીની બહાર. આજ સુધી તો સુખચેનમાં રહેતો, પેંગલોસની વાતો પર વિશ્વાસ મૂકેલો. પણ હવે ઘર છોડી નીકળ્યો એટલે આપોઆપ અનુભવાર્થી બન્યો અને અનુભવે સમજાવ્યું કેન્ડિડને કે આ દુનિયા એ કાંઈ આપણે માટે પાથરેલી લાલ જાજમ નથી. દુનિયામાં તો દુઃખ છે, ખરાબીઓ છે, મૂર્ખાઈ છે. ઘર છોડ્યું અને લગભગ તરત કેન્ડિડ બલ્ગેરિયાના લશ્કરમાં જોડાયો. એ વખતે

લશ્કર એક ખૂનખાર લડાઈમાં રોકાયેલું હતું. યુદ્ધની ભીષણતા, અમાનવતા જોઈને ફફડી ઊઠ્યો કેન્ડિડ. દેશને નામે આવી ખૂનામરકી? નાસી ગયો લશ્કરમાં. ભાગીને હોલેન્ડ ગયો. ત્યાં એક દિવસ તેને એક ભિખારી મળી ગયો. જરીક વાર વાત કરી તેની સાથે ત્યાં તો કેન્ડિડને ખ્યાલ આવી ગયો કે આ ભીખારી તે બીજું કોઈ નહીં, પણ પોતાનો ગુરુ, આશાવાદી ડૉ.પેંગલોસ. બંનેએ એકબીજાને ઓળખી લીધા. પેંગલોસે [illegible] સમાચાર આપ્યા કે તારા ગયા પછી બેરનસાહેબની હવેલી યુદ્ધમાં તારાજ થઈ ગઈ છે અને પેલી કનગોંડ પણ હવે આ દુનિયામાં નથી રહી ! આખું કુટુંબ હતું ન હતું થઈ ગયું છે. આ સાંભળી પારાવાર દુઃખ થાય છે કેન્ડિડને. મન ક્યાંય ચોંટતું નથી. કેન્ડિડ અને પેંગલોસ હવે પહોંચે છે પોર્તુગલ.દરિયાઈ મુસાફરી દરમિયાન બંને જણ ડૂબતાં ડૂબતાં માંડ બચે છે, અને મહામહેનતે પહોંચે છે લિસ્બન. પણ ત્યાં શું જુએ છે? મેદાન મેદાન થઈ ગયેલું શહેર. ૧૭૫૫ના વિનાશક ધરતીકંપે લિસ્બનને ખંડિયરોનું શહેર બનાવી દીધું છે. તેમાં વળી ધર્માંધ લોકોને નજરે આવી જાય છે આ બે ઓલિયા. નાસ્તિકોનો ભાર વધી ગયો છે આ શહેરમાં, એટલે જ સજા રૂપે ભગવાને ધરતીકંપને મોકલ્યો. આ બંને અજાણ્યાઓ પણ લાગે છે નાસ્તિક જેવા. મારો, પકડો. બિચારા પેંગલોસને તો ફાંસીને માંચડે ચડાવી દે છે સજા રૂપે. કેન્ડિડને પણ સજા થાય છે, જાહેરમાં ફટકા મારવાની.

ફટકા ખાઈખાઈને અધમૂઓ થઈ ગયેલો કેન્ડિડ એક ભલી બાઈની નજરે પડે છે. સારવાર કરે છે તેની, સાજો-નરવો કરે છે તેને. કેન્ડિડને ભાન આવતાં તે આ સ્ત્રીને જુએ છે અને તેના હરખનો પાર રહેતો નથી. કારણ એ સ્ત્રી તે બીજી કોઈ નહીં, પણ એ હતી કનગોંડ. ના એ મરી નહોતી. કોઈક રીતે બચી ગઈ હતી, યુદ્ધમાં હવેલી તારાજ થઈ ગઈ ત્યારે.કનગોંડ કહે છે કે મારો જીવ તો બચ્યો છે, પણ મારી આબરુ લૂંટાઈ છે. સૈનિકોએ મારા પર બળાત્કાર કરીને મને છોડી દીધી એટલે બચી ગઈ હું. હાલમાં બે પુરુષોની ઉપવસ્ત્રા તરીકે જીવું છું. તેમાંનો એક છે જ્યુ બૅન્કર અને બીજો-બીજો છે તેને અને પેંગલોસને સજા કરનાર ધર્મગુરુ! સાંભળીને માથું ફરી જાય છે કેન્ડિડનું. બન્ને પુરુષોને મોતને ઘાટ ઉતારી દે છે અને સાથોસાથ તેમના ઘરમાંથી સારા એવા પૈસા પણ તફડાવી લે છે. એ પૈસાને પ્રતાપે કનગોંડને લઈને આગબોટમાં ચડી જાય છે કેન્ડિડ અને બન્ને પહોંચે છે. બ્યુએનો એરિસ.

પણ આફતો આદુ ખાઈને પડી છે જાણે કેન્ડિડની પાછળ. કોઈ આલિયામાલિયાની નજરમાં નહીં, પણ ખુદ સ્પેનના ગવર્નરની આંખમાં વસી જાય છે કનગોંડ. રાજા, વાજાં ને વાંદરાનો ભરોસો શો ? એટલે ભાગે છે પેરુગ્વે. એ વખતે ત્યાં જેસુઈટોનું રાજ. આપખુદ લશ્કરી શાસન. ધર્માંધ. રાજ્યનો વડો તે જ ધર્મનો વડો. પણ એ સારી રીતે આગતાસ્વાગતા કરે છે કેન્ડિડની અને કહે છે કે કનગોંડનો તો હું ભાઈ થાઉં છું હોં ! પણ પછી જ્યારે એ મુખિયાને ખબર પડે છે કે આ કેન્ડિડ તો કનગોંડને ચાહે છે ત્યારે તે તેની પાછળ હાથ ધોઈને પડી જાય છે. જીવ બચાવવા ફરી ભાગે છે કેન્ડિડ.

અને પછી એક નોકરને લઈને કેન્ડિડ પહોંચે છે અલડોરાડો. વાસ્તવિક નહીં, પણ કલ્પનાનો આ એક એવો પ્રદેશ છે જ્યાં છે માત્ર સુખ, શાંતિ, આનંદ, ભાઈચારો. દુનિયામાં બીજે બધે જેમ રેતી ને કાંકરા પગમાં અટવાય તેમ આ અલડોરાડોમાં સોનું ને હીરામોતી હાલતાં ને ચાલતાં પગમાં અટવાય. પણ કોઈ વાંકા વળીને તે ઉપાડવાની તસદીય નથી લેતું, કારણ બધાં સુખી છે, સમુદ્ધ છે. વળી અહીં રહેતા બધા જ માણસો ડાહ્યા છે, સદ્‌ગુણોનો ભંડાર છે, સર્વેશુભોપમાયોગ્ય છે એટલે અહીં નથી જરૂર પડતી પોલીસની કે વકીલોની. બધા આસ્તિક છે, નાસ્તિક કોઈ છે જ નહીં; એટલે અહીં કોઈ પાદરીની, કોઈ ધર્મગુરુની, કોઈ બાપુબુવાશાસ્ત્રીની પણ જરૂર નથી પડતી. સરકાર કલાઓને, વિજ્ઞાનને, ભણતરને પ્રોત્સાહન આપે છે એટલે બધા ભણેલાગણેલા છે. દુઃખ દારિદ્રનું અહીં નામનિશાન નથી. જે લોકો ‘ગરીબ’ કહેવાય છે તે પણ મોજશોખમાં જીવી શકે એટલું તો કમાય જ છે ! બીજી દુનિયામાંથી આવેલા કેન્ડિડની ભારે આગતાસ્વાગતા કરે છે અલડોરાડોના લોકો. થોડા દિવસ તો આનંદમાં ગુલતાન થઈ જાય છે કેન્ડિડ. પણ પછી પોતાના યજમાનોને કહે છે કે હવે બસ ! મને અહીંથી જવાની રજા આપો. અલડોરાડોના લોકો કહે છે કે આનાથી વધુ સુખશાંતિ-સમૃદ્ધિ તને બીજે કયાં મળવાનાં છે? અઠે દ્વારકા કરીને અહીં જ રહી જા. પણ કેન્ડિડ તો કહે છે કે ના, હવે મને જવા દો. હવે અહીં મને ગોઠતું નથી. છેવટે પીગળ્યા અલડોરાડોના લોકો. કહે કે આટલી હઠ હોય તો ભલે જા. પણ જતાં જતાં અમારી આ નાનકડી ભેટ લેતો જા.

વોલ્તેરની નવલકથાના નાયક કેન્ડિડને અલડોરાડોના રહેવાસીઓએ વિદાય વખતે જર -ઝવેરાત ભેટ આપ્યાં. એ રહેવાસીઓની નજરે તો

આ થોડાંક રત્નોની મામૂલી ભેટ હતી, પણ અલડોરાડો બહારની દુનિયા માટે તો એ સમૃદ્ધિનો ખજાનો હતો. રહેવાસીઓનો આભાર માની, ગરથ ગાંઠે બાંધી અલડોરાડોને રામરામ કરીને કેન્ડિડ તો ચાલી નીકળ્યો પોતાના નોકર કકામ્બોની સાથે. બંને પહોંચ્યા સુરીનામ. હવે પૈસાનો પ્રશ્ન તો રહ્યો નહીં એટલે કેન્ડિડે નોકરને મોકલ્યો ગવંડર પાસે, ધનનો ઢગલો આપીને બદલામાં પોતાની મનની માનેલીને છોડાવવા. અને કેન્ડિડ પણ વહાણમાં બેસીને ઊપડ્યો યુરોપ જવા. માર્ટિન નામના એક માણસ સાથે મૈત્રી થઈ. માર્ટિન હતો આશાવાદી. હમેંશા ઊજળી બાજુ જોનારો, પેલા [illegible] પાસેથી કેન્ડિડ જ કાંઈ શીખ્યો હતો તેનું મારણ હતા માર્ટિનના વિચારો. વહાણની મુસાફરી દરમિયાન બંને મિત્રો રોજ લાંબી ગપ્પાં માર્યાં કરે, શું સારું શું ખરાબ, શું પાપ શું પુણ્ય, નસીબ બળવાન કે પુરુષાર્થ આવી બધી વાતો ચર્ચાય. છેવટે બંને પહોંચ્યા પેરિસ. ત્યાંના નાટકો, સંગ્રહાલયો, પુસ્તકાલયો ને પુસ્તકોની દુકાનો, જુગારખાનાં, દેવળો, બધું જોયું જાણ્યું કેન્ડિડ. પછી કેન્ડિડ પહોંચ્યો વેનિસ. ત્યાં વળી જુદી જ ખોપરી ભેટી કેન્ડિડને. નામ એનું સિગનોર પોકોક્યુરાન્ટ. એને દરેક જાતના કંટાળો. કશામાં રસ પડે જ નહિ ! ત્યાં બીજા છ જણને પણ લાવ્યો કેન્ડિડ. છએ પહેલાં રાજા હતા. પણ તેમણે એક યા બીજા કારણસર પોતાનાં રાજપાટ ગુમાવેલાં. આ બધા અનુભવો પછી કેન્ડિડને હવે ખાતરી થઈ ગઈ છે કે માણસ ગમે તેવો ધનવાન હોય, ગમે તેટલો સત્તાશાળી હોય, પણ તે દુઃખથી મુક્ત હોતો નથી. દરેક માણસના નસીબમાં કોઈને કોઈ દુઃખ લખાયેલું હોય જ છે. જ્યાં દુઃખ હોય જ નહીં એવી માત્ર એક જગ્યા છે અને તે છે અલડોરાડો.

પછી કેન્ડિડ અને માર્ટિન પહોંચ્યા કોન્સ્ટેન્ટિનોપલ અને નસીબે યારી આપી તે ત્યાં તેમને મળી ગયા નોકર કકામ્બો. પ્રિયતમા કનગોંડ અને પહેલા ગુરુ ડૉ.પેંગ્લોસ. હેં ? ડૉ.પેંગ્લોસ ? એને તો શૂળીએ ચડાવેલો ને લિસ્બનમાં ? નસીબની બલિહારી તે મરતાં પહેલાં ભૂલમાં તેને શૂળીએથી ઉતારી લીધેલો ને એમ એનો જીવ બચી ગયેલો ! અરે, કનગોંડનો ભાઈ પણ ત્યાં જ હતો ! કનગોંડ કાંઈ હવે પહેલાં જેવી, સોળે સજી શણગાર જાય જરીક ઘરની બહાર ,તો નજરું લાગે એવી નથી રહી. ચહેરા પર કરચલીઓ પડવા લાગી હતી, સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો. પણ ગમે તેમ તોય મનની માનેલી. એકવાર જેને હૈયામાં સ્થાપી એને ઉથાપાય કેમ ? એટલે પરણી જાય છે તેની સાથે કેન્ડિડ. પ્રેમ નહીં

એમ નહીં. પણ ફરજનું ભાન વધારે. અલડોરાડોથી નીકળેલો ત્યારે જે જર-ઝવેરાત મળેલાં તેમાંના ઘણાં તો ખર્ચાઈ ગયાં હતાં, પણ જે થોડાં બચેલાં તેમાંથી એક ખેતર ખરીદે છે કેન્ડિડ. જાતજાતનાં ફળો ઊગાડે છે. નોકર કકામ્બો બાજુનાં ગામમાં જઈને એ વેચી આવે છે. તેમાંથી ગુજરાન ચાલે છે.

બહુ ધનવાન નથી થયો કેન્ડિડ. સત્તાશાળી તો નથી જ બન્યો. પણ જાતજાતના અનુભવોનું ભાથું બાંધ્યું છે. એ અનુભવોઓએ એને નરવી દૃષ્ટિ આપી છે. જેને પ્રતાપે સુખ-દુઃખ, લાભ-ગેરલાભ, જય-પરાજય, બધાંને સાચી દૃષ્ટિથી, સમ્યક્ દૃષ્ટિથી જોઈ શકે છે. હવે નથી તેને ધનનું આકર્ષણ, નથી પ્રેમ કે કામનું. બને તેટલી મહેનત કરે છે. પ્રમાણિકપણે જીવવા પ્રયત્ન કરે છે અને મનની શાંતિ પામ્યો છે, બીજું કાંઈ પામ્યો હોય કે ન હોય. હજી કયારેક પેંગ્લોસ બીજાની પંચાત કરે છે, ટેવ પ્રમાણે સૈદ્ધાંતિક ચર્ચાઓ કરે છે; પણ હવે કેન્ડિડ તેના ફંદામાં ફસાતો નથી. નવલકથાને અંતે કેન્ડિડ એટલું જ કહે છે તેને : 'આપણે આપણું ખેતર સારી રીતે ખેડીએ એટલે બસ.'

આજકાલની નવલકથાઓથી ટેવાયેલો વાચક જરૂર પૂછેઃ 'આ તે કંઈ નવલકથા કહેવાય ? છે ક્યાંક કથાનકના ઢંગધડા? નાયક એક દેશથી બીજે દેશ, એક ગામથી બીજે ગામ ફર્યા કરે, જુદા જુદા માણસોને મળે, વળી કલ્પનાના અલડોરાડોમાં પહોંચે, અત્યંત ધનવાન થઈ જાય રાતોરાત, અને છેલ્લે પાછો મામૂલી ખેડૂત બને. આ પ્લૉટ? નાયક-નાયિકા પરણે ખરાં, પણ ત્યારે, જ્યારે પરણવાનો ઘણો સ્વાદ ઊડી ગયો હોય.' પણ વોલ્તેરને મન કથાવસ્તુ, ઘટનાઓ, પ્રસંગોનું ઝાઝું મહત્ત્વ જ નહોતું. પ્રસંગોને તેણે એકબીજા સાથે એવી રીતે સાંકળ્યા છે કે બે-ચાર પ્રસંગો આઘાપાછા કરો તોય ઝાઝો ફેર ન પડે. પણ વોલ્તેરનો આશય નવલકથા લખવાનો નહીં તેટલો તેના જમાનામાં લખાતી સાહસકથાઓ, ભ્રમણકથાઓની ખિલ્લી ઉડાડવાનો, તેની પેરડી કરવાનો હતો. એટલે જ પાત્રો પણ વ્યક્તિઓ કરતાં ઠઠ્ઠાચિત્રો જેવાં વધારે લાગે છે. પોતાના જમાનાના ફિલસૂફોને, વિચારકોને કવિઓને પણ છોડ્યા નથી વોલ્તેરે. બ્રિટિશ કવિ એલેકઝાન્ડર પોપે તેના એક કાવ્ય 'એન એસે ઓન મેન'માં કહેલું : 'વૉટએવર ઇઝ, ઇઝ રાઈટ' – જે કાંઈ છે, તે છે સાચું. આ જમાનાની હાંસી ઉડાવી છે વોલ્તેરે આ નવલકથામાં અને એટલે જ કાલ્પનિક પ્રસંગોની સાથોસાથ તેણે સાચા, ઐતિહાસિક પ્રસંગો પણ

સાંકળી લીધા છે કથામાં. જેમ કે જે થાય તે સારા માટે એવી વાતની પોકળતા બતાવવા માટે વોલ્તેર ૧૭૫૫ના ધરતીકંપને સાંકળી લે છે કથામાં. એ ધરતીકંપને પ્રતાપે ૩૦ હજાર લોકો મોતને ભેટ્યા હતા. આવો ધરતીકંપ, આવો વિનાશ 'સારા માટે' કઈ રીતે હોઈ શકે ? મિથ્યા આશાવાદનો વિરોધી તેમ યુદ્ધનો પણ વિરોધી વોલ્તેર. ધર્મના પાખંડ, અસહિષ્ણુતા, હિંસા, ઘાતકીપણું એ બધાંનો દુશ્મન. હા, અંગત રાગદ્વેષથી પણ પર નથી રહ્યો તે. ડચ પ્રકાશકો, ફ્રેન્ચ વિવેચકો અને આખા જર્મની દેશ સાથે વાકું પડેલું વોલ્તેરને. એટલે તેમનેય નથી છોડ્યા તેણે. કેન્ડિડ એ વોલ્તેરની મહત્વની કૃતિ છે, પણ તે વધુ જાણીતો અને પ્રભાવી થયો તે તેનાં બીજા લખાણોને લીધે. આ લખાણોમાં તેણે આપખુદ રાજાશાહીની આકરી ટીકા કરી. ત્રણ વરસ માટે દેશનિકાલ થયો. પછી પાછો ફરીને રહ્યો ત્યારે ફ્રાન્સ અને સ્વિટ્ઝરલૅન્ડની સરહદ પરના એક ગામમાં રહ્યો જેથી ગમે ત્યારે રાજાની ખફામરજી થાય તો તરત ફ્રાન્સ છોડી સ્વિટ્ઝરલૅન્ડમાં સરકી જવાય! પોતાના લખાણોમાં ક્રાંતિની વાતો કરનાર વોલ્તેરના મૃત્યુ પછી બરાબર અગિયાર વરસે જગજાણીતી ફ્રેન્ચ ક્રાંતિ થઈ. મૃત્યુ પછી વોલ્તેરને મામૂલી ચર્ચમાં દફનાવવામાં આવેલો. ફ્રેન્ચ ક્રાંતિ પછી તેની કબર ખોદી, તેના અવશેષો બહાર કાઢી, તેને પેરિસના પેન્ટિયનમાં ફરી દફનાવવામાં આવ્યો - જીવનભરના વોલ્તેરના હરીફ રુસોની બાજુમાં જ ! તેની શબગાડી પર આ શબ્દો લખ્યા હતાઃ 'કવિ, ફિલસૂફ, ઈતિહાસકાર. તેવા માણસની બુદ્ધિને પાંખો આવી અને આપણને સ્વાતંત્ર્ય માટે તૈયાર કર્યા.'

●

૫. જેવું જીવન, એવી નવલકથા
એમા /જેન ઑસ્ટિન

બેતાળીસ વર્ષની જિંદગીમાં એ લેખિકાએ લગ્ન કર્યાં નહોતાં, પણ તેની નવલકથાઓમાં મધ્યમ વર્ગની સ્ત્રીઓ અને એ સ્ત્રીઓના જીવનમાંની લગ્ન અંગેની સમસ્યાઓ કેન્દ્ર સ્થાને રહેલી જોવા મળે છે. તેમાંય તેની એક નવલકથામાં તો એક સાથે કંઈ કેટલાંયે પાત્રો લગ્નની સાપસીડીની રમત રમતાં જોવા મળે છે. એ લેખિકા તે જેન ઑસ્ટિન અને તેની એ નવલકથા તે 'એમા'. અલબત્ત, આ લેખિકાની બીજી નવલકથાઓની જેમ આ નવલકથાની પણ પહેલી આવૃત્તિ પ્રગટ થઈ ત્યારે તેના પર લેખિકા તરીકે કોઈનું નામ છાપવામાં આવ્યું નહોતું. પહેલી આવૃત્તિની બે હજાર નકલો છપાયેલી અને ત્રણ ભાગમાં પ્રગટ થયેલી આ આવૃત્તિની ૫૬૩ નકલ ચાર વર્ષ પછી પણ વેચાયા વગરની પડી રહી હતી ! પોતાની જિંદગી દરમ્યાન જેનને આ નવલકથાની રૉયલટી રૂપે માત્ર ચાલીસ પાઉન્ડની આવક થઈ હતી ! 'એમા' એ જેનની ચોથી પ્રગટ થયેલી નવલકથા હતી અને તે પ્રગટ થઈ પછી દોઢેક વર્ષમાં જ જેનનું મૃત્યુ થયું. તેના અવસાન પછી બીજી બે નવલકથા પ્રગટ થયેલી. 'એમા' નવલકથા પરથી આજ સુધીમાં ૧૮ ફિલ્મ બની છે. પહેલી ફિલ્મ બનેલી ૧૯૩૨માં, છેલ્લે બની છે ૨૦૦૧માં. આ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ થયો હોય એવું જાણવા મળતું નથી.

પાદરીનાં આઠ સંતાનોમાં જેન ઑસ્ટિન સાતમું સંતાન. જીવનમાં ચડાવઉતાર નહીં, તડકીછાંયડી નહીં. એકસૂરીલું જીવન, પણ સંતોષી. લગભગ એવું જ જીવન જીવે છે જેનની નવલકથાઓનાં ઘણાખરાં સ્ત્રી પાત્રો. ૧૮મી સદીના ઇંગ્લૅન્ડના ઉપલા મધ્યમ વર્ગની આ સ્ત્રીઓના જીવનમાં જો કોઈ રોમાંચભરી ઘટના બનતી હોય તો તે પ્રેમ અને / અથવા લગ્ન. પણ આવાં સાધારણ નર-નારીને જેન ઑસ્ટિને એવીન્તો કલાત્મક કુશળતાથી આલેખ્યાં છે કે વર્જિનિયા વુલ્ફે જેનને 'બધી

લેખિકાઓમાં સૌથી વધુ સંપૂર્ણ કલાકાર' તરીકે ઓળખાવી છે. જો કે જીવનકાળ દરમ્યાન પ્રગટ થયેલી એકે નવલકથા પર લેખિકા તરીકે તેનું નામ છપાયેલું નહીં એટલે જીવતાં તો તે લેખિકા તરીકે જાણીતી થયેલી જ નહીં. પણ નામ નહીં છપાવવાનું કંઈ કારણ ? કહેવાય છે કે પહેલી નવલકથા વખતે પ્રકાશકે કહ્યું કે આમાં ફલાણા ફલાણા સુધારા કરો તો જ છાપું, નહિતર નહીં. એટલે પ્રકાશકને મનગમતા સુધારા તો જેને કરી આપ્યા, પણ એ સુધારા તેને પોતાને મંજૂર નહોતા એટલે તેણે લેખિકા તરીકે પોતાનું નામ છાપવા દેવાની ના પાડી. જેનના અવસાન પછી તેના ભાઈ હેન્રીએ જાહેર કર્યું ત્યારે જ લોકોને ખબર પડી કે 'એમા' અને એવી બીજી નવલકથાઓની લેખિકા હતી આ જેન ઑસ્ટિન. વખત જતાં જેનની સાહિત્યિક પ્રતિષ્ઠા વધતી ચાલી. નારીવાદી વિવેચકોએ તેની નવલકથાઓનો બારીકાઈથી અભ્યાસ કર્યો. તેના જીવન અને લેખનનો અભ્યાસ કરવા માટે માત્ર ઇંગ્લૅન્ડમાં જ નહીં, અમેરિકા અને ઑસ્ટ્રેલિયામાં પણ સોસાયટીઓ સ્થપાઈ છે. ઘણા વિવેચકોને મતે 'એમા'માં જેન ઑસ્ટિનની કલા સોળે કળાએ ખીલેલી જોવા મળે છે.

ત્રણ ભાગમાં વહેંચાયેલી આ નવલકથામાં અનેક પાત્રો છે અને એ બધાં એકબીજાંની સાથે કે સામે જે રીતે લગ્નની સાપસીડી રમે છે તેની કથા પ્રમાણમાં અટપટી છે. એટલે પહેલાં કથાનાં મુખ્ય પાત્રોનો પરિચય મેળવી લઈએ. કથાનો આરંભ થાય છે ત્યારે તેની નાયિકા એમા વૂડહાઉસ ૨૧ વર્ષની છે. દેખાવડી છે, ચાલાક છે, પૈસાદાર છે, ધાર્યું કરવાવાળી છે, થોડી મિથ્યાભિમાની પણ ખરી. પોતાને માટે તો ખરું જ, પણ બીજાને માટેય શું સારું શું ખરાબ તે માત્ર પોતે જ જાણે છે એમ માની બીજી સ્ત્રીઓની જિંદગીમાં સતત દખલ કરતી રહે છે. હજી સુધી તેને પરણવાની 'જરૂર' લાગી નથી, પણ બીજી ઓળખીતી પાળખીતી છોકરીઓને પરણાવવા માટે ઘણા ધમપછાડા મારે છે. અલબત્ત, નવલકથા પૂરી થાય છે ત્યાં સુધીમાં એમા પરણી જાય છે. ૩૭ વર્ષનો જ્યૉર્જ નાઈટલી જેટલો હોંશિયાર છે તેટલો જ વિવેકી છે. તેનો ભાઈ એમાની મોટી બહેન ઇઝાબેલાને પરણેલો. 'તું ભીંત ભૂલે છે' એવું ઘમંડી એમાને કહેવાની તેનામાં હિંમત છે. કથાને અંતે એમા અને જ્યૉર્જ પરણી જાય છે. અનાથાશ્રમમાં ઉછરેલી ૧૭ વર્ષની હેરિયટ સ્મિથ ઠીંગણી છે, જાડી છે, પણ ગોરી છે. એમા એની સતત રખેવાળી કરે છે. સલાહસૂચનો આપ્યા કરે છે, તેનું ભલું કરવાના ઇરાદે, પણ તેનાથી હેરિયટને લાભ

કરતાં ગેરલાભ વધુ થાય છે. ઊંચા કુળના કોઈ અમીરને પરણવાનું સપનું એમા હૅરિયટની આંખોમાં આંજે છે, પણ અંતે હૅરિયટ પરણી જાય છે પોતાના જેવા જ એક સાધારણ ખેડૂતને. ફ્રૅન્ક ચર્ચિલ દીકરો છે મિસ્ટર વેસ્ટનનો, પણ ઊછર્યો છે તવગંર મામાને ત્યાં. છીછરો, ઉછાંછળો, છેલબટાઉ પણ દેખાવડો છે. એમા તેના પ્રત્યે આકર્ષાય છે, પણ ફ્રૅન્કે તો ખાનગીમાં જેન ફેરફેક્સ સાથે લગ્ન કરી લીધાં છે. પણ જેણે ઉછેરીને મોટો કર્યો એ મામીના વિરોધને કારણે એ વાત જાહેર નથી કરી શકતો. જેન ફેરફેક્સ પણ અનાથ છે. તેની માતાના અવસાન પછી કર્નલ કૅમ્પબેલને ત્યાં રહી ઊછરી છે. એમા જેટલી જ દેખાવડી, ચતુર, આકર્ષક. એમા અને જેન મિત્રો પણ છે, હરીફો પણ. બ્રિસ્ટોલના વેપારીની દીકરી ઑગસ્ટા મિસ્ટર એલ્ટનને પરણી છે. ઘમંડી, તુંડમિજાજી, તોછડી. પોતાના સિવાય બીજા કોઈને માન આપવાનું તેના સ્વભાવમાં જ નથી. એમાના વિધુર પિતા મિસ્ટર વુડહાઉસ તવંગર છે, પણ મૂંજી અને એકલસૂરા છે. દીકરી એમાને લાડ કરી કરીને તેમણે કેટલેક અંશે બગાડી મૂકી છે.મા વગરની એમાને ઉછેરી છે મિસ ટેલર નામની એક ઠાવકી, સુશીલ, શાણી ગવર્નેસે. પછીથી તે પરણીને બને છે મિસિસ એન વેસ્ટન. ફ્રૅન્ક ચર્ચિલનો બાપ મિસ્ટર વેસ્ટન પણ વિધુર છે. સામાજિક સીડીનાં પગથિયાં આપબળે અને આપકળે ચડતો વેસ્ટન એમાની ગવર્નેસ મિસ ટેલરને પરણે છે. અલબત્ત, બન્ને વચ્ચે ઉંમરનો સારો એવો તફાવત છે. મિસ બેટ્સ નથી યુવાન, નથી દેખાવડી, નથી પરણેલી, નથી પૈસાદાર. નસીબે તેને કોઈ વાતે યારી આપી નથી. છતાં જે છે તેમાં સંતોષથી જીવે છે, સૌ કોઈની સાથે હળીમળીને. આ બધાં પાત્રો ઉપલા વર્ગની જે હાઈબરી સોસાયટીમાં રહે છે તેના ચર્ચનો પાદરી છે ફિલિપ એલ્ટન. હૅરિયટનાં લગ્ન આ ફિલિપ સાથે કરાવવા એમા ઘણા ધમપછાડા મારે છે, પણ ફિલિપને રસ હૅરિયટને નહીં, એમાને પરણવામાં છે. એમા તેને જાકારો દે છે એટલે ફિલિપભાઈ પરણી જાય છે ઘમંડી અને તોછડી ઑગસ્ટા સાથે ! એ જ ચર્ચના અગાઉના પાદરીની વિધવા શ્રીમતી બેટ્સ, ઘરડીખખ. ભલીભોળી, મરતાને મર ન કહે તેવી. જેન ફેરફેક્સની તે દાદી અને મિસ બેટ્સની મા. શ્રીમતી ઈઝાબેલા નાઈટલી એમાની મોટી બહેન. ચહેરોમહોરો સારો, સૌજન્યશીલ, [illegible] પણ એમાની સરખામણીમાં - જવા દો ને એ વાત! ઈઝાબેલાના પતિ જોન નાઈટલી. ઊંચો, સુશીલ, હોંશિયાર, પણ કંઈક

અતડો. પણ તેના કડક સ્વભાવને કારણે અને તેનામાં રહેલ ધીરજના અભાવને કારણે એમાને એ બહુ ગમતો નથી અને છેલ્લે મિસિસ ગોડાર્ડ, બોર્ડિંગ સ્કૂલની મુખિયા. હાઈબરી સોસાયટીની ઘણી છોકરીઓ તેમની સ્કૂલમાં બેચાર ચોપડી ભણેલી.

જેન ઑસ્ટિનની નવલકથા 'એમા'ના કેન્દ્રમાં રહેલ છે પ્રેમ, સંવનન અને લગ્નની વાતો. કોણ પરણશે કોને ? કોણ પરણશે કયા કારણે ? પ્રેમને કારણે, વ્યવહારને નિભાવવા કે પછી જરૂરિયાતને કારણે ? હાર્ટફિલ્ડની મોટીમસ હવેલીમાં રહે છે કથાનાયિકા એમા, એના વિધુર પિતા સાથે. પોતાનામાં મસ્ત, પોતાની જાત પર મુસ્તાક. મારે વળી પરણવાની જરૂર શી ? પતિ હોય તો જ બે ટંક રોટલા ભેગી થાઉં એવું તો છે નહીં ! કથાની શરૂઆત થાય છે ત્યારે એમાની ગવર્નેસ મિલ ટેલરના મિસ્ટર બેસ્ટન સાથે તાજાં જ લગ્ન થાય છે. પડોશમાં આવેલી રેન્ડાલ્સની હવેલીના એ માલિક. હાઈબરી વસાહતનાં અગ્રગણ્ય કુટુંબો ત્રણ : એમાનું વુડહાઉસ કુટુંબ, વેસ્ટન કુટુંબ અને ડાઉનવેલ એબી હવેલીનું માલિક નાઇટલી કુટુંબ. મિસ ટેલર સાથેના મિસ્ટર વેસ્ટનના લગ્ન બીજી વારનાં હતાં. આગલી પત્નીથી ફ્રેન્ક ચર્ચિલ નામે દીકરો હતો પણ પત્નીના અવસાન પછી તેને ઉછેરવાની જવાબદારી મોસાળમાં મામા-મામીએ લઈ લીધી હતી એટલે વેસ્ટનસાહેબ આમ જુઓ તો છડેછડા હતા.

મિસ ટેલરનો સાથ છૂટ્યો એટલે હવે એમાએ હૅરિયટ સ્મિથ નામની એક છોકરીને પડખામાં લીધી છે. નજીકમાં આવેલી એક બોર્ડિંગ સ્કૂલમાં રહીને ભણતી હૅરિયટ અનાથ છે, પોતાનાં માતા-પિતા કોણ છે તેનીય એને ખબર નથી. આવી ભલીભોળી છોકરીનો હવે એમા કબજો લઈ લે છે. કેમ બોલવું-ચાલવું, કેમ ઊઠવું-બેસવું, કોની નજીક જવું, કોની નજીક નહીં-બધી વાતમાં એમા જ કહે છે હૅરિયટને, શું યોગ્ય શું અયોગ્ય. માર્ટિન્સ નામના ખેડૂત કુટુંબના દીકરા રૉબર્ટની આંખમાં હૅરિયટ વસી ગઈ છે પણ એમા કહે છે કે એવા ગરીબગુરબા સાથે હળાયમળાય નહીં. આપણા સમોવડિયા હોય તેમની સાથે જ ઊઠીએ-બેસીએ તે શોભે. એમા બેઠીબેઠી હૅરિયટના લગ્ન માટે બીજો જ ત્રાગડો રચી રહી છે. હાઈબરી વસાહતમાં આવેલી ચર્ચના પાદરી મિસ્ટર એલ્ટન સાથે હૅરિયટને અદરાવવાના એમાને કોડ છે. શરૂઆતમાં થોડી સફળતાય મળે છે એમાને. હૅરિયટ, એલ્ટન અને ખુદ એમા ઘણો વખત

વિતાવે છે અને એ વખતે એલ્ટન ખુશખુશાલ હોય છે એટલે એમાને લાગે છે કે હૅરિયટ ને એલ્ટનનું ચોકઠું ગોઠવાઈ જશે. હૅરિયટ છે ચડાઉ ધનેડું. એમા દોરે તેમ ગાયની જેમ દોરાય છે. પોતાના આવા પ્રભાવથી એમા તો ફૂલીને ફાળકો થઈ જાય છે. રૉબર્ટ હૅરિયટનો હાથ માગવા આવે છે ત્યારે એમાની ચડામણી પ્રમાણે હૅરિયટ તેને હડસેલી દે છે. તેના મનમાં એમાએ ઠસાવી દીધું છે કે ગરીબ ખેડૂત કુટુંબનો આ મહેનતકશ છોકરો તેને લાયક નથી. મિસ્ટર નાઈટલી એમાને સમજાવાનો પ્રયત્ન કરે છે કે હૅરિયટ જેવી અનાથ છોકરીને રૉબર્ટ કરતાં સારો મુરતિયો મળવાનો નથી, માટે માગું સ્વીકારી લેવું જોઈએ. એમા એમની વાત માનતી નથી. એટલું જ નહીં, મિસ્ટર નાઈટલી સાથે આ અંગે ઝઘડો કરે છે અને બંને કુટુંબોનો બોલવાચાલવાનો વ્યવહાર પણ બંધ થઈ જાય છે.

થોડા દિવસ પછી એમાની બહેન ઈઝાબેલા અને તેનો પતિ મિસ્ટર જોન નાઈટલી એમાને ઘેર થોડા દિવસ રહેવા આવે છે એ તકનો લાભ લઈને એના પડોશી મિસ્ટર નાઈટલી સાથેનો બગડેલો સંબંધ ફરી સુધારી લે છે. નાતાલના ઓચ્છવના દહાડા આવી લાગ્યા છે. હાઈબરી વસાહતના રહેવાસીઓને વેસ્ટન કુટુંબ મોટી મિજબાની આપે છે, ૨૪ મી ડિસેમ્બરની રાતે. પણ બરાબર એ જ ટાણે બચાડી હૅરિયટ માંદી પડે છે અને તેથી તે મિજબાનીમાં શરીક થઈ શકતી નથી. અત્યાર સુધી મળેલાં ત્યારે તો એલ્ટન, હૅરિયટ અને એમા ત્રણે સાથે જ હોય, પણ આજે પહેલી વાર એકલી એમાને મળવાનો મોકો મળ્યો એલ્ટનને. પાર્ટીમાં એલ્ટન એમા આગળ લટુડાંપટુડાં કાઢે છે અને પાર્ટી પત્યા પછી બંને એક જ ઘોડાગાડીમાં સાથે ઘેર જતાં હોય છે ત્યારે એલ્ટન હિમ્મત કરીને એમાને કહી દે છે હું તને ચાહું છું. આ સાંભળી એમા તો આભી જ થઈ જાય છે. કહે છે કે હૅરિયટને તમારી સાથે પરણવવા માગું છું, પણ એલ્ટન કહે છે કે હૅરિયટની એવી ઓકાત કયાં છે? એના જેવી અનાથને પરણું તો મારી આબરુ ધૂળધાણી થઈ જાય. મારા મનમાં તો બસ તું જ વસી ગઈ છો એમા! એમા તોરીલી ભલે હોય, પણ ચતુરસુજાણ છે. ફટ દઈને સમજી જાય છે કે આ એલ્ટન મને નહીં પણ મારી દોલતને ચાહે છે અને એ દોલત હાથ કરવા ખાતર પ્રેમનું નાટક કરે છે, એટલે એમા એલ્ટનની માગણી ઠુકરાવે છે. એમાનો નકાર સાંભળી એલ્ટન એવો તો નાસીપાસ થઈ જાય છે કે હાઈબરી વસાહત છોડીને બાથ રહેવા ચાલ્યો

જાય છે. એલ્ટન તને પરણવા માગતો નથી એ વાત એમા હેરિયટને કહી દે છે.

ફ્રેન્ક ચર્ચિલ એક તો મોસાળમાં રહીને ઊછરેલો. નમાયા છોકરાને જેટલી મામા-મામીની માયા તેટલી બાપની નહીં. તેમાં વળી બાપે બીજી વાર લગ્ન કર્યું. ત્યારથી ફ્રેન્ક બાપને મળવા ઘેર આવ્યો જ નથી. આડોશપાડોશમાં રહેતા લોકો એ અંગે ઘુસપુસ પણ કરે છે. એમાએ ફ્રેન્કનું તો મોઢું સુધ્ધાં જોયું નથી, પણ ફ્રેન્ક બાપને મળવા આવે ત્યારે એનું ચોકઠું કઈ રીતે ગોઠવવું એના ત્રાગડા મનોમન રચવા લાગે છે. એ જ વખતે જેન ફેરફેક્સ નામની એક ફૂટડી છોકરી કથામાં દાખલ થાય છે. ગરીબ વિધવા મિસિસ બેટ્સની એ પૌત્રી. મિસિસિ બેટ્સનો પતિ અગાઉ ચર્ચમાં પાદરી તરીકે કામ કરતો. જેનની કટકટિયણ, આજીવન કુંવારી માસી પણ જેન અને તેની માની સાથે જ રહે છે. જેન એમા જેટલી દેખાવડી છે, ભણેલી છે, હોંશિયાર છે. માત્ર એમાની જેમ તે ઊંચા ખાનદાનની નથી. છતાં એને જોતાંવેંત એમાની આંખોમાં ઈર્ષાની સાપણો દોડવા લાગે છે. તેમાં વળી વાયરો એવી વાત લઈ આવે છે કે મિસ્ટર ડિક્સન નામના પરણેલા પુરુષ સાથે જેનને લફરું ચાલે છે. આખી વસાહતમાં આની કૂથલી ચાલે છે, પણ છેવટે એ વાત પાયા વગરની અફવા હતી એમ જણાય છે.

એવામાં બાથ ચાલ્યો ગયેલો મિસ્ટર એલ્ટન પાછો આવે છે અને સૌને સારા સમાચાર આપે છે કે મેં મિસ ઑગસ્ટા હૉકિન્સ નામની છોકરી સાથે સગાઈ કરી લીધી છે. છેવટે ફ્રેન્ક ચર્ચિલ પોતાના બાપને મળવા આવે છે. એમા સાથે પણ તેનો મેળાપ થાય છે. પોતે મનમાં જેવી મૂરત ઘડી હતી બરાબર તેવો જ છે આ ફ્રેન્ક. એમા પોતે ફ્રેન્ક તરફ આકર્ષાય છે. મિસ્ટર નાઈટલી એમાને વારવાનો પ્રયત્ન કરે છે, એમ કહીને કે છોકરો તારે લાયક નથી, પણ બીજા કોઈની વાત માને તો એ એમા શાની? તે ફ્રેન્કની સાથે વધુને વધુ સમય ગાળવા લાગે છે. જોકે કેટલીક વાર ફ્રેન્ક છેલબટાઉ ને ઉછાંછળાની જેમ વર્તે છે. માત્ર વાળ કપાવવા માટે તે લંડન આવ-જા કરે છે ! લંડનથી જ કોઈ જેન ફેરફેક્સને પિયાનો ભેટ મોકલે છે ! એમાં માની લે છે કે તેના પરિણીત પ્રેમી ડિકસને જ આ ભેટ જેનને મોકલી હશે. એમા-ફ્રેન્કને સાથે ને સાથે જોઈ મિસ્ટર નાઈટલીના પેટમાં તેલ રેડાય છે. તો એમાને એ વાતનું પેટમાં દુ:ખે છે કે મિસ્ટર નાઈટલી મારી હરીફ જેન ફેકફેક્સને ચાહતો તો નહીં હોય?

ફ્રેન્ક ચર્ચિલ, એમા, જેન ફેરફેક્સ અને મિસ્ટર નાઈટલી વચ્ચેની પ્રેમના પકડદાવની રમત બરાબરની જામી હતી ત્યાં જ અચાનક રંગમાં ભંગ પડ્યો. બરાબર એ જ ટાંકણે ફ્રેન્કને ઉછેરીને મોટો કરનાર મામી માંદી પડી. એટલે પકડદાવની રમત અધૂરી મૂકીને ફ્રેન્ક દોડ્યો મામી પાસે. મામી હતી તોરીલી અને ગર્વિલી, અને પાછો તેનો ઉપકાર હતો ફ્રેન્કને માથે. એટલે ગયા વગર છૂટકો નહોતો. એમા માનવા લાગી હતી કે ફ્રેન્ક મને ચાહે છે અને ગમે ત્યારે તે લગ્ન માટે દરખાસ્ત કરશે. પોતાને ફ્રેન્ક માટે પ્રેમ છે. એમ પણ એમા માનવા લાગી હતી, પણ આ વાત ફ્રેન્કને કહેવી કઈ રીતે એની વિમાસણ હતી. પણ ફ્રેન્ક મામી પાસે ગયો તે પછી એમા ન તો વિરહિણીની જેમ ઝૂરવા લાગી, ન તો તેને ફ્રેન્કની ખોટ સાલવા લાગી. ફ્રેન્ક હતો ત્યારે જેટલા આનંદમાં રહેતી એટલા જ આનંદમાં ફ્રેન્ક નહોતો ત્યારેય એમા રહેવા લાગી. પરિણામે થોડા દિવસ પછી એમાને સમજાઈ ગયું કે ફ્રેન્ક સાથેનો પ્રેમ એ માત્ર એક આભાસ હતો, એ પોતે ખરેખર ફ્રેન્કને ચાહતી જ નહોતી.

બીજી બાજુ ચર્ચનો પાદરી એલ્ટન પોતાની નવી પરણેતર ઑગસ્ટાને લઈને આવી પહોંચે છે. ઑગસ્ટા હતી મિજાજનું ઘોયું. ભારે મિથ્યાભિમાની. શેખીખોર. કોઈપણ માણસનું નામ કાને પડે કે તરત કહે કે 'અરે, એને તો હું ઓળખું છું.' એ તો મારો દૂરનો ભાઈ થાય, એ તો મારો પાડોશી હતો.' હાઈબરીના લોકો સામે તુચ્છકારથી જુએ. 'અમારે ત્યાં તો આમ, ને અમારે ત્યાં તો તેમ'ની ફિશિયારીમાંથી ઊંચી જ ન આવે. નાના મોટા હરકોઈની સાથે તોછડાઈથી જ વર્તે. આવી બાઈ સાથે એમાને કઈ રીતે બને ? પણ એમા અને ઑગસ્ટાને ન બને એટલે પછી એલ્ટનને પણ એમા સાથે ક્યાંથી બને?

મામીની સારવાર કરવા ગયેલો ફ્રેન્ક થોડા વખત પછી પાછો આવે છે. ફ્રેન્ક અને એમા ભેગાં મળીને ક્રાઉન ઈનમાં મોટી મિજબાની ગોઠવે છે, બૉલ ડાન્સ ગોઠવે છે. એ વખતે એલ્ટન હૅરિયટ સ્મિથનું બધાં દેખતાં હડહડતું અપમાન કરે છે, પણ મિસ્ટર નાઈટલી હૅરિયટની વહારે ધાય છે અને તેની સાથે ડાન્સ કરે છે.

મિજબાની પૂરી થયા પછી હૅરિયટ અને તેની સખીઓ ઘેર પાછી ફરી રહી હતી ત્યારે કેટલાક જિપ્સીઓ રસ્તામાં તેમને રંજાડે છે. પણ ફ્રેન્ક તેમની વહારે ધાય છે અને હૅરિયટને બચાવે છે. પણ આખા બનાવ બાદ હાઈબરીના લોકોમાં જાતજાતની અફવા ફેલાય છે અને ઘૂસપૂસ

ચાલે છે. એમા પોતે હવે ફ્રેન્કને ચાહતી નથી એટલે તે આ બનાવ પછી માની લે છે કે ફ્રેન્ક અને હેરિયટની જોડી જામે એવી છે. આગલી રાતે જે કાંઈ બન્યું અને જે રીતે ફ્રેન્કે પોતાને બચાવી તેની માંડીને વાત હેરિયટે બીજે દિવસે સવારે એમાને કરી. ત્યારે હેરિયટના મનમાં રહેલી ફ્રેન્ક માટેની કુમળી લાગણીનો એમાને અણસારો આવી ગયો. એલ્ટને તરછોડી ત્યારથી ભગ્નહૃદય બની ગયેલી હેરિયટ હવે નવેસરથી પ્રેમની લાગણી અનુભવીને એલ્ટનને અને તેને માટેના પ્રેમને ભૂલી ગઈ.

બૉક્સ હિલ પર બધાં ફરવા ગયાં હતાં ત્યારે ફ્રેન્ક બધાંને એક રમત રમાડે છે. એ રમત દરમિયાન એમા મિસ બેટ્સ સાથે તોછડાઈથી વર્તે છે. આવી ઉદ્ધત રીતે વર્તવા માટે મિસ્ટર નાઈટલી એમાને ઠપકો આપે છે. તેઓ એમાને કહે છે કે આવી ગરીબડી બાઈ પ્રત્યે તારે દયામાયા રાખવી જોઈએ, તેનું અપમાન ન કરવું જોઈએ. એમાને પણ પોતાની ભૂલ સમજાય છે અને બીજે દિવસે સવારે એમા માફી માગવા માટે મિસ બેટ્સને ત્યાં જાય છે. ત્યાં તેને ખબર પડે છે કે જેન ફેરફેક્સ માંદી પડી છે. માંદી પડી તે વખતે જેન મેપલગ્રોવ જઈને એક કુટુંબમાં ગવર્નેસ તરીકેની નોકરી લેવાની તૈયારીમાં હતી. આ જ જેન ફેરફેક્સ અગાઉ બધાંને કહેતી ફરતી હતી કે ગવર્નેસ તરીકેની નોકરી એ તો ગુલામી છે ગુલામી. આ વાતની જાણ થતાં એમાને જેનની દયા આવે છે. ઘણી રીતે મારી સમોવડી એવી જેને આવી નોકરી નછૂટકે સ્વીકારવી પડે છે તેનું એક જ કારણ છે; તે મારી જેમ ખાનદાન કુટુંબની નથી.

ફ્રેન્કની માંદી પડેલી મામીની તબિયત વધુ ને વધુ કથળતી જાય છે અને અંતે તેનું મૃત્યુ થાય છે. હવે મામીના દાબમાંથી, મામીની ધાકમાંથી ફ્રેન્ક મુક્ત થયો છે એટલે મન માને તેમ વર્તી શકે છે, પેટછૂટી વાત કરી શકે છે. હવે તે વેસ્ટન કુટુંબને જણાવે છે કે, 'મેં તો ખાનગીમાં જેન ફેરફેક્સ સાથે વિવાહ કરી લીધા છે;પણ મામીના ગુસ્સાની બીકે આજ સુધી વાત છાની રાખી હતી. આ વાત જાણ્યા પછી મિસ્ટર નાઈટલી એમા તરફ વધુ ઢળે છે. ફ્રેન્ક અને જેનના ખાનગી વિવાહનો ભાંડો ફોડવા માટે એમા હેરિયટને ત્યાં જાય છે. આ વાત સાંભળી હેરિયટ ઉદાસ તો થઈ જાય છે પણ તેની વાતો પરથી એમાને ખ્યાલ આવે છે કે મિજબાનીમાં મિસ્ટર નાઈટલી તેની વહારે ધાયા તે પછી હેરિયટ તો નાઈટલીની પાછળ વધુ લટ્ટુ બની હતી. એ વાતનો ખ્યાલ આવતાં એમા મનોમન નક્કી કરે છે કે મિસ્ટર નાઈટલીને પરણવા લાયક જો કોઈ હોય

તો તે હું જ છું. મોટા ઘરાણાના પુરુષને પરણવાનું સપનું હૅરિયટની આંખમાં આંજીને પોતે ભૂલ કરી છે એમ પણ એમાને લાગે છે.

એ પછી ટૂંક સમયમાં જ મિસ્ટર નાઈટલી એમા માટેનો પોતાનો પ્રેમ જાહેર કરે છે અને બંને પરણવાનું નક્કી કરે છે. પણ તેમનાં લગ્ન આડે બે અંતરાયો છે. એક તો પોતાને આધારે જ જીવી રહેલા પિતાને એકલા છોડીને એમાએ નાઈટલીને ઘેર રહેવા જવું પડે. બીજો એ કે આ વાતની જાણ એમાએ હૅરિયટને કઈ રીતે કરવી ?

પણ મિસ્ટર નાઈટલી લગ્ન પછી હાર્ટફિલ્ડ આવી ઘરજમાઈ તરીકે રહેવા તૈયાર થાય છે જેથી એમાના પિતા મિસ્ટર વૂડહાઉસ એકલા ન પડી જાય. તો બીજી બાજુ નાઈટલી સાથેનાં લગ્નની વાત એમા કરે છે ત્યારે હૅરિયટ એ અંગે ઝાઝી હોહારોળ કરતી નથી. નાઈટલીમાંથી મન વાળી લઈને તે ફરી રૉબર્ટ માર્ટિન તરફ વળે છે. એમાએ હૅરિયટના ભેજામાં ઊંચા ખોરડાની પરણેતર થવાનું જે ભૂસું ભર્યું હતું તે ખંખેરીને હૅરિયટ હવે પોતે ક્યાં છે તે સમજી જાય છે અને તે રૉબર્ટ સાથે અદરાવાનું નક્કી કરે છે. ત્યારબાદ હૅરિયટને પોતાનાં મા-બાપ કોણ હતાં એની પણ ખબર પડે છે. હૅરિયટનો બાપ એક જાણીતો વેપારી હતો. કથાને અંતે લગ્નના માંડવા બંધાય છે - એક નહીં, બે નહીં પણ ત્રણ લગ્નના. એક માંડવામાં બેઠાં છે રૉબર્ટ અને હૅરિયટ, બીજામાં બેઠાં છે ફ્રૅન્ક ચર્ચિલ અને જેન ફેરફેક્સ, અને ત્રીજામાં બેઠા છે મિસ્ટર નાઈટલી, અને તેની જોડે બેઠી છે કથાની નાયિકા એમા. પ્રેમની સાપસીડીની આ રમતમાં અંતે હાર કોઈની થતી નથી. બધાંની જીત થાય છે.

- તો આવી છે એમા, અને આવી છે એમાની વાત.

●

૬. કથાઃ એક રાક્ષસના સર્જનની
ફ્રેન્કેસ્ટિન / મેરી શેલી

૧૮૧૮ના માર્ચની ૧૧મી તારીખે એ નવલકથા પહેલી વાર પ્રગટ થઈ ત્યારે તેના લખનારનું નામ તેના પર છાપ્યું નહોતું. છતાં તે પછીનાં ત્રીસ વર્ષ સુધી એ નવલકથા અંગ્રેજી ભાષાની સૌથી વધુ વંચાતી નવલકથા બની રહી હતી. આજ સુધીમાં તેના પરથી ૫૦ કરતાં વધુ ફિલ્મો બની છે, ટી. વી. સિરિયલ બની છે અને નાટ્યરૂપાંતરો સફળતાથી ભજવાયાં છે. એ નવલકથા અને તેના મુખ્ય પાત્રનું નામ અંગ્રેજી ભાષામાં રોજબરોજ વપરાતું એક નામ બની ગયું છે - ઑક્સફર્ડ ડિક્શનરીમાં પણ તેને સ્થાન મળ્યું છે. એનો અર્થ આપ્યો છે 'રાક્ષસ, પોતાના સર્જકને જ હંફાવે એવું સર્જન.' એ નવલકથાનું નામ ફ્રેન્કેસ્ટિન. એ પ્રગટ થઈ ત્યારે લખનારની ઉંમર હતી માત્ર ૨૧ વર્ષ અને એ લખનાર કોઈ પુરુષ નહોતો, પણ એક સ્ત્રી હતી. એનું નામ મેરી શેલી. ૧૯મી સદીના બીજા દાયકામાં ઇંગ્લૅન્ડમાં સ્ત્રીઓ પુસ્તક લખે અને પ્રગટ કરે એ સામે સમાજને સૂગ હતી. એટલે જ આ ફ્રેન્કેન્સ્ટિનની પહેલી આવૃત્તિ પર મેરી શેલીનું નામ છાપ્યું નહોતું..

આ નવલકથાનો આરંભનો ભાગ પત્રો રૂપે લખાયો છે. રૉબર્ટ વૉલ્ટન નામના એક સાહસિક સફરીએ એ પત્રો પોતાની બહેનને લખ્યા છે. રૉબર્ટ ઉત્તરધ્રુવની સફરે નીકળી પડ્યો છે. આ સફર દરમિયાન રૉબર્ટ અને તેના સાથીઓને એક [illegible], થાકેલો, હતાશ, ભગ્નહૃદય માણસ મળે છે [illegible] એ માણસ. રૉબર્ટ અને તેના સાથીઓ [illegible] પ્રયત્નો કરે છે. એ માણસના જીવમાં જીવ આવે છે તે પછી રૉબર્ટ તેની સાથે વાત કરવાનો પ્રયત્ન કરે છે. શરૂઆતમાં [illegible] અબોલ રહેતો એ માણસ ધીમે ધીમે રૉબર્ટની નજીક આવે છે અને પોતાની આપવીતી તેને કહે છે. પોતાની વાત તેણે આ અગાઉ બીજા કોઈનેય કહી નહોતી. તેણે કરેલી પોતાની આપવીતી તે

આ નવલકથા. જેને મોંએ વાત કહેવાઈ છે તે માણસનું નામ વિક્ટર ફ્રેન્કેન્સ્ટિન. જેમણે આ નવલકથા વાંચી નથી તેવા ઘણા લોકો માને છે કે ફ્રેન્કેન્સ્ટિન એ તેમાં આવતા રાક્ષસનું નામ છે. પણ હકીકતમાં ફ્રેન્કેન્સ્ટિન એ રાક્ષસનું નહીં, પણ તેના સર્જકનું નામ છે.

સ્વિટ્ઝર્લેન્ડના એક અમીર કુટુંબમાં વિકટરનો જન્મ. સુખી બાળપણ. આદર્શ મૂર્તિ જેવાં મા-બાપ. બંનેનાં પ્રેમલગ્ન. વિક્ટરના પિતા આલ્ફોન્ઝે, પત્ની કેરોલાઇન પર ઓળઘોળ. રોજ અછોવાનાં કરે. સુખ-સમુદ્ધિમાં આળોટતી કેરોલાઇન હતી ભારે દયાળુ. અવારનવાર આસપાસની ઝૂંપડપટ્ટીઓમાં જઈ ગરીબગુરબાંને બનતી મદદ કરે. એવી એક મુલાકાત દરમિયાન તેની નજર એલિઝાબેથ નામની એક છોકરી પર પડી. અનાથ હતી. એક ગરીબ પણ દયાળુ દંપતીને ત્યાં ઊછરતી હતી. પણ ઘણી વાર ઘરમાં હાંડલાં કુસ્તી કરતાં હોય ત્યાં પારકી છોકરીને લાડકોડ તો ક્યાંથી કરી શકે ? કેરોલાઇને એલિઝાબેથને જોઈ તેવી જ તે તેને ગમી ગઈ. લઈ આવી તેને પોતાને ઘરે. એલિઝાબેથ અને વિક્ટર ઉમ્મરમાં લગભગ સરખેસરખાં. બંનેને સારું ગોઠી ગયું. જ્યાં જાય ત્યાં બંને સાથે ને સાથે.આલ્ફોન્ઝે અને કેરોલાઈન પણ બંન્ને નિકટ આવે એમ ઇચ્છે. ભવિષ્યમાં મોટાં થઈને બંને પરણે એવી એમની ઇચ્છા ખરી.

વિક્ટરને બે નાના ભાઈઓ, વિલિયમ અને અર્નેસ્ટ. એમના જન્મ પછી કુટુંબ જિનિવામાં સ્થાયી થયું. વિક્ટરને ઝાઝા દોસ્ત નહીં, પણ એક હેન્રી નામનો છોકરો તેનો જિગરજાન દોસ્ત. પણ બંનેનાં આશા - અરમાન સાવ જુદાં. વિક્ટરને વિજ્ઞાનના અભ્યાસનું ઘેલું, જ્યારે હેન્રી ઇતિહાસનાં પુસ્તકોનો કીડો. વિક્ટર મોટો થતાં મા-બાપે તેને વધુ અભ્યાસ માટે દૂરની યુનિવર્સિટીમાં મોકલવાનું નક્કી કર્યું. પણ વિક્ટર જાય તે પહેલાં ટૂંકી માંદગીમાં તેની મા કેરોલાઇનનું મૃત્યુ થયું .મરતાં પહેલાં તેણે વિક્ટર અને એલિઝાબેથને પાસે બોલાવીને પોતાના મનની વાત તેમને કહી : 'તમે બંને પરણશો તો મારા જીવને ખૂબ રાજીપો થશે.' વિક્ટર ભણવા માટે ઘર છોડીને નીકળ્યો ત્યારે તેના હૃદયમાં બેવડું દુઃખ હતું. એક તો વહાલસોયી માને ગુમાવી હતી અને બીજું આજ સુધી જે સાથે ને સાથે હતી તે એલિઝાબેથથી છૂટા પડવાનું હતું. પણ વિક્ટરના ગયા પછી તેના જિનિવાના ઘરમાં ધીમે ધીમે જિંદગી ફરી થાળે પડવા લાગી. કેરોલાઇન પાસે ઊછરેલી એલિઝાબેથ પણ તેના જેવી જ ભલી

અને દયાળુ હતી. કેરોલાઇન એલિઝાબેથને પોતાને ઘેર લાવી હતી તેમ એલિઝાબેથ પણ જસ્ટિન નામની એક છોકરીને લઈ આવે છે. લઈ આવે છે તો ઘરની નોકરાણી તરીકે ;પણ એલિઝાબેથ, અર્નેસ્ટ અને વિલિયમ તેની સાથે વર્તે છે જાણે જસ્ટિન તેમની બહેન હોય તેવી રીતે.

બીજી બાજુ યુનિવર્સિટીમાં ભણવા ગયેલો વિક્ટર વિજ્ઞાનના અભ્યાસમાં ઊંડો ને ઊંડો ઊતરતો જાય છે. રસાયણશાસ્ત્રના અધ્યાપક વૉલ્ડમન સાથે ઘરોબો બંધાય છે. અસાધારણ સિદ્ધિ અને પ્રસિદ્ધિ મેળવવાનું સપનું પ્રોફેસર પોતાના આ વિદ્યાર્થીની આંખમાં આંજે છે. તેમના પ્રોત્સાહનથી વિક્ટર રાતદિવસ પ્રયોગશાળમાં જ પડ્યોપાથર્યો રહે છે. તેને એક રઢ લાગી છે : એવું કયું તત્ત્વ છે જે શેર માટીના લોચાને જીવતો બનાવે છે. જીવ એટલે શું? જીવ અને દેહનો સંબંધ શો ? જીવ દેહમાં કઈ રીતે પ્રવેશે છે? – આ બધાં રહસ્યો જાણવાની તાલાવેલી તેને છે. તે ગાંડાની જેમ મંડી પડે છે અને ત્યાં તેના મન પર એક અજબ ધૂન સવાર થાય છે. માણસના સર્જન માટે એક સ્ત્રી અને એક પુરુષનું મિલન અનિવાર્ય શા માટે હોવું જોઈએ ? ખુરસી બનાવવા માટે બે ખુરસીનું મિલન જરૂરી નથી હોતું. ઘડો બનાવવા માટે બે ઘડાનું મિલન જરૂરી નથી હોતું. જેમ લાકડામાંથી ખુરસી બનાવી શકાય છે, માટીમાંથી ઘડો બનાવી શકાય છે તેમ દેહમાંથી જીવતો જાગતો માણસ કેમ ન બનાવી શકાય?

પણ આવા પ્રયોગો કરવા માટે માણસનો દેહ લાવવો ક્યાંથી ? એટલે વિક્ટર ભટકવા લાગે છે હૉસ્પિટલોના મોર્ગરૂમમાં. ક્યાંયથી આખેઆખો માનવદેહ તો નથી મળતો તેને, પણ એક જગ્યાએથી માથું, બીજી જગ્યાએથી હાથ, ત્રીજી જગ્યાએથી પગ - એમ છૂટાં છૂટાં અંગઉપાંગો મળે છે. પોતે શું કરવા માગે છે તે કહ્યા વગર આ બધો મસાલો તે એકઠો કરે છે. તે પછી પ્રયોગશાળામાં બેસી એ બધાંને એકબીજા સાથે જોડી એક આખેઆખો માનવદેહ બનાવે છે અને તેનો ખરો પ્રયોગ શરૂ થાય છે. એ નિશ્ચેતન દેહમાં ચેતન ફૂંકવાનો, પ્રાણ પૂરવાનો. અનેક પછી મહેનતને અંતે એક રાતે એ દેહ ધીમે ધીમે પોતાની પીળાશભરી આંખો ઉઘાડે છે અને પોતાના સર્જક વિક્ટર તરફ તાકી રહે છે. પ્રાણ પૂરવાનો પ્રયોગ સફળ થયો પણ ત્યારે જ વિક્ટરનું ધ્યાન પોતાના સર્જનના રૂપરંગ તરફ જાય છે: વિકરાળ, કદાવર, બિહામણો, બેડોળ, કદરૂપો. પોતાના આ સર્જનથી ખુદ સર્જક જ છળી મરે છે. મૂઠીઓ વાળી ભાગે છે. આખી રાત બહાર ભટકતો રહે છે. સવારે હિંમત

ભેગી કરી પ્રયોગશાળામાં પાછો ફરે છે. ત્યારે વિક્ટર શું જુએ છે ?

આખી રાત બહાર ભટકીને સવારે વિક્ટર પોતાની પ્રયોગશાળામાં પાછો આવ્યો ત્યારે તેણે શું જોયું ? તેણે જે રાક્ષસનું સર્જન કર્યું હતું તે પ્રયોગશાળામાં નહોતો. તે લાપતા હતો, ગુમશુદા હતો. વિક્ટરને થયુંઃ હાશ! ટાઢે પાણીએ ખસ ગઈ. વિક્ટરનો ભાઈ હેન્રી પણ હવે ભણવા માટે યુનિવર્સિટીમાં આવી પહોંચ્યો હતો. પોતાના અગાઉના અભ્યાસ અને પ્રયોગોથી હવે વિક્ટર વાજ આવી ગયો હતો. ભવિષ્યમાં એવી કોઈ કડાકૂટમાં પડવું નહીં એવી એણે મનોમન મજબૂત ગાંઠ વાળી હતી. એટલે હવે હેન્રી સાથે મળીને વિક્ટર ભાષા-સાહિત્યનો અભ્યાસ કરવા લાગ્યો. હજી પણ જયારે તેને પોતે સર્જેલા રાક્ષસનો વિચાર આવે છે ત્યારે તેના શરીરમાંથી ભયનું લખલખું પસાર થઈ જાય છે. હેન્રી સાથે કવિતા ને કથાઓ વાંચવામાં ને ભાષા સાહિત્યનો અભ્યાસ કરવામાં બે વર્ષ વીતી ગયાં.

ત્યાં તો એક દિવસ એલિઝાબેથનો કાગળ આવ્યો, માઠા સમાચાર લાવ્યો. વિક્ટરના નાના ભાઈ વિલિયમનું ખૂન થયું હતું. ઘરથી થોડે દૂર, શંકાસ્પદ સંજોગોમાં. આ ખબર મળતાવેંત વિક્ટર ઘેરે - જિનીવા - જવા નીકળ્યો. કોણ જાણે કેમ પણ ઘરે પાછા ફરતાં તેનું કાળજું ફફડતું હતું. ભયંકર વાવાઝોડું, વીજળીના ચમકારા. ઘરે જતો રસ્તો જળબંબાકાર. હૈયામાં ભાઈના મૃત્યુનો શોક. ત્યાં વીજળીના ઝબકારામાં તેની નજરે એક કદાવર, ભયંકર આકૃતિ પડી. પલકવારમાં ઓળખી ગયો એને વિક્ટર. અરે, આ તો પેલો ભયાનક રાક્ષસ, જેને મેં જ સર્જ્યો હતો ! અને એ જ ક્ષણે એના મનમાં ઊગી આવ્યું. નક્કી આ કાળમુખાએ જ મારા ભાઈનું ખૂન કર્યું છે.

અડધી રાતે માંડ ઘરે પહોંચ્યો વિક્ટર. સવારે ઘરનાં બધાં સાથે વાતો થઈ ત્યારે ખબર પડી કે વિલિયમના ખૂનનો આરોપ જેને બહેન જેવી માનેલી તે જસ્ટિનને માથે આવી પડ્યો છે. મરતી વખતે વિલિયમના ગળામાં બાપદાદાના જમાનાનું એક માદળિયું હતું. એ જ માદળિયું ખૂન પછીની સવારે જસ્ટિનનાં કપડામાંથી મળી આવ્યું હતું! વિક્ટરને મનોમન ખાતરી હતી કે બચાડી જસ્ટિનને કોઈકે ફસાવી છે, એ નિર્દોષ છે. પણ એનો કોઈ પુરાવો તો હતો નહીં વિક્ટર પાસે, એટલે કયે મોઢે આવી વાત એ ઘરનાંને કહે ? કહે તો ઘરનાં તેને ગાંડો જ ગણી કાઢે. જો કે ઘરનાં લોકોના મનમાંય શંકા તો હતી જ કે જસ્ટિન જેવી

ભલીભોળી છોકરી આવો કાળા કામો કરે નહીં. પોતે જેના પર ભરોસો મૂકીને પોતાના ઘરે રહેવા લઈ આવી એ જસ્ટિન આવું કરે એ માનવા એલિઝાબેથ પણ તૈયાર નહીં. એટલે જસ્ટિન પર જ્યારે ખૂનનો ખટલો ચાલ્યો ત્યારે પોતાની જુબાની દ્વારા તેને બચાવવાની એલિઝાબેથે બને તેટલી મહેનત કરી, પણ તે ફાવી નહીં. બિચારી જસ્ટિનને ગુનેગાર ઠેરવી ફાંસીની સજા ફરમાવાઈ. જસ્ટિન પણ ભલે મનોમન જાણતી હોય કે તે પોતે નિર્દોષ છે, પણ કરે શું બાપડી ? ખૂન તેણે નહીં તો કોણે કર્યું, એ સવાલના જવાબ તેની પાસે નહોતો. ફાંસીને માંચડે લટકી ગઈ, મૂંગી મૂંગી. કુટુંબ માટે આ બીજો આઘાત આવી પડ્યો. ફૂટડા વિલિયમનું ખૂન થવાથી તેને ગુમાવ્યો, જસ્ટિનને ફાંસી મળવાથી તેનેય ગુમાવી. કુટુંબને માથે તો દુઃખના ડુંગર તૂટી પડ્યા.

પોતાનાં દુઃખદર્દ ભૂલવા વિક્ટર ડુંગરાઓ ખૂંદવા નીકળી પડ્યો. અને ત્યાં અચાનક તેને ફરી પેલા રાક્ષસનો ભેટો થઈ ગયો. પોતે વિક્ટરની પ્રયોગશાળામાંથી ભાગ્યો તે પછી જે કાંઈ બન્યું હતું તેની વાત તેણે વિક્ટરને માંડીને કહી. ઘણું ઘણું ભટક્યો આ રાક્ષસ. ટાઢતડકો વેઠ્યાં, ભૂખતરસથી રિબાયો. જેમાં કોઈ રહેતું નહોતું એવા એક ખંડિયેર જેવા ઘરમાં આશરો લીધો. થોડે દૂરનાં ઘરમા એક કુટુંબ રહેતું હતું. મૂળે ફ્રેન્ચ, પણ દેશ છોડી અહીં રહેતું હતું. એમને જોઈ જોઈને, એમનું અનુકરણ કરીને રાક્ષસ માણસની ભાષા શીખ્યો, માણસની રીતભાત શીખ્યો. બરફમાં કોઈનો થેલો પડી ગયો હતો તે રાક્ષસને હાથે આવ્યો. તેમાં ત્રણ પુસ્તકો હતાં તે વાંચી તે વાંચતાં લખતાં શીખ્યો! એ ત્રણ પુસ્તકો હતાં મિલ્ટનનું પેરેડાઈઝ લોસ્ટ, ગથેનું ધ સૉરોઝ ઑફ યંગ વર્ધર અને પ્લુટાર્કનું લાઈવ્ઝ. પરિણામે રાક્ષસ મોટા ભણેશરીની જેમ વાતો કરતો થઈ ગયો હતો. પોતાનો ભયંકર અને બેડોળ દેખાવ આડે આવશે એટલું તો સમજતો હતો, પણ ચાલાક હતો. કુટુંબના ઘરડા દાદા સાથે ધીમે ધીમે હળવાભળવા લાગ્યો. દાદા હતા ખર્યું પાન, આંખોએ જોવાનું કામ ક્યારનુંય બંધ કરી દીધું હતું. એટલે રાક્ષસનો દેખાવ આડે આવે તેમ નહોતું. તેની વાતો પરથી ભલો માણસ હોય એમ લાગ્યું આ આંધળા દાદાને. રાક્ષસે દાદા સાથે ઘરોબો કેળવવાનું શરૂ કર્યું ત્યારે ઘરનાં બીજાં બધાં બહારગામ ગયાં હતાં. પણ જેવાં પાછાં આવ્યાં અને દાદા સાથેની મૈત્રીની ખબર પડી કે તરત પથરા મારી મારીને ભગાડી મૂક્યો રાક્ષસને તેમણે. સારા માણસ થવું હતું, પણ શરીરનો બિહામણો દેખાવ

આડે આવતો હતો. કંઈક ગાળો ભાંડી પોતાના સર્જકને. સારા માણસ તરીકે જીવી શકું એમ નથી? તો પછી ખરાબ થઈને, રાક્ષસ થઈને જ કેમ ન જીવું ? પ્રયોગશાળામાંથી ભાગ્યો તે પહેલાં ત્યાંનાં કાગળિયાં સાથે લઈ લીધેલાં તેમાંથી વિક્ટરનું સરનામું મળ્યું. તેણે મારું જીવન ખારું ઉસ કર્યું તો હું એનું કરું, બદલો લઉં.

પહોંચી ગયો એ સરનામે અને વિક્ટર જેવા જ ચહેરામહેરાવાળા વિલિયમનો ખાતમો કરી નાખ્યો. ખૂન કર્યા પછી તેનું ધ્યાન પેલા સુંદર કીમતી માદળિયા તરફ ગયું. ગમી ગયું એટલે લઈ લીધું અને પછી સંતાઈ ગયો ઘાસની ગંજીઓથી ભરેલા એક તબેલામાં. હવે જસ્ટિનનાં બિચારીનાં કરમ ફૂટેલાં, તે એ જ તબેલામાં થાકીપાકી સૂઈ ગઈ હતી. આખો દિવસ ભાઈ જેવા વિલિયમને શોધવા ભટકેલી. મોહી પડ્યો મનોમન રાક્ષસ જસ્ટિન પર; પણ પછી તરત ખ્યાલ આવ્યો કે પોતાના જેવા કદરૂપા, બિહામણા દેખાવવાળાના નસીબમાં તે વળી સ્ત્રીનો પ્રેમ કયાંથી ? વેર વાળવું જોઈએ આખી સ્ત્રી જાત પર. પેલું માદળિયું જસ્ટિનનાં કપડામાં સેરવી ચાલતી પકડી !

પછી રાક્ષસે ઘણી ગાળો ભાંડી વિક્ટરને. કહ્યું કે, ‘મને પ્રેમ કરે એવી એક સ્ત્રીનું હવે સર્જન કર. કારણ આ એકલતા મારાથી જીરવાતી નથી. વિક્ટરને દયા આવી. એક સ્ત્રીનું - રાક્ષસીનું સર્જન કરવા પાછળ મંડી પડ્યો. પણ અડધે પહોંચ્યો ત્યાં મનમાં બત્તી થઈ. અરે, તો તો એ બન્નેનાં સંતાનો થશે એ પણ રાક્ષસ થશે અને આખી દુનિયામાં કાળો કેર વર્તાવશે. જે નવો નારી દેહ બનાવતો હતો તેના રાક્ષસની નજર સામે જ કટકે કટકા કરી નાખ્યા! આ જોઈ રાક્ષસે ધરતી અને આકાશને કંપાવે એવી એક કાળી ચીસં પાડી. તેણે વિક્ટરને કહ્યું : ‘તેં જે કર્યું તે સારું નથી કર્યું. મને સ્ત્રીના સાથથી વંચિત રાખ્યો છે તેં, મને પ્રેમની જડીબુટ્ટીથી માણસ બનવાથી વંચિત રાખ્યો છે તેં .હવે જો જે, શું થાય છે તારાં પોતાનાં લગ્નની પહેલી રાતે !

રાક્ષસ તો વિક્ટરને ધમકી આપીને ચાલતો થયો. પણ તેને રાજી રાખવા ખાતર, રાક્ષસીનું સર્જન કરવા માટે માનવદેહના છૂટક છૂટક અવયવો ભેગા કરેલા તેનું હવે કરવું શું ? જો કોઈને આ વાતની ખબર પડે તો તો આવી જ બને. એટલે વિક્ટરે પોતે હલેસાં મારીને ચલાવી શકે તેવી એક હોડી ભાડે કરી. પેલા બધા અવયવો કોથળામાં ભરીને હોડી પર ચડાવ્યા અને પછી સ્કૉટલૅન્ડના એક મોટા તળાવમાં જઈ પધરાવી

દીધા. એકલે હાથે આ બધું કરવું કાંઈ સહેલું તો નહોતું જ. એટલે કામ પતાવ્યા પછી વિક્ટરભાઈ હોડીમાં જ ઝોલે ચડી ગયા. આખો દિવસ વિક્ટર રહ્યો ઊંઘતો અને હોડી રહી તળાવના પાણીમાં અહીંથી તહીં તરતી. પણ છેવટે વિક્ટર જાગ્યો અને હોડીને કિનારે લઈ આવ્યો. પણ જ્યાં હોડીમાંથી કિનારે પગ મૂકે છે ત્યાં તો સામે પોલીસ હાજરાહજૂર.અને તેના માથે આરોપ છે તેય જેવો તેવો નહીં, ખૂનનો, અને તે ખૂન પણ પાછું કાંઈ આલિયા માલિયાનું નહીં, જીગરજાન હેન્રીનું ! વિક્ટરને પકડીને પોલીસ લઈ આવી એક નાનકડા, અંધારિયા ઓરડામાં. એ ઓરડામાં હેન્રીનું શબ પડ્યું હતું. જોતાંવેંત સમજી જાય છે વિક્ટર કે આ કાળો કામ કરનાર છે પેલો રાક્ષસ. પણ પુરવાર કઈ રીતે કરવું. મનની તાણ તાણી ગઈ આખરે તન પણ થાક્યું વિક્ટરનું. તાવ, ચિત્તભ્રમ, મહિનાઓ સુધી. છેવટે મહામુસીબતે આરોપમાંથી વિક્ટરનો છુટકારો થયો અને કાળકોટડીમાંથી તે છૂટ્યો ત્યારે તેને ઘરે લઈ જવા તેનો બાપ આવી ઊભો હતો. ઘર પહોંચીને થોડા દિવસમાં વિક્ટર પાછો સાજોનરવો થયો એટલે બધાંએ તૈયારીઓ શરૂ કરી વિક્ટર અને એલિઝાબેથનાં લગ્નની. ઘડિયાં લગન રંગેચંગે પતી ગયાં અને લગ્નની પહેલી રાતે ફૂલોથી સજાવેલા પલંગમાં સૂતેલી એલિઝાબેથ પતિ વિક્ટરની પ્રતીક્ષા કરી રહી છે. ઓરડામાં સાવ આછું અજવાળું. ત્યાં ધીમે પગલે કોઈક દાખલ થાય છે ઓરડામાં. બારણું બંધ કરે છે. બે મિનિટ પછી બારણું ખોલી બહાર નીકળી જાય છે. થોડીવાર પછી વિક્ટર પોતે પગ મૂકે છે પોતાના શયનખંડમાં. અને તેની આંખો ફાટી જાય છે. સામે સજાવેલી સેજ પર એલિઝાબેથ નથી સૂતી, તેનો મૃતદેહ પડ્યો છે. આ વાતની ખબર પડતાં જ વિક્ટરના બાપના તો આઘાતથી જ રામ રમી જાય છે.

વિક્ટરનું ધનોતપનોત કાઢી નાખ્યું હતું રાક્ષસે. હવે તો વેરનો બદલો વેર. હવે સારમાણસાઈ મૂકો તડકે. હવે તો જેવા સાથે તેવા. પણ વિક્ટર આ રીતે વિચારે અને વર્તે એ જ તો ઇચ્છતો હતો રાક્ષસ. કારણ તેમાં તેનો વિજય હતો. વિક્ટર પણ માણસ મટી રાક્ષસને નાથવા રાક્ષસ બને તેનાથી મોટો બીજો વિજય કયો હોય ? આગળ રાક્ષસ ને પાછળ પાછળ વિક્ટર. બંને પહોંચ્યા ઠેઠ ઉત્તર ધ્રુવ સુધી. પણ ફરી એકવાર છેક છેલ્લી ઘડીએ રાક્ષસ હાથતાળી આપી ગયો વિક્ટરને, હારેલો, થાકેલો, હતાશ, ભગ્નહૃદય વિક્ટર મરણને ઉંબરે જઈને ઊભેલો. પણ ત્યાં જ રૉબર્ટ વોલ્ટન અને તેના સાથીઓએ તેને બચાવી લીધો. પણ જીવાદોરી

જ તૂટી હોય ત્યાં રૉબર્ટ બિચારો શું કરી શકે ? વિક્ટરની માંદગી વકરતી ગઈ. તે છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો ત્યારે કોણ જાણે ક્યાંથી બાબરા ભૂતની જેમ પેલો રાક્ષસ ફૂટી નીકળ્યો. કહેવા લાગ્યો : 'મેં જે કાંઈ કર્યું છે તેને માટે મને ભારોભાર પશ્ચાત્તાપ થાય છે. પણ હું નિરુપાય હતો. તેં મારું સર્જન જ કરેલું રાક્ષસ તરીકે. એટલે એક રાક્ષસ વર્તે તેના કરતાં જુદી રીતે હું કઈ રીતે વર્તી શકું અને મને રાક્ષસ બનાવીને તેંય મને ઓછો અન્યાય નથી કર્યો. નથી મને કોઈનો પ્રેમ મળ્યો, નથી કોઈની મમતા. સૌએ મને હડધૂત કર્યો, જાકારો દીધો. પણ હવે આવું અકારું જીવન મારાથી જીરવાતું નથી.- આટલું સાંભળ્યું ત્યાં તો વિક્ટરનું પ્રાણપંખેરું ઊડી ગયું અને પેલા રાક્ષસે થોડાં લાકડાં ભેગાં કર્યાં. તેની ચિતા બનાવી. જાતે જ સળગાવી અને પછી પોતે એ બળતી ચિતામાં કૂદી પડયો.

ફ્રૅન્કેન્સ્ટિન નવલકથાની લેખિકા મેરી શેલી પોતે તો પ્રખ્યાત ખરી જ, પણ માતા-પિતા અને પતિ પણ પોતપોતાના ક્ષેત્રમાં પ્રખ્યાત. પિતા વિલિયમ ગોલ્ડવિન એમના જમાનાના એક પ્રખ્યાત ફિલસૂફ અને ઇતિહાસકાર. માતા મેરી વોલસ્ટોનક્રાફ્ટ એ જમાનાની એક અત્યંત જાગૃત અને પ્રગતિવાદી મહિલા. આજની નારીવાદીઓની પુરોગામી. ઉદ્દામ વિચારો. મુક્ત જીવનરીતિ. લગ્ન પહેલાં લશ્કરના એક કૅપ્ટનથી દીકરી થયેલી, ફેની. પછી કૅપ્ટને બંનેને તરછોડ્યાં. મેરીએ આપઘાતનો પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ ગયો. નારીવાદી લખાણો લખવા લાગી. ગોડવિનના પરિચયમાં આવી. બન્ને પ્રેમમાં પડ્યા. મેરી વોલસ્ટોનક્રાફ્ટ સગર્ભા બની. જન્મનાર બાળકને અને અગાઉ જન્મેલી ફેનીને કાયદેસરનો દરજ્જો આપવા માટે બન્ને પરણી ગયાં અને પછી ૧૭૯૭ના ઑગસ્ટની ૩૦મીએ ફ્રૅન્કેસ્ટાઇનની લેખિકા મેરીનો જન્મ થયો. પણ મેરી માંડ દસ દિવસની થઈ ત્યાં માતાનું મૃત્યુ થયું. થોડા વખત પછી મેરીના પિતા ગોડવિને મેરી જેન ક્લેમોન્ટ નામની સ્ત્રી સાથે બીજું લગ્ન કર્યું. પણ સાવકી મા મેરી અને ફેનીને પારાવાર ત્રાસ આપવા લાગી. આઠેક વર્ષની મેરી, માતાની કબર પાસે જઈને બેસતી અને ત્યાં બેઠી બેઠી માતાનાં લખાણો આખો દિવસ વાંચ્યા કરતી. દસ વર્ષની થઈ ત્યાં સુધીમાં તો તેને માતાએ લખેલો એકએક અક્ષર મોઢે થઈ ગયો હતો! પણ પછી સાવકી માના ત્રાસથી બચાવવા ગોડવિને પોતાના જિગરજાન મિત્ર બાક્સટરને ત્યાં રહેવા અને ભણવા મેરીને મોકલી, સ્કૉટલૅન્ડ. પણ વરસ પછી તે પાછી પિતાને ઘેર આવી. ગોડવિનની આસપાસ લેખકો,

ચિંતકો, વિચારકો હંમેશાં ટોળે વળી રહેતા. તેમાંનો એક હતો મશહૂર અંગ્રેજ કવિ પર્સી શેલી. પરણેલો હતો. પણ મેરી અને પર્સી પ્રેમમાં પડ્યાં. બાપને ખબર પડતાં તે ધૂંઆપૂંઆ. બંને પ્રેમીપંખીડાં ફ્રાન્સ ભાગી ગયાં. થોડો વખત મહામુસીબતે ગાળ્યા પછી બન્ને પહોંચ્યાં ઇટલી. સતત મુસાફરી કરતાં. મેરી ધોધમાર લખતી. ૧૮૧૮માં ફ્રેન્કેન્સ્ટિન પ્રગટ થઈ. ત્યારે ઘણાંએ માનેલું અને કહેલું કે તે તેના પતિ પર્સી શેલીએ જ લખી હોવી જોઈએ ! ૧૮૨૨માં એક અકસ્માતમાં ડૂબી જતાં પર્સી શેલીનું અવસાન થયું. પર્સી સાથે પરણ્યા પછી એક-બે લફરાં થયાં હતાં મેરીને, પણ પર્સી શેલીના અવસાન પછી મેરી તેની સ્મૃતિને વળગીને જીવી. ૧૮૨૩માં મેરી ઇંગ્લેન્ડ પાછી આવી. શેલીની બધી કવિતા એકઠી કરીને ૧૮૩૯માં ચાર ભાગમાં મેરીએ પ્રગટ કરાવી. ગંભીર માંદગીમાં પટકાયા પછી ૧૮૫૧ના ફેબ્રુઆરીની પહેલી તારીખે ઊંઘમાં જ મેરી શેલીનું અવસાન થયું. શેલી કુટુંબની પરંપરા પ્રમાણે સેન્ટ પિટર્સના કબ્રસ્તાનમાં તેને દફનાવવામાં આવી. પણ મેરીની ઇચ્છા હતી કે પોતાને માતા પિતા સાથે દફનાવવામાં આવે. એટલે તેના માતા-પિતાની કબરો ખોદાવી, તેમનાં અવશેષો મેરીની કબરની બાજુમાં ફરી દફનાવાયા, મેરીના પુત્ર પર્સી ફ્લોરેન્સ અને તેની પત્ની જેન શેલી દ્વારા . નજીકના એક ચર્ચમાં મેરી શેલી અને પર્સી શેલીની યાદમાં એક સ્મારક પણ ઊભું કર્યું બન્નેએ.

●

૭. શ્યામ રંગ સમીપે
ધ રેડ એન્ડ ધ બ્લેક / સ્ટેન્ઢાલ

શ્યામ રંગ સમીપે ન જાવું એવો નિર્ધાર કરનાર કોઈ વ્યક્તિની આ વાત નથી. આ વાત તો છે લશ્કરના સૈનિકના લાલ રંગને બદલે ચર્ચના પાદરીના ઝભ્ભાનો શ્યામ રંગ અપનાવનાર એક યુવકની. કાળા રંગનો ઝભ્ભો તો પહેર્યો એણે, પણ માંહ્યલો એ રંગે રંગાયો નહીં. જીવ તો લાલ રંગમાં જ ભરાઈ રહ્યો. નવલકથા લખાઈ છે મૂળ ફ્રેન્ચ ભાષામાં, પણ તેનું અંગ્રેજી નામ છે 'ધ રેડ ઍન્ડ ધ બ્લૅક'. ફ્રેન્ચ નવલકથા સાહિત્યમાં સીમાસ્તંભ ગણાતો સ્ટેન્ઢાલ તે એનો લેખક. એનું મૂળ નામ મારી હેન્રી બેઈલ. સ્ટેન્ઢાલ તો તેનું ઉપનામ. ૧૮૩૦માં પ્રગટ થયેલી આ નવલકથામાં ૧૯મી સદીની પહેલી પચ્ચીસીના ફ્રાન્સનાં સમાજ અને રાજકારણનું ચિત્ર ઝિલાયું છે. ૧૮૨૮ના ફેબ્રુઆરીમાં એક યુવકને દેહાંતદંડની સજા થઈ. એનો અહેવાલ સ્ટેન્ઢાલે છાપામાં વાંચ્યો. બસ, એના પરથી લખાઈ આ નવલકથા.

જૂલિએં સોરેલ નામનો એક ૧૯ વરસનો છોકરડો. ફ્રાન્સના એક નાના ગામ વેરિયેર્સમાં રહે. બાપ એનો લાકડાંનો વેપારી. પણ બાપ-દીકરાને બને નહીં, કારણ, એ જમાનાનાં ફ્રાન્સમાં વૈશ્યોનો, વેપારીઓનો ઝાઝો માનમરતબો નહીં. એટલે દીકરાને કોડ હતા કે કાં ક્ષત્રિય થવું કાં બ્રાહ્મણ. કારણ એ બન્નેને લોકો માન આપે. સૈનિક થવું હોય તો લાલ રંગનો ગણવેશ પહેરવો પડે. દીકરાને હોંશ નામના મેળવવાની, સત્તા મેળવવાની. પહેલાં તો મનસૂબા કરતો નેપોલિયન જેવા યોદ્ધા થવાનો. પણ પાછી તેણે જોયું કે નેપોલિયનનો સૂરજ તો જોતજોતામાં આથમી ગયો. એટલે થયું કે લાલ કરતાં કાળો રંગ વધારે સારો. એટલે ગામના દેવળના એંસી વર્ષની ઉંમરના પાદરી ચેલાન પાસે એ ભણવા માંડે છે ધર્મશાસ્ત્ર. પાદરીઓને શોભે તેવી ધાર્મિકતા, પવિત્રતાનો અંચળો ઓઢી લે છે. પાદરી ચેલાનની ભલામણથી જુલિએંને કામ પણ મળી જાય છે,

ગામના મેયર રનાલને ઘેર જઈ તેનાં છોકરાં ભણાવવાનું. ધરમની ધાબળી ભલે ઓઢી, પણ મનનો મેલ તો કાંઈ દૂર થયેલો નહીં. છોકરાં ભણાવતાં ભણાવતાં તેમની મા, મેયરની પત્ની માદામ રનાલના પ્રેમમાં પડ્યાં! ઉંમરમાં માદામ હતી જૂલિએં કરતાં દસ વર્ષ મોટી. મેયરસાહેબની પત્ની તરીકે ગામમાં મોભો મોટો. પણ લગ્નજીવનને અંદરથી ઊણપ લાગેલી. એટલે ફૂટડા યુવાન જૂલિએંને જોતાં એય ઓળઘોળ થઈ ગઈ. સોળ વરસની કાચી ઉંમરે મેયરસાહેબ સાથે લગ્ન થયાં ત્યારથી આજ સુધી તેને સાચા પ્રેમનો અનુભવ થયો જ નહોતો. એ અનુભવ મળ્યો તેને જૂલિએં પાસેથી. જૂલિએં બરાબર જાણતો હતો કે ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી! ક્યાં મેયરની પત્ની ને ક્યાં પોતે! પણ તેને માટે પ્રેમનો આ પહેલોવહેલો અનુભવ હતો. પણ પાછો માદામને મળે ત્યારે દેખાવ તો એવો કરતો જાણે પોતાને કંઈ કેટલીયે સ્ત્રીઓના સહવાસના અનુભવ ન હોય! મૂળે તો હતો નાનકડા ગામના સુથારીના ધંધાવાળાનો છોકરો. પણ કોડ હતા મોટો માણસ બનવાના. મનમાં એમ થયું કે માદામને પ્રેમ કરું તો સમાજમાં મારોય મોભો વધે! અસલ હકીકતમાં તેને મન માદામ માટેનો પ્રેમ એ સમાજમાં ઊંચે ચડવાની સીડીનું એક પગથિયું જ હતો. મેયર રનાલ કે તેના ઘરનાં ક્યારેક અપમાન પણ કરી નાખતાં જૂલિએંનું. કારણ, તેમને મન તો એ હતો એક પાદરી પંતુજી. પણ માદામ સાથેના પ્રેમ પ્રકરણથી એ બધાં અપમાનનું સાટું વળી જાય એવી ગણતરી પણ મનમાં ખરી.

એવામાં એક દિવસ વાવડ આવ્યા કે ગામમાં નેકનામદાર બાદશાહ સલામતની પધરામણી થવાની છે. શેરીઓ વળાવીને સજ્જ કરી ગામ. રાજાસાહેબનું વાજતેગાજતે સામૈયું થયું. માદામને થયું કે મારો પ્રેમી જૂલિએં રણયોદ્ધાના લાલ ગણવેશમાં શોભી ઊઠે એવો છે. સમજાવી પટાવીને એને તૈયાર કર્યો લાલ વાઘા પહેરવા. પોતે હતી મેયરની વહુ, એટલે રાજાસાહેબનું સામૈયું કરવા માટે જે ઘોડેસ્વાર સૈનિકો તૈયાર કરવાના હતા તેમાં સિફતથી માદામે જૂલિએંને પણ ગોઠવી દીધો! ગામમાં સવારી નીકળી ત્યારે જૂલીએંને સૈનિકના લાલ વાઘામાં સજ્જ થયેલો જોઈને માદામ તો કાંઈ હરખાય. પણ જૂલિએં હતો ભારે મહત્ત્વાકાંક્ષી. સવારી પછી સીધો દોડ્યો માદામને ઘેર. લાલ વાઘા ઉતારીને એણે કાળા ઝભ્ભો પહેરી લીધો ને દોડ્યો દેવળમાં. કારણ, રાજાસાહેબ ગામના દેવળની પણ મુલાકાત લેવાના હતા. ત્યારે

પાદરીવેશે પણ એમની આગતાસ્વાગતા કરી શકાયને ! આ લાલ કે કાળો, કયો રંગ ધારણ કરવો એ જૂલીએંના મનની મૂળભૂત દ્વિધા. પણ ત્યાં ન થવાનું થયું. મેયરસાહેબને એક નનામો કાગળ મળ્યો. એમાં કોઈએ લખેલું કે તમારી પીઠ પાછળ માદામ અને આ જૂલીએં વચ્ચે છાનગપતિયાં ચાલે છે. એક દી' તમારી આબરૂને આ બંને ધૂળમાં મેળવશે. હકીકતમાં આ કાગળ લખેલો ગામના નાયબ ન્યાયાધીશ વાલેનોડે. આ કાગળ લખીને તેણે એક કાંકરે બે પક્ષી મારેલાં. એક તો તેને જૂલિએં દીઠો નહોતો ગમતો. અને બીજું, મેયર રનાલને પછાડીને ગામના મુખિયા બનવાના વાલ્નોડને કોડ હતા. માદામ અને જૂલિએં વચ્ચેના પ્રેમસંબંધની વાત જાણી પાદરી ચેલાન, જૂલિએંને રાતોરાત પરગામ મોકલી દેવાનું ઠરાવે છે. બેસાનસોન ગામમાં આવેલી પાદરીઓ માટેની પાઠશાળામાં વધુ અભ્યાસ કરવા તેને ધકેલી દે છે. મેયરસાહેબને પણ આ વાત ફાવતી આવે છે. જૂલિએં ગામમાં નહીં હોય તો પ્રેમસંબંધ તો નહીં જ રહે, પણ ગામલોકોને વાતો કરવાનું બહાનુંય નહીં મળે.

હવે માદામને પણ પસ્તાવો થાય છે પોતાની કરણી પર. જાતનું દમન કરીને પાપનું પ્રાયશ્ચિત કરવાનાં ફાંફાં મારે છે. ગામ છોડી જતાં પહેલાં જૂલિએં તેના દોસ્ત ફોકને મળે છે. દોસ્તને કહે છે, 'કાળો ઝભ્ભો પહેરી, સમાજમાં માનમરતબો મેળવવાના આ બધા ધમપછાડા છોડી દે. તારા બાપની જેમ મારોય લાકડાંનો વેપાર છે. આવી જા મારા ધંધામાં ભાગીદાર તરીકે.' 'છટ્' લાકડાંના વેપારીની તે કાંઈ જિંદગી કહેવાય ! મહત્ત્વાકાંક્ષાનો મોહ મરતો નથી. એટલે જૂલિએં ગામ છોડે છે, પરગામની પાઠશાળામાં ધરમકરમના પાઠ ભણવા માંડે છે. પણ પાઠશાળામાં થોડા દિવસમાં જ તેને ખ્યાલ આવી જાય છે કે કાગડા બધે જ કાળા. દેવળમાં, દેવળની પાઠશાળમાં પણ સત્તાની સાઠમારી ચાલે છે. કાળા ઝભ્ભા નીચે લોભ, મોહ, દ્વેષ, ઈર્ષા ખદબદતાં હોય છે. પણ પાઠશાળાના આચાર્ય ફાધર પિરાડ હતા એક સાચા સાધુ. પવિત્ર, પાપભીરુ. તેમના મનમાં જૂલિએં વસી જાય છે. ફાધર પિરાડ બહારથી તો લાગતા કડક અને કઠોર, પણ અંદર કયાંક પ્રેમનું, વાત્સલ્યનું ઝરણું વહે. ચોખલિયાની હદે સાચકલો માણસ. પણ કહે છે કે ને કે સાચાનું સંગાથી કોઈ નહીં. ફાધર પિરાડને પછાડીને આચાર્ય બનવાના ધમપછાડા કરે છે બીજો એક પાદરી એબેદ ફ્રીલેર. સાચને આંચ આવે છે. પિરાડને પછાડીને તે આચાર્ય બની જાય છે; પણ પોતાના માનીતા

શિષ્ય જૂલિએંને ફાયર પિરાડ ગોઠવી દે છે માર્ક્વિસ દ' લા મોલ નામના ઉમરાવના સેક્રેટરી તરીકે. અને જૂલિએંને રવાના કરે છે પેરિસ.

જૂલિએં ઉમરાવજાદી માથિલ્ડા સાથે પ્રેમમાં તો પડ્યો. પોતાનાથી ઊંચા કુળની છોકરી સાથે પ્રેમમાં પડીને પોતાનો મોભો વધારી રહ્યો છે એમ જૂલિએં માનતો હતો. તો પોતાના કરતાં હલકા કુળના છોકરાને ચાહીને પોતે બહુ મોટું પરાક્રમ કરી રહી છે, પોતે ઊંચ-નીચના ભેદમાં માનતી નથી એનો પુરાવો આપી રહી છે એમ માથિલ્ડા માનતી હતી. આમ, હકીકતમાં બન્ને ચાહે છે એકબીજાંને નહીં, પણ પોતપોતાની જાતને ! પણ માંડ બે રાત જૂલિએં સાથે ગાળી ત્યાં તો માથિલ્ડા તેનાથી વાજ આવી ગઈ. આવો મામૂલી માણસ મારા પ્રેમને લાયક નથી એમ તેને લાગ્યું. એટલે એણે જૂલિએંને જાકારો આપ્યો. આવા આકરા જાકારાથી જૂલિએં તો દુઃખીના દાળિયા જેવો થઈ ગયો. આખરમાં [illegible] ઉમરાવ સાહેબે પોતાનું એક કામ કરવા માટે જૂલિએંને સ્ટ્રાસબર્ગ મોકલી આપ્યો. ત્યાં જુલિએંનો મેળાપ એક રશિયન ઉમરાવ નામે પ્રિન્સ કોરાસોવ સાથે થયો. બન્ને કાંઈ પહેલીવાર મળતા નહોતા; અગાઉ લંડનમાં પણ મળેલા. પોતાને પ્રેમમાં મળેલી નિષ્ફળતા અંગેના રોદણાં જુલિએં કોરાસોવ સામે રડવા લાગ્યો. એ સાંભળી કોરાસોવે તેને સધિયારો આપ્યો. એમ એક વાર છોકરી જાકારો આપે એટલે સાતે વહાણ ડૂબી ગયાં એમ માનવું નહીં. માથિલ્ડાનો પ્રેમ ફરી જીતવા માટે શું કરવું, શું ન કરવું એ અંગે કોરાસાવે જુલિયેનને વિગતવાર સલાહ આપી.

સ્ટ્રાસબર્ગથી પેરિસ પાછા ફર્યા પછી જૂલિએંએ મિત્ર કોરાસોવની સલાહ અમલમાં મૂકી. માદામ દ' ક્વાકિર્વસ નામની એક વિધવાના પ્રેમમાં પોતે પડ્યો હોય તેવો ડોળ કરીને જૂલિએંએ માથિલ્ડાને જાકારો દીધો. વિધવા માદામને પત્રો લખતો અને પછી મોકલતી વખતે કાળજી રાખતો કે પત્ર માદામને બદલે માથિલ્ડાના હાથમાં જઈ પડે ! જૂલિએંને વિધવા માદામ તરફ ઢળેલો જોઈને માથિલ્ડા તો અદેખાઈની આગમાં બળવા લાગી. સાથોસાથ પસ્તાવા પણ લાગી. 'અરેરે ! મેં જ મૂઈએ મારા પગ પર કુહાડી મારી. મેં જૂલિએંને જાકારો ન દીધો હોત તો તે આ બાઈ તરફ ઢળ્યો ન હોત. મે તેને વિધવાને ચરણે ધરી દીધો. પણ ના, ના. હું જૂલિએંને સાચા દિલથી ચાહું છું, એના વગર રહી શકતી નથી; પણ મારું અભિમાન મારા પ્રેમની આડે આવ્યું. પણ માથિલ્ડાય કાંઈ ગાંજી જાય

એવી નહોતી. એણે મનોમન નક્કી કર્યું કે પરાયા થયેલા પ્રેમીને પાછો પોતાનો કરીને જ જંપીશ. એટલે એ તો જૂલિએં સામે ખોળો પાથરવા લાગી. લટુડાંપટુડાં કરવા લાગી. કહેવા લાગી કે હું ઊંચા કુળમાં જન્મી હોઉં તેથી શું થઈ ગયું. તું મારો ધણી થઈશ તો હું તારી દાસી બનીને રહીશ. તું કહીશ એમ કરીશ. તું દોરીશ ત્યાં જઈશ. પણ મહેરબાની કરી મારા પ્રેમને તરછોડ મા. હવે માથિલ્ડાની આવી વાત જૂલિએં માટે તો ભાવતું'તું ને વૈદે કહી દીધું જેવી હતી. પણ પાઠ બરાબરના ભણાવેલા પેલા રશિયન મિત્રે. એટલે નક્કી કર્યું કે તરત ઢળી પડવું નથી. હજી થોડો વખત માથિલ્ડાને ટટળાવવી છે. એક વાર કેટલી વીસે સો થાય છે એની ખબર પાડી દઉં તેને, પછી હંમેશ માટે એ મારા કહ્યામાં જ રહેશે.

પણ પછી જે થવાનું હતું તે થયું. માથિલ્ડા અને જૂલિએં એકબીજાંની નજીક આવતાં ગયાં. થોડા વખત પછી માથિલ્ડાએ પોતાના બાપને સમાચાર આપ્યા કે હું બેજીવી બની છું અને જૂલિએં સાથે પરણવા માગું છું. આ સાંભળીને પહેલાં તો ઉમરાવસાહેબ ધૂંઆપૂંઆ થઈ ગયા. મારી દીકરી એક મામૂલી નોકરને પરણે ? અરે, તારે માટે તો કેવા કેવા ઉમરાવોનાં ઘરનાં માગાં આવતાં હતાં ! એક મામૂલી કારકૂનને પરણી તું સુખી કઈ રીતે થઈશ ? પણ પછી દીકરીની હઠ આગળ નમતું જોખવું પડ્યું બાપે. ભલે દીકરીના નસીબમાં કોઈ ઉમરાવ પુત્રનું ઘર શોભાવવાનું ન લખ્યું હોય, પણ આ જેની પાછળ એ લટ્ટુ થઈ છે એ જૂલિએંને તો હું તવંગર બનાવી શકુંને ? તેને ઉમરાવ નહીં તોય ઉમરાવ જેવો તો બનાવી શકુંને ? એટલે ઉમરાવસાહેબે થોડી લાગવગ લગાડીને ભાવિ જમાઈને લશ્કરમાં સારી નોકરી અપાવી. ઉમરાવોને શોભે એવું લાબુંલચક, મરતબો આપતું પદવીનું પૂંછડું પણ લગાડી દીધું જૂલિએંના નામ પાછળ. પછી ઉમરાવ સાહેબ મનોમન રાજી થવા લાગ્યા. ચાલો, હવે આ કારકૂન મારી દીકરીને લાયક બન્યો ગણાય. હવે દીકરી એને પરણે તો વાંધો નહીં.

પણ ત્યાં તો એક અણધાર્યો ફણગો ફૂટ્યો. માથિલ્ડાના બાપનાં હાથમાં એક દિવસ એક કાગળ આવી પડ્યો. પેલી વિધવા બાઈએ લખ્યો હતો એ કાગળ અને એમાં લખેલું કે 'આ જૂલિએંથી ચેતતા રહેજો. પહેલાં મારી સાથે પ્રેમનું નાટક કર્યું, મને ભોગવી અને પછી તરછોડી દીધી. જે વલે મારી કરી છે તે જે વલે જૂલિએં કાલે તમારી દીકરીની પણ કરશે. તેને મન તો ઊંચા કુળની સ્ત્રીઓ એ માત્ર સીડીનાં પગથિયાં જેવી છે.

સમાજમાં માનમરતબો અને મોભો મેળવવા માટે જ તો ઊંચા કુળની સ્ત્રીઓ સાથે પ્રેમનું નાટક કરે છે, આ કાગળ વાંચીને તરત માથિલ્ડાનો બાપ પોતાનો વિચાર બદલી નાંખે છે. હવે તો કોઈ હિસાબે આવા લંપટ, નપાવટ યુવાન સાથે મારી દીકરીને પરણવા ન દેવાય. જૂલિએંની યોજના ધૂળમાં મળે છે. આનું કારણ પેલી વિધવા માદામ દ' રનેલે લખેલો કાગળ છે એ વાતની પણ તેને ખબર પડે છે. એ ખબર પડતાં જ જૂલિએંને ઝાળ ચડે છે. એ વિધવાને ને તો હવે જીવતી ન છોડું. એ જાય છે તેને મારવા. માદામ બિચારી દેવળમાં ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરી રહી છે. એ જ વખતે જૂલિએં માદામ પર પોતાની બંદૂકમાંથી ગોળીઓ છોડે છે. પણ પછી પકડાઈ જાય છે જૂલિએં. તેને કેદ કરવામાં આવે છે ત્યારે તે માની લીધું છે કે પોતે માદામને મારી નાખી છે. એટલે પોતાના ગુનાની કબૂલાત પણ કરે છે. પણ હકીકતમાં જૂલિએંના ગોળીબારથી વિધવા માદામ દ'રનેલ મરી નહોતી, ઘવાઈ હતી. જૂલિએંએ છોડેલી ગોળીઓમાંથી એક તો માદામની હેટમાંથી પસાર થઈ ગઈ હતી અને બીજી ગોળી માદામના ખભામાં લાગી હતી. એટલે ધીમે ધીમે માદામ સાજી થાય છે અને સાજી થયા પછી તેના દિલમાં ફરી જૂલિએં માટેનો પ્રેમ જાગે છે. બીજી બાજુ માથિલ્ડાનો જુલિયેન માટેનો પ્રેમ પણ ઓછો થયો નથી. તે જૂલિએંને બચાવવા ઘણા ધમપછાડા મારે છે. અદાલતની જ્યુરિના સભ્યોને લાંચ આપીને ફોડવાનો પ્રયત્ન પણ કરે છે. પણ તેમાં તે ફાવતી નથી. અદાલતમાં ખટલો ચાલે છે. વિધવા માદામનું ખૂન કરવાનો પ્રયત્ન કરવાના ગુના માટે જૂલિએંને મોતની સજા થાય છે. એ જમાનાની પદ્ધતિ પ્રમાણે જૂલિએંનો શિરચ્છેદ કરવામાં આવે છે. જૂલિએંના માથાને માથિલ્ડા એક ગુફામાં દાટે છે. પછી એ ગુફાને આરસથી મઢીને જૂલિએંનું સ્મારક રચે છે. પણ મરતી વખતે જૂલિએંના મનમાં માથિલ્ડા માટે નહીં, પણ વિધવા માદામ માટે પ્રેમ હતો. જૂલિએંના શિરચ્છેદ પછી ત્રીજે દિવસે તેને સાચા દિલથી ચાહતી વિધવા માદામ દ' રનેલનું અવસાન થાય છે.

અર્વાચીન ફ્રેન્ચ નવલકથાના એક માંધાતા ગણાતા સ્ટેન્ઢાલનો જન્મ ૧૭૮૩માં. તેનું અવસાન ૧૮૪૨માં. બાપ હતો વકીલ અને જમીનદાર. સાત વર્ષની વયે માનું મૃત્યું. કાકી અને એક પાદરી પાસે ઊછર્યો, પણ બન્નેને ધિક્કારતો, ૧૬મે વર્ષે અભ્યાસ કરવા અને નાટ્યકાર બનવા પેરિસ પહોંચ્યો. પણ પછી ૧૮૦૦માં નેપોલિયનની

સરદારી હેઠળના લશ્કરમાં જોડાયો. ઈટલી, જર્મની અને રશિયાની લડાઈમાં ભાગ લીધો. ૧૮૧૪માં ફ્રેન્ચ સામ્રાજ્ય નામશેષ થતાં માઠા દિવસો બેઠા. કોઈ મામૂલી નોકરી પણ મળી નહીં. એટલે ગયો ઈટલી, મિલાનમાંથી પોલીસે તડીપાર કર્યો. ૧૮૨૧માં ફરી પેરિસ. પહેલી નવલકથા ૧૮૨૭માં પ્રગટ થઈ. ધ રેડ ઍન્ડ ધ બ્લૅક પ્રગટ થઈ ૧૮૩૦માં, ૧૮૩૦ની ક્રાન્તિ પછી લઈ રાજા લૂઈ-ફિલીપ ફ્રાન્સની ગાદીએ આવતાં ફરી સ્ટેન્ઢાલનું નસીબ ખુલ્યું. પોપના વૅટિકનમાં રાજદૂત નિમાયો. પણ પછી એ જ રાજાના રાજ્યમાનાં ભ્રષ્ટાચાર વિશે લખવા લાગ્યો ! ૧૮૪૧માં માંદો પડી ફરી પૅરિસ આવ્યો. ૧૮૪૨ના માર્ચની ૨૩મી તીરીખે પેરિસના રસ્તા પર ચાલતાં ચાલતાં પક્ષઘાતનો હુમલો આવતાં સ્ટેન્ઢાલનું અવસાન થયું.

●

૮. પૈસો મારો પરમેશ્વર
યુજેનિ ગ્રાન્ડે / બાલ્ઝાક

રોજ સાંજે છ વાગે એ સૂઈ જતો. મધરાતે ઊઠતો. ખ્રિસ્તી પાદરીઓ પહેરે તેવો ધોળો ઝભ્ભો પહેરતો.પછી લખવા બેસતો.લખતાં લખતાં તેની માનીતી કૉફીના કપ ઉપર કપ ગટગટાવતો. આખી રાત લખ્યા કરતો. બપોરે જમ્યા પછી ફરી લખવા બેસતો, સાંજના છ વાગ્યા સુધી. આટલા બધા કામ કરવાનું કંઈ કારણ? પોતાને માથે જે દેવું રહેતું તે ચૂકવવા માટે. નવું નવું લખતો જાય ને સાથે સાથે નવું નવું દેવું કરતો જાય. શોખીન જીવડો. મોજશોખ, મોંઘાં દારૂ, કપડાં, સેન્ટનો શોખીન, ઇશ્કી માણસ. અનેક સ્ત્રીઓ સાથે સંબંધ બાંધ્યા. પણ તેની પાછળનું કારણ પ્રેમ કરતાં પૈસા માટેનો મોહ વધારે. નાનપણથી તેના પર એક ધૂન સવાર થયેલી. ખૂબ પૈસા મેળવવા, ખૂબ નામના મેળવવી, ૯૦ કરતાં વધુ નવલકથા લખીને ફ્રેન્ચ સાહિત્યમાં કાયમનું માનભર્યું સ્થાન તો મેળવ્યું. પૈસા કમાયો ઘણા, પણ સાચવી ન શક્યો. મર્યો ત્યારેય દેવામાં મર્યો. એનું નામ ઓનોરેદ બાલ્ઝાક. ૧૭૯૯માં જન્મ, ૧૮૫૦માં અવસાન.

આવા બાલ્ઝાકે લખેલી નેવું જેટલી નવલકથાઓમાંની એક તે યુજેનિ ગ્રાન્ડે. ૧૮૩૩માં ફ્રેન્ચ ભાષામાં તે પહેલીવાર પ્રગટ થઈ. ફ્રાન્સનું સાઉમર નામનું એક ગામ. ત્યાં રહે ભાઈ ગ્રાન્ડે. વાઈનનો વેપારી. ગામનો મેયર પણ બની ચૂક્યો હતો. ગામ લોકો માનતા હતા કે આખા ગામમાં આ ગ્રાન્ડે સૌથી વધુ પૈસાદાર માણસ હતો. પણ ચાલાક હતો. પોતાની વાત ગાઈ બજાવીને કહેવાની ટેવ નહોતી. એટલે પોતાની સંપત્તિનાં બણગાં ક્યારેય ફૂંકતો નહીં. પણ લોકો કહેતા કે તેની પાસે લાખો ફ્રાન્કનો દલ્લો હતો. સંતાનમાં માત્ર એક દીકરી, નામ યુજેનિ. બાપના પૈસાને કારણે ગામના અનેક જુવાનિયા યુજેનિ પાસે લટુડાંપટુડાં કરતા. ઘણાને હતું કે જો યુજેનિને પરણવા મળે તો

મોટી લૉટરી લાગી જાય. તેમાંય બે જુવાનિયા તો હાથ ધોઈને યુજેનિનો હાથ મેળવવા માટે મંડી પડ્યા હતા. તેમાંનો એક હતો ગ્રાન્ડેના વકીલનો દીકરો ક્રચોટ અને બીજો હતો એડોલ્ફ દ ગ્રાસિન્સ, ગ્રાન્ડેના બૅન્કરનો દીકરો. યુજેનિ હતી સીધી સાદી, ભોળી ભટાક. બેમાંથી કોને પરણવું તે નક્કી નહોતી કરી શકતી. એટલે એનો ચાલાક બાપ પેલા જુવાનિયા સાથે ઉંદર - બિલાડીનો ખેલ ખેલ્યા કરતો. ઘડીકમાં વકીલના દીકરાને લાગે કે બુઢિયો તેની દીકરી મને જ પરણાવશે. તો ઘડીકમાં બૅન્કરના દીકરાને લાગે કે વરમાળા તો મારા ગળામાં જ પડશે. આમ, બંને લખપતિ થવાનાં સપનાં જોતા રહે.

આ ગ્રાન્ડેને પાછો એક મોટો ભાઈ હતો. વર્ષો પહેલાં ગામ છોડી પેરિસ રહેવા ગયેલો. ત્યાં તેણે પણ દારૂના ધંધામાં સારા એવા પૈસા બનાવેલા. એને એક દીકરો નામે ચાર્લ્સ. બુઢિયાના મનમાં દીકરીના હાથના ઉમેદવારોની યાદીમાં આ ચાર્લ્સનું નામ પણ ખરું. (એ વખતના ફ્રાન્સમાં આવાં લગ્નનો બાધ ન હતો.) પણ એ તો હતો પેરિસ, એટલે પેલા બે જુવાનિયા યુજેનિની આસપાસ ફૂદાંની જેમ ફર્યા કરતા. પણ એક દિવસ અચાનક ચાર્લ્સ આવી પહોંચ્યો. આવ્યો એટલું જ નહીં, કહ્યું કે હું તો અહીં લાંબો વખત રહેવાનો છું. પેરિસનો રંગીલો જુવાન. વિનયી, વિવેકી, ખાનદાન, સંસ્કારી. ટૂંકમાં કોઈ પણ છોકરીના મનમાં વસી જાય એવો. બાપડી યુજેનિનો કોઈ વાંક ગણાય નહીં. વસી ગયો એના મનમા; પણ ચાર્લ્સ આવ્યો હતો પોતાના બાપે લખેલો એક કાગળ લઈને, યુજેનિના બાપને તે આપવા. કાગળમાં બાપે શું લખ્યું છે તેની ચાર્લ્સને ખબર નહોતી. કાગળ વાંચતા ગ્રાન્ડે તો કકળી ઊઠ્યો. ચાર્લ્સના બાપે લખેલું કે મને ધંધામાં ભારે ખોટ ગઈ છે અને મારી જિંદગી ટૂંકાવું છું. મારા દીકરાને તારી પાસે મોકલું છું. એની જવાબદારી હવેથી તારી. તેણે હજી તેની જિંદગી શરૂ કરવાની છે. બની શકે તો તેને થોડા પૈસા આપીને પરદેશ વેપાર કરવા મોકલજે. કાગળમાં શું લખ્યું હતું તેની જ્યારે ચાર્લ્સને જાણ થઈ ત્યારે તેનાય દુઃખનો પાર ન રહ્યો. ગ્રાન્ડેને ભાઈના કમોતનો શોક તો હતો, પણ તેના કરતાં વધુ શોક હતો આ ચાર્લ્સની જવાબદારી હવે પોતાને માથે આવી પડે તેનો. પણ યુજેનિ અને તેની મા બંને ચાર્લ્સ તરફી ઢળી ગયેલાં. મા કહે કે તમારે શી ખોટ છે? અને એ તો તમારા ભાઈનો જ દીકરો ને ! પૈસાની મદદ કરશો તો તેની જિંદગી સુધરી જશે. અને યુજેનિ તો હમદર્દી બતાવવામાં ઘણી આગળ નીકળી

ગઈ. તેણે ચાર્લ્સને પેલા ત્રણ શબ્દો કહી દીધા : 'આઈ લવ યુ.' પછી કહ્યું કે, 'તું પાછો આવે ત્યાં સુધી હું રાહ જોઈશ, પણ પરણીશ તો તને જ.'

પૈસાખોર પણ કંજૂસ બાપના હાથમાંથી ચાર્લ્સ માટે પૈસા ઝટ છૂટશે નહીં એની યુજનિને ખબર હતી. એટલે તેણે પોતે મદદ કરવાનું નક્કી કર્યું. વાર તહેવારે બાપો યુજનિને સોનામહોર આપતો. કહેતો કે તારી પાસે રાખ. તારાં લગન વખતે દહેજમાં દેવા કામ લાગશે. આમાંની કેટલીક તો ઘણી જૂની સોનામહોરો હતી, જે જૂના સિક્કાનાં બજારમાં સારા દામ ઊપજે. બધું મળીને યુજેનિ પાસે છ હજાર ફ્રાન્કનો દલ્લો હતો. તેણે આ પૈસા આપતાં ચાર્લ્સને કહ્યું કે, 'ભેટ તરીકે લેતાં તારું મન ન માનતું હોય તો કમાઈધમાઈને પાછો આવે ત્યારે મને રકમ પાછી આપી દેજે. પણ આવું કાંઈ કરવાની બાપ મંજૂરી નહીં આપે એની યુજેનિને ખાતરી, એટલે તેણે બાપથી છાના આ પૈસા ચાર્લ્સને આપી દીધા. બીજી બાજુ ગ્રાન્ડેએ પોતાના મનમાં ચાર્લ્સ માટે જુદો જ ઘાટ ઘડ્યો હતો. તેણે વહાણમાં પરદેશ જવા માટેના ભાડા જેટલી રકમ તો ચાર્લ્સને આપી, પણ બદલામાં ચાર્લ્સની માનાં ઘરેણાં પાણીનાં મૂલે પોતે ખરીદી લીધાં. એટલું જ નહીં, તેણે ચાર્લ્સને કહ્યું કે તું તો જાય છે પરદેશ. એટલે તારા બાપની જે કાંઈ મિલકત હોય, તેનો વહીવટ કરવાની મુખત્યારી મને આપતો જા. એનું જેટલું દેવું હશે તે હું ધીમે ધીમે ચૂકવીશ અને કાંઈ લેણું વસૂલ થશે તો તે મારું. ચાર્લ્સે ભોળે ભાવે કાગળ પર સહીસિક્કા કરી આપ્યા. ચાર્લ્સની પીઠ ફરી કે ગ્રાન્ડેએ ભાઈની રહીસહી મિલકત વેચી નાખી. તેમાંથી જે રકમ આવી તેમાંથી ઘણી પોતાને નામે કરી વેપારમાં રોકી. થોડાકમાંથી ભાઈનું કેટલુંક દેવું ચૂકવ્યું. પોતે હતો કાબેલ વેપારી. એટલે કોઈને ચાર આની જેટલું ચૂકવ્યું, કોઈને આઠ આની જેટલું. અને બાકીનું લેણું જતું-કરવાનાં કાગળિયાં પર સહી સિક્કા કરાવી લીધા.

ભાઈના દીકરાને ઉલ્લુ બનાવી કેવો લાભ ખાટી લીધો, એમ મનમાં ફુલાતો હતો ગ્રાન્ડે ; ત્યાં જ તેને દીકરીના પરાક્રમની ખબર પડી ગઈ. પોતાની ભલીભોળી, કહ્યાગરી દીકરી પોતાને પૂછ્યા વગર છ હજાર ફ્રાન્ક જેવી મોટી રકમ કોઈને આપી દે તેનો આઘાત તેને વધારે લાગ્યો. પોતાની મહેનતની કમાણીના પૈસા દીકરીએ વેડફી નાખ્યા, એનો વસવસોય ઓછો નહોતો. દીકરી પર ભારે ખીજ ચડી. એક જ વાર દીકરીને ખાવા માટે બ્રેડ અને પીવા માટે પાણી આપવાનું. બીજું કાંઈ

કોઈએ આપ્યું છે તો... આવી આકરી સજાનો દીકરીએ તો જરા સરખોય વિરોધ ન કર્યો. પણ ઘરના એક જૂના નોકરને તેની દયા આવી. તે રોજ રાતે છાનોમાનો યુજેનિને જમવાની થાળી આપી આવતો. યુજેનિની મા તેના પક્ષે હતી, પણ વરની આપખુદી આગળ તેનું કાંઈ ચાલ્યું નહીં. દીકરીની આવી દશાના આઘાતથી તે માંદી પડી. ગ્રાન્ડે સમજી ગયો કે આ બાઈ હવે ઝાઝું નહીં જીવે. પણ તેથી તેના પેટમાં ઓર તેલ રેડાયું. જો આ મરી ગઈ તો મારી મિલકતમાંથી દીકરી યુજેનિ અડધો ભાગ માગી શકશે. એટલે પત્નીની ઉલટપૂર્વક ચાકરી કરવા લાગ્યો. પણ જ્યાં અંજળ ખૂટ્યું હોય ત્યાં ચાકરી શું કરે ? યુજેનીની મા ભગવાનને પ્યારી થઈ ગઈ. એટલે ગ્રાન્ડેએ સિફતપૂર્વક દીકરી યુજેનિ પાસેથી ફારગતી લખાવી લીધી. યુજેનિ હતી વટનો કટકો. એટલે તેણે કશી રકઝક વગર બાપની મિલકત પરથી પોતાનો હક્ક ઊઠાવી લેતાં કાગળિયાં પર સહી કરી આપી.

ધનના ગમે તેટલા ઢગલા કર્યા હોય, સોનાચાંદી ગમે તેટલાં સંઘર્યાં હોય તોય આ દુનિયામાંથી જતી વખતે એ બધું પાછળ મૂકી જવું પડતું હોય છે. પૈસો મારો પરમેશ્વર, એવા જાપનું રટણ ગ્રાન્ડેએ આખી જિંદગી તો કર્યા કર્યું પણ જ્યારે અંતકાળ નજીક આવ્યો ત્યારેય તેનો એ મોહ છૂટ્યો નહીં. ગ્રાન્ડેની છેવટની ઘડીઓ ગણાઈ રહી હતી. પાદરી આવી પહોંચ્યા. ધરમના રિવાજ પ્રમાણે મોટે ગામતરે જનારને પુણ્યનું ભાથું બંધાવવા માટે પવિત્ર પ્રસાદ સાથે લેતા આવેલા, સોનાના વાસણમાં મૂકીને. પણ ગ્રાન્ડેનો જીવ જ અભાગિયો. પવિત્ર પ્રસાદ સ્વીકારવાને બદલે તેણે તો પાદરીના હાથમાંના સુવર્ણપાત્રને જ જોરથી પકડી રાખ્યું ! પવિત્ર પ્રસાદને મોઢે મૂક્યા વગર જ ગ્રાન્ડે લાંબી સફરે નીકળી પડ્યો. ગ્રાન્ડેના મરણ પછી તેની ૧૯ લાખ ફ્રાન્કની વારસદાર બની તેની દીકરી યુજેનિ. એટલે હવે તો યુવાનો તેની સામે પૂંછડી પટપટાવવા લાગ્યા. ગ્રાન્ડેના વકીલ અને બૅન્કરના દીકરાઓ ફરી યુજેનની આસપાસ ફેરફુદરડી ફરવા લાગ્યા. પણ યુજેનિનું મન તો હજી પેલા ચાર્લ્સને વળગ્યું હતું. છેલ્લાં સાત વર્ષમાં ચાર્લ્સે તેને એકાદી ચબરખીય લખી નહોતી, છતાં. છેવટે ચાર્લ્સ પાછો આવ્યો. પણ હવે એ પહેલાંનો ચાર્લ્સ રહ્યો નહોતો, ઘણો બદલાઈ ગયો હતો. ગુલામોના વેપારમાં તે ખૂબ પૈસા કમાયો છે, અને હવે તેને મન પણ એક જ પરમેશ્વર છે – પૈસો. પૈસા મેળવવા માટે તે ગમે તે કરવા તૈયાર છે. એક ધનાઢ્ય ઉમરાવ સાહેબની

દીકરી સાથે લગ્ન કરવાની વેતરણમાં છે. છોકરી દેખાવમાં છે કુબ્જા જેવી, પણ તેને પરણવાથી પુષ્કળ પૈસા અને પ્રતિષ્ઠા મળે તેમ છે. એટલે તે યુજેનિને કાગળ લખે છે : 'મને પરણવાનો વિચાર તારા મનમાંથી કાઢી નાખજે. અને હા, તારી પાસેથી જે પૈસા ઉધાર લીધેલા તે આ સાથે પાછા મોકલું છું.'

પણ ઉમરાવસાહેબના જમાઈ બનવાની ચાર્લ્સની યોજના ઘોંચમાં પડી છે. ઉમરાવસાહેબને ચાર્લ્સના ભૂતકાળની ખબર પડે છે. તેના બાપને બાપ મરતી વખતે મોટું દેવું હતું એ વાત તેને જાણવા મળે છે. એટલે એ ના કહી દે છે કે એક દેવાળિયાના દીકરાને મારી દીકરી હું નહીં પરણાવું. બીજી બાજુ ચાર્લ્સ એ ભૂલી ગયેલો કે તેની ચોટલી હવે યુજેનિના હાથમાં છે. કારણ ગ્રાન્ડેની તમામ મિલકતની હવે તે વારસદાર હતી અને ચાર્લ્સે પરદેશ જતાં પહેલાં પોતાની અને પોતાના પિતાની રહીસહી મિલકતનો હવાલો ગ્રાન્ડેને સોંપી દીધેલો. પણ ના. યુજેનિ એવી કપટી અને લોભી નહોતી. પોતાના કાકાનું– ચાર્લ્સના બાપનું– બાકી રહેલું બધું જ દેવું તેણે વ્યાજ સહિત ચૂકવી દીધું ! ત્યારે ચાર્લ્સના મનમાં બત્તી થઈ કે પોતે જેના પ્રેમને ઠુકરાવ્યો તે યુજેનિ પણ કાંઈ ઓછી ધનવાન નહોતી– અઢળક પૈસા તો હતા જ તેની પાસે, પણ સાચકલાઈ, ઉદારતા, ન્યાયપ્રિયતા જેવા સદ્‌ગુણોનું ધન પણ હતું તેની પાસે. પણ હવે બહુ મોડું થઈ ગયું હતું. બાપના બૅન્કરના દીકરા એડોલ્ફ દ' ગ્રાસિન્સ સાથે પરણવાનું યુજેનિએ નક્કી કરી નાંખ્યું હતું. જો કે બન્નેનું આ લગ્ન પણ સગવડિયું હતું. કારણ યુજેનિ એ લગ્ન પહેલાં જ શરત કહી હતી કે આપણે માત્ર દુનિયાની દષ્ટિએ જ પતિ-પત્ની બની રહેશું, બાકી આપણી વચ્ચે કોઈ જાતનો શારીરિક સંબંધ નહીં રહે. પણ ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થશે કાલે. લગ્ન પછી થોડા વખતમાં જ એડોલ્ફ પ્રભુને પ્યારો થઈ ગયો. એટલે યુજેનિ પત્ની બન્યા પછી થોડા વખતમાં જ એડોલ્ફની વિધવા બની. હવે સંસારમાંથી તેનો બધો રસ ઊડી ગયો. બાપની હવેલીમાં એકલી રહીને તે એક વિધવાની સાદી અને પવિત્ર જિંદગી ગાળવા લાગી. પોતાની પાસેના બધા પૈસાનો ઉપયોગ તે દાન-સખાવતમાં કરવા લાગી. જો કે પોતાની જાતને માટે તે ઓછામાં ઓછા પૈસા વાપરતી. કથાના અંતે લેખક અછડતું સૂચન કરે છે કે યુજેનિ કદાચ ફરી પરણવાનો વિચાર કરી રહી છે. પણ તેણે ફરી લગ્ન કર્યાં હશે કે નહીં તે નક્કી કરવાનું લેખક તેના વાચકો પર છોડે છે. પ્રિય વાચક ! તમને શું લાગે છે ? યુજેનિ ફરી

પરણી હશે ? જો પરણી હોય તો કોને ? ચાર્લ્સને ?

'યુજેનિ ગ્રાન્ડે' નવલકથા અહીં પૂરી થાય છે, પણ તેની કથા અહીં પૂરી થતી નથી. આપણે ત્યાં કનૈયાલાલ મુનશીએ 'પાટણની પ્રભુતા'ની કથા 'ગુજરાતનો નાથ'માં આગળ વધારી હતી અને તેના અનુસંધાનમાં 'રાજાધિરાજ' લખેલી. તેવી રીતે બાલ્ઝાકની આ નવલકથા પણ 'ધ હ્યુમન કૉમેડી' કથામાળાનો એક મણકો છે અને તેની આ કથામાળામાં ત્રણ ચાર નહીં પણ ૯૬ મણકા છે ! ચાર શાસકો- નેપોલિયન, લૂઈ ૧૮મો, ચાર્લ્સ ૧૦મો અને લૂઈ ફિલિપના કાળ દરમિયાનના ફ્રાન્સના જનજીવનને તેણે આ નવલકથાઓમાં આલેખ્યું છે. બધી નવલકથાઓમાંનાં પાત્રોની કુલ સંખ્યા બે હજાર જેટલી થવા જાય છે! આ ઉપરાંત તેની બીજી ૫૦ નવલકથાના માત્ર ખરડા જ મળે છે. પોતાની નવલકથાઓમાં બાલ્ઝાકે ગ્રામજીવન અને પાટનગર પેરિસના જીવનને સામસામે મૂકીને મહાનગરના લોકોનાં દંભ, કપટ, લોભ વગેરેને ખુલ્લાં પાડ્યાં છે. જેમ કે આ નવલકથામાં પણ ચાર્લ્સનું પાત્ર પેરિસના જીવનની મૂલ્યહીનતાને પ્રગટ કરે છે. મહાનગરના આ નવા વર્ગે હવે પહેલાંના ઉમરાવોને, પૈસાદાર ખેડૂતોને પાછળ પાડી દીધા છે. મહાનગરનું જોઈને હવે બધા લોકોએ પૈસા પાછળ આંધળી દોટ મૂકી છે. સારમાણસાઈ અને ખુદવફાઈ હવે યુજેનિ જેવી બહુ ઓછી વ્યક્તિઓમાં જોવા મળે છે. પણ ગામડું એટલે સ્વર્ગ, એવા ભ્રમમાં પણ બાલ્ઝાક નથી. ત્યાં પણ ખેંચતાણ, રસાકસી ચાલે જ છે- ગ્રાન્ડે અને તેની દીકરી યુજેનિ વચ્ચેનો સંઘર્ષ તેનું ઉદાહરણ છે.

બાલ્ઝાકનો જન્મ ૧૭૯૯, અવસાન ૧૮૫૦. પિતા હતા વકીલ અને પેરિસમાં રાજાની કાઉન્સિલમાં સેક્રેટરી. ૧૭૯૫માં તેમની બદલી ટૂર્સ ખાતે થઈ અને બાલ્ઝાકનો જન્મ ત્યાં જ થયો. પહેલાં ઉપનામથી નાટકો અને નવલકથા લખ્યાં, પણ લેખક તરીકે સફળતા મળી નહીં. પુસ્તક પ્રકાશનના ધંધામાં પડ્યો. છાપખાનું ચલાવ્યું, પણ બન્નેમાં નિષ્ફળ ગયો. પોતાની જેમ દીકરોય વકીલ બનશે એવી બાપની આશા પર તો પાણી ફરી વળ્યું હતું. ૨૯ વર્ષની જિંદગીમાં બાલ્ઝાક કોઈ રીતે સફળ થઈ શક્યો નહોતો. ૧૮૨૯માં તેણે પોતાને નામે પહેલી નવલકથા પ્રગટ કરી. ત્યારથી ધીમે ધીમે લોકોનું ધ્યાન તેના તરફ ખેંચાયું. ૧૮૩૩માં લાંબી કથામાળા લખવાનો વિચાર તેને સૂઝ્યો. ધીમે ધીમે પ્રતિષ્ઠા મળી, પૈસા પણ મળ્યા. પણ સ્વભાવે ઉડાઉ એટલે કાયમ માટે

દેવાદાર રહેતો. જાતજાતના તુક્કા તેના મનમાં ઊઠ્યા કરતા. પોતાના ઘરના આંગણામાં અનનાસ ઉગાડવાનો એક વાર અખતરો કર્યો. બે વર્ષમાં એટલું દેવું થઈ ગયું કે ગામ છોડી ભાગી જવું પડ્યું. બાલ્ઝાકના જીવનમાં ત્રણ સ્ત્રીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો: પહેલી માદામ દ' બર્ની. ઉંમરમાં બાલ્ઝાકની મા જેવડી. પણ બન્ને વચ્ચે પ્રેમ થઈ ગયો. બીજી સ્ત્રી તે માર્કવીઝ દ' કાસ્ટ્રીઝ. બાલ્ઝાકની પ્રતિષ્ઠાને ખાતર તે તેના પ્રેમમાં પડી નહીં. ત્રીજી સ્ત્રી તે પોલેન્ડની કાઉન્ટેસ હાન્સકા. હાન્સકાએ બાલ્ઝાકને નનામા કાગળો લખ્યા, પહેલાં તો, હાન્સકા હતી પરણેલી, પણ બન્ને સ્વિટ્ઝર્લેન્ડમાં મળ્યાં અને પછી પ્રેમમાં પડ્યાં. થોડાં વર્ષો પછી હાન્સકાના પતિનું અવસાન થયું. પણ તેથી લગ્નનો માર્ગ મોકળો ન થયો. કાઉન્ટેસે ફરી લગ્ન કરતાં પહેલાં રશિયાના રાજા ઝારની પરવાનગી લેવી પડે તેમ હતું. તે મેળવતાં ઘણો સમય ગયો. કડકડતી ઠંડીના શિયાળામાં બાલ્ઝાક હાન્સકાને મળવા રશિયા ગયો. માંદો પડ્યો. છેવટે ૧૮૫૦ના માર્ચમાં બાલ્ઝાક અને હાન્સકા પરણી શક્યાં. બન્ને પેરિસ પાછાં ફર્યાં. અને ૧૮૫૦ના ઑગસ્ટની ૧૮મીએ બાલ્ઝાકનું અવસાન થયું.

●

૯. ઘટનાના બેતાજ બાદશાહની નવલકથા
કાઉન્ટ ઑફ મોન્ટે ક્રિસ્ટો/ એલેક્ઝાંડર દુમા

આ એક જ નવલકથા પરથી આજ સુધીમાં ત્રીસ કરતાં વધુ ફિલ્મો અને ટી. વી. સિરિયલો બનાવવામાં આવી છે અને બીજી ૨૦૦ જેટલી ફિલ્મો આ નવલકથા પરથી 'પ્રેરણા' લઈને બનાવવામાં આવી છે. દુનિયાની એક સો જેટલી ભાષામાં તેનો અનુવાદ થઈ ચૂક્યો છે. તેનાં અનેક નાટ્ય રૂપાંતરો થયાં છે જેમાંથી સૌથી પહેલું નવલકથાના લેખકે પોતે જ કર્યું હતું. ૧૮૪૪માં એક છાપામાં ધારાવાહિક રૂપે પહેલી વાર પ્રગટ થઈ ત્યારથી આજ સુધીમાં ફ્રેન્ચ ભાષામાં તો એ ક્યારેય આઉટ ઑફ પ્રિન્ટ થઈ નથી !

એ નવલકથા તે 'કાઉન્ટ ઑફ મોન્ટે ક્રિસ્ટો' અને તેનો લેખક તે ફ્રાન્સના સૌથી વધુ લોકપ્રિય અને આદરણીય લેખકોમાંનો એક એલેક્ઝાંડર દુમા. ૧૮૦૨ના જુલાઈની ૨૪મી તારીખે જન્મ, ૧૮૭૦ના ડિસેમ્બરની પાંચમી તારીખે અવસાન. અવસાન પછી દુમાને તેના જન્મસ્થાને દફનાવવામાં આવેલો, પણ કબરમાંથી તેના અવશેષો બહાર કાઢી ૨૦૦૨ના ડિસેમ્બરની પહેલી તારીખે ફ્રાન્સની કેટલીક મહાન હસ્તીઓને જ્યાં દફનાવવામાં આવી છે તે પેરિસના પેન્થેયોન ખાતે પૂરેપૂરા રાજકીય સન્માનની સાથે ફ્રાન્સના પ્રમુખની હાજરીમાં દુમાને ફરી દફનાવવામાં આવ્યો. 'રોમાન્સ' નામના કથા પ્રકાર સામે નાકનું ટીચકું ચડાવનારા આપણા કેટલાક બગલથેલાછાપ વિવેચકોએ દુમાનું અને તેમાંથી પ્રેરણા લઈને લખનાર કનૈયાલાલ મુનશીનું અવમૂલ્યાંકન કરવાનો પ્રયત્ન એક વખત કરેલો, પણ તેથી દુમાની કે મુનશીની પ્રતિષ્ઠાને ઊની આંચ આવી નથી.

'કાઉન્ટ ઑફ મોન્ટે ક્રિસ્ટો'નો ગુજરાતી અનુવાદ ગોપાળદાસ જીવાભાઈ પટેલે ૧૯૬૨માં પ્રગટ કર્યો હતો 'આશા અને ધીરજ' એવા નામે. પણ દુમાની આ નવલકથાને જો કોઈ ગુજરાતી નામ આપવું જ

હોય તો 'વેરની વસૂલાત' નામ વધુ બંધબેસતું થાય. કારણ, આ નવલકથા એટલે એક સામાન્ય ખલાસીને થતા અન્યાયની, એ અન્યાયનો બદલો લેવાની તેના હૈયામાં જલતી આગની, એ બદલો લેવા માટે તેણે ખેલેલા દાવપેચની, તેમાં તેને મળતી સફળતાની અને તેને અન્યાય કરનાર ચારે વ્યક્તિના નાશની દિલધડક કથા. 'કાઉન્ટ ઑફ મોન્ટે ક્રિસ્ટો'નો કથાસાર આપવાનું કામ મુશ્કેલ છે. તેનું કારણ માત્ર એ નથી કે આ નવલકથા બાર ભાગ અને ૧૧૮ પ્રકરણમાં વિસ્તરેલી છે, પણ તેનું ખરું કારણ એ છે કે નવલકથામાં આવતાં ત્રીસેક મુખ્ય પાત્રો અને તેમના જીવનમાં બનતી પાર વગરની ઘટનાઓને એકબીજાં સાથે દુમાએ એવી તો કુશળતાથી વણ્યાં છે કે કથાસાર આપવા જતાં ઘણા તાણાવાણા છુટ્ટા રહી જાય. અલબત્ત, આ નવલકથા આટલી લાંબી કેમ છે તેનું એક વ્યવહારિક કારણ છે. નવલકથા જ્યારે અખબારમાં ધારાવાહિક રૂપે પ્રગટ થતી હતી ત્યારે તે માટેનો પુરસ્કાર પ્રગટ થતા લખાણની લીટીઓ ગણીને દુમાને ચૂકવાતો હતો. આનો લાભ લેવા માટે દુમાએ નવલકથામાં એક એવું પાત્ર પણ દાખલ કરેલું જે માત્ર એક એક શબ્દમાં જ વાત કરે છે. પણ દુમાની આ ચાલાકી પેલા છાપાનો તંત્રી પામી ગયો અને તેણે કહ્યું કે અડધી લીટી કરતાં ઓછું હોય તેવા લખાણને પુરસ્કારની રકમ નક્કી કરતી વખતે ગણતરીમાં લેવામાં આવશે નહીં. એટલે પછી દુમાએ એ પાત્રને રાતોરાત મારી નાખ્યું !

આ કથાની શરૂઆત થાય છે ઈ. સ. ૧૮૫૧ના વર્ષમાં, જ્યારે પેરિસમાં રાજા ૧૮મા લૂઈનું રાજ્ય છે અને નેપોલિયન બોનાપાર્ટ એલ્બામાં છે. કથાનાયક એડમન્ડ ખલાસી છે એક વહાણ પર અને વહાણના કૅપ્ટનનું અણધાર્યું અવસાન થવાથી એડમન્ડ કૅપ્ટન થવાની તૈયારીમાં છે. એટલું જ નહિ, રૂપ રૂપના અંબાર જેવી મર્સીડીઝ નામની યુવતી સાથે તેનાં લગ્ન પણ થવામાં છે. પણ ડૅંગલાર્સ નામના બીજા એક ખલાસીને પણ કૅપ્ટન થવાના કોડ છે અને ફર્નાન્ડ મોન્ડેગોને છે મર્સીડીઝને પરણવાના કોડ. બન્ને ભેગા મળી એડમન્ડનો કાંટો કાઢી નાખવાનું કાવતરું ઘડે છે. કાવતરું સફળ થાય છે અને એડમન્ડની ધરપકડ થાય છે, રાજદ્રોહનું કાવતરું કરવા માટે. આવા ગંભીર ગુનાઓ કરનારા માટેની એક ટાપુ પરની જેલમાં તેને મોકલવામાં આવે છે. પૂરાં ચૌદ વર્ષ સુધી એડમન્ડ એ જેલમાં સબડતો રહે છે. એ વર્ષો દરમિયાન વેરની વસૂલાત કરવાની તેની ભાવના વધુ ને વધુ ઘૂંટાતી જાય છે.

ફારિયા નામનો એક ઈટાલિયન પાદરી જેલમાં તેનો સાથી છે અને તે એડમન્ડને એક છૂપા ખજાના વિષેની માહિતી આપે છે. પછી પાદરી મરી જાય છે. તેના શબને દરિયામાં પધારવવા માટે કોથળામાં બાંધવામાં આવે છે. પણ એડમન્ડ એ કોથળામાં પોતે બંધાઈ જાય છે, દરિયામાં પધરાવાય છે, તરીને કિનારે પહોંચે છે, છૂપો ખજાનો શોધી કાઢે છે. કોઈની કલ્પનામાં પણ ન આવે તેવો આ ખજાનો મોન્ટે ક્રિસ્ટો નામની નાનકડી વસાહતમાં છુપાવેલો હતો. એડમન્ડ હવે ખલાસી મટીને બને છે કાઉન્ટ ઑફ મોન્ટે ક્રિસ્ટો- અપરંપાર ધનવાન, સત્તાશીલ, ધાર્યું કરાવી શકે તેવો. પોતાને જેલમાં મોકલવાનું કાવતરું ઘડનારા ચારે જણાના વેરની વસૂલાત કરવા માટે તે ખૂબ જ વ્યવસ્થિત રીતે યોજના ઘડે છે. નસીબ પણ તેને યારી આપે છે. તેના બધા પાસા પોબાર પડતા જાય છે. વળી ઉમરાવ સાહેબ પોતે તો ચારમાંથી કોઈને આંગળી સુધ્ધાં અડાડતા નથી. પણ એવા સંજોગો ઊભા કરે છે કે શિકાર સામે ચાલીને જાળમાં ફસાય. એના જાસૂસો અને મારાઓ બધે ફરે છે, કાઉન્ટ સાહેબ બધું જાણે છે, જે ધારે તે કરી -કરાવી શકે છે. એક પછી એક ચાર દુશ્મનોને ઉમરાવસાહેબ કઈ રીતે પાઠ ભણાવે છે તેની વાત કથાનો મોટો ભાગ રોકે છે. અલબત્ત, તેનામાં માત્ર બદલાની ભાવના જ નથી; ભૂતકાળમાં જેમણે મદદ કરેલી તેમના ઉપકારનો બદલો પણ વાળે છે અને તેમને છપ્પર ફાડીને આપે છે. વેરની વસૂલાત થઈ જાય છે. મદદગારોનું ઋણ ચૂકવાઈ જાય છે અને જેવી અણધારી રીતે કાઉન્ટ ઑફ મોન્ટે ક્રિસ્ટો આવ્યા હતા એવી જ અણધારી રીતે તેઓ પાછા અલોપ પણ થઈ જાય છે. નવલકથામાં દુમા ઘટનાના બેતાજ બાદશાહ તરીકે વાચકના મન પર રાજ કરતો જણાય છે. દુમાનું સમગ્ર સાહિત્ય ૧૮૬૦થી ૧૮૮૦ દરમિયાન ૨૭૭ ગ્રંથોમાં પ્રગટ થયું હતું. કહેવાય છે કે આટલું વિપુલ લેખન કરવા માટે તે ફેક્ટરી ચલાવતો. તેમાં કામ કરતા લહિયા-લેખકોને તે કથાનું માળખું આપતો જેને આધારે તેઓ કથાઓ લખતા. પછી દુમા તેને સુધારતો- મઠારતો. અઢળક કમાયો. પેરિસ પાસે 'મોન્ટે ક્રિસ્ટો' નામનો આલિશાન મહેલ બંધાવી તેમાં રહેતો. પણ બેફામ ખર્ચને કારણે છેવટે મહેલ વેચવાનો વારો આવ્યો. લેણદારોથી બચવા બ્રસેલ્સ જઈ વસ્યો, પણ બે વરસમાં જ ફરી એટલું કમાયો કે પેરિસ પાછા આવી બધું દેવું ચૂકવી દીધું. પણ પછી અપંગ બન્યો, દીકરાએ તરછોડ્યો એટલે અનાથ થયો. પણ આજેય રોમાન્સની સૃષ્ટિમાં દુમા એક અત્યંત અમીર

કાઉન્ટની જેમ વિચરે છે. એની કૃતિઓ વાંચતા રસ ગળે ને કટકા પડે એવી દિલધડક કથાનો છૂપો ખજાનો વાચકને હાથ લાગ્યા વગર રહેતો નથી અને એટલે આ નવલકથા વાંચ્યા પછી વાચક પોતે પણ બની જાય છે કાઉન્ટ ઑફ મોન્ટે ક્રિસ્ટો.

●

૧૦. આ તે નવલકથા કે આત્મકથા ?
જેન આયર/ શાર્લોટ બ્રોન્ટી

એક દસ વર્ષની અનાથ છોકરી. નામ જેન આયર. કાકી અને તેનાં છોકરાંઓ સાથે ઉછરે. કાકીનું કુટુંબ પૈસેટકે સુખી, પણ બાપડી જેનને ભારે ત્રાસ આપે. કોઈ નાનકડી ભૂલ કરે આ છોકરી, અને તરત તેને સજા ફરમાવાય - એક રાતા ઓરડામાં ગોંધી દેવામાં આવે. બચાડી જેન હબક ખાઈ જાય. સદ્‌ગત કાકાનું ભૂત એ ઓરડામાં આંટા મારી રહ્યું છે એમ એને લાગે. છોકરીને કાકા માટે ઘણું વહાલ. ઓરડામાં પુરાઈને એકલી બેઠી બેઠી માયાળુ કાકાને સંભાર્યા કરે અને પોશપોશ આંસુ સાર્યા કરે. આ રીડ કુટુંબમાં જેનને માટે જો કોઈ હેતનું થાનક હોય તો તે હતી ઘરની એક નોકરડી બેસી. પ્રણ એક સરખા દિવસ દુઃખનાં કોઈના જાતા નથી. બાપડી જેનનો પણ રીડ કુટુંબના ત્રાસમાંથી છુટકારો થયો, જ્યારે તેને થોડે દૂર આવેલ લોવૂડની નિશાળમાં ભણવા મોકલી ત્યારે. પણ ઘર છોડીને નિશાળમાં ભણવા જવું એ તો તેને માટે ઊલમાંથી ચૂલમાં પડવા જેવું થયું. નિશાળના વડા મહેતાજી મિસ્ટર બ્રોકલેહર્સ્ટ એક નંબરના રૂઢિચુસ્ત, દંભી, પતરાજીખોર, છોકરાંઓને ધાકમાં રાખવામાં માનનારા. જેન તો દુઃખીના દાળિયા, પણ હેલન બર્ન્સ નામની એક ભલી બાઈ સાથે સખીપણાં થયાં. એ બાઈ પાકી ખ્રિસ્તી. ક્ષમા અને સહનશક્તિના સિદ્ધાંતોમાં માનવાવાળી. છાત્રાલયની મુખિયા બાઈ મિસ ટેમ્પલની પણ જેનને મોટી ઓથ મળી. બ્રોકલેહર્સ્ટ ભારે મખ્ખીચૂસ. નિશાળ પાછળ ઓછામાં ઓછો ખરચ કરવામાં માને. જ્યાં ત્યાં ગંદકી પણ પડી રહે. એટલે નિશાળના છોકરાંમાં ચેપી રોગચાળો ફાટી નીકળ્યો. સખીદાતાઓની આંખ ઊઘડી. બ્રોકલેહર્સ્ટને પાણીચું આપ્યું. નવા વડા મહેતાજીએ નિશાળની કાયાપલટ કરી. હવે જેનનું મન ભણવામાં ચોંટ્યું. સારે નંબરે પાસ થતાં થતાં બીજાં છ વરસ ભણી. પછી બે વરસ એ જ નિશાળમાં માસ્તરાણી તરીકે નોકરી કરી. એ જમાનામાં માલેતુજાર કુટુંબો પોતાનાં

છોકરાંને ઉછેરવા ને ભણાવવા ગવર્નેસ રાખે. થોર્નફિલ્ડ ગામના એવા એક કુટુંબમાં એક નાનકડી છોકરી એડલેની ગવર્નેસ તરીકેની નોકરી મળી એટલે જેને નિશાળની નોકરી છોડી. એડલે જેન સાથે હળી ગઈ. જેનને પણ થોર્નફિલ્ડ કુટુંબમાં ગોઠી ગયું. પણ એક વાતનું જેનને અચરજ થતું. નોકરી શરૂ કર્યે કેટલા દિવસ થયા છતાં ઘરમાં ક્યાંય એડલેનો બાપ દેખાય જ નહીં. ઘણા દિવસ પછી એડલેના બાપ એડવર્ડ રોચેસ્ટર સાથે જેનનો મેળાપ થયો. ચિંતાથી ઘેરાયેલો, અતડો, ભૂતકાળ વાગોળ્યા કરતો હોય તેવો. દાળમાં કંઈક કાળું છે એવો વહેમ તો ગયો જેનને. પણ શેઠને પૂછાય કેમ કે મામલો શો છે ? એડલેનું કુટુંબ ત્રણ માળની મોટી હવેલીમાં રહે. ઘણીવાર હવેલીના ત્રીજા માળેથી કોઈનું અટ્ટહાસ્ય સંભળાય, રૂંવાડાં ઊભાં થઈ જાય તેવું. પણ એડવર્ડ આ અટ્ટહાસ્યની વાતને રોળીટોળી નાખે, કહે કે એ તો ત્રીજે માળે કપડાં સીવવા માટે એક દરજણને બેસાડી છેને, તેને આવું ગાંડાઓ જેવું હસવાની ટેવ છે. જેનને ગળે આ વાત ઊતરે તો નહીં, પણ શેઠને કેમ કહેવાય કે તું જુઠ્ઠાડો છે. એમાં વળી એક રાતે શેઠના સૂવાના ઓરડામાં અચાનક આગ લાગે છે. દોડધામ કરીને જેન એ આગને તો બુઝાવી નાખે છે, પણ શેઠના ભૂતકાળ અંગે જાણવાની તેના મનમાંની આગ વધુ ભડકી ઊઠે છે.

જેન નહોતી રૂપની રાણી અને એડવર્ડ રોચેસ્ટર પણ કાંઈ કામદેવનો અવતાર તો નહીં જ. સૌ સમી એ હતી નારી, સૌ સમો એ હતો નર. પણ કહે છે ને કે પ્રેમ આંધળો હોય છે. ધીમે ધીમે જેન રોચેસ્ટરના પ્રેમમાં પડી. દેખાવડો નથી તો શું થયું. બુદ્ધિશાળી તો છે ! ભલે ગવર્નેસ, પણ અંતે તો જેન એક નોકરડી. જ્યારે બીજી બાજુ મિસ ઇનગ્રામ રૂપકડી, અને પાછી ઊંચા કુળની. તેની સામે બાપડી જેનની શી વિસાત ? રોચેસ્ટરભાઈ પણ ઇનગ્રામ આગળ લટૂડાંપટૂડાં કરે પણ મનમાં જાણે કે આ ફટાકડી મને નથી ચાહતી, પણ મારા પૈસાને ચાહે છે. એવામાં રોચેસ્ટરનો એક જૂનો દોસ્ત, નામે રિચર્ડ મેસન ઘરે મહેમાન થઈને આવે છે. તેને હવેલીના ત્રીજા માળે ઉતારો અપાય છે. પણ એક રાતે કોઈ અજાણી વ્યક્તિ રિચર્ડ પર હિચકારો હુમલો કરે છે અને રિચર્ડ સારી પેઠે ઘવાય છે. આવો હુમલો કોણે કર્યો હશે એની વિમાસણ જેનને થાય છે, પણ એ અંગે ઝાઝી લપછપ કર્યા વગર પહેલાં તો તે રિચર્ડની સારવાર કરવામાં લાગી જાય છે. હવે રોચેસ્ટર જેનને કહે છે કે મેં ભૂતકાળમાં એક ભૂલ કરેલી તે હવે મિસ ઇનગ્રામ સાથે પરણીને સુધારી

લેવા માગું છું. અને હા, તારે માટે મેં બીજા એક કુટુંબમાં ગવર્નેસની નોકરી શોધી રાખી છે હોં, જેન !

જેનની કાકી મિસિસ રીડ મરણપથારીએ પડી છે. એણે કાંઈ ફૂલો નહોતાં પાથર્યાં જેનના જીવનમાં, પણ અનાથને આશરો તો આપેલો. એટલે જેન તેને મળવા પોતાને ગામ ગેટસહેડ જાય છે. થોડા દિવસ પછી થોર્નફિલ્ડ પાછી આવે છે. પણ ત્યારે બાજી બદલાઈ ગઈ છે. રોચેસ્ટર કહે છે કે પેલી ઇનગ્રામડી તો મારા પૈસાની પાછળ પડી છે. એને પરણવાની ભૂલ મારે નથી કરવી. અને પછી રોચેસ્ટર જેન સામે લગ્નની દરખાસ્ત મૂકે છે. જેન પણ હા પાડે છે. લગ્નની તૈયારીમાં મહિનો માસ નીકળી જાય છે. પણ પછી બન્નેના લગ્નનો દિવસ આવી પહોંચે છે. લગ્નની વિધિઓ હજી તો શરૂ થઈ છે ત્યાં પેલો મહેમાન બનીને આવેલો અને ઘવાયેલો તે રિચર્ડ મેસન મિસ્ટર બ્રિગ્સ નામના વકીલને લઈને આવી પહોંચે છે ને અસ્સલ હિંદી ફિલ્મની ઢબે બન્ને કહે છે : 'યે શાદી નહીં હો સકતી.' પણ કાંઈ કારણ ? કારણ આ રોચેસ્ટર તો પરણેલો છે. એની વહુનું નામ છે બર્થા મેસન- પેલા મેસનભાઈની બહેન. પણ બર્થા ગાંડી થઈ ગઈ છે એટલે તેને હવેલીના ત્રીજા માળે પૂરી રાખવામાં આવી છે, કેટલાંય વર્ષોથી. હવે રોચેસ્ટર પણ બધી પેટછૂટી વાત જેનને કહે છે. અગાઉ પૈસાની જરૂર હતી એટલે તવંગર ઘરની બર્થાને પરણેલો. પણ તેના કુટુંબમાં ગાંડપણ છે એની મને ખબર નહીં. ગાંડી, ઝૂનની, મારફાડ કરતી બૈરીથી બચવાનો એક જ રસ્તો સૂઝ્યો. તેને ત્રીજે માળે એકાંત કેદમાં રાખવાનો. પછી રોચેસ્ટર ફરી જેનને લગ્ન માટે વીનવે છે, પણ જેન એક પર બીજી થવા રાજી નથી થતી, અને થોર્નફિલ્ડ છોડીને જતી રહે છે. બેકાર બનેલી જેન ભીખ માગતી ફરે છે. પણ બે દયાળુ સ્ત્રીઓ અને તેમનો ભાઈ સેન્ટ જ્હૉન તેને આશરો આપે છે અને સેન્ટ જ્હૉનની સ્કૂલમાં નોકરી પણ. ત્યાં તો વાવડ મળે છે કે જેનનો કાકો જેનને વારસામાં ઘણી બધી મિલકત આપી ગયો છે. વળી આશરો આપનારી ત્રણ સ્ત્રીઓ પણ હકીકતમાં જેનની કાકાની દીકરી હતી. પોતાને મળેલી મિલકતમાંથી જેન એ ત્રણ બહેનોને પણ ભાગ આપે છે. સેન્ટ જ્હૉન હિન્દુસ્તાનમાં ખ્રિસ્તી ધર્મપ્રચાર કરવા જવાનો છે અને જેનને પોતાની પત્ની બનાવી સાથે લઈ જવા ઇચ્છે છે, પણ જેન તેને ના પાડે છે. અને પાછી રોચેસ્ટર પાસે જાય છે. ગાંડી બર્થાએ લગાડેલી આગમાં હવેલી [illegible] બન્ને બળીને ખાખ થઈ ગયાં છે. આગમાં સપડાઈને આંધળો

બનેલો રોચેસ્ટર બાજુમાં એક મામૂલી મકાનમાં રહે છે. જેન તેને શોધી કાઢે છે અને કહે છે, 'તારે માટે હું કોઈક અદમ્ય અને અગમ્ય આકર્ષણ અનુભવું છું,' રોચેસ્ટર કહે છે : 'હું પણ'. બન્ને પરણે છે. રોચેસ્ટેરની એક આંખની દૃષ્ટિ પાછી મળે છે. 'જેન આયર' નવલકથા પરથી આજ સુધીમાં નવ ફિલ્મો બની છે. પહેલી ૧૯૧૦માં, છેલ્લે ૧૯૯૬માં. ૧૯૫૨માં બનેલી હિંદી ફિલ્મ 'સંગદિલ' પણ આ કથા પર જ આધારિત હતી. તેમાં દિલીપકુમાર અને મધુબાલાએ મુખ્ય ભૂમિકા ભજવેલી. ઘણેઅંશે જેન આયર જેવી જ જિંદગી જીવી જનાર તેની લેખિકા શાર્લોટ બ્રોન્ટીનો જન્મ ૧૮૧૬માં. લગભગ એક વરસના પગારની રકમ – ૩૭ પાઉન્ડ ખર્ચીને તેણે ૧૮૪૬માં છપાવેલા કાવ્યસંગ્રહની માત્ર બે જ નકલ વેચાયેલી ! પણ ૧૮૪૭ના ઑક્ટોબરમાં પ્રગટ થતાં વેંત 'જેન આયર'ને ભારે સફળતા મળી. શાર્લોટની બહેનો એમિલી અને એન પણ જાણીતી લેખિકાઓ. પણ ત્રણે બહેનો ક્ષયના રોગથી મરી, એમિલી ૧૮૪૮માં, એન ૧૮૪૯માં અને શાર્લોટ ૧૮૫૫માં.

●

૧૧. બે કુટુંબ વચ્ચેનાં વેર અને પ્રેમની કથા
વુધરિંગ હાઈટ્સ/ એમિલી બ્રોન્ટી

૧૮૪૮ના ડિસેમ્બરની ૧૯મી તારીખે માત્ર ત્રીસ વર્ષની ઉંમરે અવસાન થયું તે પહેલાં એલિસ બેલે માત્ર એક જ નવલકથા લખી. પણ આજેય એ નવલકથા બ્રિટિશ સાહિત્યમાં સીમાચિહ્નરૂપ મનાય છે. એ નવલકથાનું નામ 'વુધરિંગ હાઈટ્સ'. ૧૮૪૭માં આ નવલકથા પહેલી વાર પ્રગટ થઈ ત્યારે તેના પર લેખક તરીકે 'એલિસ બેલ' એવું નામ છપાયેલું. ૧૮૪૮ પછી જ્યારે એ નવલકથાની બીજી આવૃત્તિ પ્રગટ થઈ ત્યારે એની પ્રસ્તાવનામાં શાર્લોટ બ્રોન્ટીએ ઘટસ્ફોટ કર્યો કે 'વુધરિંગ હાઈટ્સ' એલિસ બેલ નામના કોઈ પુરુષે નહોતી લખી પણ પોતાની બહેન એમિલી બ્રોન્ટીએ લખી હતી. ૧૮૧૮ના જુલાઈની ૩૦મી તારીખે એમિલીનો જન્મ. મા-બાપનું પાંચમું સંતાન. પિતા રેવરન્ડ પેટ્રિક બ્રોન્ટી પાદરી હતા. એમિલી માંડ ત્રણ વર્ષની થઈ ત્યારે માતા મારિયાનું કેન્સરથી અવસાન થયું. ઘરની અને બાળકોની સંભાળ રાખવા એમિલીનાં ફોઈ એલિઝાબેથ બ્રાનવેલ બ્રોન્ટી કુટુંબ સાથે રહેવા લાગ્યાં. તેમની પાસે જ એમિલી ઉછરી. ૧૮૨૦થી પિતા પેટ્રિક હાવર્ટમાં રહેતા થયા. ગરીબ લોકોની વસતિ. આસપાસ સુક્કી ખડકાળ ભૂમિ. ઘરનું પ્રવેશદ્વાર સીધું ચર્ચના કબ્રસ્તાનમાં ખૂલે. આવા સુક્કાભઠ વાતાવરણમાં એમિલી ઊછરી. નહીં ક્યાંય હરવા-ફરવાનું, નહીં કોઈ સાથે હળવા-મળવાનું. રાખોડી રંગના મકાનના ઉપલા માળે એક નાનકડી ઓરડીમાં બહેનો સાથે એમિલી વાંચ્યા કરે, લખ્યા કરે. એકાદ વર્ષ સ્કૂલમાં ભણવા ગઈ એમિલી, પણ એ સ્કૂલ તેને સદી નહીં. એ જ સ્કૂલમાં ભણતી તેની બે મોટી બહેનો ક્ષય રોગનો ભોગ બની મૃત્યુ પામી તે પછી એમિલી ઘરે રહીને ભણવા લાગી. ૧૮૩૫માં ફરી સ્કૂલમાં દાખલ થઈ, ફરી માંદી પડી, ફરી ઘરે આવી. ૧૮૩૫માં છ મહિના માટે સ્કૂલમાં ભણાવી જોયું. પણ તેય ફાવ્યું નહીં. ૧૮૪૨માં ફ્રેન્ચ અને જર્મન શીખવા બ્રસેલ્સ ગઈ

પણ થોડા જ વખતમાં મારિયા ફોઈનું અવસાન થતાં તેની અંતિમ યાત્રામાં હાજર રહેવા ઘેર પાછી ફરી તે ફરી. ફોઈના ગયા પછી ઘરની સારસંભાળ રાખે એવું કોઈ નહોતું એટલે હવે એ જવાબદારી એમિલીને માથે આવી. ૧૮૪૬માં બહેનો શાર્લોટ અને એન સાથે મળીને કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો જેની માત્ર બે જ નકલ વેચાઈ ! 'વુધરિંગ હાઈટ્સ' લખાયેલી શાર્લોટ બ્રોન્ટીની 'જેન આયર' પહેલાં, પણ પહેલાં પ્રગટ થઈ શાર્લોટની નવલકથા અને તેને અસાધારણ લોકપ્રિયતા મળી. આ લોકપ્રિયતાનો લાભ મેળવવા ખાતર 'વુધરિંગ હાઈટ્સ'ને તેના પ્રકાશકે 'જેન આયર' લખનારની કલમે લખાયેલી નવી નવલકથા તરીકે ઓળખાવી ! એમિલી, શાર્લોટ અને તેમની બહેન એન આથી ધૂંધવાઈ તો ઘણું, પણ લાચાર હતી. કારણ શાર્લોટે પણ તેની નવલકથા પોતાને નામે નહીં, પણ 'કરર' ઉપનામથી પ્રગટ કરેલી. એનની નવલકથા 'એક્ટન' ઉપનામથી. પણ પુરુષનાં હોય તેવાં ઉપનામથી પોતાની કૃતિઓ પ્રગટ કરવાનું કાંઈ કારણ ? કારણ એ વિક્ટોરિયન યુગમાં સ્ત્રીઓ નવલકથા લખે એ મોટા ભાગના વાચકો સાંખી શકતા નહીં ! એમિલીનો લાડકો ભાઈ ચિત્રકાર બનવાના કોડ ધરાવતો હતો, પણ જીવનમાં નિષ્ફળ જતાં દારૂ ને કેફી દ્રવ્યોના રવાડે ચડી ગયો. ૧૮૪૮માં તેનું અવસાન થયું. તેની દફનવિધિ વખતે જ એમિલી માંદી પડી. પણ દવા-દારૂ કરે નહીં, ઘરનો ઢસરડો છોડે નહીં. બીજી બહેનોની જેમ તેને પણ ક્ષય લાગુ પડ્યો. સપ્ટેમ્બરમાં ભાઈ ગયો, એ જ વર્ષના ડિસેમ્બરમાં એમિલી ગઈ.

'વુધરિંગ હાઈટ્સ' પરથી આજ સુધીમાં ઓછાંમાં ઓછી બાર વખત ફિલ્મ બની છે. ૧૯૨૦માં પહેલી ફિલ્મ બની અને છેલ્લે ૧૯૯૨માં બની. મેક્સિકન, ફ્રેન્ચ અને જાપાની ભાષામાં પણ આ નવલકથા પરથી ફિલ્મ બની છે. ૨૦૦૩ના વર્ષમાં એમટીવીએ તેના પરથી મ્યુઝિકલનું પણ નિર્માણ કર્યું. આ બધી ફિલ્મોમાં ૧૯૩૯માં બનેલી ફિલ્મ મૂળ નવલકથાને સૌથી વધુ વફાદાર રહી છે. વળી તેમાં સર લૉરેન્સ ઑલિવિયરે એક મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ થયો હોવાનું જાણવા મળતું નથી.

વુધરિંગ હાઈટ્સ એટલે બે કુટુંબની કથા, એ કુટુંબનાં સભ્યો વચ્ચેના પ્રેમની કથા, એ સભ્યો વચ્ચેના વેરની કથા. ત્યાગ અને સમર્પણની કથા, કાવાદાવાની કથા. અનેક કથાનકો મુખ્ય કથકને

કહેવામાં આવે છે એ રીતે લખાયેલી આ નવલકથા એકી સાથે જુદા જુદા સ્થળ, કાળની વાત માંડતી જરા અટપટી કહી શકાય એવી નવલકથા છે. કૃતિનો મુખ્ય કથક છે લૉકવૂડ. યૉર્કશાયરમાં થ્રશક્રૉસ ગ્રેન્જ નામનું મકાન અને તેની આસપાસનું ઉદ્યાન તેણે ભાડે લીધું છે. તે પછી ત્યાંનાં બે કુટુંબો વિષે તેને અવનવી વાતો જાણવા મળે છે. આમાંની ઘણી વાતો તેને કહે છે એલન ડીન નામની સ્ત્રી, જેણે આખી જિંદગી બે કુટુંબોમાંના એક કુટુંબ સાથે નોકર તરીકે ગાળી હતી. લૉકવૂડ સામે ધીમે ધીમે જે વાતો પ્રગટ થતી જાય છે તે આ પ્રમાણે છે :

ઈ.સ. ૧૭૬૦ના અરસાની વાત છે. વુધરિંગ હાઈટ્સ નામના પોતાના ખેતરમાં અર્નશૉ નામે એક ખેડૂત ખેતી કરે. જેવો કામઢો એવો જ દયાળુ. એક વાર હટાણું કરવા લિવરપુલ ગયો. ત્યાંના રસ્તા પર તેણે એક અનાથ છોકરાને જોયો. મા-બાપે ત્યજી દીધેલો. ચહેરામહોરા પરથી ને બોલાશ પરથી લાગતું હતું કે જિપ્સી જાતિનો હશે. ખેડૂતને છોકરાની દયા આવી. લઈ આવ્યો તેને પોતાની સાથે. મહેનત કરીને આટલાં પેટ ભરું છું તો એક પેટ કાંઈ ભારે નહીં પડે, મનમાં વિચાર્યું. ખેડૂતના ઘરમાં ઘરવાળી ઉપરાંત દીકરો હિન્ડલે, દીકરી કેથેરાઈન, ઘરનોકર જોસેફ અને નાનકડી કામવાળી એલન, એટલાં જણ રહે. ખેડૂતનો એક દીકરો, નામે હેચક્લિફટ નાનપણમાં જ મરી ગયેલો. તેની યાદમાં પેલા જિપ્સી છોકરાનું નામ ખેડૂતે હેચક્લિફટ પાડ્યું ! પણ અનાથ છોકરાએ ઘરમાં પગ મૂક્યો તે ઘડીથી ખેડૂતના ઘરમાં બધાં માણસો તેના વિરોધી થઈ ગયાં. ન ઓળખાણ, ન પિછાણ, ન એની ગઈ કાલ જાણીએ, ન જાણીએ આવતી કાલે શું કરી બેસે, એવા અજાણ્યા છોકરાને તે ઘરમાં ઘલાતો હશે ? પણ તેમાં એક અપવાદ, ખેડૂતની દીકરી કેથેરાઈન, હેચક્લિફટ કરતાં ઉમ્મરમાં બે-ચાર વર્ષ નાની. એ તો જોતજોતામાં આ અજાણ છોકરાની ભિલ્લુ બની બેઠી ! પણ ખેડૂતનો દીકરો હિન્ડલે તો હેચક્લિફટને જોઈને બળી મરે. મારા કરતાં તો બાપાને આ હરાયા ઢોર જેવો છોકરો વધુ વહાલો છે એવું એના મનમાં ઠસી ગયું. એટલે હિન્ડલેને તો હેચક્લિફટ દીઠોય ન ખમાય. જો કે, હિન્ડલેની બીકમાં કાંઈ દમ નહોતો. હેચક્લિફટ કરતાં ઉમ્મરમાં મોટો હતો અને ખેડૂતની આંખ મિચાય ત્યારે તેની માલમિલકતનો વારસદાર પણ હેચક્લિફટ નહીં, હિન્ડલે જ બને એ ગણાતું હતું, પણ બંને વચ્ચે બારમો ચન્દ્રમા. લાગ મળે ત્યારે હિન્ડલે હડધૂત કરે હેચક્લિફટને, ને તક મળે ત્યારે ખેડૂતની લાગણીનો લાભ

લઈને હેચક્લિફટ હિન્ડલેને નીચાજોણું કરાવે. હેચક્લિફટ હતો મીંઢો. હિન્ડલેનો મેથીપાક ઘણીવાર મૂંગે મોઢે ખાઈ લે. ખેડૂતને પણ ફરિયાદ ન કરે. પણ મનમાં ને મનમાં હિન્ડલે માટેના વેરની આંટીઓ વળતી જાય. એવામાં ખેડૂતની વહુ મરી ગઈ. હિન્ડલે મોટો થયો હતો એટલે એને કૉલેજમાં ભણવા પરગામ મોકલ્યો તે પછી થોડે વર્ષે ખેડૂત પણ મોતને ભેટ્યો. હવે ઘરમાં કેથેરાઇન અને હેચક્લિફટ એકલાં પડ્યાં. બંને આંસુ સારતાં. પણ પછી મન મનાવતાં કે બાપા તો સરગે સિધાવ્યા છે.

હેચક્લિફટને માથેથી પાલક પિતાનું છત્તર ઊડી ગયું એનું દુઃખ તો હતું જ. પણ અધૂરામાં પૂરું બાપાના મોતના ખબર મળતાં હિન્ડલે પણ ઘેર પાછો ફર્યો. હવે તે એકવીસેક વર્ષનો થઈ ગયો હતો અને ફ્રાન્સેસ નામની છોકરીને પરણ્યો હતો. હેચક્લિફટ હજી બાર વર્ષનો હતો ને કેથેરાઇન હતી અગિયારની. વુધરિંગ હાઈટ્સમાં આવતાંવેંત હિન્ડલેએ પોતાનું ધાર્યું કરવાનું શરૂ કર્યું. હેચક્લિફટને કુટુંબના સભ્યને બદલે એક ઘરનોકર તરીકે તે જોવા લાગ્યો. એટલે પછી ઘરના સૌ કોઈ હેચક્લિફટને હડધૂત કરતા થયા. એક માત્ર કેથેરાઇન તેની સાથે હળતી મળતી. પોતે સ્કૂલમાં જે પાઠ ભણી હોય તે હેચક્લિફટને ભણાવતી. તેની સાથે રમવા જતી. જો કે આ વાતની ઘરમાં ખબર પડતી ત્યારે કેથેરાઇનને સજા મળતી, પણ મૂંગે મોઢે તે સહી લેતી.

હેચક્લિફટ અને કેથેરાઇન ઘણીવાર સાથે રખડવા નીકળી પડતાં. એમ રખડતાં એક વાર તેઓ થોડે દૂરના ગ્રેન્જ નામના એક બંગલામાં જઈ પહોંચ્યાં. એ બંગલામાં લિન્ટન કુટુંબ રહેતું. કુટુંબમાં બે બાળકો – તેર વર્ષનો એડગર અને અગિયારની ઇઝાબેલા. બન્ને લાડકોડમાં ઊછરેલાં, મોઢે ચડાવેલાં, રેંજીપેંજી. તેમને બારીમાંથી જોઈને હેચક્લિફટ અને કેથેરાઇન તેમની મશ્કરી કરવા લાગ્યાં. લિન્ટન કુટુંબના સભ્યોએ બે 'અસભ્ય' બાળકોનો પીછો કર્યો. થોડી વારે બન્ને પકડાઈ ગયાં. જ્યારે ખબર મળી કે કેથેરાઇન તો પડોશમાં રહેતા કુટુંબની દીકરી છે ત્યારે તેમણે તેની તો પ્રેમથી ખાતરબરદાસ્ત કરી, પણ હેચક્લિફટને તગેડી મૂક્યો. પૂરા પાંચ અઠવાડિયા કેથેરાઇન લિન્ટન કુટુંબમાં રહી. પછી ઘરે પાછી ફરી ત્યારે એ સાવ બદલાઈ ગઈ હતી. ઠાવકી, ઠરેલ, મૃદુભાષી ને મિતભાષી. હવે કોઈ ખાનદાન કુટુંબની સુપુત્રી જેવી લાગતી હતી એ. આ જોઈને હિન્ડલે અને તેની વહુ રાજીનાં રેડ થયાં, પણ હેચક્લિફટના પેટમાં તેલ રેડાયું. તેને થયું કે હવે મારી અને કેથેરાઇન વચ્ચેનું અંતર

વધતું જવાનું. છોકરી હતી માયાળુ. એટલે હેચક્લિફટને ઓછું ન આવે એ રીતે વર્તવાનો પ્રયત્ન કરતી ખરી. પણ ધીમે ધીમે લિન્ટન કુટુંબમાં બાળકો સાથે વધુ ને વધુ બેસતી-ઊઠતી થઈ અને ત્યારે હેચક્લિફટ બિચારો મનમાં નેં મનમાં સમસમીને બેસી રહેતો. થોડા વખત પછી ફ્રાન્સેસે એક દીકરાને જન્મ આપ્યો. તેનું નામ હેર્ટન. પણ તે પછી થોડા જ વખતમાં ફ્રાન્સેસ મરી ગઈ. હિન્ડલેને કારી ઘા લાગ્યો અને તે દારૂને રવાડે ચડી ગયો. આખું ઘર અરાજકતામાં સપડાયું. હિન્ડલે અને હેચક્લિફટ વચ્ચેનો અણબનાવ વધુ ને વધુ વકરતો ગયો. એ જ વખતે એડગર લિન્ટન પડ્યો કેથેરાઇનના પ્રેમમાં. થોડા વખત પછી બંનેનું વેવિશાળ થઈ ગયું. આ વાત ન જીરવાતાં હેચક્લિફટે ઘર છોડ્યું. પણ હેચક્લિફટ કાંઈ કેથેરાઇનના મનમાંથી ઊતરી ગયો નહોતો. ઘર છોડીને ભાગેલા હેચક્લિફટને શોધવા ભયંકર વાવાઝોડામાં એક આખો દિવસ કેથેરાઇન રખડી અને માંદી પડી. સારવાર કરવા હિન્ડલે કુટુંબવાળા તેને પોતાને ઘેર લઈ ગયા. ત્યાં કેથેરાઇન તો સાજી થઈ, પણ એડગરનાં મા-બાપને કેથેરાઇનની બીમારીનો ચેપ લાગ્યો અને તે બન્ને મોતને ભેટ્યાં. છેવટે કેથેરાઇન અઢારેક વર્ષની થઈ ત્યારે એડગર સાથે એનાં લગન થઈ ગયાં.

એકાદ વરસ તો બંનેનું લગન ગાડું સીધું ચાલ્યું. પણ પછી એક દિવસ હેચક્લિફટ પાછો ફૂટી નીકળ્યો. હવે તેય બદલાઈ ગયો હતો. ઠરેલ, ઠાવકો, ભણેલો-ગણેલો, થોડા પૈસાય કમાયેલો. એને પાછો ફરેલો જોઈને કેથેરાઇનને તો આનંદ - આનંદ થયો. પણ એડગર કાંઈ બહુ રાજી થયો નહીં. હેચક્લિફટ ફરી વુધરિંગ હાઈટ્સમાં રહેવા લાગ્યો. જુગારના રવાડે ચડેલો હિન્ડલે દેવામાં ડૂબી ગયો તેનું દેવું ચૂકવી દઈને હિન્ડલેને પોતાનો ઓશિંગણ બનાવી દીધો. હવે ઘરમાં હેચક્લિફટનું ધાર્યું થતું, હિન્ડલેનું નહીં. એક વાર હેચક્લિફટ અને એડગર વચ્ચે બરાબરની જામી ગઈ. કેથેરાઇન વચ્ચે પડવા ગઈ પણ બેમાંથી કોઈએ તેનું માન્યું નહીં. વાત એટલી વધી પડી કે એડગરે નોકરોને બોલાવીને કહ્યું કે આ હેચક્લિફટને અત્તર ઘડી ઉપાડીને ઘરમાંથી બહાર ફેંકી દો. જો કે મામલો હદથી જ્યાદા બગડી ચૂક્યો છે એ સમજાતાં હેચક્લિફટે પોતે જ ચાલતી પકડી. પણ કેથેરાઇન આ આખી વાત માટે હેચક્લિફટ અને એડગર બન્નેને જવાબદાર ગણવા લાગી. પણ તેથી એડગર ગિન્નાયો. મારી પરણેતર થઈને મને ને પેલા મવાલી હેચક્લિફટને સરખાં ત્રાજવે તોળે

છે તું ? વર-વહુ લડી પડ્યાં અને રિસાયેલી કેથેરાઇન દિવસો સુધી એક ઓરડાનાં બારણાં બંધ કરી તેમાં પુરાઈ રહી. એ દરમિયાન એડગર પર વેર વાળવા ખાતર તેની બહેન ઇઝાબેલા સાથે હેચક્લિફ ભાગી ગયો. એડગરને એટલો ગુસ્સો આવ્યો કે તેણે મનમાંથી ઇઝાબેલાને કાઢી જ નાખી. બન્નેનાં લગ્ન રોકવા પણ કશું કર્યું નહીં. કેથેરાઇન માંદગીમાં સપડાઈ. આજે મરશે કે કાલે એવી સ્થિતિ. પણ એડગરે ખૂબ મહેનત અને પ્રેમથી સારવાર કરી તેને સાજી કરી. હજી તો માંડ સાજી થઈ ત્યાં કેથેરાઇન સગર્ભા બની. બીજી બાજુ ઇઝાબેલા ને લઈને હેચક્લિફ વુધરિંગ હાઈટ્સ પાછો ફર્યો પરણ્યા પછી ઇઝાબેલા તો દુ:ખીના દાળિયા જેવી થઈ ગઈ. વરનાં અપમાન, ગાળાગાળી, મારઝૂડ બધું વેઠવું પડતું હતું. એક દિવસ હેચક્લિફ કેથેરાઇનને મળવા તેને ઘરે ગયો. તે વખતે કેથેરાઇનનો વર ચર્ચમાં ગયો હતો. હેચક્લિફ અને કેથેરાઇન પુરાણા પ્રેમીઓની જેમ ઉત્કટતાથી મળ્યાં. માફામાફી થઈ. આવેગ સહન ન થતાં કેથેરાઇન બેભાન થઈ ગઈ. એડગરને આવતો જોઈને હેચક્લિફ ભાગ્યો. એ જ રાતે કેથેરાઇને એક દીકરીને જન્મ આપ્યો. પણ પછી કેથેરાઇનનો જીવનદીપ બુઝાઈ ગયો. એડગર અને હેચક્લિફ બન્નેના દુ:ખનો પાર નહોતો. કેથેરાઇનના મોત માટે હેચક્લિફને જવાબદાર ગણી હિન્ડલેએ હેચક્લિફનું ખૂન કરવાનો પ્રયત્ન કર્યો, પણ હેચક્લિફ બચી ગયો. હેચક્લિફથી વાજ આવેલી ઇઝાબેલા ઘર છોડી જતી રહી અને લંડન નજીક રહેવા લાગી જ્યાં તેણે દીકરા લિન્ટનને જન્મ આપ્યો. કેથેરાઇનના અવસાન પછી થોડે મહિને હિન્ડલેનું પણ મૃત્યુ થયું. કેથેરાઇન અને એડગરની દીકરી - તેનું નામ પણ કેથેરાઇન પાડેલું - મોટી થવા લાગી. કોઈ દિ ભૂલમાં પણ તે વુધરિંગ હાઈટ્સ ન જઈ ચડે તેનું એડગર ખાસ ધ્યાન રાખતો. દીકરો બારેક વર્ષનો થયો ત્યારે ઇઝાબેલા મૃત્યુ પામી. એડગર લંડન જઈ ભાણિયાને લઈ આવ્યો. આજ સુધી એકલી રહેલી નાની કેથેરાઇનને કોક રમવાવાળું મળ્યું. પણ હેચક્લિફને જેવી આ વાતની ખબર પડી કે તેણે તરત જ દીકરા લિન્ટનને પોતાની પાસે વુધરિંગ હાઈટ્સમાં રહેવા બોલાવી લીધો. બરાબર સોળમી વર્ષગાંઠને દિવસે કેથેરાઇન અકસ્માતે વુધરિંગ હાઈટ્સ પાસે જઈ પહોંચી. લિન્ટનને મળવા હેચક્લિફે કેથેરાઇનને ઘરમાં બોલાવી. કારણ તેના મનમાં એક કારસો ઘડાયો હતો. જો કેથેરાઇન અને લિન્ટન વચ્ચે પ્રેમ જાગે, અને જો બન્ને પરણે તો એડગરની આંખ મિચાય

પછી તેની બધી મિલકત હાથમાં આવી જાય ! કેથેરાઇન વુધરિંગ હાઈટ્સ ગઈ હતી એની ખબર પડી ત્યારે એડગર ખૂબ રાતોપીળો થયો અને દીકરીને કહ્યું કે જો હવે પછી એ ઘરમાં પગ મૂક્યો છે તો તારી વાત તું જાણે ! એટલે પછી કેથેરાઇન અને લિન્ટન એકબીજાંને પ્રેમપત્રો લખવા લાગ્યાં. પણ તેય એડગરે પકડી પાડ્યા. એક બાજુ એડગર માંદો પડ્યો, બીજી બાજુ હેચક્લિફ્ટ રોજ કેથેરાઇનને કહે કે તારા વગર ઝૂરી ઝૂરીને લિન્ટન મરી જશે ! એટલે કેથેરાઇન છૂપી રીતે વુધરિંગ હાઈટ્સ જવા લાગી. પણ ફરી એડગરે પકડી પાડી. પણ પછી તેને થયું કે મારી આંખ મિચાશે પછી કેથેરાઇનનું કોણ ? એના કરતાં તે લિન્ટનને ચાહતી હોય તો છો બન્ને પરણતાં. છેવટે લિન્ટન મારો ભાણિયો છેને ! મારી મિલકત દીકરી અને ભાણિયા બંન્નેને વારસામાં મળશે. પણ લિન્ટન પોતે તો કેથેરાઇનને પરણતાં ગભરાતો હતો. બાપ હેચક્લિફ્ટ તેને પરાણે પરણાવવા માગતો હતો. આ વાતનો ખ્યાલ આવી જતાં હેચક્લિફ્ટે કેથેરાઇનનું અપહરણ કરાવ્યું અને બન્નેને બળજબરીથી પરણાવી દીધાં! થોડા વખત પછી એડગર અને લિન્ટનનું મૃત્યુ થયું. એડગરને તેની પત્નીની બાજુમાં દફનાવાયો. જાણે ભૂત વળગ્યું હોય એમ હેચટક્લિફ્ટ વર્તવા લાગ્યો. ખાવાપીવાનું છોડી દીધું અને એક દિવસ તેનુંય મૃત્યુ થયું. તેની ઇચ્છા પ્રમાણે તેનેય કેથેરાઇનની કબરની બાજુમાં દફનાવવામાં આવ્યો. નવલકથા પૂરી થાય છે ત્યારે નાની કેથેરાઇન હિન્ડલેના દીકરા હેર્ટન સાથે પરણી નવેસરથી જિંદગી શરૂ કરવાની તૈયારીમાં છે.

●

૧૨. કામના મોક્ષની કથા
ધ સ્કાર્લેટ લેટર / નેથેનિયલ હૉથોર્ન

ઘરના એક ખૂણામાં નાનું તાપણું સળગાવીને બાવીસ-ત્રેવીસ વરસનો એક યુવક બેઠો છે. ગુસ્સા અને હતાશાથી રાતો થઈ ગયેલો એનો ચહેરો તાપણાના અજવાળામાં વધુ લાલઘૂમ લાગે છે. પોતાના હાથમાંની કાગળોની થોકડીમાંથી થોડા થોડા કાગળો તે પેલા તાપણામાં હોમી રહ્યો છે - પોતાના પહેલવહેલા વાર્તાસંગ્રહની હસ્તપ્રતના કાગળો. 'સેવન ટેલ્સ ઑફ માય નેટિવ લૅન્ડ' નામના એ વાર્તાસંગ્રહની હસ્તપ્રત પ્રકાશક તરફથી તેને 'સાભાર પરત' કરાઈ હતી. એ વખતે તો ગુસ્સાના આવેગમાં હસ્તપ્રત બાળી નાખી, પણ પછી બીજે વર્ષે પહેલી નવલકથા પોતાને ખર્ચે છપાવી નાખી, પણ ન વાચકોએ વખાણી કે ન તો કોઈ વિવેચકે તેની નોંધ લીધી. નકલોના થોકડા ઘરમાં પડ્યા હતા તેની સામું તાકી તાકીને છેવટે પેલો યુવક કંટાળ્યો. ફરી તાપણું. ફરી નવલકથાની બધી નકલોની હોળી.

આ યુવક તે નેથેનિયલ હૉથોર્ન. અમેરિકન નવલકથાના એક સીમાસ્થંભરૂપ ગણાયેલી નવલકથા 'ધ સ્કાર્લેટ લેટર'નો લેખક. પિતા વહાણનો કપ્તાન હતો. નેથેનિયલ ચાર વર્ષનો હતો ત્યારે એક દરિયાઈ મુસાફરીએ ગયો તે ગયો, પાછો ફર્યો જ નહીં. દરિયામાં ક્યાંક ગરક થઈ ગયો. વિધવા માતા સાથે એકાકી જીવન ગાળતો નેથેનિયલ મોસાળિયાંની દયાથી કૉલેજમાં ભણી શક્યો. કવિ હેન્રી લોંગફેલો અને અમેરિકાનો ૧૪મો પ્રમુખ ફ્રેન્કલિન પિઅર્સ કૉલેજમાં તેની સાથે ભણતા. ૧૮૪૨માં નેથેનિયલ એમર્સન અને થોરો જેવા પ્યુરિટન - રૂઢિવાદી ધર્મચુસ્તોના પરિચયમાં આવ્યો. એ પંથની અનુયાયી સોફિયા પીબોડીને પરણ્યો. પંથના આશ્રમમાં પણ થોડો વખત રહ્યો. પણ પછી પંથમાંનો વિશ્વાસ ઊઠતાં અલગ થયો. લેખક તરીકેની આવકમાંથી ગુજરાન ચાલે તેમ નહોતું. એટલે ૧૮૪૬માં સાલેમના બંદરમાં સર્વેયર તરીકે નોકરી કરવા

લાગ્યો. પણ ત્રણ વર્ષ પછી તેને નોકરીમાંથી પાણીચું આપવામાં આવ્યું. પણ ત્રણ વર્ષ સાલેમ બંદરના જે ગોદામમાં તેણે કામ કર્યું તેને તેણે અમર બનાવી દીધું. 'ધ સ્કાર્લેટ લેટર'ની મૂળ કથા શરૂ થાય છે તે પહેલાંના 'પ્રવેશક'માં નેથેનિયલે આ જકાત-ઘરના ગોદામનું અત્યંત વાસ્તવિક અને પ્રભાવક વર્ણન કર્યું છે. પોતાના જાતજાતના સાથીઓનું ચિત્રણ તેમાં લેખકે કર્યું છે. પોતાની હકાલપટ્ટીની વાત પણ કરી છે. આ ગોદામમાંના જૂના દસ્તાવેજો ફંફોસતાં લેખકને સોનેરી અને કસુંબી રંગના દોરાથી ભરત ભરેલો અંગ્રેજીના 'એ' અક્ષરવાળો કપડાનો એક જરીપુરાણો ટુકડો અને તેમાં વીંટાળેલા થોડા પીળાં પડી ગયેલા જર્જરિત કાગળો મળી આવે છે. આ કાગળોમાં લખેલી વાત વાંચીને પોતે એવો તો પ્રભાવિત થાય છે કે તેમાં થોડાઘણા સુધારાવધારા કરીને પોતે એ કથા વાચકો સમક્ષ રજૂ કરી રહ્યો છે તેમ આ 'પ્રવેશક'ને અંતે લેખકે કહ્યું છે.

હેસ્ટર નામની એક સ્ત્રીને ફાંસીના માચડા તરફ લઈ જઈ રહ્યા છે ત્યાંથી કથાની શરૂઆત થાય છે. તેને ફાંસીની સજા તો થઈ નથી પણ તેણે કરેલા ગુનાના બદલામાં જાહેર ફાંસીના માચડા પર ત્રણ કલાક ઊભા રહેવાની સજા તેને થઈ છે. સત્તરમી સદીના બોસ્ટન શહેરની સંખ્યાબંધ સ્ત્રીઓ પેલા માચડાની આસપાસ ટોળે વળી છે અને હેસ્ટરના નામનાં છાજિયાં લઈ રહી છે. એવો તે શો ગુનો હતો હેસ્ટરનો? તેનો પતિ બે વર્ષથી લાપતા હતો. મરી ગયો હશે એમ બધાં માનતાં હતાં. પણ જેલમાંથી બહાર આવીને તે છાનોમાનો પત્ની સાથે રાતો ગાળતો. માચડા પર ઊભેલી હેસ્ટરના હાથમાં ત્રણ મહિનાની નાની બાળકી હતી ! રૂઢિવાદી ધર્મપરસ્ત સ્ત્રીઓ આવી વ્યભિચારી સ્ત્રીનાં છાજિયાં ન લે તો શું કરે ? પણ એ બાળકી - પર્લનો પિતા કોણ હતો? વ્યભિચારના મહાપાતકમાં ભાગીદાર કયો પુરુષ હતો તેનું નામ હેસ્ટર કેમે આપતી નહોતી. એટલે આજે તેને જાહેરમાં ત્રણ કલાક ઊભી રાખી તેની નાલોશી કરવામાં આવી. છતાં તે એકની બે ન જ થઈ. હવે ? આખી જિંદગી પોતાનાં કપડાં પર છાતી ઉપરના ભાગમાં કસુંબી રંગે રંગેલો 'એ' અક્ષર ફરજિયાત પહેરવાની તેને સજા થઈ. આ 'એ' અક્ષર તેને પોતાને અને ગામના લોકોને સતત યાદ અપાવતો રહેશે કે આ બાઈ એડલ્ટરેસ - વ્યભિચારી છે. પણ હેસ્ટર જેનું નામ ! પોતાની સાથે શૈયાસુખ માણનાર પુરુષનું નામ તો ન જ આપ્યું; પણ પેલો 'એ' અક્ષર એ જાણે કોઈ મોટો ખિતાબ હોય તેમ સોનેરી અને કંસુબી રંગના દોરાથી ભરેલાં 'એ' વાળો

કાપડનો એ ટુકડો રોજ પોતાનાં કપડાં પર પહેરવા લાગી ! ગામને છેડે, જંગલની ધારે એક નાનકડા ઝૂંપડામાં હેસ્ટર અને પર્લ રહેવા લાગે છે. તેને ત્રણ કલાક જાહેરમાં ઊભી રાખી ત્યારે જે લોકો ટોળે વળ્યા હતા તેમાં તેનો પતિ રોજર પણ હતો : હકીકતમાં તે મર્યો જ નહોતો. તે હેસ્ટરને મળીને કહે છે કે પર્લનો બાપ કોણ છે તે શોધીને જ હું જંપીશ. પણ એ માટે મારે વેશપલટો કરવો પડશે. પણ તું મને વચન આપ કે હું જીવતો છું એ રહસ્ય તું કોઈને કહીશ નહીં. રોજર વૈદનો સ્વાંગ રચે છે. નસીબજોગે વૈદકના કામમાં થોડો યશ પણ મળે છે. ગામનો પાદરી આર્થર માંદો પડે છે. બંને વચ્ચે ઘરોબો બંધાય છે. રોજરને ખ્યાલ આવે છે કે પાદરી કોઈક પાપના અકથ્ય ભારથી પીડાય છે. અને એક દિવસ પાદરી પોતાના ગુનાનો એકરાર કરે છે. 'પેલી હેસ્ટરને ગામલોકોએ હડધૂત કરી ને સજા કરી, તેની સાથે શૈયાસુખ માણનાર તે હું જ.' અલબત્ત, પાદરીને ખબર નથી કે વૈદરાજ તે હકીકતમાં હેસ્ટરનો પતિ રોજર છે. આ વાત જાણીને રોજરમાં રહેલો શેતાન જાગે છે. સારવારને નામે તે પાદરીને પારાવાર પીડા આપે છે, ત્રાસ આપે છે. જે જાહેર ફાંસીના માચડા પર હેસ્ટરને ઊભી રાખેલી એ જ માચડા પર જઈને એક રાત્રે પશ્ચાત્તાપથી બળતો પાદરી પોતે ઊભો રહે છે. હેસ્ટર અને પર્લ પણ ત્યાં પહોંચે છે. ત્રણે સાથે માચડા પર ઊભાં રહે છે. પણ પર્લ કહે છે કે ખરી હિંમત હોય તો આમ રાત્રે છાનામાના નહીં, પણ ભરબપોરે બધાં દેખતાં અહીં ઊભા રહેવું જોઈએ. રોજર છુપાઈને આ બધું જોઈ રહ્યો છે. થોડા દિવસ પછી પાદરી અને હેસ્ટર જંગલમાં મળે છે. બંને વચ્ચે ફરી કુમળા ભાવો જન્મે છે. પોતાની ખાનગી વાત વૈદરાજ જાણે છે એમ પાદરી કહે છે ત્યારે હેસ્ટર પાદરી સાથે ભાગી જવાની તૈયારી કરે છે. હેસ્ટર કહે છે કે, આપણી વચ્ચે માત્ર દેહસંબંધ નથી, પ્રેમસંબંધ પણ છે અને પ્રેમ હંમેશાં પવિત્ર હોય છે. પણ પર્લ એ બંનેની સાથે જવા તૈયાર નથી. બીજી સવારે પાદરી ધર્મ પ્રવચન આપે છે તે ખૂબ વખણાય છે. પણ ભાષણને અંતે તે પેલા જાહેર ફાંસી માચડા પર જઈ ઊભો રહે છે. હેસ્ટર અને પર્લ પણ તેની સાથે ઊભાં રહી જાય છે. પાદરી પોતાનું ખમીસ ચીરીને પોતે પોતાની છાતી પર ત્રોફેલો 'એ' અક્ષર ગામલોકોને બતાવે છે. પછી ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરે છે ત્યાં જ તેનું પ્રાણપંખેરું ઊડી જાય છે. હેસ્ટર અને પર્લ ગામ છોડી ક્યાંક જતાં રહે છે. વખત જતાં પર્લ યુરોપમાં સ્થાયી થઈ પરણે છે. ઘરડી થયેલી હેસ્ટર ગામ પાછી ફરે છે

ત્યારે પણ તેણે પેલો સ્કાર્લેટ લેટર - એ - કપડાં પર પહેરવાનું છોડ્યું નથી. મૃત્યુ પછી ગામલોકો હેસ્ટરને પાદરીની કબરની બાજુમાં જ દફનાવે છે. બંનેની કબરનો એક જ પથરો મૂકવામાં આવે છે. એ પથરા પર કોતર્યો છે પેલો સ્કાર્લેટ લેટર - એ.

નેથેનિયલનો જન્મ ૧૮૦૪માં, મૃત્યુ ૧૮૬૪માં. ૧૮૫૦માં પ્રગટ થયેલી 'ધ સ્કાર્લેટ લેટર' પરથી આજ સુધીમાં ડઝનેક ફિલ્મો બની છે જેમાંથી ૧૯૩૪માં બનેલી ફિલ્મ સૌથી વધુ વખણાઈ છે. આપણા જાણીતા વિવેચક વિશ્વનાથ મગનલાલ ભટ્ટે 'પતન અને પ્રાયશ્ચિત' નામે કરેલો આ નવલકથાનો અનુવાદ ૧૯૩૯માં પ્રગટ થયો હતો.

●

૧૩. આ તે નવલકથા કે આત્મકથા ?
ડેવિડ કોપરફિલ્ડ/ ચાર્લ્સ ડિકન્સ

કથાનાયકની આત્મકથા તો છે જ આ નવલકથા, પણ ઘણે અંશે તેના લેખકની આત્મકથા પણ છે એ. નાનપણમાં પેટિયું રળવા કથાનાયક કારખાનામાં બાટલીઓ ઉપર લેબલ ચોંટાડવાનું કામ કરે છે, બાર વર્ષની ઉંમરે નવલકથાના લેખકે પોતે કર્યું હતું તેમ જ. યુવાન વયે કથાનાયક પહેલાં એક વકીલને ત્યાં કામ કરે છે, પછી છાપાનો ખબરપત્રી બને છે અને છેવટે બને છે એક સફળ નવલકથાકાર. નવલકથાનો લેખક પણ પહેલાં વકીલને ત્યાં કારકુન બનેલો, પછી છાપાનો ખબરપત્રી અને છેવટે એના જમાનાનો ઇંગ્લૅન્ડનો સૌથી વધુ જાણીતો અને માનીતો નવલકથાકાર. એ નવલકથાકાર તે ચાર્લ્સ ડિકન્સ અને જેને તેણે 'મારું માનીતું બાળક' કહીને ઓળખાવેલી તે નવલકથા તે ડેવિડ કૉપરફિલ્ડ. ૧૮૪૯ના મે મહિનાથી ૧૮૫૦ના નવેમ્બર સુધી હપ્તાવાર પ્રગટ થયા પછી તે પુસ્તકરૂપે પ્રગટ થયેલી. કૃતિનું આખું નામ છે 'ધ પર્સનલ હિસ્ટરી ઍન્ડ એક્સપીરિયન્સ ઑફ ડેવિડ કૉપરફિલ્ડ, ધ યંગર' -પણ ઓળખાય છે ડેવિડ કૉપરફિલ્ડના ટૂંકા નામે.

આખી કથા ડેવિડ કૉપરફિલ્ડના આત્મકથન રૂપે લખાઈ છે. જિંદગીનો લાંબો માર્ગ કાપ્યા પછી તે પોતાના પાછલા જીવન પર એક નજર નાંખે છે અને એની વાતો વાગોળે છે. નાનો હતો ત્યારે તો મા સાથે આનંદથી રહેતો. પેગોટી નામની એક સ્ત્રી પણ ઘરમાં હતી ડેવિડને ઉછેરવા માટે, તેની સારસંભાળ લેવા માટે. હા, પિતાનું મુખ કે પિતાનું સુખ ડેવિડે જોયું નહોતું, કારણ ડેવિડના જન્મ પહેલાં જ પિતાનું અવસાન થયેલું. પણ થોડા જ વખતમાં ડેવિડને માથે આફતનાં વાદળાં ઘેરાયાં. માએ બીજું લગ્ન કર્યું, મર્ડસ્ટોન નામના ક્રોધી, ઝનૂની, હઠીલા પુરુષ સાથે. એટલું જાણે ઓછું હોય તેમ તે પોતાની બહેન મિસ મર્ડસ્ટોનને પણ પોતાની સાથે રહેવા લઈ આવ્યો. શિસ્તની જબરી આગ્રહી. 'આમ

ન થાય!' અને 'આમ કેમ કર્યું ?' એવું રોજ હજારવાર સાંભળવું પડે ડેવિડને, માર પણ પડે. ડેવિડને અને મિસ મર્ડસ્ટોનને બારમો ચન્દ્રમા. ડેવિડ પણ કાંઈ ગાજ્યો જાય એવો નહોતો. એક વાર મારવા હાથ ઉપાડ્યો મિસ મર્ડસ્ટોને, ત્યારે તેનો હાથ પકડી મોટું એવું બટકું ભરી દીધું ડેવિડે. સાવકો બાપ ધૂંઆપૂંઆ. આવા ગામના ઉતાર છોકરાને હવે ઘરમાં ન રખાય. મોકલી દીધો એને બોર્ડિંગ સ્કૂલમાં ભણવા. સોટી વાગશે ચમચમ એટલે વિદ્યા નહીં આવે તોય સાન તો આવશે છોકરામાં. પારકી મા જ કાન વીંધે એ ન્યાયે માસ્તર જ સીધો દોર કરી શકશે આ નપાવટ છોકરાને. એટલે ડેવિડભાઈનો વરઘોડો પહોંચ્યો બોર્ડિંગ સ્કૂલે.

બીજું કોઈ ડેવિડને વહાલ કરે કે ન કરે, પણ પેલી પેગોટી તો વહાલ રાખતી. એક વાર લઈ જાય છે ડેવિડને પોતાને ઘરે, યારમાઉથ નામના ગામે. પેગોટીનો ભાઈ મિસ્ટર પેગોટી અને તેણે દત્તક લીધેલાં બે બાળકો હેમ અને એમિલી રહે, એ ઘરમાં. ઘર શેનું ? એક જૂના વહાણને ઊંધું કરીને તેની નીચે રહે. પેગોટીના બીજા ભાઈની વિધવા પણ સાથે રહે. સાલેમ હાઉસમાં મિસ્ટર ક્રેકલની નિશાળમાં ભણે ડેવિડ. ત્યાં જેમ્સ સ્ટીરફોર્થ સાથે દોસ્તી બંધાઈ. જેમ્સ હતો ભારે અહંકારી અને ઘમંડી. પણ કુમળા મનના ડેવિડને તે પોતાનો આદર્શ લાગ્યો. બીજો પણ એક દોસ્ત થયો, જાડિયો ટોમી ટ્રેડલ્સ. કમનસીબ હતો. તોફાન બીજા છોકરા વધારે કરે, પણ માસ્તરનો માર આ ટોમીને જ વધારે મળે, કારણ માસ્તર 'શૂળીએ ચડાવો જાડા નરને જોઈ'માં માનતા હશે. પણ ડેવિડના નસીબમાં આ નિશાળમાંય ઝાઝું ભણવાનું લખાયું નહોતું. થોડા વખત પછી ડેવિડની મા મરી ગઈ એટલે નિશાળ છોડી તે પાછો ઘરે ગયો. હવે તો ડેવિડ જાણે સાવકો દીકરો નહીં પણ નોકર હોય એમ તેની સાથે વર્તવા લાગ્યો મર્ડસ્ટોન. કહે કે ઘરમાં બેસીને રોજ રોટલા ઝોંસ્યા કરીશ તો એ રોટલા આવશે ક્યાંથી ? મારા કારખાનામાં કામે લાગી જા. મા વગરનો ઓશિયાળો છોકરો. શું કરે ? લાગી ગયો કારખાનામાં જઈને બાટલીઓ પર લેબલ લગાવવાના કામમાં. એટલાથી સંતોષ ન થયો તે મિસ્ટર મિકાવબર નામના એક માણસને ત્યાં રહેવા મોકલી દીધો ડેવિડને. મિકાવબર હતો એશઆરામી. પૈસા કમાય તેના કરતાં ખર્ચે વધુ. જોતજોતામાં મોટું દેવું માથે થઈ ગયું. લેણદારોથી બચવા ગામ છોડી ગયો. ડેવિડ બન્યો નિરાધાર. પિતાનું મોં તો જોયું નહોતું ડેવિડે, પણ મિસ બેટ્સી

ટ્રોટવૂડ નામની એક ફોઈ હતી પોતાને, એની ખબર તેને. આ ફોઈ સિવાય જેને પોતાનું કહી શકાય એવું બીજું કોઈ સગુંવહાલું નથી પોતાનું, એય જાણતો હતો ડેવિડ. ખૂબ લાંબું અંતર ચાલીને ફોઈને ઘરે પહોંચ્યો. આશરો માગ્યો. બેટ્સીના એક મિત્ર મિસ્ટર ડિકે સલાહ આપી કે રાખી લે બચાડા છોકરાને તારા ઘરમાં, એટલે ડેવિડને માથે ફોઈના ઘરનું છાપરું મળ્યું.

બેટ્સી ફોઈએ ડેવિડને ડૉક્ટર સ્ટ્રૉન્ગની નિશાળમાં ભણવા મૂક્યો. ઘરથી નિશાળ દૂર હતી એટલે મિસ્ટર વિકફિલ્ડની સાથે તેમના ઘરમાં ડેવિડ રહેવા લાગ્યો. ઘરમાં વિકફિલ્ડ અને એમની દીકરી એગ્નેસ. થોડા દિવસમાં તો એગ્નેસ અને ડેવિડ પાકાં દોસ્ત બની ગયાં. વિકફિલ્ડને ત્યાં રહીને બીજો એક છોકરો પણ ભણતો. તેનું નામ યૂરિયા હીપ. ઝેરી નાગ જેવો છોકરો. વળી જ્યાં ત્યાં માથું મારવાની ટેવ. જોતજોતામાં ડેવિડે નિશાળનું ભણતર પૂરું કર્યું અને પછી ઊપડ્યો યારમાઉથ, પેગોટીને મળવા. પેગોટી હવે મિસ્ટર બાર્કિસ સાથે પરણી હતી. ભણી રહ્યા પછી હવે શો ધંધોધાપો કરવો એના વિચાર ડેવિડ કરવા લાગ્યો. યારમાઉથ આવતાં રસ્તામાં ડેવિડને અગાઉ નિશાળમાં સાથે ભણતો તે જેમ્સ સ્ટીરફોર્થ મળી ગયેલો. તેમની સાથે ડેવિડ સ્ટીરફોર્થની માને મળવા પણ ગયેલો. યારમાઉથમાં સ્ટીરફોર્થ, પેગોટી અને તેના વર વચ્ચે સારો ઘરોબો બંધાઈ ગયો. થોડા દિવસ યારમાઉથમાં ગાળી ડેવિડ પાછો ફર્યો ત્યારે બેટ્સી ફોઈએ કહ્યું કે કોઈ વકીલને ત્યાં કારકુન તરીકે કામ કરે તો સારું. એટલે ડેવિડભાઈ ઉપડ્યા લંડન. ત્યાં સ્પેનલો ઍન્ડ જોરકિન્સ નામની વકીલાતની પેઢીમાં શિખાઉ કારકૂન તરીકે જોડાયા. મિસિસ ક્રપ નામની એક બાઈને ઘરે રહેવાની વ્યવસ્થા પણ થઈ ગઈ. કંપનીના મિસ્ટર સ્પેનલોનો માનીતો થઈ પડ્યો ડેવિડ. એક વાર શનિ-રવિની રજામાં ડેવિડને પોતાને ત્યાં રહેવા બોલાવ્યો સ્પેનલોએ. ત્યાં ડેવિડે સ્પેનલોની દીકરી ડોરાને જોઈ. જોઈ એવી જ આખમાં વસી ગઈ. બન્ને પડ્યાં પ્રેમમાં.

લંડનમાં ડેવિડને સહાધ્યાયી ટોમી ટ્રેડલ્સનો ફરી ભેટો થયો. થોડો વખત જેને ત્યાં રહ્યો હતો અને લેણદારોથી બચવા જે ભાગી ગયો તે મિસ્ટર મિકાવબરનો પણ ભેટો થયો. જિંદગી થાળે પડવા લાગી, ત્યાં જ ગામથી વાવડ આવ્યા કે મિસ્ટર બાર્કિસ મરણપથારીએ છે. પેગોટી માટે આ કપરી કસોટી. મારે તેની પડખે ઊભા રહેવું જોઈએ એમ વિચારી

ડેવિડ ઊપડે છે યારમાઉથ. એમિલી અને હેમનાં લગ્ન થવાનાં છે. પણ ડેવિડને ખ્યાલ આવે છે કે આ લગ્ન અંગે એમિલી રાજી નથી. બાર્કિસના અવસાન પછી તરત જ એમિલી સ્ટીરફોર્થ સાથે નાસી જાય છે. આથી પેગોટી નાસીપાસ થઈ જાય છે. પણ કહે છે કે હું સાતમાં પાતાળમાંથી પણ એમિલીને શોધીને ફરી ઘરે લાવીશ.

એક બાજુથી પેગોટીના પતિ પ્રભુને પ્યારા થઈ ગયા અને બીજી બાજુથી દીકરી એમિલી ઘર છોડીને ભાગી ગઈ તે પછી થોડા વખતે મિસ બેટ્સી લંડન પહોંચી ડેવિડ પાસે. મિસ્ટર વિકફિલ્ડે યૂરિયા હીપ સાથે ભાગીદારી કરી છે એટલે હવે મારી આર્થિક સલામતી જોખમમાં મુકાઈ છે એમ તેણે ડેવિડને કહ્યું. પણ ડેવિડ તો પોતાના શેઠ સ્પેનલોની દીકરી ડોરાના પ્રેમમાં ઊંડો ને ઊંડો ઊતરતો જતો હતો. તેણે મનોમન નક્કી કરી લીધું હતું કે ખૂબ મહેનત કરીને ઘણા બધા પૈસા કમાઈશ જેથી હું ડોરા જેવી તવંગર ઘરની દીકરીને પરણી શકું. પણ ડોરા ડેવિડને પરણે એ સામે તેના બાપનો ઉગ્ર વિરોધ હતો. બંને વચ્ચે આ અંગે ચકમક પણ ઝરી. પણ તે જ રાતે એક અકસ્માતમાં મિસ્ટર સ્પેનલોનું મૃત્યુ થયું. અનાથ થયેલી ડોરા હવે તેની બે કાકીઓ સાથે રહેવા ચાલી ગઈ. તો બીજી બાજુ યુરિયા હીપે ડૉક્ટર સ્ટ્રૉન્ગના કાન ભંભેર્યા કે તમારી વહુનું તો જૅક મેલ્ડન સાથે લફરું ચાલે છે.

સ્પેનલોના અવસાન પછી વિરોધ કરનારું કોઈ રહ્યું નહોતું એટલે ડોરા અને ડેવિડ રંગેચંગે પરણી ગયાં. પણ લગ્ન પછી ડોરાનું ખરું પોત પ્રકાશ્યું. તવંગર ઘરની મોઢે ચડાવેલી દીકરી. એદી ને આળસુ. ઘરકામની બાબતમાં અલ્લાયો. ઘરને ધરમશાળા જેવું રાખે. પણ પ્રેમલગ્ન હતાં એટલે પહેલાં તો ડેવિડે આ બધાં સામે આંખ આડા કાન કર્યા. ચાહતો હતો ડોરાને અને પોતે સુખી છે એમ મન મનાવતો. મિસ્ટર ડિક હતો ધૂની, પણ મનનો મેલો નહોતો. ડૉક્ટર સ્ટ્રૉન્ગ અને તેની પત્ની એની વચ્ચેની ગેરસમજણ દૂર કરાવી. એનીના લફરાની વાત જ મૂળે સાચી નહોતી. પણ હીપે કાનભંભેરણી કરેલી એટલે બંનેનાં મન ઉચક થયેલાં. બીજી બાજુ ડેવિડને એક માઠા સમાચાર મળ્યા. સ્ટીયરફોર્થે એમિલીને છાંડી દીધી હતી. તે પછી એમિલી સ્ટીયરફોર્થના નોકર લિટીમર સાથે ભાગી ગઈ હતી. ડેવિડ નક્કી કરે છે કે આ નોકરની ચુંગાલમાંથી એમિલીને છોડાવવી જોઈએ. ડેવિડ અને મિસ્ટર પેગોટી એમિલીની ખાસ સખી માર્થાની મદદ લે છે. માર્થા એમિલીને શોધી કાઢે છે અને

મિસ્ટર પેગોટીનો અને તેનો મેળાપ કરાવે છે. એમિલીને લઈને મિસ્ટર પેગોટી ઑસ્ટ્રેલિયા ચાલ્યા જવાનું નક્કી કરે છે. મિકાવબર દંપતી કહે છે, અમે પણ તમારી સાથે ઑસ્ટ્રેલિયા આવશું. પણ જતાં પહેલાં તેઓ યૂરિયા હીપના આર્થિક ગોટાળાઓનો ભાંડો ફોડે છે.

યારમાઉથ ગામને માથે ભયંકર વાવાઝોડું ત્રાટકે છે. એક ડૂબતા ખલાસીને બચાવવા જતાં પેગોટીનો દત્તક પુત્ર હેમ મોતને ભેટે છે. પણ આ ડૂબતો ખલાસી તે બીજું કોઈ નહીં, પણ ડેવિડનો બાળપણનો દોસ્ત જેમ્સ સ્ટીરફોર્થ હતો ! થોડા વખત પછી ડોરા માંદગીમાં પટકાય છે. ડેવિડ તેની ઘણી સારવાર કરે છે. પણ ભગવાનની મરજી કોઈ બદલી શક્યું છે ? ડેવિડને મૂકીને ડોરા મોટે ગામતરે નીકળી પડે છે. હવે આ દેશમાં રહીને શું કરવાનું ? ડેવિડનું મન ઊઠી જાય છે. એટલે એ પણ નીકળી પડે છે પરદેશની મુસાફરીએ. નસીબ પણ કેવા કેવા ખેલ ખેલે છે માણસ સાથે ! 'ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થશે કાલે.' તો આ બિચારા ડેવિડને તો ક્યાંથી ખબર હોય કે આ મુસાફરીનું પરિણામ શું આવશે? તેને એકાએક ભેટો થઈ જાય છે એગ્નેસનો. ડૉક્ટર સ્ટ્રૉન્ગની નિશાળમાં ભણતો ત્યારે ડેવિડ મિસ્ટર વિકફિલ્ડને ઘરે રહેતો. ત્યારે વિકફિલ્ડની દીકરી એગ્નેસનો પરિચય થયેલો. બંનેના મનમાં એકબીજાં માટે પ્રેમના અંકુરો ફૂટેલા. પણ એમનો પ્રેમ પાંગરે તે પહેલાં તો સંજોગવશાત્ બંને છૂટાં પડી ગયેલાં. ડેવિડ ડોરાને પરણ્યો. ઘરભંગ થયો. પણ વર્ષો પછી ડેવિડ અને એગ્નેસ ફરી મળ્યાં ત્યારે આત્માએ આત્મન્‌ને ઓળખ્યો અને ન્હાનાલાલના જયંતની જેમ ડેવિડ મનોમન ગાવા લાગ્યો : 'એક જ્વાલા જલે તુજ નયનોમાં, રસજ્યોત નિહાળી નમું હું નમું.' અદરાંયા બંને. બાળકો થયાં. ડેવિડના જીવનમાં હવે સાચાં સુખશાંતિ હતાં એટલે તે પોતાની લેખક તરીકેની કારકિર્દી પર વધુ ને વધુ ધ્યાન આપવા લાગ્યો અને લેખક તરીકે તેને સારી એવી સફળતા અને લોકપ્રિયતા મળી, તેના સર્જક ચાર્લ્સ ડિકન્સની જેમ જ.

૧૮૩૭માં ડિકન્સની પહેલી નવલકથા પિકવિક પેપર્સ પ્રગટ થઈ. પ્રગટ થતાવેંત લોકોના મનમાં વસી ગઈ. બસ, ત્યારથી માંડીને લોકપ્રિયતાની બાબતમાં ડિકન્સે ક્યારેય પાછું વળીને જોયું નહીં. ૧૮૩૭-૧૮૩૯ દરમિયાન ઑલિવર ટ્વિસ્ટ લખી, ૧૮૩૮-૧૮૩૯માં નિકોલસ નિકલ્બી લખી. ૧૮૪૩માં ક્રિસમસ કેરોલ પ્રગટ થઈ. ૧૮૪૯માં તેણે ડેવિડ કૉપરફિલ્ડ લખવાનું શરૂ કર્યું. ૧૮૬૦-૧૮૬૧માં

લખાયેલી 'ધ ગ્રેટ એક્સપેક્ટેશન્સ' તેની સૌથી જાણીતી નવલકથા. પણ તેમાંનાં કેટલાંક પાત્રો, પ્રસંગો ડેવિડ કૉપરફિલ્ડનાં પાત્રો અને પ્રસંગો સાથે મળતાં આવે છે. ડેવિડ તો કથાને અંતે એગ્નેસ સાથે પરણીને સુખી થાય છે. પણ ડિકન્સના નસીબમાં સુખી લગ્નજીવન નહોતું. તે એક છાપામાં કામ કરતો ત્યારે પોતાની સાથે કામ કરતા કાર્યકરની કન્યા કેથેરાઈન હૉગાર્થ સાથે પ્રેમમાં પડ્યો. તેને પરણ્યો. બંનેને દસ બાળકો થયાં, પણ લગ્નજીવનમાં ખટરાગ. છેવટે ૧૮૫૮માં ડેવિડ કૉપરફિલ્ડ પ્રગટ થયા પછી આઠ વર્ષે ડિકન્સ અને કેથેરાઈન છૂટાં પડ્યાં. લેખક તરીકે તો લોકપ્રિય હતો જ, પણ પ્રવચનકાર તરીકે પણ ખૂબ નામના મેળવી. અમેરિકા અને યુરોપમાં ખૂબ ફર્યો ભાષણો કરવા. ૧૮૫૮થી તે પોતાની કૃતિઓના જાહેર પઠનના કાર્યક્રમો પણ કરવા લાગ્યો. તેનું મન તો હજી ઘણું કરવા ધારતું હતું, પણ તન સાથ નહોતું આપતું. સતત લેખન, વારંવારના પ્રવાસો. શરીર કથળતું ચાલ્યું. માત્ર ૫૮ વર્ષની ઉંમરે ૧૮૭૦ના જૂનની નવમી તારીખે ડિકન્સનું અવસાન થયું. ધ મિસ્ટરી ઑફ એડવિન ડ્રૂડ નામની નવલકથા લખતો હતો તે મૃત્યુને લીધે અધૂરી રહી ગઈ. પણ તે પહેલાં લખાયેલી પંદર નવલકથાઓએ તેને બ્રિટિશ સાહિત્યમાં કાયમી સ્થાન અપાવ્યું. ડેવિડ કૉપરફિલ્ડ પરથી પહેલી ફિલ્મ ૧૯૧૧માં બની. તે પછી ૧૯૧૩, ૧૯૨૨, ૧૯૩૫, ૧૯૫૮ અને ૧૯૬૬માં ફિલ્મો બની. તેમાંથી મેટ્રો ગોલ્ડવિન મેયરની ૧૯૩૫ની ફિલ્મને સૌથી વધુ સફળતા મળી હતી.

●

૧૪. બે નગર, કથા એક
ટેલ ઑફ ટુ સિટીઝ / ચાર્લ્સ ડિકન્સ

૧૮૫૯માં તેને પત્ની સાથે ઝઘડો થયો. વાત છૂટાછેડા સુધી પહોંચી. અફવા ફેલાઈ કે તેને સાળી સાથે લફરું હતું અને પત્ની સાથેના ઝઘડાનું અને છૂટાછેડાનું મૂળ તેમાં હતું. આ અફવાને રદિયો આપતો એક પત્ર લખ્યો અને 'હાઉસહોલ્ડ વર્ડ્ઝ' નામના સામયિકમાં છાપવાનું નક્કી કર્યું. તેણે પોતે એ સામયિક ૧૮૫૦માં શરૂ કરેલું અને તે તેનો તંત્રી હતો. પણ સામયિકના પ્રકાશકે તેનો તે પત્ર છાપવાની ના પાડી દીધી. એટલે એ પ્રકાશક સાથે પણ તેને ઝઘડો થયો. તેણે તરત જ એ સામયિક બંધ કરી દીધું, પણ છેલ્લા અંકમાં પોતાના નવા સામયિકની જાહેરાત કરી દીધી. એ નવા સામયિકનું નામ હતું 'ઑલ ધ યર રાઉન્ડ'. પહેલા જ અંકથી, ૧૮૫૯ના ઍપ્રિલની ત્રીસમી તારીખથી, લાખ-લાખ નકલ વેચાવા લાગી. કારણ એ અંકથી પોતાની નવી ઐતિહાસિક નવલકથા તેમાં ધારાવાહિકરૂપે પ્રગટ કરવાનું તેણે શરૂ કર્યું. ૩૧ અઠવાડિયાં સુધી એ નવલકથા પ્રગટ થતી હતી. નવેમ્બર ૨૬નાં અંકમાં તેનો છેલ્લો હપ્તો પ્રગટ થયો.

એ નવલકથા તે 'અ ટેલ ઑફ ટુ સિટીઝ' અને તેનો લેખક તે ચાર્લ્સ ડિકન્સ, વિક્ટોરિયન યુગનો સૌથી વધુ લોકપ્રિય નવલકથાકાર. 'એ દિવસો હતા સારામાં સારા, એ દિવસો હતા માઠામાં માઠા. એ જમાનો હતો ડહાપણનો, એ જમાનો હતો અનેક મૂર્ખાઈઓનો. એ યુગ હતો શ્રદ્ધાનો, એ યુગ હતો સંદેહનો. એ ઋતુ હતી અજવાળાની, એ ઋતુ હતી અંધારાની. એ હતા આશાની વસંતના દિવસો, એ હતા નિરાશાના શિયાળાના દિવસો. ટૂંકમાં કહીએ તો એ જમાનો આજના જમાના જેવો જ હતો.' અંગ્રેજી ભાષાના અમર શબ્દોમાં 'ટેલ ઑફ ટુ સિટીઝ'ના આરંભના આ શબ્દોની ગણના થાય છે. આ નવલકથામાં જે બે નગરોની વાત છે તે છે લંડન અને પેરિસ. એ વખતે બ્રિટન અને ફ્રાન્સ બન્ને

અન્યાય, હિંસા, અંધાધૂંધીમાં સપડાયેલાં - તેમના રાજવીઓના માઠા કારભારને પરિણામે. લોકો અકળાયેલા હતા, પણ નિરાશ થયા નહોતા. અંતકાળ નજીક આવ્યો છે એવું માનતા નહોતા. ભલે ગમે તે થાય, દુનિયા તો ચાલતી જ રહેવાની છે એવો તેમના મનમાં સધિયારો હતો. એવા એ વીતેલા જમાનાના ૧૭૭૫ના નવેમ્બર મહિનાની એક કાજળકાળી રાત. એક ગાડી ડોવર જઈ રહી છે. આમ તો એ ગાડી છે ટપાલ લાવવા-લઈ જવા માટેની, પણ એ જમાનામાં જગ્યા હોય તો ગાડીવાન બે-ચાર મુસાફરોને પણ બેસાડતો. અંધારી રાતના નીરવ વાતાવરણમાં ઘોડાના ડાબલાનો અવાજ. એક ભેદી અસવાર આવીને એ ગાડીને રોકે છે. પૂછે છે : 'મુસાફરોમાંથી કોઈનું નામ જર્વિસ લોરી છે?' અને ગાડીમાં એ નામનો એક મુસાફર હતો. પેલો ઘોડેસવાર લંડનની ટેલસન્સ બૅન્કનો તાકીદનો સંદેશો તેને આપે છે. ગાડી આગળ ચાલે છે. ડોવર પહોંચે છે. લોરી એક હોટેલમાં ધામા નાખે છે. આખો દિવસ કોઈકની રાહ જોવામાં વિતાવે છે. છેવટે એક યુવતી તેને મળવા આવે છે-લૂસી મેનેટ. પૂછે છે : 'પણ ટેલસન્સ બૅન્કને મારી પાસેથી જોઈએ છે શું?' લોરી તેને કહે છે: 'છેલ્લાં અઢાર વર્ષથી તેં જેને મરેલો માની લીધો છે તે તારો બાપ ખરેખર મર્યો નથી.એ પેરિસની એક જેલમાં સબડે છે.' લૂસીના બાપનું નામ એલેકઝાન્ડર મેનેટ. લૂસી લોરીને વિનવે છે : 'ગમે તમે કરી મને પેરિસ લઈ જાવ. મારે મારા બાપને જેલમાંથી છોડાવવો છે'. લોરી તૈયાર થાય છે. લૂસી અને તેની દેખભાળ રાખતી મિસ પ્રોસને લઈને પેરિસ પહોંચે છે.

પેરિસ પહોંચીને એ લોકો જાય છે એક દારૂના પીઠામાં. અર્નેસ્ટ અને થેરેસે દ'ફાર્ગે નામનાં વર-વહુ એ પીઠું ચલાવે છે. એ જમાનો હતો ફ્રેન્ચ ક્રાન્તિનો, અને ક્રાન્તિકારીઓ માટે આ પીઠું સ્વર્ગસમું આશ્રયસ્થાન હતું. જો કે માદામ દ'ફાર્ગે ભાગ્યે જ કશું બોલતી અને આખો દિવસ કશુંક ગૂંથ્યા કરતી. લોરી અને લૂસીને અર્નેસ્ટ એક નાનકડા ઓરડામાં લઈ જાય છે. ત્યાં એક જર્જરિત ઘરડો માણસ બેઠો બેઠો જોડા બનાવી રહ્યો છે. અર્નેસ્ટ તેને બોલાવે છે, જરા વિચિત્ર નામે : 'એકસો પાંચ, નૉર્થ ટાવર!, આ નામ સાંભળતાવેંત બુઢ્ઢો જવાબ આપે છે, ભયભીત બનીને. આ નામ હતું તેનું એ બેસ્ટાઈલની જેલમાં કેદી હતો ત્યારે. જેલમાં પણ તે આમ જ બેઠો બેઠો જોડા બનાવ્યા કરતો, હજીય બનાવ્યા કરે છે. પહેલાં તો આવા બુઢ્ઢાને જોઈને લૂસી થોડી ગભરાઈ જાય છે. પણ પછી

ઓળખાણ પડે છે. ભેટી પડે છે બાપને, અને ચોધાર આંસુએ રડે છે દીકરી. આવો નિરાધાર, હતાશ, ભાંગી પડેલો, મારો બાપ ! લૂસી અને લોરી બન્ને ડૉ. એલેકઝાન્ડર મેનેટને લઈને પેરિસથી લંડન આવે છે.

– એ વાતને પાંચ વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે. પાંચ વર્ષ પહેલાંની અંધારી રાતે ડોવર જતી ગાડીને રોકીને જેણે સંદેશો આપ્યો હતો તે હતો જેરી ક્રન્ચર. ટેલસન્સ બૅન્કમાં કામ કરે છે એ. અવારનવાર બાયડીને મારઝૂડ કરે છે. કારણ ? કારણ આખો દિવસ બચાડી ધરમધ્યાન ને પાઠપૂજામાંથી ઊંચી જ નથી આવતી ! પરમેશ્વરને પામવાની લાયમાં પતિ તરફ ધ્યાન જ નથી આપતી. બૅન્કનો એક ઉપરી જેરીને હુકમ કરે છે : ઓલ્ડ બેઇલીની અદાલતમાં એક ખટલો ચાલે છે ત્યાં જઈ મિસ્ટર જર્વિસ લોરીને મદદ કર. અદાલતમાં ચાર્લ્સ ડાર્ને નામના એક ફ્રેન્ચ માણસ પર ખટલો ચાલી રહ્યો છે. આરોપ મુકાયો છે કે તે ફ્રેન્ચ સરકારનો જાસૂસ હતો અને બ્રિટનમાં રહી ગુપ્ત માહિતી મેળવતો હતો. ખટલામાં સાક્ષી તરીકે લોરી, લૂસી અને ડૉ.મેનેટને બોલાવવામાં આવે છે. અનિચ્છા હોવા છતાં ત્રણે જણ જુબાની આપે છે. ડાર્નેનો વકીલ છે મિસ્ટર સ્ટ્રેવર. અદાલતમાં તેનો કારકુન દાખલ થાય છે – સિડની કાર્ટન અને વકીલ તેને બતાવીને સાક્ષીને સવાલ પૂછે છે : તમે ચાર્લ્સ ડાર્નેને ઓળખવામાં થાપ ખાઈ ગયા હતા તેમ ન બને ? તમે જેને જોયો હતો તે ડાર્ને જ હતો ? કે પછી તેના જેવો દેખાતો બીજો કોઈ માણસ હતો? અને એ જ ઘડીએ આખી અદાલત આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. કારણ આરોપી ચાર્લ્સ ડાર્ને અને કારકુન સિડની કાર્ટન ચહેરેમહોરે અદલ એકબીજાને મળતા આવતા હતા. ડાર્નેને શકનો લાભ આપીને અદાલત છોડી મૂકે છે.

ડાર્ને નિર્દોષ છૂટ્યો તેના માનમાં રાતે મિજબાની થાય છે. મિજબાની દરમિયાન ડૉ. મેનેટ ડાર્નેને ધારી ધારીને જોયા કરે છે. કાર્ટન ખૂબ દારૂ ઢીંચીને ડાર્નેનું અપમાન કરે છે. પણ ડાર્ને શાંત રહે છે. તેના ગયા પછી કાર્ટન કહે છે કે મને ડાર્નેની ઈર્ષા આવે છે. માત્ર ચહેરાના મળતાપણાને કારણે તે બચી ગયો. પછી કાર્ટન વકીલ સ્ટ્રેવરની ઑફિસમાં કામે જાય છે, બન્ને જણ લૂસી વિષે વાતે વળગે છે. કાર્ટન લૂસીને સોનેરી વાળવાળી ઢીંગલી કહે છે. પછી ઘેર જઈને પથારીમાં પડે છે અને પડ્યો પડ્યો રડે છે. થોડા દિવસ પછી ડાર્ને અને કાર્ટન ડૉ. મેનેટને ઘરે જાય છે. ત્યારે ડાર્ને એક કેદીની વાત કહે છે તે સાંભળી ડૉ. મેનેટ

ધૂંવાપૂંવા થઈ જાય છે.

ડાર્નેની વાત સાંભળીને ધૂંઆપૂંઆ થઈ ગયેલા ડૉ. મેનેટને લંડનમાં જ રહેવા દઈને હવે આપણે પાછા પેરિસ જઈએ. ત્યાં મોન્સેન્યૂર નામના એક ઉમરાવ બાદશાહી ઠાઠથી સુખચેનમાં રહે. ધૂંધવાયેલા એવરમોન્ડ મહાશયે પોતાની ગાડી ચીલઝડપે દોડાવી. રસ્તામાં એક નાનકડું બાળક રમતું હતું. ગાડીનાં પૈડાં તેના પરથી ફરી ગયાં અને બાળક ત્યાં ને ત્યાં રામશરણ થઈ ગયું. તેના શબ પાસે બેસીને તેનો બાપ મોંફાટ આક્રંદ કરવા લાગ્યો. થોડે દૂર જઈને ગાડી ઊભી રહી ગયેલી, તેમાંથી એવરમોન્ડ શેઠે થોડા સિક્કા પેલા આક્રંદ કરતા બાપ તરફ ફેંક્યા અને પછી ગાડી ફરી મારી મૂકી પોતાની હવેલી તરફ. પણ રસ્તામાં બે જણાએ ફરી એવરમોન્ડ શેઠને રોક્યા. એક બાઈ કહે છે કે મારા વરની કબર પર મુકાવવાના પથરા માટે મારી પાસે પૈસા નથી તો મને મદદ કરો. રસ્તાનું સમારકામ કરતા એક મજૂરે કહ્યું કે તમારી ગાડી નીચે લટકીને તમારો પીછો કરતા એક માણસને મેં જોયો હતો. પણ ધનના મદમાં ચકચૂર ઉમરાવે બંનેને હડધૂત કર્યાં, નોકર પાસે તેમને ધક્કા મરાવ્યા.

છેવટે ઉમરાવ એવરમોન્ડ હેમખેમ ઘેર પહોંચ્યા. પહોંચીને હાંફળાંફાંફળા થઈ પૂછવા લાગ્યા : ઇંગ્લૅન્ડથી ચાર્લ્સ મહાશય આવવાના હતા તે આવી ગયા ! હવે સગપણમાં આ ચાર્લ્સ મહાશય એવરમોન્ડના ભત્રીજા થતા હતા અને આપણને લાગેવળગે છે ત્યાં સુધી આ ચાર્લ્સ તે બીજું કોઈ નહીં પણ જેની વાતથી ડૉ. મેનેટ ધૂંઆપૂંઆ થઈ ગયા હતા તે ડાર્ને. આવી ગયા હતા મહેમાન. બંને વચ્ચે વાતો તો મીઠી થતી રહી, પણ અંદરખાનેથી બંનેને એકબીજા સાથે બનતું નહોતું. ડાર્નેના મનમાં એવરમોન્ડની મિલકત ને વાડીવજીફા પડાવી લેવાના પેંતરા ચાલે, ને એવરમોન્ડ મનોમન પ્રાર્થના કર્યા કરે કે આ રૉયો ચાર્લ્સ કાલ મરતો હોય તો છો આજ મરે. આવા વિચાર કરતા ઉમરાવ એવરમોન્ડ પોતાના છત્રીપલંગે પોઢ્યા. પણ ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થશે કાલે. બીજે દિ' સવારે ઊઠ્યા જ નહીં!

એ વાતને વરસ વીતી ગયું. ડાર્ને ફ્રેન્ચ ભાષાના શિક્ષક તરીકે ઇંગ્લેન્ડમાં પેટિયું રળે છે. છેલ્લાં એક વર્ષથી ડાર્ને લૂસીને ચાહે છે, પણ લૂસીને આ વાતનો અણસારો આવ્યો નથી. કારણ પોતાના ભૂતકાળથી ગભરાઈને ડાર્નેએ પ્રેમનો એકરાર કર્યો નથી. હવે ડાર્ને નક્કી કરે છે કે ભૂતકાળ વિશેની બધી પેટછૂટી વાત ડૉ. મેનેટને કહી દેવી. ડૉ. મેનેટ તેની

વાત સહાનુભૂતિપૂર્વક સાંભળે છે, પણ જ્યારે ડાર્ને કહે છે કે હું લૂસીને ચાહું છું ત્યારે તેના બાપ ડૉ.મેનેટનું વાજું બદલાઈ જાય છે, છતાં ડાર્નેને તે કહે છે કે લૂસીને મેળવવાનો પ્રયત્ન કરવાનો તેનો હક્ક છે, પ્રયત્ન કરી જો. ભૂતકાળ વિશેની ડાર્નેની વાત તારા લગ્નને દિવસે કરજે. મોડી રાતે લૂસી ઘેર આવે છે ત્યારે જુએ છે કે ઘણા વખતે પિતા પાછા જોડા બનાવવાના કામમાં મંડી પડ્યા છે. - પેરિસના પેલા પીઠામાં જોયેલા ત્યારે મંડી પડેલા તેમ જ !

વકીલ સ્ટ્રેરેવેર અને તેનો સાથી કાર્ટન હજી સાથે જ કામ કરે છે. એક રાતે સ્ટ્રેવૅર લૂસી માટેના પોતાના પ્રેમનો તે કાર્ટન પાસે એકરાર કરે છે. કશો જવાબ આપ્યા વગર કાર્ટન દારૂ ઢીંચવાનું ચાલું રાખે છે. બીજે દિવસે સવારે લૂસીને ઘેર જઈ સ્ટ્રેવેર લગ્નની દરખાસ્ત રજૂ કરવાનું નક્કી કરે છે. ઘરેથી નીકળે છે પણ ખરો. પણ રસ્તામાં લોરી સાથે વાતો કરવા રોકાય છે. લોરી કહે છે કે લૂસીને પામવાનું સપનું ભૂલી જા. એ કાંઈ તને પરણવા રાજી થશે નહીં. તેની વાત માનીને સ્ટ્રેવેર લૂસીને ઘરે જઈ લગ્નની દરખાસ્ત રજૂ કરવાનો વિચાર માંડી વાળે છે. બીજી બાજુ લૂસીને ઘરે કાર્ટનનો આવરોજાવરો વધી ગયો છે. હિંમત કરીને કહી દે છે કે તને ચાહું છું હું. આ સાંભળી લૂસી રડી પડે છે. પણ કાર્ટન જેનું નામ ! કહે છે કે તને પામી ન શકું તો કાંઈ નહીં, પણ તારે માટે મારા પ્રાણ પાથરવાની જરૂર પડશે તો તેમ કરતાંય હું ખચકાઈશ નહીં.

ટેલસન્સ બૅન્કનો સંદેશવાહક જેરી રસ્તા પરથી પસાર થતા એક જનાજાને જોઈ રહે છે. એ અંતિમયાત્રા હતી રોજર ક્લે નામના એક જાસૂસની. મરનારનું મોઢું જોઈને જેરીને થાય છે કે આ માણસને તો 'પહેલાં મેં ક્યાંક જોયો છે. પણ ક્યાં ? અરે, હા, યાદ આવ્યું -ડાર્ને પર ખટલો ચાલતો હતો ત્યારે. તે રાતે જેરી વહુ-દીકરાને કહે છે કે હું બહાર જાઉં છું અને આવતાં મોડું વહેલું થાય તો ચિંતા ન કરતા. પણ દાળમાં કંઈક કાળું છે એવો વહેમ જતાં દીકરો જેરીનો પીછો પકડે છે. બીજા બે માણસોને લઈને જેરી કબ્રસ્તાનમાં પહોંચે છે અને એક કબર ખોદી કાઢે છે. શબપેટીનું ઢાંકણું ખોલી અંદર નજર નાખે છે. પણ જેરીના દીકરાથી આ બધું નથી જોવાતું. મુઠ્ઠીઓ વાળીને ભાગે છે ઘેર.

ડાર્ને સાથેના લગ્નની આગલી રાત લૂસી પિતા ડૉ. મેનેટ સાથે ગાળે છે. લૂસીની મા વિષે અને પોતાના ભૂતકાળ વિશે મેનેટ ઘણી વાતો કરે છે. બીજે દિવસે સવારે ડાર્ને અને મેનેટ વચ્ચે બંધબારણે વાતો થાય છે. બંને બહાર આવે છે ત્યારે મેનેટ છેક જ નંખાઈ ગયો છે, પણ લૂસી અને

ડાર્નેનાં લગ્ન તો થાય જ છે અને બંને હનિમૂન ઉજવવા ઊપડી જાય છે. ફરી નવ દિવસ સુધી મેનેટ જોડા બનાવવાના કામ પાછળ મંડી પડે છે. પછી તેના કહેવાથી જોડા બનાવવા માટેનાં બધાં ઓજારોનો નાશ કરવામાં આવે છે. લૂસી અને ડાર્નેનું લગ્નજીવન મીઠું છે. આદર્શ પત્ની બનેલી લૂસી વખત જતાં એક દીકરીની આદર્શ માતા પણ બને છે. એક દીકરોય થાય છે, પણ નાની ઉંમરમાં જ તે ગુજરી જાય છે. ૧૭૮૯નું વર્ષ. લૂસીની દીકરી ત્યારે છ વર્ષની હતી. લોરી કહે છે કે ટેલસન્સ બૅન્કની પેરિસ શાખાનું કામકાજ એકાએક વધી ગયું છે. કશીક બીકને કારણે લોકોએ પડાપડી કરી છે. ત્યાં તો ખબર આવે છે કે બેસ્ટાઈલની જેલમાં દાખલ થઈને લોકોનાં ટોળેટોળાં કાપાકાપી અને ખૂનામરકી પર ઊતરી આવ્યાં છે. આ બધું ત્રણ વર્ષથી ચાલ્યા કરે છે. પેરિસ શાખાને મદદ કરવા લોરી પેરિસ જાય છે. કાકાના એક નોકરનો જીવ બચાવવા ડાર્ને પણ પેરિસ પહોંચે છે પણ ગેરકાયદે પ્રવેશ માટે પકડાઈને જેલભેગો થાય છે. આ ખબર મળતાં લૂસી અને મેનેટ પણ પેરિસ જાય છે. વરસ સુધી જેલમાં રહ્યા પછી ડાર્નેનો છુટકારો થાય છે પણ તે જ બપોરે તેની ફરી ધરપકડ થાય છે. કારણ તેની સામે ત્રણ જણાએ ફરિયાદ કરી છે. પીઠું ચલાવતા દંપતીએ અને ડૉ. મેનેટે! ડાર્નેનો ગુનો પુરવાર થતાં તેને ફાંસીની સજા થાય છે. પણ લૂસીને આપેલું વચન કાર્ટન પાળે છે. કેટલીક ખટપટ કરી તે જેલમાં જઈ ડાર્નેને મળે છે. તેની સાથે કપડાંની અદલાબદલી કરે છે. અને ડાર્નેની જગ્યાએ પોતે જેલમાં ગોઠવાઈ જાય છે અને પોતાનાં કપડાં પહેરાવેલા ડાર્નેને સહીસલામત બહાર મોકલી દે છે. બીજે દિવસે સવારે ડાર્નેને બદલે કાર્ટન હસતે મોંએ ફાંસીને માંચડે ચઢે છે. મરતાં પહેલાં તેને ભાવિનું દર્શન થાય છે. જેને પામી ન શક્યો પણ જેને સતત ચાહી તે લૂસી તેના વર ડાર્ને સાથે સુખરૂપ લંડન પહોંચી છે. થોડા વખત પછી લૂસી એક દીકરાને જન્મ આપશે. તેનું નામ પાડશે સિડને. તે છોકરો બાહોશ વકીલ થશે. પોતે મરીને પતિ ડાર્નેને જીવતદાન આપવા માટે લૂસી મને રોજ મનોમન સંભાર્યા કરશે – આવા સુખદ વિચારો સાથે કાર્ટન શૂળીએ ચડી જાય છે. ચાર્લ્સ ડિકન્સની આ નવલકથા પરથી ઓછામાં ઓછી ૧૧ ફિલ્મ બની છે. જેમાં ૧૯૩૫માં જેક કાનવે દિગ્દર્શિત ફિલ્મ સૌથી વધુ વખણાઈ છે. જયંત પાઠકે ‘ક્રાન્તિની કથા’ નામે કરેલો તેનો અનુવાદ ૧૯૭૮માં પ્રગટ થયો હતો.

•

૧૫. અરમાનોની સાપસીડી
ધ ગ્રેટ એક્સપેક્ટેશન્સ / ચાર્લ્સ ડિકન્સ

માત્ર બાર વર્ષની ઉંમરનો છોકરો. કારકુન જોનનો દીકરો. બાપે દેવું કર્યું એટલે તે વખતના કાયદા પ્રમાણે જેલમાં ગયો. પત્ની અને સાત બાળકો પણ તેની સાથે જેલમાં રહેવાં ગયાં, તે વખતના કાયદાની સગવડ પ્રમાણે. બહાર રહ્યો માત્ર બાર વર્ષનો ચાર્લ્સ. પેટ ભરવા બૂટ-પૉલિશ બનાવવાના એક કારખાનામાં નોકરી કરવા લાગ્યો. આખો દિવસ બૂટ-પૉલિશ બનાવી બનાવીને તેનાં કપડાં કાળાં મેશ થઈ જતાં. પોતાનું ભાવિ પણ ચાર્લ્સને એવું જ કાળું ધબ્બ લાગતું. બરાબર ૪૬ વર્ષ પછી - ૧૮૭૦ના માર્ચની ૯મી તારીખે ગ્રેટ બ્રિટનની મહારાણી વિક્ટોરિયાએ જ ચાર્લ્સને ખાસ આમંત્રણ આપી પોતાના મહેલમાં મળવા બોલાવ્યો. રાણી આ રીતે કોઈને મળવા બોલાવે તેને એ જમાનામાં બહુ મોટું બહુમાન ગણવામાં આવતું. ૧૮૧૨ના ફેબ્રુઆરીની ૭મી તારીખે જન્મેલ આ ચાર્લ્સ પર ૧૮૭૦ના જૂનની ૮મી તારીખે પક્ષઘાતનો હુમલો થયો અને બીજે દિવસે ૯મી જૂને, મહારાણીની મુલાકાત પછી બરાબર ત્રણ મહિને, માત્ર ૫૮ વર્ષની ઉંમરે ચાર્લ્સનું અવસાન થયું. બ્રિટનના અમીર-ઉમરાવો અને બહુ જાણીતી વ્યક્તિઓને જ્યાં દફનાવવામાં આવે છે ત્યાં, વેસ્ટ મિનસ્ટર એબીમાં ૧૪મી જૂને ચાર્લ્સને દફનાવવામાં આવ્યો.

આ ચાર્લ્સ તે વિક્ટોરિયન યુગનો સૌથી પ્રતિષ્ઠિત નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ, 'ધ ગ્રેટ એક્સપેક્ટેશન્સ'નો લેખક. ૧૮૬૧માં હપ્તાવાર પ્રગટ થયેલી આ નવલકથા પાત્રો અને પ્રસંગોથી ભરપૂર છે. ડિકન્સની જીવન વિશેની ફિલસૂફી જેમાં સૌથી સારી રીતે પ્રગટ થઈ છે તે 'ધ ગ્રેટ એક્સપેક્ટેશન્સ' ઘણાંને મતે તેની ઉત્તમ નવલકથા છે. આત્મકથાના અંશો ધરાવતી આ કથા જેને મુખે કહેવાઈ છે તે છોકરો 'પિપ' આ કથાનો નાયક છે. કથાના આરંભે કિશોર પિપ કબ્રસ્તાનમાં પોતાનાં માતા-

પિતાની કબર સામે શૂન્યમનસ્ક થઈને ઊભો છે. વઢકણી બહેન અને તેના પતિને ઘરે રહીને ઉછરતા પિપની એક આંખમાં ઉદાસી છે તો બીજી આંખમાં સોનેરી ભવિષ્યનું સોણલું છે. પણ ત્યાં તો તેની આંખો સામે કશુંક અણધાર્યું બને છે. જેલમાંથી ભાગી છૂટેલો એક કેદી તેની સામે આવીને ઊભો રહે છે. તેના પગમાં હજી સાંકળો બાંધેલી છે. ભયાનક લાગતો કેદી મૅગવિચ પિપને કહે છે કે જીવ વહાલો હોય તો મારે માટે કશુંક ખાવાનું અને સાંકળ તોડવા માટે મોટી કાનસ લઈ આવ. પિપ તેની માગણી સંતોષે છે અને સાંકળો તોડ્યા પછી મૅગવિચ ભાગી છૂટે છે, પણ પછી ફરી પકડાય છે અને તે વખતની રસમ પ્રમાણે તેને હદપાર કરી ઑસ્ટ્રેલિયા મોકલી દેવામાં આવે છે.

અડધી ગાંડી એવી મિસ હવિશામ અને તેની પાસે રહીને ઊછરતી ખૂબસૂરત પણ તુંડમિજાજી ઍસ્ટ્રેલાના પરિચયમાં પિપ આવે છે અને પહેલી નજરે જ તે ઍસ્ટ્રેલાના પ્રેમમાં પડી જાય છે. પણ વર્ષો પહેલાં લગ્નને દિવસે જ મિસ હવિશામને રેઢી મૂકીને તેનો પતિ ચાલ્યો ગયો હતો એટલે તેના મનમાં આખી પુરુષ જાત માટે ધિક્કાર છે. આથી હવિશામે ઍસ્ટ્રેલાને એવી રીતે ઉછેરી છે કે તે પ્રેમમાં પડેલા પુરુષને હડધૂત કરીને તેનું અપમાન કરે. એટલે પ્રેમના બદલામાં પિપને તો ઍસ્ટ્રલા પાસેથી ઉપહાસ અને અપમાન જ મળે છે. બહેન-બનેવીને ત્યાં લગભગ નોકરની જેમ રહેતા પિપને ઍસ્ટ્રેલાનું મહેણું હાડોહાડ લાગી જાય છે અને તે ભણીગણીને મોટા માણસ થવાનો મનોમન નિર્ધાર કરે છે. એ જ અરસામાં પિપની મુલાકાત જેગર્સ નામના વકીલ સાથે થાય છે. જેગર્સ કહે છે કે એક ગુમનામ વ્યક્તિએ પિપને ભણાવી ગણાવીને મોટો માણસ બનાવવાનું નક્કી કર્યું છે અને તે અંગેના બધા ખર્ચની જોગવાઈ પણ આ અજાણ્યા દાતાએ કરી છે. તેની શરત માત્ર એક જ છે : આ અજાણી સખાવતી વ્યક્તિ કોણ છે તે શોધવાનો પિપે ક્યારેય પ્રયત્ન ન કરવો !

લંડન જઈ પિપ અભ્યાસ કરવા લાગે છે, મિસ હવિશામના એક સગા મેથ્યુ પૉકેટને ત્યાં રહીને. ત્યાં પિપની મુલાકાત હર્બર્ટ સાથે થાય છે. પિપને ખ્યાલ આવે છે કે અગાઉ મિસ હવિશામના ઘરે જેની સાથે પોતે મારામારી કરી હતી તે આ જ હર્બર્ટ. પિપ લંડનમાં અભ્યાસ કરતો હતો તે દરમિયાન જેને ત્યાં તે ઉછરતો હતો તે બહેનનું અવસાન થાય છે. લુહાર 'જો'ને ત્યાં કામ કરતાં કારીગર ઑલિકે પિપની બહેન પર કરેલો હુમલો જીવલેણ નીવડે છે. દરમિયાન લંડન આવેલી ઍસ્ટ્રેલાને

ફેરવવામાં પિપ ઘણો સમય ગાળે છે અને એ રીતે પોતાનો પ્રેમ પ્રગટ કરે છે, પણ ઍસ્ટ્રેલા તો તેને હજી દાદ દેતી નથી. ૨૧ વર્ષની ઉંમરે પિપ પુખ્ત થતાં જેગર્સ તેને કહે છે કે હવેથી પેલી અજાણી વ્યક્તિ તેને દર વર્ષે પાંચસો પાઉન્ડ આપવાની છે. અત્યાર સુધીમાં પિપે તો મનોમન માની લીધું છે કે આ અજાણી વ્યક્તિ તે બીજું કોઈ નહીં પણ મિસ હવિશામ જ હશે.

હવે પિપ ૨૩ વર્ષનો થયો છે. એક રાતે ભયંકર વાવઝોડું ફૂંકાઈ રહ્યું છે ત્યારે કોઈ પિપના ઘરનું બારણું ખખડાવે છે. આ આગંતુકને પિપ તો ઓળખી શકતો નથી પણ તે તો જાણે પિપની સાથે જૂની ઓળખાણ હોય તેમ વર્તે છે.

'આવી જ એક અંધારી રાતે તેં જેને ભાગી છૂટવામાં મદદ કરેલી તે જ કેદી મૅગવિચ હું છું' એમ આગંતુક કહે છે. 'તને આજ સુધી આર્થિક મદદ કરી પગભર બનાવનાર અજાણી વ્યક્તિ તે પણ હું જ છું' એમ મૅગવિથ કહે છે, ત્યારે તો પિપના આશ્ચર્યનો પાર નથી રહેતો. ઑસ્ટ્રેલિયા જઈને ખૂબ કમાયેલો મૅગવિચ કાયદાનો ભંગ કરીને ખાસ પિપને મળવા જ બ્રિટન આવ્યો છે.

દરમિયાન એક અકસ્માતમાં દાઝી જવાથી મિસ હવિશામનું મૃત્યુ થાય છે. તેને બચાવવા જતાં પિપ પણ સારી રીતે દાઝી જાય છે. ડ્રમલે નામના એક પુરુષ સાથેનું ઍસ્ટ્રેલાનું લગ્નજીવન નિષ્ફળ જાય છે અને ઍસ્ટ્રેલા તેને છોડીને ફરી હવિશામની હવેલીમાં રહેવા લાગે છે. થોડા વખત પછી એક અકસ્માતમાં ડ્રમલેનું મૃત્યુ થાય છે. ઑસ્ટ્રેલિયાથી ગેરકાયદેસર બ્રિટન આવેલા મૅગવિચને 'પ્રોવિસ' નામ આપીને પિપ આશરો આપે છે. થોડા વખત પછી ઑસ્ટ્રેલિયા જતી એક સ્ટીમરમાં છૂપી રીતે મૅગવિચને ચડાવી દેવાની યોજના પિપ ઘડે છે. પણ છેલ્લી ઘડીએ યોજના નિષ્ફળ જાય છે. મૅગવિચ પોલીસના હાથે પકડાય છે. ભાગવા જતાં પટકાય છે, ગંભીર રીતે ઘવાય છે. છતાં તેના પર ખટલો ચાલે છે અને મૅગવિચને ફાંસીની સજા થાય છે. પણ તે સજાનો અમલ થાય તે પહેલાં જ અગાઉ થયેલી ઈજાને કારણે મૅગવિચનું મૃત્યુ થાય છે. પણ મરતાં પહેલાં મૅગવિચ પિપને કહે છે કે ઍસ્ટ્રેલા મારી દીકરી છે. પિપ પણ તેને કહે છે કે હું ઍસ્ટ્રેલાને ઓળખ છું. એટલું જ નહી, ઘણા વખતથી તેને ચાહું પણ છું. મૃત્યુ પછી પોતાની બધી મિલકત પિપને મળે એવી જોગવાઈ મૅગવિચે કરેલી પણ ગુનેગારની મિલકત તરીકે તે 'તાજ' (ક્રાઉન)ની તિજોરીમાં જાય છે. પરિણામે કમાવા માટે પિપ બ્રિટન છોડી

પરદેશ ચાલ્યો જાય છે. અગિયાર વર્ષ પછી તે પાછો ફરે છે અને મિસ હવિશામ અને ઍસ્ટ્રેલા જે હવેલીમાં રહેતાં હતાં તેની મુલાકાત લે છે. ખંડેર બની ગયેલી હવેલીમાં હવે ઍસ્ટ્રેલા એકલી જ છે. ઍસ્ટ્રેલાની યુવાની વીતી ગઈ છે, પણ હજી તેનું સૌંદર્ય ઝાઝું ઝંખવાયું નથી. ભૂતકાળમાં કરેલાં અપમાનો માટે ઍસ્ટ્રેલા માફી માગે છે અને ઍસ્ટ્રેલા અને પિપ એકમેકના હાથ પકડી બગીચામાંથી ધીમે પગલે બહાર આવે છે અને ત્યારે પિપ મનોમન બોલે છે કે હવે અમને બંનેને કોઈ જુદાં પાડી શકશે નહીં. આ નવલકથા પરથી આજ સુધીમાં ૯ ફિલ્મ બની છે 'અને આશા બહુ લાંબી' નામે જયંતી દલાલે કરેલો તેનો અનુવાદ ૧૯૬૪માં પ્રગટ થયો હતો.

●

૧૬. સાગરનું સાહસ, સાહસનો સાગર
મોબી ડિક/ હર્મન મેલવિલ

હર્મન મેલવિલનો જન્મ ન્યૂ યૉર્ક શહેરમાં ઈ.સ. ૧૮૧૯માં થયો હતો અને ત્યાં જ ઈ.સ. ૧૮૯૧માં તેનું મૃત્યુ થયું. આમ, સમય-દૃષ્ટિએ મેલવિલ ૧૯મી સદીનો ગણાય, છતાં વીસમી સદીએ તેને પોતાના લેખક તરીકે જાણે કે દત્તક લીધો છે. અમેરિકાના આંતરકલહના સમયથી માંડીને પહેલા વિશ્વયુદ્ધના અંત સુધીના ગાળામાં મેલવિલ લગભગ વિસરાઈ ગયો હતો. પણ અત્યારે અમેરિકામાં સૌથી વધુ વંચાતા, વિચારાતા, ચર્ચાતા અને સન્માનાતા લેખકોમાં એનું સ્થાન છે. હર્મન મેલવિલે ૩૧ વર્ષની વયે મોબી ડિક લખ્યું. લંડનમાં ૧૮૫૧ના ઑક્ટોબરની ૧૮મી તારીખે એ પુસ્તક પ્રકાશિત થયું એ પછી ચાર અઠવાડિયે ન્યૂયૉર્કમાંથી તેની બીજી આવૃત્તિ બહાર પડી. મોબી ડિક, મેલવિલની કીર્તિદા કૃતિ હોવા છતાં, વેપારી દૃષ્ટિએ તેને સફળતા ન મળી. જે જે કૃતિઓમાં મેલવિલે પોતાનું હીર નીચોવી ભર્યું છે તે બધી જ કૃતિઓ તેના જમાનામાં નિષ્ફળ નીવડી હતી. મોબી ડિકમાં વ્હેલમાર જહાજ પરના જે જીવનનો ચિતાર જોવા મળે છે તેને લેખકના અંગત જીવન સાથે સંબંધ છે. મોબી ડિકમાંનાં ઘણાં પાત્રો અને ઘણા પ્રસંગોનું મૂળ હર્મન મેલવિલના જીવનના પ્રત્યક્ષ અનુભવમાં રહેલું છે. ૧૮૪૧માં તેણે Acushnet નામના વહેલમાર જહાજમાં પ્રવાસ શરૂ કર્યો પણ જહાજમાંનો વર્તાવ અસહ્ય લાગવાથી મેલવિલે તેના એક મિત્ર સાથે ૧૮૪૨ના જુલાઈમાં સફરની અધવચ્ચે એ વહાણ છોડી દીધું. એ પછી મેલવિલ અને એનો મિત્ર ભૂલથી માણસખાઉ જંગલીઓના પ્રદેશમાં જઈ પહોંચ્યા. મહિના સુધી મેલવિલને ત્યાં કેદ રાખવામાં આવ્યો. ત્યાર બાદ એક ઑસ્ટ્રેલિયન જહાજે તેને બચાવ્યો. તે જહાજમાંથી પણ તે નાસી છૂટ્યો. તે માટે તેના પર કામ ચલાવાયું અને તેને કેદ ફરમાવાઈ. થોડા વખત પછી છૂટીને તે એક અમેરિકન જહાજમાં જોડાયો અને છેવટે

૧૮૪૪ના ઑક્ટોબરમાં પોતાને ઘરે પાછો ફર્યો. આ ઉપરાંત પણ બીજા નાનામોટા પ્રવાસો મેલવિલે ખેડ્યા હતા. મોબી ડિક સાગરની, વહેલના શિકારની અને શિકારી જહાજ પરના ભાતભાતના ખલાસીઓની કથા છે. પણ એ વાંચતાં જ આપણને થાય છે કે કથામાં એથી વિશેષ કશોક ગૂઢ અર્થ રહેલો છે. સાગરના ઊંડાણમાં ઊતરવું જેમ અશક્યવત્ છે તેમ સાગરનાં છૈયાંની આ કથાના ઊંડાણમાં ઊતરવું પણ અશક્યવત્ છે. મૅલવિલનાં ઉત્તમ પુસ્તકોમાં મોબી ડિકનું સ્થાન છે.

*

કડકડતી ઠંડીથી શરીરનાં હાકડાંનાં ડાકલાં બોલાવતી અને અંધારી, નિરાશાપૂર્ણ એક રાતે હું ન્યૂ બેડફર્ડ આવી પહોંચ્યો. મારા બગલથેલાને ખભે ભરાવી ક્યાં જવું એનો હું વિચાર કરવા લાગ્યો. મારી પાસે જે થોડાક પૈસા હતા તેને પોસાય એવો રાતવાસો ક્યાં મળી રહેશે એ હું જાણતો નહોતો. એટલે જ્યાં જાઉં ત્યાં પહેલાં ભાડું પૂછીને પછી જ પાણી પીવાનો મેં મનોમન નિર્ણય કર્યો.

લથડતી ચાલે હું નિર્જન રસ્તાઓ પર ફરવા લાગ્યો, ક્યારેક કોઈ સારી હોટેલ જોઈ હું ઘડીભર તેના દ્વાર આગળ થંભી જતો પણ પછી પાછો ખિસ્સાનો વિચાર આવતાં આગળ ચાલતો. આમ ચાલતાં ચાલતાં ગોદીથી થોડે દૂર એક મકાન આગળ પહોંચ્યો. તેના પર એક પાટિયું લટકતું હતું. તેમાં લખ્યું હતું. 'ધ સ્પાઉટર ઈન', 'પીટર કૉફિન'.લાકડાના ભંગાર જેવું લાગતું આ મકાન મને ગમી ગયું અને મેં ત્યાં રહેવાનો નિર્ધાર કરી લીધો. મકાનનો અંદરનો ભાગ પણ એવો જ વિચિત્ર હતો. ત્યાં વહેલને મારવાનાં અનેક જાતનાં સાધનો, કટાઈ ગયેલાં હાર્પૂનો, લાકડાના સલેપાટો વગેરે વેરવિખેર પડ્યાં હતાં. અંદરના ભાગમાં વહેલના માથાના આકારનું દારૂનું એક પીઠું હતું.

મુસાફરખાનાના માલિકને મેં શોધી કાઢ્યો અને જગ્યા માટે પૂછપરછ કરી. પણ તેણે તો તરત સંભળાવી દીધું કે મુસાફરખાનું આખું ચિકાર ભરાઈ ગયું છે. પણ જરા વાર રહી તેણે કહ્યું : 'ઊભા રહો. એક શૂલધારી સાથે એક જ બિછાનામાં સૂવાનું તમે પસંદ કરો ? હું ધારું છું કે તમે પણ વહેલના શિકારે જવાના છો અને તો તો તમારે આવી બાબતોથી ટેવાઈ જવું જોઈએ.' એક બિછાનામાં બે જણ સૂએ તે મને જરાય પસંદ નથી. પણ બીજો રસ્તો જ નહોતો એટલે થોડી રકઝક પછી અંતે મેં તેની વાત સ્વીકારી.

રાતે વાળુ કરી લીધા પછી હું વધારે બેચેન બન્યો. કારણ મારા બિછાનાના ભાગીદાર વિષે વાત કરતાં માલિકે કહ્યું કે તે એક કાળો ડિબ્બાણ આદમી છે અને માત્ર ગાય કે બળદના માંસની જ વાનગી ખાય છે. છેવટે મેં મારા મન સાથે નક્કી કર્યું કે અમારે બંનેએ સાથે સૂવાનું જ છે તો પહેલાં એને બિછાનામાં પડવા દેવો અને પછી જ મારે સૂવું. પણ મોડું ઘણું થઈ ગયું હતું છતાં હજી એ શૂલધારી તો ક્યાંય દેખાતો જ નહોતો.

હું જેમજેમ શૂલધારીનો વિચાર કરવા લાગ્યો તેમતેમ તેના પ્રત્યેનો મારો અણગમો વધતો ગયો. છેવટે મેં તેની સાથે બિછાનામાં સૂવાને બદલે એક બાંકડા પર સૂવાનું નક્કી કર્યું. પણ બાંકડો ખૂબ જ નાનો, સાંકડો અને કઠણ હતો. છેવટે મુસાફરખાનાનો માલિક મને ઉપલે માળે આવેલ એક ખંડમાં લઈ ગયો. ત્યાં આગળ એકસાથે ચાર શૂલધારી સૂઈ શકે એવડો મોટો એક ખાટલો હતો. જોકે મારી શંકા હજી છેક ચાલી નહોતી ગઈ. એમાંય જ્યારે માલિકે કહ્યું કે શૂલધારી ન્યૂઝીલૅન્ડના માનવીઓનાં મસાલા ભરેલાં માથાંની ફેરી કરવા ગામમાં ગયો છે ત્યારે તો મારી ચિંતા ખૂબ જ વધી પડી.

થોડી વારે કપડાં કાઢીને હું બિછાનામાં પડ્યો, શરૂઆતમાં તો ગાદલું મને ખૂબ જ ખૂંચવા લાગ્યું પણ થોડી વારે હું તેનાથી ટેવાઈ ગયો અને ઝોકે ચડ્યો. પણ ત્યાં તો મારા ઓરડાની બહાર ભારે પગલાંનો અવાજ સંભળાયા અને મીણબત્તીનું અજવાળું ઓરડામાં ફેલાયું.

અરે ભગવાન ! શો એનો દેખાવ ! તેના ઘેરા જાંબુડી રંગના ચહેરા પર અનેક ઠેકાણે મોટી કાળી ચોરસ પટ્ટીઓ હતી. તેને માથે બિલકુલ ટાલ હતી. તેનું આ બોડકું જાંબુડી માથું કોઈ લીલ બાઝી ગયેલ જૂનીપુરાણી ખોપરી જેવું લાગતું હતું. ધીમેધીમે તેણે પોતાનાં કપડાં કાઢ્યાં અને મને એનું શરીર દેખાયું. એના આખા શરીરે કાળા રંગના ત્રાજવાં ત્રોફેલાં હતાં. મને ખાતરી થઈ કે એ એક ધૃણાજનક જંગલી માણસખાઉ જ હતો. વહેલના શિકારે જતા કોઈ વહાણ પર તે ચડ્યો હશે અને એ પછી કોઈ ગુનાસર ખ્રિસ્તીઓના આ દેશમાં તેને ઉતારી મૂક્યો હશે. ગભરાતા હૈયે પણ કુતૂહલપૂર્વક હું એને જોતો હતો તેવામાં એણે તેના સામાનમાંથી એક નાનકડી લાકડાની મૂર્તિ કાઢી અને તેને મેજ પર મૂકી જાતજાતની ચેષ્ટાઓ કરવા લાગ્યો. મને લાગ્યું કે આ તેની કોઈ ધાર્મિક વિધિ હશે. પછી ટેબલ પર પડેલી ચુંગી લઈ તે સળગાવી તે

ધૂમાડાના ગોટેગોટા કાઢવા લાગ્યો. તેણે બત્તી બુઝાવી નાખી અને ચુંગી મોઢામાં રાખીને જ તે બિછાનામાં કૂદી પડ્યો. મારાથી શાંત રહેવાયું જ નહીં અને મેં મોટેથી બૂમ પાડી : 'માલિક બચાવો. હે ખુદા! મને બચાવ.'

એક તરફ તેની ચુંગીમાંથી નીકળતા તણખા મને બાળી નાખશે એમ લાગતું હતું અને બીજી તરફ એ જંગલી માણસખાઉ મને મારી નાખવાની ધમકી આપતો હતો. એવામાં હાથમાં મીણબત્તી લઈને મુસાફરખાનાનો માલિક આવી પહોંચ્યો. 'તું ગભરા નહીં,' તેણે હસતાંહસતાં મને કહ્યું. 'આ ક્વીકક્વેગ તારો વાળ પણ વાંકો નહીં કરે.' 'હસવાનું જવા દો.' મેં મોટેથી કહ્યું. 'મને કહેતાં શું થતું હતું કે આ નખ્ખોદિયો શૂલધારી માણસખાઉ અઘોરી છે?' પેલાએ જવાબ આપ્યો: 'મને એમ કે તને ખબર છે અને મેં તને કહ્યું તો ખરું કે એ ગામમાં માથાંની ફેરી કરવા ગયો છે. પણ હવે તું છાનોમાનો સૂઈ જા અને ક્વીકક્વેગ ! જો, તું મને સમજે છે, હું તને સમજુ છું. આ બિરાદર તારી સાથે સૂશે, શું સમજ્યો ? ક્વીકક્વેગે જવાબમાં માત્ર ડોકું હલાવ્યું અને મને કહ્યું : 'બિછાનામાં આવી જા.' મને થયું : આખરે તો એ પણ મારા જેવો જ માણસ છે. હું તેનાથી બીઉં છું તેટલું જ કારણ તેને મારાથી બીવાનું છે. અને પીધેલા ખ્રિસ્તી કરતાં શાંત માણસખાઉ સાથે સૂવું શું ખોટું ? મેં કહ્યું , 'ગુડ નાઈટ, માલિક ! હવે તમે જાઓ.'

*

એટલી સરસ ઊંઘ મને જિંદગીમાં ભાગ્યે જ આવી હશે. બીજે દિવસે સવારે જાગ્યો ત્યારે મેં જોયું કે કવીકવેગે તેનો હાથ મારા પર ખૂબ હેતપૂર્વક રાખ્યો હતો. મેં તેને જગાડ્યો. હાવભાવથી અને ભાંગ્યાતૂટ્યા અંગ્રેજીમાં તેણે મને સમજાવ્યું કે પહેલાં તે પોતે કપડાં પહેરી લેશે અને પછી આખો ઓરડો મને સોંપીને ચાલ્યો જશે. અને થોડી વાર પછી નિત્યકર્મ પતાવીને પોતાનું મોટું પાયલટ વાનરજૅકેટ પહેરી, હાથમાં હાર્પૂન લઈ દમામભેર તે ઓરડાની બહાર નીકળી પણ ગયો.

બીજા બે દિવસમાં ક્વીકવેગ અને હું મિત્રો બની ગયા અને અમે બન્ને એક જ વહાણમાં, એક જ ટોળીમાં, એક જ હોડીમાં સાથે રહી મુસાફરી કરવાનું નક્કી કર્યું. મને આથી ખૂબ આનંદ થયો, કારણ ક્વીકવેગ એક અનુભવી હાર્પૂનબાજ હતો જ્યારે હું વહેલના શિકારના ગૂઢ ભેદોથી તદ્દન અજાણ્યો હતો.

બીજે દિવસે સવારે અમે 'ધ મૉસ' નામના વહાણ પર જઈ

પહોંચ્યા. આ વહાણ નેનટુકેટ જવાનું હતું. પાણીના મુક્ત વિસ્તાર પર આવી પહોંચતાં પવનની પ્રાણવાન લહરીઓ સાથે અમારું નાનકડું જહાજ અગ્રભાગે પાણીનાં ફીણો ઉછાળતું ઝડપભેર આગળ વધી રહ્યું હતું. પણ થોડી વાર પછી વહાણના મુખ્ય સઢ ઉપર પવનનું દબાણ ખૂબ વધી ગયું અને તેથી સઢનું વિશાળ વસ્ત્રપટ ફાટી ગયું અને જહાજના તૂતક પર ફડફડાટ કરતું આમથી તેમ વીંઝાવા લાગ્યું. આ વીંઝાતા સઢના ઝપાટામાં એક ખલાસી આવી ગયો અને ઊંચકાઈને દરિયામાં જઈ પડ્યો. આ બધા રઘવાટ દરમિયાન ક્વીકવેગ ચપળતાથી નીચો વળી, ઘૂંટણિયે ચાલી, ઊડતા સઢ નીચે ગયો અને એક લાંબા દોરડાનો છેડો લઈ સઢને જહાજની એક બાજુ મજબૂત રીતે બાંધ્યો. પછી કેડ સુધીનાં કપડાં કાઢી નાખી લાંબી ફાળે તે દરિયામાં કૂદી પડ્યો. થોડી વાર તે પાણીમાં અદૃશ્ય થઈ ગયો પણ પાછો દેખાયો ત્યારે એક હાથે તે નિશ્ચેતન દેહને ખેંચી લાવતો જણાયો. એક હોડીએ તેમને બન્નેને ઊંચકી લીધા. જહાજ પર આવ્યા પછી ક્વીક્વેગે તો જાણે કાંઈ જ બન્યું ન હોય તેમ પોતાનું શરીર ધોવા માટે મીઠું પાણી અને બદલવા માટે કોરાં કપડાંની જ માગણી કરી અને કપડાં બદલી નિરાંતે પોતાની ચુંગી ફૂંકતો તે તૂતક પર ઊભો રહ્યો.

*

નેનટુકેટમાં અમે 'ટ્વાય પોટસ' નામના સ્થળે મુકામ કર્યો. બીજો આખો દિવસ ક્વીક્વેગે ઉપવાસમાં અને પેલી લાકડાની નાનકડી મૂર્તિની પૂજા કરવામાં ગાળ્યો. ક્વીક્વેગને તેના ઓરડામાં એકલો રહેવા દઈ હું કોઈ સારા વહાણની શોધમાં નીકળ્યો. નેનટુકેટના બંદરે વહેલનો શિકાર કરવા તૈયાર થઈને ત્રણ વહાણો નાંગર્યાં હતાં. ત્રણે વહાણ ત્રણ-ત્રણ વર્ષ પછી પાછાં આવવાનાં હતાં. આ ત્રણમાંથી મને પીકવોડ નામનું જહાજ જચી ગયું. આ જહાજ પ્રમાણમાં જુનવાણી અને નાનું હતું. એનો દેખાવ પુરાણા ઘાટનો નહોર પગો હતો. જુદી જુદી આબોહવાની અસરથી તેનું કલેવર ઇજિપ્ત અને સાઈબિરિયામાં લડી આવેલા ફ્રેંચ સૈનિકોના જેવું ખૂબ શ્યામવર્ણું થઈ ગયું હતું. એનો અસલનો કૂવાથંભ વાવાઝોડામાં તૂટી ગયો હતો અને તેથી નવો કૂવાથંભ જાપાનમાં બનાવેલો તે વહાણના બાકીના ભાગથી જુદો તરી આવતો હતો. ખરેખર આ જહાજ ગૌરવશીલ હતું. પણ સાથેસાથે અતિશય ગમગીનીભર્યું પણ હતું - બધી ગૌરવશીલ વસ્તુઓને ગ્લાનિનો સ્પર્શ હોય જ છેને ?

બપોર થયા હતા અને વહાણમાં કામકાજ બધે બંધ હતું. કોઈ અધિકારી મળે તો તેની પાસે જઈ મુસાફરીના ઉમેદવાર તરીકે મારું નામ નોંધાવવા મેં વિચાર કર્યો. એટલામાં મેં એક આધેડ વયના, શામળા રંગના, મજબૂત બાંધાના માણસને જોયો. તે વહાણનો કપ્તાન એહેબ નહીં પણ તેનો એક વારનો સાથીદાર કૅપ્ટન પીલેગ હતો. પણ હવે તે કૅપ્ટન બિલ્ડેડની સાથે ભાગીદારીમાં આ વહાણનો માલિક બન્યો હતો. કૅપ્ટન પીલેગ કંઈક તુમાખીભર્યા સ્વભાવનો હતો અને તેણે મને અનેક પ્રશ્નો પૂછી નાખ્યા, જ્યારે બિલ્ડેડ નાક પર ચશ્મા ચડાવી કોઈ ધાર્મિક ગ્રંથ વાંચવામાં મશગૂલ હતો. તેણે મારા સામું જોવાની પણ ભાગ્યે જ દરકાર કરી. પીલેગે તેને પૂછ્યું : 'કેવોક ધારે છે તું આને, બિલ્ડેડ ?' બિલ્ડેડે માત્ર મારા સામું જોઈ 'ચાલશે' એટલું જ કહ્યું અને વળી પાછો ગ્રન્થ વાંચવા લાગ્યો.

અને જહાજનાં કરારપત્રો પર જરૂરી સહીસિક્કા કરી હું ચાલી નીકળ્યો. જહાજ છોડતાં પહેલાં મેં કૅપ્ટન એહેબને મળવાની ઇચ્છા દર્શાવી ત્યારે મને કહેવામાં આવ્યું કે એહેબ માંદો છે અને ઘરની બહાર નીકળતો જ નથી છેલ્લી મુસાફરીમાં એહેબે તેનો એક પગ ગુમાવ્યો હતો અને ત્યારથી એ ગમગીન અને ધ્યાનમગ્ન રહેતો હતો પણ એ બધું તો થોડા વખતમાં મટી જશે. પીલેગે મને કહ્યું : 'અરે ! એ તને જરૂર ગમી જશે, ગભરા નહીં. એ તો ભવ્ય નાસ્તિક છે, પ્રભુ જેવો મનુષ્ય છે. એહેબ સાધારણ કોટિનો માનવી નથી. વિદ્યાલયમાં પણ તે જઈ આવ્યો છે અને માણસખાઉઓ વચ્ચે પણ એ રહી આવ્યો છે. વહેલ કરતાં પણ વધારે બળવાન અને અજાણ્યા દુશ્મનોનાં હૃદય તેણે અંગારઝરતા ભાલાથી ભેદ્યાં છે. એનું હાર્પૂન ! આખા ટાપુમાં એ સૌથી વધુ તીક્ષ્ણ અને અચૂક છે.'

બીજે દિવસે ક્વીક્વગ અને હું ફરીથી પીકવોડ પર ગયા. ત્યાં ક્વીક્વેગને તો તરત જ મુસાફરી માટે લઈ લેવામાં આવ્યો.

વહાણમાં મુસાફરીની તૈયારીની ધમાલ મચી રહી હતી. પણ હજી ક્યાંય કૅપ્ટન એહેબ દેખાતો નહોતો. જોકે તેમાં ખાસ વિશેષ નહોતું, કારણ ઘણી વાર જહાજ તૈયાર થઈ જાય ત્યાં સુધી તેનો કૅપ્ટન દેખાતો જ નથી અને મુસાફરી શરૂ થયા પછી પણ શરૂઆતના થોડા દિવસ તો કેટલીક વાર બધી જવાબદારી જહાજના અધિકારીઓ જ સંભાળે છે. જહાજના માલિકો કૅપ્ટન પીલેગ અને કૅપ્ટન બિલ્ડેડ દરેક વાતનું ધ્યાન

રાખી રહ્યા હતા. ખલાસીઓ સાધનસરંજામ, વહેલ મારવાનાં સાધનો, વધારાની હોડીઓ, વધારાનાં દોરડાં અને હાર્પૂનો વગેરે સંભારીસંભારીને ભેગું કરતા હતા.

થોડા દિવસમાં બધી તૈયારી થઈ ગઈ અને એક ધુમ્મસભર્યા નિસ્તેજ દિવસે ક્વીક્વેગ અને હું વહાણ પર જઈ પહોંચ્યા. અમે જઈ રહ્યા હતા ત્યાં અમારી આગળ કેટલાક પડછાયાઓને વહાણ તરફ દોડી જતા મેં જોયા. અમે મોડા પડવાની બીકે પગ ઉપાડ્યા, પણ અમે વહાણ પર પહોંચ્યા ત્યારે તો પેલા પડછાયાઓ અદૃશ્ય થઈ ગયા હતા. જહાજના તૂતક પર પૂરી શાંતિ હતી. ધીમેધીમે ખલાસીઓ જાગવા લાગ્યા અને અમે કામકાજમાં પરોવાઈ ગયા. બપોરે વહાણે પોતાનું લંગર ઉપાડ્યું અને અમારો પ્રવાસ શરૂ થયો.

*

નેનટુકેટ છોડ્યા પછી થોડા દિવસ તો કેપ્ટન એહેબ તૂતક પર જણાયો જ નહીં. સાથીઓ નિયમિત રીતે ભાળ રાખવા ચોકી ભરતા અને બીજા કોઈની ગેરહાજરીમાં તેઓ પોતે જ વહાણના ઉપરી હોય તેમ લાગતું. પહેલો સાથી સ્ટારબક ક્વેકર સંપ્રદાયનો હતો. તે ખૂબ જ બહાદુર અને વફાદાર હતો અને તેનામાં ઊંડી કુદરતી ધાર્મિકતા રહેલી હતી. કેપ કોડનો વાસી સ્ટબ બીજો સાથી હતો. એ આનંદી સ્વભાવનો હતો અને હંમેશ તેની હોકલી સાથે જ દેખાતો. ઘણા લાંબા પરિચયને કારણે મૃત્યુનાં જડબાં તેને આરામ ખુરશી જેવાં લાગતાં અને વહેલ મારવા હોડીમાં બેસતો ત્યારે જાણે જાનમાં જતો હોય એમ વર્તતો. ત્રીજા સાથીનું નામ ફ્લાસ્ક હતું. એ કદમાં ઠીંગણો, ભરાવદાર, કંઈક બરછટ દેખાવનો હતો. વહેલના શિકારને તે મશ્કરી માનતો. વહેલના ભયને તો તે જાણતો જ હતો.

એક દિવસ બપોરે ચોકી રાખવા હું તૂતક પર ચડ્યો અને મેં કેપ્ટન આહેબને જોયો. મારા શરીરમાંથી એક ધ્રુજારી પસાર થઈ ગઈ. જહાજના [illegible] તૂતક પર એ ઊભો હતો. કાંસાના પૂતળાની જેમ સીધો સટ એ ઊભો હતો. પાણીમાં ઝૂકી પડતા જહાજના મોરા તરફ અને તેની પેલે પાર તે જોઈ રહ્યો હતો. એના આખા દેખાવમાંથી તેની અડગ હિંમત અને ભયરહિત નિશ્ચિતતા દેખાઈ આવતાં હતાં. તેના માથાના ધોળા વાળમાં ખાઈ, ઘઉં વર્ણ ચહેરાની બાજુએ અને ડોક ઉપર થઈ; પહેરેલા પોષાકમાં

ખોવાઈ જતી એક ઉજ્જવળ શ્વેત જાડી રેખા ધ્યાન ખેંચે તેવી હતી. વહેલના હાડકાનો બનાવેલો તેનો ખોટો પગ સૂર્યના પ્રકાશમાં ચમકી રહ્યો હતો. પીકવોડના ચોથિયા તૂતકની બંને બાજુએ, પાટિયામાં થોડેથોડે અંતરે કાણાં પાડવામાં આવ્યાં હતાં. પોતાના હાડકાના પગને એ કાણામાં ભરાવી એહેબ સ્થિર ઊભો રહેતો. વધસ્તંભે ચડેલા ઈશુ જેવો ચહેરો રાખી તે ઊભો રહેતો ત્યારે તેનામાં કોઈ કારમા દુઃખની, રાજવંશી ગૌરવની પ્રતીતિ થતી.

*

એ પછી થોડા દિવસ એક સાંજે એકાએક એહેબે સ્ટારબકને હુકમ કર્યો : 'જહાજમાંના દરેકેદરેક માનવીને અહીં તૂતક પર બોલાવ.' 'જી, શું કહ્યું ?' અસાધારણ સંજોગો સિવાય જહાજ પર ભાગ્યે જ અપાય તેવો આ હુકમ સાંભળીને સ્ટારબક વિમાસણમાં પડ્યો. સારાયે જહાજની મંડળી એકઠી થઈ ત્યારે ઇંતેજારી અને દહેશત દર્શાવતા આતુર ચહેરા એહેબને જોઈ રહ્યા હતા. એહેબ તૂતક પર આંટા મારી રહ્યો હતો. તે એકાએક અટક્યો અને જોરથી બોલ્યો :

'વહેલને જુઓ ત્યારે તમે શું કરો બિરાદરો ?'

'ગાણું ગાઈને એને નોતરીએ,' જવાબ મળ્યો.

'સરસ અને પછી સાથીઓ, તમે શું કરો ?'

'હોડીઓ ઉતારીને તેની પાછળ પડીએ.'

'અને ત્યારે તમે કયું ગીત ગાઓ ?'

'કાં મૂએલા મગરમચ્છનું, કે કાં અંતકાળની હોડીનું.'

દરેક જવાબની સાથે એહેબનો ચહેરો વધારે ને વધારે ઝનૂની અને તેજસ્વી થતો ગયો. સૂર્યના તેજની સામે એક મોટો સોનાનો ચળકતો સિક્કો ધરીને તેણે કહયું : 'તમારામાંનો જે કોઈ મને કરચલીઓ પડી ગયેલાં ભવાંવાળો અને વાંકાં જડબાંવાળો સફેદ વહેલ સૌ પ્રથમ બતાવશે તેને આ સિક્કો મળશે.' આમ કહી તેણે એ સિક્કાને વહાણના કૂવાથંભ પર જડી દીધો. એટલામાં સ્ટારબક બોલ્યો : 'કૅપ્ટન એહેબ ! મોબી ડિક વિષે મેં સાંભળ્યું છે, તમારો પગ લઈ ગયો છે એ જ એ સફેદ વહેલને!' 'તને કોણે કહ્યું ?' એહેબ પહેલાં તો ગરજ્યો. પછી જરા ઠંડો પડી બોલ્યો, 'હા, સ્ટારબક, હા બિરદારો, એ મોબી ડિકે જ મને લંગડો કર્યો છે. એને લીધે જ મારે આ ઠૂંઠાની મદદથી ચાલવું પડે છે.' પછી અમાપ શાપોની

ઝડી વરસાવતાં, બન્ને હાથ હવામાં ઊંચા ઉછાળી તેણે ત્રાડ નાખી : 'તેનો પીછો પકડીને હું ગુડ હોપ ફરતો ફરી વળીશ, અને હૉર્ન અને નૉર્વે સુધી પણ જઈશ. અરે ! નરકની ધગધગતી જ્વાળાઓમાંથી પસાર થવું પડે તો ભલે, પણ હું એને નહીં છોડું. એને કારણે જ ભાઈઓ ! તમે સૌ પણ આ જહાજ પર આવ્યા છો.

'જમીનની બન્ને ધારે અને ધરતીને ખૂણેખૂણે આપણે એને શોધશું. જ્યાં સુધી કાળા લોહીની ઊલટીઓ કરતો ને પાંખો નમાવી દેતો એ ઢળી ન પડે તો ત્યાં સુધી આપણે એને છોડશું નહિ. તમે સાથીઓ, આપો છો વચન એ કામ કરવાનું ? ખરેખર ! તમે બધા શૂરવીર દેખાઓ છો !'

'જરૂર, જરૂર,' હાર્પૂનબાજો અને ખલાસીઓ કૅપ્ટન તરફ ધસ્યા અને બોલ્યા : 'અચળ નજરે એ સફેદ મગરાને શોધશું, અચૂક ભાલે એ માછલાને વીંધશું' ત્યાર પછી બધા ખલાસીઓએ એહેબની આ ઇચ્છા પૂરી કરવાના વફાદારીપૂર્વક શપથ લીધા. માત્ર સ્ટારબક તેમાં ન ભળ્યો. તે ગણગણતો હતો : 'આપણે વહાણના માલિકોને નફા માટે વહેલ મારવાનું વચન આપ્યું છે, આપણે એક બહેરા-મૂંગા પ્રાણી પર બદલો લેવા આ સફર ખેડતા નથી.' પણ એહેબે તેને બોલતો બંધ કરી દીધો અને બધા ખલાસીઓને છૂટા પડવાનો હુકમ આપતાં બોલ્યો : 'કટોરા ભરીભરીને પીઓ, મારા ભાઈઓ ! પીઓ ને સોગંદ ખાઓ કે એ મોબી ડિકને મારીને જ જંપીશું. કાં મોબી ડિક નહીં, કાં આપણે નહીં.'

*

અમે શપથ લીધા એ પછી થોડાં અઠવાડિયાં એમ ને એમ વીતી ગયાં. એક દિવસ ક્વીકવેગ અને હું કશાક કામમાં મશગૂલ હતા. એટલામાં બપોરની શાંતિને ખળભળાવતો, લાંબો અને તીવ્ર અવાજ સંભળાયો. કૂવાથંભ પર ચડેલો ટાસ્ટેગો બૂમ પાડતો હતો : 'એ ...પેલો ફૂવારો ઊડે. ઓ દેખાય ! જુઓ પણે શેઢ ઊછળે !' 'ક્યાં ? ક્યાં ? કઈ બાજુ ?' 'ડાબે હાથે, લગભગ બે માઈલ દૂર. આખી ટોળી જાય છે.' તરત જ આખા વહાણમાં ધમાચકડી મચી ગઈ.

જહાજને હવે પવનની દિશામાંથી દૂર કરવામાં આવ્યું. ધીમે ધીમે ધકેલાતું તે ચાલવા લાગ્યું. થોડી વારમાં તો જહાજમાંથી ત્રણ હોડીઓ પાણીના પટ પર ઊતરી પડી. પણ બરાબર આ કટોકટીનીપળે આશ્ચર્યનું એક મોજું ફરી વળ્યું. દરેક જણનું ધ્યાન એહેબ તરફ ખેંચાયું. જાણે

હવામાંથી ઊતરી પડી હોય તેવી પાંચ ઘેરી ભૂતિયા આકૃતિઓ તેને વીંટળાઇ વળી હતી. પેલી ભૂતિયા આકૃતિઓ તૂતકની બીજી બીજુ દોડી ગઈ અને કશા અવાજ વિના ઝડપથી એક હોડી તેમણે છૂટી કરી. આ માણસોનો રંગ પીળચટો હતો અને તેમના ચહેરા વાઘના જેવા ભભકતા રંગના હતા. હોડીના અગ્રભાગે ઊભેલ વ્યક્તિ શ્યામ હતી. પોલાદી હોઠોની બહાર એક સફેદ દાંત નીકળી આવ્યો હતો. માથા પર ગોળ વીંટાળેલી, સાચા સફેદ વાળની ગૂંથેલી એક પાઘડી તેણે પહેરી હતી. તેણે કાળું સુતરાઉ ચીની જાકીટ અને પહોળું પાટલૂન પહેર્યાં હતાં.

જહાજ પરની મંડળી હજી આ અજાણ્યાઓને બરાબર ધારીને જોતી હતી તેવામાં તો પેલા સફેદ પાઘડીવાળાને એહેબે પૂછ્યું: 'બધું તૈયાર છે, ફિદાલ્લાહ ?' 'તૈયાર છે', જવાબ મળ્યો. 'તો પછી ખાબકી પડો. કહું છું, સાંભળો છો ? ઉતારી નાખો હોડી.' જોતજોતામાં તો એહેબની હોડી સૌથી આગળ નીકળી ગઈ. 'વિખેરાઈ જાઓ,' એહેબે બૂમ પાડી અને ચારે હોડીઓ છૂટીછવાઈ થઈ ગઈ. બધા ખલાસીઓ તન તોડીને હોડીઓ ચલાવી રહ્યા હતા ત્યારે હું વહાણ ઉપાડવાના દિવસે અમે જોયેલા જહાજ તરફ દોડી જતા પડછાયાઓને અને વહાણના ભંડકિયામાંથી રાતે સંભળાતા વિચિત્ર અવાજોને સંભારી રહ્યો હતો. એ પડછાયા અને અવાજોનો ભેદ હવે ખૂલી ગયો હતો.

અમારી હોડીની આગળ ત્રણ વહેલ ધસી રહી હતી. સ્ટારબક એમનો પીછો પકડવામાં એટલો તો મશગૂલ થઈ ગયો હતો કે આકાશમાં ચડી આવેલાં વાદળાંને કારણે વધી ગયેલા અંધારાનો પણ તેને ખ્યાલ નહોતો આવતો. અમારી આસપાસ સમુદ્રનાં મોજાં નાગની ફણાની જેમ ધૂંધવાતાં પછડાતાં હતાં, હાથમાં હાર્પૂન લઈને ક્વીકવેગ ખડે પગે તૈયાર હતો. 'તે જ એની ખૂંધ, ત્યાં, ત્યાં જ દઈ દે બરાબરનો ઘા,' સ્ટારબકે કહ્યું. એક ટૂંકો ધસમસતો અવાજ થયો, અને ભાલો ઊછળ્યો. પછીના ખળભળાટમાં હોડીને પાછળથી એક ધક્કો વાગ્યો અને મોખરે હોડી કોઈ ડુંગરની ધાર સાથે અફળાઈ હોય એમ લાગ્યું.ધક્કા સાથે સઢ તૂટી પડ્યો. ધીકતી વરાળનો ફુવારો નજીકમાં જ ઊછળી રહ્યો. અમારી નીચે જાણે ધરતીકંપ થઈ ગયો. બધા ખલાસીઓ ગૂંગળાઈને વેરવિખેર થઈ ગયા. ઝંઝાવાત, મગરમચ્છ, અને હાર્પૂન અને આ બધાં જાણે એકમેકમાં ભળી ગયાં હોય એમ લાગ્યું અને વહેલ તો હાર્પૂનની અણીથી માત્ર ઉઝરડાઈને ભાગી છૂટ્યો હતો.

થોડી વારે અમે અમારી હોડી પાછી મેળવી અને ફરી તેમાં ગોઠવાઈ ગયા. તોફાન વધતું જતું હતું. આવા વાવાઝોડામાં હોડી હંકારવાનું તો બને તેમ જ નહોતું. આસપાસ ક્યાંય પીકવોડનું નામનિશાન નહોતું જણાતું.

સદ્ભાગ્યે સવારે વહાણ દેખાયું. તેણે અમને ઉપાડી લીધા. બીજી હોડીઓ તો ઝંઝાવાત પાસે આવી પહોંચ્યો તે પહેલાં જ વહેલનો પીછો છોડી સમયસર જહાજ પર આવી પહોંચી હતી.

*

એક પછી એક દિવસો વીતવા લાગ્યા અને મંથર ગતિએ ચાલતું વહાણ જુદાજુદા પ્રદેશોમાંથી પસાર થવા લાગ્યું. થોડા વખતમાં અમે સેન્ટ હેલેનાને પણ પસાર કરી ગયા.

એક દિવસે બપોરે હું ઝોલે ચડ્યો હતો ત્યારે એકાએક મારી બંધ આંખો નીચળી જાણે પરપોટા ફૂટતા હોય એમ લાગ્યું. અમારા વહાણની નજીક પૂરા ચાલીસ વામના અંતરે એક મોટો સ્પર્મ વહેલ પાણીમાં ચક્કર લેતો હતો. તેની કાળી પીઠ પર સૂર્યનો તડકો પડવાથી તે ચળકતો હતો. વારંવાર ઠંડે કલેજે તે પોતાના મોઢામાંથી સફેદ વરાળનો ફુવારો ઉડાડતો હતો.

શક્ય તેટલી ઝડપથી અને શાંતિથી અમે હોડીઓ પાણીમાં ઉતારી પણ ખલાસીઓના અવાજથી તે ભડકી ગયો હોય એમ લાગ્યું. કારણ અમે તેનો પીછો પકડીએ તે પહેલાં તેણે પોતાનું પૂછડું હવામાં ઉછાળ્યું અને પછી જાણે સમુદ્ર કોઈ ઊંચા મિનારાને ગળી ગયો હોય તેમ તે અદૃશ્ય થઈ ગયો. થોડી વારે તે પાછો પાણીની સપાટી પર દેખાયો. આ વખતે તે સ્ટબની હોડીની નજીક હતો. વહેલ પણ હવે જીવ બચાવવા શક્ય તેટલી ઝડપે ભાગવા લાગ્યો. તેનું માથું પાણીની સપાટીની બહાર સ્પષ્ટ દેખાતું હતું 'ઝુકાવો મારા બિરાદરો, ઝુકાવો,' સ્ટબ બરાડયો અને પોતાની ચુંગીમાંથી જોરથી દમ લેવા લાગ્યો. જીવ પર આવેલાની જેમ બધા ખલાસીઓ ખેંચાઈ ખેંચાઈને હોડી હાંકરતા હતા. એટલામાં આનંદભર્યો અવાજ સંભળાયો : ઊભો થા ટેષ્ટિગો, દઈ દે એને !' હાર્પૂન ફેંકાયું. 'બધા પાછા હઠો,' હુકમ છૂટયો. એ જ પળે દરેક ખલાસીના કાંડા પર થઈને કશુંક ગરમ અને સુસવાટા કરતું પસાર થઈ ગયું. એ હતી હાર્પૂનની લાઈનદોરી. સ્ટબના હાથમાંથી બરાબર એ જ વખતે અકસ્માત

કૅનવાસનાં મોજાં સરી પડ્યાં. એટલે ખુલ્લા હાથે જ તેણે લાઈનદોરી પકડી લીધી. 'દોરી ભીંજવ, દોરી ભીંજવ.' સ્ટબે રાડ નાખી. એક ખલાસીએ પોતાની ટોપીમાં દરિયાનું પાણી ભરી દોરી પર છાંટ્યું. દોરીને હોડીના બુધા પારેખ સાથે મજબૂત રીતે બાંધી દીધી એટલે હોડી મગરમચ્છદાની પાછળ જોરથી ખેંચાવા લાગી.

થોડી વારે વહેલની ઝડપ ઘટવા લાગી. તે થાક્યો હશે. પોતાની જગ્યાએ ગોઠણભેર થઈને સ્ટબ એક પછી એક ભાલા વહેલ તરફ ફેંકવા લાગ્યો.... એ રાક્ષસી પ્રાણીના દેહની બધી બાજુ પરથી હવે લોહીના રેલા વહેવા લાગ્યા. તેના ઊંચા, લાંબા, પીડાગ્રસ્ત મોઢામાંથી સફેદ ધુમાડાની સેર પર સેર છૂટવા લાગી. એ વહેલનો રોષ ઓછો થયો કે તરત હોડી તેની નજીક લઈ જવામાં આવી. સ્ટબે પોતાનો ભાલો વહેલના મર્મભાગમાં ખોસીને આમતેમ ફેરવ્યો. વહેલના મોમાંથી લોહીના ગાંઠા પર ગાંઠા ઊંચે ઊછળવા લાગ્યા. તેનું શરીર નિશ્ચેષ્ટ થઈ ગયું. સ્ટબની ચુંગી પણ પૂરી થઈ. ચુંગીના ઠૂંઠાને પાણીમાં ફેંકતો તે બોલ્યો : 'બન્ને ચુંગીઓ ખતમ થઈ ગઈ.'

*

હવે પીકવોડ ફૉર્મોસા અને બાશી ટાપુઓ તરફ જઈ રહ્યું હતું. એક સવારે જહાજની સાફસૂફી થઈ રહી હતી ત્યારે પાણીની સાથે સાથે તેલ પણ તરવા લાગ્યું. જહાજમાનાં તેલનાં ટાંકાં ક્યાંકથી કાણાં થયાં હતાં. તેલની ટાંકીઓ જહાજના ભંડકિયાને તળિયે રખાય છે. તેને ખૂબ જ મજબૂત રીતે બંધ પણ કરવામાં આવે છે. આ ટાંકીઓનો બહારનો ભાગ અઠવાડિયામાં બે વખત સમુદ્રના પાણીથી ધોવામાં આવે છે. ટાંકી ધોવાઈ જાય એટલે પંપ વડે પાણી ભંડકિયામાંથી બહાર કાઢી નાંખવામાં આવે છે. તેલ ગળતું હોય તો આ વખતે પાણી સાથે તે બહાર આવતાં તરત પકડાઈ જાય છે. આજે ટાંકી સાફ કર્યા પછી પાણી નીકળ્યું તેમાં ઉપર તેલ તરતું હતું. સમય ગુમાવવો પોસાય તેમ ન હતું અને હવામાન સાફ હતું એટલે અમે આખું ભંડકિયું ખાલી કરવાનું શરૂ કર્યું.

તૂતક પર સામાનના મોટામોટા ગંજ ખડકાયા. ભંડકિયું આખું ખાલી થઈ ગયું. ક્વીકવેગ એ ખાલી ભંડકિયામાં ઊતર્યો અને ટાંકી ક્યાંથી ગળે છે એ શોધવા લાગ્યો. થોડા વખતમાં ટાંકીનું સમારકામ તો થઈ ગયું પણ એ સખત પરિશ્રમને કારણે મારો દોસ્ત ક્વીકવેગ તાવમાં

સપડાણો જેને લીધે તેનો અંત વિનાનો અંત આવી ગયો.

ખલાસીઓમાંથી ભાગ્યે જ કોઈને ક્વીકવેગના બચવાની આશા હતી. ક્વીકવેગ પણ એ સમજી ગયો હતો. આથી તેણે સુતારને એક દફનપેટી બનાવવા કહ્યું. સુતારે ક્વીકવેગનું માપ લઈ તેને માટે દફનપેટી બનાવી. ક્વીકવેગને પોતાને પણ દફનપેટી જોઈ સંતોષ થયો. પણ ત્યાં તો આશ્ચર્ય ! મરવાની બધી તૈયારી થઈ ચૂક્યા પછી ક્વીકવેગ સાજો થવા લાગ્યો. થોડા દિવસોમાં તો તે પાછો હરતો-ફરતો થઈ ગયો. આથી તેને માટે બનાવેલી દફનપેટી નકામી પડી. જહાજનું એક બોયું તોફાનમાં તૂટીને ખોવાઈ ગયું હતું. તેની જગ્યાએ બોયા તરીકે એ દફનપેટીને ગોઠવી દેવામાં આવી.

અમે પ્રવાસ કરી રહ્યા હતા એ દરમિયાન રસ્તામાં અમને ઘણાં જહાજો મળ્યાં વર્જિન, રોઝાબડ, સેમ્યુઅલ એન્ડરબી, બેચલર, દિલાઇટ વગેરે. આ બધાં જહાજો મળતાં ત્યારે એહેબ એના નાખુદાઓને એક જ પ્રશ્ન પૂછતો : 'તમે સફેદ વહેલને જોયો ? કયાંય મોબી ડિકને ભાળ્યો?' અને જ્યારે જવાબ નકારમાં મળતો ત્યારે એહેબ ખૂબ જ ગમગીન બની જતો અને ઊંડા વિચારમાં ડૂબી જતો.

છેવટે અમને રાચેલ નામનું જહાજ મળ્યું. જહાજ ખાસ્સું મોટું હતું અને તેના સઢ ચડાવેલા હતા. હજી તો એ જહાજનો કૅપ્ટન હાથમાં ભૂંગળું લઈને બોલે એ પહેલાં તો એહેબે તેને બૂમ પાડીને પૂછયું : 'તમે મોબી ડિકને જોયો છે ?' સામેથી જવાબ મળ્યો : 'હા કાલે જ તેને જોયો હતો તમે એકે હોડીને જોઈ ?' જવાબ સાંભળતાં થયેલો આનંદ એહેબ છુપાવી ન શક્યો. એના મોઢા પર એ સ્પષ્ટ દેખાઈ આવતો હતો. એહેબ વધુ પ્રશ્નો પૂછી શકે એ પહેલાં તો રાચેલનો કૅપ્ટન જ હોડીમાં બેસીને પીકવોડ પર આવી પહોંચ્યો.

તેણે કહ્યું કે આગલે દિવસે બપોરે તેની ત્રણ હોડીઓ વહેલનો શિકાર કરવા નીકળી હતી ત્યારે મોબી ડિક દેખાયો હતો. તેની ચોથી હોડી તરત જ મોબી ડિકની પાછળ પડી હતી. તેમાંથી હાર્પૂન પણ ફેંકાયું હતું, પણ પછી હોડી અદશ્ય થઈ ગઈ. રાત પડી એટલે નાછૂટકે બીજી ત્રણ હોડીઓ પાછી વળી. હવે જહાજ ચોથી હોડીની શોધ ચલાવી રહ્યું હતું, આ હોડીમાં કૅપ્ટનનો બાર વરસનો દીકરો પણ હતો. રાચેલનો કૅપ્ટન એહેબને ઘણું કરગર્યો હતો, હોડીની તપાસમાં મદદ કરવા. તેણે એહેબને ઘણો વીનવ્યો પણ એહેબનું તો રૂંવાડું પણ ફરક્યું નહિ. તે ઠંડે

કલેજે બોલ્યો : 'કેપ્ટન ગાર્ડિનર ! અત્યારે આ ઘડીએ પણ મારો વખત નકામો બગડી રહ્યો છે. આવજો ! માલિક મારા પર રહેમ કરે, ને માફ કરે. પણ મારાથી નહીં રોકાવાય... મિ. સ્ટારબક ! ચુંબક ઘડિયાળ જુઓ. બરાબર ત્રણ મિનિટમાં બધા આગંતુકોને વહાણ પરથી હાંકી કાઢો.' આટલું કહી તે પોતાની કૅબિનમાં ચાલ્યો ગયો.

*

સમુદ્રનાં મોજાંની જેમ દિવસો પસાર થતા ગયા. મખમલ-મઢી રાતમાં જાણે રતન ટાંક્યાં હોય એવું આકાશ દેખાવા લાગ્યું. એવામાં એક રાતે અચાનક દૂરદૂરથી જીવતા વહેલની વાસ આવવા લાગી.

સવાર પડી એટલે એહેબ પોતે દોરડાની મદદથી કૂવાથંભ પર ચોકી કરવા લાગ્યો. એકાએક તે ગરજ્યો : 'ઓ દેખાય ! એ ફુવારો ઉડાડે. બરફના ગચિયા જેવી એની ખૂંધ - એ મોબી ડિક જ છે.' પછી જરા શ્વાસ ખાઈને બોલ્યો : 'તમારામાંથી કોઈએ એને મારી પહેલાં નહોતો જોયોને? તો તો સોનાનો સિક્કો મને જ મળશે. મારે માટે જ વિધાતાએ એ સિક્કો ઘડ્યો લાગે છે. મિ. સ્ટારબક, તમે અહીં રહી વહાણ સંભાળજો. સુકાની ! એક અંશ દબાવો. બધી હોડી તૈયાર છેને ? મિ. સ્ટારબક ! મને નીચે ઉતારો, ઝટ કરો.!' આમ કહેતોકને વીજળીની ઝડપે એ તૂતક પર ઊતરી આવ્યો.

હોડીઓ દરિયામાં ઊતરી અને સઢ ચડી ગયા. બધાં હલેસાં ચપોચપ ચાલવા લાગ્યાં. એ આક્રમણને મોખરે એહેબની હોડી હતી. તેની હોડીમાં પેલો ફિદાલ્લાહ પણ હતો. તેની ઊંડી ઊતરેલી આંખોમાં મોતની ચમક દેખાતી હતી, ને એનાં જડબાં ભયાનક રીતે હલી રહ્યાં હતાં.

અમે મોબી ડિકની નજીકમાં પહોંચ્યા. એ દૃશ્ય ખરેખર સુંદર હતું. આસપાસ ચોમેર દરિયાનાં ભૂરાં પાણી. એમાં બરફ જેવો શ્વેત મત્સ્યરાજ. કોઈ વહાણમાં નવા ધ્વજદંડ જેવો એક ભાલો તેની પીઠમાં ખૂંચી ગયો હતો. એટલામાં એનો આગલો ભાગ ધીરે રહીને ઊંચો થયો અને પાછો જોરથી ડૂબકી મારીને એ પાણીમાં ગરકાવ થઈ ગયો. હલેસાં ઊંચાં કરી દઈ, સઢના છેડા ઢીલા મૂકી ત્રણે હોડીઓ મોબી ડિક ફરી દેખા દે તેની રાહ જોતી થંભી ગઈ.

થોડોક સમય વીત્યો અને પાણીના ઊંડાણમાં ખૂબ ધ્યાનથી જોઈ રહેલા એહેબની આંખો ચમકી. પાણીના ઊંડાણમાંથી ઉપર ધસી આવતો

એક આકાર એણે જોયો. ઘડીક પછી તો એના સફેદ ચકચકિત દાંતની વાંકી હાર સ્પષ્ટ દેખાઈ. મોબી ડિક ચાલાકીથી હોડીની નીચે પાણીમાં પડખાભેર થયો અને ઘડીના છઠ્ઠા ભાગમાં એના માથાના ધક્કાએ હોડીના પાટિયેપાટિયાં ઢીલાં કરી નાંખ્યા. તેણે હોડીના મોરાને પોતાને મોઢાની પકડમાં મજબૂત રીતે પકડ્યો અને બિલાડી મોંમાં પકડેલ ઉંદરને હલાવે તેમ આખી હોડીને તેણે આમથી તેમ હલાવી. મગરમચ્છના મોઢાનું તાળવું એહેબના માથાથી માંડ એક વેંત વેગળું રહ્યું હશે. ક્રોધ અને અભિમાનથી રાતોપીળો થયેલો એહેબ ગાંડો બની એ જડબાંને વળગ્યાં અને તેની પકડ ઢીલી કરવા મથવા લાગ્યો. પણ બન્ને જડબાં કોઈ પ્રચંડ કાતરની જેમ સરકીને ભીડાયાં અને હોડીના ભુક્કા બોલી ગયા. મોબી ડિક હવે નાનકડી જલ લહરીઓ જગાડતો, પોતાના શિકારથી જરા દૂર રહીને પોતાના શરીરને ગોળગોળ ફેરવવા લાગ્યો. તેણે પોતાનું માથું પાણીની બહાર કાઢ્યું. પાણીમાં પડેલા ખલાસીઓની આસપાસ તે ગોળ ચકરાવા લેવા લાગ્યો. બીજી હોડીઓ અસહાય બનીને આ જોઈ રહી.

આ બધી ઘટનાઓ પીકવોડના તૂતક પરથી બરાબર દેખાતી હતી. પીકવોડ તરત આગળ વધ્યું અને મોબી ડિક અને પાણીમાં પડેલા ખલાસીઓ વચ્ચે આવી ઊભું. એહેબ અને તેની હોડીના ખલાસીઓને જહાજ પર લઈ લેવામાં આવ્યા. એહેબની આંખો લાલઘૂમ થઈ ગઈ હતી. તે થાકીને લોથ થઈ ગયો હતો. છતાં તે હિંમત હાર્યો ન હતો. તે તરત બોલ્યો : ‘સઢ લગાવો. હલેસાં સાબદાં કરો. સુકાન સંભાળો. પીછો પકડો.’ બીજી હોડી પાણીમાં ઊતરીને બેવડી ઝડપથી મોબી ડિકની પાછળ પડી, પણ મોબી ડિક જાણે ત્રણગણી ઝડપથી ભાગતો હતો. હોડીઓ તેને આંબી શકતી નહોતી. આથી એહેબે હોડી પાછી વાળવા હુકમ આપ્યો અને જોતજોતામાં હોડી જહાજ આગળ આવી ગઈ. સઢ ચડાવીને પીકવોડ મોબી ડિકની પાછળ પડ્યું.

રાત પડવા લાગી. એહેબ પોતાની છાપરીમાં પ્રવેશ્યો. રાત કેટલી વીતી તેનો અંદાજ કાઢવા અવારનવાર બહાર નીકળવા સિવાય છેક સવાર સુધી એ ત્યાં જ ઊભો રહ્યો. સવાર પડી અને એહેબનો હુકમ છૂટ્યોઃ ‘બધા સઢ ચડાવો. બને તેટલી ઝડપ વધારો.’ એહેબે ધાર્યા કરતાં મોબી ડિક વધારે ઝડપથી આગળ નીકળી ગયો હતો. આસપાસ ક્યાંય તેની નિશાની દેખાતી નહોતી. ઝનૂનમાં આંધળાભીંત બનેલા માણસની

જેમ જહાજ આગળ ધપતું રહ્યું. એ વખતે સ્ટારબક વિચારી રહ્યો હતો : 'ભૂરાં પાણીમાં આ સૌ પોતાના સર્વનાશ તરફ કેવા દોડી રહ્યા છે !' પણ ત્યાં તો અરે ! જહાજથી એકાદ માઈલ દૂર મોબી ડિક ફરીથી દેખાયો. સાગરના પેટાળમાંથી પૂરઝડપે એ ઉપર ધસી આવ્યો. તેનું આખું શરીર અધ્ધર હવામાં તોળાયું. તે પાણીમાં પાછો પડ્યો ત્યારે આસપાસ જે ફીણ ઉછળ્યાં તેને લીધે ઘડીભર તો ધુમ્મસ જેવું થઈ ગયું. એહેબ બોલ્યો : 'અલ્યા મોબી ડિક ! છેલ્લી વાર સૂર્ય તરફ ઊછળી લે. તારો કાળ આવ્યો છે. તારા માટેનું હાર્પૂન મારા હાથમાં તૈયાર છે. સાથીઓ ! ખાબકી પડો. હોડીઓ ઉતારો.'

હજી તો હોડીઓ માંડ પાણીમાં ઊતરી હશે ત્યાં તો મોબી ડિકે તેની દિશા બદલી. તે પાછો વળ્યો અને પૂરઝડપે સીધો હોડીઓ તરફ ધસી આવ્યો. તેનું મોઢું ખુલ્લું હતું અને પૂંછડી તે આમથી તેમ જોરથી વીંઝતો હતો. પણ કુશળ સૈનિકો દુશ્મનનું નિશાન ચૂકવે એમ ખલાસીઓ હોડીને આમથી તેમ આઘીપાછી કરીને તેના સકંજામાંથી બચી રહ્યા હતા. બધી હોડીમાંથી મોબી ડિક તરફ સામટા ભાલા ફેંકાઈ રહ્યા હતા. બધી હોડીઓમાંથી એટલા બધા ભાલા અને હાર્પૂન ઊછળી રહ્યાં હતાં કે થોડી વારમાં તો એ બધાં સાથે બંધાયેલ દોરીઓનું એક જાળું ગૂંથાઈ ગયું - જાણે મૃત્યુએ પોતાની જાળ બિછાવી. આ જાળમાંથી બચવા માટે દોરીઓ કાપી નાખવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. એહેબે દોરીઓ કાપી પોતાની હોડીને જાળમાંથી છૂટી કરી નાંખી પણ હોડીઓ છૂટી થાય એ પહેલાં તો મોબી ડિકે બીજી બાકી રહેલી દોરીઓ પર છાપો માર્યો. તે દોરીઓ સાથે સ્ટબ અને ફલાસ્કની હોડીઓ જોડાયેલી હતી તે બન્ને તરફથી મોબી ડિકની આગલી પાંખો પાસે તણાઈ આવી અને એકબીજા સાથે જોરથી અફળાઈ. પછી તરત જ પેલો સેતાન પાણીમાં ડૂબકી મારી ગયો. પાછળ ચકરભમર ભમતાં પાણીમાં એ હોડીઓનો કાટમાળ તરી રહ્યો - વાટકામાં જોરથી ગોળગોળ હલાવતાં દૂધમાંનો મસાલો તરી રહે તેમ.

હજી બે માણસો તરવા માટે ફાંફાં મારી રહ્યા હતા એટલામાં એહેબની હોડી જાણે કે અદૃશ્ય તાર વડે આકાશ તરફ ઊંચકાઈ હોય એમ લાગ્યું. એને તળિયે સફેદ મગરમચ્છે પોતાના કદાવર કપાળનો ધક્કો મારીને હોડીને તીરની જેમ હવામાં ઉછાળી અને ગોળગોળ ગુંલાટ ખાતી એ ઊછળી અને ઊંધી થઈને પાણીમાં ઝીંકાઈ. એહેબ અને તેના

બીજા સાથીઓ ઊંધી વળી ગયેલી હોડીમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. મોબી ડિક હોડીથી થોડે દૂર અટકીને પોતે કરેલા નુકસાનનો જાણે કે તાગ લઈ રહ્યો હતો. એહેબ પોતાની હોડીના અડધિયાને વળગીને તરવા પ્રયત્ન કરતો હતો પણ તેનો હાડકાનો બનાવેલો ખોટો પગ ભાંગી ગયો હતો. ખોટા પગની જગ્યાએ હાડકાનું એક નાનકડું છોડિયું જ રહ્યું હતું. આમ છતાં, એહેબની હિંમત ખૂટી નહોતી. વહાણના તૂતક પર તેને લઈ લેવાયો ત્યારે સ્ટારબકના ખભાનો આધાર લેતાં તે બોલ્યો : 'સ્ટારબક ! કોક વાર તો ભલભલા મૂછે લીંબુ લટકાવીને ફરનારાને પણ બીજાનો આધાર મીઠો લાગે છે હોં ! અને પછી તરત હાક મારી, 'અલ્યા ચૉકિયાત! કઈ તરફ દેખાય છે ?' 'બિલકુલ પવનની દિશામાં, સાહેબ, 'મિ. સ્ટારબક, જહાજના બધા ખલાસીઓને એકઠા કરો.' બધા ખલાસીઓ ભેગા થયા એટલે ગીનતી થઈ ગઈ. બધા હાજર હતા. અકસ્માત પેલો બુઢ્ઢો ફિદાલ્લાહ ગુમ થયો હતો. એક ખલાસીએ કહ્યું : 'સાહેબ ! આપના ભાલાની દોરીના ગૂંચળામાં ફસાઈને પાણીમાં તણાઈ જતો મેં એને જોયેલો એવો ખ્યાલ છે.' આ સાંભળી એહેબ તરત બોલ્યો : મારી દોરી ? મારી જ દોરી? ગયો? ગયો? શું સાચે જ એ બુઢ્ઢો ગયો ? યા પરવરદિગાર !' અને પછી તેણે હુકમ છોડ્યો : 'બધા હોડીઓને ચોંટી પડો. હલેસાં ભેગાં કરો. ભાલા સંભાળો. મથાળાના સઢ ચડાવો. સુકાન જરા ઊંચું તાણો. હું આ અમાપ ધરતીની આસપાસ ભલે દસ વાર ચક્કર મારીશ, પણ હવે એને માર્યા વગર નહીં છોડું.'

*

રાત દરમિયાન ફાનસને અજવાળે સુતારે એહેબ માટે બીજો ખોટો પગ ઘડી કાઢ્યો. સવારે તો આ નવા પગની મદદથી એહેબ તૂતક પર ફરવા લાગ્યો. સવારે આકાશ સ્વચ્છ અને ઊજળું હતું. આસપાસમાં ક્યાંય મોબી ડિક દેખાતો નહોતો. એહેબના હુકમથી દરેકેદરેક ડોલ ને વાંસડા પર ચડીને માણસો ભાળ રાખી રહ્યા હતા. બપોરના લગભગ એકાદ વાગે બહારની જમણી તરફ ત્રણેક અંશને ખૂણે ફરી પાછો મોબી ડિક દેખાયો. ફરી ધમાલ મચી રહી. હોડીઓ પાણીમાં ઊતરી. બરાબર એ જ વખતે અચાનક દરિયાના પેટાળમાંથી શાર્ક માછલીઓનાં ટોળેટોળાં ધસી આવ્યાં અને કોઈ ગેબી કારણસર માત્ર એહેબની હોડી પાછળ તરવા લાગ્યાં. શાર્ક માછલીઓ એહેબની હોડીનાં હલેસાંને બટકાં

ભરવા લાગી અને એમ હલેસાનાં પાનાં બુઠ્ઠાં થવા લાગ્યાં. પણ એહેબના મુખમાં તો એક જ હુકમ હતો. : 'હલેસાં મારો, હોડીઓ આગળ ઝુકાવો.'

મોબી ડિકને પાછળ હોડીઓ આવતી હોવાનો અણસારો આવી ગયો હશે એમ લાગ્યું. વળી ગઈ કાલે થયેલા જખમોથી એ રોષે પણ ભરાયો હતો. આથી તે હોડીઓ સામે સીધો ધસી આવ્યો અને પોતાની પૂંછડી આમથી તેમ જોરથી વીંઝવા લાગ્યો. પૂંછડાના ઝપાટે હોડીઓને સૂપડામાંનાં ફોતરાંની જેમ એણે ઉડાડી મૂકી. બન્ને મદદનીશોની હોડીના ફુરચેફુરચા ઊડી ગયા પણ એહેબની હોડીને આ વખતે ઊની આંચ પણ ન આવી. હોડીનાં તણાઈ જતાં પાટિયાંને ડેગ્ગૂ તથા ક્વીકવેગ ભેગાં કરી રહ્યા હતા એવામાં બધે ચીસાચીસ થઈ રહી. આગલી રાતે મોબી ડિકે આમતેમ અનેક ચકરાવા લીધા હોવાથી એને વાંસે શૂળ-ભાલામાં લપેટાયેલી દોરીઓની આંટી પડી ગઈ હતી અને એ આંટીમાં ભેરવાઈ હતી પેલા બુઠ્ઠા ફિદાલ્લાહની લાશ. એના કાળાં કપડાંનાં ચીંથરાં થઈ ગયાં હતાં અને ફાટી ગયેલી આંખો એહેબ પર મંડાઈ હતી.

એહેબના હાથમાંથી ભાલો નીચે પડી ગયો. એણે એક ઊંડો નિસાસો મૂક્યો અને પછી લગભગ સ્વગત બબડ્યો : 'હું ખરો બેવકૂફ બન્યો. બુઠ્ઠા ફિદાલ્લાહ ! તેં કહ્યા પ્રમાણે તું મારા પહેલાં મર્યો પણ ખરો અને છતાં આજે હું તને પાછો જોઉં છું પણ ખરો. જે દફનગાડીની તું વાત કરતો હતો તે આ જ છે એમ મને લાગે છે, પણ તારા બોલના છેલ્લા અક્ષર સુધી હું કસોટી કરવાનો છું. મારે માટે બીજી દફનગાડી છે જ કઈ? એહેબ એકલો મરવા માટે પણ પૂરતો છે.' સ્ટારબકે રાડ નાખી : 'અરે ઓ એહેબ ! હજી મોડું નથી થયું. હજી આજે ત્રીજે દિવસે પણ તું આ ગાંડપણ છોડી દે તો હજી બાજી હાથમાં છે. મોબી ડિક તારી પાછળ નથી પડ્યો પણ તું ગાંડો થઈને એની પાછળ દોડે છે. હજુ પાછો વળ, મારું કહ્યું માન.' પણ એહેબે તો જાણે કાંઈ સાંભળ્યું જ ન હોય તેમ હુકમ છોડ્યો : 'આગળ ધપો, પીછો પકડો.'

એહેબની હોડી મોબી ડિકની લગોલગ આવી પહોંચી. એહેબે ભાલો ઉઠાવ્યો અને કરોડરજ્જુને કમાન આકારે પાછળ વાળી બે હાથે ભાલાને બરાબર મોબી ડિક સામે તાકી શક્ય તેટલા બળપૂર્વકપીઠમાં ઝીંક્યો. એના પ્રહારથી મોબી ડિક હલી ગયો. એની કાયા પીડાથી આંચકા ખાવા લાગી અને મોબી ડિક જીવ લઈને નાસવા લાગ્યો. હોડી તેની પાછળ ઘસડાણી પણ એટલામાં મોબી ડિકની નજર પીકવોડ તરફ

ગઈ. એને થયું હશે કે મારી બધી યાતનાનું મૂળ આ જ છે. આથી એ સીધો જ જહાજ તરફ ધસ્યો. એહેબે આ જોઈ રાડ નાખી : 'વહાણ ! મારું વહાણ ! અરે મારા દોસ્તો ! કોઈ તો મારા વહાણને બચાવો.' પણ જોતજોતામાં તો મોબી ડિકનું સફેદ નક્કર લમણું વહાણને જમણે પાસે અથડાયું અને જહાજમાનાં ખલાસીઓ તથા કૂવાથંભ હચમચી ગયા. પડખાના ગાબડામાંથી પાણી ધોધબંધ જહાજમાં ધસી આવ્યું. ડૂબતા વહાણને છોડી મોબી ડિક ફરી એહેબની હોડી તરફ વળ્યો. પાણીમાં ડૂબકી મારી થોડી વારે તે હોડીની લગોલગ પહોંચ્યો. તેને જોઈને એહેબ બોલ્યો : 'મોબી ડિક ! આ ભયંકર સત્યાનાશ તેં કર્યો છે. છતાં તારી જીત થવાની નથી. છેક છેવટ સુધી હું તારી સામે બાથ ભીડું છું. હું ઘાયલ થયો હોવા છતાં તારો પીછો પકડું છું. નરકના રહેવાસી ! તારી પાછળ ખેંચાતો હું ભલે ટુકડે ટુકડા થઈ જાઉં. પણ આવ ! હું તને મારા ભાલાથી ભેદું છું.'

ભાલો ઝીંકાયો. મોબી ડિક આગળ નાઠો. સળગી ઊઠે તેવા વેગથી સમસમતી દોરી આગળ વધતી હતી તેવામાં તેમાં આંટી પડી ગઈ. એને છૂટી કરવા એહેબ વાંકો વળ્યો. દોરીની ગૂંચ છૂટી પણ ખરી, પણ એનો ઊડતો ગાળિયો એહેબના ગળામાં ભરાયો અને તે અદ્ધર ઊંચકાઈને દરિયામાં ફેંકાઈ ગયો. શું થાય છે તેની ખલાસીઓને ખબર પણ પડે તે પહેલાં તો વીજળીની ઝડપે એહેબ પાણીમાં અદૃશ્ય થઈ ગયો. બીજી ક્ષણે દોરીને છેડે બાંધેલું વજનદાર લાકડું ખાલી થયેલા કૂંડામાંથી ઊછળ્યું અને એક ખારવાને નીચે પટકી પાડીને સમુદ્રના ઊંડાણમાં અલોપ થઈ ગયું.

દિગ્મૂઢ બનેલા ખારવાઓ એક ક્ષણ સ્તબ્ધ બનીને હોડીમાં ઊભા રહ્યા. 'વહાણ, ઓ ઈશ્વર ! વહાણ ક્યાં છે ?' પીકવોડના ઊંચા કૂવાથંભની માત્ર ટોચ જ હવે પાણીની સપાટીની બહાર દેખાતી હતી. ડોલને મથાળે વહાણનો ઝંડો હજી ફરફરી રહ્યો હતો.

હવે હોડી વમળમાં સપડાણી. હોડી, ખારવા, હલેસાં, બધું વમળના મધ્યભાગમાં ગરકાવ થઈ ગયું. વમળની ઘૂમરી પર નાનાંનાનાં પંખીઓ ઊડી રહ્યાં હતાં. અને વિશાળ કબ્રસ્તાન જેવો સાગર પાછો હિલોળા લઈ રહ્યો - જે રીતે પાંચ હજાર વર્ષો પૂર્વે લેતો હતો, બરાબર એ જ રીતે.

*

એ બધા બહાદુર પણ કમનસીબ ખલાસીઓમાંથી એકમાત્ર હું જ આ વાત તમને કહેવા બચી ગયો. લાંબા સમય સુધી તો હું પાણીમાં

ચક્કર-ચક્કર ઘૂમી રહ્યો. વમળના મધ્યબિંદુ આગળ એક મસમોટો કાળો પરપોટો હતો. હું તેની વધુ નજીક જવા લાગ્યો. એકાએક પેલો પરપોટો ફૂટ્યો અને તેમાંથી સુતારે ક્વાક્વેગ માટે ઘડેલી પણ પાછળથી નકામી પડતાં વહાણમાં બોયાની જગ્યાએ બંધાયેલી દફનપેટી બહાર ધસી આવી, અને મારી બાજુમાં તરવા લાગી. દફનપેટીના બનેલા એ બોયાને આધારે લગભગ એક આખો દિવસ ને એક રાત હું સાગર પર તરતો રહ્યો. બીજે દિવસે થોડે છેટે કોઈ વહાણનો સઢ મને દેખાયો. મારી પાસે આવીને તે વહાણે મને ઊંચકી લીધો. એ જહાજ હતું કૅપ્ટનના, સાગરમાં ખોવાયેલા, છોકરાની ખોજ કરી રહેલું રાચેલ, પણ એ ખોજમાં તેને હાથ તો લાગ્યો બીજો જ એક અનાથ બાળક.

●

૧૭. પ્રેમ અને પૈસા પાછળ પાગલ
માદામ બોવરી / ગુસ્તાવ ફ્લોબૅર

આ કથા છે એક સ્ત્રીની. પ્રેમ અને પૈસાનાં ઝાંઝવાં પાછળ દોટ મૂકીને ખુવાર થતી એક સ્ત્રીની. નામ એનું માદામ બૉવરી. નવલકથાનું નામ પણ તે જ. એનો લેખક ગુસ્તાવ ફ્લોબૅર. ૧૯મી સદીની બીજી પચ્ચીસીનો સમય. ગામનું નામ નોર્મન્ડી. ત્યાં રહે ચાર્લ્સ બૉવરી. ઉમર માંડ પચ્ચીસ વર્ષ. એનો બાપ લશ્કરની નોકરીમાંથી નિવૃત્ત થયેલો. આ ચાર્લ્સમાં ઝાઝી ત્રેવડ નહીં, પણ એની મા બડી મહત્ત્વાકાંક્ષી. દીકરાને ડૉક્ટર બનાવવાનાં સપનાં જુએ. દીકરા ચાર્લ્સને બાજુના ગામની મોટી નિશાળમાં ભણવા મોકલ્યો. માને ખાતર ભણતરનું ગાડું જેમતેમ ગબડાવ્યું, પણ જણનારીમાં જ જોર ન હોય તો સુયાણી શું કરે ? ડૉક્ટર તો ન જ થઈ શક્યો, પણ ઑફિસર ઑફ હેલ્થ તો થઈ શક્યો. ચાર્લ્સ ડૉક્ટર કરતાં પાયરી તો એની નીચી, પણ લોકોની સારવાર કરવાનો પરવાનો ખરો. માએ ઠેકાણુંય શોધી કાઢ્યું દીકરાની પ્રૅક્ટિસ માટે. નામ તોસ્તેસ. નાનું નાનું ગામ કહો તો ગામ ને મોટું ગામડું કહો તો ગામડું. પછી તો આ દીકરા માટે વહુ પણ શોધી કાઢી માએ. હા, એ હતી તો વિધવા, ઉંમરમાં ચાર્લ્સ કરતાં મોટી પણ ખરી, પણ તેથી શું થયું ? [illegible] ખાધેપીધે સુખી ઘરની. એને પરણીને દીકરોય બે પાંદડે થશે.

પણ ચાર્લ્સ અને એની પત્ની હેલોસેનું લગનગાડું કાંઈ બહુ સીધું ચાલ્યું નહીં. પૈસાનું ગુમાન ભરેલું મગજમાં એટલે હેલોસે વાતે વાતે ચાર્લ્સ પર દાદાગીરી કર્યા કરે. મિજાજ બાર ખાંડીનો. વળી ભારે વહેમી બાઈ. ક્યાં ગયા'તા ? કોની સાથે ? મોડો કેમ આવ્યો ? રોજ ટપાર્યા કરે. રોજની કટકટથી કંટાળેલો ચાર્લ્સ વળ્યો એક દર્દી છોકરી તરફ. છોકરીનું નામ એમા. એનો બાપ રૉઑલ્ટ ધંધે તો ખેડૂત પણ હતો પૈસાદાર. એટલે દીકરીને મોંઘીદાટ કૉન્વેન્ટ સ્કૂલમાં ભણાવેલી, એટલે એમા જમીનથી બે ઇંચ અધ્ધર ચાલે. સારી સારી વસ્તુઓ ગમે. રીતભાત માંજેલી. આ

બંને વચ્ચે કંઈક રંધાઈ રહ્યું છે એની ગંધ તો હેલોસેને આવી ગયેલી અને એટલે ઈર્ષાથી બળી મરે અને વરને બાળે, પણ નસીબનું કરવું તે હેલોસે એકાએક મરી ગઈ. ચાર્લ્સ અંદર ખાનેથી તો રાજી - હાશ, ટાઢે પાણીએ ખસ ગઈ. તોય લોકલાજે થોડો વખત તો મૃત્યુ પામેલી પત્નીનો શોક પાળવો પડ્યો. પણ પછી ચાર્લ્સ અને એમાએ લગ્ન કરી લીધાં અને એમા બની માદામ બૉવરી. એમાને પરણીને ચાર્લ્સ તો સાતમા આસમાને. એને મન તો આ જ સાચું લગ્ન હતું, કારણ એ પ્રેમલગ્ન હતું. પેલી હેલોસે સાથે તો માએ લાકડે માકડું વળગાડી દીધેલું. પણ ચાર્લ્સમાં કોઈ રોમિયો જેવા પ્રેમીનાં લખ્ખણ નહીં. એમાને ચાહે બેહદ, પણ પોતાના પ્રેમને પ્રગટ કરતાં ન આવડે. ગૂંગાના ગોળ જેવી સ્થિતિ.

પણ એમા તો મોટી થયેલી ઉત્કટ પ્રેમની કવિતાઓ વાંચીને, પ્રેમલા-પ્રેમલીની રસઝરતી નવલકથાઓ વાંચીને. એટલે એની કલ્પનામાં તો લગ્ન એટલે બસ, પ્રેમનો પારાવાર. આંખમાં આંખ પરોવીને, હાથમાં હાથ પકડીને બેસી રહેવાનું. 'હું તને પ્રેમ કરું છું' નું ગાણું દિવસમાં દસ વખત ગાયા કરવાનું. મધુરજની ઊજવી ત્યાં સુધી તો બધું તેની કલ્પના પ્રમાણે સીધું ચાલ્યું. પણ પછી તેનો મોહભંગ થવા લાગ્યો. રોજ રોજ ચૂલો ફૂંકવાનો, ઘરનાં કામ કરવાનાં, સાંજ સુધી વરની રાહ જોઈને ઘરમાં બેસી રહેવાનું, અરે ! શું આનું નામ લગ્ન ? બાપને ત્યાં દોમદોમ સાહ્યબી જોયેલી. ચાર્લ્સના ઘરમાં એ ક્યાંથી કાઢવી ? હવે ચાર્લ્સ એને મૂંજી લાગવા માંડ્યો, એમાં વળી એક ઉમરાવને ત્યાં મોટી મિજબાનીમાં જવાનું નોતરું મળ્યું. ઓહોહો, શું ત્યાંનો ઠાઠ. ઘરમાં નોકરચાકર દોડાદોડ કરે, મોંઘું રાચરચીલું, ભોજનમાં તો જાણે અન્નકૂટ ધરી દીધેલો. ઉમરાવની પત્નીએ કેવાં ઘરેણાં પહેરેલાં અને કેવાં જરી ભરતવાળાં રેશમી કપડાં ! એમા મનમાં ને મનમાં સમસમી ગઈ. અરે, ખરી જિંદગી તો આનું નામ. આ અડધા-દાક્તર ચાર્લ્સ સાથેની જિંદગી એ તે કંઈ જિંદગી કહેવાય? એટલે તે દી'થી ફેશનનાં ને સજાવટનાં મૅગૅઝિન વાંચવા લાગી. એ વાંચીને ઘરમાં ને પોતાના દેખાવમાં થોડા ફેરફાર પણ કર્યા - અલબત્ત, અડધા-દાક્તરના ખિસ્સાને પોસાય એવા ને એટલા. પણ પછી એમાને થવા લાગ્યું : આ ગામડા ગામમાં પડ્યાં રહીશું ત્યાં સુધી જિંદગીમાં સારાંવાનાં થવાનાં નથી. ગામ છોડીને પૅરિસ જઈને વસવું જોઈએ. ત્યાં તો કેવી ઝાકમઝાળ, સૌન્દર્યની ને સમૃદ્ધિની કેવી રેલમછેલ ! બસ, દિવસ-રાત એમા તો પૅરિસનાં સપનાં જોવા લાગી,

પણ સપનું સાકાર થાય તેવું નથી એ પણ સમજતી. એટલે મનમાં ને મનમાં રહેંસાયા કરતી. માંદા મનનો પડછાયો પડ્યો એમાના તન પર. નાની-મોટી માંદગી આવવા લાગી. એમાં વળી એમાને દિવસ રહ્યા. પત્નીનાં સુખસગવડ ને તબિયતને ખાતર ચાર્લ્સ પૅરિસ તો નહીં, પણ યોનવિલ નામના જરા મોટા ગામમાં રહેવા ગયો.

પણ આ ગામનું મુખ્ય અંગ તેની બજાર. બજારમાં આસપાસનાં ગામડાનાં વેપારીઓની અવરજવર ખરી, પણ તે સિવાયનું બાકીનું ગામ જ્યારે જુઓ ત્યારે જાણે ઊંઘતું હોય એવું લાગે. એ ગામમાં એક દવાની દુકાન ચલાવે હોમાઈસ. ગામમાં નવો દાક્તર રહેવા આવ્યો છે એવી જાણ થતાં હોમાઈસ તો પહોંચ્યો ચાર્લ્સને ઘેર. પોતાની આવડતથી ડાક્તર અંજાઈ જાય તો દર્દીઓને દવા લેવા હોમાઈસની દુકાને મોકલે. આને તો ધંધામાં બે પૈસા વધુ રળાય. એ હોમાઈસના ઘરમાં વળી અદાલતમાં કારકુની કરતા લિયોન નામનો જુવાન પેઈંગ ગેસ્ટ તરીકે રહે. એની નજર પડી માદામ બોવરી એમા પર. જુવાન હતો, ચાલાક હતો. સમજી ગયો કે આ બાઈ છે સપનામાં રાચનારી. એનાં સપનાં સાચાં કરવાની આશા બંધાવીશ તો એના મનમાં જગ્યા કરી શકાશે. નવા ગામમાં પણ ચાર્લ્સ તો થોડા દિવસમાં રોજિંદી ઘટમાળમાં ગોઠવાઈ ગયા, પણ એમા હવે નવાં સપનાં જોવા લાગી, લિયોન સાથેના પ્રેમનાં. પણ હા, એ પ્રેમ એણે મનમાં જ સંઘરી રાખેલો. મનમાં ને મનમાં મિનારા ચણાતી રહેલી. થોડા વખત તો લિયોનને એમાના સાથમાં મજા પડી. પણ પછી કાયદાના અભ્યાસ માટે નસીબ અજમાવવા તે ગયો પૅરિસ.

એમા ફરી મનથી એકલી પડી ગઈ. ફરી પ્રેમની ભૂખ જાગી. પડોશમાં રહેતા રૉડોલ્ફ નામના કાચા કુંવારા, છેલબટાઉ તવંગર ખેડૂત માટે મનમાં આકર્ષણ જાગ્યું. બંને વચ્ચે આડો સંબંધ પણ બંધાયો પણ રૉડોલ્ફ માટે તો એમા સાથેનો આ સંબંધ એ બે ઘડીની ગમ્મત હતી. પણ એમા તો સાચોસાચ રૉડોલ્ફના પ્રેમમાં પડી ગઈ હતી. પ્રેમીને આકર્ષવા માટે મોંઘાં કપડાં ને ઘરેણાં પહેરવા લાગી, છુટ્ટે હાથે પૈસા વાપરવા લાગી, પણ આ બધું કરવા માટે કંઈ પતિ પાસે તો પૈસા મગાય નહીં. એટલે એમા જવા લાગી ગામના એક શાહુકારને ત્યાંથી ઉછીના લેવા. કારણ તો રામ જાણે, પણ વાણિયો એમાને ઉધાર આપતો જ ગયો. એટલે એમા તો રોજ ઠાઠ-ઠઠારા કરીને ફરે, તક મળે ત્યારે રૉડોલ્ફને મળે ને બાકીનો વખત પરમ પ્રેમનાં મધમીઠાં સપનાં જોયા કરે.

હવે વાત જાણે એમ હતી કે ગામમાં હતી એક ઘોડાર. તેમાં હિપોલાઈટ નામે એક છોકરો કામ કરે. નોકરી કરે ઘોડારમાં, પણ તેને પોતાને પગે હતી ખોડ. ગામમાં દવાની દુકાન ચલાવનાર હોમાઈસના મનમાં તુક્કો ઊઠ્યો. આ ચાર્લ્સ દાક્તર હિપોલાઈટના પગનું ઑપરેશન કરીને તેને સાજો નરવો કેમ ન બનાવી દે ? એમાં ફાયદો છે બન્નેને, હિપોલાઈટનું ભલું થશે અને દાક્તર ચાર્લ્સની ગામમાં નામના વધશે, સૌને એનામાં ભરોસો પડશે. હવે આ વાત માત્ર દુકાનદારે જ કરી હોત તો ચાર્લ્સ કદાચ માનત નહીં. પણ આ તો પત્ની એમા પણ આદુ ખાઈને ચાર્લ્સની પાછળ પડી : આવો મોકો મળતો હોય તો હાથમાંથી જવા દેવાય નહીં. આપણા ગામમાં જ નહીં, આસપાસના બાર ગાઉનાં ગામમાં તારી નામના ફેલાશે કે આ ચાર્લ્સ દાક્તરે તો જન્મથી ખોડ ધરાવનારને પણ સાજોનરવો કરી દીધો. પછી તો આપણે આંગણે લોકોની લાઈન લાગશે. ગામના ને પરગામના લોકો ઑપરેશન કરાવવા સૂપડાં ભરી ભરી ફદિયાં આલશે. આપણા ઘરમાં તો નાણાંની રેલમછેલ થઈ જશે. ઑપરેશન કરવા જેટલી લાયકાત ચાર્લ્સમાં છે કે નહીં, એ અંગે ન વિચાર્યું હોમાઈસે, ન વિચાર્યું એમાએ, કે ન વિચાર્યું ખુદ ચાર્લ્સે. જો કે ચાર્લ્સે વિચાર્યું હોત તોય જોરુ પાસે તેનું ચાલ્યું હોત કે કેમ એ શંકા છે.

હિપોલાઈટને માટે તો મફતમાં ખાવું ને મસીદમાં સૂવું એવો તાલ હતો. હોમાઈસે કહેલું કે ઑપરેશન કરવા માટે દાક્તર તારી પાસેથી એક ફદિયુંય નહીં લે અને ઉપરથી જરૂરી દવાદારૂ પણ મફતમાં આપશે. એટલે હિપોલાઈટ પણ પટ દેતોકને તૈયાર થઈ ગયો. પણ પેલું કહે છે ને, દેડકી ગમે તેટલું પેટ ફુલાવે તોય... દાક્તરીનું પાધરું ભણ્યો નહોતો ચાર્લ્સ. માની હઠ સંતોષવા નીમહકીમ બનેલો. ઑપરેશનને પ્રતાપે બકરું કાઢતાં ઊંટ પેઠું. છોકરાને પગે ગેન્ગરિન થઈ ગયું. મારતે ઘોડે બાજુના ગામમાંથી વાઢકાપના જાણકાર દાક્તરને બોલાવવા પડ્યા. તેણે આવીને જોયું તો છોકરાનો એક પગ કાપી નાખ્યા સિવાય છૂટકો નહોતો એટલે કાપી નાખ્યો. પરગામના દાક્તર આવી પહોચ્યા એ પહેલાં હિપોલાઈટે તો કંઈ કાળી ચીસો પાડી છે ! આખા ગામમાં હોહા થઈ ગઈ. બચાડો ચાર્લ્સ તો મોં છુપાવવા ઘરનાં બારણાં બંધ કરી ઉપલી મેડીએ ચડી ગયો. ઊગીને ઊભા થતા છોકરાની આખી જિંદગી ધૂળધાણી થઈ ગઈ. હવે આ ખોડા પગવાળાને ઘોડારનો માલિક તો એક ઘડીય ઊભો શાનો રાખે?

હવે મારે ગામલોકોને મોં શી રીતે બતાવવું ? – ચાર્લ્સ વિચારી રહ્યો હતો ને મનમાં ને મનમાં સમસમી રહ્યો હતો.

પણ એમા જેનું નામ. તેના મનમાં ન પોતાનો વાંક વસ્યો, ન દવાના દુકાનદાર હોમાઈસનો. એને દાઝ ચડી તે તો ફક્ત ચાર્લ્સ પર : એ અક્કરમી છે જ અક્કલનો ઓથમીર. કોઈ કામ સીધી રીતે કરી જ નથી શકતો. મેં તો એને કેવી સારી તક આપેલી ! પૈસા ને પ્રતિષ્ઠા બન્ને મેળવી શક્યો હોત. જરા ધ્યાન દઈને, મન મજબૂત કરીને સફળ થવું જ છે એવા નિશ્ચય સાથે ઓપરેશન કર્યું હોત તો જરૂર સફળ થાત. પણ આ તો રોયો છે જ [illegible] હરામી. જાણે દૂધી સમારતો હોય એમ મંડી પડ્યો ઓપરેશન કરવા. હવે આવા કરમબુંધિયાળના ઘરમાં ન રહેવાય. હવે આ [illegible] બસ એક જ ઉપાય બાકી રહ્યો છે : પડોશમાં રહેતા [illegible] રોડોલ્ફની સાથે ભાગી જવું. આ ચાર્લ્સને અને [illegible] રામરામ કરી દેવા. પોતાના શેખચલ્લી જેવા [illegible] કે પોતે વિચારતી હોય તે સિવાયનો [illegible] વિચાર જ કરતી નહીં. ઑપરેશન કરવામાં [illegible] વિચાર કરેલો જ નહીં. તેમ રોડોલ્ફ [illegible] ના પાડે તો શું થાય એનોય એણે વિચાર કર્યો નહીં. [illegible] વગર જ એમાએ તો રૉડોલ્ફને [illegible], પણ રોડોલ્ફ માટે તો એમા સાથેનાં છગનપતિયાં એ [illegible] માત્ર હતું. એમા જેવી એંટુ, લોભી ને [illegible] ન કઢાય. એટલે એણે લખ્યો એમાને એક [illegible] સાથે ભાગી જવાની વાત પર તો ઠંડું પાણી [illegible] એમાનો ભ્રમ પણ ભાંગી નાંખ્યો. છેવટે એય [illegible] કે આજથી હવે આપણી વચ્ચે કોઈ જાતનો સંબંધ નથી માટે મારી સામે આંખ માંડીને જોતીયે નહીં.

એમાના હવાઈ કિલ્લા કડડભૂસ. મન અને તન બંને માંદાં પડ્યાં. [illegible] આવવા લાગી. મહિનાઓ સુધી ખાટલે પડી રહી. પણ ઉપરવાળાની [illegible] ધીમે ધીમે સાજી થવા લાગી. એમાને હવે ધરમધ્યાનમાં રસ પડી ગયો. એનું મન જ એવું હતું કે જે વાતને વળગે તેની પાછળ પડે. પહેલાં સતત તેનું મન પરપુરુષ સાથેનાં છાનગપતિયાંના વિચારોમાં રચ્યું પચ્યું રહેતું હતું. હવે મન સતત ધરમધ્યાનની વાતોમાં રમમાણ રહેવા લાગ્યું. દવાએ કામ કર્યું કે દુવાએ એ તો ઉપરવાળો જાણે, પણ એમા ફરી રાતી

રાયણ જેવી થઈ ગઈ. લાંબા મંદવાડ વખતે ચાર્લ્સના મનમાં પણ પોતાનો વાંક થોડો વસેલો. પત્નીને આમ સાવ તડકે મૂકી દેવાય નહીં, એને જરા હેરવવી ફેરવવી જોઈએ, રોજ બે ઘડી પાસે બેસીને થોડી મીઠી વાતો કરવી જોઈએ. પ્રેમનું પ્રદર્શન નહીં તોય સામાને દર્શન થાય એવું તો કરવું જોઈએ. એટલે એમાને લઈને ઊપડ્યો પડોશના ગામમાં નાટક જોવા. એ હતો ગીત-સંગીત મઢેલો ખેલ-ઓપેરા. ખેલ તો જોયો અને મનભરીને માણ્યો બન્નેએ. પણ ચાર્લ્સનું નસીબ બે ડગલાં પાછળ જ ચાલે ! નાટકશાળામાં એમાનો ભેટો થઈ ગયો પેલા લિયોન સાથે. એક વખતનો પ્રેમી. ત્યારેય ફૂટડો હતો, હવે પૅરિસ જઈ સારું કમાયો હતો એટલે વધારે સોહામણો લાગતો હતો. પૅરિસની સુંવાળી રીતભાત, બોલવાની ઢબછબ હવે તેનામાં આવી ગઈ હતી અને લિયોન પણ એમાને સાવ ભૂલ્યો નહોતો. બન્ને વચ્ચે આંખના પલકારામાં મનની વાતની આપ-લે થઈ ગઈ.

ઘેર પહોંચીને એમાએ હઠ લીધી : મારે સંગીત શીખવું છે. હવે ચાર્લ્સ નેએમા રહેતાં હતાં એ ગામમાં તો સંગીત-બંગીતને નામે મોટો અલ્લાયો. ત્યાં એમાને શીખવે કોણ ? એમાએ કહ્યું: એમાં શી મોટી વાત છે ? આપણે નાટક જોવા ગયેલાં એ નાટકશાળામાં જ સંગીતના વર્ગો ચાલે છે. હું દર અઠવાડિયે એક વાર જઈશ. એ ગામ પણ ક્યાં એટલું દૂર છે ? સવારે જઈશ તો સાંજ પડ્યે તો પાછી ઘર ભેગી થઈ જઈશ. ચાર્લ્સે મન મનાવ્યું કે સંગીત શીખશે ને અઠવાડિયે એક વાર ઘરની બહાર નીકળી બાજુના ગામની આવન-જાવન કરશે તો એમાનું મન પણ આનંદમાં રહેશે. હા, જરા ખરચ તો વધારે થશે, પણ એમા રાજી રહેતી હોય તો એ લેખે લાગશે. એટલે ચાર્લ્સે હા પાડી અને એમાને બધી સગવડ કરી આપી.

સંગીત શીખવા માટે દર અઠવાડિયે એક દિવસ પરગામ જવું એ માદામ બૉવરી માટે તો એક બહાનું હતું- પોતાના જૂના પ્રેમી લિયોનને મળીને એ પ્રેમસંબંધને તાજો કરવા માટેનું. ચાર્લ્સના મનમાં એમ કે સંગીતને બહાને એમાનો પગ જરા છૂટો થશે અને એનું મન આનંદમાં રહેશે. પણ એમા તો જેવી ઘરની બહાર નીકળે તેવી પોતાના પ્રેમીના વિચારોમાં ખોવાઈ જાય. હવે દર અઠવાડિયે એક વાર અભિસારિકા બનવાનું હોય તો સારાં સારાં કપડાંલત્તાં જોઈએ, ઘરેણાંગાંઠાં જોઈએ, અત્તરબત્તર જોઈએ. પણ આ બધું પતિ પાસે કેમ માગવું ? એટલે એમાએ

વ્યાજખાઉ દુકાનદાર પાસેથી પૈસા ઉછીના લેવાનું શરૂ કર્યું. દુકાનદાર પણ હતો બડો બદમાશ. ઉધાર પૈસા ધીરતો ગયો. પણ એટલેથી એમાની જરૂરિયાત સંતોષાય તેમ નહોતું. બૅન્કમાં ચાર્લ્સનું ખાતું હતું. પતિને સમજાવી, પટાવી, ફોસલાવીને એ ખાતામાં પૈસાની લે-મૂક પોતે પણ કરી શકે એવી સગવડ એમાએ કરાવી લીધી. શરૂઆતમાં તો દુકાનદાર પાસેથી લીધેલા પૈસા પાછા વાળવા પતિના ખાતામાંથી પૈસા ઉપાડે. પણ પછી તો સીધા વાપરવા માટે જ ઉપાડવા લાગી. એટલું જ નહીં, પછી તો એમાએ પતિ પાસેથી પાવર ઑફ ઍટર્ની પણ મેળવી લીધા અને એને જોરે ધીમે ધીમે પતિની મિલકત પણ વેચવા માંડી. ભોળિયા ભાભા જેવો ચાર્લ્સ આ બધાથી અજાણ. એ તો એમ જ માને કે એમા દર અઠવાડિયે સંગીત શીખવા જાય છે. એ સંગીતના રાગને બદલે પ્રેમના રાગ ગાય છે અને એ ગાવા માટે ફતન દેવાળિયાની જેમ જીવી રહી છે એની તો એ બચાડાને ગંધ પણ ન આવી.

એમા માટે થોડો વખત તો બધું સીધું ચાલ્યું. પણ પછી લિયોનના મનમાં ફાળ પડી : આ એમા સાથેનાં છાનગપતિયાં કોક વાર ભારે પડશે મને. એક તો છે પરણેલી. વળી દર અઠવાડિયે સારો એવો ખર્ચો કરે છે. આ ખેલ કોક દિ' તો પકડાશે. અને ત્યારે એમાનું તો જે થવાનું હશે તે થશે, પણ મારી આબરૂને બટ્ટો લાગશે. ઝાઝી હોહા થાય તો મારી કારકિર્દી પર અવળી અસર થાય. તો બીજી બાજુ લિયોન માટેનું એમાનું વળગણ પણ ઘટવા લાગ્યું હતું. એના મનમાં તો હતું કે લગ્ન એટલે બંધન. લગ્ન વગરનો પ્રેમસંબંધ એટલે તો બસ લીલા લહેર. પણ હવે તેને ખ્યાલ આવી ગયો હતો કે પ્રેમસંબંધ એટલેય પૂરેપૂરી મુક્તિ નહીં. એમાં પણ બંધન તો ખરું જ. કારણ કે છેવટે તો પુરુષો બધા એક સરખા. એમને ફૂલનું મધ ચૂસવામાં જેટલો રસ, તેટલો ફૂલનું લાલન-પાલન કરવામાં નહીં. કારણ એક ફૂલ મુરઝાઈ જાય તો બીજાં ફૂલો ક્યાં નથી? તેમાં વળી એક દિવસ લિયોન સાથે મોટો ઝઘડો થયો એમાને. ધૂંવાપૂંવા થયેલી એમા તાબડતોબ પાછી ઘરે આવી. પણ ઘરે આવીને જે જોયું તેનાથી તો તે ઠરી જ ગઈ. લિયોન પાછળ ૩૨૦ પાઉન્ડ જેટલું દેવું થઈ ગયું હતું. લેણદારે અદાલતનાં બારણાં ખખડાવેલાં. અદાલતે હુકમ કરેલો કે ૨૪ કલાકની અંદર એમાએ આ દેવું ચૂકવી દેવું. અદાલતનું હુકમનામું ઘરે આવીને પડ્યું હતું. હવે એમા ભુરાટી થઈ. ગામમાં જેટલા શાહુકાર હતા તેનાં પગથિયાં ગણ્યાં પણ એમાને કોઈએ હવે ઉધાર પૈસા ન આપ્યા. એટલે

પછી પાછી પહોંચી લિયોન પાસે. કહે : ગમે તો ખાતર પાડ કે ગમે તો કોકના પૈસા ઓળવી લે. પણ તારા પ્રેમમાં મેં આ દેવું કર્યું છે એટલે ગમે તેમ કરીને મને બચાવી લે. પણ લિયોને તો હાથ ધોઈ નાખ્યા. મેં તને ક્યાં કહેલું કે આટલું દેવું કર ? ખોટા ઠાઠ-ઠઠારા પાછળ આટલા પૈસા ઉડાવી દેવાય ? તું જાણે ને તારી વાત જાણે. એટલે એમા ઉપડી રૉડોલ્ફ નામના પોતાના એક બીજા પ્રેમી પાસે. બડી આફતમાં સપડાણી છું. ગમે તેમ કરીને અત્તરઘડી મને પૈસાની મદદ કર. પણ રૉડોલ્ફે તો સાફ સુણાવી દીધું : 'તારે પૈસા ઉડાવવા લિયોન પાછળ પાગલ થઈને દેવું ચૂકવવું મારે, એ તે વળી ક્યાંનો ન્યાય?' હવે શું કરવું ? એમા ઊપડી એક વકીલ પાસે. અદાલત પાસે કાંઈક રાહત અપાવ, કાંઈક મુદત પડાવ. પણ વકીલ હતો લબાડ. જોયું કે આ બાઈ અત્યારે બરાબરની સાણસામાં સપડાયેલી છે. આટઆટલા ધમપછાડા પછી પણ એમા આકર્ષક તો હતી જ. એટલે વકીલે તેની લાચારીનો લાભ લેવાનો પ્રયત્ન કર્યો.

હવે એમા પૂરેપૂરી ભાંગી પડી. બદનામીમાંથી બચવાનો કોઈ રસ્તો રહ્યો નથી. દેવું ચૂકવાશે નહીં. પતિ ચાર્લ્સને જ નહીં, આખા ગામને બધી વાતની ખબર પડી જશે. ગામમાં કોઈને મોઢું બતાવવા લાયક નહીં રહું. એટલે હાંફળીફાફળી ઊપડી પેલા હોમાઇસની દવાની દુકાને. પણ એ વખતે હોમાઇસ બહાર ગયો હતો. તેનો નોકર દુકાનમાં હતો. દવાનો કબાટ બંધ કરીને હોમાઇસ ગયેલો. પણ એમાએ નોકરને કહ્યું : તને ચાવી આપ્યા વગર તો તે બહાર ન જ જાય. એની ગેરહાજરીમાં અગર ઘરાક દવા લેવા આવે તો શું તું તેને પાછો કાઢે ? માટે આપ મને કબાટની ચાવી. મારે એક દવાની તાતી જરૂર છે. થોડી આનાકાની પછી નોકરે ચાવી આપી. તેને એમ કે એકાદ દવા મફત લઈ જશે તોય શેઠ પોતાની રીતે એના પૈસા વસૂલી લેશે. પણ એમાએ તો કબાટમાંથી લઈ લીધી એક અત્યંત ઝેરી દવાની બાટલી. પછી દોડી ઘેર. બાટલી ગટગટાવી ગઈ. પૂંછડી કપાયેલી ગરોળીની જેમ તરફડવા લાગી. ત્યાં તો પતિ ચાર્લ્સ ઘેર આવ્યો. એમાની દશા જોઈ એના તો મોતિયા મરી ગયા. એકાએક આ શું થઈ ગયું ? ત્યાં તો દોડતો આવ્યો હોમાઇસ. તેને નોકરે બધી વાત કરેલી. એ તેણે ચાર્લ્સને કહી. ચાર્લ્સ કરગરી પડ્યો : ગમે તેમ કરીને વહુને બચાવી લે. તું તો રાત-દી' દવાઓ સાથે કામ પાડે છે એટલે આ ઝેરનું મારણ જાણતો હોઈશ. પણ હોમાઇસ કહે કે આમાં મારું કામ નહીં. બાજુના ગામમાંથી મોટા દાક્તરને બોલાવો. એ કદાચ કાંઈ કરી શકે.

ચાર્લ્સે દાક્તરને તેડી લાવવા માણસને દોડાવ્યો. પણ દાક્તર આવે એ પહેલાં તો એમાના રામ રમી ગયા.

દેશકાળની રીતરસમ પ્રમાણે એમાની અંતિમ વિધિ થઈ. થોડા દિવસ પછી થોડી કળ વળી એટલે ચાર્લ્સ ઘરમાં રસ લેવા માંડ્યો. જરા હિસાબ-કિતાબના ચોપડા ઉથલાવ્યા. એમાએ કરેલાં ભોપાળાં નજરે પડ્યાં. કેટલા પૈસા ઉડાવેલા, એ મેળવવા કેવા ધમપછાડા મારેલા, એ બધું નજર સામે ચોખ્ખું ચણક દેખાવા લાગ્યું. લિયોન અને રોડોલ્ફે એમાને લખેલા પ્રેમપત્રોનું પોટલું પણ હાથમાં આવ્યું. વાંચીને ચાર્લ્સ તો ઠરી ગયો. ભાંગી પડ્યો ચાર્લ્સ. અરેરે, આટલાં વરસ સાથે જીવ્યાં. પણ એમા મને તો ખરેખર ચાહતી જ નહોતી. એ તો બીજા પુરુષો પાછળ જ પાગલ હતી ! આ આઘાત અસહ્ય હતો. ચાર્લ્સનું પ્રાણપંખેરું ઊડી ગયું.

માદામ બૉવરીના લેખક ગુસ્તાવ ફ્લોબૅરનો જન્મ ૧૮૨૧માં, અવસાન ૧૮૮૦માં. આ નવલકથા પરથી છ વખત ફિલ્મ બની છે. પહેલી ૧૯૩૩માં, છેલ્લી ૧૯૯૧માં. આપણે ત્યાં તેના પરથી 'પ્રેરણા લઈને' હિંદી ફિલ્મો બની છે.

●

૧૮. અસત્ સાથેનો સંગ્રામ
લા મિઝરેબલ / વિક્ટર હ્યુગો

૧૮૮૫ના મે મહિનાની બાવીસમી તારીખે તેનું અવસાન થયું. ત્યાર પછી તેના મૃતદેહને લોકો શ્રદ્ધાંજલિ આપી શકે તે માટે પૅરિસના આર્કદ ત્રાયોંફની નીચે રાખવામાં આવ્યો હતો અને તેની અંતિમયાત્રામાં વીસ લાખ લોકો જોડાયા હતા.

ના. એ કોઈ નેતા કે અભિનેતા નહોતો, પણ હતો એક લેખક. નામ એનું વિક્ટર, અટક હ્યુગો. તેનો પોતાનો મનોરથ હતો ઉત્તમ નાટ્યકાર બનવાનો. ફ્રાન્સના લોકો તેને માન આપે છે એક અગ્રગણ્ય કવિ તરીકે. ફ્રાન્સની બહારના લોકો તેને ઓળખે છે મોટા ગજાના નવલકથાકાર તરીકે. નેપોલિયનના લશ્કરમાં પહેલાં મેજર અને પછી જનરલ બનેલ જોસેફ - લિયોપોલ્ડ - સિગિસબર્ટ હ્યુગોને ત્યાં ૧૮૦૨ના ફેબ્રુઆરીની ૨૬મીએ તેનો જન્મ. મા-બાપના રાજકીય વિચારો હતા સામસામા છેડાના ને તેમાંથી બન્ને વચ્ચે પડેલા અંટસના વાતાવરણમાં વિક્ટર મોટો થયો. ઘડીકમાં બાપ લશ્કરમાં જ્યાં હોય ત્યાં રહેતો, તો ઘડીક મા પાસે પૅરિસમાં. કાયદાનો મૅટ્રિક્યુલેટ સુધીનો અભ્યાસ કર્યો, પણ વિક્ટરનું મન અભ્યાસમાં ખાસ ચોંટતું નહીં. ૧૮૧૬માં તો તે પોતાની નોટબુકમાં વર્જિલના અનુવાદો લખતો થઈ ગયો હતો. બે અઢી વર્ષ - ૧૮૧૯ થી ૧૮૨૧ એક સામયિક પણ કાઢી જોયું. પણ ૧૮૨૧માં માતાનું મૃત્યુ થયું અને બીજે વર્ષે જ બાળસખી એડલે સાથે વિક્ટરે લગ્ન કર્યાં. તેના લગ્ન થયાં તે જ દિવસે વિક્ટરનો ભાઈ આઘાતથી ગાંડો થઈ ગયો. કારણ તે પણ એડલેને ચાહતો હતો. વિક્ટર અને એડલેને પાંચ બાળકો થયાં, પણ સાથોસાથ વિક્ટર જુલિયેટ નામની એક અભિનેત્રીના પ્રેમમાં પડ્યો. વિક્ટર માનતો હતો કે જુલિયેટ એક મોટા ગજાની અભિનેત્રી લાગ્યો. પણ જુલિયેટમાં અભિનયની ઝાઝી શક્તિ જ નહોતી એટલે થોડા વખત પછી તેણે નાટકમાં કામ કરવાનું છોડી દીધું અને એટલે

નાટકો લખવાનો વિક્ટરનો ઉત્સાહ મોળો પડી ગયો. જોકે, ૧૮૮૩માં જુલિયેટનું અવસાન થયું ત્યાં સુધી બન્નેનો પ્રેમસંબંધ તો ચાલુ જ રહ્યો. વિક્ટરની પત્ની એડલે પણ વખત જતાં જાણીતા વિવેચક સેન્ટ-બવના પ્રેમમાં પડેલી. પણ વિક્ટરને પોતાનો પ્રેમસંબંધ માન્ય હતો, પત્ની એડલેનો નહીં. ૧૮૨૨માં વિક્ટર હ્યુગોનું પહેલું પુસ્તક પ્રગટ થયું જે હતું કવિતાનું - 'ઓડ્સ'. તેમાનાં રાજાશાહીની પ્રશંસા કરતાં કાવ્યોને લીધે ફ્રાન્સના રાજા ૧૮મા લૂઈએ તેને વર્ષાસન બાંધી આપ્યું ! બીજે જ વર્ષે ૧૮૨૩માં હ્યુગોએ પોતાની પહેલી નવલકથા 'હાન્સ, ઓફ આઇસલેન્ડ' પ્રગટ કરી. એ પછી કવિતાનાં બે-ત્રણ પુસ્તકો તેણે પ્રગટ કર્યાં. ૧૮૨૭માં પ્રગટ થયેલ પદ્યનાટક 'ક્રોમવેલ' પછી હ્યુગોની ગણના ફ્રાંસમાં અગ્રગણ્ય રોમાન્ટિક કવિઓમાં થવા લાગી. આ નાટકની લાંબી પ્રસ્તાવના રોમાન્ટિસિઝમના ખરીતા જેવી ગણાય છે.

હ્યુગોને એક નવલકથાકાર તરીકે પ્રસિદ્ધિ મળી તે ૧૮૩૧માં પ્રગટ થયેલ 'હન્ચબેક ઓફ નોત્રદામ' દ્વારા. એક પ્રકાશક સાથેના કારારનું પાલન કરવા ખાતર હ્યુગોએ ૬ મહિનાનાં ગાળામાં આ નવલકથા લખી નાખી હતી. અગિયારમા લૂઈના સમયના મધ્યકાલીન પૅરિસના જીવનને આલેખતી આ નવલકથામાં હ્યુગોએ વોલ્ટર સ્કૉટને પગલે ચાલી એક સબળ રોમાન્સની રચના કરી હતી.ત્યારબાદ ફરી પ્રગટ થતાં રહ્યાં નાટકો અને કાવ્યસંગ્રહો. હ્યુગોની કીર્તિ વધતી ચાલી. ૧૮૪૧માં ફ્રેન્ચ એકેડમીના સભ્ય તરીકે તે ચૂંટાઈ આવ્યો, અને ૧૮૪૫માં ચૅમ્બર ઓફ પિયર્સના સભ્ય તરીકે તેની નિમણૂક થઈ. પણ હરખની પાછળ શોક પણ તરત આવી પહોંચ્યો. દીકરી લિઓપોકડાઇન અને તેના પતિનું ડૂબી જવાથી અણધાર્યું મૃત્યુ થયું.દીકરીના મૃત્યુનો હ્યુગોને એવો તો આઘાત લાગ્યો કે લગભગ દસ વર્ષ સુધી તેણે કશું જ પ્રગટ કર્યું નહીં. જો કે, લગભગ એ વખતે જ તેણે પોતાની જગવિખ્યાત નવલકથા 'લા મિઝરાબ્લ' લખવાની શરૂઆત કરી હતી. પણ પછી હ્યુગોએ તે લખવાનું પણ પડતું મૂક્યું. એ નવલકથા પ્રગટ થઈ છેક ૧૮૬૨માં. ફ્રાન્સમાં રાજકીય ઉથલપાથલ એ વખતે ચાલુ હતી. હ્યુગો વધુ ને વધુ ડાબેરી વિચારસરણી ધરાવતો થયો હતો અને રાજાશાહીનો વિરોધ કરવા લાગ્યો હતો. ૧૮૫૧ના બળવા વખતે દેશ છોડીને હ્યુગો બ્રસેલ્સ ભાગ્યો અને પછી બ્રિટનના તાબા હેઠળના ચૅનલ આયલૅન્ડમાં જઈ વસ્યો. ત્યાં તે લગભગ વીસ વરસ રહ્યો અને નેપોલિયન ત્રીજાનો વિરોધ કરતાં

આકરાં લખાણો લખતો રહ્યો. આ વીસ વર્ષના દેશનિકાલના સમય દરમિયાન હ્યુગોમાં રહેલો સર્જક સોળે કળાએ ખીલી ઊઠ્યો. એણે લખી તેજાબી કટાક્ષના ચાબખા વીંઝતી કવિતા, પુત્રીશોકની અત્યંત સંવેદનશીલ કવિતા, મહાકાવ્યનો વ્યાપ ધરાવતી બે કૃતિઓ – 'ધ ઍન્ડ ઑફ સેતાન' અને 'ગૉડ'. 'લા મિઝારાબ્લ' અધૂરી મૂકી હતી તે પૂરી કરી તે પણ આ નિર્વાસિત અવસ્થામાં જ. પ્રગટ થતાં વેંત તેને અસાધારણ લોકપ્રિયતા મળી અને યુરોપની અનેક ભાષામાં તેના અનુવાદ થયા. ૧૯ વર્ષ જેલમાં રહેલા જ્યાં-વાલજ્યાં નામના પાત્રને કેન્દ્રસ્થાને રાખીને લખાયેલી આ મહાકાય નવલકથામાં સામાજિક અને રાજકીય અન્યાયનો ઉગ્ર વિરોધ છે તો સાથોસાથ નીતિ અને ધર્મનો પુરસ્કાર પણ છે. યુરોપની ઉત્તમોત્તમ નવલકથાઓમાં આ કૃતિની ગણના થાય છે. એનું કથાવસ્તુ આમ તો કોઈ ડિટેક્ટીવ વાર્તા જેવું છે પણ માણસના અસદ્ સાથેના સંગ્રામને આલેખતી આ કૃતિ માનવજીવમાં નિરંતર આવતી રહેતી ભરતી - ઓટનો વાચકને સાક્ષાત્કાર કરાવે છે. ૧૮૭૧માં ફ્રાન્સમાં રાજાશાહીનો અસ્ત થયો અને ત્રીજા પ્રજાસત્તાકનો ઉદય થયો તે પછી હ્યુગો પૅરિસ પાછો ફર્યો, નૅશનલ એસેમ્બલીનો ડેપ્યુટી બન્યો, પણ એક જ મહિનામાં તેણે એ પદેથી રાજીનામું આપ્યું. તે અગાઉ ૧૮૬૮માં પત્નીનું મૃત્યુ થયેલું, ૧૮૭૧માં એક દીકરાનું અને ૧૮૭૩માં બીજા દીકરાનું અવસાન થયું. છેવટનાં વર્ષોમાં ફ્રાન્સ માટે હ્યુગો રાષ્ટ્રીય હીરો, લોકશાહીની ભાવનાના મૂર્તિમંત પ્રતીકરૂપ બની રહ્યો. ૧૮૮૩માં અભિનેત્રી પ્રિયતમા જુલિયેટનું અવસાન થયું. પેરિસમાં હ્યુગો જે રસ્તા પર રહેતો હતો તે રસ્તાને તેના ૮૦મા જન્મદિવસે 'એવન્યૂ વિક્ટર હ્યુગો' નામ આપવામાં આવ્યું. ફ્રાન્સમાં એવું કોઈ શહેર ભાગ્યે જ હશે જ્યાં તેના નામનો રસ્તો ન હોય. આજે પણ ફ્રાન્સના લોકો વિક્ટર હ્યુગોને એક ઋષિની જેમ પૂજે છે.

*

ઈ.સ. ૧૮૫૧ના ઑક્ટોબર મહિનાની શરૂઆત છે. સાંજનો સમય છે. ફ્રાન્સના ધોરી માર્ગ પર ડુંગરાઓની સાથે છુપાયેલું એક નાનકડું શહેર છે. શહેરના લોકો ઘરકામમાંથી પરવારીને આરામથી બેઠા છે. ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. રસ્તા પર લોકોની અવરજવર બહુ નથી.

આ વખતે ટોપી, થીંગડાંવાળો ભૂરા રંગનો ચોરણો, કોથળા જેવો

કોટ અને પગમાં ફાટેલા જોડા પહેરેલો ને પરસેવે રેબઝેબ થતો એક મુસાફર થાક્યો-પાક્યો આશ્રય શોધતો અહીંથી તહીં ભટકતો હતો.

આ મુસાફર તે જ્યાં-વાલજ્યાં. તે એક ગરીબ ખેડૂત કુટુંબમાં જન્મ્યો હતો. તે નાનો હતો ત્યારે જ તેનાં મા-બાપ મૃત્યુ પામ્યાં હતાં. એક માત્ર વિધવા મોટી બહેન સાથે તે રહેતો હતો. તે પ્રામાણિકપણે મજૂરી કરી બહેન અને ભાણેજનું પોષણ કરતો. એક વાર એ ભઠિયારાને ત્યાંથી રોટી ચોરતાં પકડાયો અને તેને પાંચ વર્ષની સજા મળી. જેલમાં રહીને પણ તેણે બીજા અનેક ગુનાઓ કર્યા હોવાથી તે સજા ઓગણીસ વર્ષ સુધી લંબાઈ. જેલમાંથી છૂટીને જ્યાં-વાલજ્યાં અહીં તહીં ભટકી રહ્યા હતા.

ભટકતાં તો તે એક વીશીમાં ગયો. પણ વીશીવાળાને શક જતાં પોલીસમાં તપાસ કરતાં ખબર પડી કે આ માણસ બીજો કોઈ નહીં પણ ખૂની ચોર જ્યાં-વાલજ્યાં છે. એટલે તેણે તેને વીશીની બહાર કાઢી મૂક્યો.

ગામેગામના ને બારણાં ભાગતા જ્યાં-વાલજ્યાંને એક અજાણ્યા ભઠિયારખાનાઓમાંથી પણ જાકારા મળ્યા. એક ડોશીને ઘેર જતાં પણ નિરાશા મળી. ડોશીએ સહેજ દયા બતાવી તેને એક પાદરીને ઘેર જવાનું કહ્યું. આ પાદરી મિરિયલને ઘેર તેને આવકાર મળ્યો. આખા સમાજમાંથી હડધૂત થયેલા જ્યાં-વાલજ્યાંને એક પાદરીના હૃદયે વધાવ્યો. આ મંગલમૂર્તિ પાદરીના પરિચયે જ્યાં-વાલજ્યાંના હૃદયને સનાતન માનવતાના રાજમાર્ગ ઉપર પાછું ચડાવી દીધું. પાદરીના ઘરની નિયમિતતા, તેના જીવનની સરળતા અને પવિત્રતા જ્યાં-વાલજ્યાંના હૃદયને સ્પર્શી ગઈ. તેણે પોતાની ઓળખાણ નિખાલસપણે પાદરીને આપી. પાદરીએ તેને મહેમાનની જેમ જમાડ્યો અને સૂવાની વ્યવસ્થા કરી આપી. મધરાતે ઊઠીને જ્યાં-વાલજ્યાં પાદરીના ઘરમાંથી ચાંદીની રકાબીઓ ચોરીને ભાગ્યો અને પોલીસના હાથમાં પકડાઈ ગયો. પણ પાદરીએ તેને ઉદારતાથી ક્ષમા આપીને છોડાવ્યો અને એ ચાંદીની રકાબીઓ તેને ભેટ આપી દીધી. બદલામાં પાદરીએ તેની પાસેથી પ્રામાણિક મનુષ્ય બનવાનું વચન લીધું. આ પાદરીએ જ્યાં-વાલજ્યાંને અંધકારમાંથી પ્રકાશમાં પ્રવેશ કરવા માટેનો માર્ગ બતાવ્યો. તેણે તેથી દુષ્ટ વાસનાને તળિયે પડેલ આત્માના મોતીને બહાર આણ્યું. જીવનમાં અનેક વર્ષોની નિદ્રા પછી જાગેલ વિવેકબુદ્ધિએ જ્યાં-વાલજ્યાંના હૃદયમાં પશ્ચાત્તાપનો અગ્નિ પ્રગટાવ્યો. તેનો ભૂતકાળ કોઈ નાનકડા

કાળા વાદળાની જેમ ક્ષિતિજની પેલે પાર અદૃશ્ય થઈ ગયો.

*

ઈ.સ. ૧૮૫૭માં પેરિસમાં ચાર યુવાન છોકરાઓ સાથે અભ્યાસ કરતા હતા. તેમને મન જીવન એ આનંદના સાધન સિવાય બીજું કાંઈ જ ન હતું. ચારેય જણે પોતપોતાની એક સ્ત્રીમિત્ર શોધી લીધી હતી. તેમાં થોલોમી નામના વિદ્યાર્થી સાથે ફેન્ટાઈન નામની છોકરી પરિચયમાં આવી હતી. આ ફેન્ટાઈન સમાજના કયા ખૂણામાંથી બહાર આવી છે તે કોઈ જાણતું નહોતું.

અભ્યાસ પૂરો થતાં ચારેય વિદ્યાર્થીઓ તેમનાં મિત્રો સાથે ઉજાણી કરવા માટે ગયા હતા. ફેન્ટાઈનનું નિર્વ્યાજ મનોહર સૌંદર્ય ત્યારે પૂરબહારમાં ખીલેલું હતું. તેના સોનેરી વાળ, મોતી જેવા સુંદર દાંત અને તેની વિશાળ આંખોની પાંપણો નીચે છુપાયેલ લજ્જા તેના સૌંદર્યને વધારે આકર્ષક બનાવતાં હતાં. સાથે મળીને બધાએ ખૂબ આનંદ કર્યો. પણ ફેન્ટાઈનના જીવનનો આ પહેલો જ પ્રેમપ્રસંગ હતો. તેણે થોલોમીને જ પોતાનું જીવન સર્વસ્વ અર્પી દીધું હતું. પોતાના હૃદયની સાથે દેહ પણ તેને જ સોંપ્યો હતો. થોલોમીને જ તેણે પોતાનો પતિ માન્યો હતો અને તેને પરિણામે તેના ઉદરમાં માતૃત્વનો અંકુર પણ ફૂટવા લાગ્યો હતો.

પણ ફેન્ટાઈન કેવી કમનસીબ ! તેને આ અવસ્થામાં એકલી મૂકીને થોલોમી ક્યાંક ભાગી ગયો. એ ક્યાં ગયો તેની કોઈને ખબર નહોતી. નિરાધાર ફેન્ટાઈને થોડા વખત પછી એક બાળકીને જન્મ આપ્યો. એનું નામ પાડ્યું કોઝેટ. પૅરિસની પાસેના એક નાના ગામડાની વીશીમાં તે આશ્રય લેવા ગઈ. થેનાર્ડિયર અને તેની સ્ત્રી એ વીશી ચલાવતાં હતાં. ત્યાં ફેન્ટાઈન અને બાળકી કોઝેટ એક રાત રોકાયાં. બીજે દિવસે સવારે ફેન્ટાઇન પૈસા, કપડાંલત્તાં તથા કેટલીક ચીજો સાથે પોતાની પુત્રી કોઝેટ, વીશીવાળા થેનાર્ડિયર દંપતીને સોંપીને ચાલી નીકળી. આ વીશીવાળી બાઈ સ્વભાવે વાઘણ જેવી હતી. તેના જીવનમાં સ્વાર્થ સિવાય બીજું કોઈ રસિક કામ ન હતું. તેનો દેખાવ અને હાવભાવ સ્વાભાવિક રીતે જ ઘૃણા ઉત્પન્ન કરે તેવો હતો. થેનાર્ડિયર ભૂતકાળમાં સૈનિક તરીકે કામ કરતો હતો. લશ્કરમાંથી છૂટા થયા પછી તેણે વીશી શરૂ કરી હતી. તે ઘણો ચાલાક અને લોભી હતો. તેને બહારની વાતોથી ખબર પડી કે કોઝેટ અનૌરસ સંતાન હતું એટલે તેણે ફેન્ટાઈનને ધાકધમકી આપીને વધુ ને વધુ પૈસા તેની પાસેથી કઢાવવા માંડ્યા અને બીજી બાજુ છ વરસની

કોઝેટ પાસેથી ખૂબ મહેનત કરાવવાનું પણ તેણે શરૂ કર્યું. શિયાળાની કડકડતી ઠંડીમાં આ નાનકડી ફૂલ જેવી બાળકીને ચીંથરેહાલ સ્થિતિમાં ધ્રૂજતાં ધ્રૂજતાં વહેલી સવારે કચરો વાળતી જોઈને અને એની આંખોમાંથી આંસુની ધારા પડતી જોઈને ગમે તેનું હૃદય રડી ઊઠે.

*

જ્યાં-વાલજ્યાંએ મેડેલીનનું નામ ધારણ કરીને એક ગામમાં નવો અવતાર શરૂ કર્યો અને પરગજુ નગરપતિ બની આસપાસનાં ગામોમાં [illegible]તાની સુવાસ પ્રસરાવી. તેના આવ્યા પછી ગામનો વેપાર એટલો ધમધોકાર ચાલવા લાગ્યો કે એ ગામ એક શહેર બની ગયું. મેડેલીન એટલો પૈસાદાર બની ગયો કે તેણે રંગનું એક મોટું કારખાનું શરૂ કર્યું. તે ગામના કોઈપણ માણસને તેમાં કામે રાખીને રોજી આપતો. તેની ફક્ત [illegible] હતી : પ્રામાણિક બનો. તેની દાન કરવાની શક્તિ પણ [illegible] હતી. તે ગરીબોને છૂટે હાથે પૈસા આપતો.

[illegible] મેડેલીન એક સંત પુરુષ તરીકેની પ્રસિદ્ધિ પામી ચૂક્યો. પણ માન અને પ્રસિદ્ધિના આ ઊછળતા સાગર વચ્ચે એ બધાંથી અલિપ્ત ને અચળ એવા જેવર્ટ નામના એક પોલીસ અધિકારીને મેડેલીન વિશે શંકા રહી હતી. જેલમાંથી છૂટ્યા પછી પણ જ્યાં-વાલજ્યાંએ એક-બે નાની ચોરીઓ કર્યાની વાત પોલીસને કાને આવી હતી અને એટલે પોલીસ જ્યાં-વાલજ્યાંને શોધી રહી હતી. જેવર્ટને વંહેમ હતો કે મેડેલીન એ બીજું કોઈ નહીં પણ જ્યાં-વાલજ્યાં જ છે.

બીજી બાજુ ફેન્ટાઈનનું જીવન કાળી મજૂરીમાં પિસાઈ રહ્યું હતું. એક તો વીશીવાળો થેનાર્ડિયર દર મહિને તેની પાસેથી વધુ ને વધુ પૈસા કોઝેટને રાખવા બદલ માગતો અને બિચારી ફેન્ટાઈન પૈસા ખાતર પોતાના વાળ, દાંત વગેરે વેચીને પણ પૈસા મોકલતી. પણ ઘણાં વરસોની આકરી મહેનતને લીધે તે સૂકી ઉધરસ અને તાવમાં સપડાઈ. એક વખત જેવર્ટે તેને નજીવા ગુનાસર પકડી અને છ મહિનાની કેદની સજા કરી. પણ મેડેલીન વચમાં પડ્યો અને તેણે ફેન્ટાઈનને છોડાવી. પણ ત્યારથી જેવર્ટ અને મેડેલીન વચ્ચેના સંબંધો તંગ બન્યા. મેડેલીને સાધ્વીઓની સારવાર નીચે ફેન્ટાઈનને દવાખાનામાં મૂકી અને તેને વિશે બને તેટલી માહિતી ભેગી કરી. થોનાર્ડિયર પાસેથી કોઝેટને મેળવવા માટે ૧૧૦ ફ્રાંક મોકલ્યા અને સાથે કોઝેટની મા માંદી છે એ જણાવતો પત્ર લખ્યો, પણ તેનાથી કોઝેટ આવી નહીં.

તેવામાં મેડેલીનને ખબર પડી કે કોઈ ગરીબ ખેડૂતને જ્યાં-વાલજ્યાં તરીકે પકડ્યો છે. આ સાંભળતાં જ તેના અંતરમાં મંથન શરૂ થયું. 'મેં જીવનનું જે ઉચ્ચ ધ્યેય સિદ્ધ કરવા માટે અનેક વર્ષો તપશ્ચર્યામાં નાખ્યાં છે તે આજે લગભગ સિદ્ધ થયું છે. તેમાં ઈશ્વરનો હાથ છે. મારાથી ઈશ્વરની ઇચ્છાથી વિરુદ્ધ એવું કાંઈ ન થઈ શકે. મેં જે જીવનસાધના આદરી છે તે પૂરી થવી જ જોઈએ. મારી યાતનાઓને પરિણામે જે ઉચ્ચ જીવનનો આદર્શ જગત પાસે રજૂ કરવાનો છે તે ઈશ્વરી સંકેત જ છે. મારું કર્તવ્ય તો સ્પષ્ટ જ છે... ખોટા જ્યાં-વાલજ્યાંને છોડાવવો જ જોઈએ. જીવનનું આ ભારેમાં ભારે બલિદાન છે. મારે એ જ રસ્તે જવું છે.'

સવારે તે ઊઠ્યો ત્યારે ગાડી તૈયાર જ હતી. ગાડીમાં તે હેસ્ટીન નામના ગામમાં આવ્યો. ત્યાં ન્યાયમંદિરમાં ન્યાય થવાનો હતો. પણ ન્યાયાધીશ ચુકાદો આપે તે પહેલાં મેડેલીન ત્યાં હાજર થઈ ગયો અને તેણે કહ્યું, 'આપ આ આરોપીને નિર્દોષ ગણી છૂટો કરો. જે માણસને તમે શોધો છો તે હું જ્યાં-વાલજ્યાં પોતે'. પહેલાં તો કોઈ એ વાત માનવા તૈયાર થયું નહીં. પણ મેડેલીને એક પછી એક સાબિતીઓ રજૂ કરી. છેવટે એની વાત માનવી જ પડી. પેલા ગરીબ ખેડૂતને છોડી મૂકવામાં આવ્યો. મેડેલીન ફરી જ્યાં-વાલજ્યાં બની જેલના સળિયા પાછળ પુરાઈ ગયો. જેલમાં જતાં પહેલાં જ્યાં-વાલજ્યાંને જેવર્ટ પાસે ત્રણ દિવસની મુદત માગી - કોઝેટને છોડાવવા માટે. પણ જેવર્ટે ના પાડી. એ સાંભળી ફેન્ટાઈનનું પ્રાણપખેરું ઉડી ગયું અને પછી જ્યાં-વાલજ્યાંને વહાણોમાં હલેસાં મારનાર માનવયંત્રોની હારમાં ગોઠવી દેવામાં આવ્યો. 'ઓરાયન' નામના એક વહાણના ખલાસીને તેણે મરતો બચાવ્યો અને એ તકનો લાભ લઈને વહાણમાંથી દરિયામાં પડતું મૂક્યું. વહાણના અધિકારીઓ તેની શોધ ચલાવી રહ્યા. પણ તેનો પત્તો મળ્યો નહિ. અખબારોમાં સમાચાર ચમક્યા : 'એક ખલાસીને બચાવવા જતાં એક કેદીએ પોતાના જીવનનો ભોગ આપ્યો. એ કેદીનું નામ હતું જ્યાં-વાલજ્યાં.'

*

તો હવે પેલી તરફ ફેન્ટાઈનની પેલી બાળકી કોઝેટનું શું થયું? એ તો વીશીવાળા થેનાર્ડિયરના ઘરની સખત મજૂરી કરતી હતી. ઘરના બધા જ કામનો સખત બોજો તેને શિરે હતો. એક વખત રાતને સમયે તેને

દૂરની નદીમાંથી પાણી ભરવા જવાનું કહેવામાં આવ્યું. ભરીને તે પાછી ફરતી હતી ત્યાં અંધકાર ભર્યા વાતાવરણમાં કોઝેટને એક વિચિત્ર મુસાફર મળી ગયો. કોઝેટના હાથમાંનો ભાર તે મુસાફરે ઊંચકી લીધો. કોઝેટ સાથે તે વીશીમાં ગયો અને ત્યાં થોડા દિવસ રહ્યો. કોઝેટ ઉપર કોણ જાણે કેમ એ બહુ જ વહાલ વરસાવતો. તે કોઝેટની દુઃખી સ્થિતિને પામી ગયો હતો. એટલે વીશીવાળા થેનાર્ડિયરને મોં માંગ્યા પૈસા આપીને કોઝેટને છોડાવી પોતાની સાથે દુનિયાની અમરાપુરી જેવી ગણાતી પારિસ નગરીમાં તે લઈ ગયો. કોઝેટને છોડાવનાર આ વિચિત્ર મુસાફર તે બીજું કોઈ નહીં પણ જ્યાં-વાલજ્યાં જ હતો. વહાણમાંથી ભાગી છૂટયા પછી તે પોતાની સંતાડેલી મૂડી સાથે લઈને કોઝેટને છોડાવવા આવ્યો હતો.

જ્યાં-વાલજ્યાંના જીવનમાં અપૂર્વ-નવીન-એવું કંઈક પ્રવેશતું હતું. પચીસ પચીસ વરસથી તે એકલો-એકલો ફરતો હતો. કોઝેટ માટે તેના અંતરમાંથી અખૂટ વહાલનું ઝરણું વહેવા લાગ્યું. કોઝેટને મન પણ દુનિયામાં સૌથી સુંદર જો કોઈ હોય તો આ જ્યાં-વાલજ્યાં હતો. આમ તેઓ બંને પૅરિસના ઘરમાં આનંદમાં દિવસો વિતાવતાં હતાં. પણ એકવાર પૅરિસની એક અંધારી ગલીમાં જેવર્ટ જ્યાં-વાલજ્યાંને જોઈ ગયો અને તેથી અગમચેતી વાપરીને જ્યાં-વાલજ્યાં અને કોઝેટ પેરિસના પોતાના ઘરમાંથી નીકળીને દૂર દૂર ચાલ્યાં ગયાં. રસ્તામાં તેઓ સાધ્વીઓના એક મઠના બગીચામાં આવી પહોંચ્યાં. ત્યાંનો માળી મેડેલીનને ઓળખી ગયો. તેણે બંનેને માટે રાતવાસાની ગોઠવણ કરી આપી. પણ જ્યાં-વાલજ્યાંએ તેની સાથે એક શરત કરી : 'મારી ઓળખાણ કોઈને આપવી નહીં, મને કશું જ પૂછવું નહીં.'

અને પછી તો જ્યાં-વાલજ્યાં કોઝેટ સાથે ખ્રિસ્તી ધર્મના એક નાનકડા સંપ્રદાયની સાધવીઓના મઠમાં ત્યાંના બગીચાના માળીના ભાઈ તરીકે રહેવા લાગ્યો. કોઝેટને ભણવા પણ મૂકી.

જ્યાં-વાલજ્યાંને મન આ મઠ એક મહાન સાગરની વચ્ચે આવેલ કોઈ બેટ જેવો હતો. આ ચાર દીવાલની વચ્ચે જ તેની દુનિયા સમાયેલી હતી. આખો વખત તે કામ કર્યા કરતો અને થોડા જ દિવસોમાં તેણે બગીચામાં નવું જીવન પ્રગટાવ્યું.

જ્યાં-વાલજ્યાં બગીચામાં કામ કરતાં કરતાં ઘણીવાર વિચારે ચડી જતો. જીવનના એકવારના કટોકટીના કાળે જે વખતે દુનિયા આખી તેને

હડસેલા મારતી અને ઘર બહાર કાઢી મૂકતી ત્યારે એક પાદરીએ પોતાના હૃદયનાં દ્વાર તેને માટે ખોલ્યાં હતાં. બીજી વાર કટોકટીના વખતે જ્યારે દુનિયાની કહેવાતી નીતિના ચોકીદારો તેની પાછળ શિકારીની જેમ પડયા હતા ત્યારે આ મઠમાં તેને આશ્રય મળ્યો. આમ ને આમ દિવસોના દિવસો અને વર્ષોનાં વર્ષો પસાર થઈ ગયાં. વખત જતાં કોઝેટ પણ યુવાનીમાં પ્રવેશી.

*

જ્યાં-વાલજ્યાંએ પૅરિસમાં કોઝેટને લઈને આવ્યા પછી જે ઘર રાખ્યું હતું તે લત્તામાં ગાવરોશ નામનો એક રખડુ છોકરો રહેતો હતો. ફાટેલાં કપડાં અને અસ્તવ્યસ્ત હાલતમાં તે પેરિસની ગલીઓમાં રખડયા કરતો હતો. બાજુમાં એવી જ ઓરડીમાં એક ગરીબ જુવાન મેરિયસ રહેતો હતો. કૉલેજ સુધીનો અભ્યાસ કરી તે કાયદાનો અભ્યાસ કરવા લાગ્યો હતો. તે સાચો રાજભક્ત હતો. નાનપણમાં તેની મા મરી ગઈ હતી. દાદા પ્રત્યે પ્રેમ ન હતો, થોડોક ભય હતો. તેના પિતા પણ ગુજરી ગયા હતા. એક વખત મેરિયસ ફ્રાન્સના રાજા માટે અપશબ્દ બોલ્યો. દાદા આ અપમાન જીરવી ન શક્યા. તેમણે મેરિયસને કહ્યું : 'નીકળ અહીંથી' અને મેરિયસ ઘર છોડીને ચાલી નીકળ્યો.

હવે તેણે એક નવા પ્રવાહમાં પોતાનું જીવન શરૂ કર્યું. ફ્રાન્સમાં તે સમયે ચાલતા ક્રાંતિકારી માનસવાળા મંડળના સભ્યોને તે મળ્યો. તેમાં જુદી જુદી પ્રકૃતિના કેટલાય વિદ્યાર્થીઓ એક મહાન આદર્શની ગાંઠે બંધાયેલા હતા. ફ્રેન્ચ રાજક્રાંતિના આ બધા ફરજંદો હતા. થોડા જ દિવસમાં મેરિયસ કોરફિરાક નામના વિદ્યાર્થીનો મિત્ર બની ગયો અને તેની સાથે રહેવા લાગ્યો. એ નાનકડી ઓરડી તેને સ્વાતંત્ર્યની વિશાળ દુનિયા લાગતી. તેણે કોરફિરાકની મદદથી ભાષાંતર કરવાનો વ્યવસાય સ્વીકાર્યો અને તેમાં તેને ઠીક ઠીક આર્થિક ઉપાર્જન થતું.

એકાંતપ્રિય એવો યુવાન મેરિયસ રોજ સાંજે બગીચામાં ફરવા જતો અને ત્યાં દૂર સડકની બાજુમાં એક બાંકડા ઉપર એક વૃદ્ધ પુરુષ અને તેની પાસે બેઠેલી એક છોકરીને જોતો, આ બંને રોજ ત્યાં સાંજને વખતે અચૂક હોય જ. પણ એક દિવસ બુઢ્ઢો અને છોકરી બંને અદૃશ્ય થઈ ગયાં. મેરિયસ એ બંને વિષે તપાસ કરવા લાગ્યો. ફરવા જવાનું પણ તેણે ઓછું કરી નાખ્યું. તેની બીજી ઓરડીમાં જોન્ડ્રેટ નામ ધારણ કરીને થેનાર્ડિયર તેની પત્ની સાથે રહેતો હતો. તેણે દેવાળું કાઢ્યું હતું અને વીશી બંધ કરી

દેવી પડી હતી. એક દિવસ એક બુઢ્ઢો આવીને જોડ્રેટને આર્થિક મદદ કરી ગયો. તેની સાથે એક છોકરી પણ હતી. જોડ્રેટ એ છોકરીને ઓળખી ગયો. એ છોકરી કોઝેટ હતી અને પેલો બુઢ્ઢો તે જ્યાં-વાલજ્યાં. જોડ્રેટે પોતાના થોડા સાગરીતોની મદદથી કોઝેટને ઉપાડી જવાનો તથા જ્યાં-વાલજ્યાંને પૈસેટકે ખંખેરવાનો પ્રયત્ન કર્યો. પણ મેરિયસને ગંધ આવી જતાં તેણે પોલીસમાં ખબર આપી અને જ્યાં-વાલજ્યાંને બચાવ્યો. પણ બચાવવા આવેલી પોલીસ ટુકડીના નાયક તરીકે જેવર્ટને જોતાં જ જ્યાં-વાલજ્યાં ભાગી છૂટ્યો. હવે તેણે મઠનું રહેઠાણ છોડી દીધું હતું. પૅરિસના એક ઘરમાં તે ભાડે રહેતો હતો.

એક દિવસ કોઝેટ બગીચામાં ફરવા ગઈ ત્યાં અચાનક મેરિયસનો પ્રેમપત્ર તેને મળી આવ્યો. કોઝેટને એ વાંચીને કંઈક અનેરો અનુભવ થયો. થોડીવારે કોઝેટના કાન પર અવાજ આવ્યો : 'મને અહીં આવવા માટે ક્ષમા કરજો, તમે પથ્થર નીચે લખેલું લખાણ વાંચ્યું ? તમે તે દિવસે પહેલી વાર જ મારી સામે જોયું હતું તે યાદ છે ?... તમને ખબર નહીં હોય પણ મારું હૃદય તમારું જ રટણ કરે છે..... તમે મને ચાહો છો?'

કોઝેટ કહે 'ચૂપ ! તમે જાણો તો છો.' પછી તો મેરિયસ અને કોઝેટ સાથે ફરતાંફરતાં, એકબીજાંનાં મનની વાતો કરતાં, સ્વર્ગીય આનંદમાં ડૂબી ગયાં પણ જ્યાં-વાલજ્યાંને તેની ખબર નહોતી.

અચાનક એક દિવસ કોઝેટે મેરિયસને કહ્યું : 'બાપુ જવાના છે. મને સાથે લઈ જવાના છે. કદાચ અમારે પરદેશ જવાનું છે.'

આ સાંભળી મેરિયસ ઉદાસ થઈ ગયો. તેને થયું, જીવનના અવસાનકાળે મરવું એટલે ચાલ્યા જવું એવો અર્થ થાય છે, પણ જીવનના નવયૌવનકાળે તો ચાલ્યા જવું એટલે જ મરવું.

'ક્યારે ઊપડવાનાં?' મેરિયસે પૂછ્યું.

'તેમણે કહ્યું નથી.'

'પાછાં ક્યારે આવવાનાં?'

'તે પણ કહ્યું નથી!,

આમ કહી તેઓ બંને ખૂબ રડ્યાં અને બંનેય પ્રેમીઓ કેટલીય વાર પછી છૂટાં પડ્યાં.

ત્યારબાદ મેરિયસ તેના દાદાને ઘેર ગયો. પણ દાદાનું વલણ હજુ એવું ને એવું જ ઉગ્ર હતું. તો પણ મેરિયસે કોઝેટ સાથેના પોતાના પ્રેમની વાત કરી, લગ્ન માટે મંજૂરી માગી. પણ દાદા તો ખૂબ ગુસ્સે થઈ ગયા,

અને કોઝેટ વિષે ફાવે તેમ બોલવા લાગ્યા. મેરિયસ આ સાંખી ન શક્યો એટલે ફરી પાછો તે ઘર છોડીને ભાગી ગયો.

*

જ્યાં-વાલજ્યાં થોડા દિવસથી અસ્વસ્થ બન્યો હતો. થેનાર્ડિયર અને જેવર્ટના પંજામાંથી તે માંડ છૂટ્યો હતો. પણ વળી એક દિવસ તેના ઘર પાસેથી થેનાર્ડિયરને પસાર થતો તેણે જોયો. અલબત્ત, થેનાર્ડિયર તેને ઓળખી શકયો નહોતો. પણ થેનાર્ડિયર એટલે જ જ્યાં-વાલજ્યાંનો સાક્ષાત્ સર્વનાશ. વળી છેલ્લા કેટલાક દિવસોથી પૅરિસનું રાજકીય વાતાવરણ ધૂંધવાવા લાગ્યું હતું. ક્રાંતિની અસર હજુ ઓસરી ન હતી. પોલીસો શંકાશીલ દૃષ્ટિએ ફરતા હતા અને જે વ્યકિતના જીવનમાં કંઈક છુપાવવા જેવું પડ્યું હોય તેના હૃદયમાં ભય ઉત્પન્ન કરવા માટે આ પૂરતું હતું. પૅરિસમાં તે વખતે ત્રણ પક્ષો હતા : એક રાજા પક્ષ, એક નેપોલિયન પક્ષ અને એક પ્રજાતંત્રવાદી પક્ષ. જુદા જુદા પક્ષો પોતપોતાની બાજુ તૈયાર કરી રહ્યા હતા. એમાં એકાએક ફ્રાન્સની પ્રજાનો માનીતો સેનાપતિ લા માર્ક મૃત્યુ પામ્યો અને શહેરમાં તોફાન ફાટી નીકળ્યું. આખું શહેર તોફાનીઓના હાથમાં જઈ પડ્યું. એવા એક તોફાની ટોળામાં જેવર્ટ સપડાયો અને પ્રજાની વિરુદ્ધના જાસૂસ તરીકે પકડાયો.

મેરિયસ એક વખત રસ્તા પરથી જઈ રહ્યો હતો ત્યારે તેને અંધારામાંથી કોઈની હાકલ સંભળાઈ. કોઈ અદશ્ય ભાવી જાણે કે તેને બોલાવી રહ્યું હતું. તેણે હિંમત સાથે લડાઈના મેદાનમાં ઝુકાવ્યું. લડાઈ શરૂ થઈ ગયેલો પહેલો દોર ધ્રૂજતે હૈયે જોઈ રહ્યો. પરંતુ એક ઘરડા માણસનું મૃત્યુ, ફોરફિરાકની મદદ માટેની બૂમ તથા ગભરુ ગાવરોશ પર તોળાઈ રહેલ સિપાઈ - આ બધું જોતાં જ તે પિસ્તોલો લઈને દોડ્યો. ઘણી બધી બહાદૂરીપૂર્વક તેણે વિરોધી પક્ષનો સામનો કરી પોતાના પક્ષના માણસોને બચાવવા પ્રયત્ન કર્યો. તેની વીરતાનો સાચો ખ્યાલ તો હવે જ આવ્યો. ત્યાં મેરિયસને કોઝેટની ચિઠ્ઠી મળી. તેમાં લંડનના ઘરનું સરનામું તથા અન્ય વિગતો લખી હતી. ઘડીક તો તેને દોડીને કોઝેટ પાસે પહોંચી જવાનું મન થયું પણ તરત જ તેણે વિચાર્યું : 'કોઝેટ તેના પિતા સાથે જ જવાની અને મારા દાદા પણ કોઈ રીતે મને તેની સાથે લગ્ન કરવાની રજા આપે તેમ નથી. એટલે મારે માટે તો મૃત્યુ એ જ શ્રેષ્ઠ રસ્તો છે.'

નાનકડી ચિઠ્ઠીમાં તે પોતે મૃત્યુની ગોદમાં પોઢી રહ્યો છે ને પોતે કોઝેટને પ્રાણથી પણ અધિક ચાહે છે વગેરે લખીને તેણે કોઝેટને ચિઠ્ઠી મોકલી. ગાવરોશ આ ચિઠ્ઠી કોઝેટને બદલે જ્યાં-વાલજ્યાંને આપી આવ્યો. ધ્રૂજતે હૈયે જ્યાં-વાલજ્યાંએ આ ચિઠ્ઠી વાંચી અને તે સ્વસ્થ થયા પછી કોઝેટને શોધી કાઢવી એ જ મેરિયસની એક માત્ર ઝંખના હતી. તેને મન મૃત્યુના મુખમાંથી પાછા આવવું અને કોઝેટને મેળવવી એ બંને એક જ વસ્તુ હતી. પણ દાદા સમક્ષ આ વાત કહેવાની તેનામાં હિંમત નહોતી. પણ થોડા વખત પછી તો દાદા આપોઆપ જ મેરિયસના હૃદયના ભાવો પામી ગયા. દાદાએ મેરિયસને કહ્યું : 'મેં પેલી છોકરી કોઝેટ વિષે બધી જ તપાસ કરી લીધી છે. હું તને તારી કોઝેટ પાછી લાવી આપું છું. બદલામાં ફક્ત તું મારા પર હેત રાખ એટલું જ માગું છું.' આ સાંભળીને મેરિયસ બોલી ઊઠ્યો : 'મારા બાપુજી !' અને બંને જણા ભેટી પડ્યા.

જ્યાં-વાલજ્યાંએ પણ એ લગ્ન માટે સંમતિ આપી. એટલું જ નહીં પોતાની ૪૮,૪૦૦ ફ્રાંકની મિલકત પણ તેણે કોઝેટને આપી દીધી. હવે મેરિયસના મનમાં બે જ ઇચ્છાઓ રહી હતી. એક થેનાર્ડિયરને મળવાની અને બીજી પોતાને ગટર માર્ગે લઈ જઈ બચાવનાર વ્યક્તિને શોધી કાઢવાની.

થોડા વખત પછી મેરિયસ અને કોઝેટનાં લગ્ન થયાં. કમનસીબે આગલે દિવસે અકસ્માતમાં જ્યાં-વાલજ્યાંનો અંગૂઠો મરડાઈ ગયો હતો તેથી તે લગ્ન વખતે સાક્ષી તરીકે સહી પણ કરી ન શક્યો. એટલે મેરિયસના દાદાએ સહી વગેરે બધું પતાવી દીધું. રાત્રે ભોજન - સમારંભ ગોઠવાયો પણ પોતે છતો થઈ જાય એ બીકે જ્યાં-વાલજ્યાં ત્યાં હાજર ન રહ્યો. સૌ મિજબાની માણી રહ્યાં હતાં ત્યારે જ્યાં-વાલજ્યાં ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યો હતો.

બીજે દિવસે જ્યાં-વાલજ્યાંએ મેરિયસ પાસે જઈને તેને કહ્યું : 'મારે એક ખાનગી વાત તમને કહેવાની છે. તમને ખ્યાલ નહીં હોય પણ હું જન્મટીપ ભોગવી ચૂકેલો ગુનેગાર છું.' એ પછી તો તેણે પોતાની બધી વાત માંડીને કહી. જ્યાં-વાલજ્યાંએ કોઝેટ પોતાની દીકરી નથી એ પણ સ્પષ્ટ કર્યું. માત્ર મેરિયસને બચાવનાર તે પોતે જ હતો તે વાત તેણે ન કહી. રોજ સાંજે તેણે કોઝેટને મળવા આવવાની માગણી કરી. અને મેરિયસે તેને તેમ કરવા છૂટ આપી. જ્યાં-વાલજ્યાં દરરોજ સાંજે કોઝેટને મળીને, બે ઘડી વાતો કરીને મન સ્વસ્થ કરવા પ્રયત્ન કરતો. તે

કેમેય કરીને કોઝેટને ભૂલી શકતો જ નહીં.

જ્યાં-વાલજ્યાંને દિવસો સુધી ખાવાનું પણ ભાવતું નહોતું. ધીમે ધીમે જ્યાં-વાલજ્યાં તદ્દન પથારીવશ થઈ ગયો. એક દિવસ અડધી રાતે ઊઠીને તેણે એક કાગળ લખ્યો. તેમાં કોઝેટની મા ફેન્ટાઈન છે અને પોતે તેનો પિતા નથી એ વાત જણાવી. ઉપરાંત ૬૦ હજાર ફ્રાંક તેણે રંગના કારખાનામાંથી મેળવેલા તે લખ્યું તથા રંગઉદ્યોગની કેટલીય ગુપ્ત બાતમી પણ જણાવી.

એક દિવસ થેનાર્ડિયર મેરિયસને ઘેર જઈ પહોંચ્યો. પહેલાં તો તેણે કોઝેટના પિતાનો ભેદ ફોડીને પૈસા પડાવવાનો પ્રયત્ન કર્યો. પણ મેરિયસ પોતાનાં કરતાં પણ વધારે જાણે છે, તેની ખાતરી થતાં તેણે કહ્યું : 'એક વાત તો તમે નથી જ જાણતા. તમે ઘવાયા હતા ત્યારે તમને બચાવનાર પણ બીજું કોઈ નહીં એ જ્યાં-વાલજ્યાં જ હતો.' આ અંગે મેરિયસને વિશ્વાસ બેસે તેવો પુરાવો પણ તેણે રજૂ કર્યો. થોડાક ફ્રાંક આપીને થેનાર્ડિયરને જલદીથી વિદાય કરીને મેરિયસે કહ્યું : 'કોઝેટ ! જલદી ચાલ, વાત ન કર. અરે નોકર ! ગાડી લઈ આવ. મારી જિંદગી બચાવનાર એ જ્યાં-વાલજ્યાં પોતે જ છે.'

કોઝેટે કહ્યું : 'આપણે કેટલા લાંબા સમયે બાપુને મળવા જઈએ છીએ ?'

મેરિયસે કહ્યું : 'તારા બાપુ તે આજથી મારા પણ બાપુ બને છે.'

મેરિયસ અને કોઝેટે અધીરાં થઈને જ્યાં-વાલજ્યાંના ઘરનાં બારણાં ખખડાવ્યાં. 'આવો,' અંદરથી આવાજ આવ્યો. બંનેને જોઈને જ્યાં-વાલજ્યાંનું હૃદય પ્રેમ અને આનંદથી ભરાઈ આવ્યું. 'બાપુ...' કહીને કોઝેટે તેના ખોળામાં માથું ઢાળી દીધું. મેરિયસે કહ્યું : 'આ માણસના ચરણમાં આખી જિંદગી ગાળી નાખું તો પણ તેમના ઉપકારનો બદલો વળે તેમ નથી. એ ભયંકર યુદ્ધમોરચો... એ નરક સમી ગટર... એ ગટરનો ઊંડો ગર્ત... તેમાંથી પોતાના પ્રાણને ભોગે એમણે મને તાર્યો. એટલું જ નહીં પણ તેમણે એ વાત મને કહી પણ નહીં, જીવનનાં તમામ સદ્‌ગુણો આ તારા બાપુમાં મૂર્તિમંત દેખાય છે. તે મહાત્મા છે, કોઝેટ.'

આ સાંભળી જ્યાં-વાલજ્યાંએ કહ્યું : 'મેં તો સત્ય જ કહ્યું હતું.' મેરિયસે જવાબ આપ્યો : 'સત્ય સંપૂર્ણ સત્ય હોવું જોઈએ. તમે એવું સત્ય ન કહ્યું.'

મેરિયસે જોયું કે જ્યાં-વાલજ્યાંની તબિયત વધુ ને વધુ બગડવા

લાગી હતી. એકદમ ડૉકટરને બોલાવવામાં આવ્યાં. ડૉક્ટરે કહ્યું : 'દર્દીને જે જોઈતું હતું તે મળી ગયું. તેને તમારી હાજરીની જરૂર હતી. પણ હવે તમે બહુ મોડા પડ્યા છો. દર્દી હવે બચી શકે તેમ નથી'

જ્યાં-વાલજ્યાં ગળગળા સાદે માંડ બોલ્યો : 'મૃત્યુ એ કોઈ મોટી વાત નથી, પણ ન જીવવું એ કેટલું ભયંકર છે ?'ત્યાર બાદ તેણે કોઝેટ-મેરિયસને પાસે બોલાવ્યાં અને કહ્યું : 'મને કબ્રસ્તાનના એક અજાણ્યા ખૂણામાં દાટજો અને ઉપર નિશાની તરીકે નાનકડો પથ્થર મૂકજો. પણ પથ્થર ઉપર મારું નામ ન કોતરાવશો. આ મારી છેલ્લી ઈચ્છા છે... હવે હું વિદાય લઉં છું. તમારો પ્રેમ અખંડ અને અમર રહો. પ્રેમ...પ્રેમથી મહાન બીજું દુનિયામાં કશું નથી... હું સુખમાં મરું છું. તમારા બંનેના માથા પર મને હાથ મૂકવા દો...'

કોઝેટ અને મેરિયસ ઘૂંટણિયે પડ્યાં. બંને હૈયાફાટ રડતાં હતાં.

રાત્રિ ગાઢ અંધકારથી છવાઈ ગઈ હતી. આકાશ કાળું ધબ હતું. તારા વિલીન થઈ ગયા હતા. આ ગાઢ અંધકારમાં ઈશ્વરી ફિરસ્તો આ મહાન આત્માને લઈ જવા માટે પાંખ ફેલાવીને ઊભો હતો.

●

૧૯. ધરતીના પેટાળમાંની દુનિયાની વાત
અ જર્ની ટુ ધ સેન્ટર ઑફ ધ અર્થ / ઝુલ વર્ન

જ્વાળામુખી. ધરતીના પેટાળમાં રહેલા ધગધગતા લાવારસને માટે અંદરની ગરમી અસહ્ય થઈ પડે ત્યારે બહાર, ધરતીની સપાટી પર આવવા માટેનો કુદરતે બનાવેલો એક અજાયબ રસ્તો ! પણ એ જ જ્વાળામુખી દ્વારા કોઈ મરજીવા ધરતીના પેટાળમાં પહોંચવાનો પ્રયત્ન કરે તો ? એવા એક અજબગજબના સાહસની દિલધડક કથા એટલે 'અ જર્ની ટુ ધ સેન્ટર ઑફ ધ અર્થ.' પશ્ચિમના સાહિત્યમાં – ખાસ કરીને અમેરિકન સાહિત્યમાં આજે તો 'એસએફ' – સાયન્સ ફિક્શન, વિજ્ઞાનકથાઓની બોલબાલા છે. પણ આજથી લગભગ ૧૪૦ વર્ષ પહેલાં અંગ્રેજી ભાષામાં કોઈએ સાયન્સ ફિક્શન લખવાનો વિચાર સુધ્ધાં નહોતો કર્યો ત્યારે એક ફ્રેન્ચ લેખકે આ નવા જ સાહિત્ય પ્રકારના શ્રીગણેશ કર્યા. એનું નામ ઝુલ વર્ન. પણ આપણા ગુજરાતી અનુવાદકો અને રૂપાંતરકારોએ એને 'જુલે વર્ન' બનાવી દીધો છે.

એક છે ધૂની, જરા ચક્રમ, પણ અતિશય બાહોશ વૈજ્ઞાનિક. એનું નામ પ્રોફેસર હાર્ડવિગ. સંજોગવશાત્ તેના હાથમાં એક જૂનું પુરાણું પુસ્તક આવી પડે છે. એ પુસ્તકમાં પૃથ્વીના પેટાળના કેન્દ્રમાં કઈ રીતે પહોંચાય એની વાત છે. રસ્તો પણ બતાવ્યો છે. થઈ રહ્યું. પ્રોફેસરના મનમાં ઘુરી ચડે છે કે બતાવેલા રસ્તે પૃથ્વીના પેટાળમાં જવું જોઈએ. ભત્રીજા હેન્રીને અને પગારદાર ભોમિયા હાન્સને સાથે લઈને નીકળી પડે છે આઈસલૅન્ડ જવા. કંઈ કેટલાંય વર્ષોથી સ્નેફેલ નામનો જ્વાળામુખી ઠરી ગયો છે, સુષુપ્ત છે. પેલા જૂના પુસ્તકમાંથી જડેલા કાગળમાં આર્ન સેકનુસમ નામના સોળમી સદીના વૈજ્ઞાનિક-પ્રવાસીએ આ સ્નેફેલ જ્વાળામુખીના મુખને જ તો ધરતીના પેટાળમાં ઊતરવા માટેના પ્રવેશદ્વાર તરીકે ઓળખાવેલું. અને આ કાંઈ તેની કપોલકલ્પના ન હતી. તેણે લખેલું કે તે પોતે આ રસ્તે પૃથ્વીના કેન્દ્રબિન્દુ સુધી જઈ

આવ્યો છે ! પ્રોફેસર હાર્ડવિગ એને પગલે પગલે ચાલીને ફરી એ મુસાફરી કરવા ધારે છે.

ત્રણે જણ સ્નેફેલના મુખ સુધી આવી પહોંચે છે. ત્યાં વાસ્તવિકતાનો અંત આવે છે. એ લોકો જ્વાળામુખીના મુખમાં થઈને ધરતીની સપાટીની નીચે ને નીચે ઊતરતા જાય છે ત્યાં ઝુલ વર્નની અદ્‌ભુતરમ્ય કલ્પનાનો આરંભ થાય છે. જેને મોઢે આ આખી કથા કહેવાઈ છે તે પ્રોફેસરનો ભત્રીજો કહે છે : 'અત્યાર સુધી તો મુસાફરીમાં મહેનત જ પડી હતી. હવેની મુસાફરીમાં મુશ્કેલીઓ જ આવવાની હતી.'

અને કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરે છે આ ત્રણ સાહસિકો! સૌથી પહેલાં તો સાથે રાખેલું પીવાનું પાણી ખૂટી પડે છે. પણ પછી અણીને વખતે પથ્થરમાંથી ધગધગતું પાણી નીકળે છે ! જોતજોતામાં તો એ ઊકળતા પાણીની નદી બની રહે છે. બીજા બે સાથીઓથી વિખૂટો પડેલો હેન્રી ભૂલો પડે છે, પૃથ્વીના પેટાળમાં તો અહીં અજાયબીઓનો પણ પાર નથી. પાતાળના પોલાણમાં આખેઆખો દરિયો પણ છે, તેને કિનારે જંગલ પણ છે. તરાપો બનાવીને ત્રણે મુસાફરો એ દરિયામાં નીકળી પડે છે, એ મુસાફરી દરમિયાન ભયંકર ચુંબકીય તોફાન થાય છે અને ત્રણે જણ માંડ બચે છે. સદીઓથી ઠરી ગયેલો જ્વાળામુખી એકાએક ફરી સજીવન થાય છે અને લાવાના પ્રવાહ સાથે ત્રણે સાહસિકો પાછા પૃથ્વીની સપાટી પર ફેંકાઈ જાય છે !

૧૮૬૪માં ફ્રેન્ચ ભાષામાં પ્રગટ થયેલી આ નવલકથા ઝુલ વર્નની બીજી જ નવલકથા હતી, પણ તેને અસાધારણ સફળતા મળી. મોટેરાં, કિશોરો અને બાળકોને આ અજબગજબની વિજ્ઞાન-સાહસકથા વાંચવામાં ગજબનો રસ પડ્યો. 'બૉય્ઝ જર્નલ' નામના માસિકમાં ૧૮૭૦ના વર્ષ દરમિયાન બાર હપ્તામાં તેનો અંગ્રેજી અનુવાદ પહેલી વાર પ્રગટ થયો. તે પછી ૧૮૭૨માં એ અનુવાદ પહેલી વાર પુસ્તકાકારે પ્રગટ થયો. ૧૮૭૩ના નવેમ્બરમાં ન્યૂયૉર્કથી તેની પહેલી અમેરિકન આવૃત્તિ પ્રગટ થઈ. ત્યાર પછી તો દુનિયાની અનેક ભાષાઓમાં આ પુસ્તકના અનુવાદ, સંક્ષેપ, રૂપાંતર વગેરે આજ સુધી સતત પ્રગટ થતાં રહ્યાં છે. 'પાતાળપ્રવેશ' નામે વર્નની આ કથાનો સંક્ષિપ્ત અનુવાદ મૂળશંકર મો. ભટ્ટે કરેલો તે ૧૯૩૫માં પહેલીવાર પ્રગટ થયો. એ જમાનામાં અનુવાદો માટે નહોતાં ઇનામ-અકરામ, નથી આ પુસ્તક શાળા-કૉલેજમાં પાઠ્યપુસ્તક બને એવું, નથી એને માટે કોઈ મોટા સમારંભો યોજાયા અને

છતાં ૧૯૯૯ સુધીમાં 'પાતાળપ્રવેશ' તેર વખત પુનર્મુદ્રિત થયું છે ! 'પાતાળપ્રવેશ' ઉપરાંત ઝુલ વર્નની બીજી કેટલીક કથાઓના અનુવાદ – સાહસિકોની સૃષ્ટિ, સાગરસમ્રાટ, ચન્દ્રલોકમાં, ૮૦ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા, ગગનરાજ – વાંચીને આ લખનારની પેઢી તથા બીજી બે-ત્રણ પેઢી ઊછરી છે. આ લખતાં પહેલાં ઉપર ઉપરથી નજર ફેરવી જવા 'પાતાળપ્રવેશ' હાથમાં લીધું પણ પહેલેથી છેલ્લે વાંચી લીધા વગર હાથમાંથી મૂકી શકાયું નહીં ! આ બધા જ અનુવાદો મૂળશંકર મો. ભટ્ટે કર્યા છે' અ જર્ની ટુ ધ સેન્ટર ઑફ ધ અર્થ'નો બીજો એક અનુવાદ 'પાતાળનો પ્રવેશ' નામે શ્રીકાંત ત્રિવેદીએ પણ કર્યો છે જે ૧૯૬૫માં પ્રગટ થયો હતો.

૧૯૫૦ પછીનાં કેટલાંક વર્ષો સુધી વર્નની કથાઓ પરથી બનાવવામાં આવેલી ફિલ્મોને ઘણી લોકપ્રિયતા મળેલી. અ જર્ની ટુ ધ સેન્ટર ઑફ ધ અર્થ પરથી છેક ૧૯૦૮માં મૂંગી ફિલ્મ બની હતી પણ તેની પ્રિન્ટ સચવાઈ નથી. ૧૯૫૯માં હેન્રી લેવિન અને સ્ટુઅર્ટ ગિલમોરના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ ઠીક લોકપ્રિય થઈ હતી. અલબત્ત, મૂળ કથામાં આ ફિલ્મમાં કેટલાક ફેરફારો કરવામાં આવેલા. ૧૯૭૬માં બનેલી બીજી ફિલ્મમાં ઘણા વધારે ફેરફારો હતા એટલું જ નહીં, કથાની રજૂઆત 'ચીપ' રીતે થઈ હતી. ૧૯૮૮માં રસ્ટી લેમોરાન્ડેના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ તો સાવ નિષ્ફળ ગઈ હતી. ૧૯૯૧માં પણ જર્ની ટુ ધ સેન્ટર ઑફ ધ અર્થ નામની ફિલ્મ બની હતી પણ તેને વર્નની કથા સાથે બહુ દૂરનો સંબંધ છે. વર્નની કથા પરથી બનેલી એનિમેટેડ ફિલ્મ પણ રિલીઝ થઈ છે.

૧૮૨૮ના ફેબ્રુઆરીની ૮મી તારીખે ફ્રાન્સમાં વર્નનો જન્મ. ૧૯૦૫ના માર્ચની ૨૪મી તારીખે બપોરે ત્રણને દસ મિનિટે અવસાન. ૭૭ વર્ષની જિંદગીમાં સો જેટલી નવલકથા લખી. તેની હયાતીમાં જ ઘણી લોકપ્રિયતા મળી, અનેક ભાષામાં અનુવાદ થયા, પણ તેનો આર્થિક લાભ વર્નને' નહીં, તેના પ્રકાશકને થયો. કારણ વર્ષે વીસ હજાર ફ્રેન્ચ ફ્રાન્કના પગારદાર નોકર તરીકે વર્ને આ નવલકથાઓ લખેલી. વર્નને અંજલિ આપતાં ૧૯૦૫માં ન્યૂયૉર્ક ટાઇમ્સે લખેલું :'આ એક એવો લેખક હતો જેને કિશોરો અને યુવાનો આજેય મૂર્તિની જેમ પૂજે છે.'

●

૨૦. સાગર સમ્રાટ
ટવેન્ટી થાઉઝન્ડ લીગ્ઝ અન્ડર ધ સી / ઝુલ વર્ન

૧૮૬૬નું વર્ષ. આખી દુનિયામાં ખળભળાટ મચી ગયો છે. કારણ દરિયામાં મુસાફરી કરતાં ઘણાં જહાજોએ દરિયામાં એક અજાણી, ખૂબ લાંબી, અતિશય ઝડપથી તરતી વસ્તુ જોઈ હોવાનું જાહેર કર્યું છે અને એ વસ્તુ કેટલાંક વહાણો સાથે ભટકાઈ પણ છે અને એ ભટકાય પછી વહાણ નકામું થઈ જાય છે. એ વસ્તુ શી છે એ તો કોઈ જાણતું નથી, પણ ઘણા જાણકારો માને છે એ કોઈ બહુ મોટી વ્હેલ માછલી હોવી જોઈએ. પ્રો. પિયેરે તેમાંના એક. ૧૮૬૭માં નેબ્રાસ્કાની મુસાફરીએથી તેઓ પાછા ફરી રહ્યા હતા. ત્યાં જ તેમને અમેરિકન સરકારનું આમંત્રણ મળે છે – પેલી અજાણી વસ્તુ કે વ્હેલને શોધીને ખતમ કરવા માટેના અભિયાનમાં જોડાવાનું. માત્ર ત્રણ કલાકની ટૂંકી નોટિસમાં પિયેરે તે અભિયાન માટેના જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન પર પહોંચી જાય છે. તેમની સાથે છે વફાદાર નોકર કૉનસેઈલ અને જહાજ પર તેમને એક મિત્ર મળે છે હાર્પુન્ઝ નેડ લૅન્ડ. કેટલાક મહિનાની દરિયાઈ મુસાફરીની શોધ પછી જાપાનને કિનારે છેવટે પેલી અજાયબ વસ્તુ દેખાય છે. શરૂઆતમાં તો તે અમેરિકન જહાજને હંફાવે છે પણ પછી નેડ હાર્પુન ફેંકે છે, પણ જાણે કોઈ ધાતુની વસ્તુ સાથે અફળાયું હોય તેમ હાર્પૂન પાછું ફરે છે. એ જ ઘડીએ પાણીનો જબરદસ્ત મોટો ફુવારો ઊછળે છે અને વહાણમાંથી કેટલાક જણ દરિયામાં ઊછળી પડે છે. ફુવારાનું જોર એટલું છે કે જહાજ હાલીચાલી શકે તેમ નથી. પણ પ્રો. પિયેરે, નેડ અને કૉનસેઈલ ડૂબ્યા નથી, પણ જે અજાયબ ચીજનો તેઓ પીછો કરી રહ્યા હતા તેના પર જ ઊભા છે અને તેમને ખ્યાલ આવે છે કે તેમણે જેનો પીછો કર્યો હતો તે કોઈ વ્હેલ માછલી નહીં, પણ દરિયામાં ડૂબકી મારીને તરી શકે તેવી એક વિશાળ સબમરીન હતી ! ત્યાં તો અચાનક એ સબમરીન દરિયાના પેટાળમાં ઊતરવાનું શરૂ કરે છે. ત્રણે જણા જોરજોરથી પગ પછાડી અંદરના ખલાસીઓનું ધ્યાન ખેંચે છે. એક નાનકડું બારણું ખૂલે

છે, બુકાની બાંધેલા આઠ માણસો બહાર આવે છે અને ત્રણેને સબમરીનની અંદર લઈ જાય છે.

– આ છે ફ્રેન્ચ લેખક ઝુલ વર્નની ઉત્તમ ગણાતી નવલકથા 'ટ્વેન્ટી થાઉઝન્ડ લીગ્ઝ અન્ડર ધ સી'નો આરંભ. આખી કથા જેના દ્વારા કહેવાઈ છે તે પિયેરે અને તેના બે સાથી પહેલાં ક્યારેય જોઈ નહોતી એવી સબમરીનને આશ્ચર્ય અને કુતૂહલપૂર્વક જોઈ રહ્યા છે. ત્યાં જ તેમનો ભેટો કૅપ્ટન નેમો સાથે થાય છે. લૅટિન શબ્દ 'નેમો'નો અર્થ થાય છે 'કોઈ નહીં', 'નામ વગરનો'. ગ્રીક દંતકથામાં ઑડિસસને પણ 'નેમો' તરીકે ઓળખાવાયો છે. કથામાં કૅપ્ટન નેમોના ભૂતકાળ અંગે અછડતા ઇશારા મળે છે પણ તે અંગેની પૂરી વિગતો અપાઈ નથી. પણ ૧૮૫૭નો બળવો નિષ્ફળ થયો તે પછી અંગ્રેજો સામે વેર લેવાના ઇરાદાથી સબમરીન બનાવીને દરિયામાં નીકળી પડેલો તે કોઈ હિંદી રાજવી હતો એવો અછડતો ઉલ્લેખ મળે છે. એ ખૂબ ધનાઢ્ય છે, વિજ્ઞાન અને મિકેનિકલ વસ્તુઓનો જાણકાર છે. તેણે એકલે હાથે આ સબમરીન નૉટિલસની ડિઝાઇન બનાવી છે એટલું જ નહીં તે બાંધી પણ છે ! રસિક છે, વાંચવાનો શોખીન છે. નૉટિલસમાંનો ચિત્રોનો ખજાનો કોઈ પણ મ્યુઝિયમને ઈર્ષા આવે એવો છે અને તેની લાઇબ્રેરી કોઈ મોટા શહેરની જાહેર લાઇબ્રેરી હોય તેવી અને તેવડી છે. દરિયાઈ જીવો અને વનસ્પતિનો પણ તે જબરો જાણકાર છે.

વણબોલાવ્યા આવી પહોંચેલા ત્રણે મહેમાનો સાથે નેમો વિવેકથી, પણ મક્કમતાથી વર્તે છે. હવે આ નૉટિલસમાંથી તમને હું ક્યારેય જવા દઈશ નહીં એમ તે ત્રણેને કહે છે. કારણ ? કારણ હવે તમે બહાર જાવ તો મારું અને નૉટિલસનું રહસ્ય છતું થઈ જાય ! જ્યારે નેમો દરિયાના પેટાળમાં શોધખોળ માટે જાય છે ત્યારે પ્રો. પિયેરેને સાથે લઈ જાય છે. એ બંને જણ દરિયાના પેટાળમાં જ અજબગજબની વસ્તુઓ જુએ છે અને જે રોમાંચક ઘટનાઓમાંથી પસાર થાય છે તેની વાર્તામાં કથાનો મોટો ભાગ રોકાયો છે. તેવી જ રીતે નૉટિલસ અંગેનાં વિગતો અને વર્ણનોમાં પણ ઘણાં પાનાં રોકાયાં છે. વીજળીથી ચાલતી નૉટિલસ ૨૩૨ ફીટ લાંબી છે અને ૬૭,૫૦૦ પાઉન્ડના ખર્ચે બંધાઈ છે. દરિયાના પેટાળમાંથી બંને જણ જાતજાતના નમૂના એકઠા કરે છે, દરિયાઈ જંગલમાં ફરે છે, શાર્ક માછલીઓ સાથે લડે છે, દરિયાના પેટાળમાં આવેલા જ્વાળામુખીને ફાટતો જુએ છે, અને ઍટલાન્ટિક શહેરનાં

ખંડિયેરોમાં ફરે છે. સિલોનને દરિયા કિનારે નેમો પ્રોફેસરને નાળિયેર જેવડું મોટું મોતી બતાવે છે જેની કિંમત પાંચ લાખ પાઉન્ડ થાય એવો અંદાજ પ્રોફેસર માંડે છે. માત્ર નેમોને જ જેની ખબર હતી તેવા ભૂગર્ભ માર્ગ દ્વારા બંને રાતા સમુદ્રમાંથી ભૂમધ્ય સમુદ્રમાં પહોંચે છે. નૉટિલસમાં પ્રવાસ કરતાં બંને દક્ષિણ ધ્રુવ સુધી પહોંચી જાય છે. મુસાફરી દરમ્યાન નૉટિલસ હિન્દના કિનારા પાસેથી પસાર થાય છે ત્યારે નેમો હિન્દની ગુલામી અંગે બળાપો પણ કાઢે છે. મુસાફરી દરમ્યાન કૅપ્ટન નેમો ગ્રીક મરજીવાને અઢળક સોનાનો ભંડાર ભેટ આપે છે - તુર્કસ્તાન વિરુદ્ધના ક્રીટના બળવામાં વાપરવા માટે. સિસિલીના ટાપુઓ નજીક એક અજાણ્યું લશ્કરી જહાજ નૉટિલસ પર હુમલો કરે છે ત્યારે નેમો તેને ઘડીના છઠ્ઠા ભાગમાં ડુબાડી દે છે. પણ તે પછી નેમો ઉદાસ થઈને પોતાની કૅબિનમાં પુરાઈ રહે છે. નૉટિલસ પરની સલામતી વ્યવસ્થા પણ થોડી ઢીલી થઈ છે. પિયેરે અને તેના સાથી હળવેકથી સરકીને ભાગવાના ઈરાદાથી તુતક પર પહોંચી જાય છે. બરાબર એ જ વખતે જાણીજોઈને કે પછી અજાણ્યે નેમો જબરદસ્ત દરિયાઈ વમળનાં કેન્દ્રમાં નૉટિલસને હંકારી જાય છે. પણ અજબ રીતે પિયેરે અને તેના સાથી બચી જાય છે અને ભાનમાં આવે છેં ત્યારે એક અજાણ્યા ટાપુ પર પડ્યા છે. પણ કૅપ્ટન નેમો અને તેની નોટિલસનું શું થયું ? બંને વમળમાં ફસાઈને ડૂબી ગયાં કે પછી બચી ગયાં?

આ નવલકથા પરથી ઘણી ફિલ્મ બની છે. ૧૯૦૭માં પહેલવહેલી ફિલ્મ ફ્રેન્ચમાં બનેલી. તે પછી ૧૯૧૬ અને ૧૯૫૪માં બનેલી તે અંગ્રેજીમાં. ૧૯૫૪ની ફિલ્મમાં કૅપ્ટન નેમોની ભૂમિકા પ્રખ્યાત અભિનેતા જેમ્સ મેસને ભજવેલી. 'સાગરસમ્રાટ' નામે મૂળશંકર મો. ભટ્ટે કરેલો અફલાતુન અનુવાદ ૧૯૩૩માં પ્રગટ થયેલો. રશ્મિન ગો. મહેતાએ 'મહાસાગરની મુસાફરી' નામે કરેલો અનુવાદ ૧૯૬૪માં અને શ્રીકાંત ત્રિવેદીએ પણ તે જ નામે કરેલો અનુવાદ ૧૯૬૫માં પ્રગટ થયેલો. આ અને આવી બીજી ૬૫ સાહસકથાઓ લખનાર ઝુલ વર્નનો જન્મ ૧૮૨૮ના ફેબ્રુઆરીની આઠમી તારીખે. 'ટ્વેન્ટી થાઉઝન્ડ લીગ્ઝ અન્ડર ધ સી' ફ્રેન્ચમાં પ્રગટ થઈ ૧૮૬૯માં. ડાયાબિટીસની લાંબી માંદગી ભોગવી ૧૯૦૫ની ૨૪મી માર્ચે બપોરે ૩ ને ૧૦ મિનિટે ઝુલ વર્નનું અવસાન થયું.

●

૨૧. અજબ દેશની ગજબ મુસાફરી
એલિસ ઇન વન્ડરલેન્ડ / લૂઇ કેરોલ

ઇંગ્લૅન્ડના ઑક્સફર્ડ વિસ્તારમાંથી પસાર થતી થેમ્સ નદીનાં પાણી પર એક હોડી તરી રહી છે. એ હોડીમાં પાંચ જણ બેઠાં છે. એલિસ નામની દસ વર્ષની છોકરી. તેની તેર વર્ષની ઉમ્મરની મોટી બહેન લોરીના, નાની બહેન એડિથ, ઉમ્મર વર્ષ આઠ. ચાર્લ્સ લુટવિજ ડોડસન, ઉમ્મર વર્ષ ત્રીસ અને તેના મિત્ર રેવરન્ડ કેનન ડકવર્થ. હોડીની એકધારી મુસાફરીથી કંટાળેલી એલિસે ડોડસનને કહ્યું : 'વાર્તા કહોને !' અને ડોડસને એક વાર્તા માંડી. એ દિવસ તે શુક્રવાર જુલાઈ ૪, ૧૮૬૨. અને માત્ર અંગ્રેજી સાહિત્યની જ નહીં, પણ દુનિયા આખીના બાળસાહિત્યની એક અમર કૃતિનો તે દિવસે જન્મ થયો. એ કૃતિ તે 'એલિસિઝ ઍડ્વેન્ચર્સ ઈન વન્ડરલૅન્ડ' અથવા જે ટૂંકા નામે તે વધુ જાણીતી છે તે 'એલિસ ઈન વન્ડરલૅન્ડ.'

એલિસ અને તેની નાની બહેન એક દિવસ વાતો કરતાં બેઠાં છે. એવામાં એલિસની નજરે પડે છે એક સરસ મજાનું સફેદ સસલું. નવાઈની વાત એ છે કે આ સસલા પાસે એક ખિસ્સા ઘડિયાળ - પૉકેટ વૉચ પણ છે ! અને એલિસ પેલા સસલાભાઈનો પીછો પકડે છે. એલિસને પાછળ આવતી જોઈને સસલાભાઈ તો પોતાના દરમાં પેસી જાય છે, પણ એલિસ તો સસલાની પાછળ પાછળ તેના દરમાં દાખલ થાય છે. દાખલ થતાંવેંત એલિસ તો દરમાં નીચે ને નીચે ઊતરતી જાય છે. ખબર નહીં, ધરતીના પેટાળમાં કેટલું ઊંડું ઊતરી ગઈ હશે એ. પણ છેવટે તે એક વિશાળ ખંડમાં આવી પહોંચે છે. ખંડની ચારે દીવાલોમાં અસંખ્ય બારણાં છે. કોઈ નાનાં તો કોઈ મોટાં, કોઈ સાદાં તો કોઈ નકશી ભરેલી કમાનોવાળાં. પેલા વિશાળ ખંડમાં એક ટેબલ અને એ ટેબલ પર પડેલી એક ચાવી. એ ચાવી લઈને એલિસ એક નાનકડું બારણું ખોલે છે અને સામે જુએ છે તો સુંદર મજાનો બગીચો. એલિસને મન થાય છે એ બગીચામાં જવાનું. પણ પેલું બારણું એટલું તો નાનું છે કે એલિસ તેમાંથી

પસાર થઈને બગીચામાં જઈ શકે તેમ નથી. પણ ત્યાં તેની નજર એક ગ્લાસમાંના પીણા પર અને તેની બાજુમાં મૂકેલા કેક પર પડે છે. એલિસ એક ઘૂંટડો પીણું પીએ છે અને તે મોટી ને મોટી થતી જાય છે, કેકનો ટુકડો ખાય છે ને નાની ને નાની થતી જાય છે. પણ તે કાં બહુ મોટી બની જાય છે, કાં બહુ નાની. વારાફરતી તે પીણું પીએ છે ને કેક ખાય છે પણ દર વખતે એની એ જ રામાયણ ! કાં બહુ મોટી, કાં બહુ નાની. અને ત્યાં તો નાનકડી બનેલી એલિસ એક તળાવમાં પડી જાય છે. હકીકતમાં એ તળાવ નહોતું પણ વિરાટકાય બનેલી એલિસનાં આંસુનું ખાબોચિયું હતું ! નાનકડી એલિસ માંડ માંડ તરીને તળાવને કાંઠે પહોંચે છે. તેને સહીસલામત કાંઠે પહોંચાડવામાં એક ઉંદર અને બીજાં કેટલાંક નાનાં પ્રાણીઓ મદદ કરે છે, પણ અણસમજુ એલિસ પોતાની બિલાડીની બહાદુરીની વાતો કરી એ બધાંને ભગાડી મૂકે છે. પછી તે એકલી જંગલમાં જાય છે ત્યારે તેને એક સફેદ સસલું મળે છે. સસલું ભૂલમાં ને ભૂલમાં એલિસને પોતાની નોકરાણી માની લે છે અને ઘરે જઈને કેટલીક વસ્તુઓ લઈ આવવા એલિસને હુકમ કરે છે. સસલાભાઈના ઘરમાં ગયા પછી એલિસ પેલા જાદુઈ પીણાના બે-ચાર ઘૂંટડા પી જાય છે અને એટલી મોટી બની જાય છે કે બારણામાંથી બહાર નીકળી શકે તેમ નથી. ફરી કેકનો ટુકડો, ફરી નાની બની જાય છે એલિસ. ફરી જંગલમાં આવે છે ત્યારે બિલાડીના ટોપ પર બેઠેલા એક તીતીઘોડાનો તેને મેળાપ થાય છે. આ તીતીઘોડો એલિસને કેટલીક ઉપયોગી શિખામણ આપે છે અને પછી આપે છે બિલાડીના ટોપનાં બે અડધિયાં. કહે છે કે એક અડધિયાથી તું ઊંચી ને ઊંચી થતી જઈશ. બીજા અડધિયાથી ઠીંગણી ને ઠીંગણી. આ રીતે પહેલાં એલિસ ખૂબ ઊંચી તાડ જેવી થઈ જાય છે. એનું માથું છેક ઝાડની ડાળો સુધી પહોંચે છે. ડાળ પર એક માળામાં કબૂતર બેઠું છે. પણ પેલું કબૂતર એલિસને સાપ માની લે છે. એલિસ તેને સમજાવવાને ઘણો પ્રયત્ન કરે છે પણ કબૂતર તો એક જ રટણ કરે છે, અબઘડી અહીંથી જા, જા, ને જા.

હવે એલિસ ફરી પોતાની સામાન્ય ઊંચાઈની બનીને જંગલમાં આગળ વધે છે. જંગલની વચમાં થોડી ખુલ્લી જગ્યામાં એક નાનકડું ઘર છે. એલિસ હવે ઠિંગુજી બની જાય છે. જેથી એ નાનકડા ઘરના નાનકડા બારણામાં થઈને દાખલ થઈ શકે. એ ઘર તો છે એક ઉમરાવની બીબીનું. એલિસ પહોંચે છે ત્યારે ઉમરાવજાન અને તેના રસોઈયા વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે. ઝઘડો એટલો તો ઉગ્ર છે કે ઉમરાવજાનના ખોળામાં રહેલું

તેનું બાળક ભેંકડો તાણીને રડી રહ્યું છે તે તરફ પણ માનું ધ્યાન નથી. એલિસ પેલા રડતા બાળકને હળવેકથી ઉપાડી લે છે પણ એ જ ઘડીએ બાળક તો નાનકડું ડુક્કર બની જાય છે અને એલિસના હાથમાંથી છટકીને જંગલમાં દોડી જાય છે ! પછી ઉમરાવજાનના ઘરમાં બેઠેલા એક રાની બિલાડા સાથે એલિસનો મેળાપ થાય છે. બિલાડો એલિસને જંગલમાંથી બહાર નીકળવાનો રસ્તો બતાવે છે પણ સાથોસાથ તેને ચેતવે છે કે હવે પછી તું જેમને મળીશ તે બધા ગાંડા હશે !

અને એલિસ પહોંચે છે એક સસલાના ઘરમાં. ત્યાં મિજબાની ચાલી રહી છે, પણ હાજર રહેલા બધા જ છે ગાંડા! એ બધાને માટે સાંજે છ વાગ્યે ઘડિયાળ બંધ પડી ગઈ છે. અને છ વાગ્યાનો ટાઇમ એટલે મિજબાનીનો ટાઇમ. એટલે એ ઘરમાં બસ, અખંડ મિજબાની જ ચાલ્યા કરે છે ! બધાં ખાય-પીએ છે, શોરબકોર કરે છે, ક્યારેક ઝઘડી પણ પડે છે. થોડી વાર પછી એલિસ ત્યાંથી ચાલતી પકડે છે. પછી એક ઝાડ જુએ છે. ઝાડના થડમાં એક નાનું બારણું. બારણું ખોલીને અંદર જુએ છે તો એલિસને દેખાય છે પેલો અસંખ્ય બારણાંવાળો વિશાળ ખંડ, જે તેણે સૌથી પહેલાં જોયેલો. હવે આ વખતે તે પેલા સુંદર મજાના બગીચામાં પણ કશી અડચણ વગર પ્રવેશી શકે છે. એ બગીચો તો હતો લાલની રાણીનો. ત્યાં ત્રણ માળી બાગમાંનાં સફેદ ગુલાબને રાતા રંગે ઝડપભેર રંગી રહ્યા છે. કારણ જો લાલની રાણીને ખબર પડી જાય કે તેના બાગમાં સફેદ ગુલાબ ઊગ્યાં છે તો માળીઓનું આવી બને ! પણ રાણીના કોપથી એલિસ પેલા ત્રણને બચાવી લે છે. પછી લાલના ગુલાબ પર ખોટો આરોપ મૂકી તેના પર ખટલો ચાલતો હોય છે ત્યાં જઈ તેને બચાવવા પ્રયત્ન કરે છે. પણ લાલનાં બધાં પત્તાં ભેગાં થઈ એલિસ પર હુમલો કરે છે અને એ જ ક્ષણે એલિસની આંખ ખૂલી જાય છે. આ આખો પ્રવાસ તો એક સપનું હતું. અને અજાયબ સપના જેવી જ છે આ કથાના લેખન અને લેખકની વાતો પણ. ચાર્લ્સ લુટવિજ ડોડસન નામના લેખકનું ‘લૂઇ કેરોલ’ તે પેનનેઇમ કહેતાં ઉપનામ, કહેતાં તખલ્લુસ.

ડોડસન ઉર્ફે કેરોલનો જન્મ ૧૮૩૨ના જાન્યુઆરીની ૨૭મીએ ચેશાયરમાં. પાદરી ચાર્લ્સ ડોડસનનો તે સૌથી મોટો દીકરો. કુલ સાત બહેનો અને ત્રણ ભાઈ ! નાનપણથી જ પોતાના ભાઈ-બહેનોને વાર્તા કહેવાનો ડોડસનને શોખ. બાર વર્ષની ઉમ્મરે રિચમન્ડ સ્કૂલમાં ભણવા ગયો. ૧૮૫૦માં ઑક્સફર્ડની ક્રાઇસ્ટ ચર્ચમાંથી મૅટ્રિક્યુલેટ થઈ તેની

કૉલેજમાં વધુ અભ્યાસ માટે જોડાયો. ૧૮૫૪માં ગણિતના વિષય સાથે પહેલા વર્ગમાં ગ્રૅજયુએટ થયો અને એક વર્ષ પછી તે જ કૉલેજમાં ગણિતના લેક્ચરર તરીકે જોડાયો. પૂરાં ૪૭ વર્ષ સુધી તે આ જ નોકરીને વળગી રહ્યો. ૧૮૬૧માં તે ક્રાઈસ્ટ ચર્ચમાં ડેકોન બન્યો. તે વખતે ક્રાઈસ્ટ ચર્ચમાં નિયમ એવો હતો કે ડેકોન બનનારે થોડા વખતમાં પ્રિસ્ટ બનવું પડે. જો ન બને તો નોકરી ગુમાવે. પણ ડોડસન આખી જિંદગી ડેકોન જ રહ્યો, ક્યારેય પાદરી બન્યો જ નહીં અને છતાં કોણ જાણે કેમ તેણે નોકરી ગુમાવવાનો વારો ક્યારેય ન આવ્યો. અલબત્ત, ડોડસને ક્યારેય લગ્ન પણ ન કર્યાં. ડોડસનનો પહેલો પ્રેમ ગણિત. બાળકો અને મોટાં માટે ગણિતનાં પુસ્તકો પણ લખ્યાં. કવિતા પણ લખતો. નાટક અને ઓપેરાનો પણ શોખીન - એ જમાનામાં ક્રાઈસ્ટ ચર્ચ નાટક-ચેટકનું વિરોધી હોવા છતાં ! બોલતી વખતે તેની જીભ તોતડાતી એટલે તેને લોકોમાં ભળવું બહુ ગમતું નહીં. છતાં કહેવાય છે કે બાળકોને વાતો કહેતી વખતે તેની જીભ તોતડાતી નહીં અને બાળકો - ખાસ કરીને છોકરીઓને વાર્તા કહેવામાં ડોડસનને ખૂબ આનંદ આવતો. વળી ડોડસનનો શારીરિક દેખાવ પણ બેડોળ હતો. તેની એક આંખ જરા ઊંચી અને બીજી જરા નીચી હતી, બન્ને સીધી રેખામાં નહોતી. તેવી જ રીતે તેનો એક ખભો પણ ઊંચો અને બીજો નીચો હતો. એ હસતો ત્યારે તેના હોઠ પણ વાંકા થઈ જતા. તે એક કાને બહેરો હતો અને આખી જિંદગી અનિદ્રાના રોગથી પીડાતો રહ્યો. ડોડસન દિવસમાં એક જ વાર ખાતો એટલે શરીરે ઘણો પાતળો હતો, પણ હતો લગભગ છ ફૂટ ઊંચો. ક્રિકેટ, બિલિયર્ડ્ઝ, ચેસ, પત્તાંની રમતો વગેરેનો તેને શોખ હતો. તે નિયમિત ડાયરી લખતો અને ઢગલાબંધ પત્રો લખતો અને મેળવતો. ૧૮૬૧ થી ૧૮૯૮ સુધીમાં તેણે જેટલા કાગળો લખ્યા તેની નકલ તેણે એક રજિસ્ટરમાં કરેલી. એ પત્રોની કુલ સંખ્યા હતી ૯૮, ૭૨૧!

ડોડસનને ફોટોગ્રાફીનો પણ શોખ હતો. અલબત્ત, એ વખતે ફોટોગ્રાફીની હજી શરૂઆત થઈ હતી. ઍપ્રિલ ૩૦, ૧૮૫૬ના દિવસે ડોડસને તેનો પહેલો કેમેરા ખરીદ્યો. ડોડસનને નાની, આઠ-દસ વર્ષની છોકરીઓના નિર્વસ્ત્ર સ્થિતિમાં ફોટો પાડવાનો શોખ હતો. આજે આપણને આ વાત વિચિત્ર લાગે, પણ એ વિકટોરિયન યુગમાં ઘણા ચિત્રકારો પણ નાની નિર્વસ્ત્ર છોકરીઓનો મોડેલ તરીકે ઉપયોગ કરતા. વળી મા-બાપની પરવાનગી મેળવ્યા પછી જ ડોડસન આ રીતના ફોટા

પાડતો. પોતાના મૃત્યુ પહેલાં ડોડસને આવા બધા ફોટા કાં તો જે તે છોકરીનાં માબાપને આપ્યા હતા, કાં બાળી નાખ્યા હતા. એટલે ડોડસને પાડેલા આવા કોઈ ફોટા આજે મળવા મુશ્કેલ છે. એલિસ ઇન વન્ડરલૅન્ડને મળેલી સફળતાથી પ્રેરાઈને ડોડસને તેના અનુસંધાનમાં 'થ્રૂ ધ લૂકિંગ ગ્લાસ!' નામની કથા લખી જે ૧૮૭૧માં પ્રગટ થઈ અને તરત તેને પણ સારી એવી સફળતા મળી. ૧૮૯૮ના જાન્યુઆરીની ૧૪મી તારીખે ડોડસનનું અવસાન થયું.

લૂઈ કેરોલ ઉર્ફે ડોડસનની પ્રેરણામૂર્તિ બનેલી છોકરી એલિસ લિડલનો જન્મ ૧૮૫૨ના મેની ચોથી તારીખે થયો હતો. તેના પિતા હેન્રી લિડલ ૧૮૫૫માં ક્રાઈસ્ટ કૉલેજના ડીન તરીકે નિમાયા. એક ટ્રેનની મુસાફરી દરમિયાન ડોડસન લિડલ કુટુંબના પરિચયમાં આવ્યો, પણ એલિસ લિડલને તે પહેલીવાર મળ્યો ૧૮૫૬ના ઍપ્રિલની ૨૫મી તારીખે. ત્રીજી જૂને ડોડસને એલિસ અને તેની બહેનોના પહેલીવાર ફોટા પાડ્યા. ત્યારથી એલિસ અને તેની બહેનો લોરિના અને એડિથ અવારનવાર ડોડસનને મળતાં. પણ પછી કોઈક કારણસર એલિસનાં માતાપિતા સાથેના ડોડસનના સંબંધો કથળ્યા અને ડોડસન અને એલિસનું મળવાનું ઘણું ઓછું થઈ ગયું. પણ પછી એક વાર એલિસને નોકરાણી પાસે મૂકીને મા-બાપ બહારગામ ગયાં ત્યારે ડોડસન અને એલિસ ફરી મળવા લાગ્યાં અને એલિસનાં મા-બાપ પાછાં ફર્યાં તે પછી પણ તેમનું મળવાનું ચાલુ રહ્યું. પણ થોડા વખત પછી ફરી સંબંધો વણસ્યાં. ૧૮૬૩ પછી બન્ને ભાગ્યે જ મળતાં. એલિસ વીસ વર્ષની હતી ત્યારે રાણી વિક્ટોરિયાનો સૌથી નાનો પુત્ર પ્રિન્સ લિયોપોલ્ડ ક્રાઈસ્ટ કૉલેજમાં ભણવા માટે દાખલ થયો. ચાર વર્ષના અભ્યાસ દરમિયાન એલિસ અને લિયોપોલ્ડ વચ્ચે પ્રેમ પાંગર્યો, પણ રાણી વિક્ટોરિયાએ લગ્નની મંજૂરી ન આપી. પછી બીજા એક સહાધ્યાયી રેજિનાલ્ડ હારગ્રિવ્ઝ સાથે ૧૮૮૦ના સપ્ટેમ્બરની ૧૫મીએ એલિસે લગ્ન કર્યાં. એ લગ્ન વખતે ડોડસન ગામમાં જ હતો પણ તેણે લગ્નમાં હાજરી આપી નહોતી. પણ કોઈની સાથે એલિસને લગ્નની ભેટ મોકલાવી દીધેલી. એલિસે પોતાના પહેલા દીકરાનું નામ પ્રેમી રાજકુંવરની યાદમાં લિયોપોલ્ડ પાડેલું અને પ્રિન્સે પોતાની એક દીકરીનું નામ એલિસ પાડેલું! ૧૯૨૮માં એલિસના પતિનું મૃત્યુ થયું તે પછી એલિસની આર્થિક સ્થિતિ નબળી થતાં તેણે 'એલિસિઝ ઍડવેન્ચર્સ અન્ડર ગ્રાઉન્ડ' (કથાનું મૂળ

નામ આ હતું)ની ડોડસને ભેટ આપેલી હસ્તપ્રત ૧૫,૪૦૦ પાઉન્ડમાં એલ્ડરિજ જોનસન નામના અમેરિકનને વેચી નાખી. ડોડસનના અમેરિકન ચાહકોએ જોનસનના મૃત્યુ પછી તે હસ્તપ્રત ખરીદીને બ્રિટિશ પ્રજાને ભેટ આપી હતી. આજે એ હસ્તપ્રત બ્રિટિશ લાઈબ્રેરીમાં છે. ૧૯૩૨માં ડોડસનની જન્મશતાબ્દી નિમિત્તે કોલંબિયા યુનિવર્સિટીના આમંત્રણથી ૮૦ વર્ષની એલિસ ન્યૂ યૉર્ક ગઈ હતી જ્યાં તેણે કેટલાક ભાષણોમાં ડોડસનની ભારોભાર પ્રશંસા કરેલી. કોલંબિયા યુનિવર્સિટીએ એલિસને માનદ્ ઉપાધિ પણ આપેલી. ૧૯૩૪ના નવેમ્બરમાં ૮૨ વર્ષની વયે એલિસનું મૃત્યુ થયું. એલિસ અને ડોડસન વચ્ચેના સંબંધના સ્વરૂપ અંગે અનેક અટકળો થઈ છે. ડોડસનના બીજા હજારો પત્રો સચવાયા છે પણ એલિસ પરનો એકે પત્ર સચવાયો નથી અને જે વર્ષો દરમિયાન બન્ને નિકટ હતાં એ વર્ષોનાં પાનાં પણ ડોડસનની ડાયરીમાંથી કોઈએ ફાડી નાંખ્યાં છે.

૧૮૬૨ના જુલાઈની ચોથીએ ડોડસને એલિસ લિડેલને વાર્તા કરી તે પછી બરાબર ત્રણ વર્ષે - ૧૮૬૫ના જુલાઈની ચોથીએ મૅક્મિલન કંપનીએ એલિસ ઇન વન્ડરલૅન્ડ પહેલીવાર પ્રગટ કરી. તેનું નામ ડોડસને પોતે જ બદલ્યું હતું. તેના ચિત્રો કરનાર સર જૉન ટેનિયલે ક્યારેય એલિસ લિડલને જોઈ નહોતી એટલે તેણે ચિત્રો માટે મૉડેલ તરીકે મેરી હિલ્ટન બેડકોક નામની બીજી એક છોકરીને રાખેલી. બે હજાર નકલની પહેલી આવૃત્તિમાંનાં ચિત્રોના છાપકામ અંગે ટેનિયલના અસંતોષને કારણે પ્રકાશકે તે આવૃત્તિ પાછી ખેંચી લીધી હતી અને સુધારેલી પહેલી આવૃત્તિ ૧૮૬૫ના નવેમ્બરમાં પ્રગટ કરી હતી. મૂળ કથા એલિસિઝ ઍડ્વેન્ચર્સ અન્ડર ગ્રાઉન્ડની પોતે એલિસ લિડલને ભેટ આપેલી હસ્તપ્રત તેની પાસેથી મેળવીને ડોડસને ૧૮૮૬ના ડિસેમ્બરની ૨૨મીએ તેની પ્રતિરૂપ આવૃત્તિ પ્રગટ કરી હતી. તેમાંનાં ચિત્રો ડોડસને પોતે દોરેલાં હતાં. છપાયા પછી મૂળ હસ્તપ્રત એલિસને પાછી મોકલાઈ હતી. પાંચ વર્ષની મહેનત અને ત્રીસ લાખ ડૉલરના ખર્ચે વોલ્ટ ડિઝનીએ એલિસ ઇન વન્ડરલૅન્ડ ફિલ્મ બનાવી હતી પણ ૧૯૫૧માં તે રજૂ થઈ ત્યારે તેને ધારી સફળતા મળી નહોતી. આજ સુધીમાં ૧૨૫ ભાષામાં આ પુસ્તકનો અનુવાદ થયો છે. પિતાંબરદાસ રા. ભારદ્વાજે 'લીલી અજાયબ દેશમાં' નામે કરેલો તેનો ગુજરાતી અનુવાદ ૧૯૪૭માં પ્રગટ થયો હતો.

•

૨૨. ગુનો અને સજા
ક્રાઈમ ઍન્ડ પનિશમેન્ટ / દોસ્તોએવ્સ્કી

બાવીસમી ડિસેમ્બરની સવારે કડકડતી ઠંડીમાં બાવીસ યુવાનો માત્ર ખમીસ પહેરીને સિમેનોસ્કી સ્ક્વેરમાં ઊભા છે. ઠંડીથી ઠૂંઠવાતા હોવા જોઈએ આમ તો બાવીસ જણ. પણ ના. દરેકની પીઠ પર પરસેવાનો રેલો ઊતરી રહ્યો છે. એક ભૂખરા રંગની ઊંચી દિવાલ સામે મોં રાખીને બધાને ઊભા રાખ્યા છે. દરેક યુવાનના હાથ પીઠ પાછળ બાંધેલા છે. પોતાની પીઠ પાછળ જોઈ શકતા નથી તેઓ, પણ તેમને ખબર છે કે તેમની પીઠ પાછળ થોડે દૂર બાવીસ સૈનિકો હાથમાંની બંદૂક તાકીને ઊભા છે. બસ, એક હુકમની વાર છે. એ હુકમ છૂટશે ને બાવીસ યુવાનોનાં ઢીમ ઢળી પડશે. ત્યાં તો હુકમ છૂટે છે, પણ જેની રાહ જોવાતી હતી તે નહીં. હુકમ તો એ છે કે રાજાજીએ દયા આણીને આ બધા જ યુવાનોની દેહાંતદંડની સજા માફ કરી છે અને તેને બદલે તેમને સાઈબિરિયામાં આજીવન કારાવાસની સજા કરી છે. એ સાલ હતી ૧૮૪૯ની અને સ્થળ હતું રશિયાનું પીટર્સબર્ગ શહેર. અને પેલા બાવીસ યુવાનોમાંનો એક હતો ૧૮૨૧ના ઑક્ટોબરની ૩૦મીએ મોસ્કોમાં જન્મેલ ફયોદોર મિખાઈલોવિચ દોસ્તોએવ્સ્કી. મોતના મોંમાં જઈને પાછો આવ્યો, પણ એ ઘટનાની અને તે પછી સાઈબિરિયામાં ગાળેલાં આઠ વર્ષની હાડમારીની અસર તેમના જીવન અને લેખન પર હંમેશને માટે રહી ગઈ. ગુનો અને ગુનેગાર, કેદ અને સજા, યાતના અને અપમાન આ બધાંની વાતો વણાઈ ગઈ તેની નવલકથા 'ક્રાઈમ ઍન્ડ પનિશમૅન્ટ'માં. દુનિયાની મહાન નવલકથાઓમાં જેની ગણના થાય છે તેવી આ નવલકથા પોતા પરનું દેવું ચૂકવવા માટે પ્રકાશક પાસેથી ઝટઝટ પૈસા મળે એ વિચારે દોસ્તોએવ્સ્કીએ ઝપાટાભેર ઘસડી નાખી હતી, પણ ૧૮૬૬માં રશિયન ભાષામાં તે પહેલીવાર પ્રગટ થઈ ત્યારથી તેના લેખકને દુનિયાના અગ્રગણ્ય નવલકથાકારોમાં સ્થાન મળી ગયું. એવું તે શું છે એ ક્રાઈમ ઍન્ડ પનિશમૅન્ટમાં ? આમ તો 'ખૂની ખંજર'

કે 'છાને પગલે આવ્યું મોત' કે 'કારાગારમાં' જેવી કોઈ રહસ્યકથાનું હોય તેવું આ નવલકથાનું વસ્તુ છે. પણ માણસના મનનાં ઊંડાણોને, એ ઊંડાણોમાંનાં સંચલનોને, કર્મ અને તેના ફળ વિશેના વિચારોને દોસ્તોએવ્સ્કીએ અહીં જે રીતે આલેખ્યાં છે તેમાં વસી છે આ નવલકથાની વશેકાઈ. આથી જ કેટલાકે તો દોસ્તોએવ્સ્કીને પહેલા આધુનિક નવલકથાકાર તરીકે ઓળખાવ્યો છે.

૧૮૬૦ના અરસાના પીટર્સબર્ગમાં રહેતો એક ગરીબ વિદ્યાર્થી, નામ રોડિયન, પૈસાના અભાવે કાયદાનો અભ્યાસ અધૂરો મૂક્યો છે. જાતજાતના વિચારો ઘોળાય છે એના મનમાં. માણસો બે જાતના હોય છે – સામાન્ય અને અસામાન્ય. કાયદા-કાનૂન, નીતિ-અનીતિના નિયમો છે માત્ર સામાન્ય માણસો માટે, આમ જનતા માટે; પણ જે અસામાન્ય છે તેને એ બધા નિયમો લાગુ પડતા નથી. એ લોકો તો પોતાના નિયમો પોતે ઘડે છે. પણ તો પછી પોતે સામાન્ય માણસ છે કે અસામાન્ય ? ખબર કેમ પડે! કાયદાનો ભંગ કરી જોવાથી. ગામના લોકો જેને ધિક્કારતા હતા તેવી ધીરધારનો ધંધો કરતી અલોન્યાનું ખૂન કરવાનું નક્કી કરે છે. વિચારે છે, એક પંથ ને દો કાજ થશે અલોન્યાનું ખૂન કરવાથી. દેશના કાયદાનો ભંગ કરવાથી ખબર પડશે કે પોતે સામાન્ય છે કે અસામાન્ય, અને ખૂન કર્યા પછી એની દોલત હાથવગી થઈ જશે એટલે ગરીબી પણ દૂર થઈ જશે. સંજોગવશાત એકને બદલે બે ખૂન કરી બેસે છે અને ગભરાઈને ભાગતાં દોલત લૂંટવાનું તો ભૂલી જ જાય છે ! સિવાય કે થોડાંક મામૂલી ઘરેણાં.

ગુનો ભલે એક વ્યક્તિ કરે, તેની અસર તો બીજા અનેકને થાય છે: રોડિયનની મા, બહેન, મિત્રો સોનિયા રાઝુમિહિન. ખૂનના પુરાવા સગેવગે કરે છે અને થોડાં ઘરેણાં સંતાડે છે ત્યાં સુધીમાં રોડિયન ગુનાના ભાર વડે મનથી ભાંગી પડે છે. તેણે ઉધાર લીધેલા પૈસા પાછા ચૂકવ્યા નહોતા તે અંગેની એક ફરિયાદ અંગે પૂછપરછ કરવા રોડિયનને પોલીસ સ્ટેશને બોલાવાય છે ત્યારે તો તે બેભાન થઈને માંદો પડી જાય છે. પછી સામે ચાલીને એવી ભૂલો કરે છે કે જેથી પેલી બે બાઈઓના ખૂન અંગે પોલીસને રોડિયન પર શંકા આવવા લાગે છે. બહેન દોનિયાનાં લગ્ન વખતે રોડિયન તેના ભાવિ પતિ સાથે ઝઘડો કરે છે એટલે દોનિયા ભાઈને જાકારો દે છે. કોઈ બહાને રોડિયન ફરી પોલીસ સ્ટેશનમાં પહોંચી જાય છે. ઉલટતપાસ દરમિયાન ખૂનના આરોપસર પોલીસ ઑફિસર તેની

ધરપકડ કરવાનો વિચાર કરતો હોય છે. તે જ વખતે એક રંગારો આવીને કબૂલ કરે છે કે અલોન્યાનું ખૂન મેં કરેલું ! પરિણામે એક બાજુથી રોડિયનને હાશકારો થાય છે, પણ બીજી બાજુથી ગુનાનો ઍકરાર કરવાની તેની ઇચ્છા અતિશય પ્રબળ બને છે. પોતાની મિત્ર સોનિયા સમક્ષ તે ગુનાની કબૂલાત કરે છે. ગુનાની સજા ભોગવીને પ્રાયશ્ચિત કરવાની સલાહ ધર્મશ્રદ્ધાળુ સોનિયા આપે છે. પોલીસ ઑફિસર પણ કહે છે કે પેલો રંગારો હકીકતમાં નિર્દોષ છે, પણ તેણે બીજાનો ગુનો પોતાને માથે ઓઢી લીધો છે. કારણ કે માને છે કે સહન કરવાથી જ દુનિયામાં દુઃખ દૂર થઈ જશે. જેમ જિસસે દુનિયાનાં પાપ ધોવા જાતે સહન કર્યું તેમ રંગારો પણ જાતે સહન કરવા માગે છે અને તેથી ગુનો માથે ઓઢી લીધો છે.

રોડિયનની બહેન દોનિયાનો એક નિષ્ફળ પ્રેમી સ્વિદ્રીગાલોવ સોનિયાની પડોશમાં જ રહેતો હતો અને સોનિયા - રોડિયન - પોલીસ ઑફિસર વચ્ચેની વાત તે સાંભળી જાય છે. દોનિયા તેના પ્રેમીને છોડીને પોતાને પરણે એ માટે પેલો નિષ્ફળ પ્રેમી રોડિયનને બ્લૅકમેલ કરવાનો પ્રયત્ન કરે છે. તું ખૂની છે એ વાત હું જાહેર કરી દઈશ. બચવું હોય તો તારી બહેનને મારી સાથે પરણવા સમજાવ. તો આ દેશમાંથી ભાગી છૂટવામાં હું તને મદદ કરીશ. પણ જો તારી બહેન મને નહી પરણે તો... બરાબર એ જ વખતે દોનિયા ત્યાં આવી પહોંચે છે અને થોડી બોલાચાલી પછી પેલા નિષ્ફળ પ્રેમી પર ગોળી છોડે છે. પેલાને ઇજા થાય છે, પણ હવે બીજી ગોળી છોડવાની હિમ્મત દોનિયામાં નથી. પણ ત્યાં તો દોનિયા પોતાને પરણવા ક્યારેય તૈયાર નહી થાય એની ખાતરી થતાં પેલો પ્રેમી દોનિયાના હાથમાંની પિસ્તોલ ઝૂંટવી લે છે અને આપઘાત કરે છે. બહારની કોઈ ધમકીને કારણે નહીં, પણ નૈતિક અને મનોવૈજ્ઞાનિક દબાણોને કારણે અંતે રોડિયન પોલીસ પાસે જઈ પોતાના ગુનાની કબૂલાત કરે છે. સજા રૂપે તેને સાઈબિરિયાની જેલમાં મોકલવામાં આવે છે. સોનિયા પણ તેની પાછળ પાછળ સાઈબિરીયા જાય છે - રોડિયન જેલમાંથી છૂટીને આવે તે દિવસની તે રાહ જોઈ રહે છે. ગુનાની સજા તો ભોગવી રહ્યો છે રોડિયન, પણ હવે છૂટીને જેલમાંથી બહાર આવશે ત્યારે સોનિયા જેવી ધર્મશ્રદ્ધાળુ સ્ત્રીના સાથમાં સાચા પ્રાશ્ચત્તાપનો પણ તેને અનુભવ થશે એમ માની શકાય.

●

૨૩. કથા ચાર ભાઈઓની
બ્રધર્સ કારામાઝોવ / દોસ્તોએવ્સ્કી

આ વાત છે ચાર ભાઈઓની. રશિયાના કારામાઝોવ કુટુંબના ચાર દીકરાના જીવનની. નવલકથાનું નામ બ્રધર્સ કારામાઝોવ. લેખક ફયોદોર(મિખાઈલોવિચ) દોસ્તોએવ્સ્કી. એણે લખેલી આ છેલ્લી નવલકથા. લાંબીલચક, અટપટા કથાનકવાળી. પોતાને જે કંઈ કહેવાનું હતું તે બધું જેમ આપણા ગોવર્ધનરામ ત્રિપાઠીએ તેમની નવલકથા સરસ્વતીચન્દ્રના ચોથા ભાગમાં કહી નાખ્યું, તેમ દોસ્તોએવ્સ્કીએ તેની આ છેલ્લી નવલકથામાં કહી નાખ્યું છે. એટલે કથા ઉપરાંત તેમાં વિચારો છે, ચર્ચાઓ છે, ધર્મની વાતો છે, ચિંતન છે. કારામાઝોવ કુટુંબના સભ્યોનું નિરૂપણ તેણે એવી રીતે કર્યું છે કે જેથી રશિયન જીવનનાં જુદાં જુદાં પાસાંઓને આવરી લેવાય. 'સરસ્વતીચન્દ્ર'ની જેમ 'બ્રધર્સ કારામાઝોવ' પણ ચાર ભાગમાં વિસ્તરી છે. એટલે તેની અટપટી કથા ટૂંકમાં કહેવાનું સહેલું નથી.

ખેતમજૂરોને વેઠ પ્રથામાંથી મુક્ત કરવામાં આવ્યા તે પછીના રશિયાનું એક નાનકડું ગામ. ગામમાં એક જમીનદાર. એનું નામ ફયોદોર પાવલોવિચ કારામાઝોવ. ઝનૂની, સ્ત્રી ભૂખ્યો, બેફામ રીતે વર્તનારો, મૂર્ખાઈભરી હરકતો કરનારો અને છતાં સભ્ય સમાજમાં સ્થાન ધરાવતો. પહેલી પત્ની તેને છોડીને જતી રહેલી. તેનાથી થયેલો દીકરો તે દિમિત્રી. નવલકથા શરૂ થાય છે ત્યારે તેની ઉમ્મર ૨૭ વર્ષ. બીજી પત્નીને ફયોદોરે ભારે ત્રાસ આપેલો. ત્રાસ વેઠતાં વેઠતાં મરી ગઈ બચાડી. પણ પાછળ બે છોકરા મૂકતી ગઈ. ૨૪ વર્ષનો ઇવાન અને ૨૦ વર્ષનો આલ્યોશા. ત્રણમાંથી એકે દીકરાના ઉછેર પાછળ ફયોદોરે ધ્યાન નહોતું આપ્યું. નોકરચાકર અને સંગાવહાલાંને ભરોસે જ ઊછરેલા. ગામની બીજી એક બાઈ સાથે પણ ફયોદોરને આડા સંબંધો. એ બાઈને પેટે જન્મેલ સ્મરડ્યાકોવ તે ચોથો દીકરો. પણ તેને ઘરમાં દીકરા તરીકે

રાખવાનું તો શક્ય નહીં. એટલે રસોઈયા તરીકે ઘરમાં રહેતો. દીકરાને મળે તેવાં માનમોભો તેને નહીં. ચારે છોકરા એકબીજાથી પણ સાવ જુદા રંગઢંગના. દિમિત્રી લશ્કરમાં કામ કરતો, પણ નાની ઉંમરમાં નોકરી છોડી. મોજશોખથી રહેવામાં માનનારો, બાપની જેમ. ઉડાઉ, બેફામ ખર્ચ કરનારો. એટલે કાયમ દેવામાં ડૂબેલો રહે. બાપ બડો ચાલાક. દીકરો દેવું કરતો જાય, બાપ ભરતો જાય. પણ સામે તેણે દિમિત્રીની પાસે લખાવી લીધેલું કે,'બાપની મિલકત પર મારો કોઈ દાવો નથી.' દિમિત્રીની મા ભાગી ગયેલી એનો બદલો આ રીતે લેવાશે એમ મન મનાવેલું ફયોડોરે. બીજો દીકરો ઇવાન ભણેલો-ગણેલો, ચતુર-સુજાણ, મોસ્કોમાં રહે. કુટુંબના રૂઢિવાદી ખ્રિસ્તીધર્મ (ઑર્થોડોક્સ ક્રિશ્ચયાનિટિ)માં તેને શ્રદ્ધા નહીં. બીજે ક્યાંય પણ શ્રદ્ધા બંધાયેલી નહીં. જ્યારે આલ્યોશા હતો ધર્મભીરુ, સાલસ, માયાળુ, તંદુરસ્ત, દેખાવડો. ગામના દેવળની પાઠશાળામાં ભણે, પાદરી થવાનાં સપનાં જુએ. સ્મરડ્યાકોવ સતત દુભાયેલો, અકળાયેલો, કારણ હતો તો એ ફયોડોરનો દીકરો, છતાં ઘરમાં બીજા ત્રણ ભાઈઓ શેઠ બનીને રહે અને પોતે નોકર તરીકેનાં અપમાન સહન કરવાં પડે! ખંધો, ક્યારેક ખુશામત કરે, ક્યારેક હડહડતું અપમાન. લેખક દોસ્તોએવ્સ્કીની જેમ જ વાઈના દર્દથી પીડાતો.

પાદરી થવા માટે દેવળની પાઠશાળામાં ભણતા આલ્યોશા પર પાદરી ઝોસીમાનો જબરો પ્રભાવ. ઝોસીમા એટલે ભગવાનનો જીવ, ભારે પવિત્ર માણસ. દીકરા સાથેના સંબંધો વણસેલા એટલે ફયોડોર કારામાઝોવને પણ થાય છે કે ફાધર ઝોસીમ વચ્ચે પડે ને કુટુંબના બધા સભ્યોને બે બોલ શીખામણના કહે તો ઘરનું ગાડું કદાચ પાટે ચડે. આલ્યોશાના મનમાં બીક ખરી કે આવું કરવા જતાં કાંક ઊંધું વેતરાશે અને કોક ફાધર ઝોસીમાનું અપમાન કરી નાખશે તો ? પણ બીજી બાજુ થાય છે કે ન કરે નારાયણ ને કદાચ ફાધરની સમજાવટ કામ કરી જાય તો! એટલે ઘરના બધા સાથે ફાધરની મુલાકાત ગોઠવે છે અને ન થવાનું થાય છે. ખુદ ફયોદોર કારામાઝોવ પોતે જ જંગલીની જેમ વર્તે છે, દીકરાઓ સાથે તુંતાં કરે છે, ફાધરનું અપમાન કરે છે. આલ્યોશાને તો થાય છે કે ધરતી મારગ આપે તો સમાઈ જાઉં. પણ ફાધર ઝોસીમા ખરેખરો ઈશુનો ચાકર. અપમાનો ગળી જાય છે. અને સૌની સાથે નમ્રતાથી વાત કરે છે. ફયોદોર અને ઇવાનને તે ટૂંકમાં, પણ જરૂરી સલાહ આપે છે. દિમિત્રીને કશું કહેતા નથી ફાધર, માત્ર જરા ઝૂકીને તેને નમન

કરે છે. પોતે આમ કેમ કર્યું તેનો પાછળથી ખુલાસો કરતાં ફાધર કહે છે, ‘કે ભવિષ્યમાં આ માણસને માથે દુઃખના ડુંગરા તૂટી પડવાના છે એ હું જોઈ શકું અને એટલે મેં તેનું નમીને અભિવાદનકરેલું., કારણ, ઑર્થોડૉક્સ ક્રિશ્ચિયન ચર્ચની માન્યતા એવી કે જે માણસ ઈશુની જેમ દુઃખ વેઠે તેનામાં ઈશ્વરનો અંશ હોય; પણ ફાધર સૌથી અઘરી વાત આલ્યોશાને કહે છે : ‘પાદરી થવાનાં સપનાં છોડી દે. સંસારમાં પાછો ફર. લોકોને અને ખાસ કરીને તારા ભાઈઓને તારી વધુ જરૂર છે.’

હવે આ બધું બને છે તે જ વખતે દિમિત્રી પ્રેમસંબંધોના અટપટા આટાપાટા રમી રહ્યો છે. લશ્કરમાં કામ કરતો હતો ત્યારે કૅટેરિના ઇવાનોવા પ્રત્યે તે આકર્ષાયેલો. લશ્કરી અમલદારીની એ દીકરી, ફૂટડી પણ અભિમાની. કૅટરિનાના કર્નલ બાપે લશ્કરના પૈસા ચાંઉ કરેલા. ભાંડો ફૂટી ગયેલો. પણ જો પૈસા પાછા આપી દે તો આખી વાત પર ઢાંકપિછોડો થઈ શકે તેમ હતું. ન આપે તો બદનામી, કદાચ હકાલપટ્ટી. પણ કર્નલસાહેબ પાસે પૈસા હતા નહીં. જે ખાધેલા તે તો ઉડાવી નાખેલા. દિમિત્રી તક ઝડપી લે છે. કહે છે કે તમારે ભરવાના પૈસા હું ભરી દઉં, પણ એક શરતે. બદલામાં તમારી દીકરી કૅટરિના મને પરણાવો. અગાઉ જ્યારે પોતે પ્રેમના પ્રસ્તાવ મૂકેલા ત્યારે અભિમાની કૅટેરિનાએ તે ઠુકરાવી દીધેલા તેનો બદલો લેવાની પણ નેમ. અને એ રીતે મનની માનેલીને પરણવા મળે તો એથી રૂડું શું ? ધારેલું નહીં દિમિત્રીએ કે કૅટરિના આવી વાત માનશે. પણ બાપની આબરૂ બચાવવા ખાતર તેણે હા પાડી દીધી : ‘મને મંજૂર છે આ વાત’. આ જોઈને દિમિત્રીમાં રહેલી સારમાણસાઈ સળવળી ઊઠે છે : ‘અરે, ભૂંડા ! તેં આ શું કર્યું ? વહુને આમ વેચાતી લેવાની હોય?’ એટલે કૅટેરિનાને ચાર હજાર રૂબલ્સ આપતાં કહે છે : ‘આ મારા તરફથી તને ભેટ. પેલી શરતબરતની વાત ફોક. તું તારા મનની માલિક.’ તો દિમિત્રીની આવી ઉદારતા જોઈ કૅટેરિનાનું હૈયું પણ પીગળે છે. ‘બચારો કેવો ભલો ને ઉદાર છે ! આવા માણસના પ્રેમના પ્રસ્તાવ ઠુકરાવીને મેં સારું નથી કર્યું. અને મનોમન તો હું એને ક્યાં ચાહતી નહોતી? પણ ના પાડવાથી મારું અભિમાન પોષાતું હતું એટલે ના પાડેલી. પણ હવે બસ, શરતના ભાગ તરીકે નહીં; ચાહું છું એને, માટે પરણવું જોઈએ’ અને કૅટેરિના અને દિમિત્રી અદરાય છે.

પણ માણસનું મન પણ ગજબનું છે. કશુંક ન હોય ત્યાં સુધી તેને ઉત્કટતાથી ઝંખે. પણ ઝંખેલું મળે પછી બીજા કશાકની પાછળ દોડવા

લાગે ! હજી તો કૅટેરિનાના વેવિશાળની મેંદી તેના હાથ પરથી સુકાઈ નથી ત્યાં જ દિમિત્રી આકર્ષાય છે ગ્રુશેંકા નામની છોકરી પ્રત્યે. સામસોનોવ નામના ઘરડા વેપારીને પનારે પડેલી એ વખાની મારી. હવે બન્યું એવું કે કૅટેરિનાએ ત્રણ હજાર રૂબલ્સ દિમિત્રીને આપ્યા, મોસ્કોમાં રહેતી બહેનને ટપાલથી મોકલવા; પણ પૈસા હાથમાં આવતાં ત્રણ દિવસમાં દિમિત્રીએ ગ્રુશેંકા સાથે મોજમજા કરવામાં તે ઉડાવી નાંખ્યા! દિમિત્રી હવે થઈ ગયો કડકાબાલૂસ. વળી ન રહ્યો ઘરનો, ન રહ્યો ઘાટનો. ત્રણ હજાર રૂબલ્સનું કૅટરિનાનું દેવું ભરપાઈ ન હરે ત્યાં સુધી તેનાથી છૂટો થઈ શકે નહીં. તો બીજી બાજુ ખાલી ખિસ્સાવાળાને પરણવા ગ્રુશેંકાય શેની રાજી થાય? એટલું જ નહીં, ગ્રુશેંકા માટેના પ્રેમમાં અચાનક એક બીજો હરીફ પણ ફૂટી નીકળ્યો. આ હરીફ તે બીજો કોઈ નહીં, પણ દિમિત્રીનો બાપ ફયોદોર પોતે! મોં માગ્યા પૈસા આપી, સામસોનોવ પાસેથી ગ્રુશેંકાને છોડાવી, તેને પરણવા તલપાપડ હતો ફયોદોર. આથી તો દિમિત્રીના મનમાં બળતામાં ઘી હોમાયું. જે મિલકતમાં વારસદાર તરીકે મારો ભાગ, એ જ મિલકતને જોરે મારો બાપ મારી પ્રિયતમાને પરણી જશે! પણ ત્યાં જ એક અણધારી વાત બની, જેથી દિમિત્રીને જરા 'હાશ' થઈ.

દિમિત્રી બરાબરનો સપડાયો છે. જેને તે ચાહે છે એ ગ્રુશેંકાને દિમિટ્રીનો બાપ પણ ચાહે છે ! બીજી બાજુ જેની સાથે વેવિશાળ થયાં છે તે કૅટેરિના અને ઇવાન વચ્ચે પ્રેમ પાંગરી રહ્યો છે. જો કે આ બન્નેના પ્રેમ અંગે તો દિમિત્રીને વાંધો નથી. બન્ને પરણે તો ટાઢે પાણીએ ખસ જાય, કૅટરિનામાંથી પોતે છૂટે એમ તેને થાય છે. એમાં હવે ઘરમાં નોકરની જેમ રહેતો, બદલાની આગથી ધૂંધવાતો પાવેલ ઇવાનની પડખે ચડે છે. બહુ ચાલાકી અને ખંધાઈપૂર્વક તે એક યોજના ઇવાન પાસે રજૂ કરે છે. પાવેલ કહે છે કે અત્યારે દિમિત્રીના મનની સ્થિતિ એવી છે કે એ કાંઈ પણ કરી બેસે. કાંઈ પણ એટલે ? કાંઈ પણ એટલે બાપનું ખૂન. ગ્રુશેંકાને મેળવવા માટે તે બાપનો જ કાંટો કાઢી નાખે અને આ કાંઈ પાવેલના ભેજાનો તરંગ નથી. ફયોદોરને પોતાને પણ આવી બીક છે જ, અને એટલે રોજ રાતે સૂતી વખતે તે ઓરડાનું બારણું અંદરથી સજ્જડ વાસીને જ સૂએ છે ! બારણા પર અમૂક ચોક્કસ પ્રકારના ટકોરા પડે ત્યારે બારણું ખોલે છે અને આવા ટકોરા મારે છે કોણ ? પાવેલ. પણ શા માટે? રોજ રાતે ફયોદોરને 'મળવા' ગ્રુશેંકા આવે ત્યારે એ આવી છે એવું

જણાવવા. ટકોરા અંગેની આ ખાનગી વાત માત્ર બે જ વ્યક્તિ જાણે છે- પાવેલ અને ફયોદોર પોતે. પણ બંને વચ્ચેનો આ ખાનગી સંકેત ખરેખર ખાનગી રહ્યો નથી, કારણ પાવેલે તે દિમિત્રીને જણાવી દીધો છે! એટલે કે દિમિત્રી ધારે ત્યારે સંકેત પ્રમાણેના ટકોરા મારી રાતે ફયોદોરના ઓરડામાં દાખલ થઈ શકે એમ છે. હવે પાવેલ કહે છે કે જ્યારે દિમિત્રી બાપને મારવાનો કાળો કામો કરવા ઓરડામાં જાય ત્યારે મને વાઈનો હુમલો આવ્યો છે એવો દેખાવ હું કરીશ જેથી કોઈને મારા પર વહેમ જાય નહીં. અને તે ઈવાનને કહે છે કે થોડા દહાડા માટે તું પરગામ ચાલ્યો જા, એટલે કોઈને તારા પર પણ શક જશે નહીં. આ કાવતરામાં ઈવાન ભળે તે માટે પાવેલ એને વારસાની બીક બતાવે છે. કહે છે કે જો ફયોદોર અને ગ્રુશેંકા પરણી ગયાં તો પછી ફયોદોરની મિલકતમાંથી તેના કોઈ દીકરાને રાતી પાઈ પણ નહીં મળે. કારણ પત્ની તરીકે ગ્રુશેંકા ફયોદોરની બધી મિલકતની વારસ બનશે. પણ જો લગ્ન પહેલાં જ ફયોદોર મરે, તો તેણે હજી વસિયાતનામું તો બનાવ્યું નથી, એટલે તેની બધી જ મિલકત દીકરાઓને સરખે ભાગે મળશે. પણ પાવેલની આ વાત સાંભળીને ઈવાન ધૂંઆપૂંઆ થઈ જાય છે એટલું જ નહીં, તરત જ મોસ્કો જતો રહે છે. દિમિત્રીને હાથે ફયોદોરનું ખૂન થાય તેમાં ઈવાન માટે એક કાંકરે બે પક્ષી મરે તેમ છે. ધારો કે ખૂન ન થયું, પણ બાપો માંદો થઈને મરી ગયો. તો તેના ત્રણે દીકરા વચ્ચે મિલકત સરખે ભાગે વહેંચાય. એટલે કે ઈવાનને મિલકતનો ત્રીજો ભાગ મળે. પણ જો દિમિત્રીને હાથે બાપાનું ખૂન થાય અને દિમિત્રી પકડાય, તો તેને આજીવન કેદની સજા થાય, તો પછી ઈવાનને મિલકતનો અડધો ભાગ મળે અને વળી કૅટેરિના સાથે પરણવા આડેનો અવરોધ દૂર થાય.

બીજી બીજુ દિમિત્રીનો જીવ ઉપરતળે થઈ રહ્યો છે. ગુસ્સો, હતાશા, ઉદ્વેગ તેને ઘેરી વળ્યાં છે. કૅટેરિના પાસેથી લીધેલા પૈસા ગમે તેમ કરીને તેને પાછા આપી દેવા જોઈએ. કારણ એ દેવું ઊભું હોય ત્યાં સુધી તેની સાથેનો છેડો ફાડી શકાય તેમ નથી. કાગડો - બાપ ફયોદોર - દહીંથરા જેવી ગ્રુશેંકાને ઉપાડી જાય તે પહેલાં પોતે તેને પરણી જવું હોય તો ગમે તેમ કરીને કૅટેરિના સાથેના બંધનમાંથી છૂટવું જ રહ્યું. એટલે પહેલાં તો પૈસા ઉછીના લેવા મથે છે દિમિત્રી, પણ તેમાં ગજ વાગતો નથી. રઘવાયો થઈને ગ્રુશેંકાના ઘેર દોડે છે તો ગ્રુશેંકા ઘરમાં નથી. દિમિત્રીને થાય છે, નક્કી બાપો ઉપાડી ગયો એને. ગ્રુશેંકાના ઘરમાં લોઢાનો એક મોટો દસ્તો

દિમિત્રીની નજરે પડે છે. લાગલો જ દસ્તો ઉપાડીને દિમિત્રી પહોંચે છે બાપને ઘરે. ઘરની બહારના બગીચામાં છુપાઈ જાય છે.પણ ફયોદોરનો એક જૂનો વફાદાર નોકર ગ્રીગોરી તેને જોઈ જાય છે. બંને વચ્ચે ઝપાઝપી થાય છે અને દિમિત્રી ગ્રીગોરીના માથામાં દસ્તાનો ઘા કરે છે. પછી લોહીથી ખરડાયેલા હાથે તે પાછો ગ્રુશેંકાને ઘરે દોડે છે. ત્યાં ખબર પડે છે કે ગ્રુશેંકા ફયોદોર પાસે નહીં, પણ તેના એક જૂના પ્રેમીને ત્યાં ગઈ છે. આ મસ્યાલોવિચ સાથે તેને પાંચ વર્ષ પહેલાં પ્રેમ થયેલો. પણ પછી બંને વચ્ચે ઝઘડો થયેલો. પેલો હતો ગામનો ઉતાર. કંઈક છોકરીઓને ફેરવતો. પણ હવે ગ્રુશેંકા ફરી તેના તરફ ઢળી હતી ! દિમિત્રી દોડે છે ગ્રુશેંકાને શોધવા. થોડે દૂર એક ગામડામાં તે ગ્રુશેંકા અને મસ્યાલોવિચને પકડી પાડે છે. પૈસાના લાલચુ એવા મસ્યાલોવિચને થોડા પૈસા આપીને દિમિત્રી ભગાડી મૂકે છે અને પછી ગ્રુશેંકા સાથે રંગરેલિયાં મનાવવા માંડે છે. નાચગાનનો મોટો સમારંભ કરી તેમાં આખા ગામના લોકોને આમંત્રે છે. અલબત્ત, આગળ જતાં આ વાત દિમિત્રી વિરુદ્ધનો એક સજ્જડ પુરાવો બની રહે છે. કારણ, તે તો હતો ફતનદેવાળિયો. તો પછી આવડી મોટી મિજબાની કરવા પૈસા આવ્યા ક્યાંથી ? મિજબાનીનો ખરેખરો રંગ જામ્યો છે ત્યાં જ ભંગ પડે છે. પોલીસ આવી પહોંચે છે અને દિમિત્રીને પકડીને લઈ જાય છે. પણ કાંઈ કારણ ? દિમિત્રીના બાપ ફયોદોરનું ખૂન થયું છે એટલું જ નહીં, ઘરમાંથી ત્રણ હજાર રૂબલ્સ પણ ચોરાયા છે.

પહેલાં પોલીસ ઊલટતપાસ કરે છે અને પછી દિમિત્રી પર કેસ ચાલે છે. ગ્રીગોરીની જુબાની પડે છે કે તેણે દસ્તા સાથે છુપાયેલા દિમિત્રીને જોયો હતો, બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી અને દિમિત્રીએ ગ્રીગોરીના માથામાં દસ્તાનો ઘા કર્યો હતો, તેમાં વળી મિજબાનીની વાત ભળે છે. જો દિમિત્રીએ ત્રણ હજાર રૂબલ્સ ચોર્યા ન હોય તો મિજબાની કરવાના પૈસા તેની પાસે આવ્યા ક્યાંથી ? પોતાના બચાવામાં દિમિત્રી કહે છે કે મેં કૅટેરિના પાસેથી જે ત્રણ હજાર રૂબલ્સ લીધેલા તે બધા કાંઈ વપરાઈ ગયા નહોતા. તેમાંથી જે બચેલા તે વાપરી મેં મિજબાની ગોઠવેલી. વળી તે કહે છે કે મારા બાપાનું ખૂન મેં નથી કર્યું. એક બાજુ અદાલતમાં કેસ ચાલી રહ્યો છે ત્યારે બીજી બાજુ ઇવાન અને પાવેલ વારંવાર મળતાં રહે છે. પાવેલ કહે છે કે ફયોદોરના ખૂનની યોજના મેં તમને કહેલી. મેં સૂચવ્યું એમ તમે પરગામ ચાલ્યા ગયા. એટલે એ યોજના અંગે તમારી સંમતિ છે એમ મેં માની લીધું. યોજનામાં ફરક માત્ર

એટલો થયો કે દિમિત્રી ફયોદોરનું ખૂન કરે તે પહેલાં મેં જ તેનું ખૂન કરી નાખ્યું ! પણ પાવેલના લોભને થોભ નથી. ફયોદોરનું ખૂન કર્યા પછી ચોરેલા ત્રણ હજાર રૂબલ્સ તો તેની પાસે છે જ. પણ હવે તે ઈવાનને બ્લૅકમેલ કરવા લાગે છે. મને મોટી બધી રકમ આપ, નહિતર તને ખૂનના આરોપમાં ફસાવી દઈશ ! પાવેલની ધમકી અને માગણીથી ત્રાસેલો ઈવાન બીજે દિવસે અદાલતમાં જઈને જુબાની આપે છે અને કહે છે કે ફયોદોરનું ખૂન દિમિત્રીએ નહીં, પણ પાવેલે કર્યું છે અને આવી કબૂલાત ખુદ પાવેલે જ કરી છે. પણ જુબાની આપતી વખતે ઈવાન એટલો ધૂંધવાયેલો, અકળાયેલો અને દુભાયેલો હતો કે તેના બોલવામાં ઠેકાણાં નહોતાં. આથી કોઈને તેની જુબાની પર ભરોસો પડતો નથી. છતાં અદાલતમાં જુબાની આપવા પાવેલને બોલાવે છે, પણ હવે તે શક્ય નથી; કારણ કે પાવેલે ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો છે.

કેસને અંતે અદાલત દિમિત્રીને ગુનેગાર ઠરાવી તેને સાઈબિરિયામાં જનમટીપની સજા કરે છે. ઈવાન અને કૅટેરિના દિમિત્રીને કહે છે કે મોટી રકમની લાંચ આપીને અમે તને છોડાવવાની તજવીજ કરી છે, કારણ કે અમે જાણીએ છીએ કે ફયોદોરનું ખૂન તેં નથી કર્યું. કૅટેરિનાની આવી લાગણીથી પ્રભાવિત થયેલો દિમિત્રી હવે ગ્રુશેંકામાંથી મન વાળી લે છે. પણ તે કહે છે કે હું સજા ભોગવ્યા વગર ભાગી છૂટવા માગતો નથી, ભલે મેં ખૂન ન કર્યું હોય, મેં ગુના તો કર્યા જ છે અને તેની સજા મારે ભોગવવી જ જોઈએ. હું આવી સજા ભોગવીશ તો જ પ્રાયશ્ચિત કરીને મારો જીવ નરવો થશે.

'ધ બ્રધર્સ કારામાઝોવ' પ્રગટ થઈ ૧૮૮૦માં, અને દોસ્તોએવ્સ્કીનું અવસાન થયું ૧૮૮૧માં.

●

૨૪. સંસારનાં ઉત્પત્તિ, સ્થિતિ, લયની કથા
વૉર ઍન્ડ પીસ / ટૉલ્સટોય

'એક ઇલિયડનો અપવાદ બાદ કરતાં 'યુદ્ધ અને શાંતિ'ની તોલે આવે તેવું કોઈ પુસ્તક નથી. એમાં એક સમગ્ર સંસારની યૌવન, વિલીનીકરણ અને પુનર્જન્મની રસભરી કથા છે.' વૉર ઍન્ડ પીસ વિશેના આ શબ્દો બીજા કોઈના નહીં, પણ ખુદ તેના લેખક ટૉલ્સટોયના છે. બ્રહ્મપુત્રા અને ગંગા એ બે નદીઓનો જ્યાં સંગમ થાય છે તે ગ્વાલંદો જેવી વિશાળ પટવાળી નવલકથા છે 'વૉર ઍન્ડ પીસ'. ઘડીભર તો બીજો કિનારો હશે કે કેમ એવી પણ વિમાસણ થાય. વિશાળતાથી આપણી આંખો ભરાઈ જાય. બે હજાર પાનાંમાં પથરાયેલી આ નવલકથામાં નેપોલિયનના રશિયા પરના આક્રમણની અને રશિયાએ આક્રમણના કરેલા સામનાની કથા ટૉલ્સટોયે કહી છે. ત્રણ ઉમરાવ કુટુંબોની કથા દ્વારા લેખકે આ કથા કહી છે. કથાનો આરંભ એક ભોજન અને મિલન સમારંભથી થાય છે. ત્યાં હાજર રહેલાં સૌ કોઈ આનંદમાં મગ્ન છે. બરાબર એ વખતે જ નેપોલિયનના આક્રમણનો આરંભ થાય છે. અંગત સુખદુ:ખની બધી વાતો, બધી ગણતરીઓ ગૌણ બની જાય છે અને દેશ પરનું આક્રમણ સૌના જીવનમાં કેન્દ્રસ્થાને આવી જાય છે. આમ યુદ્ધ શાંતિને આઘાત આપે છે, પણ નવલકથાને અંતે શાંતિ સામે યુદ્ધ હારે છે. ટૉલ્સટોય જાણે કહેવા માગે છે કે આક્રમણખોરો, મહત્ત્વાકાંક્ષીઓ, ફૂલણજીઓ, પતરાજીખોરો જીતી રહ્યા છે એમ ભલે થોડો વખત લાગે; પણ અંતે જીત તો નમ્ર, પરિશ્રમી અને મૂંગા લોકોની જ થાય છે. બાઇબલનું વચન 'ધ મીક શૅલ ઇનહેરિટ ધ અર્થ' જાણે આ મહાનવલ લખતી વખતે ટૉલ્સટોયના કાનમાં સતત ગુંજતું રહ્યું ન હોય!

આ નવલકથામાં લાખોનાં લશ્કર અથડાય છે, નગરો પડે છે, ગામડાં સળગે છે, લણેલા પાક રઝળી પડે છે, વસ્તીનાં સ્થળાંતરો થાય છે.

અમીરોની હવેલીઓ ભસ્મીભૂત થાય છે, ગરીબોનાં ઝૂપંડાં સળગે છે ; પણ આ બધા વચ્ચેય જીવન પોતાનો ક્રમ ફેરવતું નથી. પ્રેમ કરવાનું અને એમાં મળતી હતાશા ભોગવવાનું, એ હતાશામાંથી નવા બોધપાઠ મેળવવાનું તો ચાલુ જ છે. વિશાળ કુટુંબના નવા નવા સંબંધો બંધાતા રહે છે. નાચગાન ચાલુ છે, શિકાર ચાલુ છે. નવાં માણસો જન્મે છે, જૂનાં મરે છે. જીવનની આ સમગ્ર લીલાને યુદ્ધ રોકી શકતું નથી. ઊલટું, જીવનની આ બધી લીલા જ છેવટે યુદ્ધને નિરર્થક ઠેરવે છે.

જેનું નામ દઈને ઓળખ આપવામાં આવી હોય એવા સૌથી વધુ પાત્રો વૉર ઍન્ડ પીસમાં આવે છે. પણ કથાનાં મુખ્ય પાત્રો પાંચ છે. પાંચે અમીર-ઉમરાવ કુટુંબનાં છે. પાંચમાં બે સ્ત્રીઓ છે નટાશા અને મેરી. અને ત્રણ પુરુષો છે એન્ડ્રી, પિયરે અને નિકોલસ રોસ્ટોવ. કથાના આરંભે એન્ડ્રીને નેપોલિયન એક આદર્શ પુરુષ લાગે છે. પણ યુદ્ધના અનુભવ પછી તે સમજે છે કે જીવનમાં યુદ્ધ કરતાં શાંતિ, ક્ષમા, ધીરજનું સ્થાન વધારે મહત્ત્વનું છે. જે નટાશાને બેવફા માની તિરસ્કારેલી એ જ નટાશા કોઈનીય પરવા કર્યા વગર રાતદિવસ એક કરી પોતાની સારવાર કરી રહી હતી એ જોઈ એન્ડ્રીને ક્ષમા અને ત્યાગનું મૂલ્ય સમજાય છે. પરસ્પરને અપાયેલી ક્ષમાનાં જળથી વિશુદ્ધ થયેલ અશરીરી પ્રેમનો પારસસ્પર્શ તેને થાય છે અને તેથી મૃત્યુ તેને માટે જીવનનો અંત લાવનાર નહીં, પણ જીવનનું રહસ્ય ખોલનારું દ્વાર બની જાય છે. પિયરે અખૂટ દોલતનો સ્વામી છે. પણ સાચો પ્રેમ તેને મળ્યો જ નથી. મિત્રો, પત્ની, કુટુંબીઓ સૌ તેની દોલતને ચાહે છે; તેને નહીં. મોસ્કોની આગમાં તેની બધી મિલકત બળીને ખાખ થઈ જાય છે ત્યારે તેને શાંતિ મળે છે. લશ્કરના હાથમાં બંદી બનેલા પિયરેને નવજીવન મળે છે. અંતે પિયરેની મિલકતને નહીં - કારણ મિલકત તો હવે રહી જ નથી - પિયરેને જ ચાહતી એવી નટાશાનો પ્રેમ પણ તેને મળે છે.

એન્ડ્રીની બહેન મેરી રૂપાળી નથી, જોહુકમી બાપને કારણે કુંઠિત થઈ ગઈ છે, પણ હૃદયથી ભોળી ખ્રિસ્તી છે. કોઈના વાંક તેની નજરમાં વસતા જ નથી, સારપ જ જુએ છે બધાની. તે પણ સર્વસ્વ ગુમાવે છે, પણ નિકોલસ રોસ્ટોવ જેવો નિખાલસ પતિ તેને મળે છે. વૉર ઍન્ડ પીસ પરથી ૧૯૫૬માં બનેલી અંગ્રેજી ફિલ્મમાં હેન્રી ફોંડા ઉપરાંત ઑડ્રિ હેપબર્ન અને તેના પતિ મેલ ફેરરે અભિનય કર્યો હતો.

૧૮૦૫ થી ૧૮૧૩ સુધી ચાલેલ નેપોલિયન અને રશિયા વચ્ચેનું

યુદ્ધ એ આ નવલકથાની પાર્શ્વભૂમિ છે, તો કથાનો ઉપસંહાર ૧૮૨૦ના સમયને અનુલક્ષીને લખાયો છે. રાજદરબાર અને અમીર ઉમરાવોના વાડીવજીફાથી માંડીને રાંક ખેડૂતોની ઝૂંપડીઓ અને ખુલ્લાં ખેતરો સુધીનાં અનેક સ્થળે નવલકથાની ઘટનાઓ આકાર લે છે. કથાનાં મુખ્ય પાત્રોનાં બાહ્ય અને આંતરિક રૂપના આલેખનની સાથોસાથ ટૉલ્સટોયે આ નવલકથામાં ૧૯મી સદીના આરંભકાળના રશિયાના લોકજીવનનું પણ આબેહૂબ પ્રતિબિંબ ઝીલ્યું છે અને છતાં ટૉલ્સટોયની દૃષ્ટિ રશિયા પૂરતી સીમિત નથી. એ જમાનાના આખા યુરોપની દ્વિધા એમને સ્પર્શી છે. ટૉલ્સટોય માણસને ઇતિહાસના રમકડા તરીકે જુએ છે, ઇતિહાસના ઘડવૈયા તરીકે જોતા નથી. અહીં લેખકે માત્ર યુદ્ધ અને શાંતિને જ સામસામા પલ્લામાં મૂક્યાં નથી, પણ અમીર ઉમરાવો અને ખેડૂતોને, ફ્રેન્ચ અને રશિયન ભાષા - સંસ્કૃતિને, દરબાર અને દેશને, વ્યવહારડાહ્યા અને ભલાભોળા લોકોને પણ સામસામા પલ્લામાં મૂકી બતાવ્યાં છે. કથાપટ પહોળો છે પણ મંથરગતિ નથી, વેગવાન છે. આ નવલકથા પરથી ૧૯૩૭માં બનેલી રશિયન ફિલ્મને તે વર્ષનો બેસ્ટ ફૉરેન ફિલ્મ માટેનો ઍવૉર્ડ મળેલો.

સમૃદ્ધ ઉમરાવ કુટુંબમાં ૧૮૨૮માં ટૉલ્સટોયનો જન્મ. પહેલાં ઘરે ફ્રેન્ચ ટ્યૂટરો પાસે અને પછી યુનિવર્સિટી ઑફ કાઝાનમાં ભણ્યા. લશ્કરમાં જોડાઈ રણમોરચે લડ્યા. લશ્કરી જીવનનો આ જાતઅનુભવ વૉર ઍન્ડ પીસમાં ઠેર ઠેર ડોકાય છે. પછી મેજિસ્ટ્રેટ બન્યા, સ્કૂલ શરૂ કરી ખેડૂતોનાં બાળકો માટે. ૧૮૬૨માં સોફિયા સાથે કરેલું લગ્ન એટલી હદે નિરાશાજનક નીવડ્યું કે ટોલ્સટોયે કહ્યું કે પતિ -પત્નીનો પલંગ એ જીવનની સૌથી મોટી ટ્રેજડી છે. ટૉલ્સટોયને તેર બાળકો હતાં. ૧૮૫૨માં પ્રગટ થયેલ 'ચાઇલ્ડહૂડ' નામની વાર્તા તે તેમની પહેલી કૃતિ. વૉર ઍન્ડ પીસ લખવાની શરૂઆત ૧૮૬૪માં કરી અને ૧૮૬૬થી ૧૮૬૯ દરમ્યાન તે પ્રગટ થઈ. ગુજરાતીમાં 'યુદ્ધ અને શાંતિ' નામે તેનો અનુવાદ ચાર ભાગમાં જયંતી દલાલે ૧૯૫૪-૫૬ દરમ્યાન પ્રગટ કરેલો.

સોફિયાથી ત્રાસેલા ટૉલ્સટોયે ૮૩ વર્ષની ઉંમરે ૧૯૧૦ના ઑક્ટોબરની ૨૮મીની ઘનઘોર રાતે ગૃહત્યાગ કર્યો. તબિયત નબળી તો હતી જ, તેમાં તાવ આવ્યો એટલે ટ્રેનની મુસાફરી અધૂરી મૂકી એ એસ્તાપોવો નામના નાનકડા ગામના સ્ટેશને ઊતરી પડ્યા, અડધી બેભાન અવસ્થામાં. ટૉલ્સટોય માનતા હતા કે આ ગૃહત્યાગની કોઈને

ખબર પડી નથી પણ હકીકતમાં એ સમાચાર રશિયામાં વાયુવેગે પ્રસરી ગયા હતા અને સોફિયા, ડૉકટરો, ખબરપત્રીઓ વગેરેનાં ધાડાં એ નાના ગામ પર ઊતરી આવ્યાં હતાં. ૧૯૧૦ના નવેમ્બરની સાતમીએ સવારે ટૉલ્સટોયે છેલ્લા શ્વાસ લીધા. રાજ્યસત્તા, ધારાસભા અને ખુદ ઝારે શોકના સંદેશ મોકલ્યા. પણ સૌથી હૃદયભીની અંજલી તો ટૉલ્સટોયને જ્યાં દફનાવવામાં આવ્યા તે તેમની પ્રિય ભૂમિ યાસનાયા પોલયાનાના ખેડૂતોએ આપી. તેમણે એક મોટા બેનર પર લખ્યું હતું : 'લિઓ નિકોલાવિચ, તમારી ભલાઈની સ્મૃતિ અમ અનાથ થયેલ ખેડૂતોના હૃદયમાંથી ભૂંસાશે નહીં.'

●

૨૫. વાત, બે સ્ત્રી અને ત્રણ પુરુષની
એના કેરેનિના / ટૉલ્સટોય

છાપાં કે સામયિકોમાં હપ્તાવાર પ્રગટ થતી નવલકથા એટલે લોકપ્રિય નવલકથા અને લોકપ્રિય નવલકથા એટલે બે ઘડી વાંચીને ભૂલી જવાની. સાહિત્યની, સર્જકતાની દૃષ્ટિએ એમાં કાંઈ ઝાઝો દમ હોય નહીં - આવી ગેરસમજણ ૧૯૫૦ પછીનાં ૨૫-૩૦ વર્ષોમાં આપણી ભાષામાં વ્યવસ્થિત રીતે ફેલાવવામાં આવી. પણ દુનિયાની ઘણી ભાષાઓની ઉત્તમ ગણાતી નવલકથાઓ પહેલવહેલી હપ્તાવાર પ્રગટ થઈ હતી. અને એવી નવલકથાઓના લેખકોને ઉત્તમોત્તમ સર્જકોમાં સ્થાન મળ્યું છે. આવા એક સર્જક તે કાઉન્ટ લિયો ટૉલ્સટોય. એમની બે ઉત્તમ નવલકથાઓમાંની પહેલી 'વૉર ઍન્ડ પીસ' ૧૮૬૩થી ૧૮૭૭ સુધી હપ્તાવાર પ્રગટ થઈ હતી. આ બીજી નવલકથા તે 'એના કેરેનિના.' કહેવાય છે કે એ વખતે લોકો આ નવલકથાનાં પાત્રો અને પ્રસંગોની ચર્ચા કરતા અને બીજો હપ્તો ક્યારે પ્રગટ થાય એની આતુરતાપૂર્વક રાહ જોતા. 'વૉર ઍન્ડ પીસ' દ્વારા ટૉલ્સટોયને સર્જક લેખે જે પ્રતિષ્ઠા મળેલી તે 'એના કેરેનિના' પ્રગટ થયા પછી ટકી રહી એટલું જ નહીં, વધુ દૃઢ બની. આપણી ભાષાની 'સરસ્વતીચન્દ્ર'ની જેમ 'વૉર ઍન્ડ પીસ' મહાકાવ્યના બરની કૃતિ છે. જ્યારે 'એના કેરેનિના' વિશાળકાય તો છે; પણ નવલકથા વધારે છે અને મહાકાવ્ય ઓછી. 'વૉર ઍન્ડ પીસ'ની જેમ 'એના કેરેનિનામાં' પણ સંખ્યાબંધ પાત્રો છે. એ પાત્રો દ્વારા લેખકે ૧૯મી સદીના ઉત્તરાર્ધના રશિયાને તાદૃશ કર્યું છે. રશિયાનાં ગામડાં અને શહેરો, ખેડૂતો અને અમીર ઉમરાવો, રાજકારણ, અર્થતંત્ર, સમાજરચના, ધર્મવ્યવસ્થા, બદલાતાં જતાં જીવન મૂલ્યો, રહેણીકરણી, વૃત્તિવલણો - આ બધાનું પ્રતિબિંબ 'એના કેરેનિના'માં ઝિલાય છે. પણ આ નવલકથાના કેન્દ્રમાં તો છે સ્ત્રી-પુરુષનો પ્રેમ. કોઈ વ્યક્તિના જીવનમાં અને વ્યક્તિત્વમાં બધું સમુંસૂતરું હોય, સફળતાની બધી સંભાવના હોય

અને છતાં એ સફળ ન થાય, બલ્કે તેના જીવનનો કરુણ અંત આવે. તો બીજી બાજુ કશી અસાધારણ વિશિષ્ટતા વગરની સામાન્ય વ્યક્તિ જીવનમાં સફળ નીવડે એટલું જ નહિ, પોતાના જીવનસાથીના જીવનને પણ સફળ બનાવે એવું બને. સફળતા-નિષ્ફળતાનું કોઈ વ્યાકરણ નથી હોતું, કોઈ ગણિત નથી હોતું. 'એના કેરેનિનામાં' પણ આવું જ કશુંક અણધાર્યું પણ આકસ્મિક નહીં- બની જાય છે. બે સ્ત્રીઓ અને તેમનાં જીવનનું લગભગ સમાંતર આલેખન અહીં ટૉલ્સટોયે કર્યું છે. કથાની નાયિકા એના સફળ થવા માટે જે કંઈ જોઈએ તે લગભગ બધું તેની પાસે છે. બીજી છે કેટી. તેનામાં અસાધારણ કહી શકાય એવું ખાસ કશું નથી. પણ નારી શકે છે તે. નારીને તે જીવનને સુંદર બનાવી શકે છે. પોતાના જીવનને તેમ જ પોતાના જીવનને પણ- પત્નીનો પ્રેમ કેટીના પતિ લેવિનના પ્રાણપ્રશ્ન સુધી લઈ જાય છે. એનાના જીવનનો અંત કરુણ છે એટલું જ નહીં, પતિ કેરેનિના અને પ્રેમી વ્રોન્સ્કીના જીવતરને પણ તે ભારૂં બનાવે છે.

'એના કેરેનિના' નવલકથાનો આરંભ થાય છે ત્યારે પ્રિન્સ સ્ટીફન જે ઓળખાય છે સ્ટિવા તરીકે અને તેની પત્ની ડોલી વચ્ચે ગરમાગરમ ટપાટપી ચાલી રહી છે. બાળકોને સાચવવા માટે ઘરમાં એક ગવર્નેસ રાખેલી. સ્ટિવાભાઈની નજરમાં તે વસી ગયેલી અને તેની સાથે લફરું કરી બેઠેલા. આથી ડોલી વિફરેલી અને સ્ટિવાનું ઘર છોડીને જતી રહેવાની હદે પહોંચી હતી. વર-વહુ વચ્ચેના આ અણબનાવની વાત સ્ટિવાની બહેન એના કેરેનિના સુધી પહોંચેલી અને ભાઈનું ઘર ભાંગતું બચાવવા, ડોલીને સમજાવવા તે આવતી કાલે તો આવવાની છે. સ્ટિવા પત્નીને આજીજી કરી રહ્યો છે. એક દિવસ થોભી જા. બહેનને આવવા દે. સેન્ટ પીટર્સબર્ગના એક મોટા અધિકારીને પરણી હતી એના. તે તેમ જ બન્ને પાંચમાં પુછાતાં. રશિયન સમાજના ઉપલા વર્ગમાં બન્ને ઊઠતાં બેસતાં. એના સોહામણી હતી, ચાલાક અને ચપળ હતી. કોઈ પણ એની સામે બે મિનિટ તાકીને જોઈ રહે એવી હતી.

હવે બને છે એવું કે જે દિવસે સ્ટિવા- ડોલી વચ્ચે ઝઘડો થયો તે જ દિવસે અણધારી રીતે સ્ટિવાને તેનો જૂનો દોસ્ત કોન્ટેસ્ટાઇન લેવિન મળી જાય છે. એ રહે છે તો રશિયાના ગ્રામપ્રદેશમાં આવેલી પોતાની મોટી એસ્ટેટ પર, પણ શહેરમાં આવ્યો છે કેટી નામની અઢારેક વર્ષની છોકરીને જોવા. આ કેટી તે સ્ટિવાની સાળી. ડોલીની બહેન. જોતાં વેંત

લેવિનની આંખમાં વસી ગઈ હતી કેટી. સ્ટિવા અને લેવિન સાંજે પાર્કમાં મળવાનું નક્કી કરે છે. સાંજે બન્ને મળે છે. ત્યારે પાર્કમાં કેટી આઈસ સ્કેટિંગ કરી રહી છે. લેવિન પણ તેની સાથે સ્કેટિંગ કરવા લાગે છે અને પોતે લટ્ટુ થયો છે એનો ખ્યાલ આવી જાય એ રીતે કેટી સાથે વર્તે છે. પણ કેટી ખાસ દાદ નથી દેતી લેવિનને. પણ લેવિન કાંઈ આવી પોટ્ટીને હાથથી જવા દે એવો નહોતો. રાતે જાય છે સ્ટિવને ઘરે જમવા. વાતવાતમાં ખબર પડે છે કે કેટી માટેનો પોતે એકમાત્ર મૂરતિયો નથી. કાઉન્ટ એલેક્સિસ કિરિલોવિચ- વ્રોન્સ્કી સાથે પણ કેટીનું ગોઠવવાની વાત ચાલે છે. પણ લેવિન કાંઈ ગાંજ્યો જાય એવો નથી. પહોંચી જાય છે કેટી પાસે, અને ઘૂંટણિયે પડી તેના હાથની માગણી કરે છે. પણ કેટી પીગળતી નથી, ના પાડી દે છે. કારણ, તેને આશા છે કે કાઉન્ટ વ્રોન્સ્કી પણ નક્કી આવી જ માગણી કરશે.

બીજે દિવસે સવારે બહેન એનાને લેવા સ્ટિવા રેલ્વે સ્ટેશને જાય છે. ત્યાં તેને એનાના પ્રેમી વ્રોન્સ્કીનો ભેટો થઈ જાય છે. જે ટ્રેનમાં એના આવવાની હતી તે જ ટ્રેનમાં વ્રોન્સ્કીની મા પણ આવવાની હતી એટલે માને લેવા આવ્યો છે વ્રોન્સ્કી. કાગનું બેસવું ને તાડનું પડવું તે એના અને વ્રોન્સ્કીની મા કાઉન્ટેસ વ્રોન્સ્કી બન્નેએ એક જ કમ્પાર્ટમેન્ટમાં સાથે બેસીને મુસાફરી કરેલી અને મુસાફરી દરમિયાનનાં વાતચીત અને વર્તાવથી એના ગમી ગઈ હતી કાઉન્ટેસસાહેબાને. ડબ્બામાંથી ઊતરતી એનાને જોઈ એ જ ઘડીએ કાઉન્ટ વ્રોન્સ્કી ઘાયલ થઈ ગયો હતો. ચારે જણા વાતો કરતાં સ્ટેશનની બહાર નીકળતાં હતાં ત્યાં જ એક અકસ્માત થયો. એક ફાસ્ટ ટ્રેન પસાર થઈ રહી હતી. એ જ વખતે એક મજૂર પાટા ઓળંગી રહ્યો હતો. ધસમસતી ટ્રેન નીચે કપાઈ મૂઓ બિચારો. લોકો ટોળે વળ્યાં. થોડીવાર ઊભા રહ્યાં. પછી ચાલવા લાગ્યાં. પણ એનાએ કહ્યું કે આ ગરીબ મજૂરની વિધવાને કોઈકે થોડીઘણી પણ મદદ કરવી જોઈએ. સાંભળતાવેંત કાઉન્ટ વ્રોન્સ્કીએ ખિસ્સામાંથી બસો રૂબલ્સ કાઢ્યા અને સ્ટેશન માસ્ટર પાસે જઈ તેમને આપીને કહ્યું કે આ પૈસા મજૂરની વિધવાને પહોંચાડી દેજો.

સ્ટિવા એનાને લઈને ઘરે પહોંચ્યો. એનાએ ધીરજથી, કુનેહથી પણ લાગણીભરી રીતે સ્ટિવા - ડોલી સાથે લાંબી ચર્ચા કરી. વરવહુ વચ્ચે માફામાફી થઈ. બન્નેના મન સંધાયાં કે નહીં એ તો રામ જાણે, પણ જીવન તો સંધાઈ ગયાં. બીજ દિવસે રાતે એક ડાન્સ પાર્ટીમાં

કેટી અને વ્રોન્સ્કી ભેગાં થઈ ગયા. પણ વ્રૉન્સ્કીને તો કેટી સામે જોવાનીય પડી નહોતી. આમ કેમ ? કેટી વિમાસતી હતી. પણ થોડી જ વારમાં બધું દીવા જેવું સ્પષ્ટ થઈ ગયું કેટીની આંખ સામે. તેણે એ પાર્ટીમાં જે જોયું તેથી કેટીની આંખ ખૂલી ગઈ, પણ દિલ ભાંગી ગયું. એવું તે શું જોયું હતું કેટીએ ?

વ્રોન્સ્કી અને એના કેરેરીના સાથે મળીને નાચતાં હતાં, નાચતાં નાચતાં એકમેકમાં ઓતપ્રોત થઈ ગયાં હતા. વ્રોન્સ્કીને પરણવાના પોતાના કોડ કચડાતા જોયા કેટીએ, એ બે નર્તકના પગ નીચે. બીજી બાજુ જેનું માગું કેટીએ ઠુકરાવ્યું હતું તે લેવિન પણ બહારગામ ગયો. નિકોલાઈ નામે તેના ભાઈ. જાણી જોઈને ગરીબીમાં જીવતો. માંદો પડ્યો હતો. તેની ખબર કાઢવા ગયો હતો લેવિન. એવો તો વલોવાઈ ગયો ભાઈની દશા જોઈને કે બારણાં ખોલીને ચાલ્યો ગયો. પ્લૅટફૉર્મ પર વ્રોન્સ્કી ફૂટી નીકળ્યો એને કહ્યું કે એના, તારા પ્રેમમાં ગળાડૂબ છું હું. તારી પાછળ પાછળ પીટર્સબર્ગ આવ્યો છું. ખુદ તો. શું શ્રેય, શું યોગ્ય તેનું એનાને ભાન નહોતું; એનાને તો ભાવતું. પ્રેમીને વારવાનો પ્રયત્ન કર્યો– 'ન આવતો મારી પાછળ. પરણેલી છું હું. આઠ વરસનો એક દીકરોય છે મારે. લીલીવાડી છે. એમાં અંગારો બનવા ન આવતો. ઘરે પહોંચીને એનાએ વ્રોન્સ્કીને ભૂલવા માટે પ્રયત્ન કર્યો પણ મન માને નહીં. આપણા એક મધ્યકાલીન કવિની વાત તેને માટે સાચી ઠરતી હતી : 'મનનું કારણ કોઈ ન જાણે, કુહુને કહીએ માંડી રે, વાયલપણાની વાતલડી તે હુંએ હંમેશાં ગાંડી રે.'

તો બીજી બાજુ હૃદયભગ્ન કેટી માંદી પડી. એ વખતે દવા કરતાં હવાફેરનું મહત્ત્વ વધારે. એટલે કુટુંબીજનો તેને હવાફેર માટે જર્મની લઈ ગયાં. વ્રોન્સ્કીએ કહેલું તે કર્યું. ઇચ્છા હોય કે ન હોય, એનાને પીટર્સબર્ગમાં વારંવાર તેનો ભેટો થઈ જતો. મળતો ત્યારે એનાના મનને એક ખૂણે આનંદ, બીજે ખૂણે ઠપકો. પહેલાં તો મન મનાવતી ! આ તો અમથી દોસ્તી છે અમારી. પણ પછી જાત સાથે કબૂલાત કરવી પડી. ના, ના. માત્ર મૈત્રી નહીં, મને પણ પ્રેમ થઈ ગયો છે એની સાથે. બીજું બધું છૂપાવી શકાય, પ્રેમીઓની આંખો છૂપી રહી શકતી નથી. બંને વચ્ચે કંઈક રંધાઈ રહ્યું છે એનો ખ્યાલ સમાજનાં ઘણાં લોકોને આવી ગયો અને એક પરણેલી સ્ત્રી અને તેય પાછી ઊંચા ખાનદાનની, પરાયા પુરુષને પ્રેમ કરે એ સ્વીકાર્ય નહોતું એ સમાજમાં. એનાના પતિ અલેક્સિસ માટે પત્નીની નિષ્ઠા મહત્ત્વની હતી તેના કરતાં સમાજની માન્યતા વધુ મહત્ત્વની

હતી; પત્નીનું અને પોતાનું નામ વગોવાય તે એને મંજૂર નહોતું. એટલે સુધી કહ્યું એનાને પતિએ : 'તારે જે કરવું હોય તે કર, પણ ઉઘાડે છોગે નહીં; કોક છાને ખૂણે.' 'એના સમસમી ગઈ. અરેરે, જેની સાથે જિંદગીનાં આટલાં વર્ષો કાઢ્યાં; તેને મારા પ્રેમની આટલી કિંમત?' એટલે પછી ઝંપલાવી પડી એના વ્રોન્સ્કીના ભુજની મહી ! સર્વસ્વ સમર્પણ કરી દીધું વ્રોન્સ્કીને પછી કહ્યું વ્રોન્સ્કીને : હવે બધું ખતમ થઈ ચૂક્યું છે. તારા સિવાય હવે મારું કોઈ નથી. આટલું યાદ રાખજે.'

હવે લેવિનને વાવડ મળે છે કે કેટી માંદી છે. વ્રોન્સ્કી સાથે તેનું ગોઠવાય એ હવે શક્ય નથી. કારણ, એનાની પાછળ ઘેલો બનેલો વ્રોન્સ્કી તો મોસ્કો છોડી પીટર્સબર્ગ પહોંચ્યો છે. તો પીટર્સબર્ગમાં એના - વ્રોન્સ્કીનું પ્રેમપ્રકરણ લોકોમાં વધુને વધુ ચગતું જાય છે. કુટુંબ પણ હવે વિરોધ કરે છે એના સાથેના સંબંધનો. વ્રોન્સ્કી ઘોડાની રેસમાં ભાગ લેવાનું નક્કી કરે છે. રેસ શરૂ થતાં પહેલાં એના મળે છે ત્યારે તેને કહે છે કે, 'મારા પેટમાં તારું બાળક આકાર લઈ રહ્યું છે'. વ્રોન્સ્કી રેસમાં ભાગ લેવા દોડે છે. એના અને તેનો પતિ પણ રેસમાં જાય છે, પણ સાથોસાથ નથી બેસતાં, જુદાં જુદાં બેસે છે. રેસ દરમિયાન વ્રોન્સ્કીનો ઘોડો પડે છે વ્રોન્સ્કીને થોડી ઈજા થાય છે પણ ઘોડા પરથી જ્યારે વ્રોન્સ્કી પડ્યો ત્યારે એના જે રીતે હચમચી ઊઠી, મનથી અને તનથી, એ તેનો પતિ જુએ છે. ફરી પતિ-પત્ની વચ્ચે ચર્ચા, ઝઘડો. એના છેલ્લે પાટલે બેસે છે : 'હા, હા. સાડી સત્તર વાર ચાહું છું વ્રોન્સ્કીને. અને હવે ધિક્કારું છું તને. શું કરી લઈશ તું ?' પતિ હતો ગણતરીબાજ. કહે છે કે, 'થોડી ધીરજ ધર. છૂટાછેડા માટે અરજી કરીશ. આપણે છૂટાં પડીએ પછી જે કરવું હોય તે કરજે.'

હવાફેર કરવા ગયેલી કેટી ઘણું વિચારે છે, વ્રોન્સ્કી માટેના પોતાના પ્રેમ વિશે, લેવિનનું માગું ઠુકરાવ્યું તે વિષે. ફૂણી પડે છે. વાસ્તવિકતા સ્વીકારવા ધીરે ધીરે તૈયાર થાય છે. કેટીની બહેન ડોલી તેને કહે છે કે ફરી એકવાર કેટીના હાથની માગણી કરી તો જો. પહેલાં તો અચકાય છે લેવિન. પણ દૂરથી બે - ત્રણવાર કેટી નજરે પડે છે. તેને જોઈને લેવિનને થાય છે ના, ના... હજુ હું કેટીને ચાહું છું. બીજી બાજુ એનાના પતિની અકળામણ વધતી જાય છે; 'વ્રોન્સ્કી સાથેનો સંબંધ તેણે તોડવો જ રહ્યો. ચાહે કે ન ચાહે, તેણે મારી સાથે જ રહેવું પડશે. તો જ લોકો મૂંગા થશે. બાકી ગામને મોઢે ગળણું કઈ રીતે બાંધવું ?' એના સાથે ચર્ચા

પાછા કરે છે આ વિષે. એ જ દિવસે સવારે વ્રોન્સ્કીનો એક મિત્ર તેને મળવા આવે છે. કહે છે કે તું તારી લશ્કરની નોકરી છોડીને મારી સાથે આવ, તો તારા ભવિષ્ય માટે બહુ ઊજળી તક છે. પણ તે માટે તારે પીટર્સબર્ગ છોડવું પડશે. પણ ઊજળી કારકિર્દીની આ તક વ્રોન્સ્કી જતી કરે છે. કારણ પીટસબર્ગ છોડવું એટલે 'એના'થી દૂર જવું અને એ વ્રોન્સ્કીને મંજૂર નથી.

કેટીને ભૂલવાના પ્રયત્નોમાં લેવિન ખેતીના કામમાં વધુ ને વધુ ખૂંપવા લાગે છે. ખેતમજૂરો અંગે તેના વિચાર ઉદાર અને અવનવા છે. તેનો આદર્શ છે સહકારી ખેતી અને સામૂહિક માલિકી જમીનની. શરૂઆત કરે છે પોતાના જ ખેતરથી. પણ ખેડૂતો પોતે જ નવા વિચારો અપનાવતા નથી. એથી લેવિન અકળાય છે. ત્યાં તેનો ભાઈ નિકોલાઈ લેવિનને મળવા આવે છે. તેને જોતાં જ લેવિન સમજી જાય છે કે હવે નિકોલાઈના જીવનનો અંત દૂર નથી. નિકોલાઈના ગયા પછી લેવિન ખૂબ નિરાશ થઈ જાય છે. જ્યાં નજર પડે ત્યાં તેને મોત જ દેખાય છે. બીજી બાજુ એના અને એના પતિની ગાડી પાટે ચડતી નથી. હવે વ્રોન્સ્કી એનાને ઘરે તો નથી આવતો તેને મળવા, પણ બંને જણાં બહાર તો મળે જ છે. એમાં એકવાર વ્રોન્સ્કી અને એનાનો પતિ આમનેસામને થઈ જાય છે. એ દિવસે એના પોતાને આવેલા દુઃસ્વપ્નની વાત વ્રોન્સ્કીને કહે છે એ સાંભળીને વ્રોન્સ્કી કહે છેઃ 'ખરેખર નવાઈની વાત છે. કાલે રાતે મને પણ આવું જ દુઃસ્વપ્ન આવેલું !' વ્રોન્સ્કીને મળીને એના ઘેર પાછી ફરે છે ત્યારે તેનો પતિ ખૂબ ધૂંધવાયેલો છે. કહી દે છે : 'તારાથી તો હવે તોબા. હવે છૂટાછેડા લીધા સિવાય બીજો કોઈ રસ્તો રહ્યો નથી.' થોડા દિવસ પછી એક પાર્ટીમાં લેવિન અને કેટી એકબીજાંને મળે છે. બન્ને એકબીજાંને ઝંખે છે. પણ લેવિન અચકાય છે. કેટી વાતાવાતમાં જણાવે છે કે તારું માગું પાછું ઠેલવાની ભૂલ અગાઉ કરી. હવે બીજીવાર એવી ભૂલ ન કરું. આ સાંભળી લેવિન ફરી ઘૂંટણિયે પડી કેટીના હાથની માગણી કરે છે અને કેટી તેનો સહર્ષ સ્વીકાર કરે છે. લગ્ન ક્યાં, ક્યારે, કેવી રીતે કરવાં તે અંગેની યોજનાઓ અને તૈયારીઓમાં મશગૂલ થઈ જાય છે બંને.

એના, તેના પ્રેમી વ્રોન્સ્કીની દીકરીને જન્મ આપતાં મૃત્યુને ઉંબરે જઈ ઊભી. બહારના ઓરડામાં ઊભેલા વ્રોન્સ્કીની આંખમાં આંસુ ઊભરાયાં છે. એનાનો પતિ પણ ત્યાં હાજર છે. પત્ની એના મોતને ઉંબરે

ઊભી છે, વ્રોન્સ્કીનો પ્રેમ તેની આંખોમાંથી ઊભરાઈ રહ્યો છે, એ જોઈને એનાના પતિનું હૃદય દ્રવી ઊઠે છે. માફ કરી દે છે બંનેને. તેની આંખમાં પણ આંસુ ઊભરાય છે. હવે હૈયું હળવું થઈ ગયું છે, બંનેને માફ કરી દીધા પછી. પણ પાછો વ્રોન્સ્કીને કહે છે: 'તમે ભલે ગમે તે કરો, હું મારી પત્ની એનાને છોડીશ તો નહીં જ.' આ બધાથી અકળાઈ જાય છે, મૂંઝાઈ જાય છે વ્રોન્સ્કી. ઘરે જઈને બંદૂક વડે આપઘાતનો પ્રયત્ન કરે છે, પણ ગોળી તેના હૃદયનું નિશાન ચૂકી જાય છે.ઈજા તો થાય છે, પણ સારવાર કરી વ્રોન્સ્કીની સાળી તેને ફરી સાજો કરી દે છે. તો એના પણ ધીમે ધીમે સાજી થતી જાય છે. પણ વ્રોન્સ્કીના પ્રેમ અને પતિની ઉદારતા વચ્ચે તેનું મન પણ વહેરાઈ રહ્યું છે. પતિ પામી જાય છે તેની દ્વિધા. કહે છે કે હવે છૂટાછેડા મેળવવા માટેનાં પગલાં શરૂ કરવા એ જ એક રસ્તો છે. આ વાતની ખબર પડતાં તરત જ વ્રોન્સ્કી પોતાની લશ્કરી નોકરી છોડી એના પાસે દોડે છે. એને જોઈને એનાની આંખો આનંદથી ચમકી ઊઠે છે પણ પતિ એલેક્સિસની છૂટાછેડાની દરખાસ્ત સ્વીકારવા હવે એના રાજી નથી.

બીજી બાજુ લેવિન અને કેટીનું લગન ગાડું આડું નથી ચાલતું, સરળતાથી સીધું ચાલે છે. હા, ક્યારેક કીચૂડાટ થાય ખરો પણ પ્રેમની સ્નિગ્ધાયનું ઉંજણ પૂરીને બંન્ને કીચૂડાટને દૂર કરે છે. આસપાસ નજર નાખે છે તો બંનેને કેટલાંયે ભાંગેલાં લગ્નોનો ભંગાર નજરે પડે છે, એટલે પોતાના લગ્નજીવનનું જતન કરવા બંને વધુ સભાન બને છે. તો એના તેના પ્રેમી વ્રોન્સ્કી સાથે રશિયા છોડી ઈટલી પહોંચી જાય છે. વ્રોન્સ્કીને હવે એકાએક ચિત્રકામનો શોખ લાગ્યો છે અને પ્રિયતમા એનાનું ચિત્ર બનાવવા પાછળ મંડી પડ્યો છે એ,પણ પછી મિખાઈલોવ નામના એક પ્રખ્યાત ચિત્રકારને મળવાનું થાય છે. તેણે બનાવેલું એનાનું ચિત્ર જોઈને વ્રોન્સ્કી સમજી જાય છે કે રંગના લપેડા કરવા એ એક વાત છે, ચિત્રો કરવાં એ બીજી. અને ચિત્રકાર થવાનું આપણું ગજું નથી. એટલે ચિત્રકલાને રામરામ કરી વ્રોન્સ્કી અને એના રશિયા પાછાં ફરે છે. કેટી સાથે લગનમાં મગન લેવિનને વાવડ મળે છે કે ભાઈ નિકોલાઈ હવે જિંદગીના છેલ્લા દહાડા ગણી રહ્યો છે. લેવિનની સાથે કેટી પણ દોડે છે નિકોલાઈ પાસે. અત્યંત દયા-માયાથી લેવિનના મનમાં નવી જ લાગણી જાગે છે. એક બાજુ નિકોલાઈ મૃત્યુ પામે છે અને બીજી બાજુ કેટી પતિ લેવિનને ખબર આપે છે કે હું સગર્ભા છું.

એના વ્રોન્સ્કીની સાથે ઈટલી ભાગી ગઈ તે પછી લોકોનાં મેણાંટોણાંનો ભોગ બનેલો એનાનો પતિ કાઉન્ટેસ લિડિયા ઈવાનોવનાની અસર હેઠળ ધર્મ તરફ વધુ ને વધુ ઢળતો જાય છે. પણ ઈટલીથી એના અને વ્રોન્સ્કી પાછાં ફરે છે ત્યારે પીટર્સબર્ગનો સમાજ બન્નેનો બહિષ્કાર કરે છે. પણ એના ગાંઠતી નથી. એક ઓપેરા જોવા જાય છે. ત્યાંના પ્રેક્ષકો તેને માથે પસ્તાળ પાડે છે. બોલાચાલી થાય છે. લોકો એનાનું અપમાન કરી, તેને હડધૂત કરી ઓપેરાહાઉસમાંથી હાંકી કાઢે છે. એનાને થાય છે કે આ બધાં અપમાનનું કારણ વ્રોન્સ્કી જ છે. બંને વચ્ચે થોડી બોલાચાલી થાય છે. પણ પોતાના સાચકલા પ્રેમની દુહાઈ આપીને વ્રોન્સ્કી એનાને ટાઢી પાડે છે. પણ હવે શહેરમાં રહી શકાય તેમ નથી. એટલે ગામડામાં આવેલી વ્રોન્સ્કીની એસ્ટેટ પર રહેવા ચાલ્યાં જાય છે બંને. વેસ્લોવ્સ્કી નામનો એક ફૂટડો, નમણો, જુવાન કેટીને જોઈ લટુડાંપટુડાં કરે છે પણ વ્રોન્સ્કી કાંઈ આવું જોઈ રહે તેવો નથી. વાત આગળ વધે એ પહેલાં જ પોતાના આશિકને ઘરમાંથી તગેડી મૂકે છે. એનાની બહેન ડોલી તેને મળવા ગામમાં જાય છે. એના- વ્રોન્સ્કી સુખી તો છે, પણ બંને ઊઠે બેસે છે ગામના મામૂલી લોકો સાથે, એ જોઈ ડોલી સમસમી રહે છે. વળી એનાની તબિયત પણ નબળી થતી જતી લાગે છે અને તેના મોઢા પરનું તેજ થોડું ઝંખવાયું છે. ડોલી લઈને આવે છે છૂટાછેડાની દરખાસ્ત, પણ એના એ ઠુકરાવી દે છે. ડોલી જુએ છે કે એના દીકરીની ઝાઝી દરકાર નથી લેતી અને રાતે સૂવા માટે તેને મૉર્ફિયા લેવાની ટેવ પડી છે. હવે બીજું બાળક થશે તો, વ્રોન્સ્કીનો રસ ઊડી જશે એવી બીકે એના સંતતિ નિયમન તરફ પણ વળી છે. છતાં વ્રોન્સ્કી અંગે વધુ ને વધુ સાશંક બનતી જાય છે એના. એકવાર વ્રોન્સ્કી મોસ્કો જાય છે ને નક્કી કર્યા કરતાં વધુ દિવસ રોકાય છે ત્યારે બહાનું કાઢી તેને તાબડતોબ પાછો બોલાવી લે છે એના. વ્રોન્સ્કી અકળાતો જાય છે આ બધાથી. કહે છે કે હવે છૂટાછેડા એ જ એકમાત્ર રસ્તો છે. છેવટે છૂટાછેડા માટેની પતિની દરખાસ્ત સ્વીકારવા એના તૈયાર થાય છે, તે પછી તે અને વ્રોન્સ્કી મોસ્કો જાય છે. એ વખતે લેવિન અને કેટી પણ મોસ્કોમાં છે, કેટીની પ્રસૂતિ માટે. ત્યારે લેવિન વ્રોન્સ્કીને માફ કરી દે છે એટલું જ નહીં, એનાને મળવા પણ જાય છે. એના અને લેવિનની આ પહેલી મુલાકાત છે. એનાને જોતાં લેવિન તેનાથી પ્રભાવિત થાય છે. ઘરે પાછો ફરે છે ત્યારે કેટી લેવિન પર રાતીપીળી થઈ જાય છે. એવી એ વંઠેલ એનાને મળવા તું ગયો જ શું

કામ? એના તો પુરુષખાઉ વાઘણ છે. કોને ખબર છે, કાલે સવારે તનેય પોતાની મોહજાળમાં ફસાવી દે તો! મોડી રાત સુધી બંને વચ્ચે ટપાટપી ચાલે છે. હું તો તને જ, ચાહું છું, માત્ર તને જ એવી બાંયધરી વારંવાર બચારો લેવિન કેટીને આપે છે. ત્યારે માંડ કેટીનો પારો નીચે ઊતરે છે. પણ બંનેનો પ્રેમ હતો સાચો, એટલે બીજે દિવસે સવારે પાછું બંને વચ્ચે 'તું મેરા ચાંદ, મૈં તેરી ચાંદની' શરૂ થઈ જાય છે. પણ એના- વ્રોન્સ્કી વચ્ચેનો ખટરાગ વધવા અને વણસવા લાગ્યો છે. બંને સામે મળે ત્યારે એકબીજાને વડચકાં જ ભરે છે. વળી છૂટાછેડાની દરખાસ્ત અંગે પણ પતિ તરફથી કશો જવાબ મળ્યો નથી એટલે એના વધુ બેબાકળી બની છે. લેવિન એનાને મળવા ગયો તેની બીજી જ રાતે કેટીને વેણ ઊપડે છે અને પૂરા બાવીસ કલાક હેરાન થયા પછી દીકરાને જન્મ આપે છે. કેટી જ્યારે પ્રસૂતિની વેદનાથી પીડાતી હતી ત્યારે લેવિન ભગવાનને પ્રાર્થના કરે છે, જિંદગીમાં પહેલી જ વાર. દીકરાનું મોં જોઈને લેવિન રાજીનો રેડ થઈ જાય છે અને મા- દીકરાને સાજાંનરવાં રાખવા માટે પ્રભુનો પાડ માને છે.

એનાને છૂટાછેડા આપવા અત્યાર સુધી તૈયાર હતો તેનો પતિ. પણ હવે તેનું વાજું બદલાય છે. છૂટાછેડા આપું? ના, ના- તો તો મારો ધરમ લાજે. મારા ધરમમાં ક્યાં છૂટ છે છૂટાછેડાની! લે, કર વાત! આ તો કોથળામાંથી વળી નવું જ બિલાડું કાઢ્યું એના પતિએ. પણ જ્યારે આ વાતની ખબર એનાને પડશે ત્યારે? ત્યારે તેના શા હાલ થશે? વ્રોન્સ્કીના શા હાલ થશે? આ આડા અવળા આટાપાટાનો અંત કઈ રીતે આવશે?

એના અને વ્રોન્સ્કી વચ્ચેના સંબંધો વણસવા લાગ્યા અને એનાના પતિએ છૂટાછેડા આપવાની ના પાડી દીધી તે પછીનાં 'એના કેરેનિના'નાં કેટલાંક પ્રકરણમાં એનાના મનમાં ચાલતા વિચારો, મથામણ વગેરે આલેખાયાં છે. એના ડોલીને મળવા જાય છે ત્યારે ત્યાં કેટી પણ હાજર હોય છે. બન્ને બહેનો એનાને સાવ ઠંડો આવકાર આપે છે. ત્રણે વચ્ચે બહુ ઓછી વાત થાય છે. ઘરે પાછી ફરે છે પછી એનાને પોતાના જ ઘરમાં પણ બધું પરાયું ને દુશ્મનાવટભર્યું લાગે છે. વ્રોન્સ્કીને મળવાની તેના મનમાં તાલાવેલી જાગે છે એટલે એના નિઝની ટ્રેન-સ્ટેશને જવા નીકળે છે. રસ્તામાં એના મનથી ખૂબ અસ્વસ્થ છે, ગભરાયેલી પણ છે. આખી દુનિયા તેને ગંદી-ગોબરી, દુ:ખોથી ભરેલી અને ધિક્કારવા જેવી લાગે છે. આવી અસ્વસ્થ મનોદશામાં ટ્રેનમાં બેઠા પછી પહેલા જ સ્ટેશને તે

ઊતરી જાય છે. એ સ્ટેશને તેને વ્રોન્સ્કીનો એક નોકર મળી જાય છે જે તેને વ્રોન્સ્કીએ લખેલી એક ચિઠ્ઠી આપે છે. ચિઠ્ઠીમાનું લખાણ છે ટાઢુંબોળ. એ વાંચીને એના વધુ બેબાકળી થઈ જાય છે. પ્લૅટફૉર્મ પર આંટા મારવા લાગે છે. એકાએક તેને ભૂતકાળનો એ પ્રસંગ યાદ આવે છે. આવા જ એક પ્લૅટફૉર્મ પર તેણે પહેલીવાર વ્રોન્સ્કીને જોયો હતો. પહેલી નજરે જ બન્ને એકમેકના પ્રેમમાં પડ્યાં હતાં. એ વખતે રેલ્વેનો એક મજૂર ટ્રેન નીચે આવીને કપાઈ મૂઓ હતો. એનાના સૂચનથી વ્રોન્સ્કીએ તરત જ એ મજૂરના કુટુંબને મદદ કરવા માટે સ્ટેશન માસ્તરને પૈસા આપ્યા હતા. યાદ આવી જાય છે એનાને આ બધું. એ પ્રસંગ યાદ આવતાં જ એના મનોમન નિર્ણય લઈ લે છે. દૂરથી એક ટ્રેનને આવતી જુએ છે. ટ્રેન નજીક આવે છે કે તરત એના પ્લૅટફૉર્મ પરથી પાટા પર કૂદી પડે છે અને ઘડીના છઠ્ઠા ભાગમાં મોતને ભેટે છે. છેલ્લી ક્ષણોમાં તે મનોમન ઈશ્વરને પ્રાર્થના કરે છે , પોતાને માફ કરવા, આપઘાત કરવાના પોતાના પાતકને કૃપાદૃષ્ટિથી જોવા.

પણ અહીં નવલકથા પૂરી થતી નથી. બે વર્ષનાં વહાણાં વાય છે. સ્લાવિક લોકો પર સર્બ લોકો આપખુદીભર્યું દમનનું શાસન ચલાવે છે. રશિયામાં સ્લાવિક પ્રજા માટે સહાનુભૂતિનો જુવાળ આવ્યો છે. લેવિનનો ઓરમાન ભાઈ કોઝનિશેવ લેવિનને ગામ જવા રેલવે સ્ટેશને આવે છે. સર્બ લોકો સામેની સ્લાવિક પ્રજાની લડતમાં જોડાઈને તેમને ટેકો આપવા માટે રણમેદાનમાં જતા યુવાનોનાં ટોળાં સ્ટેશન પર ઊભરાયાં છે. એવા એક ટોળામાં વ્રોન્સ્કી પણ છે. એનાના મૃત્યુ પછી ભાંગી પડેલા વ્રોન્સ્કી માટે આ લશ્કરમાં જોડાવું ને સ્લાવિક પ્રજા માટે લડવું એ એકમાત્ર આશા બચી છે. એનાના મૃત્યુ પછી એના-વ્રોન્સ્કીની દીકરીને એનાનો પતિ પોતાની સાથે લઈ ગયો છે અને ઘણા ધમપછાડા મારવા છતાં વ્રોન્સ્કી તેને પાછી મેળવી શક્યો નથી. એનાના મૃત્યુને થયાં છે તો બે વર્ષ, પણ આ બે વર્ષમાં વ્રોન્સ્કી જાણે ઘરડો થઈ ગયો છે. સામે પડે છે લેવિનનું ઘર સુખ-શાંતિના ચિત્ર જેવું છે. જો કે લેવિન પોતે તો ધાર્મિક અને આધ્યાત્મિક શંકા, વિમાસણ, અવઢવથી પીડાઈ રહ્યો છે. પતિના મનની આ મૂંઝવણ અંગે કેટી પણ ચિંતાતુર છે. લેવિનની વિમાસણ આ છેઃ મારું અસ્તિત્વ શા માટે, મારી જિંદગી એટલે શું, મારી ફરજ શી- આ પ્રશ્નો વિષે ખ્રિસ્તી ધર્મ જે જવાબો આપે છે તે જો મને સ્વીકાર્ય ન હોય તો મારી પાસે બીજો કોઈ જવાબ છે ખરો? જો હું

ઈશ્વરમાં માનતો ન હોઉં, ખ્રિસ્તી ધર્મમાં મારી શ્રદ્ધા ન હોય; તો પ્રસૂતિ વખતે કેટી જીવન મરણ વચ્ચે ઝોલાં ખાતી હતી ત્યારે મેં ભગવાનને પ્રાર્થના કરેલી તે શું હતું? શ્રદ્ધા? દંભ? પરંપરાગત ટેવ? આ મથામણ એટલી તો કષ્ટદાયક બને છે કે ક્યારેક તો લેવિનને આપઘાત કરવાના વિચારો પણ આવે છે. ધીમે ધીમે કુટુંબથી, ખેતરોની દેખરેખથી તે અળગો થતો જાય છે. એવામાં એક દિવસ એક ખેડૂત સાથેની વાતચીત દરમિયાન લેવિનને સાક્ષાત્કાર થાય છે. થિયોડોર નામના ખેડૂત સાથે વાત કરતાં લેવિનને સમજાય છે કે આજ સુધી તે ઈશ્વરને ખાતર જ જીવી રહ્યો છે. પોતાના કુટુંબની, પોતાના ખેડૂતોની સુખાકારીનું ધ્યાન રાખવું, પોતાની આસપાસના લોકોના ભલા માટે બનતું કરી છૂટવું, એ પણ ભગવાનનું જ કામ છે. જનસેવા એ જ પ્રભુસેવા. એ સાક્ષાત્કાર થયા પછી થોડા દિવસે ભયંકર વાવાઝોડું આવે છે. કેટી અને અને દીકરાનો પત્તો નથી. તેમને શોધવા લેવિન જંગલમાં ભટકે છે ત્યારે તેને ફરી વખત સાક્ષાત્કાર થાય છે. જંગલમાં ભટકતો હતો ત્યારે તેનાથી બેચાર ડગલાં દૂરના એક ઝાડ પર વીજળી પડે છે. ઝાડ બળીને ઢળી પડે છે. બીજી જ ક્ષણે એ ઝાડથી થોડેક જ દૂર ઊભેલાં કેટી અને દીકરો લેવિનને દેખાય છે. વીજળી જ્યાં ત્રાટકી એનાથી બેચાર ડગલાં દૂર હતાં. છતાં અમે ત્રણે બચી ગયાં અને અમારો ફરી મેળાપ થયો. પ્રભુની દયા વગર, પ્રભુની ઈચ્છા વગર આમ બનવું શક્ય જ નથી. લેવિનને ખાતરી થઈ. એ રાતે ફરી લેવિન વિચારે ચડે છે. પ્રભુમાંની શ્રદ્ધા સૌ સૌની પોતીકી હોય છે. અંગત હોય છે. બીજાની શ્રદ્ધાને પડકારવાનો મને કોઈ હક્ક નથી. સૌને સૌની શ્રદ્ધા મુબારક. કેટી ઓરડામાં આવે છે અને વિચારોમાં ડૂબેલા પતિને પૂછે છે કે શું વિચારે છે તું? પણ લેવિનને થાય છે કે આ વિચારો એટલા તો અંગતતમ છે કે તે અંગે પત્ની સાથેય વાત ન કરાય. આ એવા વિચારો છે જેથી એના બહારના, દેખીતા જીવનમાં તો કશો ફરક પડે તેમ નથી. પણ આંતરિક જીવનને આ વિચારોએ સમૂળગું બદલી નાખ્યું છે. પત્નીના પ્રશ્ન સામે અનુત્તર રહેતા લેવિન સાથે કથા પૂરી થાય છે.

ઘણાખરા વિવેચકોનું માનવું છે કે લેવિનના પાત્રની ઓથે ટૉલ્સટોય પોતે રહ્યા છે. ટૉલ્સટોયે પોતાના જીવનમાં જે આધ્યાત્મિક - ધાર્મિક સંઘર્ષ અનુભવ્યો હતો તેનું જ નિરુપણ તેમણે લેવિનની મથામણ દ્વારા કર્યું છે. લેવિન- કેટીના પ્રેમ અને લગ્નજીવનના કેટલાક પ્રસંગો પર પણ ટૉલ્સટોયના પોતાના તેવા પ્રસંગોની છાયા પડેલી

છે. માલિકીભાવવાળો, આત્મકેન્દ્રી પ્રેમ સર્વનાશને નોતરે છે, નિઃસ્વાર્થ, મોકળો પ્રેમ જ જીવનને જીવવા જેવું બનાવે છે એવી પોતાની માન્યતાને ટૉલ્સટોયે આ નવલકથા દ્વારા રજૂ કરી છે. એના કેરેનિનાનો મુદ્રાલેખ છેઃ 'વેર લેવાનો હક્ક મારો છે અને તે હું સંભાળીશ'- આ વાક્ય બાયબલમાંથી લેવાયું છે. એટલે કે માણસને કોઈના ન્યાયાધીશ થવાનો, કોઈને સજા કરવાનો અધિકાર નથી. એ અધિકાર માત્ર ઈશ્વરનો છે. એનાને કોઈ અદાલત કે સમાજ સજા નથી કરતાં. દરેક માણસના હૃદયમાં બેઠેલો ઈશ્વર જ તેને સજા કરે છે. એનાનો આપઘાત તે તેણે પોતે પોતાને ફરમાવેલી સજા છે. એ અર્થમાં નવલકથાનો મુદ્રાલેખ સાર્થક થાય છે.

'એના કેરેનિના' નવલકથા પરથી આજ સુધીમાં ઓછામાં ઓછી ૨૭ ફિલ્મો બની છે. પહેલી મૂંગી ફિલ્મ ૧૯૧૦માં બની. ૧૯૩૫માં બનતી ફિલ્મમાં એનાનું પાત્ર પ્રખ્યાત અભિનેત્રી ગ્રેટા ગારબોએ ભજવેલું. ઈ.સ. ૨૦૦૦માં છેલ્લી ફિલ્મ બનેલી. ૧૯૬૧થી આજ સુધીમાં ટી.વી. માટે ચાર સિરિયલ-ફિલ્મ બની છે. આ નવલકથાની સંક્ષિપ્ત આવૃત્તિનો અનુવાદ ભોગીલાલ ગાંધીએ કર્યો હતો જે ૧૯૫૨માં બે ભાગમાં પ્રગટ થયો હતો.

●

૨૬. વાડ રંગવા ઊભેલા છોકરાની અમર વાત
ટૉમ સૉયર/ માર્ક ટ્વેન

લાકડાનાં ખપાટિયાં ખોડીને બનાવેલી વાડ. બાજુમાં ઊભેલો એક છોકરો. પાસે ભોંય પર સફેદ રંગનો ડબ્બો પડ્યો છે. છોકરાના હાથમાં છે રંગ કરવાનું બ્રશ. આવી સાવ મામૂલી લાગે એવી સામગ્રી. પણ દુનિયા આખીની નવલકથાઓમાં અમર, અપૂર્વ, અનન્ય પાત્ર અને પ્રસંગ તેમાંથી નીપજાવ્યાં એક અમેરિકન સર્જકે. વાડ પાસે ઊભેલા પેલા નટખટ, ચાલાક, સાહસિક છોકરાનું નામ? યુરોપ- અમેરિકામાં લાખો છોકરાનું જે હોય તે, ટૉમ. પણ આ ટૉમ તે 'ટૉમ, ડિક હેરી'માં નો ચહેરા વગરનો ટૉમ નહીં. પણ ટૉમ સૉયર, પરાક્રમી ટૉમ સૉયર. માર્ક ટ્વેનનો માનસપુત્ર.

'ઍડવેન્ચર્સ ઑફ ટૉમ સૉયર'નો આ ટૉમ ભારે તોફાની. વડનાં વાંદરાંને સારાં કહેવડાવે તેવો. આન્ટ પૉલીના ઘરમાં રહે. સાવકો ભાઈ સિડ. ડાહ્યોડમરો. શાણો, ઠરેલ. પણ ભારે ચુગલીખોર. ટૉમનાં પરાક્રમોની ચાડી આન્ટ પૉલિ પાસે ખાય. પરિણામે ટૉમને સજા, સિડને મજા. ઘરમાં છોકરી પણ ખરી, મેરી. મિસિસિપી નદીને કિનારે આવેલા એક નાના ગામમાં એ બધાં રહે. ગામનું નામ સેન્ટ પીટર્સબર્ગ. ગામ એટલું નાનું કે આખા ગામમાં બધાં એકબીજાંને ઓળખે. એકબીજાંનાં સુખદુ:ખ વહેંચે. લોકો ધાર્મિક, ભીરુ, કૂડકપટ ઝાઝાં નહીં.

ટૉમને નિશાળ સાથે બારમો ચન્દ્રમા. લાગ આવે ત્યારે ભાગીને દોસ્તારો સાથે ગિલ્લીદંડા રમે, લખોટીઓ આંટે, ગામના લોકો જેને ગામનો ઉતાર ગણતા એ હકલબારી ફિન- હક- નામનો છોકરો ટૉમનો જિગરજાન દોસ્ત. રાતે બધાં સૂઈ જાય પછી ટૉમભાઈ બારીમાંથી કૂદીને ભાગે અને હક સાથે તોફાનમસ્તીના રોજ નવા નવા ખેલ પાડે. ટૉમ ભલે ભણવામાં અલ્લાયો, પણ ચાલાક- ચતુર ભારેનો. તોફાનમસ્તી કરે, પણ એવી રીતે કે પકડાય નહીં. હા, પેલો સિડિયો ચાડી ખાય ત્યારે જે થાય

તે જુદી વાત. એક દિવસ ટૉમે નિશાળમાં મારી દાંડી ને ઊપડયો તરવા. પણ ઘરમાં સિડે ધજાગરો ફરકાવ્યો ટૉમનાં પરાક્રમનો. આન્ટ પૉલિ રાતીપીળી. ટૉમને સજા કરી. ઘરની વાડનો રંગ ઝાંખો પાંખો થઈ ગયો છે. લે આ ડબલું ને બ્રશ. સાંજ સુધીમાં આખી વાડ ધોળાઈ જવી જોઈએ. હવે આવી ઊઠવેઠ કરવાનો ટૉમને ભારે કંટાળો. માથું ખંજવાળવા લાગ્યો. હવે કરવું શું? ત્યાં જ બત્તી થઈ. ગાતાંગાતાં, હસતાં હસતાં વાડ રંગવા મંડ્યો, જાણે મોજમજાનું ગાડું ન મળ્યું હોય! જોતજોતામાં તો ફળિયાના દોસ્તારો ટૉમને ઘેરી વળ્યા. આ વાડ રંગવામાં તો બહુ મજા મજાની લાગે છે. 'અમનેય રંગવા દે ને, ટૉમ.' એકને કહ્યું કે પાંચ લખોટી આપ, બીજાને દસ કોડી, ત્રીજાને લંગરની દોરી, ચોથાને ચાર પતંગિયા આપ 'તો વાડ રંગવા દઉં' ટૉમ ઉવાચ. ટૉમનાં ખિસ્સાં ભરાવા લાગ્યાં. છોકરાઓ મંડી પડ્યા વાડને ધોળવા. ટૉમભાઈ થોડે દૂર જઈ ઝાડની છાયામાં આરામથી બેઠા.

સ્કૂલમાં જાય તો દિવસે દોસ્તો સાથે ધિંગામસ્તી, હાહાહીહી. બેકી થેચર નામની એક રૂપાળી છોકરી સ્કૂલમાં ભણે. ગામના ન્યાયાધીશની એની એક દીકરી એટલે જરા ઓદ્ધું. પણ રુડી ટૉમની આંખમાં વસી ગઈ. બેકી પણ પાણીપાણી. પણ પછી ટૉમે બાફયું. કહે,'એમી લોરેન્સ પણ મને તારા જેટલી જ ગમે છે.' બસ, બેકી બહેનનું ફટક્યું. જા, આજથી તારી સાથે કિટ્ટા, ટૉમિયા! અને ટૉમ તો જાણે નાનકડો દેવદાસ! દુઃખ દૂર કરવા એક રાતે હકને લઈ પહોંચી ગયો ગામના કબ્રસ્તાનમાં, જંતરમંતર ને મેલી વિદ્યા શીખવા. પણ મનમાં ભૂતની ફડક. કબ્રસ્તાનમાં કોઈની વાતોનો અવાજ કાને પડ્યો. નક્કી ભૂતો વાતો કરે છે માની સંતાઈ ગયા. ત્યાં તો ગામનો ગુંડો ઈનજુન જો, દારૂડિયો મફ પૉટર અને ડૉક્ટર રૉબિનસન દેખાયા વાતો કરતા, ઝગડતા. ડૉક્ટરે દારૂડિયા મફને માથામાં ખપાટિયું મારી બેભાન કરી દીધો. ગુંડા જોએ મફનો છરો આંચકી લીધો અને ડૉક્ટરની છાતીમાં હુલાવી દીધો. પછી લોહીભર્યો છરો બેભાન મફના હાથમાં પકડાવી ગુંડો જો ભાગી છૂટયો. નચિંત હતો- ડૉક્ટરના ખૂનનો આરોપ મફને માથે આવશે. મને ખૂન કરતો ક્યાં કોઈએ જોયો છે? પણ ટૉમ અને હકે છુપાઈને આ આખો ખેલ ધ્રૂજતાં ધ્રૂજતાં જોયેલો. બન્નેએ નક્કી કર્યું કે આ અંગે કોઈને હરફ સુદ્ધાં ન કહેવો, નહિતર ગુંડો તો આપણને જીવતા નહીં છોડે.

બીજો દિવસ ટૉમ માટે કરમબુંધિયાળ નીકળ્યો. સિડે ચાડી ખાધી

એટલે આન્ટ પૉલિનું વઢામણ ખાવું પડ્યું. સ્કૂલમાં ગયો તો બેકીએ હડધૂત કર્યો. ટૉમભાઈને ઝાળ લાગી. આવા બકાલ લોકો સાથે શીદ રહેવું! આના કરતાં તો ચાંચિયાગીરી કરવી સારી. ત્રણ ચાંચિયાની ગૅન્ગ બનાવી. જિગરી દોસ્ત હક તો હોય જ, જો હાર્પર અને ટૉમ પોતે. મિસિસિપિ નદીની વચમાં જૅકસન આયલૅન્ડ નામે એક ટાપુ. ત્રણે જણા પહોંચી ગયા એ ટાપુ પર દુનિયા સામે બહારવટું માંડવા. પણ સાંજ પડતાં સુધીમાં તો ગામ આખામાં કાળો કકળાટ થઈ ગયો. ગામના ત્રણ ત્રણ છોકરા લાપતા હતા. કોઈએ તેમને નદીમાં તરતા જોયેલા. બસ, થઈ રહ્યું. ગામલોકોએ માની લીધું કે ત્રણે છોકરા ડૂબી મૂઆ. માત્ર ત્રણ ઘરમાં નહીં, ગામ આખામાં રોકકળ. નદીમાં મૃતદેહોની શોધાશોધ. બીજી બાજુ સવારે ત્રણેને અવલ મંઝિલે પહોંચાડવાની તૈયારી. એ રાતે ગામ આખામાં ભાગ્યે જ કોઈ સૂતું હશે. સવારે ગામના દેવળમાં મેદની હકડેઠઠ. શબ તો મળ્યાં નહોતાં એટલે ત્રણના આત્માને શાંતિ આપવા પરમકૃપાળુ જિસસને પ્રાર્થના શરૂ થઈ. ત્યાં તો જાણે કાંઈ જ ન બન્યું હોય તેમ ટૉમ, હક અને હાર્પર આરામથી ચાલતા દેવળમાં દાખલ થયા! ઘડીભર તો ગામલોકો ડઘાઈ ગયા. આ છોકરાઓ ખરેખર જીવતા છે કે પછી આ તો તેમનાં ભૂત? પણ પછી ઉઠમણું આનંદઓચ્છવમાં બદલાઈ ગયું.

આખી રાત જૅક્સન આયલૅન્ડ પર એકલા ગાળી આવનાર ત્રણે છોકરા ઘણા ગામલોકોને મન તો હીરો બની ગયા. પણ પેલી માળી બેકી! ટૉમ તો જાણે સગતરું હોય તેમ વર્તે. પણ ટૉમ કાંઈ એમ ગાંજ્યો જાય? જજની બેટી એના મનમાં સમજે છે શું? હવે તો ઘણા ગામલોકોય 'ટૉમભાઈ' કહીને બોલાવે છે, પણ બેકીબાઈના નાકનું ટીચકું તો હજી ચડેલું ને ચડેલું. રિસેસમાં માસ્તરની ચોપડી લઈને બેકી તે વાંચવા એક ખૂણામાં બેઠી. ટૉમની નજરે પડી. મોટી ભણેશરી ન જોઈ હોય તો! હળવે પગલે ટૉમ પહોંચ્યો બેકી પાસે ને તેના હાથમાંની ચોપડી ખેંચી. ગભરાયેલી બેકીએ બમણા જોરથી સામી ખેંચી. ચોપડીથી આ સહેવાયું નહીં. એ જ ઘડીએ ફાટી ગઈ. રિસેસ પછી માસ્તર બેકી પર રાતાપીળા. બેકીને સજા કરવા જતા હતા ત્યાં ટૉમે ઊભા થઈને કહ્યું કે ચોપડી બેકીથી નહીં, મારાથી ફાટી છે. માસ્તરે ટૉમને બાકીનો દિવસ મુર્ગો થઈને ઊભો રહેવાની સજા કરી. વર્ગનાં બીજાં છોકરાં મનમાં હસતાં હતાં. પણ બેકીએ માંડ આંસુ રોકી રાખ્યાં. થયુંઃ ના, ના. ટૉમડો છે તો સારો માણસ.

હું તેને હડેહડે કરતી'તી તોય ખોટું બોલીને ગુનો પોતાને માથે લઈ લીધો ને મને માસ્તરની સજામાંથી બચાવી. મનોમન બોલવા લાગી: 'મને માફ કર, ટૉમ, હવેથી તને ટલ્લે નહીં ચડાવું. આજથી આપણે બે.... 'પછી ટૉમ અને બેકીનું શું થયું?

ભમરાના ત્રાસમાંથી છોડાવીને દુષ્યંતે શકુંતલાનું દિલ જીતી લીધેલું તેમ માસ્તરના મારમાંથી બચાવી લઈને ટૉમભાઈએ બેકીનું દિલ જીતી લીધું. પણ દુષ્યંત-શકુંતલા આડે તેની સખીઓની હાજરી આવેલી. ટૉમ બેકીની આડે સ્કૂલમાં પડેલું વેકેશન આવ્યું. વળી એ જ વખતે ડૉક્ટર રૉબિન્સનના ખૂન માટે મફ પોર્ટર પરનો ખટલો પણ શરૂ થયો. અદાલત નિર્ણય આપે તે પહેલાં જ ગામના લોકોએ તો નિર્દોષ બચાડા મફને ખૂની ઠરાવી દીધો હતો પણ ખટલા દરમિયાન એક સાક્ષી તરીકે ટૉમને બોલાવવામાં આવે છે. સૌના આશ્ચર્ય વચ્ચે ટૉમ જુબાની આપે છે કે ડૉક્ટર રૉબિન્સનનું ખૂન મફે નથી કર્યું, પણ પેલા બદમાશ જોએ કર્યું છે એને તેનું ખૂન કરતા મારી સગ્ગી આંખે જોયેલો. ટૉમની આ જુબાનીના બાબતના સમાચાર, સિપાઈઓ જોને પકડે એ પહેલાં તો ભરી અદાલતમાંથી જો ભાગી છૂટે છે. અદાલત તેને ભાગેડુ જાહેર કરે છે અને મફને નિર્દોષ ઠરાવી છોડી મૂકે છે. પણ હવે ટૉમ અને હકના પેટમાં ફાળ પડે છે. નક્કી આ જો હવે વેર વાળવાનો. પણ સખણો બેસી રહે તો એ ટૉમ શાનો! કાર્ડિફ હિલ પર આવેલા એક ભૂતિયા બંગલામાં ખજાનો દટાયો છે એવા વાવડ મળે છે. ટૉમ અને હક ત્યાં પહોંચીને ખજાનાની શોધમાં મચી પડે છે. ત્યાં તો બે માણસો એ બંગલામાં દાખલ થાય છે. તેમાંના એકને જોઈને ટૉમની છાતીના ધબકારા વધી જાય છે કારણ એ છે જો. બહેરા- મૂંગા અસ્પાનિયાનો વેશ તેણે ધારણ કર્યો છે છતાં ટૉમની બાજ નજર તેને ઓળખી જાય છે. પેલા બન્ને છસ્સો ડૉલર ભરેલી એક કોથળી બંગલામાં સંતાડે છે પણ તેમ કરવા જતાં તેમના હાથમાં પેલો ખજાનો ભરેલો પટારો આવી પડે છે. બન્ને જણા પોતાનો ચોરીનો માલ 'નંબર ટુ, અન્ડર ધ ક્રૉસ' નીચે સંતાડવાનું નક્કી કરે છે. ટૉમ અને હક બન્નેનો પીછો કરે છે.

વેકેશનમાં બહારગામ ગયેલી બેકી પાછી આવી પોતાના દોસ્તારો માટે પિક્નિક ગોઠવે છે. પિક્નિક દરમિયાન છોકરાઓ ફરતાં ફરતાં મેક્ડુગલની ગુફા આગળ આવે છે. બીજા બધા દોસ્તો મોજમજામાં મશગૂલ હતા ત્યારે ટૉમ અને બેકી પેલી ગુફામાં સરકી જાય છે. બધાં

જ્યારે પિકનિકની મોજમજામાં મસ્ત હતાં ત્યારે ટેમ્બરન્સ નામની વીશી પાસે છુપાઈને હક ઊભો હતો. ટોમને ખાતરી હતી કે ક્યારેક તો જો અહીં દેખા દેશે. હક આખો દિવસ રાહ જોઈને કંટાળેલો. ત્યાં જ જો અને તેનો જોડીદાર લપાતા છુપાતા વીશીમાંથી બહાર નીકળ્યા અને પેલા ભૂતિયા બંગલા તરફ ઉપડ્યા. પણ પછી ત્યાં જવાને બદલે ઘરડી વિધવા ડગલાસને ઘરે પહોંચ્યા. આ ઘરડી બાઈ ઘણી માયાળુ હતી અને અગાઉ તેણે ઘણીવાર હકને મદદ કરેલી. એટલે હક દોડીને જોન્સને ચેતવે છે. જોન્સ અને તેના બે દીકરા દોડે છે ડગલાસને ઘરે અને જો અને તેના સાથીને ગભરાવીને ભગાડી મૂકે છે. આખા ગામમાં એક બાજુ વિધવા ડગલાસ પરના હુમલાની વાત ફેલાય છે તો બીજી બાજુ પિકનિક દરમિયાન ટૉમ અને બેકી ગુમ થયાં છે એ ખબર આવે છે. આખું ગામ બન્નેને શોધવા ઉપરતળે થઈ જાય છે.

પેલી બાજુ ગુફાના ભૂગર્ભ માર્ગોમાં પહોંચેલાં ટૉમ-બેકી ભૂલાં પડી ગયેલાં. તેમની પાસેનું ખાવાનું ખૂટી પડેલું. અંધારા ભોંયરામાં પોતાની પાસેની મીણબત્તીઓ બાળી બાળીને બન્ને બહાર નીકળવાનો રસ્તો શોધી રહ્યાં હતાં, પણ હવે છેલ્લી મીણબત્તી પણ બળી રહેવા આવી હતી. તેના ઝાંખા અજવાળામાં ટૉમ થોડે દૂર એક માણસને જુએ છે. બૂમ પાડીને બોલાવે છે પણ ટૉમને જોતાવેંત એ માણસ ભાગે છે. કારણ, એ તો હતો પેલો ખૂની જો! બેકીને કશું કહ્યા વગર ટૉમ ફરી બહાર નીકળવાનો રસ્તો શોધવા માંડે છે. મીણબત્તીની જ્યોત છેલ્લા ઝબકારા લઈ રહી છે. હમણાં અંધારું ઘોર થઈ જશે, પણ ત્યાં તો થોડે દૂરથી આવતું અજવાળું દેખાય છે. એ હતી નાનકડી ડોકાબારી. બેકી અને ટૉમ એ રસ્તે પેલી ગહન ગુફામાંથી બહાર આવે છે. તેમને પાછાં આવેલાં જોઈને ગામલોકોના હરખનો તો પાર નથી. ફરી આવો અકસ્માત ન બને એટલા ખાતર બેકીનો બાપ જજ થૅચર ગુફાનું મોં કાયમ માટે જડબેસલાક બંધ કરાવી દે છે. થોડા દિવસ પછી ટૉમ જજને કહે છે કે તમે ગુફાનું મોં તો બંધ કરાવ્યું પણ ખૂની જો ગુફામાં જ છુપાયેલો છે. ગુફાનું મોં ખોલીને તપાસ કરાય છે અને ત્યારે ભૂખ-તરસથી મરી ગયેલા જોનું શબ ગુફામાંથી મળી આવે છે.

ટૉમ અને હક એકબીજાને મળે છે ત્યારે ફરી પેલા છૂપા ખજાનાની શોધમાં નીકળી પડે છે. ખજાનો જડે છે. લઈને પાછા આવે છે ત્યાં તો વિધવા ડગલાસનું તેડું આવે છે. વિધવા ડગલાસ કહે છે કે હકે મારો જીવ

બચાવ્યો એ ઉપકાર હું ક્યારેય નહીં ભૂલું. બદલારૂપે હું હકને રહેવા માટે મકાન આપું છું. અને તેના ભણવાનો બધો ખર્ચ આજથી હું ઉઠાવીશ. પણ ટૉમ વિનયપૂર્વક પણ અભિમાનથી કહે છે કે હવે અમને કોઈની ખેરાતની જરૂર નથી. ભણતર, રહેઠાણ બધા જ પ્રશ્નો જાતે ઉકેલી શકીએ એટલા પૈસા હવે અમારી પાસે છે. આમ કહી તે છૂપા ખજાનામાંથી મળેલા બાર હજાર ડૉલરમાંથી મુઠ્ઠો ભરી વિધવા ડગલાસને બતાવે છે. વિધવા બાઈનો આભાર માની બન્ને પાછા ફરે છે અને પાછા ફરતાં રસ્તામાં ભવિષ્યની યોજનાઓ ઘડે છે; હવે બનવું છે જેનાથી આખી દુનિયા થથરે એવા ચાંચિયા!

ટૉમ અને હક તો પછી ચાંચિયા બન્યા કે નહીં તે રામ જાણે, પણ માર્ક ટ્વેનની આ નવલકથા એડવેન્ચર્સ ઑફ ટૉમ સૉયર ચાંચિયાગીરીનો ભોગ બની! તેની બ્રિટિશ આવૃત્તિ ૧૮૭૬ના જૂનની નવમી તારીખે પ્રગટ થઈ અને ધૂમ વેચાવા લાગી. તેના મોંફાટ વખાણ કરતા અવલોકનો અમેરિકન છાપામાં પણ છપાયાં. પણ કોણ જાણે કેમ અમેરિકન આવૃત્તિના પ્રકાશકે અસાધારણ વાર લાગવું. દરમિયાન કેનેડાના એક પ્રકાશક પાઈરેટેડ એડિશન છાપીને પાણીને ભાવે અમેરિકામાં વેચાવા માંડી. વળી તેણે એક સાથે ત્રણ આવૃત્તિ બહાર પાડેલી- એકની કિંમત ૭૫ સેન્ટ, બીજીની એક ડૉલર, ત્રીજીની સવા બે ડૉલર; પરિણામે મોડી મોડી જ્યારે અમેરિકન આવૃત્તિ બહાર પડી ત્યારે ધાર્યા કરતાં તેની ઘણી ઓછી નકલો વેચાઈ. પ્રકાશકે કરેલી ઢીલથી છેડાયેલા માર્ક ટ્વેને પોતાની પ્રકાશન સંસ્થા શરૂ કરી. ટૉમ સૉયરના અનુસંધાનમાં લખેલી નવલકથા તેણે પોતે જ છાપીને વેચી. ટોમ સૉયર પરથી પહેલી બ્લૅક ઍન્ડ વ્હાઈટ અને મૂંગી ફિલ્મ બની ૧૯૦૭માં, બીજી ૧૯૧૭માં. ૧૯૩૦માં ત્રીજી. ૧૯૪૭માં રશિયન ભાષામાં યુએસએસઆરમાં ફિલ્મ બની. ૧૯૭૩માં અને ૧૯૯૫માં અમેરિકામાં કલર અને મ્યુઝિકલ ફિલ્મ. ઈ.સ.૨૦૦૦માં આવી એનિમેટેડ, મ્યુઝિકલ, કલર ફિલ્મ આ નવલકથાનો અફલાતુન અનુવાદ આપણાં અગ્રગણ્ય સર્જક ધીરુબહેન પટેલે કર્યો છે જે પહેલીવાર ૧૯૬૦માં પ્રગટ થયેલો. ૧૯૯૩માં તેનું પુનર્મુદ્રણ થયું છે.

●

૨૭. અર્વાચીન અમેરિકન સાહિત્યનો દાદો
હકલબરી ફિન/ માર્ક ટ્વેન

'ઍડ્વેન્ચર્સ ઑફ ટૉમ સૉયર'માં ટોમનો જે સાથી હતો તે જ હક એ નવલકથાના અનુસંધાનમાં લખાયેલ 'ધ ઍડવેન્ચર્સ ઑફ હકલબરી ફિન'માં કથાનું મુખ્ય પાત્ર બને છે. હક પોતાની આપવીતી કહેતો હોય એ રીતે આ કથાનો આરંભ થાય છે. આગલી નવલકથામાં ટૉમ અને હકને બાર હજાર ડૉલરનો દલ્લો મળ્યો તે પછી જજ થૅચરે તેમના વતી એ પૈસા યોગ્ય જગ્યાએ રોક્યા હતા. વિધવા ડગલાસ અને મિસિસ બોટસન હકને છોકરો માની તેને લાડકોડથી ઉછેરવા લાગી હતી.પણ કોઈના ઘરમાં ઠરીઠામ અને ડાહ્યાડમરા થઈને રહેવાનું ગોઠયું નહિ એટલે તે એમનું ઘર છોડી ભાગ્યો. પણ દોસ્ત ટૉમ તેને સમજાવી - પટાવીને પાછો લઈ આવ્યો. તેણે હકને પટ્ટી પઢાવી કે આપણે ગામના છોકરાઓને ભેગા કરી બહારવટિયાઓની ટોળી બનાવીશું ને ઢિશુમ્ ઢિશુમ્ કરશું. હક પાછો ફર્યો તે પછી ગામના ઘણા ખરા ટપોરીઓ હક - ટૉમની ટોળકીમાં જોડાયા પણ ખરા. એક ગુફામાં બધા અવારનવાર એકઠા થતા અને ક્યાં છાપો મારવો, ક્યાં લૂંટ ચલાવવી એના હવાઈ કિલ્લા ચણતા. પણ થોડા વખતમાં જ મોટાભાગના ટપોરીઓ આવા શેખચલ્લીનાં સપનાં જોઈ જોઈને કંટાળી ગયા અને ટોળકીમાંથી ટપોટપ ખરવા લાગ્યા.

હવે બન્યું એવું કે કેટલાય વખતથી ગુમશુદા થયેલા હકના બાપાને ખબર પડી કે તેના દીકરા પાસે મોટો દલ્લો આવ્યો છે એટલે એ દલ્લો તેની પાસેથી પડાવી લેવા હકનો બાપ ગામમાં પાછો આવ્યો. એ પાછો આવ્યો છે એવા વાવડ મળતાં જ હક દોડ્યો જજસાહેબને ઘરે અને માત્ર એક ડૉલરના બદલામાં તેણે દલ્લામાંનો પોતાનો હિસ્સો વેચી દીધો. પણ બાપ કાંઈ ગાંજ્યો જાય એવો નહોતો. બેટા પાસે એક ડૉલર તો હતો ને! એય આંચકી લીધો. ઉપરથી ડારો દીધો: 'ખબરદાર ! જો કાલથી ઈસ્કોલ-

મિસ્કોલનું નામ પણ લીધું છે તો! મારી મારીને ખાલ ઉખેડી નાખીશ. વિધવા ડગલાસે હકને ફરી પોતાના તાબામાં લેવા માટે અદાલતનાં દ્વાર ખખડાવ્યાં, પણ ગામમાં નવા આવેલા બીજા એક જજસાહેબે તેની વિરુદ્ધમાં ચુકાદો આપ્યો અને કહ્યું કે હવેથી હકે બાપા સાથે જ રહેવું પડશે. વિધવા ડગલાસને ઘરેથી હકને તેનો બાપ તાબડતોબ ઉપાડી લાવ્યો અને તેની સાથે ગામથી થોડે દૂર એક લૉગ-કૅબિનમાં રહેવા લાગ્યો. ત્યાં તે હકને વારંવાર સારી પેઠે મેથીપાક ખવડાવતો એટલે એક દિવસ બાપ હટાણું કરવા ગયો હતો ત્યારે હક પોબારા ગણી ગયો. ભાગતાં પહેલાં તેણે એક ભૂંડને મારીને તેનું લોહી લૉગ-કૅબિનમાં ઠેર ઠેર છાંટયું જેથી બાપને લાગે કે તેની ગેરહાજરીમાં લૂંટારા હકને મારી મારીને ઉઠાવી ગયા છે. પછી એક તરાપા પર ચડીને મિસિસિપી નદીમાં આવેલા જૅક્સનટાપુ પર હક પહોંચ્યો. ત્યાં છુપાઈને રહેવા લાગ્યો. ત્યાં તેને અચાનક મિસ વોટસનને ત્યાંથી ભાગી છૂટેલા હબસી ગુલામ જિમનો ભેટો થયો. બંને ધીમેધીમે દોસ્ત બની ગયા. પણ થોડા વખત પછી મિસિસિપી નદીમાં ઘોડાપૂર આવ્યું અને ગામલોકોની કેટલીયે ઘરવખરી તેમાં તણાતી દેખાઈ. એક આખેઆખી લૉગ-કૅબિન પણ તણાતી તણાતી ટાપુ પાસે આવી. પોતાને કામ લાગે એવી કોઈ જણસો તેમાં હોય તો તે લેવા જિમ તેમાં ઘૂસ્યો. એક ખૂણામાં એક મરેલા માણસને તેણે જોયો. જિમ એ માણસને ઓળખી ગયો. એ હતો હકનો બાપ, પણ આ હકીકત જિમે હકથી છાની રાખી. પૂર ઓસર્યા પછી છોકરીનો વેશ ધારણ કરીને હક ગામમાં ગયો. તેનો ઈરાદો ગામલોકોના વાવડ જાણવાનો હતો. એક બાઈના કહેવા પરથી જાણ્યું કે ગામલોકો માનતા હતા કે હકનું ખૂન થયું છે અને હકના બાપ અને ભાગી છૂટેલા ગુલામ જિમે એ ખૂન કર્યું હતું એમ ગામલોકો માને છે. બાઈએ એમ પણ કહ્યું કે જિમ ભાગીને જેક્સન ટાપુ પર સંતાયો છે એમ તેનું માનવું છે. આ સાંભળતાવેંત હક તાબડતોબ પાછો ફર્યો અને તેણે અને જિમે તરત જ ટાપુ છોડી દીધો

બંને જણ એક મોટા તરાપા પર તરવા લાગ્યા. રાતના અંધારામાં તરે અને દિવસે ક્યાંક છુપાઈ જાય. એવામાં એક દિવસ ભયંકર વાવાઝોડું ફૂંકાયું. બંનેએ નદીના પાણીમાં ફસડાઈ પડેલી એક સ્ટીમબોટ જોઈ. બંને બોટ પર જઈ પહોંચ્યા. પણ ત્યાં તે બે એકલા નહોતા. બીજા ત્રણ ચોરો પણ ત્યાં હતા. તેમાંના બે ચોર મળી ગયા હતા અને ત્રીજાનું કાસળ કાઢવાનો પેંતરો રચી રહ્યા હતા. તેમની વાતો કાને પડતાં હક અને

જિમે ત્યાંથી પોબારા ગણવાનું નક્કી કર્યું. પણ ત્યાં સુધીમાં તો તેમનો તરાપો નદીમાં તરતો તરતો ક્યાંય આગળ નીકળી ગયો હતો. પણ સારે નસીબે સ્ટીમબોટમાંની નાનકડી હોડી બંનેના હાથમાં આવી અને તેઓ તેમાં બેસીને ભાગી છૂટયા. થોડે દૂર ગયા પછી તેમણે જોયું તો પેલી સ્ટીમબોટ હવે નદીના પાણીમાં પૂરેપૂરી ડૂબી ગઈ હતી. થોડે દૂર ગયા ત્યાં તેમને પોતાનો તરાપો પણ મળી ગયો. બંને તેના પર ફરી ચડી બેઠા.

એક જ તરાપા પર જોડાજોડ તરતાં તરતાં હક અને જિમ જિગરજાન દોસ્ત બની ગયા. બંનેનો ઈરાદો ગુલામીની પ્રથામાં સબડતા દક્ષિણનાં રાજ્યોને પાછળ મૂકીને ગુલામીની પ્રથાથી ઘણે અંશે મુક્ત એવાં ઉત્તરનાં રાજ્યોમાં પહોંચવાનો હતો. પણ એકવાર ગાઢ ધુમ્મસમાં બંને એકમેકથી વિખૂટા પડી ગયા. સવારે ધુમ્મસ ઓસરતાં બંને એકમેકને ફરી શોધી શક્યા, પણ ત્યારે તેમના ધ્યાનમાં આવ્યું કે જ્યાં જવા ધાર્યું હતું તે બંદર તો રાતમાં ક્યાંય પાછળ છૂટી ગયું હતું. છતાં બંને નદીના પ્રવાહ સાથે આગળ ને આગળ તણાતા રહ્યા.

એક દિવસ એક સ્ટીમબોટ તેમના તરાપા સાથે અથડાઈ એટલે જાન બચાવવા હક અને જિમ તરાપા પરથી પાણીમાં કૂદી પડ્યા. હક તરીને કિનારે પહોંચ્યો તો કૂતરાઓ તેને ઘેરી વળ્યા. પછી તે ગ્રેંગફોર્ડ કુટુંબ સાથે રહેવા લાગ્યો, પણ જિમની યાદ તેને સતત સતાવતી હતી. ભાળ કાઢતાં તેને ખબર મળ્યા કે જિમ પણ થોડે દૂર નદી કિનારાની કાદવિયા ભૂમિમાં સંતાઈને રહેતો હતો. જિમને બદલે હવે હકને નવો દોસ્ત મળ્યો, બક. પણ હકનું નસીબ બે ડગલા આગળ. ગ્રેંગફોર્ડ કુટુંબ અને શેપર્ડસન્સ કુટુંબ વચ્ચેની જૂની અદાવત એકાએક ફરી ભભૂકી ઊઠી. એક રાતે ગ્રેંગફોર્ડ કુટુંબ પર હિચકારો હુમલો થયો જેમાં કુટુંબના બધા પુરુષ સભ્યોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા. હકનો નવો દોસ્ત પણ એ હુમલામાં કપાઈ મૂઓ. પણ ગમે તેમ કરીને હક પોતાનો જીવ બચાવીને નાઠો. પો ફાટ્યો ત્યારે તેના જીવમાં જીવ આવ્યો. હવે પાછા એ ગામમાં જવાનું તો નામ લેવાય તેમ જ નહોતું અને પોતાના જિગરી દોસ્ત જિમની યાદ તો હકને કોરી ખાતી હતી જ. એટલે હક હવે નીકળી પડ્યો, નદીને કિનારે ચાલતો ચાલતો દોસ્ત જિમને શોધવા.

જે શોધે છે તે પામે છે. હક નીકળ્યો હતો પોતાના મિત્ર જિમને શોધવા અને જિમ તેને મળ્યો. બંનેએ ફરી નદીની મુસાફરી શરૂ કરી.પણ ત્યાં તો નવી આફત. પોતાને રાજા અને વજીર તરીકે ઓળખાવતા

નદીમાં તણાતા બે દુખિયારા જણ પર દયા આણીને બચાવ્યા. પણ એ બે ખરેખર તો હતા મહાઠગ! બંનેએ બચાવનારાઓનો તરાપો જ પચાવી પાડ્યો. હક અને જિમને ગુલામ જેવા બનાવી દીધા. નદીના પ્રવાહ સાથે વહેતાં જ્યાં ગામ આવે ત્યાં રોકાય. એક કે બીજું તિકડમ કરીને લોકોને ઠગે. જોતજોતામાં બંને ઠગ ચારસો ડૉલર કમાયા. પછી બીજા એક ગામમાં ત્રણ નિરાધાર છોકરીઓના 'કાકા' બની તેમની બધી મિલકત હડપ કરી ગયા. હકને ત્રણ છોકરીઓની દયા આવી. ત્રણમાંથી મોટી મેરી સાથે મળીને તેણે એક યોજના ઘડી. એ યોજના પ્રમાણે મેરી ઘર છોડીને થોડા વખત માટે જતી રહી. પણ ત્યાં તો છોકરીઓનો ખરેખરો કાકો ગામમાં આવી પહોંચ્યો, પણ કોઈ તેને ખરો કાકો માનવા તૈયાર નહીં. ગામના વકીલે ત્રણેની પરીક્ષા લેવાનું નક્કી કર્યું, પણ પેલા બે ઠગે એવી ચાલાકી અને એવી હોશિયારીથી જવાબો આપ્યા કે વકીલના હાથ પણ હેઠા પડ્યા. ત્યારે ખરા કાકાએ કહ્યું કે મારા મરહૂમ ભાઈ પીટરની છાતી પર છૂંદણાં હતાં. ઠગો કહે કે નહોતા. ગામ લોકોએ પીટરની કબર ખોદી તો... પણ એ બધી ધાંધલ ધમાલનો લાભ લઈને હક અને જિમે તો દોટ મૂકી અને જઈ પહોંચ્યા પોતાના તરાપા પર. પણ પીટરની છાતી પર છૂંદણાં હતાં એ જોતાંવેંત બંને ઠગોએ પણ ગામમાંથી પોબારા ગણ્યા ને થોડી મહેનત પછી પાછા પેલા તરાપા પર જઈ પહોંચ્યા. આગળ જતાં એક ગામ આવ્યું ત્યાં પેલા ઠગોએ જિમને ગુલામ તરીકે વેચી માર્યો. પણ હક કાંઈ હાથ જોડીને બેસી રહે એવો નહોતો. સીધો પહોંચ્યો જિમને ખરીદનારના ઘરે. હવે કાગનું બેસવું ને તાડનું પડવું તે એ ઘર હતું ટૉમ સૉયરની સેલિકાકીનું. પણ પૈસા આપીને ખરીદેલા ગુલામને એમ કોઈ છોડી મૂકે? ત્યાં તો હકને અણધારી મદદ મળી. આવી પહોંચ્યો ટૉમ. એક સે ભલે દો. હવે બંનેએ જિમને ભગાડીને ગુલામીમાંથી છોડાવવાનો તાકડો રચ્યો. સેલિકાકીના ઘરની બહારની એક અલાયદી ખોલીમાં જિમને ગોંધી રાખેલો. હક અને ટૉમ એ ખોલીમાંથી જિમને ભગાડવામાં સફળ તો થયા, પણ ગામલોકોને ગંધ આવી ગઈ એટલે તેમનું મોટું ટોળું તેમની પાછળ પડ્યું. ટોળામાંના એક માણસ પાસે બંદૂક હતી. તેણે છોડેલી ગોળી ટૉમના પગમાં વાગી. ઘવાયેલા ટૉમને અને ગભરાયેલા જિમને સલામત સ્થળે છુપાવીને હક ગયો ગામમાં દાક્તરને બોલાવવા. દાક્તર ઘવાયેલા ટૉમને તો સારવાર માટે ગામમાં લઈ આવ્યો, પણ સાથે નાસી ગયેલા ભાગેડુ ગુલામ જિમને પણ લેતો આવ્યો. ટૉમ હતો

બેભાન. ડૉક્ટર તેની સારવારમાં પડ્યા અને ગામ લોકો જિમને હેરાનપરેશાન કરવામાં પડ્યા. કારણ તેમનું માનવું હતું કે આ કાળિયા ગુલામ જિમને કારણે જ ધોળિયો ટૉમ ઘવાયો હતો અને જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતો હતો. કેટલાકે તો નક્કી કરી નાખ્યું કે ન કરે નારાયણ ને ટૉમને કંઈ થશે તો જિમને જીવતો નહીં છોડીએ. પણ ભગવાને ત્રણે દોસ્તારો સામે જોયું. ટૉમને સુવાણ થઈ અને તે ભાનમાં આવ્યો. ગામ લોકોના આનંદનો પાર નહીં. ટૉમને કહેઃ ભઈલા, તને શું જોઈએ છીએ? ધીમા પણ મક્કમ અવાજે ટૉમે કહ્યું: 'જિમને ગુલામીમાંથી મુક્ત કરો.' ગામ લોકોએ કહ્યું: 'અરે, માગી માગીને આ શું માગ્યું? એક કાળિયા સાથે તે વળી દોસ્તી કરાય?' અને એ જ વખતે આવી પહોંચ્યાં ટૉમનાં પૉલિકાકી. તેઓ ટૉમને શોધતાં અહીં આવી પહોંચેલાં. તેમણે મામલો જોયો. પછી કહ્યું કે સૅલિકાકીનું થોડા દિવસ પહેલાં અવસાન થયું છે અને પોતાના વસિયતનામામા તેમણે લખ્યું છે કે, 'મારા બધા ગુલામોને હું મુક્ત કરું છું', એટલે હવે જિમ પણ આઝાદ થયો છે. જિમ આઝાદ થયો એટલે તેણે પોતાને ઘરે જવાની વાત કરી. હક અને ટૉમને જિગરજાન દોસ્ત ગુમાવવો પડશે એનું દુઃખ તો થયું, પણ આઝાદ માણસને દોસ્તીના બંધનથી પણ કેમ બાંધી રખાય? છૂટા પડતાં પહેલાં હક અને ટૉમે વાટખરચી માટે જિમને ચાલીસ ડૉલર આપ્યા. જિમ જતો હતો ત્યારે હકે ટૉમને કહ્યું કે, 'હવે હું પણ મારા બાપની શોધમાં નીકળવા માગું છું, એટલે દોસ્ત ટૉમ, અલવિદા.' આ સાંભળીને જિમને થયું કે મારે હવે હકને સાચી વાત કહી દેવી જોઈએ. એટલે તેણે કહ્યું: 'જો ભાઈ હક! આજ સુધી મેં એક વાત તારાથી છાની રાખી છે. યાદ છે? એકવાર નદીમાં પૂર આવેલું અને એક લાકડાની કૅબિન તણાતી તણાતી આપણા તરાપા નજીક આવેલી. તેમાંથી કોઈ ઉપયોગી જણસો મળે તો તે લઈ આવવા હું એ તણાઈ આવેલી કૅબિનમાં ગયેલો. પણ પછી હું તરત જ તારી પાસે પાછો ફરેલો. કારણ એ લાકડાની કૅબિનમાં એક માણસનું શબ એક ખૂણામાં પડેલું મેં જોયેલું. એ માણસ તે બીજું કોઈ નહીં, પણ તારા બાપા હતાં. આ વાત સાંભળી પૉલિકાકી તરત કહે કે, 'હક તું ચિંતા ન કરતો. આજથી તું મારો દીકરો થઈને મારે ઘરે રહેજે.' પણ હક જેનું નામ. કહે છે, 'ના, કાકી. એવી ઠરીઠામ જિંદગી મને સદતી નથી. પહેલાં પણ એક વાર મને ઠરીઠામ કરવાનો પ્રયત્ન થયેલો. પણ હું ભાગી છૂટ્યો. હવે તમારે ઘરે રહીને, ફરી મારે ભાગવું પડે એ કાંઈ બરાબર નહીં કહેવાય.'

બસ, અહીં હકની કરમકથની પૂરી થાય છે. અંતે હક કહે છે કે જો મને પહેલેથી ખબર હોત કે ચોપડી લખતાં આટલો લાંબો સમય લાગશે તો મેં એ લખવાનું શરૂ જ ન કર્યું હોત! અર્નેસ્ટ હેમિંગ્વે જેવા ધૂંવાધાર કથાકારે માર્ક ટ્વેનની આ નવલકથાના નાયક હકને અર્વાચીન અમેરિકન સાહિત્યના દાદા તરીકે ઓળખાવ્યો છે અને માર્ક ટ્વેનને અમેરિકન સાહિત્યના અબ્રહામ લિંકન તરીકે, પણ માર્ક ટ્વેને આ નવલકથા પણ પહેલાં લંડનમાં પ્રગટ કરી. ૧૮૮૪ના ડિસેમ્બરમાં. અમેરિકન આવૃત્તિ પ્રગટ થઈ ૧૮૮૫ના ફેબ્રુઆરીમાં. ટૉમ સૉયરની જેમ હકલબરી ફિનમાં પણ ભરપૂર ચિત્રો હતાં. માર્ક ટ્વેનના કોઈ વિઘ્નસંતોષીએ એક ચિત્રમાં થોડો ફેરફાર કરીને તેને તે જમાનાની દૃષ્ટિએ અશ્લીલ ગણાય તેવું કરી નાખ્યું. ત્રણ હજાર નકલ છપાઈને વેચવા માટે રવાના થઈ ગયા પછી કોઈનું ધ્યાન ગયું. તાબડતોબ બધા દુકાનદારોને હુકમ છોડાયો કે નકલો વેચતા પહેલાં એ ચિત્રવાળું પાનું ફાડી નાખવું અથવા નકલો પાછી મોકલવી. છાપામાં આ અંગે ઉહાપોહ થયો. રાતોરાત પુસ્તકની માગ વધી ગઈ. પેલા 'અશ્લીલ' ચિત્રને ફરી સુધારીને છાપેલી નકલો ચપોચપ વેચાવા લાગી એટલું જ નહીં હકલબરી ફિનની સાથોસાથ ટૉમ સૉયરની પણ ફરી માગ વધી, પણ ત્યાં તો પુસ્તકમાંની 'અસભ્ય' ભાષાને કારણે કૉન્કૉર્ડ પબ્લિક લાઇબ્રેરીએ હક પર પ્રતિબંધ મૂક્યો. ફરી છાપામાં ચકચાર. ફરી હકના વેચાણમાં વધારો. માર્ક ટ્વેનનો જન્મ ૧૮૩૫ના નવેમ્બરની ૩૦મી તારીખે. એ વરસે આકાશમાં હેઇલીનો ધૂમકેતુ દેખાયેલો. માર્ક ટ્વેન માનતો અને કહેતો કે જ્યારે ફરીવાર આ ધૂમકેતુ આકાશમાં દેખા દેશે ત્યારે મારું અવસાન થશે. ૧૯૧૦ની સાલમાં ફરી હેઇલીનો ધૂમકેતુ આકાશમાં દેખાયો. એ વર્ષના એપ્રિલની ૨૧મી તારીખે માર્ક ટ્વેનનું અવસાન થયું. પણ ટૉમ અને હકરૂપે તે આજેય જીવે છે. ટૉમ સૉયરની જેમ હકલબરી ફિનનો પણ અફલાતૂન અનુવાદ ધીરુબહેન પટેલે કર્યો છે જે ૧૯૬૭માં પ્રગટ થયેલો. આ અનુવાદ ૧૯૯૩માં ફરી છપાયો હતો.

•

૨૮. કથા, ૨૩ વર્ષની અમેરિકન છોકરીની
ધ પોર્ટ્રેટ ઑફ અ લેડી/ હેન્રી જેમ્સ

આ કથા છે એક ત્રેવીસ વર્ષની અમેરિકન છોકરીની. છોકરીનું નામ ઈઝાબેલા આર્ચર. નવલકથાનું નામ છે 'ધ પોર્ટ્રેટ ઑફ અ લેડી' તેના લેખકનું નામ હેન્રી જેમ્સ. ૧૮૭૨માં કથાનો આરંભ થાય છે ત્યારે ઈઝાબેલા પોતાના ન્યૂ યૉર્કના ઘરના નાનકડા પુસ્તકાલયમાં બેસીને જર્મન લેખકનું પુસ્તક વાંચી રહી છે. તેની કાકી મિસિસ ટચેટ ત્યાં આવી પહોંચે છે. કાકી અમેરિકા નથી રહેતી, યુરોપમાં રહે છે; પણ દર વર્ષે અમેરિકાની મુલાકાત આવે છે. ઈઝાબેલાને કાકી કહે છે કે ચાલ મારી સાથે યુરોપ, નીકળ અમેરિકાની બહાર. યુરોપના લોકો, તેમની રહેણીકરણી, સંસ્કૃતિ સાથે ઘરોબો કેળવ. ગમી જાય છે ઈઝાબેલાને કાકીની એ દરખાસ્ત. ઈઝાબેલા યુરોપ જવા નીકળે તે પહેલાં કાસ્પર ગુડવુડ નામનો યુવક તેને મળવા આવે છે. ચાહે છે ઈઝાબેલાને કાસ્પર, પરણવાની દરખાસ્ત પણ રજૂ કરી ચૂક્યો છે; પણ ઈઝાબેલા કહે છે કે હમણાં તો હું કાકી સાથે યુરોપ જાઉં છું એટલે મારા જવાબ માટે તારે રાહ જોવી પડશે, ઍકાદ વરસ. અમેરિકાથી કાકી-ભત્રીજી પહેલાં પહોંચે છે ઇંગ્લૅન્ડ. ત્યાં રહે છે ઈઝાબેલાના કાકા મિસ્ટર ટચેટ અને તેમના દીકરા રાલ્ફ સાથે. ગાર્ડનકોર્ટ નામની મોટી હવેલીમાં રહે છે આ ટચેટ કુટુંબ. બંને પુરુષોથી ઈઝાબેલા પ્રભાવિત થાય છે, પણ વધુ પ્રભાવિત થાય છે પડોશમાં રહેતા લૉર્ડ વોરબર્ટનથી. પણ ઇંગ્લૅન્ડની રહેણીકરણી, ત્યાંના રીતરિવાજ, સામાજિક વિધિનિષેધ અમેરિકા કરતાં જુદા છે. અમેરિકા જેવી નફિકરાઈ નથી અહીં. વારંવાર વારે છે, ટોકે છે ઈઝાબેલાને તેની કાકી. 'તારાથી પુરુષોની હાજરીમાં આમ ન બોલાય, આમ ન ચલાય.' અમેરિકાના બિન્દાસ વાતાવરણથી ટેવાયેલી ઈઝાબેલાને સમજાતી નથી કાકીની આ વાતો, ગળેય નથી ઊતરતી. પણ મને-કમને કાકીનું કહ્યું માને છે. હા, પડોશમાં રહેતા લૉર્ડસાહેબના ઘરમાં ક્યારેક

જાય છે ઈઝાબેલા. બ્રિટનના રાજકારણમાં એક આગળ પડતું નામ છે લૉર્ડ વોરબર્ટનનું. પોતે છે ઉમરાવ કુટુંબના નબીરા, પણ લૉર્ડસાહેબ ઉમરાવશાહીની વિરુદ્ધ છે.

ઈઝાબેલાની એક અમેરિકન સખી. નામ હેન્રીએટા. વ્યવસાય પત્રકારનો. જ્યાં નોકરી કરતી તે છાપું તેને ખબરપત્રી તરીકે યુરોપ મોકલે છે. હેન્રીએટાને યુરોપની સંસ્કૃતિ સડિયલ લાગે છે અને તેને ચિંતા થયા કરે છે કે ક્યાંક આવી સડેલી સંસ્કૃતિની અસર નીચે ઈઝાબેલા 'બગડી' ન જાય! ત્યાં એક દિવસ ઈઝાબેલાને કાસ્પરનો કાગળ મળે છે. લખે છે કે, 'તારી પાછળ હુંય યુરોપ આવ્યો છું.' ગાર્ડનકોર્ટ હવેલીના બગીચામાં બેસીને પ્રિયતમનો પત્ર વાંચી રહી છે ઈઝાબેલા. ત્યાં એ જ ટાણે ટપકી પડે છે લૉર્ડ વોરબર્ટન. તેમના મનમાં વસી ગઈ છે આ અમેરિકન ઈઝાબેલા. યુરોપની રીતરસમ પ્રમાણે નમનતાઈથી ઈઝાબેલાના હાથની માગણી કરે છે. યુરોપ આવતાં પહેલાં કાસ્પરને જે કહેલું તે લૉર્ડસાહેબને પણ કહે છે ઈઝાબેલાઃ ' હમણાં નહીં, વરસ પછી વાત.' લૉર્ડસાહેબ નાસીપાસ થયા છે પણ ઉમરાવને શોભે તેમ મોઢું હસતું રાખી વિદાય લે છે. બધાં સગાંવહાલાં, ઓળખીતાં-પાળખીતાં રાજીનાં રેડ થઈ જાય જો પોતે લૉર્ડસાહેબને પરણે તો. લેડી ઈઝાબેલા વોરબર્ટન તરીકે રાજ કરે પોતે. પણ ના. ઈઝાબેલા મનોમન જાણે છે કે છેવટે લૉર્ડસાહેબને નકાર સંભળાવવાની છે પોતે. થોડા દિવસ પછી હિમ્મત કરી પોતાનો નિર્ણય જણાવી દે છે લૉર્ડસાહેબને. બીજી બાજુ સખી હેન્રીએટા ઈઝાબેલા અને કાસ્પરને મેળવવાનો કારસો રચે છે. રાલ્ફને સમજાવી-પટાવી ગાર્ડનકોર્ટ આવવા માટે કાસ્પરને આમંત્રણ મોકલાવે છે સખી, પણ કોણ જાણે કેમ કાસ્પર આવતો નથી.

ઈઝાબેલા અને હેન્રીએટા સાથે મળીને લંડન જવાનો પ્રોગ્રામ ગોઠવે છે. પણ તેઓ લંડન જવા રવાના થાય તે પહેલાં લૉર્ડસાહેબ ટચેટ કુટુંબને મળવા આવે છે. એકલા નથી, સાથે છે તેમની બે બહેનો, મીઠડી, માયાળુ, શાંત, ઠરેલ સ્વભાવની. જોતાવેંત તેમને ગમી જાય છે ઈઝાબેલા. પણ ઉછાંછળી હેન્રીએટાને જોઈને બંનેને આઘાત લાગે છે. આ તો સાવ ભાયડાછાપ છે. અમેરિકન છોકરીઓએ નક્કી તો કરી દીધેલું કે લંડન જઈ હરવાફરવાનું , પણ આ અમેરિકા નથી; બે જુવાનજોધ છોડીઓને એમ એકલી જવા ન દેવાય. એટલે તેમની સાથે રાલ્ફને પણ મોકલે છે ટચેટ કુટુંબ. ત્રણે સાથે લંડનમાં હરેફરે છે. એક સાંજે હેન્રીએટા કોઈ કામે

બહાર ગઈ છે. ઇઝાબેલા અને રાલ્ફ એકલાં પડ્યાં છે. બંને વચ્ચે કેટલીક પેટછૂટી વાતો થાય છે. એ વાતો પછી ઇઝાબેલા ઉતારે પાછી ફરે છે ત્યારે તેને મળવા આવે છે કાસ્પર. તેને કહી દે છે કે, 'આમ મારો પીછો કરવાથી કંઈ નહીં વળે. મેં પહેલાં પણ કહ્યું હતું, ફરી કહું છું: હા કે ના ના જવાબ માટે તારે રાહ જોવી પડશે.' સમજી જાય છે ઇઝાબેલા કે આ કારસ્તાન હેન્રીએટાનું છે. રાતે તે ઉતારે પાછી આવે છે ત્યારે હેન્રીએટાને ખખડાવી નાખે છે ઇઝાબેલા: 'મારા અંગત જીવનમાં આમ માથું મારવાનો તને હક્ક કોણે આપ્યો? મોજમજા કરવા આવ્યાં હતાં ત્રણે જણ લંડન.' પણ ત્યાં તો ગાર્ડનકોર્ટથી તેમને તાકીદનો સંદેશો મળે છે: 'મિસ્ટર ટચેટ ગંભીર માંદગીમાં પટકાયા છે. ઝટ પાછા આવો.'

બધા પાછાં ગાર્ડનકોર્ટ પહોંચે છે. મિસ્ટર ટચેટની ખબર કાઢવા ઘણાંનો આવરોજાવરો છે ઘરમાં. તેમાંની એક મુલાકાતી છે માદામ સેરેના મેરી. ચાલીસેક વર્ષની ઉંમર. વિધવા. ગાંઠે ગરથ નથી ઝાઝો. પણ બધી રીતરસમ, બોલચાલ, ઢબછબ ધનિક વિધવાની હોય તેવી. એટલે સમાજમાં સારાં માનપાન મળે છે માદામ સેરેનાને. તેની મોટી મોટી વાતોથી ભોળવાઈ જાય છે ઇઝાબેલા. માદામ ઇઝાબેલાને કહે છે કે, 'જો તારે યુરોપની સંસ્કૃતિનો સાચો પરિચય મેળવવો હોય તો ઇંગ્લૅન્ડ એ સાચું ઠેકાણું નથી. મારો એક ખાસ મિત્ર ગિલબર્ટ ઓસ્મન્ડ ફલોરેન્સમાં રહે છે. તેને મળ તો તને ખબર પડશે કે યુરોપિયન સંસ્કૃતિ એટલે શું. થોડા દિવસ પછી મિસ્ટર ટચેટ પ્રભુને પ્યારા થઈ જાય છે. પણ તેમના મૃત્યુ પહેલાં આગ્રહ કરીને રાલ્ફ તેમની પાસે પોતાનું વસિયતનામું બદલાવડાવે છે. અડધી મિલકત ઇઝાબેલાને નામે કરાવડાવે છે. જેથી તે સ્વતંત્ર બની, પગભર બની, પોતાની ઇચ્છા પ્રમાણે જીવનનો અને જગતનો અનુભવ મેળવી શકે. એટલે મિસ્ટર ટચેટના અવસાન પછી રાતોરાત ઇઝાબેલા તવંગર બની જાય છે. આપણો સરસ્વતીચંદ્ર બાપાની મિલકત છોડીને વિદ્યાર્થી મટી અનુભવાર્થી થવા નીકળ્યો હતો. પણ આ ઇઝાબેલા તો કાકાની વારસામાં મળેલી મિલકતને જોરે નીકળી પડે છે અનુભવાર્થી થવા. સરસ્વતીચંદ્ર એકલો નીકળી પડ્યો હતો અને અકસ્માતને કારણે અમુક સ્થળે જઈ પહોંચ્યો હતો. પણ ઇઝાબેલા કાંઈ એકલી નથી નીકળી પડતી. એ જમાનામાં યુરોપમાં એમ બાઈમાણસથી એકલા ફરાય પણ નહીં.

રાતોરાત તવંગર બની ગયેલી ઇઝાબેલા શ્રીમતી ટચેટને લઈને

પહોંચી પેરિસ. ત્યાં વસતા કેટલાક અમેરિકનો સાથે હળીમળી ત્યારે તેમની રીતભાતથી અને તેમના વિચારોથી ઈઝાબેલા અકળાઈ ગઈ: માળાઓ પેરિસમાં પણ બીજું અમેરિકા ઊભું કરીને જીવવા મથે છે! પેરિસમાં, યુરોપની સંસ્કૃતિના પાટનગરમાં પણ! પણ ત્યાં તેને બાળપણનો એક ગોઠિયો મળી ગયો. નામ એનું નેડ રોઝિયેર, કામ એનું કલાકૃતિઓનો સંગ્રહ કરવાનું. પેરિસથી નીકળી ઈઝાબેલા અને શ્રીમતી ટચેટ પહોંચ્યાં રાલ્ફને મળવા સાન રેમો. વર્ષે એકવાર હવાફેર માટે રાલ્ફ અહીં આવીને થોડો વખત રહેતો. રાલ્ફ ઈઝાબેલાને સમજાવે છે કે તને જે સંપત્તિ વારસામાં મળી છે તેનાથી તું આમ હરીફરી તો શકીશ જ, પણ સૌથી મોટી વાત એ છે કે હવે તને તું જે ચાહે તે કરવાની સ્વતંત્રતા મળી છે. પછી ઈઝાબેલા અને મિસિસ ટચેટ ઉપડે છે ફલોરેન્સ, મિસિસ ટચેટના ઘરે. ત્યાં ઈઝાબેલા ગિલ્બર્ટ ઓસ્મન્ડ અને તેની પંદર વર્ષની દીકરી પેન્સીના પરિચયમાં આવે છે. ઈઝાબેલાને મળવા ગિલ્બર્ટ લગભગ દરરોજ આવતો જતો રહે છે. પછી ઈઝાબેલા પણ ગિલ્બર્ટને ઘરે આવતી-જતી થાય છે. તેના ઘરમાં જાતજાતનાં ને ભાતભાતનાં ચિત્રો અને કલાકૃતિઓનો જે ભંડાર ભર્યો છે તેનાથી ઈઝાબેલા ખૂબ પ્રભાવિત થાય છે. ગિલ્બર્ટ પોતાનો આ ખજાનો ઈઝાબેલાને બતાવતો હતો ત્યારે જ બહાર બગીચામાં બેઠેલી ગિલ્બર્ટની બે બહેનો વચ્ચે ઝઘડો થાય છે અને બન્ને એકબીજીને ધમકી આપે છે કે સાચી વાત ગિલ્બર્ટને કહી દઈશ. પછી રાલ્ફ ફલોરેન્સ આવી પહોંચે છે અને તેની સાથે ઈઝાબેલા અને બીજાં કેટલાંક રોમ ફરવા જાય છે. તેઓ રોમમાં હોય છે તે દરમિયાન ગિલ્બર્ટ અને લૉર્ડ વોરબર્ટન પણ રોમમાં તેમને મળી જાય છે. લૉર્ડસાહેબ ગિલ્બર્ટને જોઈ રાલ્ફને પૂછે છે કે આ વળી અહીં ક્યાંથી આવી પહોંચ્યો? રાલ્ફ કહે છે કે મનેય ગિલ્બર્ટ દીઠો ગમતો નથી. પણ ઈઝાબેલા તો લૉર્ડસાહેબને રવાના કરી દે છે અને તેમ કરવામાં ગિલ્બર્ટ તેને ટેકો આપે છે. પછી બન્ને એકલાં પડે છે ત્યારે ગિલ્બર્ટ ઈઝાબેલા આગળ પ્રેમનો એકરાર કરે છે. ગિલ્બર્ટને રોમમાં જ રહેવા દઈ ઈઝાબેલા પાછી પહોંચે છે ફલોરેન્સ અને ગિલ્બર્ટને ઘરે જઈ તેની દીકરી પેન્સીને મળે છે. ઈઝાબેલાના મનમાં ભોળી, ગભરુ, કહ્યાગરી પેન્સી વસી જાય છે. પછી એક આખું વર્ષ ઈઝાબેલા યુરોપમાં ફરે છે. ફરી રોમમાં ગિલ્બર્ટને મળે છે, અને ફલોરેન્સ પાછી આવે છે. કાસ્પર ગુડવુડ ઈઝાબેલાને મળવા આવે છે ત્યારે ઈઝાબેલા તેને સમાચાર આપે

છે કે મેં ગિલ્બર્ટ ઓસ્મન્ડ સાથે વેવિશાળ કરી લીધું છે! રાલ્ફને જ્યારે આ ખબર મળે છે ત્યારે તેને પારાવાર દુઃખ થાય છે કે ઇઝાબેલાએ સ્વતંત્ર રીતે જીવવાની મળેલી તક પર પાણી ફેરવી દીધું! ઈઝાબેલા સાથે વાત કરીને રાલ્ફ પોતાનો અભિપ્રાય તેને જણાવે છે. પણ રાલ્ફની વાત સાંભળી ઇઝાબેલા ખૂબ દુભાય છે અને રાલ્ફ સાથેનો સંબંધ તોડી નાખે છે. હવે ઇઝાબેલા ઘણોખરો સમય ગિલ્બર્ટ અને પેન્સી સાથે બેસી ભવિષ્યની યોજનાઓ ઘડવામાં કાઢે છે.

ત્રણ વર્ષનાં વહાણાં વાઈ જાય છે. નેડ રોઝિયેર અને માદામ મેર્લે મળે છે ત્યાર નેડને માદામ કહે છે કે પરણ્યા પછી ઇઝાબેલા સુખી નથી. વર પાસે તેનું કશું ઊપજતું નથી. નેડ પેન્સીને ચાહે છે અને માદામને કહે છે કે ગિલ્બર્ટ સાથે વાત કરી મારું ચોકઠું પેન્સી સાથે ગોઠવી આપો. બીજે દિવસે સાંજે ઇઝાબેલા ગિલ્બર્ટને ઘરે એડવર્ડ, લૉર્ડસાહેબ, નેડ વગેરે મિજબાનીમાં ભેગાં થાય છે. પેન્સી-નેડનાં લગ્નની વાતને ગિલ્બર્ટ ધુત્કારી કાઢે છે. પેન્સીને જોતાંવેંત લૉર્ડસાહેબ તેના પ્રેમમાં પડી જાય છે. પણ પેન્સી નેડને સધિયારો આપે છે કે તું નાહક ચિંતા કર મા. હું પરણીશ તો તને જ. જોઈએ તો તે માટે ઇઝાબેલાની મદદ પણ લઈશ. ઇઝાબેલાએ રાલ્ફને તરછોડ્યો, પણ ભલા રાલ્ફના મનમાં હજી ઇઝાબેલાને મદદરૂપ થવાની ભાવના રહી છે. એટલે તે ફરી રોમ આવે છે. રાલ્ફને લાગે છે કે પેન્સી માટેનો પ્રેમ એ તો લૉર્ડસાહેબનું એક નાટક છે. તેમનો ખરો હેતુ એ રીતે ઇઝાબેલાની નજીક આવવાનો છે. પતિ ગિલ્બર્ટ અને માદામ મેર્લે વચ્ચે કશુંક રંધાઈ રહ્યું છે એવી ગંધ ઇઝાબેલાને આવે છે. ગિલ્બર્ટ ઇઝાબેલાને કહે છે કે લૉર્ડસાહેબ અને પેન્સી ઝટઝટ અદરાઈ જાય એવો ત્રાગડો તું રચ. આ વાત સાંભળી ઇઝાબેલાની આંખ આગળથી પોતાના દુઃખી લગ્નજીવનનાં દૃશ્યો પસાર થાય છે. લગ્ન પછી દીકરો જન્મ્યો, પણ વરસનો થાય તે પહેલાં તે મરી ગયો. ત્યારથી રોમમાંનાં સહુ ઓળખીતાં પાળખીતાંની નજરમાંથી તો ઇઝાબેલા ઊતરી જ ગઈ છે, પણ ખુદ ગિલ્બર્ટ છાશવારે તેને હડધૂત કર્યા કરે છે. હવે ઇઝાબેલાને સમજાય છે કે માત્ર રાલ્ફ એ જ મારો સાચો મિત્ર છે. પરણ્યા પછી પોતે દુઃખીના દાળિયા થઈ ગઈ છે એ વાતનો એકરાર તે રાલ્ફ પાસે કરે છે. પેન્સીને પરણવા તલપાપડ થયેલા લૉર્ડસાહેબ એકાએક રોમ છોડી જતા રહે છે એટલે ગિલ્બર્ટ ઇઝાબેલાને માથે માછલાં ધૂએ છે : “એ બે પરણે એની તને ઈર્ષા આવતી હતી એટલે તેં જ ઊંધું ચત્તું સમજાવી લૉર્ડસાહેબને ભગાડી મૂક્યા છે.” ત્યાં તો નેડ પાછો રોમ આવી પહોંચે

છે. કલાકૃતિઓનો પોતાનો ખજાનો તેણે વેચી નાંખ્યો છે. પેન્સીને પરણવા માટે લાયક ગણાય તેટલા પૈસા હવે તેની પાસે છે. પણ ગિલ્બર્ટ પેન્સીને રોમથી દૂર મોકલી દે છે ત્યારે કાઉન્ટેસ જેમિનિ- ગિલ્બર્ટની બહેન ઈઝાબેલાને એક અત્યંત કડવું રહસ્ય કહે છે: 'આ માદામ મેર્લે છે ને, તે ખરેખર તો પેન્સીની મા છે! ગિલ્બર્ટ અને માદામ વચ્ચેનું આ લફરું કેટલાંય વર્ષોથી ચાલુ છે પણ તેથી પેન્સીને આંચ ન આવે માટે બન્નેએ આજ સુધી એ વાત ખાનગી રાખી છે.' આ સાંભળી ઈઝાબેલા પેન્સીને મળવા જાય છે, ત્યાં તેને માદામ પણ મળે છે. તે ઈઝાબેલાને કહે છે કે હું તો હવે અમેરિકા જતી રહેવાની છું. ત્યાં ખબર મળે છે કે રાલ્ફ મરણ પથારીએ પડ્યો છે અને મરતાં પહેલાં એકવાર ઈઝાબેલાને મળવા ઝંખે છે. ગિલ્બર્ટની ઇચ્છા વિરુદ્ધ રાલ્ફને મળવા ઈઝાબેલા ઈંગ્લેન્ડ પહોંચે છે. મિસિસ ટચેટને મળે છે ત્યારે 'ગિલ્બર્ટને પરણીને મેં ભૂલ કરી' એમ કહે છે. પોતાના દુ:ખી લગ્નજીવનનો એકરાર મરતા રાલ્ફ પાસે પણ કરે છે. રાલ્ફના અંતિમ સંસ્કાર પછી ઈઝાબેલા બગીચામાં બેઠી છે.

હેન્રી જેમ્સની ઘણીખરી નવલકથાનાં મુખ્ય પાત્રો છે જન્મે અમેરિકન, પણ જીવે છે યુરોપમાં. હેન્રી જેમ્સનો પોતાનો જન્મ ન્યૂ યૉર્ક રાજ્યના એલબનીમાં, ૧૮૪૩ના ઍપ્રિલની ૧૫મીએ. પણ જિંદગીના મોટા ભાગનાં વર્ષો તે જીવ્યો યુરોપમાં. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે અમેરિકા તેમાં જોડાયું નહીં. તેના વિરોધમાં હેન્રી જેમ્સે અમેરિકાના નાગરિકત્વનો ત્યાગ કર્યો અને તે બ્રિટિશ નાગરિક બન્યો. ૧૯૧૬ના ફેબ્રુઆરીની ૨૮મી તારીખે તેનું અવસાન થયું. ૭૩ વર્ષની જિંદગીમાં તેણે ૨૦ નવલકથા, ૧૧૨ ટૂંકી વાર્તા, ૧૨ નાટક અને સાહિત્યવિવેચનનાં અનેક પુસ્તકો લખ્યાં. ઘણાં વિવેચકોને મતે 'પોર્ટ્રેટ ઑફ અ લેડી' તેની સર્વોત્તમ નવલકથા છે. ૧૮૮૧માં તે પહેલીવાર પ્રગટ થઈ અને મૂળ કૃતિમાં સુધારાવધારા કરીને, નવી પ્રસ્તાવના સાથે હેન્રી જેમ્સે ૧૯૦૮માં તેની 'અધિકૃત આવૃત્તિ' પ્રગટ કરી. આ નવલકથા પરથી ૧૯૯૬માં ફિલ્મ બની હતી જેમાં નિકોલ કિડ્મૅને ઈઝાબેલાની ભૂમિકા ભજવી હતી. આ નવલકથાનો ગુજરાતી અનુવાદ થયો હોવાનું જાણવા મળતું નથી.

●

૨૯. પરીકથા દ્વારા ઉપદેશ
પીનોકિયો/ કાર્લો કોલોડી

એનો બાપ કામ કરતો રસોઈયા તરીકે અને મા કામ કરતી ઘર-નોકર તરીકે. ચર્ચ દ્વારા ચલાવાતી ધર્માદા સ્કૂલમાં જે થોડું ભણ્યો તે ભણ્યો, પણ કંઈ નહીં તોય એની એક કથાના અનુવાદ- રૂપાંતર દુનિયાની અનેક ભાષાઓમાં થયા છે, આજેય થતા રહે છે. એ વાર્તા ઉપરથી આજ સુધીમાં ૧૭ ફિલ્મ બની છે અને હવે મલ્ટિમીડિયા અને સીડીરોમ પર પણ એ કથાનો પુષ્કળ ઉપયોગ થઈ રહ્યો છે. એ વાર્તા તે 'પીનોકિયો' અને તેનો લેખક તે કાર્લો કોલોડી. તેનું મૂળ નામ તો હતું કાર્લો લોરેન્ઝિની, પણ તે વધુ જાણીતો થયો તેના ઉપનામ કાર્લો કોલોડીથી. કાર્લો પોતાની માને બેહદ ચાહતો હતો એટલે મા જે ગામમાં જન્મી હતી, તે ગામનું નામ- કોલોડી - તેણે પોતાના નામ સાથે જોડીને ઉપનામ બનાવેલું. બાળપણમાં કેટલોક વખત કાર્લો પોતે પણ મા સાથે કોલોડી ગામમાં રહેલો. ઈટલીના ફલોરેન્સ શહેરમાં ૧૮૨૬માં કાર્લોનો જન્મ. એ જ શહેરમાં ૧૮૯૦માં તેનું અવસાન.

વીસ વર્ષની ઉંમરે ફલોરેન્સની એક પુસ્તકોની દુકાનના કેટલોગ માટે પુસ્તક-સમીક્ષાઓ લખવાથી કાર્લોએ લેખક તરીકેની પોતાની કારકિર્દીની શરૂઆત કરી. સંગીતનો પણ રસિયો હતો, એટલે 'મ્યુઝિકલ ઈટલી' નામના સામયિકમાં સંગીત વિષેના લેખો પણ લખતો થયો. પછી તો ઈટલીનાં ઘણાં સામયિકોમાં લખવા લાગ્યો અને પોતાનાં મૅગેઝિન પણ કાઢ્યાં, પણ તેમાંનું એકે લાંબા વખત સુધી ચલાવી ન શક્યો. તેનું એક સામયિક તો સેન્સરશિપને કારણે બંધ કરવું પડેલું, પણ ૧૧ વર્ષ પછી કાર્લોએ તે ફરી શરૂ કરેલું ! તેણે નાટક અને ઓપેરા પણ લખ્યાં. ૧૮૭૬માં કાર્લોએ બાળકો માટેનાં પુસ્તકો લખવાનું શરૂ કર્યું. શરૂઆતમાં તો સ્કૂલોમાં ચલાવવા માટેનાં પાઠ્યપુસ્તકો તેણે લખ્યાં, પણ તેમાં તેણે શુષ્ક રીતે માહિતી આપવાને બદલે વાર્તા દ્વારા રસિક રીતે, માહિતી

આપેલી તેથી તેનાં પાઠ્યપુસ્તકો ઘણાં વપરાતાં થયાં. ૧૮૮૧માં 'ધ ચિલ્ડ્રન્સ મૅગેઝિન' નામના સામયિકના પહેલા જ અંકમાં કાર્લોની 'સ્ટોરી ઑફ અ પપેટ' નામની વાર્તાનો પહેલો હપ્તો પ્રગટ થયો જે બાળવાચકોને ખૂબ જ ગમી ગયો. સાતમી જુલાઈએ પ્રગટ થયેલા આ અંકમાં આ વાર્તા પ્રગટ થઈ ત્યારે મૂળ યોજના તેને લંબાવવાની નહોતી. પણ વાર્તા એટલી લોકપ્રિય થઈ કે સંપાદકે કાર્લોને વાર્તા આગળ ચલાવવા આગ્રહભરી વિનંતી કરી. વાર્તા આગળ ચાલી. યુજેનિયો માઝાન્ત્તી નામના ચિત્રકારે દોરેલાં ચિત્રોએ પણ વાર્તાની લોકપ્રિયતામાં ફાળો આપ્યો. પણ ૧૬ પ્રકરણો લખ્યા પછી કાર્લોએ એકાએક અણધારી રીતે વાર્તા અટકાવી દીધી. એ વખતે કથાનું મુખ્ય પાત્ર- પીનોકિયો- જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતું હતું. પીનોકિયોનું શું થયું તે જાણવા માટે અધીરા અને આતુર થયેલા બાળવાચકોએ એવો તો કકળાટ કરી મૂક્યો કે કાર્લોએ કથા આગળ લંબાવવી પડી. ૧૮૮૩ના ૧૬મી ફેબ્રુઆરીના અંકમાં છેવટે વાર્તા પૂરી થઈ. તે પછી તરત જ તે પુસ્તકાકારે પ્રગટ થઈ. પણ ત્યારે તેનું નામ બદલીને 'ઍડ્વેન્ચર્સ ઓફ પીનોકિયો' રાખવામાં આવ્યું. ૧૮૯૦માં કાર્લોનું અવસાન થયું ત્યાં સુધીમાં તેની પાંચ આવૃત્તિ પ્રગટ થયેલી પણ તેના તરફ બહુ ધ્યાન ગયું નહોતું; પણ ૧૯૦૪ની આવૃત્તિ પ્રગટ થયા પછી કાર્લોની આ વાર્તા અમેરિકામાં પણ ખૂબ લોકપ્રિય બની. ૧૯૪૦માં વોલ્ટ ડિઝનીએ તેના પરથી બનાવેલી એનિમેશન ફિલ્મને પણ અસાધારણ સફળતા મળી. જોકે પીનોકિયોની પહેલી ફિલ્મ ઇટાલિયન ભાષામાં છેક ૧૯૧૧માં બનેલી. ૧૯૩૨માં જાપાનીઝમાં અને ૧૯૪૦ના દાયકામાં રશિયનમાં પણ ફિલ્મ બનેલી.

એવું તે શું છે આ વાર્તામાં? એક નાનકડો છોકરો, દુનિયાના સારામાઠા, સાચજૂઠના, હેત અને હાણના અનુભવોમાંથી પસાર થઈને કઈ રીતે ઘડાય છે તેની વાત આમ તો અહીં કહેવાઈ છે. હા, બાળવાચકો માટે અહીં ઉપદેશ પણ છે. સારાનું ફળ સારું ને માઠાનું માઠું અને તે પણ પાછું જરાય રાહ જોવડાવ્યા વગર, તત્ક્ષણ, એવી ગોઠવણ અહીં છે પાત્રો અને પ્રસંગોની. પણ આ બધો ખેલ બાળકો સામે માંડવા માટે કાર્લોએ જે સૃષ્ટિ રચી છે તે અદ્ભુત છે. કથાનું મુખ્ય પાત્ર પીનોકિયો માણસ છે અને નથી. તે લાકડાનો ઢીંગલો છે અને નથી. એક એકલવાયો સુતાર. આખો દિવસ બસ, કરવત ને રંધો, લાકડાં કાપે ને લાકડાં જોડે. લોકોને જે જોઈએ તે બનાવી આપે. બે પૈસા કમાઈને ગુજરાન ચલાવે. એક દિવસ એને કોણ જાણે શું

સૂઝયું તે, લાકડાનો એક મોટો ટુકડો લઈ તેમાંથી ઢીંગલો, બાવલો બનાવવા બેઠો. તે દિવસે બીજું કંઈ કામ મળેલું નહીં એટલે આખો દિવસ આ બાવલો ઘડવામાં જ કાઢી નાખ્યો. સાંજ પડી ને અંધારું થવા આવ્યું ત્યારે બાવલો લગભગ ઘડાઈ ચૂક્યો હતો. માત્ર પગના નીચલા ભાગ બનાવવાના બાકી હતા. પણ હવે આંખ અને હાથ કામ કરતાં નહોતાં. સુતારે વિચાર્યું કે બાકી રહેલા પગ કાલે સવારે ઘડી કાઢીશ. સુતાર બાવલાના મોં સામી તાકી રહ્યો. લાકડાનો આ ઢીંગલો તેને વહાલો લાગ્યો. મનમાં ને મનમાં સમસમી રહ્યો કે મારે પણ આવો એક દીકરો હોત તો બુઢાપામાં મારી હાથલાકડી થાત. રાતમાં એક ચમત્કાર થયો. સુતાર સૂતો હતો ત્યારે ત્યાં નીલપરી આવી પહોંચી અને તેણે લાકડાના બાવલામાં પ્રાણ ફૂંક્યા. તેના અધૂરા રહી ગયેલા પગ પણ ઘડી આપ્યા. બાવલો તો રાજીનો રેડ. નાચવા ને કૂદવા લાગ્યો. પરી કહેઃ 'જો, મેં તને માણસ બનાવ્યો છે, તો હવે સારા માણસની જેમ જીવજે.' બાવલાએ પૂછ્યુંઃ 'પણ સારો માણસ કેવો હોય?' 'સારો માણસ હંમેશાં સાચું બોલે, ક્યારેય ખોટું ન બોલે. તું પણ હંમેશાં સાચું જ બોલજે.' 'પણ હું જે કંઈ બોલું તે સાચું છે કે ખોટું એની ખબર કઈ રીતે પડે?' 'જ્યારે જ્યારે તું ખોટું બોલીશ ત્યારે તારું નાક એક ફૂટ લાંબું થઈ જશે.' અને હા, જો, આ ભલાભોળા તારા સુતારબાપાને ક્યારેય રંજાડતો નહીં. કહ્યાગરો દીકરો થઈને રહેજે.' પરી થઈ ગઈ અલોપ અને પીનોકિયો સુતારની બાજુમાં સૂઈ ગયો. સવારે ઊઠીને સુતારે જે જોયું તે પહેલાં તો એને સપનું જ લાગ્યું. બાજુમાં રૂપરૂપના અંબાર જેવો દીકરો સૂતો હતો. સુથાર તો રાજીનો રેડ થઈ ગયો. પણ છોકરાની જાત! ડાહ્યોડમરો થઈને રહે, અળવીતરાં ન કરે, મોટેરાનું માને એવો છોકરો આજ સુધીમાં તમે જોયો છે? પીનોકિયો પણ બીજા છોકરાઓ જેવો જ હતો. કંઈક પરાક્રમો કર્યાં, જીવ જોખમમાં મૂક્યો, ખોટું બોલ્યો ત્યારે નાક લાંબું થતું ચાલ્યું, સાચું બોલીને પાછું ટૂંકું કર્યું. જીવતરનો અનુભવ લીધો, ઘડાયો. અનુભવાર્થી બન્યો. ઘણું રખડ્યો, રઝળ્યો. એ બધી વાત બાળકોને રસ પડે એવી રીતે કાલોએ કહી છે. ગુજરાતીમાં હંસાબહેન મહેતાએ 'પીનોકિયો'નું અદ્‌ભુત રૂપાંતર- અનુવાદ 'બાવલાનાં પરાક્રમો' નામે કરેલ, પણ વર્ષોથી પુસ્તક અપ્રાપ્ય છે. કોઈ ફરી છાપે તો આપણાં બાળકોને એક સરસ મજાનું પુસ્તક વાંચવા મળે.

●

૩૦. એક ખોળિયામાં વસતા બે માણસ
ડૉ. જેકિલ એન્ડ મિસ્ટર હાઈડ/ રૉબર્ટ લૂઈ સ્ટિવન્સન

એનું આખું બાળપણ માંદગીમાં વીત્યું. મોટે ભાગે પથારીવશ જ રહેતો. તેની સારવાર અને દેખરેખ રાખનારી એલિસન કનિંગહામ પિલગ્રિમ્સ પ્રોગ્રેસ અને બાઈબલનું ન્યૂ ટેસ્ટામેન્ટ વાંચી સંભળાવતી તે પથારીમાં પડ્યો પડ્યો સાંભળતો. તેનો સાહિત્યનો પરિચય એ વખતે આટલો જ. પિતા સિવિલ એન્જિનિયર હતા અને દીકરો પોતાને પગલે ચાલે એવી તેમની અપેક્ષા. ૧૮૬૭માં એ એડિનબરા યુનિવર્સિટીમાં વિજ્ઞાન ભણવા દાખલ થયો. પણ મોટા ભાગનો સમય તેણે ફ્રેન્ચ સાહિત્ય અને સ્કૉટલૅન્ડનો ઈતિહાસ વાંચવામાં ગાળ્યો. ડાર્વિન અને સ્પેન્સરનાં પુસ્તકો પણ વાંચ્યાં, પછી એક દિવસ હિમ્મત કરીને પિતાને કહી દીધું કે મારે કારકિર્દી તરીકે ઇજનેરી નહીં પણ લેખન અપનાવવું છે. પિતા પહેલાં તો નારાજ થયા. પણ પછી બાપ-દીકરાએ સમાધાન સાધ્યું. કાયદાનો અભ્યાસ કરવાનું ઠરાવ્યું. જેથી લેખક તરીકે સફળતા ન મળે તો વકીલનો વ્યવસાય કરી શકે. પણ લેખક તરીકે તેને સફળતા મળી. અસાધારણ સફળતા મળી. એનું નામ રૉબર્ટ લૂઈ સ્ટિવન્સન. ૧૮૫૦ના નવેમ્બરની ૧૩મીએ જન્મ. માત્ર ૪૪ વર્ષની વયે ૧૮૯૪ના ડિસેમ્બરની ત્રીજી તારીખે મૃત્યુ.

સ્ટિવન્સનનાં અનેક પુસ્તકો લોકપ્રિય થયાં, પણ તેને સૌથી વધુ સફળતા મળી તે ૧૮૮૭ના જાન્યુઆરીમાં પ્રગટ થયેલ નવલકથા 'ડૉક્ટર જેકિલ ઍન્ડ મિસ્ટર હાઈડ'દ્વારા. પહેલી વાર લખેલા ખરડાથી તેની અમેરિકન પત્ની ફેનીને સંતોષ ન થયો તેથી સ્ટિવન્સને એ હસ્તપ્રત બાળી નાખી અને માત્ર ત્રણ દિવસમાં આખી નવલકથા ફરી લખી નાખી. મિસ્ટર અટરસન અને મિસ્ટર રિચર્ડ એનફિલ્ડ લંડનના એક રસ્તા પર ચાલી રહ્યા છે, ત્યાંથી કથાનો આરંભ થાય છે. ચાલતાં ચાલતાં

તેમની નજરે એક રહસ્યમય લાગતા સેલરનું બારણું પડે છે. બંને જણ એ બારણા વિષે વાતો કરતા આગળ ચાલે છે. એનફિલ્ડ કહે છે કે થોડા દિવસ પહેલાં એક રાતે એક અત્યંત કદરૂપો અને બિહામણો માણસ રસ્તેથી પસાર થતી છોકરીની છેડતી કરી રહ્યો હતો. એ અંગે પોલીસમાં ફરિયાદ કરવાને બદલે છોકરીનાં માબાપ અને એનફિલ્ડ વળતર તરીકે મોટી રકમ માગે છે. ત્યારે પેલો બિહામણો માણસ આ બારણાની પાછળ જ અદૃશ્ય થઈ ગયો હતો અને થોડી વાર પછી માગેલી રકમનો ચેક લઈને પાછો ફર્યો હતો. પણ એ ચેક પર તેની સહી નહીં, શહેરના એક અત્યંત પ્રતિષ્ઠિત ડૉક્ટર જેકિલની સહી હતી! અને ચેક પાછોય નહોતો ફર્યો. એટલે તેના પરની સહી બનાવટી તો નહોતી.

આ વાત સાંભળીને ઘરે પાછા ફર્યા પછી વકીલ અટરસન પોતાની પાસેનું ડૉક્ટર જેકિલનું વસિયતનામું કાઢીનો વાંચે છે. તેમાં લખ્યું છે કે મારા મૃત્યુ પછી મારી બધી મિલકત મિસ્ટર હાઈડને મળશે. એટલું જ નહીં, જો ત્રણ મહિના સુધી મારી ભાળ ન મળે, હું અલોપ થઈ જાઉં તો તરત જ મિસ્ટર હાઈડ મારે બદલે મારી જિંદગી જીવવા લાગશે! તેને એ પણ જાણવા મળે છે કે પેલું રહસ્યમય બારણું અંગ્રેજીના 'એલ' અક્ષરના આકારે ડૉક્ટર જેકિલના ઘર સાથે જોડાયેલું હતું. અટરસનને લાગે છે કે નક્કી આ હાઈડ નામનો માણસ ડૉક્ટર જેકિલને બ્લૅકમેલ કરી રહ્યો છે. તે થોડી મહેનતે હાઈડને શોધી પણ કાઢે છે, પણ અટરસન સાથે વાત કરતાં હાઈડ ખૂબ ગુસ્સે થઈ જાય છે.

એક વર્ષ વીત્યા પછી મિસ્ટર હાઈડ સર ડેનવર્સનું ખૂન કરે છે. અટરસનની મદદથી પોલીસ હાઈડનું ઘર શોધી કાઢે છે, પણ ત્યાં તો બધું રાચરચીલું વેરણછેરણ પડ્યું છે અને હાઈડ ત્યાં નથી. પોલીસના ગયા પછી અટરસન ડૉક્ટર જેકિલને ઘરે જાય છે અને હાઈડ જેવા ખૂનીને તમે આશરો આપ્યો છે એવો આરોપ મૂકે છે. પણ ડૉક્ટર કહે છે કે હવે મારે હાઈડ સાથે કશો સંબંધ રહ્યો નથી અને તેના પુરાવારૂપે હાઈડે લખેલી એક ચિઠ્ઠી પણ બતાવે છે. એ ચિઠ્ઠી પોતાની સાથે લઈ જઈને અટરસન તેની ચકાસણી કરે છે ત્યારે તેના ધ્યાનમાં આવે છે કે એ ચિઠ્ઠીના અક્ષરો અને ડૉક્ટર જેકિલના અક્ષરો સરખા છે. ડૉક્ટરે આ બનાવટી ચિઠ્ઠી હાઈડને બચાવવા લખી છે એમ અટરસન માની લે છે. થોડા દિવસ પછી ડૉક્ટર જેકિલનો બટલર અટરસનને મળવા આવે છે અને કહે છે કે છેલ્લા થોડા દિવસથી ડૉક્ટર ઘરના ભંડકિયામાં પુરાઈ

રહ્યા છે અને ત્યાંથી જાતજાતના અવાજો આવ્યા કરે છે. ઘણી વાર રડવાના પણ. ભંડકિયામાંથી ડૉક્ટર જેકિલે બટલરને ચિઠ્ઠી લખીને એક ખાસ પ્રકારનું મીઠું માગ્યું છે. બટલર સાથે ડૉક્ટરને ઘરે જઈને અટરસન તપાસ કરે છે તો એક કબાટમાંથી હાઈડનો મૃતદેહ મળી આવે છે. ડૉક્ટરની લૅબોરેટરીના ટેબલ પર અટરસનને લખેલો એક પત્ર પણ સીલબંધ પરબીડિયામાં મળી આવે છે. એ જ કવરમાં ડૉક્ટર લેનિયનને લખેલો એક પત્ર પણ મળે છે. ડૉક્ટર જેકિલને ઘરે મિજબાનીમાં ગયેલા લેનિયનને બીજે દિવસે જેકિલનો પત્ર મળેલો. તેમાં લખેલું કે જેકિલને ઘરે જઈને અમુક ચોક્કસ ખાનામાંની ચીજો તમે તમારે ઘરે લઈ આવો. પછી એક અજાણ્યો માણસ મારું નામ લઈને તમારે ત્યાં આવી એ વસ્તુઓ લઈ જશે. એ વસ્તુઓ હતી થોડાક પાવડર, એક કાચની નળી અને ડાયરી. પત્રમાં લખ્યા પ્રમાણે લેનિયન કરે છે અને મિસ્ટર હાઈડ એ વસ્તુઓ લેવા તેને ઘરે આવે છે. લેનિયનની દેખતાં જ પેલી કાચની નળીમાં પાઉડરો અને પાણી ભેગાં કરી હાઈડ એ પી જાય છે અને એ જ ઘડીએ તે હાઈડને બદલે ડૉક્ટર જેકિલ બની જાય છે. આ જોઈને આઘાતથી જ લેનિયનનું મૃત્યુ થાય છે.

લેનિયનની વાત જાણ્યા પછી અટરસન ડૉક્ટર જેકિલે લખેલો પત્ર વાંચે છે. જેકિલ માનતો કે દરેક માણસમાં બે વ્યક્તિ રહેલી હોય છે– એક સારી અને બીજી ખરાબ. આવો પરસ્પર વિરોધી દ્વૈતભાવ માણસના આત્માનું મૂળભૂત લક્ષણ છે અને તેમની વચ્ચે સતત સંઘર્ષ ચાલતો રહે છે. કેટલાક પ્રયોગો પછી જેકિલ બે પીણાં બનાવે છે. એક પીવાથી તે ડૉક્ટર મટી મિસ્ટર હાઈડ બનતો અને બીજું પીણું પીને પાછો મિસ્ટર હાઈડમાંથી ડૉક્ટર જેકિલ બનતો. હાઈડ બનતો ત્યારે કાળાં કામો કરતો પણ પછી ફરી જેકિલ બની પ્રતિષ્ઠિત ડૉક્ટર બની જતો. પણ એક રાતે તે સૂએ છે ડૉક્ટર જેકિલ તરીકે અને ઊઠે છે ત્યારે આપોઆપ મિસ્ટર હાઈડ બની ગયો છે. હવે હાઈડ બનવું નથી એવા નિર્ધાર સાથે તે ફરી જેકિલ બને છે, પણ તેનો આ નિર્ધાર લાંબો વખત ટકતો નથી. ફરી હાઈડ બને છે અને જેકિલ બનવા માટે જે પીણું બનાવતો તેમાં જે ખાસ પ્રકારનું મીઠું તે નાખતો તે ખૂટી જાય છે. એથી જ તેણે બટલરને એ મીઠું શોધી લાવવા ચિઠ્ઠી લખેલી. પણ તેમાં નિષ્ફળતા મળ્યા પછી ગુનેગારીની ભૂંડી જિંદગીથી ત્રાસેલો હાઈડ આપઘાત કરે છે. મિસ્ટર હાઈડ અને ડૉક્ટર જેકિલ એક જ ખોળિયામાં વસતા હતા એટલે એ સાથે જ ડૉક્ટર જેકિલનું

પણ મૃત્યુ થાય છે. અત્યંત પ્રસિદ્ધ અને લોકપ્રિય આ નવલકથા પરથી આજ સુધીમાં ૧૬ ફિલ્મ અને સાત ટી.વી. માટેની ફિલ્મ બની છે. ૧૯૪૧માં વિક્ટર ફલેમિંગ દિગ્દર્શિત ફિલ્મમાં સ્પેન્સર ટ્રેસી, ઇન્ગ્રિડ બર્ગમૅન, લાના ટર્નર વગેરેએ અભિનય કર્યો હતો. ગુજરાતીમાં આ નવલકથાના ત્રણ અનુવાદ પ્રગટ થયા છે. મગનભાઈ પ્રભુલાલ દેસાઈનો અનુવાદ ૧૯૩૮માં, 'દેવ અને દાનવ' નામે જિતેન્દ્ર દેસાઈએ કરેલો અનુવાદ ૧૯૬૨માં અને 'સત્યમ્' દ્વારા થયેલો અનુવાદ ૧૯૫૬માં પ્રગટ થયો હતો.

●

૩૧. વિજ્ઞાનકથા દ્વારા ભાવિદર્શન

ટાઇમ મશીન/ એચ. જી. વેલ્સ

'મારા કામમાં ખલેલ ન કરો, જોતા નથી, હું મરવાના કામમાં મશગુલ છું.' પોતાના મૃત્યુના થોડા દિવસ પહેલાં એક મિત્રને આ શબ્દો કહેનાર હતા એચ. જી. વેલ્સ. વર્ષોથી ડાયાબિટીસથી પીડાતા હતા. પોતાની તબિયતની કાળજી પણ લેતા હતા. પણ હવે મૃત્યુ નજીક છે એમ લાગ્યું એટલે ખાવાપીવા અંગે સાવ નફિકરા થઈ ગયા. મિત્રે ટપાર્યા અને તબિયતનું ધ્યાન રાખવા કહ્યું ત્યારે વેલ્સે તેને આ શબ્દો કહેલા. તે પછી થોડા દિવસે, ૧૯૪૬ના ઑગસ્ટની ૧૪મી તારીખે બપોરે લંડનમાં વેલ્સનું અવસાન થયું. ૧૮૬૬ના સપ્ટેમ્બરની ૨૧મી તારીખે જન્મેલા વેલ્સે સો ઉપરાંત પુસ્તકો લખ્યાં છે જેમાં પચાસેક નવલકથાનો સમાવેશ થાય છે. ૧૮૯૫માં તેમની પહેલી નવલકથા પ્રગટ થઈ ત્યારે વેલ્સની ઉંમર માત્ર ૨૯ વર્ષની હતી. પણ આ પહેલી નવલકથાએ જ વેલ્સને અસાધારણ પ્રસિદ્ધિ અને લોકપ્રિયતા અપાવી. આ નવલકથા તે 'ધ ટાઈમ મશીન'. રમણલાલ સોનીએ 'કાળપ્રવાસી' નામે કરેલો તેનો અનુવાદ ૧૯૬૨માં પ્રગટ થયો હતો.

પોતાનું ભવિષ્ય જાણવાની ઈંતેજારી લગભગ દરેક માણસને હોય છે. પણ આ નવલકથામાં વેલ્સે માનવજાતનું ભવિષ્ય જોવાનો અને વાચકોને બતાવવાનો પ્રયત્ન કર્યો છે. કથાની શરૂઆત થાય છે એક સંશોધકના દીવાનખાનામાં. પોતાની કથાના આ નાયકને લેખકે કોઈ નામ આપ્યું નથી. માત્ર કેટલેક સ્થળે તેનો ઉલ્લેખ સમય સફરી – ટાઈમ ટ્રાવેલર તરીકે કર્યો છે. એક યુવાન, એક ડૉક્ટર, એક મનોવિજ્ઞાની અને એક નાનકડા પ્રાંતનો સૂબો એવા ચાર મિત્રો પેલા સમય-સફરીને ઘરે બેઠા છે. સમયનાં પરિમાણો વિષે સમય-સફરી તેમની સાથે ચર્ચા કરે છે અને જેની મદદથી ભવિષ્યકાળ અને ભૂતકાળમાં પ્રવાસ કરી શકાય એવા પોતે બનાવેલા ટાઈમ મશીનનું મૉડેલ તે મિત્રોને બતાવે છે. પણ તેની

વાત સાંભળવા મિત્રો તૈયાર નથી કારણ તેમને આ વાત ઠંડા પહોરનાં ગપ્પાં જેવી લાગે છે. એટલે સમય-સફરી તેમને પોતાની પ્રયોગશાળામાં લઈ જાય છે અને ખરેખરું ટાઈમ મશીન બતાવે છે. સમય- સફરી મિત્રોને કહે છે કે તમારી સામે જ આ ટાઈમ મશીનમાં બેસીને હું ભવિષ્યની સફરે ઊપડી જઈશ. પણ ચારે મિત્રો કોઈ ને કોઈ બહાનું બતાવીને ત્યાંથી તરત ચાલતા થાય છે. ટાઈમ મશીનની ખુરશી પર બેસીને સમય- સફરી પહેલાં તો ઘડી બે ઘડી માટે જ મશીન ચલાવે છે, અને જુએ છે તો ઘડિયાળ કેટલાય કલાક આગળ ચાલવા લાગી છે. આમ, મશીન બરાબર ચાલે છે એની ખાતરી કરી લીધા પછી સમય-સફરી પોતાનું મશીન ખરેખર ચાલુ કરે છે.

પહેલાં દેખાય છે પોતાની સામાન્ય પ્રયોગશાળાને બદલે અત્યાધુનિક સુસજ્જ પ્રયોગશાળા. પછી તે ખંડેર બને છે. બહારનાં મકાનો પણ ક્રમે ક્રમે વધુ ને વધુ મૉડર્ન બનતાં જાય છે. પ્રયોગશાળાની જગ્યાએ બગીચો બની જાય છે. પછી પ્રચંડ વાવાઝોડું ફૂંકાય છે જેમાં કશું જ દેખાતું નથી. સમય-સફરી મહામહેનતને મશીન બંધ કરે છે. ટાઈમ મશીનના ડાયલમાં વર્ષ દેખાય છે ઈ.સ. ૮૦૨૭૦૧. નજર નાખે છે તો આસપાસમાં ટૂંકા ટૂંકા ઝભ્ભા પહેરેલા, ઠીંગણા, દેખાવડા પણ અશક્ત જણાતા માણસો જોવા મળે છે. તેમાંની એક સ્ત્રીને આ સમય-સફરીમાં રસ પડી જાય છે. સ્ત્રી અને સમય-સફરી એકબીજાની ભાષા સમજી શકતાં નથી, પણ બન્ને હાવભાવથી વાત કહી ગાડું ગબડાવે છે. પેલી સ્ત્રી તેને એક વિશાળ મકાનમાં લઈ જાય છે. સ્ત્રીની સાથે જતાં પહેલાં સમયસૂચકતા વાપરી મુસાફર પોતાના મશીનને ચલાવવા માટેનું હૅન્ડલ સાથે લઈ લે છે. એ હૅન્ડલ વગરનું મશીન કોઈ ચલાવી શકે તેમ નથી. સ્ત્રી કહે છે કે તેનું નામ વીના છે અને તે એલોઈ જાતિની છે. પોતાના જમાનામાં લંડનનાં યાદગાર સ્થળો ક્યાં ક્યાં હતાં તે સફરી વીનાને કહે છે. વિમ્બલ્ડન સ્ટેડિયમની જગ્યાએ હવે લીલા રંગની ચીનાઈ માટીનો બનેલો મોટો મહેલ ઊભો છે. સફરી સાથે વાતો કરતાં કરતાં વીના તેને એક ફૂલ આપે છે જે સફરી પોતાના ખિસ્સામાં મૂકી દે છે. પેલી મહેલ જેવી ઇમારતમાંથી બહાર આવીને સફરી જુએ છે તો તેનું ટાઈમ મશીન ગાયબ થઈ ગયું છે! પહેલાં તો સફરી ગભરાઈ જાય છે. પણ પછી તેને ખ્યાલ આવે છે કે મશીનનું હૅન્ડલ પોતાની પાસે છે એટલે બીજું કોઈ ટાઈમ મશીન ચલાવી શકે તેમ નથી. પછી તેને વિમાસણ થાય છે કે

એલોઈ જેવા નિર્બળ લોકોનું તો આવું ભારેખમ મશીન ખસેડવાનું ગજું નહીં તો પછી આ મશીન અહીંથી કોણે ખસેડ્યું હશે!

બીજે દિવસે સવારે સફરી વીના સાથે વાતો કરતો હોય છે ત્યારે તેને નજીકના એક કૂવામાંથી યંત્રોના ચાલવાનો અવાજ સંભળાય છે. વીના આ કૂવાથી ગભરાતી હોય છે પણ સફરી તો કૂવાની અંદર ઊતરી પડે છે. અંદર ઊતર્યા પછી તેને પૃથ્વીના પેટાળમાં અજાણ્યા જીવો દેખાય છે. એ લોકો સફરીને પકડવા ચાહે છે, પણ તેમની સાથે ધિંગાણું કર્યા પછી સફરી મહામહેનતે કૂવાની બહાર આવી શકે છે.વીના કહે છે કે પેટાળમાં વસતા એ લોકો મોરલોક્સ તરીકે ઓળખાય છે. અગાઉ માણસોમાં જે લોકો યંત્રો ચલાવવામાં હોશિયાર હતા તેમના તે વંશજો છે. જ્યારે એલોઈ લોકો અગાઉના બુદ્ધિજીવી માણસોના વંશજો છે. હવે મોરલોક્સ લોકો પાતાળમાં રહે છે ખરા, પણ એલોઈ લોકોના માંસનું ભક્ષણ કરીને તેઓ પોતાનું ગુજરાન ચલાવે છે. પહેલાં જે માલિક હતા તે એલોઈ લોકો હવે ભક્ષ્ય બની ગયા છે! એક લીલા રંગની વિશાળ ઈમારતમાં સફરી અને વીના જાય છે. પણ પછી તેમને ખ્યાલ આવે છે કે આ તો મોરલોક્સ લોકોનું મ્યુઝિયમ છે. તેઓ ત્યાંથી ભાગે છે, મોરલોક્સ લોકો તેમની પાછળ પડે છે પણ સાંજ પડતાં સુધીમાં સફરી અને વીના એક જંગલમાં પહોંચી ત્યાં રાતવાસા માટે રોકાય છે. જ્યારે સફરીની આંખ ખૂલે છે ત્યારે ચારે બાજુ મોરલોક્સ લોકો તેને વીંટળાઈને ઊભા છે અને વીના તો ગુમ થઈ ગઈ છે. સફરી પાછો ફરે છે અને પેલી ઈમારતનો એક દરવાજો ખોલીને જુએ છે તો અંદર પોતાનું ટાઇમ મશીન! તે તરત તેમાં બેસી હૅન્ડલ ફેરવી મશીન ચાલુ કરી ભવિષ્યની સફરે આગળ વધે છે. હવે માત્ર લીલ બાઝેલા ખડકો દેખાય છે, સૂરજ ઘરડો થઈને સૂકાઈ રહ્યો છે, દરિયાકાંઠે વિરાટકાય કરચલા ફરે છે, હવે માત્ર લીલ પથરાઈ છે બધે, બીજો કોઈ જીવ દેખાતો નથી. પછી લીલ પણ અદશ્ય. બીજા એક ગ્રહનું ગ્રહણ લાગવાને કારણે સૂર્યનું મૃત્યુ થાય છે અને તે સાથે જ પૃથ્વીનો પણ નાશ થાય છે. આ બધું જોઈ ગભરાઈ ગયેલો સફરી હૅન્ડલ ઊલટું ઘુમાવી મશીનને રિવર્સમાં ચલાવી અંતે પોતાની પ્રયોગશાળામાં આવી પહોંચે છે. થોડા દિવસ પછી પોતાની આ અજાયબ વાત તે પેલા ચાર મિત્રોને કહે છે ત્યારે તેઓ કહે છે કે કાં તને ખરાબ સપનું આવ્યું હશે, કાં તારું ભમી ગયું હશે. તેમની વાત સાંભળીને સફરી પોતાની પાઈપ સળગાવવા બાકસ માટે ખિસ્સામાં હાથ નાખે છે.

પણ તેના હાથમાં બાકસને બદલે વીનાએ આપલું ફૂલ આવે છે. ફૂલને પંપાળીને તે હળવેથી બોલે છે 'વીના'.

૧૯૪૯માં બીબીસી પરથી 'ધ ટાઈમ મશીન' નું રેડિયો રૂપાંતર બ્રોડકાસ્ટ થયેલું. ૧૯૬૦માં તેના પરથી બનેલી ફિલ્મને અસાધારણ સફળતા મળી. ૨૦૦૨માં ફરી બીજી ફિલ્મ પણ બની. 'ધ ટાઈમ-મશીન'ના અનુસંધાનમાં પણ કેટલીક નવલકથાઓ લખાઈ છે. સાયન્સ ફિકશન દ્વારા માનવજાતના ભવિષ્યનું ભાષ્ય વેલ્સે આપ્યું છે.

●

૩૨. એક નરપિશાચની અમર કથા

ડ્રેકુલા/અબ્રાહમ સ્ટોકર

લેખકના નામ કરતાં તેણે સર્જેલા પાત્રનું નામ, તેણે લખેલી નવલકથાનું નામ ઘણું વધારે જાણીતુ બની જાય એવું ક્યારેક જ બને છે. ૧૮૪૭માં જન્મેલા અને ૧૯૧૨માં મૃત્યુ પામેલા અબ્રાહમ સ્ટૉકરનું નામ પણ ન જાણતા હોય એવા લાખો લોકો પણ એક યા બીજી રીતે તેની નવલકથાથી અને એ નવલકથાના મુખ્ય પાત્રથી આજે પણ પરિચિત છે. ૧૮૯૭ના જૂનમાં એ નવલકથા પહેલીવાર પ્રગટ થઈ ત્યારથી આજ સુધી તે ક્યારેય આઉટ ઑફ પ્રિન્ટ થઈ નથી અને એ નવલકથા પરથી 'પ્રેરણા' લઈને દુનિયાની જુદી જુદી ભાષામાં આજ સુધીમાં ૭૦૦ જેટલી ફિલ્મ બની છે. એ નવલકથા તે 'ડ્રેકુલા'.

આપણા સાહિત્યમાં જે પ્રકાર ભાગ્યે જ કોઈએ ગંભીરતાપૂર્વક ખેડ્યો છે તે હૉરર નૉવેલના પ્રકારની આ કદાચ સૌથી વધુ જાણીતી કૃતિ છે. એક વેમ્પાયર - લોહીચૂસ ભૂત- ડ્રેકુલા એ તેનું મુખ્ય પાત્ર છે. આખી નવલકથા પત્રો, ડાયરીમાંની નોંધો, તાર સંદેશ અને છાપાના અહેવાલોના અત્યંત કુશળ સંયોજન વડે લખાઈ છે. પૂર્વ યુરોપના દેશોના લોકોમાં પ્રચલિત વેમ્પાયર કથાઓનો સાત વર્ષ સુધી અભ્યાસ કર્યા પછી લેખકે આ નવલકથા લખી હતી! નવલકથાનો મોટો ભાગ જોનાથન હાર્કર, મીના મરે (પાછળથી મીના હાર્કર) અને ડૉક્ટર સેવર્ડના લખાણોરૂપે લખાયો છે. જોનાથન નામનો એક અંગ્રેજ યુવાન પોતાના ધંધાના કામે ટ્રાન્સિલવેનિયા જાય છે. ત્યાંનો કાઉન્ટ ડ્રેકુલા ઇંગ્લૅન્ડમાં જમીન-જાયદાદ ખરીદવા માગે છે તેને મદદ કરવી એ તેનું કામ છે. શરૂઆતમાં તો ડ્રેકુલાની ઉદારતા અને બુદ્ધિમત્તાથી તે ખૂબ પ્રભાવિત થાય છે. પણ ધીમે ધીમે તેને ખ્યાલ આવે છે કે હકીકતમાં આ ડ્રેકુલાએ તેને પોતાના કિલ્લામાં બંદી બનાવી દીધો છે. વળી ડ્રેકુલાનો ખરો ઈરાદો તો લંડનમાં જમીન-જાયદાદ ખરીદીને ત્યાંના લોકોને હેરાનપરેશાન કરવાનો છે

એમ પણ તેને લાગે છે. પોતાની છૂપી વાતનો જોનાથનને ખ્યાલ આવી ગયો છે એવો વહેમ જતાં ડ્રેકુલા ત્રણ લોહીચૂસ રાક્ષસીઓ દ્વારા તેને મારી નાખવાનું કાવતરું ઘડે છે પણ ત્રણેત્રણ પિશાચણીના હુમલામાંથી જોનાથન મહામહેનતે ભાગી છૂટે છે.

બીજી બાજુ ઇંગ્લૅન્ડમાં જોનાથનની વાગ્દત્તા મીના તેની જિગરજાન સખી લૂસી વેસ્ટનરાને મળવા જાય છે. આ લૂસીના હાથની માગણી ત્રણ ત્રણ પુરુષોએ કરી છે- આર્થર હોમવૂડ, ડૉક્ટર સેવર્ડ અને ક્વિન્સી મૉરિસ. ત્રણમાંથી લૂસી આર્થરનું માગુ સ્વીકારે છે. મીના અને લૂસી દરિયા કિનારે આવેલા એક નાનકડા ગામમાં રજાઓ ગાળવા જાય છે. એ બન્ને ત્યાં હોય છે તે દરમિયાન દરિયામાં એક રશિયન જહાજને અકસ્માત નડે છે. જહાજના ભંગારમાંથી એક મોટો વિશાળકાય કૂતરો દોડીને ગામમાં જઈ પહોંચે છે. જહાજમાંના બધા ખલાસીઓ લાપત્તા છે. તેમાં માત્ર એક જ વ્યક્તિ છે, જહાજનો કપ્તાન, જે મૃત્યુ પામ્યો છે. એ જહાજમાં સામાન તરીકે પચાસ પેટીઓ હતી અને એ દરેક પેટીમાં ભરી હતી માટી! નવી નવાઈની વાત એ બને છે કે જહાજ ભાંગીને ભુક્કો થઈ ગયું છે, બધા ખલાસીઓ લાપત્તા છે, કપ્તાન મૃત્યુ પામ્યો છે છતાં કોઈક અગમ્ય રીતે પેલી પચાસ પેટી જ્યાં પહોંચાડવાની હતી ત્યાં પહોંચી જાય છે! આ અકસ્માત પછી લૂસીની વર્તણૂક વિચિત્ર થવા લાગે છે. ઘણીવાર રાતે તે ઊંઘમાં ને ઊંઘમાં ચાલવા લાગે છે અને તેની શક્તિ હણાતી જાય છે. એક રાતે કોઈ અગમ્ય રીતે લૂસી કબ્રસ્તાનમાં બેભાન હાલતમાં મીનાને જોવા મળે છે. તેના દેહ ઉપર આગિયાની જેમ ચમકતી આંખોવાળો બીજો કોઈક દેહ ઝળુંબી રહ્યો છે, પણ મીનાને આવતી જોઈ એ વિચિત્ર વ્યક્તિ એકાએક અલોપ થઈ જાય છે.

એવામાં જ બુડાપેસ્ટથી ખબર મળે છે કે ડ્રેકુલાના કિલ્લામાંથી ભાગી છૂટેલો જોનાથન મળી આવ્યો છે અને તે સનેપાતના રોગથી પીડાય છે. તેની યાદદાસ્ત પણ સાવ ઝાંખી થઈ ગઈ છે અને તે પોતે ધંધાના કામ માટે ટ્રાન્સિલવેનિયા ગયો હતો તે પણ તેને યાદ નથી અને ત્યાં જે કાંઈ બન્યું હતું તે પણ એ ભૂલી ગયો છે. તેની સારવાર કરવા અને તેને ઇંગ્લૅન્ડ પાછો લાવવા મીના તેની પાસે પહોંચી જાય છે. જોનાથન પાસે પહોંચીને સૌથી પહેલાં તો મીના તેની સાથે લગ્ન કરી લે છે! પોતાની ડાયરી જોનાથન મીનાને આપી દે છે, પણ તે વાંચવાની મીનાની હિમ્મત ચાલતી નથી. એટલે તે ડાયરીને સીલબંધ કવરમાં મૂકી

દે છે અને જોનાથનને વચન આપે છેકે તારો જીવ બચાવવા માટે અનિવાર્ય હશે તો જ હું એ ડાયરી વાંચીશ, નહીંતર ક્યારેય નહીં વાંચું.

બીજી બાજુ માંદી લૂસી પણ પાછી ઇંગ્લૅન્ડ પહોંચી ગઈ છે. આર્થર તેની સારવાર કરવાનું ડૉક્ટર સેવર્ડને સોંપે છે. લૂસીનો વિચિત્ર રોગ જોઈ સેવર્ડ મૂંઝાઈ જાય છે અને પોતાના ગુરુ પ્રોફેસર અબ્રાહમ વાનહેલસિંગની મદદ માગે છે. દર્દીને જોતાવેંત અબ્રાહમને તેની માંદગીનો અંદાજ આવી જાય છે. તે લૂસીને બચાવવા માટે જાતજાતના નુસખા અજમાવે છે પણ ડ્રેકુલા પોતાની ખંધાઈથી દર વખતે તેને નિષ્ફળ બનાવે છે. ડ્રેકુલાના લૂસી પરના એક હુમલામાં પહેલાં લૂસીની મા મરી જાય છે, અને પછી લૂસી પોતે મરી જાય છે. તે પછી અબ્રાહમ લૂસીની ડાયરી મેળવીને વાંચે છે અને તેમાંની નોંધોને આધારે મીનાનો સંપર્ક કરે છે.

જોનાથન અને મીના હવે ઇંગ્લૅન્ડ પાછા આવ્યાં છે. પીટર હૉકિન્સ નામનો જોનાથનનો શેઠ મરતાં પહેલાં ઘણી મોટી મિલકત જોનાથનને નામે કરતો ગયો છે. એક દિવસ લંડનમાં ફરતાં જોનાથનની નજરે કાઉન્ટ ડ્રેકુલા પડે છે. તેને જોતાંવેંત જોનાથન બેભાન થઈ જાય છે. ભાનમાં આવે છે ત્યારે શું થયું તે કશું તેને યાદ નથી આવતું. જોનાથનના જીવને જોખમ છે એમ લાગતાં મીના તેણે આપેલી પેલી ડાયરી વાંચે છે. જ્યારે લૂસી વિષે વાતચીત કરવા અબ્રાહમ મીનાને મળવા આવે છે ત્યારે મીના એ ડાયરી તેને વાંચવા આપે છે. એ વાંચીને તેને કાઉન્ટ ડ્રેકુલાના આખા કાવતરાનો ખ્યાલ આવી જાય છે. જ્યાં લૂસીને દફનાવી હતી તે કબ્રસ્તાનની આસપાસના વિસ્તારમાં બાળકો ઉપર જ અગમ્ય રીતે હુમલા થવા લાગે છે. અબ્રાહમ કહે છે કે આ હુમલાનું કારણ લૂસી છે, જે ડ્રેકુલાના હુમલાને પરિણામે હવે ભૂતણી બની ગઈ છે. આ જાણ્યા પછી લૂસીના હૃદયની આરપાર ભાલો હુલાવીને આર્થર પોતાની મૃત વાગ્દત્તાને ભૂતયોનિમાંથી મુક્તિ અપાવે છે. પછી ડૉક્ટર સેવર્ડના પાગલખાનામાં એકઠાં મળી કથાનાં બધાં મુખ્ય પાત્રો ડ્રેકુલાને ખતમ કરવાની યોજના ઘડે છે. પેલી પચાસ પેટીમાં ડ્રેકુલાના કિલ્લામાંથી ખોદેલી માટી ભરી હતી અને જો જીવતા રહેવું હોય તો રોજ એ માટીમાં સૂવું ડ્રેકુલા માટે અનિવાર્ય હતું. એટલે એ પેટીઓ શોધીને તેનો નાશ કરવાનું શરૂ થાય છે. પણ એ વાતની ખબર પડતાં ડ્રેકુલા પોતાનું લોહી ચૂસવાની મીનાને ફરજ પાડે છે જેથી મૃત્યુ પછી મીના ડ્રેકુલાની જગ્યા

લઈ શકે. પણ જો મીનાના મરતાં પહેલાં ડ્રેકુલાને ખતમ કરી શકાય તો મીના બચી જાય. ૪૯ પેટી શોધીને તેના પર 'પવિત્ર જળ' છાંટીને તેમાંની માટીને પવિત્ર બનાવી દેવાય છે, પણ પચાસમી પેટીમાં પુરાઈને ડ્રેકુલા ભાગી છુટે છે. બધાં તેનો પીછો પકડે છે. અબ્રાહમ અને મીના 'પવિત્ર જળ' છાંટી ડ્રેકુલાના કિલ્લાને પવિત્ર કરી ત્રણ ભૂતણીઓને ખતમ કરે છે. ડ્રેકુલા જે પેટીમાં છુપાયો હતો તે પેટી કેટલાંક જિપ્સીઓ ટ્રાન્સિલવેનિયા લઈ જઈ રહ્યા છે. રાત પડે તે પહેલાં ડ્રેકુલાને ખતમ ન કરી શકાય તો પછી ક્યારેય ન કરી શકાય. બધાં ભેગા મળી જિપ્સીઓ પર હુમલો કરે છે. ધિંગાણું થાય છે. સુરજ આથમવાની અણી પર છે. એ જ વખતે જોનાથન અને ક્વિન્સી મૉરિસ જીવલેણ ઘા કરી નરપિશાચ ડ્રેકુલાનો અંત આણે છે.

●

૩૩. કે ઝગડો લોચન - મનનો રે
અ રૂમ વિથ અ વ્યૂ /ઈ. એમ. ફોર્સ્ટર

લોચન અને મનનો ઝગડો માત્ર આપણા મધ્યકાલીન કવિના નસીબમાં જ લખાયો હોય એવું નથી. પહેલા વિશ્વયુદ્ધ પહેલાંના ગ્રેટ બ્રિટનમાં વસતી કોઈ યુવતીના નસીબમાં પણ એ લખાયો હોઈ શકે. સમાજના નીતિનિયમો, રૂઢિ બંધનો, માન્યતાઓ એક રસ્તો બતાવતાં હોય, મન બીજો રસ્તો બતાવતું હોય. પહેલાં તો એ યુવતી જ્યાં આંખ લઈ જાય ત્યાં જવાનો પ્રયત્ન કરે, પણ છેવટે....... લોચન - મનના ઝગડામાં સપડાયેલી એક યુવતી, નામે લૂસી હનીચર્ચની કથા એટલે 'અ રૂમ વિથ અ વ્યૂ'. આપણા દેશમાં 'અ પૅસેજ ટુ ઈન્ડિયા' નવલકથાને લીધે ઈ. એમ. ફોર્સ્ટર વધુ જાણીતા છે, પણ બ્રિટિશ સાહિત્યમાં તે વધુ જાણીતા થયા તે ૧૯૦૮માં પ્રગટ થયેલી 'અ રૂમ વિથ અ વ્યૂ' દ્વારા. ફોર્સ્ટરની એ સૌથી વધુ જાણીતી અને લોકપ્રિય નવલકથા બની રહી. એ પ્રગટ થઈ ત્યારે ફોર્સ્ટરની ઉંમર ૨૯ વર્ષ. અગાઉ બે નવલકથા પ્રગટ થયેલી - 'વ્હેર એન્જલ્સ ફિયર ટુ ટ્રેડ' અને 'ધ લોંગેસ્ટ જર્ની .' પણ તેને કાંઈ સારો આવકાર મળેલો નહીં. 'અ રૂમ વિથ અ વ્યૂ' જે સમયની અને સમાજની વાત કરે છે તે છે પહેલા વિશ્વયુદ્ધ પહેલાંના બ્રિટિશ સામ્રાજ્યના સુવર્ણ કાળનો. હજી ગ્રેટ બ્રિટનનો રાજા કૅનેડાનો અને હિન્દુસ્તાનનો પણ સમ્રાટ હતો. દુનિયાના અનેક દેશોને લૂંટી લૂંટીને જે સમૃદ્ધિ ભેગી કરી હતી તે હજી બ્રિટનમાં છલકાતી હતી. હજી સમાજના મોટા ભાગના લોકોને વિક્ટોરિયન યુગનાં મૂલ્યો અને માન્યતાઓ પ્યારાં હતાં. લાગણી પ્રદર્શિત કરવી એ સારી રીતભાત ગણાતી નહીં. તેમાંય ખાસ કરીને યુવાન છોકરીઓમાં કેવા ગુણો હોવા જોઈએ, તેમની રીતભાત કેવી હોવી જોઈએ, મનની લાગણીઓને તેમણે કઈ રીતે દાબી- ધરબી દેવી જોઈએ એ બધાં અંગે સમાજના આગ્રહો હતા. અને સમાજ માન્ય કરતાં જુદી રીતે વર્તે એવી છોકરીઓ ત્યારે ગામનો ઉતાર ગણાતી. પણ

આ બધી જડ રૂઢિઓનાં મૂળિયાં હચમચવા લાગ્યાં હતાં હવે. ખાસ કરીને સ્ત્રીઓ પૂછતી થઈ હતી – પુરુષોના અને અમારા અધિકારો સરખા કેમ નહીં? બીજી બાજુથી સમાજવાદીઓ ધર્મ વિષેના, સમાજના વર્ગો વિષેના ખ્યાલોને પડકારી રહ્યા હતા. લાગણીઓ, સ્ત્રી- પુરુષના સંબંધો અંગેની પરંપરાગત માન્યાતાઓને કલાકારો અને વિવેચકો ફરીથી તપાસી રહ્યા હતા. સામાજિક રૂઢિઓની, સમાજની અપેક્ષાઓની અને તેની સામેના પડકારની કથા એટલે 'અ રૂમ વિથ અ વ્યૂ.' ફૂટડી યુવતી લૂસીને સમાજ એક બાજુ દોરે છે અને થોડો વખત મનને મારીને તે સમાજ ચીંધ્યા રસ્તે જવા પ્રામાણિક પ્રયત્ન કરે પણ છે. પણ છેવટે જીત સમાજનાં લોચનની નહીં, લૂસીના મનની થાય છે. લેખક આ રીતે રૂઢિચુસ્તોની નહીં, પણ નવા વિચારોના પુરસ્કર્તા સમાજવાદીઓની પંગતમાં જઈને બેસે છે.

એ જમાનામાં બ્રિટિશ યુવકો અને યુવતીઓ ઈટલીની 'ગ્રાન્ડ ટૂર' કરતા. રોમનાં અને રનેસાં યુગનાં સંસ્કૃતિ, કલા, શિલ્પ સ્થાપત્ય, આ બધાંથી માહિતગાર ન થાય ત્યાં સુધી કોઈ યુવક કે યુવતી સુસભ્ય ગણાતાં નહીં. પણ કાગડા બધે કાળા. આપણા લોકો જેમ રોમમાં રસપૂરી અને પેરિસમાં પાતરાં ઝાપટે, તેમ ઘણા બ્રિટિશ મુસાફરો માત્ર ડેલીએ હાથ દઈ આવે. ઈટલી જઈને પણ રહે બીજા બ્રિટિશરો સાથે કે બ્રિટિશરો માટેની ખાસ હોટેલોમાં. ખાય બ્રિટિશ ખાણાં, પીએ બ્રિટિશ પીણાં. થોડું અહીં તહીં ફરે, એક-બે મ્યુઝિયમનાં પગથિયાં ચડે-ઊતરે અને પછી ચુકાદો જાહેર કરે: 'આ તે કાંઈ દેશ છે? આ તે કાંઈ સંસ્કૃતિ કહેવાય? એના કરતાં તો આપણે બ્રિટિશરો લાખ દરજ્જે સારા,' અને ફરીને પાછા ઘરે જાય ત્યારે મારે મોટી મોટી ગુલબાંગો: 'અરે, અમે તો બે દિવસમાં રોમ પતાવી દીધું, ફ્લોરેન્સ તો હવે સમજ્યા મારા ભાઈ, વાતમાં કાંઈ દમ નહીં. આપણું લંડન તો ક્યાંય થવું નથી મારા ભાઈ!' આવા બ્રિટિશ મુસાફરોની ફોર્સ્ટરે આ નવલકથામાં ઠેકડી ઉડાવી છે, પણ હળવેકથી મૂછમાં મરકીને. કટાક્ષ નથી, કડવાશ તો નથી જ. લેખક જાણે કહે છે: 'આવા પણ હોય છે હોં આપણા લોકો!' પણ એક વિચિત્ર વાત એ છે કે નવલકથામાં લૂસી અને જ્યૉર્જના પ્રેમની વાત માંડનાર ફોર્સ્ટરને પોતાને સ્ત્રી- પુરુષના સંબંધનો ઝાઝો અનુભવ જ નહોતો, કારણ ફોર્સ્ટર હતા હોમો સેક્યુઅલ, સમલિંગી સંબંધોમાં રાચનારા. આ નવલકથા ફોર્સ્ટરે એચ. ઓ. એમ. હ્યુજ મેરિડિથને અર્પણ કરી છે અને નવલકથા

લખાતી હતી તે દરમ્યાન જ તેમની સાથેનો ફોર્સ્ટરનો સમલિંગી સંબંધ શરૂ થયો હતો, જે ફોર્સ્ટરનો આવો પહેલો સંબંધ હતો. કેટલાક વિવેચકો તો જ્યૉર્જનું પાત્ર પણ લેખકે હ્યુજ મેરિડિથને આધારે ઘડ્યું છે એમ પણ માને છે.

બે ભાગમાં લખાયેલી આ નવલકથાનો આરંભ થાય છે ત્યારે એક બ્રિટિશ યુવતી, નામે લૂસી હનીચર્ચને આપણે ઇટલીના ફલોરેન્સમાં જોઈએ છીએ: પોતાની સગી શાર્લોટ બાર્ટલેટ સાથે તે ઈટલી ફરવા આવી છે, પણ રહે છે ખાસ બ્રિટિશરો માટેના એક ઉતારામાં. પણ બન્ને યુવતીઓને જે રૂમ મળ્યો છે તેનાથી તેઓ ખુશ નથી. કારણ એ રૂમની બારીમાંથી જે વ્યૂ દેખાય છે તેમાં જોવા જેવું કશું નથી. 'આવી જગ્યામાં ક્યાં આવી ભરાયાં' એવી ચર્ચા કરતી હોય છે બન્ને યુવતીઓ; ત્યાં જ તેમના રૂમમાં એક વૃદ્ધ બ્રિટિશર- મિસ્ટર એમર્સન- આવી ચડે છે. કહે છે, 'અમારા રૂમમાંથી બહુ સોજ્જો વ્યૂ દેખાય છે, તો ડીકરા, આપણે રૂમની અદલાબદલી કાંય નહીં કરીએ? હું અને મારો પોરિયો જ્યૉર્જ તમારા રૂમમાં રહેવસ, અને ટમે અમારી રૂમમાં રહીને સોજ્જો મજાનો વ્યૂ એન્જોય કરો.' ભલે ઘરડો, પણ પરાયો મરદ. નહીં ઓળખાણ, નહીં પિછાણ. એ જમાનામાં કોઈ પોટ્ટી આવા અજાણ્યા આદમીનો ઉપકાર માથે ચડાવે જ નહીં. ના, ના, લોકો શું કહે? નક્કી કાંક દાળમાં કાળું હશે મારા ભઈ! પણ સાંજે એક પાદરી મિસ્ટર બીબે પણ બન્ને છોકરીઓને સમજાવે છે - કરી લો રૂમની અદલાબદલી, અને શાર્લોટ પીગળે છે, બન્ને છોકરીઓ 'અ રૂમ વિથ અ વ્યૂ' માં રહેવા જાય છે. પછી તો ધીમે ધીમે લૂસીને એમર્સન અને તેના દીકરા જ્યૉર્જ સાથે ઘરોબો બંધાય છે. એક દિવસ લૂસી ફલોરેન્સના રસ્તા પર થતું એક ખૂન અણધારી રીતે જુએ છે. આઘાતથી બેભાન થઈ જાય છે, પણ પડે તે પહેલાં પાછળ આવી રહેલો જ્યૉર્જ તેને પોતાના બાહુમાં ઝીલી લે છે. લૂસી ભાનમાં આવ્યા પછી બન્ને નદી કિનારે ફરવા જાય છે અને બે જુવાન હૈયાં વચ્ચે જે થવાનું તે થાય છે. પણ લૂસીના મનમાં ફડક કે લોકો શું કહેશે? ના, ના સારા ઘરની છોકરીથી આમ પ્રેમમાં ન પડાય. હવેથી મળવું જ નથી આ જ્યૉર્જને. સૌન્દર્ય શું, જગત શું, તપ એ જ સાથી! પણ બીજે જ અઠવાડિયે ફલોરેન્સ નજીક આવેલા એક ડુંગરની સહેલગાહે જતાં બન્ને અકસ્માત એક જ ગાડીમાં! ગાડીમાંથી ઊતરીને બધા સહેલાણીઓ અહીંતહીં ફરે છે ડુંગર પર. વાયોલેટ ફૂલોથી છવાયેલી લપસણી ભૂમિ પર લૂસી લપસી

પડે છે. અરે, ત્યાં તો ફૂલો વચ્ચે સૂતો છે જ્યૉર્જ. વાયોલેટ ફૂલો જેવું નજાકતભર્યું ચુંબન ચોડે છે લૂસીના હોઠ પર જ્યૉર્જ, પણ પેલી શાર્લોટ, એ જ વખતે ક્યાંકથી ત્યાં ફૂટી નીકળે છે, અને જોઈ જાય છે બન્નેને ચુંબનની આપલે કરતાં.

લૂસીની જ્યૉર્જ સાથેની ચુંબનની આપ-લે શાર્લોટે પકડી પાડી અને પછી તરત શાર્લોટે નક્કી કર્યું કે હવે ફ્લોરેન્સમાં ઝાઝું રહેવાય નહીં. બીજે દિવસે જ લૂસી અને શાર્લોટે ગાસડાં પોટલાં બાંધ્યાં અને બંને ઊપડ્યાં રોમ. એ વાતને કેટલાક મહિનાનાં વહાણાં વાઈ ગયાં. રોમમાં હતી ત્યારે લૂસી સેસિલ નામના પુરુષના પરિચયમાં આવેલી. બંનેનું કુટુંબ એકબીજાને ઓળખે, પણ રોમમાં મળ્યાં તે પહેલાં લૂસી અને સેસિલ ઝાઝાં મળ્યાં નહોતાં. રોમમાં હતાં ત્યારે એક નહીં, બે વખત સેસિલે લૂસીના હાથની માગણી કરેલી, પણ બંને વખતે લૂસીએ એ ઠુકરાવી દીધેલી. પણ એમ હાર માની લે એ સેસિલ નહીં. બ્રિટન પાછા ફર્યા પછી થોડે વખતે સેસિલે ફરી ઘૂંટણિયે પડી લૂસીના હાથની માગણી કરી. આ વખતે લૂસી પીગળી, હા પાડી દીધી.

લૂસી અને સેસિલના વિવાહ થઈ ગયા પછી બંને ઘણો વખત સાથે ગાળવા લાગ્યાં. લૂસીનાં સગાંવહાલાં અને આડોશીપાડોશી સાથે સેસિલે ઘણો સમય ગાળવો પડતો. પણ સેસિલ હતો લંડનમાં રહેતા ઉમરાવ કુટુંબનો નબીરો અને લૂસીનાં ઘણાં ઓળખીતાં એને ગામડિયાં લાગતાં. લૂસીના ભાઈ ફ્રેડી સાથે પણ કોણ જાણે કેમ સેસિલને બારમો ચંદ્રમા થઈ ગયો હતો. લૂસીની મા સાથે પણ સેસિલને ઝાઝું ફાવતું નહીં. આ બધું જોઈ લૂસીનો જીવ તો દુભાતો, પણ બચાડી મૂંગે મોંએ સહી લેતી. ફ્લોરેન્સ છોડતી વખતે જ શાર્લોટે લૂસીને તાકીદ કરેલી કે ભૂલેચૂકે જ્યૉર્જના ચુંબનવાળી વાત કોઈને ક્યારેય કહેતી નહીં. અને આખી વાત તારા મનમાંથી કાઢી નાખજે. પણ ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થશે કાલે. લૂસી અને સેસિલના વિવાહ પછી થોડે વખતે જ્યૉર્જ એમર્સન અને તેનું કુટુંબ લૂસીની પડોશમાં જ રહેવા આવ્યાં! હવે તો અવારનવાર જ્યૉર્જ લૂસીની નજરે પડતો. પણ મનને મારીનેય લૂસી તેનાથી દૂર રહેતી. પડોશી તરીકે લટકસલામ સંબંધ તો રાખવો પડે તે માફ. મનમાં ને મનમાં લૂસીને ફડકો પડ્યો હતો કે સેસિલ સાથેનું લગન ગાડું કાંઈ સમુંસૂતરું ચાલશે નહીં. છતાં સેસિલ સાથેના વિવાહ તોડી નાખવાની તેનામાં હિંમત નહોતી. એવામાં શાર્લોટ થોડા દિવસ માટે લૂસીને ઘરે

રહેવા આવે છે. લૂસીનો ભાઈ ફ્રેડી અને પડોશમાં રહેવા આવેલો જ્યૉર્જ દોસ્તો બની ગયા છે. એક દિવસે ફ્રેડી ટેનિસ રમવા જ્યૉર્જને ઘરે બોલાવે છે અને રવિવારની સવાર ઊગે છે. લૂસીને ઘરે જ્યૉર્જ આવે છે, સેસિલ પણ આવી ચડે છે. ફ્રેડી તો ઘરે હોય જ. આવતાં વેંત સેસિલ પોતાની જાત પર જાય છે. ફ્રેડી અજાણ્યા જ્યૉર્જ સાથે ટેનિસ રમવાની ઘસીને ના પાડી દે છે. એટલું બસ ન હોય તેમ એક કચરા જેવી નવલકથા સાથે લાવેલો તે મોટે મોટેથી વાંચીને બધાંને પરાણે સંભળાવે છે. એ નવલકથા લખી હતી મિસ લેવિશ નામની એક સ્ત્રીએ. લૂસીને યાદ આવે છે કે ફલોરેન્સમાં જે ઉતારામાં તે અને જ્યૉર્જ રહ્યાં હતાં તે જ ઉતારામાં આ લેવિશ પણ ઊતરી હતી. આ નવલકથાનો અમુક ભાગ વાંચતાં સેસિલ તો હસીને બેવડ વળી ગયો, પણ લૂસીને એમાં હસવા જેવું કાંઈ ન લાગ્યું. એટલું જ નહીં, લૂસીને એક પ્રસંગ માટે તો પાક્કો વહેમ પડ્યો કે પોતે જ્યૉર્જ સાથે જે રીતે ચુંબનની આપ-લે કરી હતી તેની જ ઠેકડી આ લેવિશ ઉડાવી રહી છે. અલબત્ત, પાત્રોનાં નામ જુદાં હતાં. પણ વાયોલેટ ફૂલોની જાજમ પાથરી હોય એવો એ જ ઢોળાવ, એવી જ રીતે નાયિકાનું લપસી પડવું, અને ભોંય પર સૂતેલા નાયકનું એ જ રીતે નાયિકાને ચુંબન કરવું! પણ આવી ખાનગી વાતની ખબર આ લેવિશને પડી કઈ રીતે? વિચાર કરતાં લૂસીને લાગ્યું કે ફલોરેન્સ છોડતાં પહેલાં નક્કી શાર્લોટે આવી વાત લેવિશને કહી હોવી જોઈએ. સેસિલને તો નવલકથામાં આવતો પ્રસંગ હસવા જેવો લાગ્યો, પણ લૂસી અને જ્યૉર્જ બંને આ પ્રસંગ સાંભળી ભૂતકાળમાં ખોવાઈ ગયાં. બપોર પછી જ્યૉર્જ ઘરે પાછો જતો હતો ત્યારે તેને બગીચામાં લૂસી મળી ગઈ. બીજું કોઈ હાજર નહોતું, ફરી જ્યૉર્જે લૂસીને પોતાની પાસે ખેંચીને ચુંબન ચોડી દીધું.

બીજાં બધાં આઘાં પાછાં થયાં એટલે લૂસીએ શાર્લોટનો ઉધડો લીધો. 'મને કહ્યું કે જ્યૉર્જવાળી વાત કોઈને કરતી નહીં, પણ તેં પોતે જ તો એ વાત લેવિશને કરી નાખીને? તેં ન કહ્યું હોય તો શું ચિબાવલી લેવિશને આવું સપનું આવે? હવે મારે જ્યૉર્જ સાથેનો સંબંધ કાયમ માટે તોડી નાખવો છે. મારા વિવાહ થઈ ગયા છે. હવે પરપુરુષનો વિચાર પણ મારા જેવી કુલીન ઘરની છોકરીને ન શોભે. બસ, હવે છેલ્લીવાર જ્યૉર્જને બોલાવીને તારી હાજરીમાં જ તેની સાથેનો સંબંધ કાયમને માટે ખતમ કરી નાખવો છે. એને ઘરે બોલાવું ત્યારે શાર્લોટ, તું હાજર રહેજે.' આવે છે જ્યૉર્જ. લૂસીની વાત સાંભળી ઘણી દલીલો કરે છે. સેસિલ તારે

લાયક નથી, એને પરણીને તું સુખી નહીં થાય. હું તને દિલોજાનથી ચાહું છું. સેસિલ તને સ્વતંત્રતાથી જીવવા નહીં દે. એના મનમાં પત્નીનો જે આદર્શ છે એ બીબામાં તને ઢાળી દેશે. પણ મને તો તું જેવી છો તેવી જ ગમે છે. હું તને તારી રીતે ખીલવા- વિકસવા દઈશ. સેસિલ સાથેનું લગ્ન તારે માટે બેડીનું બંધન બની રહેશે.આ બધી વાતો સાંભળીને હચમચી તો જાય છે લૂસી. પણ ના. ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું. દઈ દે છે જાકારો જ્યૉર્જને. ભાંગેલા હૈયે, લથડતે પગલે જ્યૉર્જ જાય છે. અને તે જ રાતે ફ્રેડી અને સેસિલ વચ્ચે ભારે ઝઘડો થાય છે. તેમાં સેસિલ પોતાનું ખરું પોત પ્રકાશે છે. અરેરે, આવા માટીડા સાથે આખી જિંદગી શેં જશે?- લૂસીને થાય છે, અને તે જ વખતે તે સેસિલ સાથેનો વિવાહ તોડી નાખે છે. પણ બીજા આગળ તો ઠીક, પોતાની જાત આગળ પણ હજી લૂસી જ્યૉર્જ માટેના પ્રેમની કબૂલાત નથી કરી શકતી. આ બધા ઝમેલામાંથી છૂટવા ગ્રીસ જવાનું નક્કી કરે છે. ગ્રીસ જતાં પહેલાં મા અને શાર્લોટ સાથે તે ચર્ચમાં પ્રાર્થના કરવા જાય છે. ત્યાં જ અચાનક તેને જ્યૉર્જના પિતા મિસ્ટર એમર્સનનો ભેટો થઈ જાય છે. લૂસીએ સેસિલ સાથેના વિવાહ તોડી નાખ્યા છે એ વાતની એમર્સનને ખબર નથી. એમર્સન અને લૂસી વાતે વળગે છે. લૂસીને વાતો પરથી લાગે છે કે તે જ્યૉર્જને આજે પણ ચાહે છે, પણ એ હકીકતનો સ્વીકાર કરતાં તે ડરે છે. એમર્સન તેને સમજાવે છે કે પરણવું તો મનના માનેલાને જ. જ્યૉર્જ પણ તને ચાહે છે, તારા વગર ઝૂરે છે; નહીં પરણો તો બંને દુઃખી થશો. અને આજ સુધી જે વાત લૂસીની જીભે ક્યારેય નહોતી આવી તે હવે એમર્સન સમક્ષ આવે છે: 'હા, હું ચાહું છું જ્યૉર્જને જ.' એમર્સન કહે છે કે બસ, તો પછી ઝાઝો વિચાર કર્યા વગર ઝંપલાવો બંને. પણ હવે લૂસીની મા આડી ફાટે છે. તેને આ લગ્ન મંજૂર નથી. પણ હવે આ પ્રેમીપંખીડાને કોઈ રોકી શકે તેમ નથી. લૂસી ઘર છોડી ભાગી જાય છે અને જ્યૉર્જ સાથે લગ્ન કરે છે. નવલકથા પૂરી થાય છે ત્યારે ફરી બંને જણા ફલોરેન્સમાં જ છે. પણ સહપ્રવાસી તરીકે નહીં, જીવનસાથી તરીકે. બંને એકબીજામાં મગ્ન થઈ હનિમૂન માણી રહ્યાં છે. અગાઉ ઓરડાની બારીમાંથી સારો વ્યૂ દેખાતો નહોતો, તો ઓરડો બદલ્યો; હવે સેસિલ સાથે લગ્ન કરવાથી જીવનનો વ્યૂ સારો નહીં દેખાય એની ખાતરી થતાં લૂસીએ જીવનસાથી બદલ્યો- જેની સાથે જીવતાં જીવતાં જિંદગી એક મનોરમ દૃશ્ય જેવી લાગે તે પુરુષને પરણી છેવટે. સબ સે ઊંચી પ્રેમ સગાઈ!

●

૩૪. અંગ્રેજે લખેલી હિંદુસ્તાન વિષેની નવલકથા
અ પેસેજ ટુ ઇન્ડિયા/ ઈ. એમ ફોર્સ્ટર

વીસમી સદીના અગ્રગણ્ય નવલકથાકારોમાં ઈ. એમ. ફોર્સ્ટરની ગણના કરવામાં આવે છે. ઈ.સ. ૧૮૭૯માં લંડનમાં તેમનો જન્મ થયો હતો. તેમના એંસીમા જન્મ દિવસે લેવાયેલી એક મુલાકાતમાં તેમણે કહ્યું હતું: ''હું બે કારણોસર લખું છું. એક તો કૈંક અંશે પૈસા મેળવવા માટે અને બીજું, મને જેમના માટે માન છે તેવા લોકો પાસેથી માન મેળવવા માટે મારે કહેવું જોઈએ કે હું કોઈ મહાન નવલકથાકાર નથી એની મને ખાતરી છે.'' જોકે વાચકો અને વિવેચકો ફોર્સ્ટરના આ મત સાથે સહમત થતા નથી: માત્ર પેંગ્વિન આવૃત્તિમાં જ આ નવલકથાની ૫,૬૨,૦૦૦ નકલો વેચાઈ છે.

મસ્જિદ

આમ જોઈએ તો ચન્દ્રપુર શહેરમાં કશી વિશિષ્ટતા નથી. સિવાય કે વીસેક માઈલ દૂર આવેલી મરબારની ગુફાઓ. ગંગા નદીને કિનારે થોડાક માઈલનો વિસ્તાર રોકીને શહેર પથરાયેલું છે.

નદીકિનારાથી થોડે દૂર જતાં એક મેદાન આવતું હતું અને થોડે દૂર હૉસ્પિટલનું લાંબું, બેઠા ઘાટનું મકાન દેખાતું હતું. રેલ્વે લાઈનની બીજી બાજુએ સિવિલ સ્ટેશન હતું. ઉચ્ચ અંગ્રેજ અધિકારીઓનાં રહેઠાણો ત્યાં આવેલાં હતાં. શહેરની દક્ષિણ દિશાએ મરબાર પર્વતોની હાર દેખાતી હતી. ત્યાં જ પેલી અસામાન્ય ગુફાઓ આવી હતી.

ચન્દ્રપુર ગામના એક ઘર આગળ સાઇકલ પરથી ઊતરતાં જ એક જુવાને બૂમ પાડી: 'હમીદુલ્લા, હમીદુલ્લા; હું મોડો પડ્યો છું.' સામો જવાબ મળ્યો: 'એમાં કાંઈ નવું નથી, તું હમેશાં મોડો જ પડે છે.'એ જુવાન હતો ડૉ. અઝીઝ. સરકારી હૉસ્પિટલમાં એ કામ કરતો હતો. થોડી વાતો પછી સૌ જમવા બેઠાં. અંગ્રેજો સાથે મૈત્રી બાંધી શકાય કે કેમ એ વિષે

જમતાં જમતાં ચર્ચા ચાલી. એટલામાં એક નોકરે ડૉ. અઝીઝને એક ચિઠ્ઠી આપી. ચિઠ્ઠી વાંચીને અઝીઝે કહ્યું: 'કૅલેન્ડર મને મળવા માગે છે. માટે જવું પડશે.' જમીને અઝીઝ કૅલેન્ડરને ઘરે પહોંચ્યો. કૅલેન્ડર સરકારી હૉસ્પિટલનો વડો ડૉક્ટર હતો. અઝીઝ તેને બંગલે પહોંચ્યો ત્યારે નોકરે કહ્યું કે, ' સાહેબ તો બહાર ગયા છે.' અઝીઝ આ સાંભળી ધૂંધવાયો. એટલું ઓછું હોય તેમ એ નોકરો સાથે વાત કરતો હતો તેવામાં બે અંગ્રેજ સ્ત્રીઓ બંગલામાંથી બહાર આવી, અને અઝીઝ જે ટાંગામાં બેસીને આવેલો એ ટાંગો જાણે પોતાને માટે જ હોય તેમ તેમાં બેસી ચાલી ગઈ. અઝીઝે પોતાની હૅટ ઉતારી સલામ કરી તે ઝીલવાની દરકાર પણ પેલી સ્ત્રીઓએ કરી નહીં. આવાં અપમાન, આવી હીણપત એ બધું કાંઈ અઝીઝ માટે નવું ન હતું. બીજો કોઈ ઉપાય હતો નહીં. રાતને વખતે સિવિલ સ્ટેશન પાસે બીજો ટાંગો તો ક્યાંથી મળે? એટલે અઝીઝ ચાલતો ઘરે જવા નીકળ્યો. રસ્તામાં થોડો થાક ખાવા એક મસ્જિદમાં તે પેઠો. થોડી વાર થઈ હશે ત્યાં એક અંગ્રેજ સ્ત્રીને મસ્જિદમાંથી બહાર જતી અઝીઝે જોઈ. તે મનમાં પણ ધૂંધવાયેલો તો હતો જ એટલે આ જોઈ ને તે એકદમ ગુસ્સે થઈ ગયો. તેણે કહ્યું , 'મેડમ! આ મસ્જિદમાં આવવાનો તમને કોઈ હક્ક નથી. મુસલમાનોનું આ પાક થાનક છે.' પણ જ્યારે તેણે જોયું કે પેલી સ્ત્રી પોતાનાં પગરખાં ઉતારીને અંદર આવી છે ત્યારે તે થોડો ઠંડો પડ્યો. ધીમે ધીમે બંને વાતે વળગ્યાં. અઝીઝે પેલી બાઈને તેનું નામ પૂછ્યું. પેલીએ કહ્યું : 'મારું નામ મિસિસ મૂર છે, મારો દીકરો અહીંનો ન્યાયાધીશ છે. તેને મળવા હું આવી છું.' અઝીઝે કહ્યું : 'મને માફ કરજો, પણ એ સંભવિત નથી. કારણ, અહીંના ન્યાયાધીશને તો હું ઓળખું છું. તેમનું નામ તો રોની હીલ્સપ છે. તમે એમનાં મા કઈ રીતે થાવ?' મિસિસ મૂરે જવાબ આપ્યો: 'હું બીજી વાર પરણી છું એટલે અત્યારે મિસિસ મૂર કહેવાઉં છું. હીલ્સપ મારા આગલા લગ્નનું સંતાન છે. જોકે મિસ્ટર મૂરને ગુજરી ગયે પણ હવે તો ઘણાં વર્ષો થઈ ગયાં.' ' ત્યારે તો આપણે બે સરખાં છીએ. મારી પત્ની પણ ગુજરી ગઈ છે. મારે બે દીકરા અને એક દીકરી છે.' ' મારે પણ બીજા લગ્નમાં બે સંતાનો છે, રાલ્ફ અને સ્ટેલા.' પછી તો અઝીઝ ક્લબ સુધી મિસિસ મૂરને મૂકવા પણ ગયો.

મિસિસ મૂર ઈંગ્લૅન્ડથી હીલ્સપને મળવા આવી હતી. તેની સાથે મિસ ક્વીસ્ટેડ પણ આવેલી. તેનો આશય હિલ્સપ સાથે લગ્ન કરવાનો હતો અને તે માટે જ તે હિંદુસ્તાન આવી હતી. બન્ને જણાં અવારનવાર

ક્લબમાં જતાં. ત્યાં તેમને સરકારી કૉલેજના પ્રિન્સિપલ ફીલ્ડિંગનો પરિચય થયો. બન્ને સ્ત્રીઓએ હિન્દીઓને મળવાની ઇચ્છા ફીલ્ડિંગ પાસે વ્યક્ત કરી. ક્લબમાં તો હિન્દીઓને દાખલ નહોતા કરતા એટલે ફીલ્ડિંગે બન્નેને પોતાને ઘરે આવવાનું આમંત્રણ આપ્યું. તેઓ આવે ત્યારે બે- ત્રણ હિન્દીઓને પણ પોતે બોલાવશે એમ તેમણે કહ્યું. એટલે બન્નેએ એ આમંત્રણ તરત સ્વીકાર્યું.

મિસ્ટર ફીલ્ડિંગ છેલ્લાં કેટલાંક વર્ષોથી ચન્દ્રપુરની કૉલેજના પ્રિન્સિપાલ હતા. પણ શહેરના બીજા અંગ્રેજ અધિકારીઓ સાથે તેમને ભાગ્યે જ બનતું. હિન્દુસ્તાનને જોવાની તેમનામાં જુદી જ દૃષ્ટિ હતી. અંગ્રેજ અમલદારોને આ સહાનુભૂતિભરી દૃષ્ટિ ખૂંચતી અને એટલે તેઓ ફીલ્ડિંગની અવગણના કરતા.

ફીલ્ડિંગે ડૉ. અઝીઝને પણ પોતાને ઘરે આવવા આમંત્રણ મોકલ્યું. અઝીઝ તેમને ઘરે ગયો ત્યારે ફીલ્ડિંગની સ્વાભાવિક, અકૃત્રિમ રીતભાતથી અને એના મળતાવડા સ્વભાવથી આકર્ષાયો. થોડી વારમાં તો બન્ને જણા જાણે જૂના મિત્રો હોય એ રીતે વાતો કરવા લાગ્યા. ફીલ્ડિંગે અઝીઝને કહ્યું: 'હમણાં થોડી વારમાં બે અંગ્રેજ સ્ત્રીઓ અહીં આવવાની છે. એમાંથી એક તો તમને ઓળખે છે. અને પ્રો. નારાયણ ગોડબોલે પણ અત્યારે આવશે.' થોડી વારમાં મિસિસ મૂર અને મિસ ક્વીસ્ટેડ આવી પહોંચ્યાં. ચારે જણાં વાતે વળગ્યાં. મિસ ક્વીસ્ટેડ યુવાન હતી, ઉત્સાહી હતી, હિન્દુસ્તાનને પિછાણવાની તેને ધગશ હતી. એણે અતિ ઉત્સાહમાં માની લીધું 'કે અઝીઝ જે કહે છે તે બધું જ સાચું છે. અઝીઝ એટલે જ હિન્દુસ્તાન. પણ એ છાપ દૃઢ થાય તે પહેલાં પ્રો. ગોડબોલે આવી પહોંચ્યા. તેમના આખા દેખાવમાં એક જાતનો સુમેળ દેખાતો હતો. સૌએ ચા- નાસ્તો કર્યો અને પછી મિસિસ મૂર અને ફીલ્ડિંગ કૉલેજ જોવા ગયાં. અઝીઝે પણ પ્રારંભિક પરિચયને ગાઢ મૈત્રી માની લીધી અને મિસ ક્વીસ્ટેડને કહ્યું: 'તમે મરબારની ગુફાઓ જોઈ છે? હું તમને ત્યાંની ઉજાણીનું આમંત્રણ આપવા માગું છું .' ' તો તો ખૂબ મજા પડશે,' મિસ કવીસ્ટેડે કહ્યું. જોકે એ ગુફાઓ વિષે ખાસ કશી માહિતી અઝીઝ આપી શક્યો નહીં. તેણે પોતે કદી ગુફાઓ જોઈ જ નહોતી. પ્રો. ગોડબોલે જાણતા હોય એમ તો લાગ્યું પણ એ કાંઈ બોલ્યા નહીં. એ લોકો વાતો કરતાં હતાં. એવામાં હીલ્સપ ત્યાં આવી પહોંચ્યો અને બે કાળાંઓ સાથે મિસ કવીસ્ટેડને જોઈને છેડાઈ પડ્યો. ફીલ્ડિંગ આવ્યો એટલે

હીલ્સપ તેના પર પણ ખિજાઈ ગયો. મિસિસ મૂર અને ક્વીસ્ટેડને રોનીનું આ તોછડું વર્તન જરાય ન ગમ્યું. સૌ છૂટાં પડ્યાં તે પહેલાં પ્રો. ગોડબોલેએ એક ભજન ગાયું. અને અઝીઝે કહ્યું: ' તો પછી હું મરબાર ગુફાનું ગોઠવીને તમને કહેવડાવીશ.' ' જરૂર, જરૂર, આવજો!'

મિસ ક્વીસ્ટેડ રોનીને વિલાયતમાં તો બરાબર ઓળખતી હતી છતાં તેની સાથે લગ્ન કરવાનું નક્કી કરતાં પહેલાં હિન્દુસ્તાન જઈ તેને મળવાનું તેને વધારે મુનાસીબ લાગ્યું. હિન્દમાં આવીને તેણે જોયું કે રોનીના સ્વભાવનાં જે કેટલાંક લક્ષણો પોતાને નહોતાં ગમતાં તે જ હિન્દમાં આવ્યા પછી વધારે વિકસ્યાં હતાં. મિસિસ મૂરને બંગલે મૂકીને રોની અને મિસ ક્વીસ્ટેડ પોલો મેદાન તરફ ગયાં. બધાંથી થોડે દૂર જઈને તેઓ બેઠાં. 'આપણે બહુ સ્પષ્ટ રીતે વાત કરી લેવી જોઈએ રોની,' મિસ ક્વીસ્ટેડે કહ્યું. ' મારો મિજાજ ખરાબ છે, ફીલ્ડિંગને ઘરે મેં કરેલા વર્તન માટે માફી માગું છું .' 'પણ હું એ વિષે વાત નથી કરતી, હું તો...' 'પણ અઝીઝે ગંભીરતાથી ગુફાની વાત કરી જ નથી. એ તો વાત કરીને ભૂલી જશે.' 'પણ હું જે કહેવા માગું છું તે વાત સાવ જુદી છે. તેને ગુફા સાથે કાંઈ સંબંધ નથી. મેં છેવટે નક્કી કરી નાખ્યું છે. આપણે એકબીજાં સાથે પરણી શકીએ એમ નથી.' આ સાંભળીને રોનીને પારાવાર દુઃખ થયું પણ ઉપરથી સ્વસ્થતાનો દેખાવ રાખી તે બોલ્યો: 'પણ આપણે પરણશું એવુંય તેં ક્યારેય નથી કહ્યું. નકામી અસ્વસ્થ ન થા.' ' પણ આપણે ચર્ચા તો કરવી જોઈએ. આ ખૂબ અગત્યની વાત છે એટલે આપણે ખોટે રસ્તે ન દોરવાઈ જઈએ તે તો જોવું જોઈએને!' ' હું ચર્ચાઓમાં બહુ માનતો નથી. વળી મોહરમને અંગે કામ પણ ખૂબ રહે છે, એટલે હું થાકી પણ ખૂબ ગયો છું.' 'પણ આપણે ઝગડ્યાં તો નથી હોં રોની.' 'આપણે શા માટે ઝગડીએ!' 'તો આપણે મિત્રો તો રહીશુંને!' 'જરૂર, જરૂર.' પણ આ વાત લંબાય તે પહેલાં નવાબ બહાદુર ત્યાં આવી પહોંચ્યા. રાત પણ પડવા આવી હતી. નવાબ બહાદુરે પોતાની મોટરમાં બન્નેને ઘરે મૂકી જવાની તૈયારી બતાવી. ત્રણે જણાં મોટરમાં બેઠાં. આગળ ડ્રાઈવરની બાજુમાં નવાબ બહાદુર અને પાછળની બેઠક પર રોની અને મિસ ક્વીસ્ટેડ. નવાબ બહાદુર તો થોડી વારમાં ઊંઘી ગયા. રોનીએ ડ્રાઇવરને રસ્તો ચીંધ્યો અને પછી રોની અને મિસ ક્વીસ્ટેડ વચ્ચે વાતો શરૂ થઈ. રસ્તો સારો નહોતો એટલે મોટરને ઠીક ઠીક આંચકા લાગતા હતા. અચાનક મિસ ક્વીસ્ટેડનો હાથ રોનીના હાથને અડી ગયો. બન્નેએ કોઈ જુદી જ

જાતની લાગણી અનુભવી. બન્ને સમજી ગયાં. તેમની વચ્ચે ખરેખરા મતભેદો નહોતા, હતો માત્ર પ્રેમકલહ. બન્નેએ એકબીજાના હાથ પકડયા. તેવામાં એક આંચકો લાગ્યો. મોટરનાં આગલાં પૈડાં અદ્ધર હવામાં ઊંચકાયાં. બ્રેકનો અવાજ સંભળાયો, પણ મોટર એક ઝાડ સાથે અફળાઈ ચૂકી હતી. જોકે સારે નસીબે કોઈને ખાસ ઈજા થઈ નહોતી. એવામાં મિસ ડેરિકની મોટર ત્યાંથી પસાર થઈ. રોનીએ તેને રોકી. ત્રણે જણાં તે મોટરમાં બેસી ગયાં. ઘરે પહોંચતાં જ મિસ ક્વીસ્ટેડે કહ્યું. 'રોની! મેદાનમાં મેં જે કાંઈ કહ્યું હતું તે ભૂલી જા.' પરણવું કે ન પરણવું એ જ સવાલ હતો અને બન્નેએ પરણવાનું નક્કી કરી લીધું હતું.

પણ મરબાર ગુફાનું પર્યટન તરત તો ગોઠવી ન શકાયું. કારણ ફીલ્ડિંગને ઘરેથી આવીને અઝીઝ એકાએક માંદો પડી ગયો. ફીલ્ડિંગને ખબર પડી એટલે તે અઝીઝને ઘરે ગયો, પણ અઝીઝે બહુ ઉમળકાથી તેની સાથે વાત ન કરી. પોતાનું નાનું, ગંદું, અસ્તવ્યસ્ત ઘર ફીલ્ડિંગની નજરે પડ્યું તેથી અઝીઝ ઝંખવાયો પણ ખરો. થોડી વાર બેસી ફીલ્ડિંગ જવા લાગ્યો. તે ઘરની બહાર ગયો. પછી અઝીઝે બૂમ પાડી ફરી તેને બોલાવ્યો. થોડી આડીઅવળી વાતો કરીને એક ખાનામાંથી કાઢીને પોતાની મૃત પત્નીનો ફોટો તેણે ફીલ્ડિંગને બતાવ્યો. રણની રેતીમાં ફૂલ ખીલેલાં જોઈ ને મુસાફરને થાય તેવું આશ્ચર્ય ફીલ્ડિંગને થયું. અઝીઝના આ સૌજન્ય અને સ્નેહથી તે લાગણીવશ થઈ ગયો. ઓઝલ રાખવામાં માનતો એક ચુસ્ત મુસલમાન પોતાની બીબીનો ફોટો કોઈને ભાગ્યે જ બતાવે. પછી તો બન્ને ખૂબ વાતોએ ચડ્યા અને મિત્રો, બલ્કે ભાઈઓ બનીને છૂટા પડ્યા.

ગુફાઓ

મરબારની ગુફાઓ અંધારી છે. આઠ ફૂટ લાંબા એક બોગદામાં થઈને ગુફાઓ પાસે જવાય છે. ગુફાનો મુખ્ય ભાગ ગોળાકાર છે. આવી સંખ્યાબંધ ગુફાઓ મરબારના ડુંગરોમાં આવેલી છે. કોઈને એની ચોક્કસ સંખ્યાનો ખ્યાલ નથી. અંધારામાં ખાસ કશું દેખાતું નથી, જોકે કશું જોવા જેવું ગુફાઓમાં છે પણ નહીં. પણ એ અંધારામાં ઊભા રહીને એકાદ દીવાસળી સળગાવી જુઓ, ગુફાની ચકચકતી ભીંતમાં અગણિત પ્રતિબિંબો ડોલવા લાગશે, જાણે એક નહીં, હજાર જ્યોતિ પ્રકટી. પર્વતના સૌથી ઊંચા શિખર પર એક ખડક છે. ખવાઈને અંદરથી તે પોલો

થઈ ગયો છે એટલે પવનના જોરદાર ઝપાટાથી હલે છે. લોકો તો કહે છે કે તેના પર કાગડો બેસે તોય ખડક ડોલવા લાગે છે. તેથી લોકોએ તેનું નામ 'કૌઆ ડોલ' પાડ્યું છે.

આવી મરબાર ગુફાઓનું પર્યટન, અઝીઝ સાજો થયો એટલે તેણે ગોઠવ્યું. ફીલ્ડિંગ, મિસિસ મૂર, મિસ કવીસ્ટેડ, પ્રો. ગોડબોલે અને અઝીઝ પોતે, એટલાંએ જવાનું નક્કી થયું. અઝીઝે આ નાનકડી પણ મહત્ત્વની મુસાફરી માટે ભારે તૈયારીઓ કરી . કેટલાય નોકરો રાખ્યા, કેટલોય સરસામાન સંભારી- સંભારીને લઈ લીધો.

આખરે જવાનો દિવસ આવી પહોંચ્યો. સવારમાં સ્ટેશન પર જ અઝીઝને મિસિસ મૂર અને મિસ ક્વીસ્ટેડ મળ્યાં. અઝીઝે તેમને આવકાર્યાં અને ટ્રેનમાં બેસાડ્યાં. ટ્રેન ઊપડવાને દસ મિનિટની વાર હતી. છતાં ફીલ્ડિંગ કે ગોડબોલે ક્યાંય દેખાતા નહોતા. અઝીઝ મૂંઝાઈ ગયો હતો. છેવટે ટ્રેન ઊપડી. સ્ટેશનની બહાર ફાટક હતું ત્યાં ટ્રેન પહોંચી કે અઝીઝે ફીલ્ડિંગ અને ગોડબોલેને ટાંગામાં બેસી આવતા જોયા. પણ હવે કશું થઈ શકે એમ નહોતું. ફીલ્ડિંગ પ્રો. ગોડબોલેને લેવા ગયા હતા. ગોડબોલે પૂજામાં બેઠેલા અને ધાર્યા કરતાં ગોડબોલેની પૂજા લાંબી ચાલી એટલે બન્ને જણા ટ્રેન ચૂકી ગયા. અઝીઝ મનમાં બબડ્યોઃ 'તમે મને મારી નાખ્યો.'

કલાકેકની મુસાફરી પછી સ્ટેશન આવ્યું. નોકરો સામાન ઉતારવા લાગ્યા. સ્ટેશનની બહાર જ એક હાથી ઊભો હતો. હાથીને જોઈને બન્ને સ્ત્રીઓ આશ્ચર્યમાં ડૂબી ગઈ. હાથીની સૂંઢ પર ચિત્રકામ કરેલું હતું.અને એક સરસ અંબાડી પણ ગોઠવી હતી. અઝીઝે કહ્યુંઃ 'ચડી જાઓ હાથી પર.' હાથી જોઈને ગામના લોકો અને નાગાં છોકરાઓનું ખાસ્સું ટોળું ભેગું થઈ ગયું. હાથી નીચો નમ્યો. સીડી ગોઠવાઈ. બન્ને સ્ત્રીઓ બેસી ગઈ. સૌ ગુફાઓ તરફ ઊપડ્યાં.

ગુફા નજીક પહોંચીને સૌએ થોડો આરામ અને નાસ્તો કર્યો. અઝીઝે કહ્યુંઃ 'આજે તમે બન્ને મારા મહેમાન તરીકે અહીં આવ્યાં તેથી મારા જીવનનું એક સપનું સફળ થયું છે. તમે મને કેટલું માન આપ્યું છે એની કલ્પના તમને નહીં આવે. હું મારી જાતને સુલતાન બાબર જેવો માનું છું. બાબરે જિન્દગીમાં કદી કોઈ મિત્રને દગો દીધો નથી. એટલે હું એને મારો આદર્શ માનું છું.' આમ થોડી વાતો કરીને સૌ ગુફા જોવા ઊપડ્યાં.

પણ મિસિસ મૂરને માટે તો ગુફાઓ ખૂબ જ ત્રાસદાયક નીવડી. કેમ કે તે તો લગભગ બેભાન જ થઈ ગઈ. ગુફામાં વધારેપડતાં માણસો એકઠાં થઈ ગયાં. પાછળ પાછળ નોકર-ચાકરોનો રસાલો પણ દાખલ થયો. આસપાસના ગામડિયાઓ પણ દોડી આવ્યા. અંધારામાં અઝીઝનો સાથ છૂટી ગયો. ગુફામાં ભયંકર પડઘો સંભળાતો હતો. મિસિસ મૂરનો શ્વાસ રુંધાવા લાગ્યો. તેણે બહાર નીકળી જવા પ્રયત્ન કર્યો. પણ સામા આવતા લોકોના ધસારાએ તેને રોકી રાખી. વળી ધક્કામુક્કીમાં તેનું માથું ગુફાની દીવાલ સાથે અફળાયું. આ બધી અંધાધૂંધીમાં તે લગભગ ગાંડા જેવી થઈ ગઈ. ગુફામાંના પડઘાએ તેના જીવનમાં ભારે પરિવર્તન આણ્યું. ધીમે ધીમે જીવનમાંથી તેનો રસ ઘટવા લાગ્યો. તે વિચાર્યા કરતીઃ તમે ગમે તે બોલો, ભલે ને બાઈબલનું વાક્ય બોલો, તેનો પડઘો તો એકસરખો જ પડવાનો 'બોઉગ', કે, 'ઓબોમ'. બધું જ નિરર્થક છે. આ જીવન પણ એવું જ છેને?

જોકે બહાર નીકળીને તો તેણે હસતું મોઢું રાખવાનો પ્રયત્ન કર્યો. પણ જ્યારે અઝીઝ અને મિસ ક્વીસ્ટેડ 'કૌઆ ડોલ' નજીકની બીજી ગુફા જોવા તૈયાર થયાં ત્યારે મિસિસ મૂરે સાથે આવવાની ઘસીને ના પાડી દીધી. અને સૂચના પણ કરી કે હવે આટલા બધા માણસોને સાથે ન લઈ જવા. આ સાંભળી અઝીઝ વધારે પડતા ઉત્સાહમાં આવી ગયો અને માત્ર એક જ ભોમિયાને સાથે લઈને બંને જણાં ઊપડ્યાં.

'કૌઆ ડોલ' સુધીના રસ્તામાં અઝીઝ અને મિસ ક્વીસ્ટેડ એકબીજા સાથે બહુ ઓછું બોલ્યાં. આમ પણ અઝીઝ મિસ ક્વીસ્ટેડથી ખાસ આકર્ષાયો નહોતો. ચાલતાં ચાલતાં તે આખા પર્યટન પાછળ થયેલ ખર્ચનો વિચાર કરતો હતો. મિસ ક્વીસ્ટેડ તેના લગ્નના વિચારોમાં હતી. આવતે અઠવાડિયે સીમલા ચર્ચના ઘંટનાદો, ઑક્ટોબરમાં આગ્રા, ત્યાંથી મિસિસ મૂરને વળાવવા મુંબઈ... તેની નજર આગળ ભાવિની વણજાર પસાર થઈ ગઈ. પણ એકાએક જાણે ઊંઘમાંથી ઝબકીને જાગી હોય તેમ તે વિચારવા લાગી : ' શું મને રોની માટે પ્રેમ છે ખરો? ના, ના. અમે એકબીજાંને ચાહતાં નથી.' પર્વત પર ચડતા કોઈ પહાડખેડુનું દોરડું જાણે કે અદ્ધર કપાઈ ગયું! એકાએક એને ભાન થયું. હવે શું કરવું? વિવાહ ફોક કરવો? તો તો કેટલીબધી વ્યક્તિઓ મુશ્કેલીમાં મુકાઈ જાય! એ આગળ ચાલી. એકાએક એણે અઝીઝને પૂછ્યું : 'તમે પરણેલા છો!' અઝીઝે હા પાડી. વધારે ચોખવટ કરવાનું તેને મુનાસિબ ન લાગ્યું.

'તમારે કેટલી પત્ની છે?' આ સાંભળીને અઝીઝને આંચકો લાગ્યો. તે માંડ માંડ બોલી શક્યોઃ 'એક જ. મારે તો એક જ છે.' એટલામાં તો ગુફાઓ આવી પહોંચી. અઝીઝ ખૂબ ધૂંધવાયેલો એટલે મિસ ક્વીસ્ટેડની દરકાર કર્યા વગર એકલો જ ગુફામાં દાખલ થયો. મિસ ક્વીસ્ટેડ જરા પાછળ રહી ગઈ હતી. અઝીઝને ન જોતાં તે પણ એક ગુફામાં દાખલ થઈ.

જ્યારે અઝીઝ ગુફામાંથી બહાર આવ્યો ત્યારે તેણે ભોમિયાને એકલો ઊભેલો જોયો. તેણે પૂછ્યું : ' મિસ ક્વીસ્ટેડ ક્યાં?' ભોમિયો કહેઃ 'તે તો ગુફામાં ગઈ.' પણ કઈ ગુફામાં? આ બાર જેટલી ગુફામાંથી તે કઈ ગુફામાં ગઈ તે કેમ ખબર પડે? અને પડખેના ડુંગરમાં બીજી એટલી જ ગુફાઓ હતી. આમાં તેને શોધવી ક્યાં? અઝીઝ અને ભોમિયાએ શોધવાનો પ્રયત્ન કર્યો પણ કાંઈ પત્તો ન ખાધો. ખીજમાં ને ખીજમાં અઝીઝે ભોમિયાને એક તમાચો ચોડી દીધો એટલે ભોમિયો તો જાય ભાગ્યો.એકાએક નજર નીચે રસ્તા પર ગઈ. ત્યાં એક મોટર ઊભી હતી. નક્કી મિસ ક્વીસ્ટેડ ડુંગર ઊતરીને એના મિત્રોને મળવા ગઈ હશે. અઝીઝે મન મનાવ્યું. તે પાછો ફરવા લાગ્યો. ત્યાં એક ગુફાના પ્રવેશદ્વાર આગળ તેણે મિસ ક્વીસ્ટેડનું દૂરબીન પડેલું જોયું. તેણે તે ઊંચકી લીધું. તેનો પટ્ટો તૂટી ગયો હતો એટલે તેણે ખીસામાં મૂકી દીધું. તે ઝડપથી છાવણી પાસે આવ્યો. ત્યાં તો તેને ફીલ્ડિંગનો ભેટો થયો. તે મિસ ડેરિકની મોટરમાં આવ્યો હતો. 'મિસ ક્વીસ્ટેડ ક્યાં?' મિસિસ મૂરે પૂછ્યું. અઝીઝ એક ક્ષણ અચકાયો. પછી બોલ્યોઃ 'એ તો મિસ ડેરિકને મળવા નીચે ચાલી ગઈ, એટલામાં મિસ ડેરિકનો ડ્રાઈવર ત્યાં આવ્યો. તેણે ખબર આપ્યા કે મિસ ડેરિક બીજી એક સ્ત્રી સાથે મોટરમાં ચન્દ્રપુર ચાલી ગઈ છે. સૌ થોડી વાર તો વિમાસણમાં પડ્યાં. પણ પછી એક યા બીજું કારણ કલ્પી લઈ મન મનાવી લીધું. સૌ થોડી વારે પાછાં વળ્યાં. સ્ટેશન આવી પહોંચ્યું એટલે ટ્રેનમાં ગોઠવાઈ ગયાં. વખત જતાં ચંદ્રપુર આવી ગયું.

ટ્રેન ઊભી રહી કે તરત જ એક પોલીસ અમલદાર ડબામાં દાખલ થયો. તેણે કહ્યુંઃ 'ડૉક્ટર અઝીઝ! હું તમને ગિરફતાર કરું છું.' ફીલ્ડિંગે અઝીઝને બચાવવાનો પ્રયત્ન કર્યો. પણ વૉરંટ વગર પકડી શકાય એવો ગુનો તેણે કર્યો છે એમ કહેવામાં આવ્યું એટલે તે લાચાર બન્યો. તે પોલીસ અને અઝીઝની સાથે ચાલતો હતો તેવામાં કલેક્ટર મિસ્ટર ટર્ટને ફીલ્ડિંગને બોલાવ્યો, અઝીઝ એકલો જેલ તરફ આગળ વધ્યો.

ફીલ્ડિંગને કલેક્ટરે કહ્યું : 'મારી કારકિર્દીમાં આટલી ખરાબ ઘટના બની નથી. મરબાર ગુફામાં મિસ ક્વીસ્ટેડ સાથે હીણપતભર્યું વર્તન કરવામાં આવ્યું છે.' 'ના, ના, એ ન બની શકે.' 'પણ બન્યું છે અને પ્રભુની કૃપાથી તે બચી ગઈ છે.' 'પણ એ કામ અઝીઝનું ન હોય, કોઈ બીજા-' 'પણ મિસ ક્વીસ્ટેડે પોતે અઝીઝ પર આરોપ મૂક્યો છે.'ફીલ્ડિંગ આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો.

કલેક્ટરને ત્યાંથી ફીલ્ડિંગ પોલીસના વડા મેકબ્રાઇડને ત્યાં ગયો. તેણે પૂછ્યું : ' પણ અઝીઝ પર આરોપ શેનો છે?' 'તે મિસ ક્વીસ્ટેડની પાછળ ગુફામાં ગયો, તેની સાથે શરમજનક અસભ્ય વર્તન દાખવ્યું. મિસ ક્વીસ્ટેડે જાતબચાવમાં તેની સામે પોતાના દૂરબીનનો ઘા કર્યો. પણ અઝીઝે દૂરબીનને પકડીને ખેંચ્યું એટલે તેનો પટ્ટો તૂટી ગયો અને તે ભાગી છૂટી. અને અઝીઝની ઝડતી લીધી ત્યારે તેના ખીસામાંથી પટ્ટો તૂટેલું દૂરબીન મળી આવ્યું છે.' 'બીજી કાંઈ માહિતી આપની પાસે છે?' 'હા મિસ ડેરિકે થોડી વાત કરી છે. તમે તેને મૂકીને ગયા કે તરત તેણે 'કૌઆ ડોલ' પરથી પથરા ગબડવાનો અવાજ સાંભળ્યો. ઝાડીઝાંખરાંમાં અટવાતી મિસ ક્વીસ્ટેડને એણે દોડતી જોઈ. તે સામે ગઈ. તેને શાંત પાડીને મોટરમાં બેસાડી. પછી તેઓ સીધાં મારે બંગલે આવ્યાં અને ફરિયાદ નોંધાવી. અત્યારે મિસ ક્વીસ્ટેડ ખૂબ જ બીમાર છે અને મારે બંગલે છે' 'પણ હું કહું છું કે અઝીઝ નિર્દોષ છે.' 'જુઓ મિસ્ટર ફીલ્ડિંગ' દોષિત કે નિર્દોષ; પણ તમે આ રીતે હિન્દીઓ સાથે ભળો એમાં સાર નથી. આવતા થોડા દિવસોમાં ચન્દ્રપુરની સ્થિતિ ખૂબ વણસવાની છે.' 'તમે શું કહેવા માગો છો તે હું સમજું છું, પણ હું અઝીઝને મળી શકું ?' 'ના, કોઈ હિસાબે નહીં.'

સાંજે ક્લબમાં બધાં અંગ્રેજો ભેગા થયા ત્યારે ફીલ્ડિંગને માથે ઠીક વીતી. હિન્દીઓનો પક્ષ લેવા માટે તેને માથે પસ્તાળ પડી. હીસ્લપ સાથે પણ તેને ચકમક ઝરી ગઈ. ક્લબમાંથી જતાં જતાં તેણે કહ્યું: 'મને ખાતરી છે કે અઝીઝ નિર્દોષ છે. જો તે ગુનેગાર પુરવાર થશે તો હું મારી નોકરી છોડી દઈશ અને હિન્દુસ્તાનમાંથી ચાલ્યો જઈશ.'

થોડા દિવસે મિસ ક્વીસ્ટેડ સાજી થઈ એટલે રોની તેને ઘરે લઈ આવ્યો. ત્યાં મિસિસ મૂરે કોણ જાણે કેમ પણ મિસ ક્વીસ્ટેડ સાથે ખૂબ જ તોછડું વર્તન રાખ્યું. ગુફામાં ગયા પછી મિસિસ મૂર છેક જ બદલાઈ ગઈ હતી. તેને કશામાં રસ રહ્યો નહોતો. જ્યારે રોનીએ ખટલામાં

જુબાની આપવા કહ્યું ત્યારે પણ મિસિસ મૂરે ઘસીને ના પાડી દીધી. 'મને તારી ઘોલકી જેવી કોર્ટોમાં જરાય રસ નથી. હું તેમાં દાખલ જ થવાની નથી. હું તમારાં લગ્નમાં હાજર રહીશ પણ ખટલામાં નહીં. તમારાં લગ્ન પછી ઈંગ્લૅન્ડ ચાલી જઈશ.' આ સાંભળીને મિસ ક્વીસ્ટેડ રડી પડી. એકાએક તે અઝીઝને બૂમો પાડવા લાગી. ''રોની! અઝીઝ નિર્દોષ છે. મેં મોટી ભૂલ કરી છે.' રોનીએ તેને શાંત પાડી. તેણે કહ્યું : 'તારે હવે આવી વાત ન કરવી જોઈએ : બચાવ પક્ષ પાણીની જેમ પૈસા વેરે છે. તારી વાત કોઈ નોકર-ચાકર સાંભળી જાય અને એ લોકોને જણાવી દે તો આપણે માટે મોટી આફત ઊભી થાય. અને બધા પુરાવા અઝીઝની વિરુદ્ધ જાય છે.' 'પણ અઝીઝ તદ્દન નિર્દોષ છે' મિસિસ મૂરે કહ્યું: ' એ નિર્દોષ માણસને હેરાન કરવામાં હું તમારી સાથે ભાગીદાર નહીં થાઉં.' મિસ ક્વીસ્ટેડે કહ્યું : 'મને તો ખાતરી જ છે કે અઝીઝ જ મારી પાછળ ગુફામાં દાખલ થયો,.... પણ ..... છતાં રોની! કેસ પાછો ન ખેંચાય?' 'હવે એ ન બને,' રોનીએ કહ્યું અને સાથે સાથે મિસિસ મૂરને બને તેટલી જલદી ઈંગ્લૅન્ડ મોકલી દેવાનું પણ તેણે વિચાર્યું. થોડા દિવસ પછી મિસિસ મૂર ઈંગ્લૅન્ડ જવા રવાના થઈ ગઈ.

આખરે ખટલાનો દિવસ આવી પહોંચ્યો. હિલ્સપ પોતે તો કેસ ચલાવી શકે એમ હતો નહીં એટલે તેના હાથ નીચેના ન્યાયાધીશ મિસ્ટર દાસને કેસ સોંપાયો હતો. સૌ અદાલતમાં હાજર થયાં. કેસ શરૂ થયો. ફરિયાદપક્ષ તરફથી પોલીસ અધિકારીએ કેસની શરૂઆત કરી. મેકબ્રાઈડે આખી ઘટનાનું વર્ણન કરીને અઝીઝને ગુનેગાર ઠરાવવાની માગણી કરી. મિસ ક્વીસ્ટેડની નજર અઝીઝ પર પડી: ' મને લાગે છે કે એ જ ગુનેગાર છે,' તેણે મનમાં વિચાર્યું 'પણ હું ભૂલ તો નહીં કરતી હોઉં ને?' એટલામાં તેની જુબાની શરૂ થઈ. પહેલેથી જવાબો તો ગોઠવી રાખેલા જ હતા. મેકબ્રાઈડે પૂછ્યું 'તો આરોપી તમને 'કૌઆ ડોલ' પર લઈ ગયો ખરું? સાથે ભોમિયા સિવાય બીજું કોઈ હતું?' 'ના જી, અમે ત્રણ જણાં જ ગયાં હતાં. મને ખબર છે ત્યાં સુધી તો ચોથું કોઈ જ સાથે નહોતું.' 'ગુફામાં તમે એકલાં જ ગયાં હતાં?' 'હા, હું એકલી જ ગઈ હતી.' 'અને આરોપી તમારી પાછળ પાછળ આવ્યો?'' મિસ ક્વીસ્ટેડે જવાબ ન આપ્યો. સૌ આતુરતાથી તેના જવાબની રાહ જોઈ રહ્યાં.મેકબ્રાઈડે ફરી પૂછ્યું : ' આરોપી તમારી પાછળ પાછળ આવ્યો હતો, ખરું ને?' 'જવાબ આપતાં પહેલાં મને વિચાર કરવા માટે અડધી મિનિટ આપશો?' 'જરૂર,

જરૂર.' મેકબ્રાઈડ વિમાસણમાં પડ્યો. થોડી વાર શાંતિ રહી. પછી મિસ ક્વીસ્ટેડે કહ્યું: 'હું.... હું ખાતરીપૂર્વક કહી શકતી નથી.' ' શું? શું કહ્યું આપે?'' હું 'ચોકસાઈપૂર્વક કહી શકતી નથી,' હું આપના જવાબ નથી સમજી શકતો. હું ફરીથી પૂછું, તમે ગુફામાં એકલાં હતાં અને આરોપી તમારી પાછળ આવ્યો,ખરું ને?' મિસ ક્વીસ્ટેડે નકારમાં ડોકું હલાવ્યું. 'એટલે તમે કહેવા શું માગો છો?' ન્યાયાધીશે હવે કહ્યું: 'તમારે જે કહેવું હોય તે સ્પષ્ટતાથી અને જલદીથી કહો.' 'મને લાગે છે કે મેં ભૂલ કરી છે.'. 'કઈ ભૂલ?' 'ડૉ. અઝીઝ મારી પાછળ પાછળ આવ્યા જ નહોતા.' હાથમાંનાં કાગળિયાં મેકબ્રાઈડે ટેબલ પર પછાડ્યાં. ન્યાયાધીશે કહ્યું: 'મિસ ક્વીસ્ટેડ, તમને યાદ તો છે ને કે તમે જે કહો છો તે સોગંદપૂર્વક કહો છો?' 'હાજી. એટલે જ કહું છું કે ડૉ. અઝીઝ મારી પાછળ આવ્યા જ નહોતા.' 'તો તમે આરોપ પાછો ખેંચી લો છો?'' ''હા જી, હું આરોપ સંપૂર્ણપણે પાછો ખેંચી લઉં છું.'' કોર્ટમાં ધમાલ મચી ગઈ. અંગ્રેજ અધિકારીઓને શું કરવું તે સૂઝતું નહોતું. હિંદીઓ ગેલમાં આવી ગયા હતા. મેકબ્રાઈડે મિસ ક્વીસ્ટેડને પૂછ્યું : 'તમે ગાંડાં તો નથી થઈ ગયાંને?' પછી ન્યાયાધીશ તરફ ફરી કહ્યું: 'નામદાર! હું કેસ પાછો ખેંચી લઉં છું.' અઝીઝ આ સાંભળતાં જ બેભાન થઈ ગયો.

કેસ પૂરો થયા પછી લોકોએ ફીલ્ડિંગ અને મિસ ક્વીસ્ટેડને એક ગાડીમાં બેસાડીને સરઘસ કાઢ્યું. બીજો કોઈ ઉપાય નહોતો એટલે મિસ ક્વીસ્ટેડ ફીલ્ડિંગને ઘેર જ રહી; બીજો કોઈ અંગ્રેજ તેને હવે સંઘરે એમ નહોતું. ગામમાં લોકોનાં બેકાબૂ ટોળાં ઠેરઠેર ઘૂમવા લાગ્યાં અને તોફાન થયું.

સાંજે ફીલ્ડિંગ અને મિસ ક્વીસ્ટેડ વાતો કરતાં બેઠાં હતાં. મિસ ક્વીસ્ટેડે ફીલ્ડિંગને પૂછ્યું: 'તમને શું લાગે છે, ગુફામાં શું થયું હશે?' 'કાં તો અઝીઝે જ હુમલો કર્યો હોય ને એ ગુનેગાર હોય; કાં તો તમે તેની પ્રત્યે દ્વેષથી પ્રેરાઈને આ આરોપ ઉપજાવી કાઢ્યો હોય; કાં તો તમે મોહજાળનાં ભોગ બન્યાં હો અથવા તમારી સાથે ભોમિયો હતો તેણે તમારું અપમાન કર્યું હોય અને અંધારામાં તમે એને અઝીઝ ધારી લીધો હોય.' 'કે પછી મને દેખાયું તે ભૂત પણ હોય!' 'ના,ના હું તો ભૂતમાં માનતો જ નથી.' વાત ચાલતી હતી તેવામાં હિલ્સપ ત્યાં આવી પહોંચ્યો. તે શોકના ખબર લઈને આવ્યો હતો. મુસાફરી દરમિયાન જ સ્ટીમરમાં મિસિસ મૂરનું અવસાન થયું હતું. મિસ ક્વીસ્ટેડે હિલ્સપ સાથે થોડી વાત

કરી અને પછી ફીલ્ડિંગને કહ્યું:' હું રોની સાથે જઈ શકું તેમ નથી. તમે મને અહીં જ રહેવા દેશો તો આભાર થશે.' તેના રહેવાની ગોઠવણ કરીને ફીલ્ડિંગ અઝીઝની જીતના માનમાં મિજબાની હતી ત્યાં ગયો.

મિજબાની પછી અઝીઝ અને ફીલ્ડિંગ વાતો કરતા હતા તેમાં ફીલ્ડિંગે જાણ્યું કે અઝીઝ નુકસાનીની બદલ વીસ હજાર રૂપિયાનો દાવો મિસ ક્વીસ્ટેડ પર માંડવાનો હતો. ફીલ્ડિંગને આ વાત જરાય ન ગમી. તેણે અઝીઝને સમજાવી જોયો. પણ તે એકનો બે ન થયો. તે અંગ્રેજોથી એટલો વાજ આવી ગયો હતો કે હવે સરકારી નોકરી છોડી કોઈ દેશી રાજ્યમાં જોડાવા માગતો હતો. છતાં અઝીઝે કહ્યું : 'મિસ ક્વીસ્ટેડ પાસેથી નુકસાનીના પૈસા લેવા કે નહીં તે અંગે હું મિસિસ મૂરને પુછાવી જોઈશ અને તે કહેશે એમ કરીશ.' ફીલ્ડિંગે ઘડીક વિચાર કર્યો અને પછી કહ્યું:'અઝીઝ! મારે તને આ વાત આજે નહોતી કહેવી, પણ મિસિસ મૂરનું અવસાન થયું છે.' પણ અઝીઝે માન્યું કે ફીલ્ડિંગ તેને બનાવે છે.

પણ દિવસો વીત્યા તેમ ફીલ્ડિંગની વાત તેને ગળે ઊતરી. દાવાનો ખર્ચ વસૂલ કરીને નુકસાનીના પૈસા જતા કરવાનું તેણે નક્કી કર્યું. હિસ્લપની બીજા શહેરમાં બદલી કરવામાં આવી હતી. મિસ ક્વીસ્ટેડ સાથેનો સંબંધ તેણે તોડી નાખ્યો હતો એટલે મિસ ક્વીસ્ટેડે પાછા ઇંગ્લૅન્ડ ચાલ્યા જવાનું નક્કી કર્યું.

મિસ ક્વીસ્ટેડ ઇંગ્લૅન્ડ ગઈ પછી ચન્દ્રપુરમાં નવી જ અફવા ફેલાઈ - ફીલ્ડિંગને મિસ ક્વીસ્ટેડ સાથે આડો સંબંધ હતો. ઘણી વાર રાતે ફીલ્ડિંગ તેને ત્યાં જતો...વગેરે... અને અફવાને ફેલાતાં વાર શી? શરૂઆતમાં તો અઝીઝે આ અંગે ધ્યાન ન આપ્યું. પણ પછી તેના મનમાં પણ વાત બેઠી. એટલે તો ફીલ્ડિંગે નુકસાનીના પૈસા જતા કરવા દબાણ નહીં કર્યું હોય? અને અઝીઝ અને ફીલ્ડિંગ વચ્ચેનું અંતર વધતું ગયું.

તેમાંય જ્યારે થોડા વખતમાં રજા લઈને પોતે ઇંગ્લૅન્ડ જવા ધારે છે એ વાત ફીલ્ડિંગે અઝીઝને કહી ત્યારે તો અઝીઝે એમ જ માની લીધું કે મિસ કવીસ્ટેડ સાથે લગ્ન કરવા માટે જ તે ઇંગ્લૅન્ડ જઈ રહ્યો છે. આ વાત અઝીઝના મનમાં વધુ ને વધુ દૃઢ થતી ગઈ. ફીલ્ડિંગ ઇંગ્લૅન્ડ જવા રવાના થયો ત્યારે અઝીઝ મસૂરી ચાલ્યો ગયો, એટલે છેવટે પણ બન્ને મળી શક્યા નહીં.

મંદિર

બે વરસ પછીઃ

મરબારના ડુંગરોની પશ્ચિમે કેટલાયે માઈલ દૂર માઉ રાજ્યના મંદિરમાં પ્રૉફેસર ગોડબોલે જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે તુકારામના અભંગ ગાઈ રહ્યા છે. હિન્દુઓની મોટી ઠઠ જામી છે. કૃષ્ણજન્મની રાહ જોવાઈ રહી છે. બહાર વરસાદ વરસી રહ્યો છે.

સરકારી કૉલેજની નોકરી છોડીને પ્રૉફેસર ગોડબોલે માઉ રાજ્યના શિક્ષણખાતાના વડા બન્યા છે. તેમનો અંગ્રેજી માટેનો પ્રેમ દર્શાવતું એક પાટિયું મંદિરમાં પણ ભીંત પર લટકે છે. લહિયાએ કદાચ ભૂલમાં જ લખ્યું છે: 'God is Love.' પણ લહિયાની આ ભૂલ ઘણું સૂચવી જાય છે. તુકારામનાં અભંગ ગાતાં ગાતાં કોણ જાણે કેમ એકાએક ગોડબોલેને મિસિસ મૂર સાંભરી આવી. ક્યાંક પથ્થર પર બેઠેલા તીડને પોતે જોયેલું તે પણ સાંભરી આવ્યું. બારમાં દસે ઘરડો રાજા આવ્યો. એને ઊંચકીને ગાલીચા પર બેસાડયો. બાર વાગ્યા ને શંખ ફૂંકાયા. સૌએ મૂર્તિ પર ગુલાલ છાંટ્યો, રાજાએ પારણું હીંચોળ્યું. અને પછી તેને તરત બાજુના ઓરડામાં લઈ જવો પડ્યો. તેની તબિયત બગડી આવી હતી. ડૉ. અઝીઝે તેને તપાસ્યો અને તેની સારવાર કરી.

અઝીઝ પણ સરકારી નોકરી છોડીને આ જ રાજ્યમાં મુખ્ય ડૉક્ટર તરીકે કામ કરી રહ્યો હતો. તેણે ફરી લગ્ન પણ કર્યાં હતાં. રાજાને તપાસીને તે ઘરે જતો હતો ત્યાં ગોડબોલેએ તેને ખબર આપ્યા કે ફીલ્ડિંગ આવ્યો છે અને અંગ્રેજો માટેના ઉતારામાં ઊતર્યો છે. અઝીઝને મળવાની ઈચ્છા તેણે વ્યક્ત કરી હતી. તે અહીં સરકારી કામે આવ્યો હતો. ઇંગ્લૅન્ડથી આવ્યા પછી, જુદાં જુદાં દેશી રાજ્યોમાં ફરી ત્યાંની શિક્ષણવ્યવસ્થા અંગે અહેવાલ તૈયાર કરવાનું કામ તેને સોંપાયું હતું. ઇંગ્લૅન્ડ ગયા પછી ફીલ્ડિંગે અઝીઝને એક કાગળ લખેલો. તેમાં તેણે લખેલું : '... અને હવે તમને આશ્ચર્ય થાય એવા સમાચાર આપું છું. તમે જેને ઓળખો છો એવી એક વ્યક્તિ સાથે મેં અહીં આવીને લગ્ન કર્યાં છે. તેનું નામ...' પણ અઝીઝે આગળ વાંચ્યું જ નહીં. 'બનવાનું હતું તે બની ગયું,' તેણે વિચાર્યું અને કાગળ ફાડી નાખ્યો. તેણે આખો કાગળ વાંચ્યા વગર માની લીધું કે ફીલ્ડિંગે મિસ ક્વીસ્ટેડ સાથે જ લગ્ન કર્યાં છે. પછી તો ફીલ્ડિંગના જે કાગળ આવતા તે અઝીઝ ખોલ્યા વગર જ ફાડી નાખતો. પણ હવે? ફીલ્ડિંગ આવ્યો હતો. તેની પત્ની અને તેનો ભાઈ પણ સાથે હતાં. પણ અઝીઝ એ લોકોને કોઈ હિસાબે મળવા રાજી નહોતો.

બીજે દિવસે સવારે રજા હતી એટલે સવારમાં અઝીઝ તેનાં બાળકો સાથે ફરવા નીકળી પડ્યો. ફરતાં ફરતાં તેઓ એક જૂના કિલ્લા તરફ પહોંચી ગયાં. એ જ વખતે ફીલ્ડિંગ પણ તેના સાળા સાથે ત્યાં આવેલો. હવે મળ્યા વગર છૂટકો જ નહોતો. બન્નેએ થોડી વાતો કરી. એટલામાં વરસાદ પડ્યો એટલે અઝીઝે ફીલ્ડિંગની સાથેની વ્યક્તિને કહ્યું: 'મિસ્ટર ક્વીસ્ટેડ, તમે ગાડીમાં બેસી જાઓ, અને ફીલ્ડિંગ તમે પણ.' 'તું કોને મિસ્ટર ક્વીસ્ટેડ કહે છે?' ફીલ્ડિંગ ચમક્યો. 'કેમ? આ તમારી પત્નીના ભાઈ છે તેને.' 'અઝીઝ! મેં કોની સાથે લગ્ન કર્યાં છે તેનું તો તને ભાન છેને? મેં ક્વીસ્ટેડ સાથે લગ્ન નથી કર્યાં. મેં તો મિસિસ મૂરની દીકરી સ્ટેલા સાથે લગ્ન કર્યાં છે અને આ તેનો ભાઈ છે, રાલ્ફ.' અઝીઝ ધ્રૂજી ગયો. તેની શરમે છેવટે ગુસ્સાનું રૂપ લીધું. તે કશું બોલ્યા વગર ચાલતો થયો.

સાંજે કૃષ્ણજન્મનું સરઘસ નીકળ્યું. પાલખીમાં મૂર્તિ પધરાવેલી હતી. આગળ દરબારી હાથીઓ ચાલતા હતા, પાછળ દરબારીઓ. દર વરસે તો રાજા પણ આ સરઘસમાં જોડાતો પણ રાતમાં જ તેનું અવસાન થયેલું એટલે લોકો તેની ગેરહાજરી વિષે જાતજાતની અફવાઓ ફેલાવી રહ્યા હતા. ઉત્સવના રંગમાં ભંગ ન પડે માટે હજી રાજાનું મૃત્યુ જાહેર કરવામાં આવ્યું નહોતું.

અઝીઝ ઘરની બહાર નીકળ્યો. અંગ્રેજો માટેના ઉતારા તરફ તે ચાલ્યો. રસ્તામાં સરોવરમાં તેણે હોડી તરતી જોઈ તેમાં ફીલ્ડિંગ અને તેની પત્ની જ હશે એ સમજતાં વાર ન લાગી, છતાં તે ઉતારે ગયો. ત્યાં તેને રાલ્ફ મળ્યો. બન્ને વચ્ચે થોડી વાત થઈ. રાલ્ફ મિસિસ મૂરનો પુત્ર હોવાથી તેના માટે અઝીઝને લાગણી થઈ આવી. વળી પાછો મનથી તે રાલ્ફની નજીક જઈ રહ્યો હતો. એના અણસારમાં, વાતચીતમાં તેને મિસિસ મૂરનો જ ભાસ થયા કરતો હતો. એ વિચારતો હતો : શું ફરી એ ચક્રની શરૂઆત થઈ રહી હતી! આટઆટલી યાતનાઓ પછી તો એ માંડ છૂટ્યો. કોઈ દિવસ અંગ્રેજોને મિત્ર માનવા નહીં. મસ્જિદ, ગુફા; મસ્જિદ, ગુફા... અને ફરી એ ચક્ર શું શરૂ થશે? પણ મનથી તે રાલ્ફની નજીક ખેંચાવા લાગ્યો. 'આ ચોમાસાની ઋતુ છે,' તેણે કહ્યું. વર્ષના સૌથી સારા દિવસો છે આ. મને થાય છે કે મિસિસ મૂર આ દિવસો જોવા રહ્યાં હોત તો કેવું સારું થાત!' અને પછી બન્ને જણા બહાર ગયા. બીજી એક હોડીમાં બન્ને બેઠા અને હોડી સરોવરના પાણી પર તરવા લાગી. પવન

જોરથી ફૂંકાતો હતો એટલે હલેસાં મારવાની તો જરૂર જ નહોતી. દૂરથી સરઘસનો અવાજ આવતો હતો. 'રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ, કૃષ્ણરાધા, રાધેકૃષ્ણ.' એકાએક આકાશમાં વીજળી ઝબકી. અઝીઝે હોડી પાછી વાળવા કહ્યું, પણ રાલ્ફે ના પાડી. બે-પાંચ ક્ષણ વીતી હશે ત્યાં તો અવાજ સંભળાયોઃ 'સમાલજો, સમાલજો, જરા ધ્યાન રાખો.' પણ અંધારામાં બન્ને હોડીઓ અથડાઈ ચૂકી હતી. ચારે જણાં હોડીમાંથી ઊથલીને પાણીમાં પડ્યાં. દૂરથી તોપના અવાજ આવતા હતા. નગારાં વાગતાં હતાં, સરઘસ આગળ વધતું હતું પણ એ બધા અવાજને ડુબાડી દે તેવી મેઘગર્જના થઈ. પણ માત્ર અવાજ, તેનો પડઘો નહીં, વીજળીનો ઝબકારો પણ નહીં. મુશળધાર વરસાદ તૂટી પડ્યો. સરોવરમાં પાણી ખાસ ઊંડું નહોતું એટલે ચારે જણાં બચી ગયાં. અઝીઝે સ્ટેલાને પોતાના ખભા પર લઈ લીધી હતી.

ફીલ્ડિંગ અને અઝીઝ માઉનાં જંગલોમાં ઘોડા પર ઘૂમી રહ્યા હતા. બન્ને પાછા મિત્રો બની ગયા હતા, પણ તેઓ જાણતા હતા કે બન્નેના રસ્તા હવે જુદા છે અને ભવિષ્યમાં ક્યારેય મળવાનું પણ કદાચ નહીં બને. બન્ને જણા બે વરસમાં ઘણા બદલાઈ ગયા હતા. ફીલ્ડિંગ પણ હવે કંઈક અંશે બીજા અંગ્રેજ અધિકારીઓ જેવો બની ગયો હતો. બન્ને જણા રાજકારણની વાતે ચડી ગયા. ફીલ્ડિંગે કહ્યુંઃ 'બ્રિટિશ રાજ્યને તમે ક્યારેય તોડી શકવાના નથી.' અઝીઝે કહ્યું. 'અમને અંગ્રેજોની જરાય પરવા નથી.' 'તો હિન્દીઓ માટીમાં મળી જશે. અંગ્રેજો વગર હિન્દનો ઉદ્ધાર નથી.' આ સાંભળી અઝીઝ ઉશ્કેરાઈ ગયો. 'તમે બધા ટર્ટન અને બર્ટન ચાલ્યા જાઓ. હમણાં તો અમે શાંત દેખાઈએ છીએ પણ એક વખત ઇંગ્લૅન્ડને આફતમાં સપડાવા દો. હવે બીજી લડાઈ થશે ત્યારે અમને બરાબરનો મોકો મળશે.' 'અંગ્રેજોને કાઢી તમે કોને જાપાનીઓને લાવશો?' 'ના, ના અમે મોગલાઈ સજીવન કરશું.' 'તારા હિન્દુ મિત્રો સહન કરશે કે?' 'એ તો અમે જોઈ લેશું પણ તમે તો હવે ટળો! હિન્દુસ્તાન એક દેશ બનશે. અમને કોઈ પરદેશીઓ ખપતા નથી. હિન્દુ, મુસલમાન, શીખ, બધાં એક થઈને રહેશું. હું નહીં તો મારો દીકરો કે એના દીકરાનો દીકરો, પણ તમને કાઢીને જ અમે જંપીશું, પછી ભલે એમ કરતાં પાંચ હજાર વર્ષ પણ વીતી જાય! એક એક અંગ્રેજ બચ્ચાને અમે દેશમાંથી હાંકી કાઢશું અને પછી આપણે બે સાચા મિત્રો બની રહેશું.' 'તો અત્યારે જ શા માટે આપણે મિત્રો બનીને સાથે ન રહી શકીએ? હું

પણ એ ઇચ્છું છું, તું પણ ઇચ્છે છે.' ફીલિંગે કહ્યું.

પણ ઘોડાઓ એવું ઇચ્છતા નહોતા. બન્નેના ઘોડા એકબીજાથી દૂર થયા. ધરતી એવું ઇચ્છતી નહોતી. તેણે બે જુદા માર્ગ બતાવ્યા. મંદિરો, તળાવો, મહેલો, પંખીઓ કોઈ એવું ઇચ્છતું નહોતું . એ સૌ જાણે પોકારી પોકારીને કહેતાં હતાં: 'ના, ના. હમણાં નહીં, હમણાં નહીં,' અને આકાશે પણ એ શબ્દોનો પડઘો પાડ્યો.

●

૩૫. કામ કથા નહીં, મોક્ષ કથા
સિદ્ધાર્થ /હર્માન હેસ

કારકિર્દીની શરૂઆત તેણે બીજાએ લખેલાં પુસ્તકો વેચવાથી કરી. પણ પછી તેણે પોતે એવાં પુસ્તકો લખ્યાં કે ૧૯૪૬માં તેને ફ્રેન્કફર્ટનું ગથે પ્રાઇઝ મળ્યું અને પછી એ જ વર્ષે તેને મળ્યું સાહિત્ય માટેનું નોબેલ ઇનામ. ૧૮૭૭ના જુલાઈની બીજી તારીખે તેનો જન્મ.૧૯૬૨ના ઑગસ્ટની નવમીએ અવસાન. કવિતા લખી , નવલકથાઓ લખી. તેની સૌથી વધુ જાણીતી થયેલી નવલકથા તે ‘સિદ્ધાર્થ’. જર્મન ભાષામાં તો તે છેક ૧૯૨૨માં પ્રગટ થયેલી, પણ તેનો અંગ્રેજી અનુવાદ પ્રગટ થયો છેક ૧૯૫૧માં. ૧૯૭૨માં આ નવલકથા પરથી કોનરાડ રૂક્સે ફિલ્મ બનાવેલી જેમાં શશી કપૂર અને સિમ્મી ગરેવાલે અભિનય કરેલો. નીરુભાઈ દેસાઈએ ‘સિદ્ધાર્થ’ નામે જ કરેલો અનુવાદ ૧૯૫૮માં પ્રગટ થયેલો. આ લેખકનું નામ હર્માન હેસ. ભારતની મુલાકાતો લીધેલી અને ભારતીય ધર્મ અને તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત થયેલો. ‘સિદ્ધાર્થ’નાં પાત્રો, સ્થળ, પ્રસંગો, દર્શન બધું ભારતીય છે. અલબત્ત, એક જર્મન લેખકની નજરે વસ્યાં તેવાં, અને તેની કલમે આલેખ્યાં તેવાં.

બ્રાહ્મણ યુવક સિદ્ધાર્થ, તેનો મિત્ર ગોવિંદ અને ગણિકા કમલા આ કથાનાં મુખ્ય પાત્રો છે. એટલું જ નહીં, ભગવાન બુદ્ધ પણ તેમાં એક પાત્ર તરીકે જોવા મળે છે. એ જમાનાની બ્રાહ્મણ કુટુંબની પરંપરા પ્રમાણેનો અભ્યાસ સિદ્ધાર્થે કર્યો છે અને બધા ગામલોકો તેને આદર અને પ્રેમ આપે છે. પણ સિદ્ધાર્થના મનમાં અજંપો છે. પોતે જે કાંઈ જ્ઞાન મેળવ્યું છે તે સાચે માર્ગે લઈ જવા માટે પૂરતું નથી એમ તેને લાગે છે. નવા અને સાચા માર્ગની શોધમાં સિદ્ધાર્થ અને ગોવિંદ સંસાર ત્યાગી શ્રમણ બને છે. દેહદમન કરે છે, ઉપવાસો કરે છે. દુઃખને, પીડાને આવકારે છે. કારણ એ રીતે જ અહમ્‌ને ઓગાળી શકાય એમ માને છે. પણ હકીકતમાં એમ બનતું નથી. દેહદમનથી સાચી શાંતિ મળતી નથી, એટલે સિદ્ધાર્થ વિચારે

છે કે સાચું જ્ઞાન બહારથી મેળવવાનું નથી, પણ પોતાની અંદરથી જ મેળવવાનું છે. ત્રણ વર્ષ શ્રમણ તરીકેની જિંદગી વિતાવ્યા પછી ગૌતમ બુદ્ધ વિષેની વાતો તેમને કાને પડે છે. બન્ને બુદ્ધનાં દર્શન કરવા જાય છે. તેમના ઉપદેશથી ગોવિંદ એટલો તો પ્રભાવિત થાય છે કે તે ભગવાન બુદ્ધનો શિષ્ય બની જાય છે. તેના આ નિર્ણયને કથાનાયક સિદ્ધાર્થ વધાવી લે છે. પણ પોતે તે માર્ગે જતો નથી. ધર્મ, જીવન અને તત્ત્વજ્ઞાન વિષે તે ભગવાન બુદ્ધ સાથે વાદવિવાદ પણ કરે છે. ભગવાન બુદ્ધ તેને કહે છે કે જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ, લયને સમજાવવાનું મારું ધ્યેય નથી. મારું ધ્યેય તો જીવોને દુઃખમાંથી મોક્ષ અપાવવાનું છે. પણ કથાનાયક સિદ્ધાર્થ કહે છે કે મારા મોક્ષનો માર્ગ મારે જાતે જ શોધવો રહ્યો. ભગવાન બુદ્ધ તેને આશીર્વાદ આપે છે. બન્ને જુદા પડે છે પણ ભગવાન બુદ્ધને મળ્યા પછી જાણે પોતે થોડો બદલાઈ ગયો છે એમ સિદ્ધાર્થને લાગે છે. હવે સિદ્ધાર્થ નથી રહ્યો બ્રાહ્મણ, નથી રહ્યો શ્રમણ કે નથી બન્યો બુદ્ધનો શિષ્ય. હવે તે વધુ એકાકી છે અને છતાં પોતાની જાતને વધુ પામી શક્યો છે એમ તેને લાગે છે.

ગોવિંદથી છૂટા પડ્યા પછી એક નાવિકની ઝૂંપડીમાં સિદ્ધાર્થ એક રાત ગાળે છે. બીજે દિવસે નાવિકની હોડીમાં તે નદી પાર કરે છે, પણ નાવિકને આપવા માટે તેની પાસે ફૂટી કોડીય નથી. પણ નાવિક કહે છે કે તું પૈસા ન આપી શકે તો કાંઈ વાંધો નહીં, મને તારી મૈત્રી તો આપી શકેને? ચાલતો ચાલતો સિદ્ધાર્થ એક શહેરમાં આવી પહોંચે છે. દાખલ થતાંવેંત એક અત્યંત સ્વરૂપવાન સ્ત્રીને પાલખીમાં જતી જુએ છે અને જોતાંવેંત તેના પ્રેમમાં પડી જાય છે. તેને મળીને તેનો પ્રેમ સંપાદન કરવાની ગાંઠ મનમાં વાળી પોતાના રંગઢંગ સુધારે છે. ગામલોકો પાસેથી જાણવા મળે છે કે તે સ્ત્રી તો હતી ગણિકા કમલા. મળે છે કમલાને અને પોતાને કામશાસ્ત્ર શીખવવા વિનંતી કરે છે. પણ કમલા કહે છે કે પહેલાં સરસ મજાનાં રેશમી વસ્ત્રો અને આભૂષણો પહેરવાની અને મને મૂલ્યવાન ભેટો ધરવાની ત્રેવડ કેળવ, પછી કામશાસ્ત્ર શીખવાની વાત કર.

કેળવે છે ત્રેવડ અને શીખે છે કામશાસ્ત્રના પાઠ કમલા પાસે. બીજા કોઈના પણ કરતાં કમલા પોતાને વધુ સારી અને સાચી રીતે સમજી શકે છે એમ સિદ્ધાર્થને લાગે છે. જીવનનાં સુખો ભરપેટ માણવા માગે છે. જુગાર રમે છે, જુગારની અને એશઆરામની લતે ચડે છે. પણ પછી એક

રાતે એક અજબ સપનું જુએ છે અને બીજે દિવસે તેને લાગે છે કે પોતે જે જીવન જીવે છે તે સાચું નથી. છોડી દે છે કમલાને અને છોડી દે છે ગામ. ફરી પેલી નદીના કિનારે આવે છે. જાતથી અને પોતાની જિંદગીથી કંટાળેલો સિદ્ધાર્થ નદીમાં કૂદી આપઘાત કરવાનો વિચાર કરે છે, પણ પછી થાક અને હતાશાને કારણે ઊંઘી જાય છે.જાગે છે ત્યારે થાક અને હતાશા ચાલ્યાં ગયાં છે અને મિત્ર ગોવિંદને પોતાની સામે ઊભેલો જુએ છે. બન્ને વચ્ચે થોડી વાતચીત થાય છે પણ ગોવિંદ ફરી ભગવાન બુદ્ધ પાસે જવા નીકળે છે. નદી કિનારે બેઠો બેઠો સિદ્ધાર્થ પોતાની વીતેલી જિંદગી વાગોળી રહ્યો છે ત્યાં નાવિક મિત્ર વસુદેવનો ફરી ભેટો થાય છે. વસુદેવ પાસેથી નાવ ચલાવતાં શીખી તેના મદદગાર તરીકે કામ કરે છે. જુએ છે કે રોજિંદી જિંદગીની ઘટમાળમાં જીવતો વસુદેવ સુખી છે, શાંતિને પામી શક્યો છે. વર્ષો વીતે છે. ભગવાન બુદ્ધનો નિર્વાણકાળ નજીક આવ્યો છે એવી વાતો કાને પડે છે. આ સમાચાર ગણિકા કમલાને પણ મળ્યા છે અને પોતાના દીકરાને લઈ તે બુદ્ધનાં દર્શને નીકળી પડે છે. પેલી નદીના કિનારેથી પસાર થતી હોય છે. ત્યાં કમલાને સાપ કરડે છે અને તેનું મૃત્યુ થાય છે. પણ મરતાં પહેલાં તે સિદ્ધાર્થને કહે છે કે મારી સાથે આ છોકરો છે તે તારો દીકરો છે. સિદ્ધાર્થ દીકરાને ઉછેરવાનો પ્રયત્ન કરે છે પણ દીકરો તેને બાપ તરીકે સ્વીકારવા તૈયાર નથી. થોડા વખત પછી તે ભાગી જાય છે. સિદ્ધાર્થ તેને શોધતો પાછો શહેરમાં પહોંચે છે, પણ પછી તેને સમજાય છે કે દીકરાને પોતે કોઈ રીતે મદદરૂપ બની શકે તેમ નથી. સિદ્ધાર્થનાં સુખ-શાંતિ છીનવાઈ જાય છે. પણ વસુદેવ તેને શોધતો આવે છે અને સમજાવી પટાવી પોતાની સાથે નદી કિનારે લઈ જાય છે. દીકરાના વિરહમાં વ્યગ્ર બનેલો સિદ્ધાર્થ એક દિવસ નદીને હસતી સાંભળે છે. નદીનાં પાણીમાં તેને પોતાનો ચહેરો દેખાય છે. પોતે પણ પોતાના પિતાને છોડીને નીકળી પડેલો એ તેને યાદ આવે છે.

વસુદેવ કહે છે કે નદીને ધ્યાનથી સાંભળ. પહેલાં તો માત્ર રુદનના સ્વર સંભળાય છે, પછી આનંદના અને પછી એ બધા સ્વરોને પોતામાં સમાવી લેતો ઓમ્કાર સંભળાય છે. સિદ્ધાર્થનાં બધાં દુઃખ સરી પડે છે અને તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. વસુદેવ પણ હવે દેહ પાડવા જંગલમાં જાય છે. થોડા વખત પછી ગોવિંદ નાવિક-સાધુ પાસે શિષ્યભાવે આવે છે. સિદ્ધાર્થ તેને ઓળખી જાય છે. પોતાના મોક્ષનો માર્ગ દરેકે જાતે શોધવાનો હોય છે. કોઈ ગુરુ કે શાસ્ત્ર એ બતાવી શકે તેમ નથી એમ

સિદ્ધાર્થ કહે છે. વિદાય વખતે ગોવિંદ સિદ્ધાર્થને કપાળે ચુંબન કરે છે અને સિદ્ધાર્થના ચહેરામાં તેને અનેક ચહેરાઓની હારમાળા દેખાય છે. સ્થળકાળના એકત્વના દર્શનથી અભિભૂત થયેલો ગોવિંદ આંસુ નીતરતી આંખે ધરતી પર ઢળી પડે છે.

●

૩૬. વીસમી સદીની સર્વોત્તમ નવલકથા યુલિસિસ/ જેમ્સ જૉય્સ

સમય : ૧૯૨૨ની સાલના ડિસેમ્બર મહિનાની એક સાંજ
સ્થળ : ન્યૂ યૉર્ક શહેરમાં આવેલી અમેરિકન કસ્ટમ્સની ઑફિસ
પાત્રો : કસ્ટમ અધિકારી અને તેનો મદદનીશ

નાતાલના તહેવારો નજીક આવી રહ્યા છે. બહાર હિમવર્ષા થઈ રહી છે. દિવસનું કામ આટોપવાને હવે માંડ અડધો કલાક બાકી છે, ત્યાં મદદનીશ આયાતનાં કાગળિયાં લઈ તેના અધિકારી પાસે આવે છે. ઘરે જવાનું મોડું થશે એ વિચારે અધિકારીનું મોં જરા કટાણું થાય છે. કાગળિયાં પર ઊડતી નજર નાખે છે : કોઈએ લંડનથી 'ધ કમ્પ્લીટ વર્ક્સ ઑફ શેક્સપિયર' પુસ્તકની પાંચસો નકલ આયાત કરી છે. મનમાં થાય છે, શેક્સપિયર તો નિર્દોષ અને નિરુપદ્રવી લેખક છે. હાથમાં કલમ લે છે અને મતું મારવા જાય છે કાગળિયાં પર, ત્યાં મદદનીશ બોલે છે : 'સાહેબ, અમેરિકામાં છપાયેલાં શેક્સપિયરનાં નાટકો તો ઢગલાબંધ મળે છે, પછી આવી ચોપડીઓ ઠેઠ ઇંગ્લૅન્ડથી કેમ કોઈ આયાત કરતું હશે?' આ વાતથી અધિકારીના મનમાં વહેમ જાગે છે. મદદનીશને એક ખોખું ખોલવા કહે છે.

ખોખું ખોલતાં અંદર દેખાય છે તો ચોપડીઓ જ. હલકી જાતનાં આછા ભૂરા રંગનાં પૂંઠાં પર છાપ્યું છે: 'ધ કમ્પ્લીટ વર્ક્સ ઑફ શેક્સપિયર.' અધિકારી એક નકલ હાથમાં ઉપાડે છે. વિચારે છે : 'નહીં નહીં તો એક નકલ સવા બે કે અઢી રતલની છે. છેલ્લું પાનું જુએ છે; પાના પર નંબર છાપ્યો છે - ૬૩૨. હાથમાં લીધેલી નકલ ખોખામાં પાછી મૂકતાં પહેલાં સહજ કુતૂહલથી થોડાં પાનાં ફેરવે છે અને ચોંકી જાય છે. પૂંઠા પર ભલે 'ધ કમ્પ્લીટ વર્ક્સ ઑફ શેક્સપિયર' લખ્યું હોય, અંદર બંધાયેલું પુસ્તક તો છે જેમ્સ જૉય્સની નવલકથા 'યુલિસિસ', જેના પર અમેરિકામાં એ વખતે પ્રતિબંધ હતો. આ પુસ્તક ઇમ્પોર્ટ કેમ કરવા

દેવાય? અદાલતે તેને 'અશ્લીલ, ગંદું, ગોબરું' પુસ્તક કહ્યું છે.

કાયદા પ્રમાણે તો કસ્ટમ ખાતાએ આ નકલોનો નાશ કરી નાખવો જોઈએ, અને બધા માનતા હતા કે કર્યો પણ હશે જ. પણ થોડાં વરસ પહેલાં આ પાંચસો નકલમાંની કેટલીક અમેરિકામાંથી મળી આવી છે એટલે હવે લાગે છે કે નકલો જપ્ત થઈ હશે, પણ તેનો નાશ નહીં કર્યો હોય, અથવા તો નાશ થતાં પહેલાં કસ્ટમ ખાતાના ગોદામમાંથી થોડી નકલો પગ કરી ગઈ હશે.

હા, સાહેબ, જેની પસંદગી વીસમી સદીની સર્વોત્તમ નવલકથા તરીકે થઈ હતી તે જેમ્સ જૉયસની નવલકથા 'યુલિસિસ' પર વર્ષો સુધી અમેરિકામાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હા, વાણી સ્વાતંત્ર્યની માતૃભૂમિ મનાતા અમેરિકા એટલે કે યુ. એસ. એ.માં 'ફર્સ્ટ એમેન્ડમેન્ટ'નું છોગું રાજ્ય બંધારણમાં ખોસીને છાતી ફુલાવીને ફરનાર અમેરિકામાં ૧૯૨૨માં જ પુસ્તકો પર પ્રતિબંધ મુકાતો એવું નથી, આજે પણ મુકાય છે.

૧૮૨૨માં આયર્લૅન્ડના ડબ્લીન ખાતે જન્મેલો જેમ્સ જૉયસ પોતાની માતૃભૂમિને ચાહતો ખરો, પણ જિંદગીનો મોટો ભાગ તે પોતાના દેશની બહાર રહ્યો હતો – ત્રિએસ્ત, ઝ્યૂરિક, પેરિસમાં. રોકડાં છ પુસ્તકો લખ્યાં તેણે આખી જિંદગીમાં; એક કાવ્યસંગ્રહ, એક નાટક, એક વાર્તાસંગ્રહ, એક લઘુનવલ અને બે નવલકથા. ૧૯૦૬માં જ્યારે તે 'ધ ડબ્લીનર્સ' સંગ્રહ તૈયાર કરી રહ્યો હતો ત્યારે તેમાં છેલ્લી વાર્તા તરીકે 'યુલિસિસ' નામની એક વાર્તા ઉમેરવાનો તેને વિચાર આવેલો પણ પછી એ વિચાર તેણે પડતો મૂક્યો અને ૧૯૧૪માં 'યુલિસિસ' નામની વિશાળકાય નવલકથા લખવાની તેણે શરૂઆત કરી. આ જ વર્ષમાં તેનો 'ધ ડબ્લીનર્સ' સંગ્રહ પ્રગટ થયો હતો અને 'પૉર્ટ્રેટ ઑફ ધ આર્ટિસ્ટ ઍઝ અ યંગ મૅન' ધારાવાહિક રૂપે પ્રગટ થવા લાગી હતી.

૧૯૦૪ના ગુરુવાર, જૂન ૧૬ના એક જ દિવસની કથા કહેતી 'યુલિસિસ'ને માથે પહેલેથી જ પનોતી મંડાઈ હતી. પ્રખ્યાત અમેરિકન કવિ એઝરા પાઉન્ડ ત્યારે અમેરિકાના 'ધ લિટલ મૅગેઝિન' નામના સામયિકના 'ફૉરેન એડિટર' હતા. તેમણે આ નવલકથા પોતાના મૅગેઝિનમાં હપ્તાવાર છાપવાની દરખાસ્ત રજૂ કરી અને જેમ્સ જૉયસે તે સ્વીકારી. જો એઝરા પાઉન્ડ વચમાં રહેતા હોય તો પોતે નવલકથા લખાતી જાય તેમ તેના હપ્તા પાઉન્ડને આપતો રહેશે તેમ જૉયસે કહ્યું.

'ધ લિટલ રિવ્યૂ'ની આર્થિક જવાબદારી ઉપાડતાં ન્યૂ યૉર્કના જ્હૉન ક્વિન નામના એક વકીલે પચ્ચીસ પાઉન્ડમાં 'યુલિસિસ'ના હપ્તાવાર પ્રકાશનના હક્કો ખરીદી લીધા.

'ધ લિટલ રિવ્યૂ' કાંઈ લોકપ્રિય મૅગેઝિન નહોતું. આજે આપણે જેને ઉન્નતભ્રૂ - હાઈ બ્રો કહીએ તેવું તે હતું. માર્ગરેટ એન્ડરસને ૧૯૧૪માં તે શરૂ કરેલું. જેમ્સ જૉયસ માટે એઝરા પાઉન્ડને ઘણું માન હતું પણ તેણે જ્યારે 'યુલિસિસ'ના પહેલા ત્રણ હપ્તા વાંચ્યા ત્યારે તેમણે એન્ડરસનને લખ્યું: 'આ બધું જેમ લખાયું છે તેમનું તેમ આપણે છાપશું તો આપણે માથે અમુક આફત આવશે, પણ આવું જોખમ લઈને પણ છાપવા જેવું આ લખાણ છે. માર્ચ ૧૯૧૮ના અંકમાં પહેલો હપ્તો પ્રગટ થયો ત્યારથી જ પાઉન્ડની ભવિષ્યવાણી સાચી પડવા લાગી. આવું લખાણ ધરાવતું મૅગેઝિન ટપાલમાં મોકલવા લાયક નથી એવી તવાઈ 'ધ લિટલ રિવ્યૂ' પર આવી. જ્હૉન ક્વિન પોતે વકીલ હતો એટલે તેણે સીધી અરજી કરી સોલિસિટર જનરલને. આ કાગળમાં તેણે લખ્યું કે આ મૅગેઝિન કાંઈ ચોરે ને ચૌટે વેચાતું નથી. ઊંચી સાહિત્યિક રુચિ ધરાવનારા થોડા લોકો માટે જ તે છે. 'યુલિસિસ'ના લેખકની બીજી કૃતિ 'પૉર્ટ્રેટ ઑફ ધ આર્ટિસ્ટ ઍઝ અ યંગ મૅન'ના તો ભારોભાર વખાણ થયાં છે. માટે 'યુલિસિસ'ના હપ્તાવાળા અંકો ટપાલમાં મોકલવા પરવાનગી આપવી.

પણ સોલિસિટર જનરલ સાહેબને ગળે આ વાત કાંઈ ઊતરી નહીં. તેમણે ચુકાદો આપ્યો કે આ અંકનાં માત્ર અમુક પાનાં જ નહીં, પણ તે આખેઆખો ટપાલમાં મોકલી ન શકાય એવો છે. ક્રિમિનલ કોડ ઑફ ધ યુનાઈટેડ સ્ટેટ્સના સેક્શન ૨૧૧ અને પોસ્ટ લૉઝ ઍન્ડ રેગ્યુલેશન્સના સેકશન ૪૮૦ અન્વયે આ અંક ટપાલમાં મોકલી ન શકાય તેવો નિર્ણય તેમણે આપ્યો. જોકે તેમણે એટલું ઉમેરેલું કે, 'અંકમાંની કોઈ એકાદ કૃતિને આધારે નહીં પણ અંકમાનાં લખાણ તથા ચિત્રોની સામગ્રીનો સમગ્રતયા વિચાર કર્યા પછી પોતે આ નિર્ણય પર આવ્યા હતા.' બસ, ત્યારથી અમેરિકામાં 'યુલિસિસ'નો કાયદા સાથેનો વિગ્રહ શરૂ થયો.

સોલિસિટર જનરલ સામે પોતે હાર્યો એટલે ક્વિનભાઈએ દોષનો ટોપલો તંત્રી એન્ડરસન અને એઝરા પાઉન્ડને માથે ઢોળી દીધો: 'આ એન્ડરસન નકામું વાણીસ્વાતંત્ર્યનું તૂત લઈને બેઠી છે. એનાં મનમાં રાઈ ભરાઈ ગઈ છે તે મારા કાગળોના જવાબે નથી આપતી' વગેરે. તેણે

પોતાના ડૉલરિયા સ્ક્રૂ પણ ટાઈટ કર્યા. એન્ડરસન અને પાઉન્ડને પોતે આપતો હતો તે આર્થિક ટેકો બંધ કરવાની તેણે ધમકી આપી. પાઉન્ડ પરના એક પત્રમાં તેણે લખ્યું કે આ ફરફરિયું જીવે કે મરે એની મને જરાય પડી નથી. જે ગમાણમાં તેનો જન્મ થયેલો તે ગમાણમાં જ ભલે તે મરતું. પણ જેમ્સ જૉય્સ પાઉન્ડને હપ્તા મોકલતો ગયો અને એન્ડરસન તે પોતાના મૅગેઝિનમાં છાપતી રહી - અંકો ટપાલમાં ન મોકલાય તો કાંઈ નહીં. બીજી બાજુ હપ્તાનું મૅટર એન્ડરસનને મોકલતી વખતે પાઉન્ડે તેમાં કાપકૂપ કરવાની સૂચનાઓ મોકલવા માંડી. તેમણે સૂચવ્યું કે જે વાક્યો કાઢી નાખવાનાં છે તેની અગાઉ કૌંસમાં સૂચના મૂકવી કે 'જ્યાં સુધી અમેરિકામાં સાહિત્ય મુક્તપણે પ્રગટ થઈ શકે તેમ નથી ત્યાં સુધી હવે પછીનું વાક્ય છાપી શકાય તેમ નથી.' પણ પહેલા ત્રણ હપ્તા તો પાઉન્ડે સૂચવેલી કાપકૂપ વગર આખેઆખા જેમ હતા તેમ જ એન્ડરસને છાપ્યા. એટલે પછી ચોથા હપ્તામાંથી પાઉન્ડે, પોતે જ વીસ લીટી જેટલું લખાણ કાઢી નાખ્યું. ત્યારથી 'યુલિસિસ'ના મૂળ લખાણમાં બીજાઓને હાથે થયેલી કાપકૂપની શરૂઆત થઈ.

માર્ચ ૧૯૧૮થી ડિસેમ્બર, ૧૯૨૦સુધીના ગાળામાં 'યુલિસિસ'ના કુલ ૨૩ હપ્તા 'ધ લિટલ રિવ્યૂ'માં પ્રગટ થયા. એ દરમિયાન ચાર વખત તેને અંકો ટપાલમાં મોકલવાની પરવાનગી ન મળી. વાણી સ્વાતંત્ર્યનો પુરસ્કાર કરનાર એઝરા પાઉન્ડ જેવાએ પણ હવે ટોપી બદલી. તેણે એક પત્રમાં એન્ડરસનને સલાહ આપી કે આ રીતે વારંવાર પ્રતિબંધનો સામનો કરવો પડે તેવી રીતે લખાણ છાપવાનો કશો અર્થ નથી. આ જ અરસામાં એક પ્રતિષ્ઠિત પ્રકાશકે 'યુલિસિસ' પુસ્તકાકારે પ્રગટ કરવાની પોતાની દરખાસ્ત પાછી ખેંચી લીધી.

૧૯૨૦ના ઍપ્રિલનો એક અંક પ્રગટ થયો ત્યારે 'ધ લિટલ રિવ્યૂ' બરાબરનું સપડાયું. એક કુમળી વયની છોકરી જે તેની ગ્રાહક નહોતી તેને ટપાલમાં આ અંક મળ્યો. તેણે આ અંકની માગણી પણ મોકલી નહોતી. તરત છોકરીના બાપે અદાલતનાં બારણાં ખખડાવ્યાં. 'યુલિસિસ'ને કમનસીબે છોકરીનો બાપ પોતે જ વકીલ હતો. આવું અશ્લીલ, બીભત્સ, ઘૃણાજનક લખાણ વાંચવાથી મારી દીકરી બગડી જશે, આખા અમેરિકાની દીકરીઓ બગડી જશે, એવી ધા એણે ડિસ્ટ્રિક્ટ ઍટર્ની પાસે નાખી. તેણે કાગળિયાં મોકલ્યાં 'ધ ન્યૂ યૉર્ક સોસાયટી ફૉર ધ પ્રિવેન્શન ઑફ વાઇસ'ના સેક્રેટરી જોહન સનરને. વૉશિંગ્ટન સ્ક્વૅરની એક બુકશૉપમાંથી

સનરભાઈએ 'ધ લિટલ રિવ્યૂ'નો એ અંક ખરીદીને વાંચ્યો અને તાબડતોબ તેણે યુલિસિસ ઉપર અશ્લીલતાનો આરોપ મૂક્યો.

હજી ક્વિનભાઈના મનમાં આશા હતી કે 'યુલિસિસ' અમેરિકામાં પુસ્તકરૂપે પ્રગટ થાય તો તેમાંથી સારું કમાવાય. એટલે તેણે તંત્રી એન્ડરસન વતી કેસ લડવાનું કબૂલ્યું. સનરે પોતાની અરજીમાં કહેલું કે આ લખાણ એટલું તો અશ્લીલ, બીભત્સ, હીન લાગણીને ઉત્તેજનારું, ગંદું, ગોબરું અને ઊબકા આવે એવું છે કે તેમાંની સામગ્રીનું વર્ણન કૉર્ટમાં કરવું એ પણ સુરુચિનો ભંગ કર્યા બરાબર ગણાય. જો કે ન્યાયાધીશ જેમ્સ કોરીગને અંકમાંનો 'યુલિસિસ'નો હપ્તો જાતે વાંચ્યો તે પછી કેસ સ્પેશિયલ સેશન્સને મોકલ્યો અને તંત્રીને ૨૫ ડૉલરના જામીન પર મુક્ત કરી. છેવટની સુનાવણી ૧૯૨૧ના ફેબ્રુઆરી પર મુલતવી રહી.

પણ આ સુનાવણી શરૂ થાય તે પહેલાં સપ્ટેમ્બર-ડિસેમ્બર ૧૯૨૦ના 'ધ લિટલ રિવ્યૂ'માં 'યુલિસિસ'નો છેલ્લો હપ્તો છપાઈ ગયો. ૧૯૨૧ના ફેબ્રુઆરીની ૧૪મી તારીખે ખટલાની સુનાવણી શરૂ થઈ ત્યારે ન્યૂ યૉર્કનાં છાપાંઓએ તેને ખૂબ ચગાવી. અમેરિકાના અને અમેરિકા બહારના કેટલાય લેખકો આ ખટલાના ચુકાદાની આતુરતાથી રાહ જોતા હતા. ત્રણ જજની અદાલતે ક્વિનની બધી દલીલોનો અસ્વીકાર કર્યો. બચાવમાં ક્વિને એવી હાસ્યાસ્પદ દલીલ પણ કરેલી કે જેમ્સ જૉયૂસની આંખે ઝામરનો રોગ છે. એટલે એ પોતે શું લખ્યું છે તે વાંચી શકતો નથી ! ઝામરનો રોગ જૉયૂસને લગભગ નાનપણથી હતો અને તેને વાંચવા લખવામાં તકલીફ પડતી હતી એ સાચું ; પણ તેથી કાંઈ તે પોતાના લખાણની જવાબદારીમાંથી છટકી જઈ શકે નહીં, એમ કહેતાં અદાલતે ચુકાદો 'યુસિલિસ' વિરુદ્ધમાં આપ્યો અને 'ધ લિટલ રિવ્યૂ'ના તંત્રીને પચાસ ડૉલરનો દંડ કર્યો. ત્યારથી અમેરિકામાં 'યુસિલિસ'ના પ્રકાશન પર પ્રતિબંધ અમલમાં આવ્યો.

જેમ્સ જૉયૂસની એક વિચિત્ર ટેવે પણ 'યુસિલિસ'નો મામલો વધુ ગૂંચવવામાં ભાગ ભજવ્યો. તે પોતે હાથે લખાણ લખતો અને પછી શિખાઉ ટાઈપિસ્ટોને તે ટાઈપ કરવા આપતો. આ ટાઈપિસ્ટો પોતે અનેક ભૂલો ઉમેરતા. દરેક પ્રકરણની ત્રણ નકલ નીકળતી – એક મૂળ અને બે કાર્બન નકલ. આમાંની એક નકલ પોતાની પાસે રાખી જૉયૂસ તેમાં સુધારાવધારા, કાપકૂપ, ફેરફાર વગેરે કરતો; પણ બે કાર્બન નકલો તો તેમાં કશું કર્યા વગર મિત્રોને વાંચવા આપી દેતો. ક્યારેક યાદદાસ્તને

આધારે તે પાછળથી કાર્બન કૉપીમાં પણ થોડાક સુધારા કરતો. છતાં ઘણાં પ્રકરણની કાર્બન કૉપીઓ તેને હાથે એડિટ થયા વગરની જ રહી ગઈ. પાછળથી જૉય્સ પોતે આ બધી જંજાળથી થાક્યો. વળી આંખની નબળાઈ પણ વધતી જતી હતી. એટલે તેણે જુદી જુદી નકલો વચ્ચે એકસૂત્રતા સાધવાનો પ્રયાસ જ પડતો મૂક્યો.

અમેરિકન પ્રકાશકે તો 'યુલિસિસ' પુસ્તકરૂપે પ્રગટ કરવાની દરખાસ્ત પાછી ખેંચી લીધી હતી. એટલે પોતાની હસ્તપ્રતનું થોથું લઈને જૉય્સ ૧૯૨૦માં પહોંચ્યો પેરિસ. જોકે પેરિસમાં પણ કોઈ હરિનો લાલ મળી જશે એવી ઝાઝી આશા એને નહોતી. પણ નસીબ પાધરાં તે સિલ્વિયા બીચ નામની એક અમેરિકન બાઈ મળી ગઈ. 'શેક્સપિયર ઍન્ડ કંપની' નામે નાની એવી પ્રકાશન સંસ્થા ચલાવતી. દુકાન અને લર્નિંગ લાઇબ્રેરી પણ ચલાવતી. તેણે 'યુલિસિસ' છાપવાની તૈયારી બતાવી. જૉય્સે હા પાડી ત્યારે સિલ્વિયાને પોતાને નવાઈ લાગેલી. પણ તેણે તરત જ 'યુલિસિસ' પ્રગટ કરવાની જાહેરાત કરતું ફરફરિયું છપાવી નાખ્યું. જૉય્સે કહ્યું કે 'ધ લિટલ રિવ્યૂ'માં જે સંહિતા છપાયેલી તે પુસ્તકરૂપે છપાય એ અંગે તે પોતે રાજી નહોતો. તેણે પોતાની પાસેની એક કાર્બન કૉપી સિલ્વિયાને આપી. પુસ્તક છપાવા માંડ્યું અને પ્રૂફ તપાસાવા માટે જૉય્સ પાસે જવા લાગ્યાં. જૉય્સે તેમાં ઉમેરા કરવાનું શરૂ કર્યું. મૂળ સંહિતામાં ત્રીજા ભાગ જેટલું નવું મૅટર ઉમેરાયું, લગભગ એક લાખ શબ્દો નવા ઉમેરાયા. આ નવું મૅટર સમાવવા માટે કંપોઝ, પેજ છોડવાં પડતાં, ફરી ગોઠવવાં પડતાં. તેમાં વળી પેરિસના એક છાપખાનાના ટાઈપસેટરો અંગ્રેજી ભાષા જાણતા નહોતા. એટલે ભૂલો અને છબરડા ઉમેરાતાં ગયાં. સિલ્વિયાએ પોતે પાછળથી કબૂલ કરેલું કે પુસ્તકમાં પાના દીઠ એકથી છ જેટલી ભૂલો રહી ગઈ છે. વળી સિલ્વિયાની આવૃત્તિ પ્રગટ થાય તે પહેલાં જ હેરિયટ વીવર નામની એક બીજી પ્રકાશકે પણ 'યુસિલિસ' પ્રગટ કરવાની જાહેરાત કરી. તેની પાસે પણ 'યુસિલિસ'ની એક કાર્બન કૉપી હતી એટલે તેણે જાહેરાત કરી કે પોતાની આવૃત્તિ મૂળ લખાણ પ્રમાણેની હશે. આ બધાથી બીચ ભડકી. જોકે હેરિયટે છેવટે તેની સાથે સમાધાન કરી લીધું. ૧૯૨૨માં હેરિયટે ઇગોઈસ્ટ પ્રેસના નામે લંડનથી પોતાની આવૃત્તિ પ્રગટ કરી. આ આવૃત્તિની ૨,૦૦૦ નકલ હાથ બનાવટના કાગળ પર છાપી હતી. હેરિયટના મનમાં જૉય્સ માટે કુમળી લાગણી હતી. અને તેણે પોતાના

વીલમાં વારસાનો ઠીક ઠીક ભાગ જૉયસને આપવા લખેલું. તેણે ઍડવાન્સ તરીકે ૨૦૦ પાઉન્ડ જૉયસને મોકલેલા. આ આવૃત્તિ પણ પેરિસમાં છપાયેલી. સિલ્વિયાવાળી આવૃત્તિ જે છાપખાનામાં છપાયેલી તે જ છાપખાનામાં હેરિયટની આવૃત્તિ પણ છપાઈ એટલું જ નહીં, સિલ્વિયા માટે બનાવેલી પ્લેટો જ તે છાપવામાં વપરાયેલી. જો કે અંતે આઠ પાનાનું શુદ્ધિપત્રક ઉમેરાયું. જેમાં લગભગ ૨૦૦ જેટલી છાપભૂલો સુધારી લેવામાં આવી. વળી સિલ્વિયાવાળી આવૃત્તિનું આ પુનર્મુદ્રણ છે એ હકીકત પણ તેમાં સ્વીકારવામાં આવી. આ આવૃત્તિની જ ૫૦૦ નકલ અમેરિકા મોકલાયેલી, 'ધ કમ્પ્લીટ વર્ક્સ ઑફ શેક્સપિયર'ના નામે. અમેરિકન કસ્ટમ ઑફિસરે જપ્ત કરેલી તે આ જ નકલો. એ પાંચસો નકલની ખાધ પૂરી કરવા માટે ૧૯૨૩માં એ જ આવૃત્તિની ૫૦૦ વધારાની નકલો પણ છપાયેલી. પણ જ્યારે આ ૫૦૦ નકલો છાપ્યા પછી પેરિસથી ઇંગ્લૅન્ડ પહોંચી ત્યારે બ્રિટિશ કસ્ટમ્સ વિભાગે તે જપ્ત કરી અને ૪૯૭ નકલનો બાળીને નાશ કરવામાં આવ્યો (ત્રણ નકલ કાયદા પ્રમાણે જાળવી રાખવામાં આવેલી).

ઈંગ્લૅન્ડ-અમેરિકામાં 'યુલિસિસ' પર પ્રતિબંધ મુકાયો હતો એટલે કૉપીરાઈટના કાયદા હેઠળ તેને રક્ષણ મળવામાં મુશ્કેલી ઊભી થઈ. સેમ્યુઅલ રોથ નામના પ્રકાશકે એક કરતાં વધુ વાર 'યુલિસિસ'ની પાઈરેટેડ આવૃત્તિઓ છાપી. ૧૯૨૫માં તેણે આ નવલકથા 'વર્ક ઇન પ્રોગ્રેસ' નામે છાપેલી અને ૧૯૨૬-૨૭માં તેણે પોતાના 'ટુ વર્લ્ડસ' નામના મૅગેઝિનમાં પુષ્કળ કાપકૂપ સાથે આખી નવલકથા ચૌદ હપ્તામાં છાપેલી. પોતે કાપકૂપ કરેલ આ હપ્તા તેણે પછી બે ભાગમાં પુસ્તક રૂપે પ્રગટ કરેલા. શેક્સપિયર ઍન્ડ કંપનીની પહેલી આવૃત્તિનું અનધિકૃત પુનર્મુદ્રણ પણ તેણે પ્રગટ કરેલું. યુલિસિસ'ના આવા અનધિકૃત પ્રકાશન સામે ૧૬૭ આંતરરાષ્ટ્રીય લેખકો અને કલાકારોએ પત્ર લખીને વિરોધ પ્રગટ કરેલો જે 'ટ્રાન્ઝિશન' નામના મૅગેઝિનમાં છપાયેલો. ૧૯૨૮ના ડિસેમ્બરની ૨૭મી તારીખે 'યુલિસિસ'ના અનધિકૃત પ્રકાશન સામે અમેરિકન અદાલતનો મનાઈ હુકમ પણ મેળવવામાં આવ્યો, પણ ત્યાં સુધીમાં તો ઘણું મોડું થઈ ગયું હતું. રોથભાઈએ કમાવું હતું એટલું કમાઈને પ્રકાશનનો ધંધો જ બંધ કરી દીધેલો !

હેરિયટ વીવર પાસે 'યુલિસિસ'ની એક કાર્બન કૉપી હતી તે આપણે અગાઉ જોયું. છતાં કોણ જાણે કેમ ૧૯૨૨માં તેણે જે આવૃત્તિ

છાપી તેને માટે પોતાની પાસેની કાર્બન કૉપીનો ઉપયોગ ન કરતાં તેણે સિલ્વિયાની આવૃત્તિ માટેની પ્લેટો જ પોતાની આવૃત્તિ માટે વાપરેલી એ પણ આપણે જોયું. પણ પછી તેને લાગ્યું કે પોતાની પાસે જે કાર્બન કૉપી હતી તે સૌથી વધુ 'શુદ્ધ' હતી એટલે તેને આધારે નવી પ્લેટો બનાવડાવી તેણે ૧૯૩૨માં હેમબર્ગથી 'ઓડિસી પ્રેસ'ના નામ હેઠળ એ આવૃત્તિ પ્રગટ કરી. આ આવૃત્તિ માટે લખેલી નોંધમાં ખુદ જેમ્સ જૉયસે પણ જણાવ્યું કે આ આવૃત્તિને યુલિસિસની શુદ્ધ અને પ્રમાણભૂત આવૃત્તિ ગણવી, કારણ મારી વિનંતીને માન આપીને સ્ટુઅર્ટ ગિલ્બર્ટે તેનું યોગ્ય સંપાદન કરી આપ્યું છે. ગિલ્બર્ટે પણ પોતાની લાંબી પ્રસ્તાવનામાં આ આવૃત્તિની વાચના જ અધિકૃત છે, એમ પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો. જેમ્સ જૉયસના ઘણા અભ્યાસીઓ પણ માને છે કે આ આવૃત્તિ સૌથી વધુ 'શુદ્ધ' છે. જો કે પહેલી વાર કેટલાક મુદ્રણ દોષો રહી ગયેલા જે પછીનાં પુનર્મુદ્રણોમાં સુધારી લેવામાં આવેલા. કહેવાય છે કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હેમબર્ગ પર બૉમ્બમારો થયો તેમાં આ પ્લેટો નાશ પામી.

૧૯૨૨ના ડિસેમ્બરમાં અમેરિકન બંદરે કસ્ટમ અધિકારીએ 'યુલિસિસ'ની ૫૦૦ નકલો જપ્ત કરેલી. ૧૯૩૩માં રેન્ડમ હાઉસ નામના પ્રકાશકે પ્રતિબંધ સામે અદાલતમાં પડકાર ફેંક્યો. ૧૯૩૩ના ડિસેમ્બરમાં આખરે તેના પરનો પ્રતિબંધ ઊઠાવી લેવામાં આવ્યો. આમ પૂરાં અગિયાર વર્ષ જેમ્સ જૉયસની 'યુલિસિસ'ને અમેરિકામાં કાયદેસરનો પ્રવેશ મળ્યો નહોતો. ૧૯૩૪ના આરંભમાં જ રેન્ડમ હાઉસે 'યુલિસિસ'ની પહેલી અમેરિકન આવૃત્તિ પ્રગટ કરી. તેમાં બે પુસ્તકને જોડવામાં આવ્યાં. પ્રતિબંધ ઉઠાવી લેવાની માગણી કરતાં કેસમાં રેન્ડમ હાઉસનો કેસ લડનાર વકીલ મોરિસ અર્નસ્ટે એક પ્રસ્તાવના લખી હતી અને બીજી પ્રસ્તાવના તરીકે યુ. એસ. ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ જહૉન વુલ્સેનો ચુકાદો શબ્દશઃ છાપવામાં આવ્યો હતો, જેમાં તેણે નિર્ણય આપ્યો હતો કે 'યુલિસિસ' અશ્લીલ નથી અને માટે તેના પરનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે છે. જો કે કમનસીબે રેન્ડમ હાઉસે જે આવૃત્તિ છાપી તે ૧૯૨૯ની અમેરિકન પાઈરેટેડ એડિશનને આધારે છાપેલી એટલે તેમાં ઘણી ભૂલો રહી ગયેલી.

૧૯૩૫માં ન્યૂ યૉર્કની 'ધ લિમિટેડ એડિશન્સ ક્લબે' બહાર પાડેલી આવૃત્તિ અનેક રીતે વિશિષ્ટ હતી. તેમાં સ્ટુઅર્ટ ગિલ્બર્ટની પ્રસ્તાવના

ઉપરાંત હેન્રી માતિસે નામના પ્રખ્યાત ચિત્રકારનાં ચિત્રો પણ આમેજ કરવામાં આવ્યાં હતાં. પુસ્તકની માત્ર ૧,૫૦૦ નકલો છપાયેલી અને પ્રત્યેક નકલ પર ચિત્રકારે પોતાની સહી કરી હતી. ૨૫૦ નકલ પર જેમ્સ જૉયૂસે પોતે પણ સહી કરી હતી. પુસ્તક માટે માતિસેએ છ કૉપર પ્લેટ ઇચિંગ્ઝ અને વીસ ફોટોગ્રેવુયર ચિત્રો તૈયાર કર્યાં હતાં. પોતાની ટૂંકી પ્રસ્તવાનામાં માતિસેએ કહેલું કે પોતે આ ચિત્રોનો સમાવેશ પોતાનાં સર્વોત્તમ ચિત્રોમાં કરે છે. ક્લબના મેમ્બરો માટે જ મર્યાદિત એવી આ આવૃત્તિની એક નકલની કિંમત દસ ડૉલર હતી અને જેમ્સ જૉયૂસની સહીવાળી નકલ જોઈએ તો તેના પંદર ડૉલર. આજે આ ભાવ વધુ ન લાગે, પણ આ છેક ૧૯૩૫ની વાત છે; એ યાદ રહે. ૧૯૩૬માં લંડનના જ્હૉન લેને પણ માત્ર એક હજાર નકલની જ ખાસ આવૃત્તિ બહાર પાડેલી જેમાંની માત્ર એકસો નકલ પર જેમ્સ જૉયૂસે સહી કરેલી.

૧૯૯૨ના જાન્યુઆરીની તેરમી તારીખે જેમ્સ જૉયૂસના અવસાનને પચાસ વર્ષ પૂરાં થયાં અને એ સાથે તેનાં લખાણોના કૉપીરાઈટનો અંત આવ્યો. એ વખતે ઘણા પ્રકાશકોએ 'યુલિસિસ'ની નવી સંશોધિત-સંવર્ધિત આવૃત્તિ પ્રગટ કરેલી. તેમનો મુખ્ય ઈરાદો એ હતો કે પોતાની આવૃત્તિને 'નવી' કહી શકાય અને એ રીતે તેના પર બીજાં પચાસ વર્ષ માટે કૉપીરાઈટનો દાવો કરી શકાય. જો કે હાન્સ વોલ્ટર ગેબ્લરે તો 'નવી' આવૃત્તિ છેક ૧૯૮૪માં જ પ્રગટ કરી દીધેલી. તેને નામ આપ્યું 'યુલિસિસ: અ ક્રિટિકલ એન્ડ સિનોપ્ટિક એડિશન'. 'યુલિસિસ'ની જેટલી મળી તેટલી હસ્તપ્રતો, ટાઈપ કરેલી નકલો, સુધારેલાં પ્રૂફ, ભુલાઈ ગયેલી આવૃત્તિઓ વગેરેનો અભ્યાસ કરીને તેણે 'પ્રમાણભૂત' વાચના તૈયાર કરી. તેણે પણ દાવો કર્યો કે જુદી જુદી નકલોમાં જે તફાવત જોવા મળે છે તે જૉયૂસના ઝામરના રોગને કારણે છે. જેમ્સ જૉયૂસના ઘણા પ્રતિષ્ઠિત વિવેચકોએ તેની આવૃત્તિને 'પ્રમાણભૂત' તરીકે સ્વીકારી એટલું જ નહીં, જૉયૂસના વારસદારોએ પણ તેને ટેકો આપ્યો અને ૧૯૮૬માં આ આવૃત્તિ પર નવેસરથી પોતાનો કૉપીરાઈટ નોંધાવ્યો. ૧૯૮૮માં જ્હૉન કિડ નામના વિવેચકનો આ આવૃત્તિની આકરી ટીકા કરતો લેખ 'ધ ન્યૂ યોર્ક રિવ્યૂ ઑફ બુક્સ'માં પ્રગટ થયો. તેણે ગેબ્લરની અનેક ભૂલો બતાવી. ઓછામાં ઓછી ૪૦૦ જગ્યાએ ગેબ્લરે બિનજરૂરી 'સુધારા' કર્યા હતા અને તેથી જૉયૂસનું મૂળ લખાણ બગડ્યું હતું, તેમ તેણે જણાવ્યું. ધીમે ધીમે બીજા વિવેચકો પણ ગેબ્લરની નવી આવૃત્તિનો

અસ્વીકાર કરતા થયા.

૧૯૯૧થી પેંગ્વિને પોતાની આવૃત્તિ પરથી 'ધ કરેક્ટેડ ટેક્સ્ટ' એ શબ્દો દૂર કર્યા. બોસ્ટન યુનિવર્સિટીએ જેમ્સ જૉય્સ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરીને જૉય્સની સમગ્ર કૃતિઓ સાત ભાગમાં પ્રગટ કરવા માટે સાડા ત્રણ લાખ ડૉલરની જોગવાઈ કરી હતી. પણ આજ સુધી તેના તરફથી 'યુલિસિસ'ની કોઈ 'નવી' આવૃત્તિ પ્રગટ થઈ નથી. તેના ડિરેક્ટર જ્હૉન કિડનું કહેવું-છે કે કૉપીરાઇટના કાયદાની મુશ્કેલીને કારણે આ વિલંબ થઈ રહ્યો છે.

તો આ છે વીસમી સદીની સર્વોત્તમ નવલકથાના પ્રકાશનનો ભાતીગળ ઇતિહાસ.

●

૩૭. એક જ દિવસની વાત
મિસિસ ડેલોવે /વર્જિનિયા વુલ્ફ

'જો કોઈ પણ સ્ત્રી નવલકથાઓ લખવા માગતી હોય તો તેની પાસે પૂરતા પૈસા હોવા જોઈએ અને હોવો જોઈએ પોતાનો અલાયદો ઓરડો.' - આ શબ્દો છે બ્રિટિશ સાહિત્યમાં આધુનિકતાની અને નારીવાદની અધિષ્ઠાત્રી મનાતી વર્જિનિયા વુલ્ફના. સ્કૂલનો દરવાજો ક્યારેય જોયો નહોતો. ઘરે રહીને પિતા પાસે ભણી તે ભણી. પણ પિતાની સમૃદ્ધ લાઇબ્રેરી આખી ઉથલાવી નાખેલી. માનસિક રીતે સતત ત્રસ્ત રહેતી, પણ ગજબની મહેનતુ. દિવસના દસ-બાર કલાક લખી શકતી. ૫૯ વર્ષની જિંદગીમાં નિબંધો અને અવલોકનોનાં પાંચ પુસ્તક લખ્યાં, બે જીવનકથા લખી, ડાયરીના અંશો પુસ્તકરૂપે પ્રગટ કર્યા, એક વાર્તાસંગ્રહ આપ્યો અને નવ નવલકથા લખી. થોડાં વર્ષો જેની પુષ્કળ બોલબાલા રહી તે બ્લૂમ્સબરી ગ્રૂપ નામના લેખકોના અનૌપચારિક જૂથ સાથે ગાઢ રીતે સંકળાયેલી રહી. ઇ. એમ. ફોર્સ્ટર અને લિટન સ્ટ્રેચી જેવા લેખકો પણ આ જૂથના સભ્યો હતા. ૧૯૧૭માં વર્જિનિયા અને તેના પતિ લિઓનાર્ડ વુલ્ફે હાથે ચલાવાય અને રસોડાના ટેબલ પર સમાઈ જાય એવું નાનું છાપખાનું ખરીદ્યું - પોતાનાં પુસ્તકો છાપવા માટે. પણ પછી હોગાર્થ પ્રેસ નામથી એમણે બ્રિટિશ સાહિત્યના કેટલાક અગ્રગણ્ય લેખકોનાં પુસ્તકો પણ પ્રગટ કર્યાં - ટી. એસ. એલિયટ, ઇ. એમ. ફોર્સ્ટર, કૅથેરાઇન મેન્સફિલ્ડ. આ ઉપરાંત સિગમંડ ફ્રૉઇડનાં સમગ્ર લખાણોનો અનુવાદ ૨૪ ભાગમાં પ્રગટ કર્યો, તૉલ્સતોય અને ચેખવના અનુવાદો પ્રગટ કર્યા.

૧૮૮૨ના જાન્યુઆરીની ૨૫મી તારીખે લંડનમાં જન્મેલી વર્જિનિયાને પુસ્તકો સાથેનો ઘરોબો માતાપિતા પાસેથી વારસામાં મળેલો. માતા જૂલિયા જેક્સન ડકવર્થનું કુટુંબ ડકવર્થ પબ્લિશિંગ નામે પુસ્તક પ્રકાશનનો વ્યવસાય કરતું. પિતા સર લેસ્લી સ્ટીફન હતા વિવેચક

અને ડિક્શનરી ઑફ નૅશનલ બાયોગ્રાફીના સ્થાપક - સંપાદક. મેરીડિથ, હેન્રી જેમ્સ, ટેનિસન, મેથ્યુ આર્નલ્ડ, જ્યૉર્જ એલિયટ વગેરે જાણીતા લેખકો તેમના મિત્રો. ઘરમાં આ મિત્રોની સતત અવરજવર. એટલે નાનપણથી જ વર્જિનિયાએ એમની વાતો સાંભળેલી. સાવકા ભાઈ ગેરાલ્ડ ડકવર્થે બાળપણનાં વર્ષોમાં વર્જિનિયા સાથે જાતીય છૂટછાટ લીધી અને વીસેક વર્ષની થઈ ત્યાં સુધી તેણે મૂંગે મોઢે એ સહી લીધી. પણ તેને પરિણામે વર્જિનિયાના મનમાં સ્ત્રી સ્વાતંત્ર્યની ગાંઠ બંધાઈ. ૧૮૯૫માં માતા જૂલિયાનું અવસાન થયા પછી વર્જિનિયા પર ગાંડપણનો હુમલો આવ્યો. ૧૯૦૪માં ભાઈ થોબી સ્ટીફનના અવસાન પછી ત્રીજો હુમલો. પણ દર વખતે સારવાર પછી સાજી થઈ જતી. ૧૯૧૨માં લિઓનાર્ડ વુલ્ફ સાથે લગ્ન કર્યાં. ૧૯૧૩માં ફરી ગાંડપણનો હુમલો. ત્યારે આપઘાત કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. ૧૯૧૫માં ફરી હુમલો. વર્જિનિયાને બાળકો ગમતાં બહુ, પણ તેને બાળક ન થવું જોઈએ એવો અભિપ્રાય ડૉકટરોએ આપેલો. એટલે વર્જિનિયાનું મન પરોવાયેલું રહે તે ખાતર પતિએ છાપખાનું અને પ્રકાશન સંસ્થા શરૂ કર્યાં. પોતાના પર વારંવાર થતા ગાંડપણના હુમલાને કારણે પતિ, સંબંધીઓ, મિત્રોને ઘણું વેઠવું પડતું તે વર્જિનિયાને કઠ્યા કરતું. ૧૯૪૧માં ફરી ગાંડપણનો હુમલો આવશે એમ લાગ્યું. પોતાના ડ્રેસનાં ખિસ્સાં પથરાથી ભરી દીધાં વર્જિનિયાએ. અને ઘર પાસે વહેતી ઓસ નદીમાં ડૂબી જઈને આપઘાત કર્યો, ૧૯૪૧ના માર્ચની ૨૮મી તારીખે.

૧૯૨૫માં પ્રગટ થયેલી 'મિસિસ ડેલોવે'થી વર્જિનિયાએ બ્રિટિશ નવલકથામાં નવી ભોંય ભાંગી. અગાઉની બ્રિટિશ નવલકથાઓ કરતાં તેની લખાવટ, ભાષા, રજૂઆત, બધું અલગ હતું. પ્રસંગોની ભરમારવાળી આ કથા નથી, બલ્કે કથા કહી શકાય તેવું બહું ઓછું છે તેમાં. આમ જુઓ તો નાયિકા ક્લેરિસા ડેલોવેના જીવનના એક જ દિવસની વાત છે અહીં. અલબત્ત, કથાનો તંતુ વારંવાર ગઈકાલ - આજ - ગઈકાલને સાંકળતો રહે છે. ક્લેરિસા પૈસાદાર છે, 'આજનો લહાવો લિજિયે, કાલ કોણે દીઠી છે લોલ' એમ માનવાવાળી છે. ઘરમાં વારંવાર મિજબાની યોજવાની શોખીન છે. લોકોને હળવું મળવું ગમે છે, પણ મનનો કોક ખૂણો સાવ ખાલી રહી ગયો છે એમ લાગ્યા કરે છે એને. પતિ રિચર્ડ ક્લેરિસાને ચાહે છે તો ખરો, પણ પોતાના પ્રેમને પ્રગટ કરવાનું તેને ફાવતું નથી. સરકારી ચાકર છે એટલે સભા - સમિતિઓમાં હાજર રહેવામાં વ્યસ્ત રહે છે.

એના વિચારો સ્પષ્ટ, ગમે તેવી પરિસ્થિતિ પર કાબૂ મેળવી લે, પ્રાણીઓ પ્રત્યે ઊંડો પ્રેમ. એના આ ગુણોથી જ તો ક્લેરિસા તેના તરફ આકર્ષાયેલી. આ બંનેની દીકરી એલિઝાબેથ છે જરા ભીને વાન, પણ છે રૂપનો કટકો. કંઈ કેટલાયે જુવાનો તેની પાછળ મરી પડે, પણ કોઈને દાદ દે નહીં. માની મિજબાનીઓમાં હાજર રહેવાને બદલે પિતા અને તેમના કૂતરા સાથે ગામડામાં રખડવાનું વધુ પસંદ કરે.

ક્લેરિસા અને રિચર્ડનાં લગ્ન થયાં તે પહેલાં ક્લેરિસાના પ્રેમમાં પડ્યો હતો પીટર વૉલ્શ. પણ પછી હિન્દુસ્તાન ગયો, પરણ્યો, છૂટાછેડા લીધા, ફરી પ્રેમમાં પડ્યો. જે દિવસની વાત છે નવલકથામાં, તે દિવસે તે લંડન પાછો આવી ક્લેરિસાને મળવા આવે છે. પોતાને ન પરણીને ક્લેરિસાએ મોટી ભૂલ કરી છે એમ માને છે અને બીજાને કહે પણ છે. પાર્ટીઓમાં જવું તેને બહુ ગમતું તો નથી, પણ ક્લેરિસાને મળાય, તેની સાથે વાત થાય એટલા ખાતર પાર્ટીમાં પહેલેથી છેલ્લે સુધી હાજર રહે છે. લ્યૂસી અને મિસિસ વૉકર એ બે નોકરાણીઓ છે ક્લેરિસાના ઘરની. એમના થકી જ તો ઘર ચાલે છે, ને છાશવારે મિજબાનીઓ ગોઠવાય છે.

જુવાનીમાં સેલી સેટન ક્લેરિસાની ખાસ સખી હતી. ગરીબ ઘરની હતી, એટલે ક્લેરિસાની સાથે રહેતી. દાધારંગી હતી. સિગાર પીતી, બધાં કપડાં કાઢીને ઘરમાં ફરતી. પણ પછી નસીબ આડેનું પાંદડું ફર્યું. લોર્ડ રોઝેટર સાથે પરણી સેલી સેટનમાંથી લેડી રોઝેટર બની. પૈસા અને મોભા સાથે ઠસ્સો આવ્યો. હ્યુજ વ્હાઇટબ્રેડનું મુખ્ય કામ છે લંડન ટાઇમ્સને પત્રો લખ્યા કરવાનું. પત્રલેખક તરીકે પ્રતિષ્ઠાય મળી છે. ક્યારેક કોઈ સમિતિમાં નિમાય છે, ક્યારેક રાજમહેલમાં આંટોફેરો મારવા પણ મળે છે. નાનાં- મોટાં દાન પણ આપે છે. આ બધા દ્વારા પોતે દેશની સેવા કરે છે એમ માને છે તે. દીકરી એલિઝાબેથને ઇતિહાસ ભણાવવા રિચર્ડે મિસ ક્લિમેનને શિક્ષિકા તરીકે રાખી છે, પણ તેને અને ક્લેરિસાને બનતું નથી. સામ્યવાદી વિચારો ધરાવતી ક્લિમૅન ક્લેરિસા જેવી દેખાડો કરનારી બાઈઓને ધિક્કારે છે. બૉન્ડ સ્ટ્રીટ પર આવેલી ફૂલોની દુકાનમાં કામ કરતી મિસ પ્યામ વધુ પડતી નમ્ર અને સાલસ છે. પહેલા વિશ્વયુદ્ધ પહેલાં સેપ્ટિમસ સ્મિથ એક સફળ લેખક હતો પણ પછી લશ્કરમાં જોડાયો. માનચાંદ મળ્યાં, પણ મનમાંથી બધી લાગણીઓ હણાઈ ગઈ. ચિત્તભ્રમ જેવી દશામાં બારીમાંથી કૂદી આપઘાત કરે છે. તેની પત્ની લ્યૂક્રેઝિયા છે, પતિને સાજો કરવા મથે છે, પણ ફાવતી નથી. લેડી બ્રૂટનને રિચર્ડ સાથે

બને છે, પણ ક્લેરિસા સાથે નહીં. ક્લેરિસાની પાર્ટીમાં તેની સગી, ગરીબ ઘરની ગભરુ એલિ હેન્ડર્સન પણ આવી છે અને ઇંગ્લૅન્ડના વડાપ્રધાન પણ આવી જાય છે, થોડીવાર માટે અને પછી –

પહેલા વિશ્વયુદ્ધના અંત પછીનો જૂન મહિનો. મિસિસ ડેલોવે સવારના પહોરમાં ફૂલો ખરીદવા નીકળી છે, સાંજે ઘરમાં મોટી પાર્ટી છેને, એટલે. પણ ઘરમાં બે-બે નોકરાણી છે કડેધડે, પછી બાઈસાહેબે પોતે કેમ નીકળવું પડ્યું બજારમાં ? સાંજની પાર્ટીનું તો કેટલું કામ છે નોકરાણીઓને માથે ! મનગમતાં ફૂલો ખરીદાય, અને જરા પગ છૂટો થાય. રસ્તામાં પેલો વ્હાઈટબ્રેડ મળી ગયો. સામે ચાલીને કહે કે રાતે પાર્ટીમાં આવવાનો છું હોં ! પણ ક્લેરિસાનું ધ્યાન ત્યાં ક્યાં હતું ? એ તો યાદ કરી રહી હતી પુરાણા પ્રેમી પીટરને. એક બાજુથી થતું હતું કે પીટરને ના પાડી તે સારું જ કર્યું. તેની સાથે સુખી થઈ શકત નહીં. પણ બીજી બાજુથી જીવ ચચરતો હતો પીટર માટે : બચારાનું મોઢું કેવું પડી ગયું હતું, મેં ના પાડી ત્યારે! ચાલતાં ચાલતાં બૉન્ડ સ્ટ્રીટ આવી. ક્લેરિસાને આ રસ્તો બહુ ગમતો. પણ તેની દીકરી એલિઝાબેથને ગમતો નહીં. એને તો પેલી માસ્તરાણી ક્લિમૅન ગમતી! ફૂલોની દુકાનમાં દાખલ થઈ ક્લેરિસા. તેને જોઈને દુકાનવાળી બાઈએ વિચાર્યું : હવે ક્લેરિસાની ઉંમર થઈ દેખાય છે. બરાબર એ જ વખતે બહાર રસ્તા પર શોરબકોર થયો. શું થયું ? કંઈ નહીં, એ તો કોઈ મોટા માણસની મોટર પસાર થઈ. મોટર જોઈને ક્લેરિસા આભી જં બની ગઈ – જાણે જાદુનો ખેલ જોયો ન હોય ! બકિંગહામ પૅલેસના દરવાજા પાસે લોકોની ભીડ જામી હતી. આકાશમાં એક નાનું ઍરોપ્લેન ઊડતું હતું અને રંગીન ધુમાડા વડે અક્ષરો લખી સંદેશા આપતું હતું. લોકો આ કૌતુક જોઈ રહ્યા હતા.

રિજન્ટ પાર્કમાં સેપ્ટીમસ અને તેની પત્ની રેઝિયા ફરી રહ્યાં હતાં. પણ રેઝિયા વ્યગ્ર હતી. ડૉક્ટર તો કહે છે કે સેપ્ટીમસ સાજો સારો છે. તો પછી કેમ તે આવી રીતે વર્તે છે ? મેસી જૉનસન નામની એક છોકરી સબવે સ્ટેશનનો રસ્તો પૂછવા સેપ્ટીમસ પાસે આવી, પણ પછી સેપ્ટીમસની બિહામણી આંખો જોઈ પૂછ્યા વગર જ ત્યાંથી ભાગી. આકાશમાં ઊડતા પ્લેનમાં એવું તે શું જોવા જેવું છે એમ વિચારતી ક્લેરિસા ઘરે પાછી આવી. હાશ, હવે બધું જાણીતું. માંદી પડી ત્યારથી જે ઓરડામાં રહેતી હતી તે ઓરડામાં ગઈ. ક્લેરિસાના પતિ રિચર્ડ અને

લેડી બ્રુટોનને બપોરે જમવાનું નોતરું હતું. પણ ક્લેરિસાને નહીં ! જાણી જોઈને મારું અપમાન. તેને સેલી સેટન નામની બહેનપણી યાદ આવી. માબાપને ત્યાં વધુ પડતાં લાડકોડમાં ઊછરી હતી ક્લેરિસા. દુનિયાદારી એટલે શું, પુરુષો સ્ત્રીને કેવી નજરે જુએ છે, એ બધું ક્લેરિસાને સમજાવ્યું હતું સેલીએ. થોડીવારે સાંજે પહેરવાનો ડ્રેસ ઠીકઠાક કરવા તે નીચેના ઓરડામાં જઈને બેઠી. અચાનક બારણું ખૂલ્યું અને પીટર વૉલ્શ દાખલ થયો. પીટરને લાગ્યું કે હવે ક્લેરિસાની ઉંમર દેખાય છે અને રિચર્ડને પરણ્યા પછી ઘણી બદલાઈ પણ ગઈ છે. પીટરે કહ્યું કે હું ઈન્ડિયા ગયો હતો ત્યાં એક છોકરીના પ્રેમમાં પડ્યો છું. એટલે મારી વહુને છૂટાછેડા આપવા લંડન આવ્યો છું. આટલું કહી પીટર એકાએક રડવા લાગ્યો. ક્લેરિસાએ તેને સાંત્વન આપી શાંત પાડ્યો. પીટરે એકાએક પૂછ્યું : 'રિચર્ડને પરણીને તું સુખી છો ?' સારું થયું કે એ જ વખતે એલિઝાબેથ ઓરડામાં આવી પહોંચી. એલિઝાબેથને લટક સલામ કરી, ક્લેરિસાને 'આવજો' કહીને પીટર ત્યાંથી ભાગ્યો.

પીટરને ક્લેરિસાની પાર્ટીઓ ક્યારેય ગમતી નહીં. બધું બહુ કૃત્રિમ ને ઉપરછલ્લું લાગતું. ક્લેરિસાને ઘરે હું નાહકનો લાગણીશીલ થઈ ગયો, તેણે વિચાર્યું. યુનિફોર્મ પહેરેલા કેટલાક સૈનિકો પીટરની બાજુમાંથી પસાર થયા. થોડી વાર પીટર તેમની પાછળ પાછળ ચાલ્યો. ઘણે વર્ષે જાણે પોતાની જુવાની પાછી આવી હોય તેમ લાગ્યું પીટરને. એક યુવાન સ્ત્રી રસ્તા પરથી પસાર થઈ. પીટરને ગમી. તેની પાછળ ચાલ્યો. પણ પછી તે ભીડમાં ખોવાઈ ગઈ. પીટર રિજન્ટ પાર્કમાં જઈ બેઠો. લંડન માટે ગર્વ અનુભવવા લાગ્યો. પણ ક્લેરિસાને મળીને ભૂતકાળના વિચારો મનમાં ભરાઈ ગયા હતા તે કેમે નીકળતા નહોતા. બાજુમાં એક સૂતેલા બાળકને લઈને આયા બેઠી હતી. પીટરે વિચાર્યું કે એલિઝાબેથને ક્લેરિસા સાથે બહુ બનતું નહોતું. સીગાર કાઢીને પીધી અને પછી પીટરને ઝોકું આવી ગયું. સપનામાં તેને ક્લેરિસા દેખાઈ, બંને પ્રેમ કરતાં ત્યારે દેખાતી તેવી. એક દિવસ બંને વચ્ચે ઝઘડો થયો. ક્લેરિસા રૂઠીને ચાલી ગઈ. સપનું જોયા પછી પીટર વધુ ગમગીન થઈ ગયો. બાકીનો દિવસ અહીં તહીં રખડી પૂરો કર્યો. છેવટે રાત પડી એટલે ક્લેરિસાને ત્યાં પાર્ટીમાં ગયો. ત્યારે ક્લેરિસા રિચર્ડ નામના એક પુરુષ સાથે વાત કરતી હતી. પીટર અગાઉ ક્લેરિસાના પતિને મળ્યો નહોતો પણ રિચર્ડને જોતાવેંત પીટરને લાગ્યું કે આ

જ ક્લેરિસાનો પતિ હોવો જોઈએ. જમણ પૂરું થયા પછી ક્લેરિસાએ પતિ રિચર્ડ અને પીટરની પરસ્પર ઓળખાણ કરાવી. પણ પીટરની વર્તણૂક ઉદ્ધત હતી. પછી બધાંએ બોટિંગ કરવાનું ઠરાવ્યું. ક્લેરિસા પીટરને શોધવા હાંફળી ફાંફળી દોડવા લાગી. આ જોઈ પીટરને આનંદ થયો. ઉત્સાહમાં આવીને પીટર ક્લેરિસાને ગમે તેવા સવાલ પૂછવા લાગ્યો. ક્લેરિસાની ધીરજ ખૂટી.

સેપ્ટીમસે જોયું કે રેઝિયાની આંગળી પર લગ્નની વીંટી નહોતી. સેપ્ટીમસ સમજી ગયો કે હવે લગ્નજીવન લાંબુ નહીં ચાલે. રેઝિયાએ કહ્યું કે વીંટી મોટી પડતી હતી એટલે કાઢી નાખી હતી. પણ સેપ્ટીમસને લાગ્યું કે આ માત્ર બહાનું હતું. રેઝિયાએ કહ્યું : ઘણું મોડું થયું છે. ચાલ, ઘરે જઈએ. સેપ્ટીમસ વધુ ને વધુ બેબાકળો થતો જતો હતો. પીટર હવે સેલી સેટન વિશે વિચારતો હતો. અચાનક પૈસાદાર પુરુષને પરણી ગઈ અને. લેડી રોઝેટર બની ગઈ રાતોરાત.! ત્યાં જ ફરી ક્લેરિસા દેખાઈ. પીટરે પોતાની જાતને કહ્યું: હવે ક્લેરિસા માટે પ્રેમ-બેમ નહીં હોં ! સમાજમાં માન-મોભો મેળવવાને વધુ પડતું મહત્ત્વ આપતી હતી ક્લેરિસા. સારું થયું, ન પરણ્યાં અમે. ઘણી મુશ્કેલી ઊભી થાત.

સબવે સ્ટેશનમાં કોઈ માગણ બાઈ બેસૂરા આવાજે ગીત ગાતી હતી તેનો અવાજ ચારે બાજુ ફેલાતો હતો. એ ભિખારણને જોઈને રેઝિયાને લાગ્યું કે છેવટે બધાં સારાંવાનાં થઈ રહેશે. તેણે બાજુમાં ચાલતા સેપ્ટીમસ સામે જોયું. પછી વિચાર્યું : એમ કાંઈ ગાંડા જેવો નથી લાગતો હોં ! યુવાનીમાં સેપ્ટીમસ એક છોકરીના પ્રેમમાં પડેલો. છોકરીએ તેને શેક્સપિયરનાં પુસ્તકો વાંચવા આપેલાં. પહેલા વિશ્વયુદ્ધમાં લડવા ગયો ત્યારે સેપ્ટીમસ માનતો હતો કે તે શેક્સપિયરને બચાવવા માટે લડી રહ્યો છે. લડત દરમિયાન ઉપરી ઈવાન્સ દોસ્ત જેવો બની ગયેલો. પણ લડાઈ પૂરી થઈ તે પહેલાં ઈવાન્સ મરાયો. પણ સેપ્ટીમસને તેનું જરાય દુઃખ ન થયું. પણ પછી તેને ખ્યાલ આવ્યો કે પોતે સાવ લાગણીશૂન્ય બની ગયો છે. ગભરાટમાં ને ગભરાટમાં રેઝિયા સાથે પરણી નાખ્યું. રેઝિયાને બાળક જોઈતું હતું. પણ લગ્નનાં પાંચ વર્ષ પછીય તેનો ખોળો ભરાયો નહોતો. ડૉક્ટર હોમ્સથી તો સેપ્ટીમસ આઘો જ ભાગતો. રેઝિયાને તે સમજાતું નહીં. ડૉક્ટર બ્રાડશોને મળ્યાં. સેપ્ટીમસને જોતાં જ બ્રાડશો સમજી ગયો કે તે હતાશાની ઊંડી ગર્તામાં ગબડી પડ્યો છે. તેણે સલાહ આપી કે શહેર છોડી થોડો વખત ગામડામાં રહેવાથી ફાયદો થશે. પણ

સેપ્ટીમસને બ્રાડશો પણ હોમ્સ જેવો જ લાગ્યો. બંને ડૉક્ટરો નાલાયક છે. એમનાથી તો દૂર જ રહેવું સારું, સેપ્ટીમસે વિચાર્યું.

હગ હતો આછકલો અને ઉપરછલ્લો, પણ ઘણાં વર્ષોથી અમીર ઉમરાવો સાથે ઊઠવા-બેસવાનો તેને સંબંધ હતો. જો કે લેડી બ્રુટનને હગ કરતાં રિચર્ડ ડેલોવે સાથે વધારે બનતું. જો કે આજે તેણે બંનેને બપોરના ભોજન માટે બોલાવ્યા હતા કારણ બંનેની મદદની તેને જરૂર હતી. ભોજનમાં ભાતભાતની વાનગીઓ પીરસવામાં આવી હતી. રિચર્ડ લેડી બ્રુટન માટે ઘણો આદર ધરાવતો હતો. જો કે લેડીસાહેબાને માણસો કરતાં રાજકારણમાં વધુ રસ હતો. લેડીસાહેબાએ એકાએક પીટર વૉલ્શની વાત કાઢી. પછી તેમણે કૅનેડામાં વસવાટ કરવાનો મુદ્દો છેડ્યો. આ અંગે રિચર્ડ સલાહ આપે અને હગ લંડન ટાઇમ્સમાં પત્રો લખે એમ તેમણે સૂચવ્યું. ભોજન પછી વિદાય લેતી વખતે રિચર્ડે પૂછ્યું: 'લેડીસાહેબા, રાતે ક્લેરિસાની પાર્ટીમાં પધારશોને ?' 'બનશે તો આવીશ'. લેડી બ્રુટનને પાર્ટીઓમાં જવું બહુ ગમતું નહીં. લેડીસાહેબાને ઘરેથી નીકળ્યા પછી રિચર્ડ અને હગ રસ્તાના વળાંક આગળ ઊભા રહ્યા. પછી બંને એક દુકાનમાં ગયા. રિચર્ડે ક્લેરિસા માટે ફૂલો ખરીદ્યાં અને પછી તે ઘરે દોડ્યો. જતાં જતાં તે મનમાં વિચારતો હતો: હું તને ખૂબ ચાહુ છું એમ ક્લેરિસાને કહેવું જોઈએ મારે.

ક્લેરિસાને તેની સગી એલી દીઠે ગમતી નહીં પણ શિષ્ટાચાર ખાતર તેણે એલીને પાર્ટીનું આમંત્રમ આપ્યું હતું. ત્યાં તો રિચર્ડ ફૂલો લઈને આવી પહોંચ્યો. તે કશું બોલ્યો નહીં. પણ ક્લેરિસા તેની લાગણી સમજી શકી. પીટર આવ્યો હતો એ વાત ક્લેરિસાએ પતિ રિચર્ડને કરી એટલું જ નહીં , એમ પણ કહ્યું કે પીટરને પરણી હોત તો હું દુઃખીના દાળિયા થઈ ગઈ હોત. રિચર્ડે ક્લેરિસાનો હાથ પોતાના હાથમાં લઈને પંપાળ્યો. પછી એકાએક તેને યાદ આવ્યું એટલે એક સમિતિની બેઠકમાં હાજરી આપવા તે દોડ્યો. પીટર અને રિચર્ડ બંનેને પોતાની પાર્ટીઓ પ્રત્યે અણગમો હતો એથી ક્લેરિસા મનમાં દુભાતી હતી. પણ તે માનતી હતી કે આવી પાર્ટીઓ એ સમાજને અપાતી ભેટ છે. એટલે પાર્ટીઓ આપ્યા વગર તે રહી શકતી નહીં.

ક્લેરિસાની દીકરી એલિઝાબેથ અને તેની શિક્ષિકા ક્લિમૅન ઓરડામાં આવ્યાં. બંને બહાર જતાં હતાં. મિસ ક્લિમૅનને ક્લેરિસા સાથે બનતું નહીં. ક્લેરિસાને પણ ક્લિમૅન દીઠી ગમતી નહીં. તેને લાગતું કે

ક્લિમૅન એલિઝાબેથ અને મારી વચ્ચે આડખીલીરૂપ હતી. 'અમે જઈએ છીએ' એટલું કહીને બંનેએ તરત ચાલતી પકડી. ક્લેરિસાએ લગભગ બૂમ પાડીઃ 'એલિઝાબેથ, રાતની પાર્ટી માટે ટાઈમસર આવી જજે'. એકલી પડેલી ક્લેરિસા પ્રેમ અને ધર્મ વિશે વિચારે ચડી. બાજુના ઘરની બારીમાં ઊભેલી એક ઘરડી બાઈ તેની નજરે પડી. ક્લેરિસા તેની સામે તાકી રહી. એકાએક પેલી બાઈ બારી આગળથી ખસીને ઓરડામાં ગઈ. ક્લેરિસાને લાગ્યું કે કોઈએ ઘંટડી વગાડી હતી. એટલે તે બારણું ખોલવા ગઈ હતી.

શૉપિંગ થઈ ગયા પછી મિસ ક્લિમૅને એલિઝાબેથને કહ્યું : 'ચાલ, ક્યાંક નિરાંતે બેસીને ચા પીએ. ચા પીતાં પીતાં બંનેએ ઘણાં ગપ્પાં માર્યાં. વાતવાતમાં મા-દીકરી વચ્ચેની તિરાડ વધુ મોટી થાય તેવો પ્રયત્ન ક્લિમૅને કર્યો. બિલ ચૂકવીને એલિઝાબેથે ચાલતી પકડી. મિસ ક્લિમૅન થોડીવાર અન્યમનસ્ક બનીને એકલી બેસી રહી. પછી ચર્ચમાં જઈ ઘૂંટણિયે પડી તેણે પ્રાર્થના કરી. એલિઝાબેથને એકલાં એકલાં શહેરમાં ફરવું ગમતું. એટલે તે એક બસમાં બેસી ગઈ. તેને લાગ્યું કે જિંદગીમાં કશુંક બદલાઈ રહ્યું છે. હવે પુરુષો તેની તરફ તાકીને જોઈ રહેતા. જો કે આવું કરતા પુરુષો તેને ઘેલા લાગતા. થોડીવારે તેણે બીજી ટિકિટ કઢાવી જેથી તે બસની મુસાફરી ચાલુ રાખી શકે. પછી તે પોતાના ભવિષ્ય અંગેના વિચારો કરવા લાગીઃ 'હું કાં ડૉક્ટર થઈશ, કાં ખેતી કરીશ'.

બારીની બહાર જોઈને સેપ્ટીમસ હસ્યો. તેને જે વિચારો આવતા તે રેઝિયા લખી લે એવો આગ્રહ તે ઘણીવાર રાખતો. છેલ્લા થોડા વખતથી તે સત્ય વિશે અને યુદ્ધમાં મરાયેલા મિત્ર ઈવાન્સ વિશે બબડ્યા કરતો. એ તો શેતાનનો બચ્ચો છે એમ કહી ડૉક્ટર હોમ્સને ગાળો ભાંડતો. આજે રેઝિયા એક હૅટ સીવતી બેઠી હતી અને સેપ્ટીમસ તેની સાથે વાતો કરી રહ્યો હતો. હૅટ પર કેવી ડિઝાઇન ભરવી જોઈએ તે સેપ્ટીમસે સૂચવ્યું. રેઝિયા એ પ્રમાણેની ડિઝાઇન ભરવા લાગી. પણ પછી વાતો કરતાં કરતાં ધીમે ધીમે સેપ્ટીમસની ડાગળી ચસકવા લાગી. રેઝિયાએ તેને પૂછ્યું કે 'હૅટ કેવી લાગે છે ' ત્યારે કશો જવાબ આપ્યા વગર તે શૂન્યમનસ્ક બનીને તાકી રહ્યો. સેપ્ટીમસને યાદ આવ્યું કે ડૉક્ટર બ્રાડશોએ કહેલું કે તમારે પતિ-પત્નીએ થોડો વખત જુદાં રહેવું પડશે. પોતાનાં જે લખાણો સેપ્ટીમસ વારંવાર વાંચ્યા કરતો તે બાળી નાખવાનું

પણ ડૉક્ટરે કહેલું. પણ રેઝિયાએ સધિયારો આપેલો : આપણે છૂટાંય નહીં પડીએ અને તારાં લખાણો હું બાળી પણ નહીં નાખું. એ જ વખતે ડૉક્ટર હોમ્સ આવી પહોંચ્યા, તેઓ સેપ્ટીમસને મળે નહીં એ હેતુથી તેમને રોકવા રેઝિયા દોડી. પણ રેઝિયાને ધક્કો મારી, બાજુએ ખસેડી ડૉક્ટર ઓરડામાં આવ્યા. સેપ્ટીમસે વિચાર્યું: 'ગમે તે ભોગે મારે આ ડૉક્ટરથી છૂટકારો મેળવવો જ પડશે' -તેણે જરીકવાર વિચાર કર્યો. ભાગવાનો બીજો કોઈ રસ્તો દેખાયો નહીં એટલે સેપ્ટીમસે બારીમાંથી પડતું મૂક્યું અને તેના રામ રમી ગયા.

બાજુમાંથી પસાર થતી એમ્બ્યુલન્સ જોઈને પીટરને થયું : 'માણસો કેવા સુસંસ્કૃત બની ગયા છે !' પછી થયું: 'આ સાલું બૈરાંઓના લફરાંમાંથી છૂટવું જોઈએ. ક્લેરિસા સાથે એક વાર બસમાં બેઠાં બેઠાં કરેલી વાતો પીટરને યાદ આવવા લાગી. ક્લેરિસાએ કહેલું : 'હું જ્યાં જાઉં ત્યાં મારી થોડી જાત પાછળ મૂકતી જાઉં છું. એ રીતે હું મોતને હંફાવું છું.' તેની વાત સાવ ખોટી નહોતી. આજ સુધી ક્લેરિસાનો એક હિસ્સો મારી સાથે રહ્યો જ છેને ! પીટરે વિચાર્યું. હોટેલ પહોંચ્યો ત્યારે પીટરને એક કાગળ મળ્યો. ક્લેરિસાએ લખ્યો હતો. એ વાંચતાં વાંચતાં પીટર પોતાને હિન્દુસ્તાનમાં મળેલી તે ડેઈઝીને યાદ કરવા લાગ્યો. પછી પીટરે પાર્ટીમાં જવાનું નક્કી કર્યું. ક્લેરિસાને ઘરે પહોંચ્યો ત્યારે પીટર ઉદ્વેગથી હાંફતો હતો. ખિસ્સામાંના ચાકુને તેના હાથ રમાડી રહ્યા હતા. દરેક મહેમાનને ક્લેરિસા આવકારતી હતી. પીટર દૂરથી ક્લેરિસાને જોઈ રહ્યો. એલી થોડે દૂર ખૂણામાં ઊભી હતી. રિચર્ડે કહેવા ખાતર 'હેલો' કહ્યું પીટરને. ત્યાં તો લેડી રોઝેટર આવી પહોંચ્યાં, વડાપ્રધાન પોતે પણ આવ્યા. ક્લેરિસા તેમની આગતાસ્વાગતામાં પડી. લેડી બ્રુટેન વડાપ્રધાન સાથે વાતે વળગી. 'હવે પહેલાં જેવી મજા નથી આવતી પાર્ટીઓમાં' ક્લેરિસા વિચારતી હતી. પીટર સાથે વાત કરવી હતી પણ તક જ નહોતી મળતી. ડૉક્ટર બ્રેડશો અને તેમની પત્ની પાર્ટીમાં આવ્યાં અને એક યુવકે કરેલા આપઘાતની વાતો રસપૂર્વક કરવા લાગ્યાં, ક્લેરિસા એક ઓરડામાં જઈને એકલી બેસીને એ યુવક વિશે વિચારવા લાગી. એવું તે શું દુઃખ પડ્યું હશે એને ? બાજુના મકાનની બારીમાં ઊભેલી બાઈ ફરી ક્લેરિસાની નજરે પડી. હવે એ સૂવાની તૈયારી કરતી હતી. ચાલો, સેપ્ટીમસે આપઘાત કર્યો એ એક રીતે જોતાં ઠીક જ થયું. ક્લેરિસાએ વિચાર્યું. અને પછી ફરી પાર્ટીમાં આવેલાં મહેમાનો સાથે વાતો કરવા

લાગી. પીટર ક્લેરિસાને શોધવા ફાંફાં મારી રહ્યો હતો. લેડી રોઝેટર અને પીટર એકબીજા વિશે વિચારતાં હતાં. બંનેને લાગ્યું : એલિઝાબેથ ક્લેરિસા કરતાં સાવ જુદી હતી. દીકરી હવે મોટી થઈ ગઈ હોય તેવી લાગે છે - રિચર્ડે એલિઝાબેથને જોઈને વિચાર્યું. ઘણાખરા મહેમાનો વિદાય લઈ ચૂક્યા હતા. લેડી રોઝેટર રિચર્ડ સાથે વાત કરવા ઊભી થઈ. પીટરના મનમાં એકાએક ઉત્સાહ ઊભરાઈ આવ્યો. છેવટે તેણે ક્લેરિસાને આવતી જોઈ.

બસ, નવલકથા અહીં પૂરી થાય છે. ચોવીસ કલાકમાં આમ જુઓ તો ખાસ કશું નથી બનતું, આમ જુઓ તો ઘણું બને છે. ઘટનાપ્રધાન નહીં તેવી આ નવલકથા પરથી ૧૯૭૭માં ફિલ્મ બની હતી.

●

૩૮. અલવિદા, યુદ્ધને અને પ્રેમિકાને
અ ફેરવેલ ટુ આર્મ્સ/ અર્નેસ્ટ હેમિંગ્વે

'વાર્તાઓ તો અનેક હોય છે, પણ હરકોઈ વાર્તાનો અંત તો એક જ હોય છે. - મૃત્યુ.' આમ કહેનાર અમેરિકન નવલકથાકાર અર્નેસ્ટ હેમિંગ્વેની નવલકથા 'અ ફેરવેલ ટુ આર્મ્સ'નો અંત તો મૃત્યુમાં જ આવે છે. પણ તેમાં લેખકે જે વાત કહી છે તે તો છે માણસજાતના યુદ્ધ માટેના પ્રેમની અને એક સૈનિક દ્વારા પોતાના પ્રેમને ખાતર ખેલાતા યુદ્ધ સામેના યુદ્ધની. શું પ્રેમમાં કે શું મૃત્યુ સામેના યુદ્ધમાં, માણસની નિષ્ફળતા તો અવશ્યંભાવિ છે, પણ એનો અર્થ એ નહીં કે માણસે સફળતા માટે પ્રયત્ન જ ન કરવો. 'અ ફેરવેલ ટુ આર્મ્સ' આવા જ એક પ્રયત્નની કથા છે. ફ્રેડરિક હેન્રી અને કેથેરાઈન બાર્કલે એ બે આ નવલકથામાં મુખ્ય પાત્રો છે. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન ઇટલીમાં લશ્કરના એમ્બ્યુલન્સ વિભાગમાં કામ કરતો અમેરિકન ફ્રેડરિક પોતાના જીવનમાં આધારરૂપ બની શકે તેવા કોઈ સત્યની ખોજમાં છે. તેની સાથે જ યુવાન, દેખાવડી બ્રિટિશ કેથેરાઇન પણ લશ્કરમાં કામ કરે છે, નર્સ તરીકે. આ ઉપરાંત લશ્કરમાં સર્જન તરીકે કામ કરતો ફ્રેડરિકનો મિત્ર ઇટાલિયન રિનાલ્ડિ, લશ્કર સાથે જ સંકળાયેલો ઇટાલિયન પાદરી, કાઉન્ટ ગ્રેફી વગેરે પણ આ કથાનાં મહત્ત્વનાં પાત્રો છે.

આલ્પ્સ પર્વત પરનો બરફ પીગળે અને ઑસ્ટ્રિયનો પર આક્રમણ કરી શકાય એની રાહ જોઈને બેઠેલા ઇટાલિયન સૈનિકો શરાબ અને સુંદરીના સેવનમાં દિવસો વિતાવી રહ્યા છે. પેલા પાદરીની ઠઠ્ઠામશ્કરી કરવી એ આ સૈનિકોનો બીજો એક શોખ છે. રાહ જોઈ જોઈને કંટાળેલો ફ્રેડરિક રજા પર ઊતરી જાય છે અને ઇટલીમાં અહીં તહીં ભટકતો સૂરા અને સુંદરીમાં ખોવાઈ જાય છે. થોડા દિવસ પછી લશ્કરી ફરજ પર પાછો હાજર થાય છે ત્યારે તેની મુલાકાત કેથેરાઈન સાથે થાય છે. પહેલાં તો ફ્રેડરિક તેને માત્ર એક કામ્યા અને ભોગ્યા સ્ત્રી તરીકે જ જુએ છે, પણ

એક બે મુલાકાતમાં જ કેથેરાઈન બંને વચ્ચેના ભાવિ પ્રેમની આગાહી કરે છે. જે યુવક સાથે કેથેરાઇનનાં લગ્ન થવાનાં હતાં તે યુદ્ધમાં મરાયો હતો એટલે પહેલાં તો ફ્રેડરિક માની લે છે કે આ આઘાતથી કેથેરાઇનનું જરા ચસકી ગયું છે. એટલે આવી પ્રેમ-બેમની લવારી કરે છે. આજ સુધી તો ફ્રેડરિક કોઈ પણ સ્ત્રીને માત્ર શૈયાસુખનું સાધન જ માનતો હતો, પણ કોણ જાણે કેમ પહેલી વાર, કેથેરાઇન સાથે ન હોય ત્યારે, પોતે એકલો-અટૂલો છે એમ તેને લાગવા માંડે છે. પણ કેથેરાઇન સાથેની મુલાકાત પછી એકાદ અઠવાડિયામાં જ ફ્રેડરિકને યુદ્ધને મોરચે જવાનો આદેશ મળે છે. રણમેદાનમાં ગયેલો ફ્રેડરિક ગંભીર રીતે ઘવાય છે, બીજા એક સૈનિકની સાથે. બંનેને એક જ એમ્બ્યુલન્સમાં હૉસ્પિટલ લઈ જવામાં આવે છે પણ રસ્તામાં જ બીજા સૈનિકનું મૃત્યુ થાય છે. હૉસ્પિટલમાં સર્જન મિત્ર રિનાલ્ડિ અને પાદરી તેને મળવા આવે છે. કામનો માર્ગ છોડીને પ્રભુ પ્રેમનો અને તે શક્ય ન હોય તો સ્ત્રી માટેના સાચા પ્રેમનો માર્ગ અપનાવવાનો પાદરી ફ્રેડરિકને ઉપદેશ આપે છે. થોડા દિવસ પછી વધુ સારવાર માટે ફ્રેડરિકને મિલાનની મોટી હૉસ્પિટલમાં મોકલવામાં આવે છે. ત્યાં ફરી નર્સ કેથેરાઇન સાથે તેનું મિલન થાય છે. બંનેને એકમેક માટેના સાચા પ્રેમની પ્રતીતિ થાય છે અને એક રાતે ફ્રેડરિકના હૉસ્પિટલના બિછાનામાં જ બંને દેહસંબંધ બાંધે છે. હૉસ્પિટલના લાંબા વસવાટ દરમિયાન ફ્રેડરિક લગ્નની દરખાસ્ત મૂકે છે. પણ કેથેરાઇન કહે છે કે, 'હવે વિધિની શી જરૂર છે? આપણે ખાનગીમાં જ પરણી ચૂક્યાં છીએ. હું કોઈ ધરમમાં માનતી હોત તો મારે માટે લગ્નવિધિનું મહત્ત્વ હોત, પણ હું તો કોઈ ધરમબરમમાં માનતી નથી.

સાજો થયા પછી ફ્રેડરિક ફરી રણમોરચે જવાનો હોય છે તે પહેલાં કેથેરાઇન તેને કહે છે કે, 'હું તારા બાળકની મા બનવાની છું.' 'બંનેને બાળક જોઈએ છે પણ પોતાની ગેરહાજરીમાં કેથેરાઇનને કે તેના બાળકને કાંઈ રજાકજા થાય તો શું, એવો ફ્રેડરિકને ડર છે. પણ કેથેરાઇન કહે છે કે સૌ સારાંવાનાં થઈ રહેશે અને તું નચિંત મને લડાઈમાં જા. ફ્રેડરિક મોરચા પર પહોંચે છે પણ દુશ્મનની તાકાત સામે ઇટાલિયન લશ્કરને ધીમે ધીમે પીછેહઠ કરવાની ફરજ પડે છે. પછી તો જર્મન સૈનિકોનાં ધાડાં ધસી આવે છે અને ઇટાલિયન સૈનિકો, ખેડૂતો, ગ્રામવાસીઓ સૌ જીવ બચાવવા ભાગે છે. ફ્રેડરિકના સાથીઓ એક પછી એક લશ્કર છોડીને ભાગે છે, પણ લશ્કરને વળગી રહેલા ફ્રેડરિકને ભાગેડુ

માનીને એક પુલ પર ઇટાલિયન પોલીસ પકડે છે. પણ તેની ઊલટતપાસ શરૂ થાય તે પહેલાં પોલીસના હાથમાંથી છટકીને ફ્રેડરિક નદીમાં કૂદી પડે છે. સામે પાર પહોંચીને તે પોતાનો યુનિફૉર્મ ફગાવી દે છે અને હથિયાર ને યુદ્ધને 'અલવિદા' કહી દે છે – ફેરવેલ ટુ આર્મ્સ.

મિલાન પહોંચેલા ફ્રેડરિકને કેથેરાઇન મળતી નથી, પણ તેની ભાળ કાઢી ફ્રેડરિક તેને શોધી કાઢે છે. બંને એક હોટેલમાં થોડા દિવસ આનંદથી રહે છે. પ્રેમમાં જેવું સુખ મળે છે તેવું બીજે ક્યાંય નથી મળતું એની પ્રતીતિ બંનેને થાય છે પણ એક દિવસ હોટેલનો માલિક ફ્રેડરિકને ચેતવે છે કે ભાગેડુ સૈનિકોની ભાળ કાઢવા નીકળેલી પોલીસ ગામમાં આવી છે ને ગમે ત્યારે તને પકડી લેશે. વરસાદ અને વાવાઝોડાભરી એ સાંજે બંને પ્રેમીઓ હોડીમાં બેસી સ્વિટ્ઝરલૅન્ડ ભાગી છૂટે છે. ત્યાં ફરી બંને આનંદભર્યા દિવસો વિતાવે છે. પણ પાછી પ્રસૂતિનો સમય આવી પહોંચે છે. ડૉક્ટર કહે છે કે સિઝેરિયન ઑપરેશન કરવું પડશે. કરે છે, પણ મરેલું બાળક અવતરે છે. કેથેરાઇન પણ જીવનમરણ વચ્ચે ઝોલાં ખાય છે. તેને બચાવવા ફ્રેડરિક જીવનમાં પહેલીવાર પ્રાર્થના કરવા ચર્ચમાં જાય છે. પણ પાછો ફરે છે ત્યારે કેથેરાઇન છેલ્લા શ્વાસ લઈ રહી છે. છેલ્લું આલિંગન આપવા લંબાયેલા કેથેરાઇનના હાથ ફ્રેડરિકને વીંટળાઈ વળે તે પહેલાં તો તે નિશ્ચેતન થઈને ઢળી પડે છે અને પ્રિયતમાના એ લંબાયેલા હાથને – આર્મ્સને – 'અલવિદા' કહીને, ફેરવેલ કહીને, ફ્રેડરિક વરસતા વરસાદમાં પોતાની હોટેલ તરફ ચાલવા લાગે છે – એકલો ને અટૂલો.

હેમિંગ્વેએ ઇટાલિયન લશ્કરમાં પહેલાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર તરીકે અને પાછી ઇન્ફન્ટ્રી ઑફિસર તરીકે રણમોરચે કામ કર્યું હતું અને યુદ્ધ દરમિયાન ફ્રેડરિકની જેમ જ હેમિંગ્વે પોતે પણ ગંભીરપણે ઘવાયા હતા. તેમનો યુદ્ધનો આવો નિજી અનુભવ 'અ ફેરવેલ ટુ આર્મ્સ'માં પાને પાને જોવા મળે છે. ૧૯૨૯માં પ્રગટ થયેલી આ નવલકથા પરથી ૧૯૩૨માં ફિલ્મ બની હતી તેમાં ફ્રેડરિકની ભૂમિકા ગેરી કૂપરે અને કેથેરાઇનની ભૂમિકા હેલન હેઝે ભજવી હતી. વ્રજલાલ પારેખે 'શસ્ત્રસંન્યાસ' નામે કરેલો 'અ ફેરવેલ ટુ આર્મ્સ'નો અનુવાદ ૧૯૫૭માં પ્રગટ થયો હતો. ૧૮૯૯ના જુલાઈની ૨૧મી તારીખે સવારે આઠ વાગ્યે અમેરિકાના ઓક પાર્કમાં હેમિંગ્વેનો જન્મ. ૧૯૬૧ના જુલાઈની બીજી તારીખે વહેલી સવારે પોતાની જ બંદૂકમાંથી છૂટેલી ગોળી વડે હેમિંગ્વેનું અવસાન. દુનિયાને 'અલવિદા' કહી તે પણ બંદૂક જેવા હથિયાર –આર્મ વડે જ !

●

૩૯. ૧૨૭ પાનાનું મહાકાવ્ય
ઓલ્ડમૅન ઍન્ડ ધ સી/ અર્નેસ્ટ હેમિંગ્વે

૧૯૬૧ના જુલાઈ મહિનાની બીજી તારીખને રવિવારે વહેલી સવારે પોતાની જ બંદૂકમાંથી છૂટેલી ગોળી વડે અર્નેસ્ટ હેમિંગ્વેનું અવસાન થયું ત્યારે અમેરિકાના પ્રમુખે વ્હાઈટ હાઉસમાંથી, રશિયાના સર્વોચ્ચ નેતાઓએ ક્રેમલીનમાંથી અને નામદાર પોપે વેટીકનમાંથી શોક-સંદેશા મોકલ્યા હતા. કોઈ લેખકના અવસાન પ્રસંગે દુનિયાની બે મહાસત્તાઓએ અને એક પ્રમુખ ધર્મસત્તાએ શોક વ્યક્ત કર્યો હોય એવા બનાવો આજ સુધીમાં ઝાઝા નોંધાયા નથી. રાજકારણ, ભૂગોળ અને ભાષાના સીમાડા વટાવીને હેમિંગ્વેની કીર્તિ તેમની હયાતી દરમિયાન જ પ્રસરી ચૂકી હતી. વ્યક્તિ હેમિંગ્વે તેમ જ લેખક હેમિંગ્વે, બંને દંતકથારૂપ બની ચૂક્યા હતા. સામાન્ય વાચકો અને ઉન્નત ભ્રૂ વિવેચકો, બંનેને સંતોષ આપી શકે તેવી શક્તિ તેમની કૃતિઓમાં હતી. સાહિત્યે હેમિંગ્વેને માત્ર પ્રતિષ્ઠા જ નહોતી અપાવી, પૈસા પણ અપાવ્યા હતા. ૧૯૬૦માં 'સ્પોર્ટ્સ ઈલસ્ટ્રેટેડ' નામના સામયિકે તેમને બે હજાર શબ્દોના લેખનો ત્રીસ હજાર ડૉલર પુરસ્કાર ચૂકવ્યો હતો! જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં હેમિંગ્વેની સ્થિતિ પ્રાણીબાગમાંના હાથી જેવી થઈ ગઈ હતી. ઘણા લોકો તેમને મળવા નહીં, માત્ર જોવા ખાતર જ ક્યૂબા જતા!

૧૮૯૯ના જુલાઈ મહિનાની ૨૧મી તારીખે સવારે આઠ વાગે અમેરિકાના ઈલિનોય રાજ્યના ઓક પાર્કમાં અર્નેસ્ટ હેમિંગ્વેનો જન્મ થયેલો, ૩૩૯ ઓક પાર્ક એવન્યૂ ખાતે તેમના દાદાએ બાંધેલા મકાનમાં. પિતા ડૉ. ક્લેરન્સ અને માતા ગ્રેસને કુલ છ બાળકો હતાં. તેમાં અર્નેસ્ટ તેમનું બીજું સંતાન. અર્નેસ્ટને ચાર બહેનો અને એક ભાઈ. અત્યંત ભાતીગળ જીવન જીવ્યા. માત્ર એક વર્ષની ઉંમરે પિતા સાથે શિકારનો અને માછીમારીનો પહેલો અનુભવ લીધો. ૧૯૧૩માં ઓક પાર્ક ઍન્ડ રિવર ફૉરેસ્ટ હાઈસ્કૂલમાં ભણતા હતા ત્યારથી જ તેમનામાં પત્રકાર -

લેખકનાં લક્ષણ પ્રગટ થવા લાગ્યાં. ૧૯૧૭માં 'કેનસાસ સિટી સ્ટાર' નામના છાપામાં ખબરપત્રી તરીકે જોડાયા. પણ ત્યાં સાત-આઠ મહિના કામ કર્યા પછી ૧૯૧૮ના મેની ૨૩મીએ રેડક્રૉસની એમ્બ્યુલન્સના ડ્રાઈવર તરીકે કામ કરવા માટે યુરોપ જવા નીકળ્યા. સૈનિકોને ચૉકલેટ અને સિગારેટ વહેંચવાનું કામ કરતાં હતા તે દરમિયાન જુલાઈની આઠમીએ ગંભીર રીતે ઘવાયા. હૉસ્પિટલમાં સારવાર લેતાં એક નર્સના પ્રેમમાં પડ્યા પણ નર્સે લગ્નનો પ્રસ્તાવ ઠુકરાવ્યો. અમેરિકા પાછા આવી ૧૯૨૦માં હેડલી રિચાર્ડસન સાથે પહેલું લગ્ન કર્યું. લગ્ન પછી બંને પેરિસ ગયાં. જ્યાં એઝરા પાઉન્ડ અને ગર્ટ્રુડ સ્ટેન પાસે હેમિંગ્વે લેખનના પહેલા પાઠ શીખ્યા. ૧૯૨૭માં હેડલીએ છૂટાછેડા લીધા અને એ જ વર્ષે હેમિંગ્વે પોલિનાને પરણ્યા. ૧૯૨૮માં અર્નેસ્ટ હેમિંગ્વેના પિતાએ પોતાની જ રિવોલ્વર વડે આપઘાત કર્યો.

૧૯૩૦માં અર્નેસ્ટ મોટર અકસ્માતમાં ઘવાયા અને હાથ ભાંગ્યો. સ્પેનિશ આંતરવિગ્રહ દરમિયાન ૧૯૩૭માં યુદ્ધભૂમિ પર જઈ ખબરપત્રી તરીકે કામ કર્યું. ૧૯૪૦માં ત્રીજું લગ્ન કર્યું માર્થા સાથે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પોતાની હોડીમાં બેસી કેરિબિયન સમુદ્રમાં રશિયન સબમરિન શોધવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યા પછી ૧૯૪૪માં ખબરપત્રી તરીકે પેરિસની મુક્તિના સાક્ષી બન્યા. ૧૯૪૫માં માર્થાએ છૂટાછેડા લીધા અને બીજે વર્ષે હેમિંગ્વેએ ચોથું લગ્ન કર્યું મેરી સાથે અને બંને ક્યૂબામાં રહેવા લાગ્યાં. ૧૯૫૩માં આફ્રિકાની મુલાકાત દરમિયાન બે વખત પ્લેન ક્રેશમાં સપડાયા, ઘવાયા, પણ બચી ગયા. જો કે એ વખતે કેટલાંક છાપાંએ તેમના અવસાનના ખબર ભૂલથી છાપી નાખેલા. માંદગીને કારણે ૧૯૫૪માં નોબેલ ઇનામ લેવા જાતે ન જઈ શક્યા અને પોતાનું ભાષણ લખીને મોકલાવ્યું. શારીરિક તબિયતની સાથે માનસિક સ્થિતિ પણ બગડતી જતી હતી. મેન્ટલ ડિપ્રેશનમાંથી બહાર આવવા ૧૯૬૧માં શૉક ટ્રીટમેન્ટ પણ લીધી. પણ તેનાથી માનસિક હાલત સુધરવાને બદલે વધુ બગડી અને વધારામાં હેમિંગ્વે સ્મૃતિલોપનો ભોગ બન્યા. તેમનો સ્વભાવ એટલો ડરપોક થઈ ગયો હતો કે કોઈ પણ અજાણી વ્યક્તિમાં તેમને પોતાનો દુશ્મન જ દેખાતો. પોતે આપઘાત કરશે એવી વાત તો ઘણીવાર કરતા પણ ૧૯૬૧ના જુલાઈની બીજી તારીખે સવારે તેમણે આપઘાત કર્યો.

જીવનમાં જે કાંઈ કરવું તેની જવાબદારી પોતે જ લેવી એવી ગાંઠ

વાળીને જીવ્યા. તે એટલે સુધી કે પોતાના જીવનના અંતની જવાબદારી પણ પોતે જ લીધી. પોતાની જ બંદૂકની ગોળીથી આપઘાત કર્યો. સત્ય અંગેનો તેમનો આગ્રહ એટલો દૃઢ હતો કે વાચન - શ્રવણ દ્વારા મળેલી કે બીજાના અનુભવ પર આધારિત માહિતીનો પણ તેઓ પોતાની કૃતિઓમાં ઉપયોગ કરવાનું ટાળતા. પોતાને જેનો જાત અનુભવ હોય તેવી જ વાત કહેવાનું પસંદ કરતા. આનો અર્થ એવો નથી જ કે એક લેખક તરીકે તેઓ કલ્પનાનો આશરો ન લેતા. પણ પોતાની કલ્પનાનું અનુસંધાન પોતાના અનુભવ સાથે સતત જળવાઈ રહે તે અંગે તેઓ સદા સજાગ રહેતા. એક મુલાકાતમાં હેમિંગ્વેને પ્રશ્ન પૂછાયો હતો : 'તમારી નવલકથાઓમાં તમે તમારી જાત વિશે જ લખતા હો છો ?' હેમિંગ્વેએ તેના જવાબમાં સામો પ્રશ્ન પૂછેલો' 'કોઈ પણ લેખક પોતાની જાતને જાણી શકે એના કરતાં બીજા કોઈને વધુ સારી રીતે જાણી શકે ખરો ?' ૧૯૨૩માં હેમિંગ્વેનું પહેલું પુસ્તક 'થ્રી સ્ટોરીઝ ઍન્ડ ટેન પોએમ્સ' પેરિસથી પ્રગટ થયું ત્યારે તેમની ઉંમર હતી ૨૪ વર્ષ. અજાણ્યો લેખક એટલે પ્રકાશકે માત્ર ૩૦૦ નકલ જ છાપેલી. અત્યંત બળકટ ગદ્યમાં કથા લખનાર લેખક તરીકે પ્રસિદ્ધિ મેળવનાર હેમિંગ્વેના પહેલા પુસ્તકમાં ટૂંકી વાર્તાની સાથે દસ કવિતા પણ હતી એથી આજે કદાચ નવાઈ લાગે. બીજું પુસ્તક 'ઇન અવર ટાઇમ્સ' ૧૯૨૫માં ન્યૂ યૉર્કથી પ્રગટ થયું ત્યારે તેની ૧,૩૩૫ નકલ છપાયેલી. પણ અમેરિકન સાહિત્યના આકાશમાં હેમિંગ્વેનો ખરેખરો ઉદય થયો તે તો ૧૯૨૬માં પ્રગટ થયેલી 'ધ સન ઓલ્સો રાઈઝિસ' નામની નવલકથા દ્વારા. આ નવલકથાએ હેમિંગ્વેને એટલી પ્રતિષ્ઠા અપાવી કે ૧૯૨૯માં તેમની બીજી મહત્ત્વની નવલકથા 'અ ફેરવેલ ટુ આર્મ્સ' પ્રગટ થઈ ત્યારે પ્રકાશકે પહેલી આવૃત્તિની ૩૧ હજાર નકલ છાપેલી. પણ નવલકથા એટલી તો લોકપ્રિય થઈ કે તે પ્રગટ થયા પછી માત્ર ચાર જ મહિનામાં તેની લગભગ એંસી હજાર નકલ વેચાઈ ગઈ ! ૧૯૨૬માં 'ધ ટોરન્ટ્સ ઑફ સ્પ્રિંગ' નામનું તેમનું પુસ્તક પણ પ્રગટ થયેલું. ૧૯૨૬માં પ્રગટ થયેલાં બંને પુસ્તકો સ્ક્રીબ્નર્સ નામના પ્રતિષ્ઠિત પ્રકાશકે છાપેલાં અને ત્યારથી હેમિંગ્વેના તમામ પુસ્તકો આ જ પ્રકાશકે પ્રગટ કર્યાં છે. એ પછીનાં દસ વર્ષમાં હેમિંગ્વેએ કેટલાક વાર્તાસંગ્રહો અને બુલફાઇટિંગ વિશેનું પુસ્તક 'ડેથ ઇન ધ આફટરનૂન' પ્રગટ કર્યાં, પણ નવલકથા એકે પ્રગટ ન કરી. ૧૯૪૦ના ઑક્ટોબરની ૨૧મી તારીખે 'ફૉર હુમ ધ બેલ ટોલ્સ' નામની નવલકથાની પહેલી

આવૃત્તિની પ્રકાશકે ૭૫ હજાર નકલ છાપી. પણ ૧૯૪૧ના એપ્રિલની આખરી તારીખ સુધીમાં તેની ૪ લાખ ૯૧ હજાર નકલો વેચાઈ ગઈ હતી અને બીજી પાંચ લાખ ૬૫ હજાર નકલો છપાઈ રહી હતી.

૧૯૫૦ના દાયકામાં સચિત્ર સામયિક 'લાઈફ'ની બોલબાલા હતી. પણ ૧૯૫૨ના સપ્ટેમ્બરના તેના અંકની પચાસ લાખ નકલ વેચાઈ તે હકીકત તેના પ્રકાશકોને માટે પણ કદાચ ધાર્યા બહારની હતી. આ અંકની આટલી બધી નકલો ખપી ગઈ તેનું કારણ હતું, તેમાં સંપૂર્ણપણે પ્રગટ થયેલી હેમિંગ્વેની નવલકથા 'ધ ઓલ્ડ મૅન એન્ડ ધ સી'. લગભગ સાથોસાથ સપ્ટેમ્બરની આઠમીએ આ નવલકથા પુસ્તકાકારે પ્રગટ થઈ, અને જોતજોતામાં તેની પચાસ હજાર નકલ વેચાઈ ગઈ. બીજી કોઈ નવલકથા દ્વારા નહીં કમાયા હોય એટલું આ નવલકથા દ્વારા હેમિંગ્વે કમાયા.

'ધ ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી'ની હસ્તપ્રત પોતાના પ્રકાશકને મોકલતી વખતે સાથેના પત્રમાં હેમિંગ્વેએ લખ્યું હતું કે આ નવલકથા મારા લેખક જીવનની સર્વોત્તમ નીપજ છે એટલું જ નહીં, મારી બધી કૃતિઓ માટે તે ભરતવાક્ય - એપિલૉગની ગરજ સારે તેવી છે. માત્ર ૧૨૭ પાનાંની આ નવલકથાએ હેમિંગ્વેને ૧૯૫૨માં સાહિત્ય માટેનું પુલિત્ઝર ઇનામ મેળવી આપ્યું એટલું જ નહીં, ૧૯૫૪નું સાહિત્ય માટેનું નોબેલ ઇનામ પણ તેમને મળ્યું. વિદેશી નાગરિકને અપાતો સર્વોચ્ચ ઈલકાબ પણ ક્યૂબાની સરકારે હેમિંગ્વેને આપ્યો તે આ નવલકથા પ્રગટ થયા પછી. આ નવલકથાની પહેલી આવૃત્તિની એક - એક નકલ આજે ૧૪૦૦ ડૉલરમાં વેચાય છે !

પણ 'ધ ઓલ્ડમૅન ઍન્ડ ધ સી' પ્રગટ થયા પછી હેમિંગ્વેની સર્જકતામાં ઓટ આવવા લાગી. પોતાનું લખેલું પોતાને જ ન ગમતું એટલે પ્રગટ ન કરતા. ૧૯૬૦માં 'લાઈફ' સામયિકમાં ત્રણ હપ્તે પ્રગટ થયેલ 'ધ ડેન્જરસ સમર' એ હેમિંગ્વેની હયાતીમાં પ્રગટ થયેલી એમની છેલ્લી કૃતિ. એમના અવસાન પછી પ્રગટ થયેલ કૃતિઓમાં 'અ મૂવેબલ ફીસ્ટ', 'ધ ગાર્ડન ઑફ ઈડન' અને 'ટુ ઍટ ફર્સ્ટ સાઈટ' જેવી કૃતિઓનો સમાવેશ થાય છે. માત્ર ૧૨૭ પાનાંની 'ધ ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી'ને નવલકથા કહેવી, લઘુનવલ કહેવી કે લાંબી ટૂંકી વાર્તા કહેવી તેની વિમાસણ ઘણા વિવેચકોએ અનુભવી છે. પણ લંબાઈને ધ્યાનમાં ન લઈએ તો આ કૃતિ મહાકાવ્યની કક્ષાએ

પહોંચતી નવલકથા જ છે. તેમાં પાત્રો છે માત્ર એક આંગળીને વેઢે ગણી શકાય તેટલાં જ. હેમિંગ્વેની નવલકથાની ભાષાની એક લાક્ષણિકતા વિવેચકોએ એ નોંધી છે કે તેમાં ઘણીવાર 'ધ', 'એન', 'અ' જેવા આર્ટિકલ્સનો લોપ થયેલો હોય છે. પણ અહીં, પુસ્તકના નામમાં લેખકે એક નહીં પણ બબ્બે વાર 'ધ' આર્ટિકલ વાપર્યો છે. કોઈ પણ 'ઓલ્ડમૅન' નહીં, પણ અમુક ચોક્કસ ઓલ્ડમૅન - 'ધ ઓલ્ડમૅન', જેનું નામ છે સાન્તિઆગો. તેવી જ રીતે માત્ર 'સી' નહીં પણ 'ધ સી' - અમુક ચોક્કસ દરિયો. પરિણામે નવલકથાનું નામ 'વિક્રમોર્વશીયમ્' કે 'જયા જયંત'ના ગોત્રનું બની ગયું છે. વિક્રમ અને ઉર્વશીની જેમ, જયા અને જયંતની જેમ 'ધ ઓલ્ડમૅન' અને 'ધ સી' આ નવલકથાનાં પ્રમુખ પાત્રો છે. એક નોંધવા જેવી વાત એ છે કે આ નવલકથામાં કોઈ સ્ત્રી પાત્ર ભાગ્યે જ જોવા મળે છે. બુઢ્ઢા માછીમારની ઝૂંપડીની દીવાલ પર ભૂતકાળમાં ક્યારેક તેની મૃત પત્નીનો ફોટો લટકતો હતો, પણ તે જોવાથી એકલતા વધુ મહેસૂસ થતી હતી એટલે ઘણા વખતથી તેણે ફોટો ખીંટી પરથી ઉતારીને અભરાઈ પર મૂકી દીધો હતો. આ એક ઉલ્લેખને બાદ કરતાં આખી કૃતિમાં બીજે ક્યાંય કોઈ સ્ત્રીનો ઉલ્લેખ પણ નથી. સ્કોટ ફિટ્ઝિરાલ્ડે કહેલું કે પ્રત્યેક મહત્ત્વની નવલકથા માટે હેમિંગ્વેને નવી પત્નીની જરૂર પડે છે. હેમિંગ્વેની ત્રણ મુખ્ય નવલકથાઓની નાયિકાઓ અનુક્રમે હેમિંગ્વેની પહેલી ત્રણ પત્નીઓ સાથે સામ્ય ધરાવે છે. પહેલી પત્ની હેડલીનું પ્રતિબિંબ 'ધ સન ઓલસો રાઈઝિસ'ની નાયિકામાં જોઈ શકાય છે. 'અ ફેરવેલ ટુ આર્મ્સ'ની નાયિકા બીજી પત્ની પૉલિના સાથે સામ્ય ધરાવે છે. 'ફૉર હુમ ધ બેલ ટૉલ્સ'ની નાયિકા ત્રીજી પત્ની માર્થાની પ્રતિકૃતિ જેવી છે. હેમિંગ્વેની ચોથી પત્ની મેરીએ હેમિંગ્વેને પ્રમાણમાં લાંબું અને એકંદરે સુખી લગ્નજીવન આપ્યું, પણ એકે નાયિકાના સર્જનની પ્રેરણા આપી લાગતી નથી.'

અને છતાં 'ધ ઓલ્ડમૅન ઍન્ડ ધ સી'ને નાયિકા વગરની નવલકથા કહી શકાય તેમ નથી. ભલે અહીં કોઈ સ્ત્રી નાયિકા ન હોય, પણ આ નવલકથાની નાયિકા છે દરિયો. આપણી ભાષામાં 'દરિયો' માટે સ્ત્રી લિંગનો કોઈ શબ્દ નથી તેથી આ વાત જરા વિચિત્ર લાગે, પણ બુઢ્ઢો માછીમાર અને લેખક બંને દરિયાને સ્ત્રી - બલ્કે નાયિકા - માને છે. તેનું સ્પષ્ટ સૂચન સ્પેનિશ ભાષામાં વપરાતા 'લા મેર' શબ્દના ઉપયોગ દ્વારા

મળે જ છે, એટલું જ નહીં, બુઢ્ઢો માછીમાર દરિયાને એક પુરુષ તરીકે નહીં પણ સ્ત્રી તરીકે જુએ છે એવું પણ લેખકે ફોડ પાડીને કહ્યું છે. બુઢ્ઢા માછીમાર અને દરિયા ઉપરાંત કિશોર માછીમાર તથા માર્લિન અને શાર્ક માછલીઓ એ આ નવલકથાનાં બીજાં મહત્ત્વનાં પાત્રો છે.

આ નવલકથાનો કથાસાર પાંચ - સાત વાક્યોમાં આપી શકાય એવો છે. સાન્તિઆગો નામનો બુઢ્ઢો માછીમાર ૮૪ દિવસથી એક પણ માછલી પકડી શક્યો નથી. છતાં હિંમત હાર્યા વિના તે ૮૫મા દિવસની સવારે પોતાની હોડીમાં એકલો બેસીને માછલીની શોધમાં દરિયામાં ખૂબ દૂર સુધી નીકળી જાય છે. મુસાફરીના પહેલા દિવસની બપોરે તે એક વિશાળકાય માર્લિન માછલીને પકડે છે. બે દિવસ અને બે રાત તેની હોડી વિશાળકાય માછલીની સાથોસાથ ખેંચાતી રહે છે. ત્રીજા દિવસની બપોરે હાર્પૂન વડે તે માછલીને મારી નાખી શકે છે. માછલી હોડીમાં ન સમાય તેટલી મોટી હોવાથી તેને હોડી સાથે બાંધીને બુઢ્ઢો માછીમાર ઘર તરફ પાછો વળે છે. પણ રસ્તામાં એક પછી એક શાર્ક માછલીઓ હુમલો કરીને માર્લિન માછલીને ફોલી ખાય છે. છેવટે કિનારે પગ મૂકે છે ત્યારે બુઢ્ઢા માછીમાર પાસે પેલી વિશાળકાય માછલીનું હાડપિંજર જ રહ્યું હોય છે.

'ધ ઓલ્ડમૅન ઍન્ડ ધ સી'ના આ કથાનકનું મૂળ 'એસ્કવાયર' નામના સામયિકના ઍપ્રિલ ૧૯૩૬ના અંકમાં પ્રગટ થયેલી હેમિંગ્વેની પોતાની માત્ર ૨૦૦ શબ્દની 'ઑન ધ બ્લ્યૂ વૉટર' નામની લઘુકથામાં રહેલું છે. હેમિંગ્વેની ૪૯ ટૂંકી વાર્તાઓમાંથી ૪૩ વાર્તાઓ શિકાર, માછીમારી, બુલફાઇટ વગેરેને લગતી છે. પત્રકાર હેમિંગ્વેએ પોતાનાં ઘણાં લખાણોમાં આવા સાહસોની વાત લખી છે. એટલે બીજી કૃતિઓની જેમ આ નવલકથાનું મૂળ પણ છેવટે તો તેના લેખકના સાહસશોખમાં જ જોઈ શકાય. હેમિંગ્વેના ત્રીજા જન્મદિવસે તેમના પિતા જન્મદિવસની ભેટ રૂપે હેમિંગ્વેને આખો દિવસ પોતાની સાથે માછલી પકડવા લઈ ગયા અને પહેલા જ દિવસે હેમિંગ્વેએ એક મોટી માછલી પકડી હતી. ક્યૂબાનીમાં માછલી પકડવા માટે હેમિંગ્વેએ પોતાને માટે ફિશિંગ બોટ પણ તૈયાર કરાવેલી. ૧૯૩૩માં એકલે હાથે તેમણે ૪૬૯ પાઉન્ડ વજનની માર્લીન માછલી પકડી હતી અને ૬૦ મિનિટમાં તેને જબ્બે કરીને હોડીમાં ચડાવી દીધી હતી. એટલે બીજી નવલકથાઓની જેમ 'ધ ઓલ્ડમૅન ઍન્ડ ધ સી'નાં મૂળ પણ લેખકના જીવનના સ્વાનુભવમાં

રહેલાં છે, અને તેથી જ, આખી કૃતિનો શબ્દેશબ્દ નિતાંત વાસ્તવિકતાનો અનુભવ કરાવે છે, કપોલકલ્પનાનો નહીં. આખી કૃતિ લેખકે એવી રીતે લખી છે કે બુઢ્ઢો માછીમાર એ વાચકને ખરેખરો બુઢ્ઢો માછીમાર લાગે છે. દરિયો ખરેખર દરિયો, અને માર્લિન તથા શાર્ક ખરેખરી માછલીઓ અને છતાં તેમનું નિરૂપણ એવી રીતે થયું છે કે આખી કૃતિના એક કરતાં વધુ અર્થઘટનો થઈ શકે તેમ છે, અને થયાં પણ છે. બુઢ્ઢો માછીમાર માછલીને સપડાવવા માટે દરિયામાં જુદી જુદી ઊંડાઈ સુધી પહોંચતા ચાર ગલ નાખે છે - એક ગલ ૪૦ ફેધમની ઊંડાઈએ, બીજો ૭૫ ફેધમની ઊંડાઈએ, ત્રીજો ૧૦૦ ફેધમની ઊંડાઈએ અને ચોથો ૧૨૫ ફેધમની ઊંડાઈએ. તેવી જ રીતે 'ધ ઑલ્ડમૅન ઍન્ડ ધ સી'માંથી વાચક કયું સંવેદન, કયો ભાવ, કયો અનુભવ, કયો અર્થ પામે છે તેનો આધાર કૃતિમાં તે કેટલે ઊંડે સુધી પહોંચે છે તેના પર રહે છે.

પહેલી નજરે કેવળ સપાટી પરથી જોતાં આ કૃતિ દરિયાઈ સાહસકથા લાગે. આવી સાહસકથા તરીકે કોઈ કિશોર વાચક આ કૃતિ વાંચે તો તે આ કૃતિને પૂરેપૂરી માણી શકે તેમ છે. બુઢ્ઢા માછીમારનાં સાહસ, ધૈર્ય, કુશળતા, ઝિંદાદિલી વગેરે આવા વાચકને સ્પર્શી જાય તેમ છે. એડવિન મૂર જેવા વિવેચકને આ કૃતિ 'સિમ્પલ ઍન્ડ ટ્રેજિક સ્ટોરી' લાગી છે, પણ ઘણાખરા વિવેચકો 'ધ ઑલ્ડમૅન ઍન્ડ ધ સી'ને એક રૂપકકથા તરીકે જુએ છે. બુઢ્ઢો માછીમાર, સમુદ્ર, માર્લિન માછલી, શાર્ક માછલીઓ, સાથીદાર છોકરો, સ્વપ્નમાં આવતા સિંહો વગેરે શાનાં પ્રતીક છે એ અંગે જુદા જુદા અભિપ્રાયો જોવા મળે છે. એક વિવેચકને આ કૃતિ હેમિંગ્વેની સાહિત્યિક આત્મકથા લાગી છે. બુઢ્ઢો માછીમાર તે હેમિંગ્વે પોતે, સમુદ્ર તે સાહિત્ય, માર્લિન તે હેમિંગ્વેની કૃતિઓ, અને તેને ફડફોલી ખાતી શાર્ક માછલીઓ તે વિવેચકો - આવું અર્થઘટન તેણે કર્યું છે. તો વળી બીજા એક વિવેચકને બુઢ્ઢો માછીમાર તે હેમિંગ્વેના પિતા અને સાથીદાર છોકરો તે હેમિંગ્વે પોતે એવું અર્થઘટન સૂઝયું છે. કોઈને આ કથા ગુરુ - શિષ્ય વચ્ચેના સંબંધની કથા લાગી છે.

માનવ અને પ્રકૃતિ વચ્ચેના સતત સંઘર્ષની કથા તરીકે પણ આ નવલકથાને જોવાનું શક્ય છે. શિકાર અને શિકારી વચ્ચેનો સંઘર્ષ, પુરુષાર્થ અને પ્રકૃતિનાં બળો વચ્ચેનો સંઘર્ષ, વ્યક્તિ અને નૈસર્ગિક સૃષ્ટિ વચ્ચેનો સંઘર્ષ આ કથામાં નિરૂપાયો છે. છતાં અહીં શિકાર અને શિકારી વચ્ચે વિરોધ કે વેરભાવ નથી. બલ્કે બુઢ્ઢો માછીમાર ઘણીવાર માર્લિન માછલીને

'બિગ બ્રધર' તરીકે સંબોધે છે. હેમિંગ્વેની બીજી નવલકથાના નાયકોની જેમ સાન્તિઆગો પણ શિકાર ખાતર શિકારમાં માનતો નથી. શિકાર કર્યા પછી તેનો પૂરેપૂરો ઉપયોગ કરવો જ જોઈએ નહિતર પ્રાણી કે માછલીને મારવાનો હક્ક નથી એવી તાલીમ પિતાએ નાનપણથી હેમિંગ્વેને આપેલી. હેમિંગ્વે ૧૩ વર્ષના હતા ત્યારે એક શાહુડી તેમના માનીતા કૂતરાને કરડી હતી. શાહુડીના કાંટા કૂતરાના શરીરમાં ઠેરઠેર ભોંકાઈ ગયા હતા. હેમિંગ્વેએ તેમના એક મિત્ર સાથે મળીને શાહુડીને બંદૂકની ગોળીથી ઠાર કરીને વેર વાળ્યું. હેમિંગ્વેના પિતાને આની ખબર પડી એટલે તેમણે બંને છોકરાઓને શાહુડી રાંધીને ખાવાની ફરજ પાડી. મિત્ર હેરોલ્ડ સેમ્પસને પાછળથી નોંધ્યું છે કે કલાકો સુધી રાંધ્યા પછી પણ તે પગરખાનાં ચામડા જેવી જ રહી હતી છતાં અમારે તે ખાવી પડી હતી. બુઢ્ઢો માછીમાર પાછો આવે છે ત્યારે સાથે લાવે છે તો માર્લિન માછલીનું હાડપિંજર પણ તેનોય યોગ્ય ઉપયોગ થાય તેની ચિંતા તેના મનમાં રહે છે.

'ધ ઓલ્ડમૅન ઍન્ડ ધ સી'માં ખ્રિસ્તી ધર્મનાં પ્રતીકો એટલાં છે અને એટલાં ધ્યાનપાત્ર બની રહે તેવાં છે કે તેને ખ્રિસ્તી ધર્મની રૂપક કથા માનવા ઘણા વિવેચકો લલચાયા છે. બુઢ્ઢો સાન્તિઆગો માછીમાર છે અને શિક્ષક પણ છે, તે હકીકત તેને ઈશુ સાથે જોડી આપે છે. 'સાન્તિઆગો' નામનો શબ્દશઃ અર્થ થાય છે 'સેન્ટ જેમ્સ' જે પોતે માછીમાર, શહીદ અને ઈશ્વરના ફિરસ્તા હતા. ઈશુની જેમ સાન્તિઆગોનો સંઘર્ષ પણ ત્રણ દિવસ અને ત્રણ રાત ચાલે છે. મુસાફરીને અંતે હોડીનો સઢ અને કૂવાથંભ ખભે ઊંચકીને જતો સાન્તિઆગો વધસ્તંભ ઉપાડીને જતા ઈશુની યાદ આપે છે. ઈશુના હાથની જેમ સાન્તિઆગોના હાથ પણ દોરડીથી ખરડાયેલા છે. ઈશુની જેમ જ માછીમારના વ્યક્તિત્વમાં પણ આત્યંતિક નમ્રતા અને આત્યંતિક આત્મગૌરવનો સમન્વય થયેલો જોવા મળે છે. માર્લિન માછલી ગલમાં સપડાયા પછી માછીમાર વારંવાર ઈશ્વરના અનુગ્રહની યાચના કરે છે, પ્રાર્થના કરે છે, પણ સાથોસાથ માછલીને શાર્કથી બચાવવા શક્ય તેટલો પુરુષાર્થ પણ કરી છૂટે છે. માત્ર પ્રાર્થના નહીં, માત્ર પ્રયત્ન નહીં, પ્રાર્થના અને પ્રયત્ન બંને અથવા પ્રયત્નના ભાગરૂપે જ પ્રાર્થના અને પ્રાર્થનાના ભાગરૂપે જ પ્રયત્ન એવી તેની રીત જણાય છે. ઈશુના ક્રૂસારોહણના ચિત્રોથી પરિચિત અભ્યાસીને તરત ખ્યાલ આવશે કે સાન્તિઆગો સતત પોતાના જમણા હાથને વફાદાર હાથ તરીકે અને ડાબા હાથને દગાખોર હાથ તરીકે ઓળખાવે

છે. ઈશુના ક્રૂસારોહણ વખતે તેમની જમણી બાજુએ એક વફાદાર સાથીને અને ડાબી બાજુએ એક વિશ્વાસઘાતી દગાખોર સાથીને ક્રૂસ પર ચડાવવામાં આવ્યા હતા. ક્રૂસારોહણ અંગેના યુરોપીય ચિત્રોમાં ઈશુની જમણી અને ડાબી બાજુમાં માણસો અંગેનો આ તફાવત હંમેશા ધ્યાનપાત્ર રીતે દર્શાવવામાં આવતો હોય છે. મુસાફરીએથી પાછા ફર્યા પછી માછીમાર પોતાની ઝૂંપડીમાં જઈ સૂઈ જાય છે તે વખતનું તેનું વર્ણન પણ ક્રૂસારોહણની યાદ આપે તેવું છે. બાઈબલના જૂના અને નવા કરારમાં ૩,૭, અને ૪૦ના આંકડા સૂચક મહત્ત્વ ધરાવે છે અને આ કથામાં પણ આ ત્રણ આંકડા મહત્ત્વ ધરાવે છે. હેમિંગ્વેએ પોતે 'ધ ઑલ્ડમૅન ઍન્ડ ધ સી'ને 'પોએટ્રી રિટન ઈન ટુ પ્રોઝ' તરીકે ઓળખાવી છે.,અંતે તો આ કથા જીવનના જયની કથા બની રહે છે. દેખીતી રીતે તો સાન્તિઆગો શાર્ક માછલીઓનાં ટોળાંને હાથે હાર્યો છે, પણ તેની આ હાર, જીત કરતાંય વધુ ભવ્ય છે. મનુષ્યના પ્રયત્નની સાર્થકતા તેની સિદ્ધિ કે પ્રાપ્તિ પરથી નહીં, પણ પ્રયત્નના પુરુષાર્થમાં રહેલી છે. ૮૫ દિવસની નિષ્ફળતા પછી હાથ લાગેલી મહાકાય માર્લિન ગુમાવ્યા પછી પણ માછીમાર ભાંગી પડતો નથી. ફરી છોકરાને તૈયારી કરવા કહે છે. ફરી મુસાફરી કરવાની જ છે, પ્રયત્ન છોડી દેવાનો નથી. આપણા કવિ ઉમાશંકર જોશીની જેમ જાણે કહેતો ન હોય 'આયુષ્ય છે ત્યાં સુધી છે જ યુદ્ધ.' હકીકતમાં પહેલી શાર્ક માછલી મરેલી માર્લિનના શરીરમાંથી ચાલીસ પાઉન્ડનો લોચો તોડી લે છે ત્યારે જ માછીમારને મનોમન તો ખાતરી થઈ જાય છે કે થોડીવારમાં બીજી શાર્ક માછલીઓ પણ આવી પહોંચશે અને માર્લિન હતી ન હતી થઈ જવાની છે. ત્યારે સાન્તિઆગો કહે છે: 'બટ મૅન ઈઝ નૉટ મેઈડ ફૉર ડિફીટ, અ મૅન કૅન બી ડિસ્ટ્રૉયડ્ બટ નોટ ડિફીટેડ.' આ વાક્ય વાંચતા જાણે કે આખી કૃતિની નાડ આપણા હાથમાં આવી જાય છે.

'ઑલ્ડમૅન ધ ઍન્ડ ધ સી'નું સ્થાન માત્ર હેમિંગ્વેની સર્વોત્તમ નવલકથાઓમાં જ છે એવું નથી. વીસમી સદીમાં લખાયેલી સર્વોત્તમ નવલકથાઓમાં પણ તેનું સ્થાન નિશ્ચિત છે. આ નવલકથાનો રવીન્દ્ર ઠાકોરે કરેલો અનુવાદ ૧૯૭૫માં અને જ્યા મહોત્સવએ કરેલો અનુવાદ ૧૯૯૨માં પ્રગટ થયો હતો.

•

૪૦. ચીની ખેડૂતની ચડતી પડતીની કથા
ધ ગુડ અર્થ/ પર્લ બક

૧૯૩૮માં જ્યારે સાહિત્ય માટેનું નોબેલ ઇનામ પર્લ બકને આપવાની જાહેરાત થઈ ત્યારે તે અંગે ઠીક ઠીક ઊહાપોહ થયેલો, વિરોધ થયેલો. ૧૮૯૨ના જૂનની ૨૬મી તારીખે વેસ્ટ વર્જિનિયાના હિલ્સબોરોમાં જન્મેલા અમેરિકન લેખિકા પર્લ બકની ઉંમર ૩૯ વર્ષની હતી ત્યારે, ૧૯૩૧માં પ્રગટ થયેલી તેની નવલકથા 'ગુડ અર્થ'ને મુખ્યત્વે ધ્યાનમાં રાખીને તેને આ નોબેલ ઇનામ અપાયું હતું. પણ ૧૯૩૮માં જ્યારે તેને આ ઇનામ મળ્યું ત્યારે પર્લની લેખિકા તરીકેની કારકિર્દીને પૂરાં દસ વર્ષ પણ થયાં નહોતાં. 'ગુડ અર્થ' પ્રગટ થઈ તે પછી તેને પુલિત્ઝર પ્રાઇઝ અને હોવેલ્સ મેડલ ૧૯૩૫માં મળ્યાં હતાં અને આ નવલકથાને આધારે એમજીએમે ૧૯૩૭માં રિલીઝ કરેલ ફિલ્મને આસાધારણ સફળતા મળી હતી. ૧૯૩૧ અને ૧૯૩૨ એ બે વર્ષો દરમિયાન 'ગુડ અર્થ' બેસ્ટ સેલિંગ પુસ્તક બની રહ્યું હતું. છતાં એ વખતે ઘણા વિવેચકોને તેમાં સાહિત્યિક ગુણોની ઊણપ વર્તાઈ હતી. તેમાં જે સ્થળ-કાળ અને સમાજનું ચિત્રણ થયું હતું તે પ્રમાણભૂત અને સાચકલું નહીં તેટલું પશ્ચિમના - ખાસ કરીને અમેરિકાના - વાચકને રોચક લાગે એ દૃષ્ટિથી થયેલું છે એમ પણ કહેવાયું હતું. કેટલાકને લાગેલું કે લેખિકાના ખાનગી અને અંગત જીવનને પણ તેમને નોબેલ મેળવવામાં મદદ કરી હતી. ૧૯૭૩માં પર્લ બકનું અવસાન થયું ત્યાં સુધીમાં તેમણે ૭૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે અને 'ગુડ અર્થ'ના અનુસંધાનમાં પણ બીજી બે નવલકથા લખી છે છતાં તેમાંના એકે પુસ્તકને ઝાઝી લોકપ્રિયતા મળી નથી અને છતાં ૭૨ વર્ષે પણ આજે 'ગુડ અર્થ'ની લોકપ્રિયતામાં બહુ મોટી ઓટ આવી નથી.

એવું તે શું છે આ નવલકથામાં ? વેંગ લુંગ નામના એક ગરીબ ચીની ખેડૂતના જીવનની ચડતી-પડતીની કથા અહીં તીરની લક્ષ્યગામી

સીધી અને સચોટ રીતે, સાવ સરળ ભાષામાં કહેવાઈ છે. પર્લનો જન્મ અમેરિકામાં થયેલો, પણ પ્રેસ્બિટેરિયન પાદરી માતા- પિતા સાથે તેણે જીવનનાં પહેલાં ૪૦ વર્ષ ચીનમાં ગાળ્યાં હતાં અને તે અંગ્રેજી ભાષા શીખી તે પહેલાં ચીની ભાષા શીખી હતી. ચીની લોકજીવનનો તેનો નિકટનો અનુભવ 'ગુડ અર્થ'માં ઠેર ઠેર જોવા મળે છે. કાચી ઈંટના ખોરડામાં રહેતો વાંગ લુંગ માતાના મૃત્યુ પછી છેલ્લાં છ વર્ષથી વૃદ્ધ પિતાની સારસંભાળ રાખતો આવ્યો છે. પિતાને એ જ નવડાવે છે ને જમાડે છે. પછી આખો દિવસ ખેતરમાં તનતોડ મહેનત કરે છે અને રાતે ઘેર આવી પાછો ચૂલો ફૂંકે છે. પણ હવે વાંગ લુંગની આ બધી હાલાકીનો અંત હાથવેંતમાં છે, કારણ કે પિતાએ વાંગ લુંગ માટે છોકરી પસંદ કરી લીધી છે - હવાંગ કબીલાની ગુલામ એ સ્ત્રી નથી ષોડશી કે નથી સૌંદર્યવતી. નાહીધોઈને વાંગ લુંગ પત્નીને ઘરે લાવવા જાય છે. કબીલાની ગુલામ સ્ત્રીઓની રખેવાળી કરતી બાઈ પણ તેને 'ભલી' લાગે છે. તે ઓ-લાનને વાંગ લુંગ સાથે વળાવે છે પણ કહે છે કે તમારું પહેલું બાળક જન્મે ત્યારે મને મળવા આવજો. પાછાં ફરતાં રસ્તામાં બંને જણા એક મંદિરમાં જઈ ધૂપ-દીપ કરે છે. બસ, આ જ તેમની લગ્નવિધિ. ઓ-લાન મહેનતુ છે, ઘરરખ્ખુ છે. પતિ અને સસરાની બધી સેવાચાકરી તે હસતે મોઢે કરે છે અને ઉપરથી ખેતરમાં જઈ પતિને ખેતીમાં પણ મદદ કરે છે. પહેલા દીકરાના જન્મ પછી પણ બીજા દિવસથી તે બધું ઘરકામ શરૂ કરી દે છે. થોડા વખત પછી દીકરાને લઈને બંને હવાંગ કબીલાની ગુલામ સ્ત્રીઓની પેલી રખેવાળ બાઈને મળવા જાય છે.

ઓ-લાનનાં ઘરમાં પગલાં થયાં ત્યારથી ખેતરમાં પાક પણ ભરપૂર થયો છે અને વાંગ લુંગ બે પાંદડે સુખી થયો છે. દીકરાને લઈને તે પેલી રખેવાળ બાઈને મળવા જાય છે ત્યારે તેને ખબર પડે છે કે હવાંગ કબીલાના હમણાંથી માઠા દિવસો ચાલે છે અને તેઓ પોતાની જમીન વેચવા માગે છે. વાંગ લુંગ તે જમીન ખરીદી લે છે. તેની સમૃદ્ધિ વધતી જાય છે. બીજે વર્ષે બીજા દીકરાનો જન્મ. ખેતરમાં પાક પણ સારો. પણ વાંગ લુંગનો નઠારો કાકો તેની પાસેથી મોટી રકમ ઉધાર લે છે તેથી વધુ જમીન ખરીદવાનું શક્ય નથી. દીકરીના દહેજને બહાને લીધેલી રકમ, અલબત્ત, કાકો જુગાર રમવામાં વેડફી નાખે છે. પછી એક દીકરીનો જન્મ થાય છે ને વાંગ લુંગની પડતીની પણ શરૂઆત થાય છે, વરસાદ થતો નથી, મોલ સૂકાઈ જાય છે. છતાં ગમે તેમ કરી વાંગ લુંગ બીજું એક મોટું

ખેતર ખરીદી લે છે. પછીને વરસે કારમો દુકાળ પડે છે. પોતાના ઢોર ઢાંખર મારીને તેને ખાઈને ગુજરાન ચલાવવાના દિવસો આવે છે. તેમાં વળી બીજી દીકરીનો જન્મ થાય છે પણ ઓ-લાન તેને તો દૂધ પીતી કરી દે છે. શકરા જેવા શાહુકારો વાંગ લુંગની જમીન હડપ કરવા ટાંપીને બેઠા છે પણ થોડી ઘરવખરી સિવાય તે બીજું કશું વેચતો નથી. છેવટે કુટુંબને લઈને વાંગ લુંગ દક્ષિણના પ્રદેશમાં હિજરત કરી જાય છે. પત્ની અને બાળકો ત્યાં ભીખ માગે છે અને વાંગ લુંગ રિક્ષા ખેંચે છે. તેવામાં દુશ્મનાનું આક્રમણ થતાં લોકો ગામ છોડી ભાગે છે. એ અંધાધૂંધીનો લાભ લઈને વાંગ લુંગ એક તવંગર પાસેથી પૈસા પડાવે છે અને તેની પત્ની તવંગરના ઘરમાંથી થોડાં રત્નો ચોરી લે છે. વાંગ લુંગ કુટુંબને લઈને વતનમાં પાછો ફરે છે. તેનું ઘર પણ લૂંટાઈને સાફ થઈ ગયું છે પણ પેલા તવંગર પાસેથી પડાવેલા પૈસા વડે તે બધું રાચરચીલું નવું ખરીદી લે છે. માત્ર બે મોતી પત્ની પાસે રહેવા દઈને બાકીનાં રત્નો વડે વાંગ લુંગ તવાંગ કબીલાની બધી જમીન ખરીદી લે છે. સમૃદ્ધિ વધતી જાય છે પણ પતિ-પત્ની વચ્ચે અંતર વધતું જાય છે. કમળકળી નામની એક સામાન્યાના પ્રેમમાં પડેલો વાંગલુંગ એક દિવસ તેને ખરીદીને પોતાના ઘરમાં બેસાડે છે, પણ થોડા વખત પછી એક દિવસ વાંગ લુંગ પોતાના યુવાન દીકરાને કમળકળી સાથે છાનગપતિયાં કરતો જોઈ જાય છે. બંનેને મારઝૂડ કર્યા પછી વાંગલુંગ દીકરાને દક્ષિણના મુલકમાં રવાના કરી દે છે. ઓ-લાન મરણ પથારીએ પડે છે ત્યારે વાંગ લુંગને થોડો પસ્તાવો થાય છે,પણ વૈદ પણ આશા મૂકી દે છે પછી તે બે કૉફિન ખરીદી લાવે છે — એક ઓ-લાન માટે અને બીજું પિતા માટે. પણ ઓ-લાન કહે છે કે મારો મોટો દીકરો પરણશે નહીં ત્યાં સુધી મારો જીવ જશે નહીં. એટલે તેને દક્ષિણના મુલકમાંથી પાછો બોલાવી તેનાં ઘડિયાં લગ્ન લેવાય છે. લગ્નની રાતે જ ઓ-લાન મૃત્યુ પામે છે. થોડા દિવસ પછી વાંગ લુંગના પિતાનું પણ મૃત્યુ થાય છે. થોડા વખત પછી બીજો દીકરો તેની મનગમતી છોકરીને પરણે છે. પૌત્ર-પૌત્રીઓથી વીંટળાયેલો વાંગ લુંગ સુખી છે, સંતોષી છે. પણ ધીમે ધીમે બંને દીકરા માટે વાંગ લુંગના મનમાં અસંતોષ જાગે છે. તેની દીકરી તેનો સધિયારો બની રહે છે. એક સાંજે બંને દીકરા સાથે વાંગ લુંગ પોતાના ખેતરોમાં જાય છે ત્યારે બંને દીકરા વચ્ચેની ગુસપુસ તેના કાને પડે છે : 'ડોસો મરે એટલી જ વાર છે, પછી આ બધી જમીન આપણે વેચી નાખશું.' વાંગ લુંગ ધૂવાંપૂવાં થઈ કહે છે

કે ધરતી તો આપણી મા છે, આપણને આશરો આપે છે, ધનધાન્ય આપે છે, તેને વેચાય નહીં. બંને દીકરા કહે છે તો ખરા કે ના બાપા, અમે જમીન વેચશું નહીં, પણ પછી એકબીજા સામું જોઈ આછું હસી લે છે. કથા અહીં પૂરી થાય છે, પછી શું થયું તે લેખિકા કહેતી નથી પણ વાચક સમજી જાય છે કે વાંગ લુંગના મૃત્યુ પછી દીકરાઓએ બધી જમીન વેચી મારી હશે. નીરુ દેસાઈએ 'ધરતી' નામે આ નવલકથાનો અનુવાદ કરેલો જે ૧૯૩૯માં પ્રગટ થયેલો.

•

૪૧. નવી દુનિયાનો નકશો
બ્રેવ ન્યૂ વર્લ્ડ /આલ્ડસ હક્સલે

૧૯૬૩ના નવેમ્બરની ૨૨મી તારીખે અમેરિકામાં રહેતા પણ બ્રિટિશ નાગરિક એવા એક લેખકનું અવસાન થયું. પણ બીજે દિવસે અમેરિકા અને બ્રિટનનાં અખબારોમાં તેના અવસાનના સમાચાર ક્યાંક ખૂણેખાંચરે માંડ બે-પાંચ લીટીમાં છપાયા. એનું કારણ એ નહોતું કે એ અંગ્રેજી ભાષાનો મોટા ગજાનો લેખક નહોતો. ૬૯ વર્ષના આયુષ્યમાં ૪૭ પુસ્તકો લખનાર એ લેખકને ૧૯૫૯માં અમેરિકન એકેડમી ઑફ આર્ટ્સ ઍન્ડ લેટર્સનો ઍવૉર્ડ તેની નવલકથા માટે મળ્યો હતો. દર પાંચ વર્ષે અપાતો આ ઍવોર્ડ મેળવનાર બીજા નવલકથાકારો છે અર્નેસ્ટ હેમિંગ્વે અને થોમસ માન. પણ ૧૯૬૩ના નવેમ્બરની ૨૨મી તારીખે અમેરિકાના પ્રમુખ જોન. એફ. કેનેડીની હત્યા થઈ હતી, તેને કારણે એ લેખકના અવસાનના સમાચાર તરફ ખાસ ધ્યાન અપાયું નહોતું. એ લેખક તે આલ્ડસ હક્સલે અને તેની સૌથી વધુ જાણીતી નવલકથા તે 'બ્રેવ ન્યૂ વર્લ્ડ.'

૧૮૯૪ના જુલાઈની ૨૬મી તારીખે ઇંગ્લેન્ડમાં પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મ. ઈટનની જાણીતી પ્રખ્યાત સ્કૂલમાં અભ્યાસ. પણ ૧૭ વર્ષની વયે આંખના રોગના કારણે સ્કૂલ છોડવી પડી. આખી જિંદગી અડધા અંધાપામાં ગાળી. વિજ્ઞાનનો અભ્યાસ કરવાનું સપનું પણ આંખની તકલીફના કારણે રોળાઈ ગયું. જો કે ઑક્સફર્ડમાં ભણીને અંગ્રેજી સાહિત્યની ડિગ્રી મેળવી ખરી. સંગીત, કલાઓ અને પુસ્તકોનાં અવલોકન લખવાથી પત્રકાર તરીકેની કારકિર્દી શરૂ કરી. ૧૯૧૬માં નાનકડો પાતળો કાવ્યસંગ્રહ પ્રગટ થયો. ૧૯૨૧માં પહેલી નવલકથા 'ક્રોમ યલો' પ્રગટ થઈ. વર્જિનિયા વુલ્ફ, કલાઈવ બેલ, લિટન સ્ટ્રેચે, ઇ. એમ. ફોર્સ્ટર જેવાનો એ મિત્ર. પણ ગાઢ દોસ્તી બંધાઈ ડી. એચ. લોરેન્સ સાથે. ૧૯૨૦ના દાયકાનાં ઘણાંખરાં વર્ષોમાં હક્સલે ઈટલીમાં રહ્યો. ૧૯૩૭માં

અમેરિકા રહેવા ગયો. હૉલિવૂડની ફિલ્મો માટે સ્ક્રિપ્ટ લખવાના અખતરા કર્યા, પણ તેમાં ઝાઝી સફળતા મળી નહીં. હિન્દુ ધર્મ અને ફિલસૂફીમાં રસ પડ્યો અને 'વેદાન્ત ઍન્ડ ધ વેસ્ટ' નામના સામયિકમાં ઘણા લેખો લખ્યા. તેની એક નવલકથાનું નામ છે 'મોક્ષ.' પછી ડ્રગ્સ અને હિપ્પી કલ્ચર તરફ આકર્ષાયો. ૧૯૬૧માં તેનું ઘર આગમાં તારાજ થઈ ગયું તેની સાથે તેનાં પુસ્તકો, હસ્તપ્રતો વગેરે બધું બળીને ખાખ થઈ ગયું.

૧૯૩૨માં પ્રગટ થયેલી 'બ્રેવ ન્યૂ વર્લ્ડ' નથી ભૂતકાળની કથા, નથી એ પ્રગટ થઈ તે જમાનાની કથા, પણ ભવિષ્યની, દૂરના ભવિષ્યની કલ્પનાકથા છે. તેનો સમય છે ૬૩૨ 'એ. એફ.'વર્ષોની ગણના માટે બી.સી અને એ.ડી. તો સાંભળ્યું છે, પણ આ 'એ. એફ.' એ વળી શું ? એ પણ લેખકની કલ્પનાનો જ એક ભાગ છે. 'એ. એફ.' એટલે આફટર ફૉર્ડ. મોટે પાયે મોટરોનું ઉત્પાદન કરવાની પદ્ધતિ વિકસાવનાર હેન્રી ફૉર્ડ સાથે સંકળાયેલ આ સંવત્સર પણ લેખકની કલ્પનાસૃષ્ટિનો જ એક ભાગ છે. સહેલાઈથી સમજાય એ રીતે કહીએ તો આ કથા છે ઈસુની ૨૭મી સદીની. એ વખતે જુદા જુદા દેશો નથી, તેમની જુદી જુદી સરકારો નથી. આખી દુનિયા પર એક જ સત્તાની આણ પ્રવર્તે છે. એ સત્તા આખી દુનિયા પર અને તેના તમામ લોકો પર અબાધિત અંકુશ ધરાવે છે. સમાજની સુસ્થિરતા માટે આ સત્તા જરૂરી પગલાં લે છે. સમાજમાં વ્યવસ્થા અને સ્થિરતા કાયમ રહે તે માટે આખી દુનિયાના લોકોને પાંચ જ્ઞાતિઓમાં વહેંચી નાખવામાં આવ્યા છે. સમાજની ટોચે બિરાજે છે આલ્ફા અને બેટા નામની બે જ્ઞાતિના લોકો. મજૂરોને ત્રણ જ્ઞાતિમાં વહેંચી નાખવામાં આવ્યા છે - ગામા, ડેલ્ટા અને સૌથી હેઠા એપ્સીલોન. દુનિયામાં કોઈને દુઃખ નથી, કોઈને વેદના નથી, સૌ સુખી છે. આ માટે સત્તાવાળાઓ 'સોમ' નામનું પીણું લોકોને વહેંચે છે. એ પીધા પછી લોકો પોતાનાં દુઃખદર્દ ભૂલી જાય છે. નવલકથાનો આરંભ થાય છે ત્યારે સેન્ટ્રલ લંડનમાં આવેલા એક ઉછેર અને સંભાળ કેન્દ્રનો ડિરેક્ટર કેટલાક વિદ્યાર્થીઓને કેન્દ્રમાં બધે ફેરવીને તેની કામગીરીની સમજણ આપી રહ્યો છે. આ ઉછેર અને સંભાળ કેન્દ્ર મરઘાં-બતકાં માટેનું નથી, પણ માનવ શિશુઓ માટેનું છે. પ્રેમને કે લગ્નને સત્તાધીશો પ્રોત્સાહન આપતા નથી અને લોકોને પણ તેમાં ઝાઝો રસ રહ્યો નથી. હવે બાળકોના જન્મ માટે લગ્નની કે સ્ત્રી-પુરુષના સહજીવનની જરૂર રહી નથી. ફેક્ટરીમાં બનતી બીજી કોઈ પણ ચીજની જેમ હવે આવા ઉછેર અને

સંભાળ કેન્દ્રોમાં બાળકો બનાવવામાં આવે છે, જેવી જરૂરિયાત હોય તેવાં, જેટલી જરૂરિયાત હોય તેટલાં. માગ પ્રમાણે પુરવઠામાં વધઘટ થતી રહે છે.

જન્મ પછી તરત જ બાળકોને પેલી પાંચ જ્ઞાતિઓમાં વહેંચી નાખવામાં આવે છે. જન્મદા બાટલીઓમાંથી બાળકને બહાર કાઢવામાં આવે કે તરત જ તેમની તાલીમ શરૂ થઈ જાય છે. પુસ્તકો અને ગુલાબો જેવી વસ્તુઓ માટે તેમના મનમાં કાયમી ડર પેદા કરવામાં આવે છે. બાળકોને સારા નાગરિક બનાવવા માટે તેમને નીતિના પાઠ શીખવાય છે. આ માટે નિદ્રા શિક્ષણનો ઉપયોગ થાય છે. બાળકો સૂતાં હોય ત્યારે નીતિ અને સદુપદેશનાં વચનોની રેકર્ડ વારંવાર વગાડવામાં આવે છે જેથી એ નીતિઓ તેમના અસંપ્રજ્ઞાત માનસમાં ઘર કરી જાય.

નિયામકો કેન્દ્રમાં ફરીને બધું જોઈ લે છે પછી પશ્ચિમ યુરોપનો અધિષ્ઠાતા નિયંત્રક મુસ્તફા મોન્ડ તેમને ભાષણ આપે છે. પૃથ્વી પર ફોર્ડની સ્થાપના થઈ તે પહેલાં માણસો કઈ રીતે જીવતા તેનો તે ખ્યાલ આપે છે. કહે છે કે ત્યારે બાળકના જન્મ માટે સ્ત્રી અને પુરુષની, તેમના સંયોગની, લગ્નની જરૂર પડતી. ત્યારે પતિ-પત્ની, મા-બાપ, દીકરા-દીકરીના સંબંધોવાળી કુટુંબવ્યવસ્થા હતી. કુટુંબના લોકો એક ઘરમાં રહેતા. પરિણામે તેમનામાં સારી અને ખરાબ લાગણીઓ જાગતી. આ લાગણીઓ સુખ, શાંતિ અને સ્થિરતાની આડે આવતી. પણ પછી સુધારકો આવ્યા. પણ એ વખતે જુદા જુદા દેશોમાં જે જુદી જુદી સરકારો હતી તેમણે એ સુધારકોને ફાવવા દીધા નહીં. પરિણામે સુધારકો અને સરકારો વચ્ચે યુદ્ધ થયું જેમાં એન્થ્રેક્સ બૉમ્બનો ઉપયોગ થયો. (યાદ રહે, ઇતિહાસની આ વાત કહેવાતી ત્યારે હજી અણુબૉમ્બનો ઉપયોગ નહોતો થયો.) આ યુદ્ધ નવ વર્ષ ચાલ્યું. પછી આખી દુનિયામાં મોટી આર્થિક કટોકટી ઊભી થઈ. લાખો દુ:ખીના દાળિયા થઈ ગયા. હારી થાકીને છેવટે લોકોએ સુધારકોને ટેકો આપ્યો અને તેમને દુનિયાના સર્વસત્તાધીશ બનાવ્યા. આ સુધારકોએ ધર્મ, લગ્ન, કુટુંબ જેવી બિનજરૂરી સંસ્થાઓ દૂર કરી નવી પંચજ્ઞાતિની વ્યવસ્થા ઊભી કરી. માનવ-શિશુઓના ઉત્પાદનનું નિયમન કર્યું અને લોકોને તેમનાં દુ:ખદર્દ ભૂલવા માટે સોમ જેવી રામબાણ દવા આપી. હવે બધે સુખ, હવે બધે સ્વર્ગ. એ સ્વર્ગનું નામ યૂટોપિયા.

બર્નાર્ડ માર્ક્સ હતો સર્વોચ્ચ ગણાતી આલ્ફા જાતિનો; પણ જરા

ઠીંગણો, કાળા ભમ્મર વાળવાળો. કહેવાતું કે જન્મ પહેલાં તેને જરા વધારે પડતો સોમ અપાઈ ગયો હતો. તેની સાથે કામ કરનારાઓને તે બહુ ગમતો નહીં અને તેઓ બર્નાર્ડની ટીકા કર્યા કરતા. બર્નાર્ડ લેનિના પાછળ લટ્ટુ થઈ ગયો હતો. આદિવાસીઓ માટેની વસાહતમાં પોતાની સાથે જવા બર્નાર્ડે લેનિનાને થોડા દિવસ પહેલાં કહ્યું હતું. પણ લેનિના હેન્રી ફોસ્ટર નામના યુવકના પ્રેમમાં હતી, ઘણા મહિનાથી. પણ એ સમાજમાં લગ્નને કે લાંબા સમયના પ્રેમસંબંધને પ્રોત્સાહન અપાતું નહોતું. એટલે છેવટે લેનિના બર્નાર્ડ સાથે જવા તૈયાર થઈ. ટોમાકિન નામના ડિરેક્ટર પાસે જઈને બર્નાર્ડે આદિવાસી વસાહતમાં જવાની મંજૂરી મેળવી લીધી. તે વખતે ડિરેક્ટરે પોતાના ભૂતકાળની વાત ઉખેળતાં બર્નાર્ડને કહ્યું કે આજથી પચ્ચીસ વર્ષ પહેલાં હું પણ એક સ્ત્રી સાથે એ વસાહતમાં ગયો હતો. પણ એક દિવસ ભયંકર વાવાઝોડું આવ્યું અને તેમાં બંને છૂટાં પડી ગયાં. ઘણી શોધી, પણ મળી નહીં એ સ્ત્રી, એટલે ડિરેક્ટર એકલો પાછો ફર્યો. પણ આ બધી વાત બર્નાર્ડને કહેવી નહોતી જોઈતી. એટલે પછી વિનાકારણ બૂમાબૂમ કરીને તેણે બર્નાર્ડને તગેડી મૂક્યો. બર્નાર્ડ ત્યાંથી તો ચાલતો થયો, પણ પછી દોસ્ત વૉટ્સન પાસે જઈને તેમને તેણે બધી વાત કરી દીધી. વૉટ્સન બુદ્ધિજીવી છે પણ કામ કરે છે લોકોને પ્રોત્સાહિત કરે તેવાં સૂત્રો સરકાર માટે બનાવવાનું. કંટાળી ગયો છે આ કામથી એ. પોતાની ઈચ્છા પ્રમાણે તે કશુંક કરવા માગે છે, પણ એવું શું કરવું તે હજી તેને સૂઝતું નથી. બર્નાર્ડની વાત સાંભળીને વૉટ્સનને તેની દયા આવે છે. થાય છે, મારી જેમ આ પણ સમાજ સાથે બંધબેસતો થઈ શકે તેમ નથી.

લેનિનાને લઈને બર્નાર્ડ પહોંચે છે આદિવાસીઓની વસાહતમાં. પણ ત્યાં પહોંચ્યા પછી તેને ખ્યાલ આવે છે કે ઘરેથી નીકળતી વખતે તે અત્તરનો નળ ખુલ્લો ભૂલી ગયો છે. એટલે વૉટ્સનને ફોન કરીને બર્નાર્ડે તે નળ બંધ કરી આવવા કહ્યું. ત્યારે વૉટ્સન તેને કહે છે કે તારી અસામાજિક વર્તણૂકથી છેડાયેલા ડિરેક્ટર તારી બદલી દૂર દૂરના ટાપુ પર કરવા વિચારી રહ્યા છે. બર્નાર્ડ અને લેનિના વસાહતના આંગણામાં આદિવાસીઓને નૃત્ય કરતાં જુએ છે. જોન નામનો એક યુવક એ બન્નેની પાસે આવે છે અને પોતાની આપવીતી તેમને કહે છે. કહે છે કે આજથી પચ્ચીસ વર્ષ પહેલાં એક પુરુષ સાથે અહીં આવેલી અને પછી તેનાથી વિખૂટી પડી ગયેલી એક સ્ત્રીનો હું દીકરો છું. મારી માનું નામ

લિન્ડા. પોતાની મા જ્યાંથી આવી હતી તે નવી દુનિયા વિશે જાણવા તે ખૂબ આતુર હતો. આ લિન્ડા તે એ જ સ્ત્રી જેની સાથે પચ્ચીસ વર્ષ પહેલાં ડિરેક્ટર ટોમકિન અહીં આવ્યો હતો. તેનાથી વિખૂટી પડી ગઈ તે પછી લિન્ડા નવી દુનિયામાં જઈ ન શકી કારણ કે તે વખતે તે સગર્ભા હતી. નવી દુનિયાના લોકો લગ્ન, સગર્ભાવસ્થા, બાળજન્મ વગેરે તરફ નફરતભરી નજરે જોતા એટલે એવી સ્થિતિમાં પાછા ફરવાની તેની હિંમત ન ચાલી.

બર્નાર્ડને ખ્યાલ આવે છે કે જોન અને લિન્ડાની મદદદથી તે પોતાની અજાણ્યા ટાપુ પર થયેલી બદલી રોકી શકે તેમ છે. એટલે તે મુસ્તફા મોન્ડને ફોન કરીને તે બંનેને પોતાની સાથે નવી દુનિયામાં લાવવાની મંજૂરી મેળવી લે છે. બર્નાર્ડ લંડન પાછો ફરે છે તે પછી ડિરેક્ટર જાહેરમાં તેનું અપમાન કરે છે કે તારી બદલી તો અજાણ્યા ટાપુ પર થઈ ગઈ છે. ત્યારે બર્નાર્ડ જોન અને લિન્ડાને હાજર કરે છે અને ડિરેક્ટરના ભૂતકાળ અંગેની વાતનો ભાંડો ફોડે છે. પરિણામે ડિરેક્ટર પોતાના પદ પરથી રાજીનામું આપી દે છે. બર્નાર્ડનું નામ રાતોરાત લોકોની જીભે રમતું થઈ જાય છે. પણ રાતોરાત મળેલી આ પ્રસિદ્ધિથી તે છકી જાય છે. એક સાથે અનેક સ્ત્રીઓ સાથે લફરાં કરવા માંડે છે અને લોકો સાથે ખૂબ તોછડાઈથી વર્તવા લાગે છે. પછી ગામના બધા જાણીતા માણસો માટે બર્નાર્ડ મોટી મિજબાની ગોઠવે છે. જેથી તેઓ સૌ જોનને મળી શકે. પણ મિજબાનીમાં આવવાની અને લોકોને મળવાની જોન તો ઘસીને ના પાડી દે છે. બર્નાર્ડ ભોંઠો પડે છે. ગુસ્સે થયેલા મહેમાનો ચાલતા થાય છે. બધા ગયા પછી બર્નાર્ડને પોતાની ભૂલ સમજાય છે અને તે જોન પાસે જઈ તેની માફી માગે છે. વખત જતાં વૉટ્સન અને જોન સારા મિત્રો બની જાય છે. પણ વૉટ્સન એક ગુનામાં સંડોવાય છે. શો હતો તેનો ગુનો? તેણે એક કવિતા લખી હતી એટલું જ નહીં, કેટલાક વિદ્યાર્થીઓને તે વાંચી સંભળાવી હતી. આ તેનો ગુનો. તે વખતે જોન પોતાની પાસેનું એક જરીપુરાણું પુસ્તક ખોલી તેમાંથી કવિતા વાંચવા લાગે છે. એ પુસ્તક હતું શેક્સપિયરની સમગ્ર કૃતિઓનું. સાંભળીને વૉટ્સન કહે છે કે બસ, આ શેક્સપિયરે જે કહ્યું છેને, તેવું જ કંઈક હું પણ કહેવા માગુ છું.

જોનને જોયો ત્યારથી લેનિનાના મનમાં તે વસી ગયો છે. હવે તે જોન પાસે જઈ પ્રેમનો એકરાર કરવાનું નક્કી કરે છે. તેની વાત શાંતિથી સાંભળી લીધા પછી થોડીવારે જોન લેનિનાને કહે છે કે હું

પણ તને ચાહું છું. પણ આ સાંભળી લેનિના અધીરી થઈ જાય છે અને જોન સાથે એ જ વખતે સહશયન કરવાના ઇરાદે નિર્વસ્ત્ર બની જાય છે. પણ તેની આવી વર્તણૂકથી જોન ખૂબ જ ગુસ્સે થઈ જાય છે. તે લેનિનાને મારવા દોડે છે અને લેનિના બાથરૂમમાં ભરાઈ જાય છે. સારે નસીબે તે જ વખતે એક ફોન આવતાં જોનનો પારો ઊતરી જાય છે. જોન તરત જ હૉસ્પિટલ દોડે છે. વધુ પડતો સોમ પીવાથી લિન્ડા મરણપથારીએ પડી છે. જોન ત્યાં હોય છે એ દરમિયાન જ જોડિયાં બાળકોનું એક ટોળું હોસ્પિટલમાં આવે છે – મૃત્યુ એટલે શું એ જોવા-જાણવા માટે. તેમાંનાં કેટલાંક બાળકો લિન્ડાને જોઈને કહે છે કે આ બાઈ તો કેવી કદરૂપી છે. આ સાંભળીને ગુસ્સે થયેલો જોન તેમને ત્યાંથી તગેડી મૂકે છે. પછી તે લિન્ડા સાથે વાતો કરે છે ત્યારે તે પોપને મળવાની ઇચ્છા કહે છે. કહે છે કે મારી સાથે તે પણ આદિવાસીઓની વસાહતમાં રહેતા હતા. સનેપાતમાં આવો બબડાટ કરતી લિન્ડાને જોન ઢંઢોળે છે. લિન્ડા આંખો ખોલી તેને ઓળખે છે. પણ તે જ ઘડીએ શ્વાસ રુંધાઈ જતાં લિન્ડાનું મૃત્યુ થાય છે. જોન મૂંગો મૂંગો ત્યાંથી નીકળી જાય છે. હૉસ્પિટલનાં પગથિયાં ઊતરી જોન નીચે આવે છે ત્યારે સેંકડો જોડિયાં બાળકોને લાઈનમાં ઊભેલાં જુએ છે. તેઓ પોતાને માટે સોમનું રૅશન લેવા લાઈનમાં ઊભાં છે. જોન તેમને કહે છે કે આ સોમ તો ધીમું ઝેર છે, માટે ભલા થઈને સોમ પીવાનું છોડી દો. એટલું જ નહીં, સોમથી ભરેલાં પીપડાં તે ઢોળી નાખે છે. આ જોઈ ડેલ્ટા જ્ઞાતિના લોકો નારાજ થાય છે અને તેના પર હુમલો કરે છે. બર્નાર્ડ અને વૉટ્સનને તાબડતોબ હૉસ્પિટલ પહોંચી જવાનો સંદેશો મળે છે એટલે બંને તરત ત્યાં પહોંચે છે. તેઓ જોનને ટોળા વચ્ચે ઘેરાયેલો જુએ છે. વૉટ્સન જોનને મદદ કરવા તેની પાસે ધસી જાય છે, પણ બર્નાર્ડની તેમ કરવાની હિંમત ચાલતી નથી. પછી ત્રણેને મુસ્તફા મોન્ડ સમક્ષ ખડા કરવામાં આવે છે. બર્નાર્ડ અને વૉટ્સનને દૂરના ટાપુ પર મોકલવાની સજા ફરમાવાય છે. જેમનામાં વ્યક્તિસ્વાતંત્ર્યની ભાવના વધુ પ્રબળ બની ગઈ હોય અને તેથી જેઓ સમાજને માટે ખતરારૂપ બની ગયા હોય તેવા ગુનેગારોને આ ટાપુ પર મોકલવામાં આવે છે. પછી જોન અને મુસ્તફા વચ્ચે લાંબી ચર્ચા થાય છે. ઇતિહાસ, ધર્મ, વિજ્ઞાન વગેરેને દેશવટો દેવાયો છે તે અંગે જોન બળાપો વ્યક્ત કરે છે. મુસ્તફા કહે છે કે લોકોને

સુખી કરવા માટે આમ કરવું જરૂરી છે. સમાજને અસ્થિર કરે તેવું કશું ચલાવી લેવાય નહીં કારણ, અસ્થિરતામાંથી અ-સુખ જન્મે છે. પણ જોનને ગળે આ વાત ઊતરતી નથી અને તે દલીલો કરવાનું ચાલુ રાખે છે. છેવટે મુસ્તફા કહે છેઃ 'આ તો તું દુઃખી થવાનો અધિકાર માગી રહ્યો છે'. પછી જોન લંડનથી ભાગીને એક દીવાદાંડીમાં આશરો લે છે. ત્યાં બાગ બનાવે છે. લિન્ડાના મોત માટે પોતાને જવાબદાર માની પોતાને હાથે પોતાને ચાબૂકના ફટકા મારે છે. આ વાત વાયુવેગે પ્રસરે છે. સેંકડો હેલિકૉપ્ટરોમાં બેસી લોકો ઊમટે છે. લોકો નાચવા-ગાવા લાગે છે. જોન પણ તેમાં ભળે છે, સોમ પણ ઢીંચે છે. પણ પાછી ખૂબ પસ્તાય છે. છેવટે દીવાદાંડીની કમાન પર દોરડું બાંધી ગળાફાંસો ખાઈ મરી જાય છે.

●

૪૨. રેલગાડીમાં મોત ફૂંફાડો
મર્ડર ઑન ધ ઓરિયન્ટ એક્સપ્રેસ/
આગાથા ક્રિસ્ટી

કડકડતી ઠંડીના દિવસોમાં સવારના પાંચનો સમય. થોડી જ વારમાં ઈસ્તામ્બુલ જવા માટે ટોરસ એક્સપ્રેસ ટ્રેન રવાના થવાની છે. ખાનગી જાસૂસ હરક્યુલ પોઈરટ થોડા દિવસ રજા ગાળવા માટે જઈ રહ્યો છે. તેને વળાવવા માટે લેફટનન્ટ ડ્યુબોસ આવ્યો છે. લળી લળીને વળી વળીને તે પોઈરટનો આભાર માની રહ્યો છે: 'આપે અમને બચાવી લીધા, સાહેબ ! ફ્રાન્સના લશ્કરનું નાક વઢાઈ જાત, જો આપે અમને આટલી મદદ ન કરી હોત તો.' પોઈરટ : 'સાહેબ, આપે પણ એક વખત મારો જાન બચાવ્યો છે, એ વાત હું કેમ ભૂલી શકું ?' ડ્યુબોસ : 'છતાં સાહેબ, આપનો આ ઉપકાર અમે ક્યારેય નહીં ભૂલીએ.' 'બસ, બસ લેફટનન્ટ સાહેબ, છેવટે તો મેં એક જાસૂસ તરીકેની ફરજ બજાવી છે. ચાલો ત્યારે, આવજો!' આટલુંકહી પોઈરટ ટ્રેનમાં ચડી પોતાની જગ્યાએ જઈ બેઠો અને આગાથા ક્રિસ્ટીની વિખ્યાત જાસૂસી નવલકથા 'મર્ડર ઑન ધ ઓરિયન્ટ એક્સપ્રેસ'માં પાવો વગાડીને ટ્રેન ઊપડી. એ જ ટ્રેનમાં મેરી ડેબનહામ અને કર્નલ અર્બથનોટ પણ પ્રવાસ કરી રહ્યાં હતાં. મુસાફરી શરૂ થઈ તે જ દિવસે સવારે નાસ્તા વખતે પોઈરટને તે બંનેનો ભેટો થઈ ગયો. કૉફીની ચુસ્કીઓ ધીમે ધીમે લેતાં પોઈરટ એ બંનેની ઝીણી ઝીણી વિગતોનું નિરીક્ષણ કરી રહ્યો. ડેબનહામ પહેલાં નાસ્તો કરવા આવી હતી. થોડી વારે અર્બથનોટ આવ્યો અને અત્યંત નમ્રતાથી પૂછ્યું: 'આપની સાથે નાસ્તામાં જોડાઉં તો આપને ગમશે ?' ડેબનહામ અને અર્બથનોટ બંને પાકાં અંગ્રેજ. સાથે બેસીને નાસ્તો કરવા લાગ્યાં પણ ઝાઝી વાતચીત નહીં. પણ બંનેની રીતભાત નોંધ્યા પછી પોઈરટ સમજી ગયો કે આ બંને એકબીજાંને સારી રીતે ઓળખે છે, પણ અત્યારે એકમેકથી અજાણ્યાં હોય તેવો ઢોંગ કરે છે. બપોરના અઢી વાગ્યા. ટ્રેનની

ડાઈનિંગ કારની નીચેના ભાગમાં આગ લાગી છે એવી ખબર પડતાં ટ્રેનને રોકવામાં આવી. ટ્રેન રોકાઈ એટલે મેરી થોડી જ વારમાં આકુળવ્યાકુળ થઈ ગઈ. પોઈરટને કહેવા લાગીઃ ‘મારે ઓરિયન્ટ એક્સપ્રેસમાં આગળની મુસાફરી કરવાની છે. આ ટ્રેન મોડી પડશે તો મારી એ ટ્રેન છૂટી જશે. આગ ઓલવાઈ જાય અને ટ્રેન ઝટ ઊપડે તો સારું.’ પોઈરટે નોંધ્યું કે સવાર પછી મેરી અને કર્નલ ઠીક ઠીક નજીક આવ્યાં હતાં. બંને વચ્ચેની કેટલીક વાતચીત પણ પોઈરટને કાને પડી અને તેથી તેનામાં રહેલો જાસૂસ સળવળી ઊઠ્યો હતો. થોડી વારે ટ્રેન ફરી ઊપડી ત્યારે બારીમાંથી બહારનાં ગામડાં જોઈને મેરીએ કર્નલને કહ્યું કે મને હંમેશ એમ થાય છે કે મને ગામડામાં કુદરતની વચ્ચે રહેવા મળે તો કેવું સારું ! કોન્યા નામનું સ્ટેશન આવ્યું. જકડાઈ ગયેલા પગને છૂટા કરવા મેરી, કર્નલ અને પોઈરટ ટ્રેનમાંથી નીચે ઊતર્યાં. ત્યારે ફરી બંને વચ્ચેની વાત પોઈરટને કાને પડી. મેરી કર્નલને કહી રહી હતીઃ ‘એક વાર આ બધું પતી જાય ને... એક વાર આપણે આ બધાંમાંથી બહાર આવી જઈએ, પછી...’ મુસાફરી પૂરી કરીને પોઈરટ ઈસ્તામ્બુલ આવી પહોંચ્યો. સીધો ટોકાટલિયાન હોટેલમાં પહોંચ્યો તેવા જ હોટેલવાળાઓએ તેને ત્રણ કાગળ અને એક તાર આપ્યા. પોઈરટ ઈસ્તામ્બુલ પહોંચે તે પહેલાં જ આવી પહોંચેલા આ તાર - કાગળ તેના આગમનની જ રાહ જોઈ રહ્યા હતા. તારમાં જણાવ્યું હતુંઃ ‘કાસ્નર કેસમાં નવો વળાંક આવ્યો છે. જલ્દી લંડન પહોંચો.’ પાછા જવા માટેની ઓરિયન્ટ એક્સપ્રેસ તો રાતે નવ વાગે ઊપડે. તાર વાંચીને પોઈરટ તરત જ હોટેલવાળાને રાતની ટ્રેન માટે પોતાની ટિકિટ બુક કરાવવા કહી દે છે. પછી નાસ્તો કરવા હોટેલની રેસ્ટોરન્ટમાં જાય છે ત્યાં તેને જૂનો દોસ્ત મોન્સ્યુ બોક મળી જાય છે. વેગન્સ લિટ્સનો તે ડિરેક્ટર છે. એ પણ રાતની જ ઓરિયન્ટ એક્સપ્રેસમાં જવાનો છે. પોઈરટ જમવા જાય છે. પોઈરટનું ધ્યાન બાજુના એક ટેબલ પર જાય છે. રેટચેટ અને હેક્ટર મૅક્ક્વીન ત્યાં બેઠાં છે. રેટચેટને જોતાવેંત પોઈરટને થાય છે કે આ માણસ સારો નથી, તેનો કોઈ દિવસ વિશ્વાસ ન કરાય. જમી લીધા પછી પોઈરટ મોન્સ્યુ બોકને ફરી હોટેલની લાઉન્જમાં મળે છે. એ જ વખતે હોટેલનો કર્મચારી આવીને કહે છે કે રાતની ટ્રેન માટે ફર્સ્ટ ક્લાસની તો એક પણ ટિકિટ મળે તેમ નથી. આ સાંભળીને બોકને નવાઈ લાગે છે. તે પોઈરટને કહે છેઃ ‘આજે જ આખી દુનિયાના લોકો મુસાફરી કરવા નીકળી પડ્યા છે

કે શું ?' છેવટે મિસ્ટર હેરિસ નામનો એક મુસાફર આવ્યો નથી તેની જગ્યા પોઈરટને મળે એવી ગોઠવણ બોક કરે છે. જો કે એ સેકન્ડ ક્લાસનો ડબ્બો છે. એટલે પોઈરટની સાથે તેના જ ખાનામાં બીજો પણ એક મુસાફર છે. એ બીજો મુસાફર છે હેક્ટર મૅક્ક્વીન - જેને બપોરે પોઈરટે રેટચેટની સાથે હોટેલમાં જોયો હતો.

ટ્રેનની મુસાફરી દરમિયાન બીજે દિવસે બપોરે મોન્સ્યુ બોક અને અને પોઈરટ ડાઈનિંગ કારમાં સાથે જમવા બેસે છે. જમતાં જમતાં પોઈરટ ત્યાં બેઠેલાં બાકીના તેર જણાનું બારીક અવલોકન કરે છેઃ એક જાડિયો, કાળિયો ઈટાલિયન, એક એંદ્રુ, અંગ્રેજ, એક કદાવર અમેરિકન, કુરૂપતાના અંબાર જેવી એક સ્ત્રી, નામે પ્રિન્સેસ ડ્રેગોમિરોફ, મેરી ડેબનહામ અને તેની સાથે બેઠેલી બે સ્ત્રીઓ, ટેબલ પર એકલો બેઠેલો કર્નલ અર્બથનોટ, આધેડ વયની એક સ્કેન્ડિનેવિયન બાઈ, અંગ્રેજ જેવું લાગતું એક દંપતી, હેક્ટર મૅક્ક્વીન અને રેટચેટ. જમી લીધા પછી બધાં પોતપોતાના ડબ્બામાં પાછાં જાય છે ને ડાઈનિંગ કાર ખાલી થઈ જાય છે ત્યારે રેટચેટ આવીને પોઈરટ સામેની ખુરશીમાં બેસી જાય છે. તે કહે છે કે મારા કેટલાક દુશ્મનો મારી પાછળ પડ્યા છે અને મારો જાન જોખમમાં છે. તમે જો મારું રક્ષણ કરો તો તમને સુંડલો ભરીને પૈસા આપીશ. પોઈરટ કહે છે કે મને જે કેસમાં રસ પડે તે કેસ જ હું હાથમાં લઉં છું. આ સાંભળી રેટચેટ કહે છે : 'પણ મારો કેસ હાથમાં લેવામાં તમને વાંધો શો છે ?' પોઈરટ તરત જ એક ઘા ને બે કટકા જેવો જવાબ આપે છે : 'મને તમારું મોઢું નથી ગમતું.'

બીજે દિવસે સવારના પોણા નવ. ઓરિયેન્ટ એક્સપ્રેસ બેલગ્રેડ સ્ટેશને આવી પહોંચી છે. પગ છૂટા કરવા પોઈરટ નીચે ઊતરે છે તો ખરો, પણ પછી કડકડતી ઠંડીને લીધે તરત પાછો ડબ્બામાં ઘૂસી જાય છે. ત્યારે કન્ડક્ટર તેને કહે છે કે તમારો સામાન પહેલા નંબરના કમ્પાર્ટમેન્ટમાં ખસેડ્યો છે. મોન્સ્યુ બોક એ જ કમ્પાર્ટમેન્ટમાં બેઠા હતા. પણ હવે તેઓ એથેન્સના ડબ્બામાં જઈને બેઠા છે અને પોતાની ફર્સ્ટ ક્લાસની જગ્યા તમારે માટે ખાલી કરી આપી છે. પહેલા નંબરના કમ્પાર્ટમેન્ટની બાજુમાં જે કમ્પાર્ટમેન્ટ હતું તેમાં જ રેટચેટ બેઠેલો. બે બારણાં છોડીને મિસિસ હર્બાડનું કમ્પાર્ટમેન્ટ. પોઈરટ પોતાની નવી જગ્યાએ બેસવા જતો હતો ત્યાં મિસિસ હબાર્ડ રસ્તામાં તેને આંતર્યો. હબાર્ડે કહ્યું કે મને પેલા રેટચેટની બહુ બીક લાગે છે. ગઈ કાલે રાતે અમારા બેના કમ્પાર્ટમેન્ટ

વચ્ચેનું બારણું ખોલી નાખવા તેણે ઘણી કોશિશ કરી હતી. પોઇરટ અને હર્બાડ વાત કરી રહ્યા હતા તે દરમિયાન મૅકક્વીન અને અર્બથનોટ ટ્રેનની કૉરિડોરમાંથી પસાર થયા. મૅકક્વીને અર્બથેનોટને કહ્યું: 'હિન્દુસ્તાન વિશે વાતો કરવા મારા કમ્પાર્ટમેન્ટમાં આવોને !' તેનું આ વાક્ય પોઇરટને કાને પડ્યું. મિસિસ હર્બાડથી છૂટા પડ્યા પછી પોઇરટ પોતાના કમ્પાર્ટમેન્ટમાં આવ્યો. દોઢ – બે કલાક વાંચ્યા પછી ઊંઘી ગયો.' કેટલાક કલાક પછી તે સફાળો જાગી ગયો. બાજુના કમ્પાર્ટમેન્ટમાંથી દબાયેલી ચીસનો અવાજ આવતો હતો, તે પછી તરત જ કન્ડક્ટરને ચેતવવા માટેની ઘંટડી રણકી ઊઠી. ટ્રેન ઊભી રહી. પોઇરટે માની લીધું કે કોઈ સ્ટેશન આવ્યું હશે. ટ્રેનના કંડક્ટરે આવીને રેટચેટના કમ્પાર્ટમેન્ટનું બારણું ઠોક્યું. અંદરથી અવાજ સંભળાયો : 'માફ કરજો. મારાથી ભૂલમાં ઘંટડીનું બટન દબાઈ ગયું.' જવાબથી સંતોષ પામી કંડક્ટર આગળ વધ્યો. પોતાના કમ્પાર્ટમેન્ટમાં સૂતેલા પોઇરટે પોતાની ઘડિયાળ જોઈ : સવારના એક વાગવામાં ત્રેવીસ મિનિટ બાકી હતી.

મધરાત પછીનો સમય. ઓરિયૅન્ટ એક્સપ્રેસ ટ્રેન અંતરિયાળ ઊભી રહી ગઈ છે, ક્યારનીય. ચારે બાજુ ભેંકાર સન્નાટો. પોઇરટને ઊંઘ આવતી નથી. આમથી તેમ પડખાં ફેરવતો રહે છે. કોઈ મુસાફર સ્લિપર પહેરીને ડબ્બાના પૅસેજમાંથી પસાર થાય છે તેનો અવાજ સંભળાય છે, કોઈ મુસાફર કંડક્ટરને બોલાવવા ઉપરાછાપરી બેલ વગાડે છે. કંડક્ટરને જરા વાર લાગે છે, પણ પછી તે બેલ વગાડનાર મુસાફરના ખાનામાં પહોંચે છે. પોઇરટને કાને મિસિસ હર્બાડનો અવાજ અથડાય છે: 'મારા કમ્પાર્ટમેન્ટમાં કોઈ પુરુષ ઘૂસી આવેલો' પછી પોઇરટ પોતે પણ બેલ વગાડે છે. કંડક્ટર આવે છે ત્યારે તેની પાસે પીવાનું પાણી માગે છે. પછી પૂછે છે કે ટ્રેન કેમ ઊભી રહી ગઈ છે ? કંડક્ટર : 'સાહેબ, હિમવર્ષા થયેલી તેનો બરફ પાટા પર જામી ગયો છે એટલે રોકાવું પડ્યું છે. કેટલો વખત અહીં રોકાશે તે કહી શકાય નહીં.' પાણી પીને પોઇરટ સૂવાની તૈયારી કરતો હોય છે ત્યાં જ તેને બાજુના કમ્પાર્ટમેન્ટમાંથી કશુંક ભારે પછડાવાનો અવાજ આવે છે. એ કમ્પાર્ટમેન્ટમાં રેટચેટ મુસાફરી કરી રહ્યો છે. પોઇરટ તરત બહારના પૅસેજમાં જુએ છે. જાંબલી રંગનો કિમોનો પહેરેલી એક સ્ત્રીને પૅસેજમાંથી પસાર થતી જુએ છે. પૅસેજને છેવાડે કંડક્ટર પોતાના ચોપડામાં કશુંક લખી રહ્યો છે. કશું જ અસાધારણ

પોઇરટની નજરે પડતું નથી. એટલે થોડીવારમાં તે સૂઈ જાય છે.

સવારના પોણા દસ. ટ્રેન હજી ત્યાં ને ત્યાં જ છે. પોઇરટ નાસ્તા માટે ડાઇનિંગ કારમાં પહોંચે છે. બીજા ઉતારુઓ પણ ત્યાં આવી ગયા છે. ટ્રેન મોડી પડી રહી છે તેથી સૌના મનમાં ઉચાટ છે. ક્યારે ઊપડશે? ક્યારે પહોંચશું ? નાસ્તો પત્યા પછી મિસ્ટર બોક પોઇરટને પોતાના કમ્પાર્ટમેન્ટમાં લઈ જાય છે. કહે છે કે રેટચેટનું ખૂન થયું છે, છરાના ઘાવ ઝીંકીને. કોરોનર ડૉ. કૉન્સ્ટેન્ટાઇનનું કહેવું છે કે ખૂન મધરાત પછી અને સવારના બે વાગ્યા પહેલાં થયું છે. આપઘાતની સંભવિતતા નથી કારણ છરાના દસ-પંદર ઘા રેટચેટના શરીર પર થયા છે. તેના કમ્પાર્ટમેન્ટની બારી ખુલ્લી છે. પણ બોક કહે છે કે કદાચ તપાસને ગેરમાર્ગે દોરવવા જાણી જોઈને બારી ખુલ્લી રાખવામાં આવી હશે. ખૂની એ બારી વાટે બહાર ભાગી ગયો હોય એમ લાગતું નથી. કારણ જો એમ બન્યું હોય તો તેનાં પગરખાંનાં નિશાન બહાર જામેલા બરફ પર પડ્યાં હોત. જો કે કમ્પાર્ટમેન્ટનું બારણું પણ અંદરથી બંધ હતું. આવા વેરાન બરફ છાયા પ્રદેશમાં ખૂની ભાગી છૂટ્યો હોય એ બહુ શક્ય નથી. એટલે મોટે ભાગે ખૂની હજી આ ટ્રેન પર જ હોવો જોઈએ, આટલી વિગતો જણાવ્યા પછી બોક પોઇરટને વિનંતી કરે છે : 'આ કેસ ઉકેલવાનું તમે હાથમાં લો.' પોઈરટ હા પાડે છે.

બધા ઉતારુઓ પાસેથી તેમનાં ટિકિટ અને પાસપોર્ટ લઈ લેવામાં આવે છે. દરેકે દરેક મુસાફરની પોઈરટ ઊલટતપાસ કરવાનો છે. સૌથી પહેલાં તે હેક્ટર મૅક્ક્વીનને બોલાવે છે. ઈસ્તામ્બુલની હોટેલમાં રેટચેટ સાથે બેસીને વાતો કરતો તેણે મૅક્ક્વીનને પહેલી વાર જોયો હતો. પોઇરટ તેને કહે છે : તારા શેઠ રેટચેટનું મૃત્યુ થયું છે. આ વાત સાંભળીને મૅક્ક્વીનને ખાસ નવાઈ નથી લાગતી. તે એટલું જ બોલે છે : 'તો છેવટે તેઓ રેટચેટને મારવામાં સફળ થયા ખરા.' મૅક્ક્વીન કહે છે કે છેલ્લા એકાદ વર્ષથી હું રેટચેટના સેક્રેટરી તરીકે કામ કરતો હતો. તેની સાથે રહીને મેં લગભગ આખી દુનિયાની મુસાફરી કરી છે. મને ઘણી ભાષાઓ આવડે છે એટલે મુસાફરીમાં હું સવિશેષ ઉપયોગી થઈ પડતો. મૅક્ક્વીન કહે છે કે મારો શેઠ અમેરિકન હતો અને તેનું આખું નામ સેમ્યુઅલ એવડર્ડ રેટચેટ હતું. જો કે પછી તરત તે ઉમેરે છે કે મારું માનવું છે કે આ તેનું અસલી નામ નહોતું, બનાવટી નામ હતું. એ સતત કશાકથી કે કોઈકથી ભાગવા મથી રહ્યો હોય એમ મને લાગતું. છેલ્લાં થોડાં

અઠવાડિયાથી તેને ટપાલમાં ધમકી આપતા કાગળો મળતા હતા. તેવો એક પત્ર તે પોઈરટને બતાવે છે. વાંચીને કહે છે કે આ પત્ર કોઈ એક વ્યક્તિએ નહીં, પણ ઘણી વ્યક્તિઓએ લખ્યો છે. મૅક્‌ક્વીન કહે છે કે ગઈ રાતે દસ વાગે હું છેલ્લે રેટચેટને મળ્યો હતો. મારે તેને કેટલીક નોંધો વંચાવવાની હતી તેથી હું તેના કમ્પાર્ટમેન્ટમાં ગયો હતો. આટલું સાંભળ્યા પછી પોઈરટ મૅક્‌ક્વીનની ઊલટતપાસ પૂરી કરે છે.

પછી ડૉ. કૉન્સ્ટેન્ટાઈન પોઈરટને રેટચેટનું કમ્પાર્ટમેન્ટ જોવા લઈ જાય છે. ખૂન થયા પછી કશું આઘું પાછું થયું નથી. બર્થમાં સૂતો હતો ત્યારે જ રેટચેટનું ખૂન કરવામાં આવ્યું હતું. તેનું શબ પથારીમાં જ પડ્યું હતું. ડૉક્ટર કહે છે કે રેટચેટના શરીર પર જે ઘા છે તેમાંના કેટલાક તેના મરી ગયા પછી કરવામાં આવ્યા હોય તેમ લાગે છે. પોઈરટ નોંધે છે કે કેટલાક ઘા કોઈએ ડાબા હાથે કર્યા છે, બાકીના જમણા હાથે થયા છે. વળી કેટલાક ઘા ખૂબ ઊંડા છે, જ્યારે કેટલાક માત્ર ઉપરછલ્લા છે. પછી પોઈરટ નોંધે છે કે એશ-ટ્રેમાં બે પ્રકારની દીવાસળી પડી છે. કેટલીક ગોળ છે તો કેટલીક ચપટી. રેટચેટના ખિસ્સાઓનું બાકસ ખોલી પોઈરટ જુએ છે, તો તેમાં ગોળ દીવાસળીઓ છે. એટલે પોઈરટ અનુમાન કરે છે કે ચપટી દીવાસળી ખૂની વાપરતો હોવો જોઈએ. આ ઉપરાંત પોઈરટને કમ્પાર્ટમેન્ટમાંથી એક હાથરૂમાલ મળી આવે છે. તેને એક ખૂણે અંગ્રેજી ‘એચ’ અક્ષર ભરત વડે ભરેલો છે. આ ઉપરાંત હોકલી સાફ કરવા માટેનું સાધન પણ ડબાની ફર્શ પર પડેલું મળી આવે છે. રેટચેટની ઘડિયાળ તેના કોટના ખિસ્સામાં હતી. તે ૧.૧૫નો સમય બતાવતી હતી. છેવટે પોઈરટની નજર એક અડધા બળેલા કાગળના ટુકડા પર પડે છે. બળેલા કાગળ પર શું લખ્યું છે તે વાંચવું અઘરું છે, પણ કેટલીક મથામણને અંતે પોઈરટ તે વાંચી શકે છે. એ ટુકડા પર એટલું જ લખાયું છેઃ ‘મેમ્બર લિટલ ડેઝી આર્મસ્ટ્રૉન્ગ’ પણ માત્ર આટલું જ વાંચતાં તરત જ પોઈરટના મનમાં ઝબકારો થાય છે. આ રેટચેટ તે બીજું કોઈ નહીં, પણ કેસેટી નામનો અમેરિકન ખૂની.

બપોરના ભોજન વખતે પોઈરટ, ડૉક્ટર કૉનસ્ટેન્ટાઈન અને બોક ડાઈનિંગ કારમાં ભેગા મળે છે. રેટચેટ ખરેખર કોણ હતો તેનો તે ફોડ પાડે છે. રેટચેટનું ખરું નામ કેસેટી. તેણે ડેઝી આર્મસ્ટ્રૉન્ગ નામની બાળકીનું અપહરણ કર્યું હતું. આ ડેઝી તે કર્નલ આર્મસ્ટ્રૉન્ગની ત્રણ વર્ષની દીકરી. કર્નલ પાસે પુષ્કળ પૈસા હતા અને વળી તે પ્રખ્યાત

અભિનેત્રી લિન્ડા આર્ડનને પરણ્યો હતો. ડેઝી આ બંનેની એકની એક દીકરી હતી. દીકરીનું અપહરણ કર્યા પછી કેસેટીએ બે લાખ ડૉલર માગ્યા હતા જે તરત જ તેને ડેઝીનાં મા-બાપે આપી દીધેલા. છતાં તેમને ડેઝી જીવતી પાછી ન મળી, મળ્યો માત્ર તેનો મૃતદેહ. આ પતિ-પત્નીને તે પછી થોડા વખતે બીજું એક સંતાન થયું, પણ તે મરેલ અવતર્યું. આથી ભાંગી પડેલા કર્નલે પોતાની બંદૂક વડે આપઘાત કર્યો. લગભગ તે જ વખતે ડેઝીને સાચવવા માટે રાખેલી આયાએ પણ આપઘાત કર્યો. ડેઝીના અપહરણ અને ખૂનમાં તેનો પણ હાથ હોવો જોઈએ એમ મનાય છે. લગભગ છ મહિના પછી કેસેટીની ધરપકડ થઈ પણ પોતાના પૈસાને જોરે થોડા વખતમાં તે છૂટી ગયો. પોઈરટનું માનવું છે કે 'આર્મસ્ટ્રૉન્ગ' નામ સાથેની કોઈ કડી રહે નહીં તેટલા ખાતર ખૂનીએ પેલો કાગળનો કટકો બાળી નાખવાનો પ્રયત્ન કર્યો હોવો જોઈએ.

પણ હજી ખૂની કોણ, એનો પત્તો લાગ્યો નથી.

ખૂનીનો ખૂની કોણ એ શોધવા માટે ઓરિયન્ટ એક્સપ્રેસ ટ્રેનમાં આગળની ઊલટતપાસ પોઇરટે પોતાના કમ્પાર્ટમેન્ટમાં ચલાવવાને બદલે ડાઇનિંગ કારમાં શરૂ કરી. પહેલાં તેણે ટ્રેનના કંડક્ટર પિયેરેને બોલાવ્યો. છેલ્લાં પંદર વર્ષથી રેલવે કંપનીમાં કામ કરતો આ ફ્રેન્ચ ભરોસાપાત્ર છે એમ પોઇરટને જાણવા મળેલું. પિયેરેએ કહ્યું કે કાલે રાતે હજી તો હું જમતો હતો ત્યાં રેટચેટે મને તેનું બિછાનું બિછાવવા બોલાવ્યો, કારણ તે વહેલો સૂઈ જવા માગતો હતો. થોડા વખત પછી હેક્ટર મૅક્ક્વીન રેટચેટના કમ્પાર્ટમેન્ટમાં ગયો હતો. રાત્રે ૧૨ને ચાલીસ મિનિટે રેટચેટે બેલ વગાડી એટલે હું ગયો. પણ હું ત્યાં ગયો ત્યારે રેટચેટે કહ્યું કે મેં ભૂલમાં બેલ વગાડી હતી. તે પછી હું મારા એક સાથીને મળવા એથેન્સના ડબ્બામાં ગયો હતો. પણ એક વાગ્યા પછી પહેલાં મિસિસ હબાર્ડ અને તમે – પોઇરટે બેલ વગાડી એટલે હું પાછો આવ્યો તે પછી લગભગ અડધા કલાકે મેં મૅક્ક્વીનની પથારી પાથરી આપી. ત્યાં સુધી મૅક્ક્વીન અને કર્નલ આર્બથનોટ વાતો કરતા બેઠા હતા. ડબ્બાના પૅસેજમાં મેં બીજા કોઈને હરતા-ફરતા જોયા નહોતા. હા જાંબલી રંગનો કિમોનો પહેરેલી એક સ્ત્રી પસાર થઈ હતી ખરી. આખી ટ્રેન હું જોઈ વળ્યો છું અને ખૂની આ ટ્રેનમાં જ છુપાયો હોય તેમ મને નથી લાગતું.

હવે પોઇરટે હેક્ટર મૅક્ક્વીનને બીજી વાર બોલાવ્યો. રેટચેટનું ખરું નામ શું હતું અને તે કેવા ગુનામાં સંડોવાયો હતો તેની પોઇરટે તેને

વાત કહી. આ સાંભળીને મૅકક્વીને આશ્ચર્ય વ્યક્ત કર્યું અને કહ્યું કે, 'મને આવી ખબર હોત તો મેં એ માણસની નોકરી કરી જ ન હોત. મારા પિતા વકીલ હતા અને આર્મસ્ટ્રૉન્ગનો કેસ એ જ લડ્યા હતા. રાતે જમ્યા પછી મારા કમ્પાર્ટમેન્ટમાં જઈને મેં થોડીવાર વાંચ્યું હતું. પછી હું કર્નલ આર્બથનોટ સાથે વાતે વળગ્યો હતો. સવારના બે વાગ્યા સુધી અમે બંને મારા કમ્પાર્ટમેન્ટમાં રાજકારણની ચર્ચા કરવા પર ચડી ગયા હતા. પછી મને ઊંઘ આવવા લાગી. આ બધા વખત દરમિયાન ડબ્બાના પૅસેજમાં મેં ખાસ કોઈની અવરજવર જોઈ નહોતી. હા, જાંબલી કિમોનો પહેરેલી એક સ્ત્રી પસાર થઈ હતી ખરી.'

પછી પોઈરટે રેટચેટના નોકર એડવર્ડ માસ્ટરમૅનની ઊલટતપાસ શરૂ કરી. તેણે કહ્યું : 'હું રાતે નવેક વાગ્યે છેલ્લો રેટચેટને મળ્યો હતો. તેમના કમ્પાર્ટમેન્ટમાં જઈને મેં તેમનાં કપડાંની ગડી કરી હતી. તેમનું દાંતનું ચોકઠું પાણીની વાટકીમાં મૂક્યું હતું. રોજ રાતે સૂતાં પહેલાં તેમને થોડો દારૂ પીવાની ટેવ હતી તે મુજબ મેં તેમને દારૂ આપ્યો હતો. એ વખતે રેટચેટ મને મૂંઝાયેલો અને ધૂંધવાયેલો લાગ્યો હતો. મને વિનાકારણ તેણે વડછકાં ભર્યાં હતા. છેલ્લે તેણે મને કહ્યું હતું કે સવારે ઊઠીને બેલ ન વગાડું ત્યાં સુધી મને ખલેલ પહોંચાડતો નહીં. સવારે રેટચેટે મને બોલાવવા બેલ વગાડી નહીં તેથી હું તેની પાસે ન ગયો. ઘણીવાર બપોરના ભોજનના સમય સુધી સૂઈ રહેવાની તેને ટેવ હતી. એટલે મને કશું અજુગતું લાગ્યું નહિ. રેટચેટના કમ્પાર્ટમેન્ટમાંથી નીકળીને હું મૅકક્વીન પાસે ગયો હતો અને તેને મેં કહ્યું હતું કે રેટચેટ તને બોલાવે છે. પછી મારા કમ્પાર્ટમેન્ટમાં જઈને હું વાંચવા લાગ્યો. હું ચાર નંબરના કમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરું છું અને એક ઇટાલિયન પણ મારી સાથે મારા કમ્પાર્ટમેન્ટમાં પ્રવાસ કરી રહ્યો છે. એ પ્રવાસી રાતે સાડા દસ સુધી વાંચતો હતો. એ વખતે આવીને કન્ડક્ટરે પથારી પાથરી આપી હતી. પણ તે ઇટાલિયનને દાંતનો દુ:ખાવો ઉપડ્યો હતો એટલે તે સવારના ચાર વાગ્યા સુધી સૂઈ શક્યો નહોતો. રેટચેટને કોઈની સાથે દુશ્મનાવટ હતી એ વાતનો મને ખ્યાલ છે કારણ તેના પર આવેલા ધમકી આપતા પત્રો અંગેની તેની અને મૅકક્વીન વચ્ચેની કેટલીક વાતો મારે કાને પડી હતી. રેટચેટ ખરેખર કોણ હતો તેની માસ્ટરમૅનને ખબર નહોતી, પણ તેણે કહ્યું કે, 'આર્મસ્ટ્રૉન્ગ કેસથી હું માહિતગાર છું. ઊલટતપાસ દરમિયાન પોઇરટે મનોમન નોંધી લીધી કે માસ્ટરમૅનને

સિગારેટ પીવાની આદત હતી.

માસ્ટરમૅન સાથેની વાતચીત પૂરી થઈ ન હતી. ત્યાં તો મિસિસ હર્બાડ દોડતી આવી. 'આ ખૂન અંગે મારી પાસે બહુ મહત્ત્વની માહિતી છે', તેણે કહ્યું, 'રેટચેટનું ખૂન કરનાર માણસ મારા કમ્પાર્ટમેન્ટમાં પણ ઘૂસ્યો હતો. રાતે હું સૂઈ ગઈ તે પછી અચાનક જાગી ગઈ. કારણ મને લાગ્યું કે મારા કમ્પાર્ટમેન્ટમાં કોઈ માણસ ઘૂસી આવ્યો છે. કન્ડક્ટરને બોલાવવા મેં બેલ વગાડી, પણ તે વખતે બીકને કારણે મારી આંખો બંધ હતી. એટલે મેં તેનું મોં જોયું નહોતું. જો કે કન્ડક્ટર જ્યારે આવ્યો ત્યારે ત્યાં બીજું કોઈ નહોતું. મેં કન્ડક્ટરને કહ્યું કે મારા અને રેટચેટના કમ્પાર્ટમેન્ટ વચ્ચેનો દરવાજો કડી મારીને બંધ કરી દેજે. છતાં મને બીક લાગતી હતી એટલે મેં મારા કમ્પાર્ટમેન્ટનું બારણું બંધ કરી તેની પાછળ મારી વજનદાર બૅગ મૂકી દીધી જેથી કોઈ સહેલાઈથી બારણું ખોલી ન શકે. જો કે આ બધું કેટલા વાગે બન્યું તે હું ચોક્કસ કહી શકું તેમ નથી. કમ્પાર્ટમેન્ટમાં કોઈ માણસ ઘૂસી આવેલો એ અંગે એક પુરાવો પણ મિસિસ હર્બાડે પોઇરટ આગળ રજૂ કર્યો. ડબ્બાની ફર્શ પરથી મળી આવેલું એક બટન! બટન જોતાંવેંત પોઇરટ સમજી ગયો કે કન્ડક્ટર પિયેરેના કોટમાંનાં બટન જેવું જ છે. 'આર્મસ્ટ્રૉન્ગ કેસ વિશે તમે શું જાણો છો?' એવા સવાલના જવાબમાં મિસિસ હર્બાડે કહ્યું કે 'મને એ વિશે બહુ ખબર નથી, પણ ખૂની બચી ગયો એ સારું ન થયું.' ત્યારે પોઇરટે તેને કહ્યું કે નાનકડી છોકરીનું ખૂન કરનાર કેસેટી તે જ રેટચેટ હતો. પોઇરટે એ પણ જાણી લીધું કે હર્બાડની પાસે જાંબલી રંગનો કિમોનો નહોતો અને રેટચેટના કમ્પાર્ટમેન્ટમાંથી જે રૂમાલ મળી આવેલો તે પણ તેનો નહોતો. પછી પોઇરટે ગ્રેટાની પૂછપરછ શરૂ કરી. રેટચેટને જીવતો જોનાર છેલ્લી ગ્રેટા હતી. પોતે મિસિસ હર્બાડના કમ્પાર્ટમેન્ટનું બારણું ખોલી રહી છે એમ માનીને ગ્રેટાએ ભૂલમાં રેટચેટના કમ્પાર્ટમેન્ટનું બારણું ખોલેલું. તે વખતે તેણે રેટચેટને વાંચતો જોયેલો. મિસિસ હર્બાડને મળીને ગ્રેટા પાછી ફરી ત્યારે હર્બાડે તેને કહ્યું કે જતી વખતે બારણું બરાબર બંધ કરી જજે. ગ્રેટા લગભગ અગિયારમાં પાંચે પોતાના કમ્પાર્ટમેન્ટમાં પાછી ફરેલી. મેરી ડેબનહામ પણ ગ્રેટાના જ કમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરી રહી હતી. ગ્રેટાએ કહ્યું કે આખી રાત દરમિયાન મેરી કમ્પાર્ટમેન્ટ છોડીને ક્યાંય બહાર ગઈ નહોતી. ગ્રેટા પાસે પણ જાંબલી રંગનો કિમોનો નહોતો. તે આર્મસ્ટ્રૉન્ગ કેસ વિશે કશું જાણતી નહોતી.

કન્ડક્ટર પિયેરેને પોઇરટે ફરી બોલાવ્યો - મિસિસ હર્બાડના કમ્પાર્ટમેન્ટની ફર્શ પરથી જે બટન મળી આવેલું તે અંગે તપાસ કરવા. પોતાના પર શંકા કરવામાં આવી રહી છે એનો ખ્યાલ આવતાં પિયેરે રાતોપીળો થઈ ગયો. પણ તે આવ્યો ત્યારે પોઇરટે નોંધ્યું કે તેના કોટનાં બધાં બટન બરાબર હતાં, એકે ખોવાયેલું નહોતું. વળી પિયેરે બીજા ડબ્બાના કન્ડક્ટરને પણ સાથે લઈ આવેલો જેણે કહ્યું કે રાતે તો પિયેરે મારી સાથે હતો. તે બંનેને જવાનું કહીને પોઇરટે પ્રિન્સેસ ડ્રેગોમિરોફને બોલાવી. તેણે કહ્યું કે જમીને તરત હું મારા કમ્પાર્ટમેન્ટમાં ગયેલી અને અગિયાર વાગ્યા સુધી વાંચતી હતી. સવારે પોણા વાગે મેં મારી નોકરડીને બોલાવી, અને તેની પાસે થોડી વાર માલિશ કરાવ્યો. હું આર્મસ્ટ્રૉન્ગ કુટુંબને સારી રીતે જાણતી હતી અને તેમની દીકરી સોનિયાને હું ખૂબ વહાલ કરતી હતી. પ્રિન્સેસ પાસે કાળા રંગનો સાટીનનો કિમોનો હતો. બધી વાતચીત પૂરી થયા પછી પ્રિન્સેસે પૂછ્યું: 'પણ તમારું નામ શું ?' જ્યારે પોઇરટે પોતાનું નામ કહ્યું ત્યારે તે બોલી: 'હા, હવે મને યાદ આવે છે. આનું નામ જ વિધિના ખેલ, બીજું શું ?'

ઓરિયૅન્ટ એક્સપ્રેસ ટ્રેન પર થયેલા ખૂનનો ભેદ ઉકેલવા માટે ખાનગી જાસૂસ પોઇરટના પ્રયત્નો હજી ચાલુ છે. પ્રિન્સેસની ઊલટતપાસ પછી પોઈરટ બોલાવે છે કાઉન્ટ એન્ડરેનચી અને કાઉન્ટેસને, પણ કાઉન્ટ એકલા જ આવે છે, કાઉન્ટેસ નથી આવતી. કાઉન્ટ કહે છે કે આખી રાત અમે બંને તો ઘસઘસાટ ઊંઘતાં હતાં એટલે રાતે શું થયું એની અમને કશી ખબર નથી. છતાં પોઇરટ કાઉન્ટેસને ઊલટતપાસ માટે બોલાવવાનો આગ્રહ રાખે છે. કાઉન્ટ પોતાનો અને પત્નીનો પાસપોર્ટ પોઇરટને જોવા આપે છે. પોઇરટ નોંધે છે કે કાઉન્ટેસના પાસપોર્ટ પર કોઈક ચીકણી વસ્તુનો ડાઘ પડેલો છે. પાસપોર્ટ પર તેનું નામ લખ્યું છે એલેના મારિયા ગોલ્ડનબર્ગ, ઉંમર વર્ષ ૨૦. પોઇરટના આગ્રહને કારણે છેવટે કાઉન્ટ પત્નીને લઈને પાછા આવે છે. કાઉન્ટે કહેલી તે જ વાત તે પણ કહે છે, પણ ઉમેરે છે કે કાઉન્ટની સાથે હું ક્યારેય અમેરિકા ગઈ નથી. મારા વર સિગારેટ અને સિગાર બંને પીએ છે એમ પણ તે પોઈરટને કહે છે. તેની પાસેનો ગાઉન મકાઈદાણાના રંગનો છે.

પછી વારો આવે છે કર્નલ આર્બથનોટનો. તે પોઇરટને કહે છે કે હું હિંદુસ્તાનથી સિરિયા જમીનરસ્તે આવેલો. મિસ ડેબનહેમને કિરકુકથી નિસિબીન જતી ટ્રેન પર હું પહેલી વાર મળ્યો - પોઇરટ પણ એ જ ટ્રેનમાં

મુસાફરી કરી રહ્યો હતો. મિસ ડેબનહેમ અંગેની પૂછપરછના જવાબમાં કર્નલ કહે છે કે તે એક ખાનદાન બાનુ છે અને ખૂન જેવા ગુનામાં તે સંડોવાઈ હોય તે શક્ય નથી. હું પોતે ગઈ કાલે મોડી રાત સુધી હેક્ટર મૅક્ક્વીન સાથે હિંદુસ્તાન વિશે વાતો કરતો બેઠો હતો. એ દરમિયાન મેં પાઈપ પીધી હતી. કમ્પાર્ટમેન્ટના પૅસેજમાંથી મેં માત્ર એક સ્ત્રીને પસાર થતી જોઈ હતી. તેના સેન્ટની મીઠી ખુશબૂને કારણે મારું ધ્યાન તેના તરફ ગયું હતું. રાતે લગભગ પોણા ત્રણ વાગે હું મારા કમ્પાર્ટમેન્ટમાં જઈને સૂઈ ગયો હતો. જતી વખતે મેં જોયું કે ૧૬ નંબરના કમ્પાર્ટમેન્ટનું બારણું જરાક ખુલ્લું હતું અને એક માણસ બારણાની તડમાંથી જોઈ રહ્યો હતો, પણ મને આવતો જોઈને તેણે તરત બારણું બંધ કરી દીધેલું.

પોઈરટે તરત જ ૧૬ નંબરના કમ્પાર્ટમેન્ટના મુસાફર મિસ્ટર હાર્ડમૅનને ઊલટતપાસ માટે બોલાવ્યો. તેના પાસપોર્ટ પર એવી માહિતી હતી કે ટાઈપરાઈટરની રિબન વેચતા સેલ્સમૅન તરીકે તે મુસાફરી કરી રહ્યો હતો, પણ જ્યારે પોઈરટે તેને પોતાની ઓળખાણ ખાનગી જાસૂસ તરીકે આપી ત્યારે હાર્ડમૅને કહ્યું કે હું પણ ખાનગી જાસૂસ છું, ન્યૂ યૉર્કની મૅક્નિલ ડિટેક્ટિવ એજન્સીમાં કામ કરું છું. કેટલાક ગુંડાઓનો પીછો કરતો હું યુરોપ આવેલો, પણ પછી રેટચેટે મને પોતાની સલામતી માટે રોકી લીધેલો. રેટચેટે મને કેટલાક પત્રો બતાવેલા જેમાં તેને મારી નાખવાની ધમકી આપી હતી. તેણે એમ પણ કહેલું કે એક ઠીંગણો, શામળો માણસ મારી પાછળ પડ્યો છે અને તેનો અવાજ બૈરાના અવાજ જેવો છે. મારે રેટચેટની બાજુના જ કમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરવી હતી પણ મને મળ્યું કમ્પાર્ટમેન્ટ નંબર ૧૬. એટલે બારણું થોડું ખુલ્લું રાખીને આવતાંજતાં પર નજર રાખતો હતો, પણ ખૂન થયું તે રાતે મેં કોઈને શંકાસ્પદ રીતે આવતાંજતાં જોયા નહોતાં. આ રેટચેટ તે બીજું કોઈ નહીં, પણ આર્મસ્ટ્રૉંગ કુટુંબની બાળકીનું અપહરણ અને ખૂન કરનાર કેસેટી હતો એ હકીકત પોઈરટ પાસેથી જાણીને હાર્ડમૅનને આંચકો લાગે છે. તે કહે છે કે એ બનાવ બન્યો ત્યારે હું દેશમાં નહોતો એટલે મને પૂરી વિગતો ખબર નથી.

પછી આવ્યો એન્ટોનિયો ફોસ્કાનેલી. મૂળ ઇટાલિયન, પણ નાગરિક અમેરિકાનો. ફૉર્ડ કંપનીમાં નોકરી. આર્મસ્ટ્રૉન્ગ કેસ વિશે હું ખાસ જાણતો નથી એમ તેણે કહ્યું. ગઈ રાતે હું હાર્ડમૅન સાથે વાતો કરતો

બેઠો હતો અને પછી મારા કમ્પાર્ટમેન્ટમાં ગયો. મારો સાથી મુસાફર ઘોરતો હતો એટલે મને સરખી ઊંઘ ન આવી. પોઈરટે નોંધ્યું કે એન્ટોનિયો સિગરેટ પીતો હતો. પછી આવે છે કાળો સૂટ પહેરીને મેરી ડેબનહામ. કહે છે : 'મારી ઉંમર ૨૬, વતની ઇંગ્લૅન્ડની. ગઈ રાતે વહેલી સૂઈ ગયેલી, આખી રાત ગાઢ નીંદરમાં. સવારે પાંચેક વાગે ઊઠી ત્યારે ખ્યાલ આવ્યો છે કે ટ્રેન થોભી ગઈ છે. બારણા બહાર જોયું ત્યારે જાંબલી રંગનો કિમોનો પહરેલી એક સ્ત્રીને પસાર થતી જોઈ. સોટા જેવી, ઊંચી, પાતળી. માથે હૅટ હતી.' રેટચેટના ખૂનના ખબરથી મેરી ખાસ પ્રભાવિત થતી નથી. 'મેં રેટચેટને કાલે એકાદ વાર જ જોયેલો.' મેરીના જ કમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરતી ગ્રેટા વિશે પોઈરટે પૂછપરછ કરી. સારી છે ગ્રેટા. તેનો ગાઉન કથ્થાઈ રંગનો છે. મેરીનો પોતાનો ગાઉન આછા પીળા રંગનો છે. ઇસ્તામ્બુલ જતી વખતે પણ તેની પાસે આ જ ગાઉન હતો. 'રેટચેટના ખૂન અંગે મારા પર શંકા છે એમ લાગવાથી ગ્રેટા ઘણી અસ્વસ્થ થઈ ગઈ છે' એમ પણ મેરીએ કહ્યું. ગઈ રાતે લગભગ સાડાદસે ગ્રેટા મિસિસ હર્બાડને દવા આપવા ગયેલી અને પાંચ મિનિટમાં પાછી આવેલી. ત્યારે પોઈરટે ડૉક્ટરને પૂછ્યું કે રેટચેટનું ખૂન રાતના સાડાદસ પહેલાં થયું હોય એમ બને ? ડૉક્ટર : ' ના, એ શક્ય નથી.' પોઈરટે મેરીને કહ્યું કે ગ્રેટાને કહેજે કે મને તેના પર શક નથી.

ડૉક્ટર અને મિસ્ટર બોક સાથેની વાતચીતમાં પોઈરટ કહે છે કે ખૂન અંગે મને મેરી પર શક છે. પછી પ્રિન્સેસ ડ્રેગોમિરોફની નોકરાણીની ઊલટતપાસ લેવાય છે. તેની વાત : 'રાતે વહેલી સૂઈ ગયેલી, પણ પછી પ્રિન્સેસે બોલાવી એટલે તેની પાસે ગઈ. પ્રિન્સેસને મસાજ કર્યો, પછી વાંચી સંભળાવ્યું. પ્રિન્સેસ સૂઈ ગયાં તે પછી હુંય મારા કમ્પાર્ટમેન્ટમાં જઈ સૂઈ ગઈ. રસ્તામાં કંડક્ટર સાથે હું ભટકાઈ પડી. તેણે મારી માફી માગી. મિસિસ હર્બાડ જોરજોરથી ઘંટડી વગાડતી હતી, પણ કન્ડક્ટર તેની પાસે ગયો નહોતો.' પોઈરટે બધા કન્ડક્ટરને બોલાવી ઓળખપરેડ કરાવી, પણ પ્રિન્સેસની નોકરાણી તેમાંથી કોઈને ઓળખી શકી નહીં. તેણે કહ્યું : 'મારી સાથે જે માણસ ભટકાયો હતો તે આમાંનો કોઈ નહોતો. એ તો હતો એક ઠીંગણો અને શામળો માણસ. રેટચેટના કમ્પાપાર્ટમેન્ટમાંથી મળી આવેલો રૂમાલ મારો નથી, એ કોનો છે તેની મને ખબર નથી.' આ બધું કહેતી વખતે નોકરાણીના અવાજમાં અનિશ્ચિતતાની ધ્રુજારી હતી એ પોઈરટે નોંધ્યું.

હવે ડૉક્ટર અને મિસ્ટર બોક સાથે પોઈરટ ફરી ચર્ચા કરે છે. રેટચેટના શરીર પર બાર ઘા થયા છે - આ એક જ વાત પોઈરટને મતે નિર્વિવાદ રીતે પુરવાર થઈ છે. ખૂન ક્યારે થયું ? ત્રણ સંભવિતતા: કાં રાતે સવા વાગે, કાં તેથી પહેલાં, કાં તેની પછી. પેલા ઠીંગણા, શામળા માણસની વાત પણ સાચી છે કે કેમ તે અંગે પોઈરટને શંકા છે. આવો કોઈ કન્ડક્ટર આ ટ્રેન પર તો નથી જ. પોઈરટ : બે શક્યતા છે, એ માણસ ક્યાંક છુપાઈ ગયો છે અથવા ખૂન એક કરતાં વધુ માણસોએ કર્યું છે. અને હા, પેલો જાંબલી રંગનો કિમોનો પણ મળ્યો નથી., બધા મુસાફરોનો સામાન તપાસવાનું નક્કી કરી પોઈરટ તે માટે જતો હોય છે ત્યાં જ મિસિસ હર્બાડ દોડતી , બૂમો પાડતી આવે છે : 'અરે, જુઓ તો ખરા, આ શો કાળો કેર? મારી નાનકડી બૅગમાંથી નીકળ્યો મોટો છરો અને એય પાછો લોહીથી તરબોળ !' આટલું બોલતામાં તો મિસિસ હર્બાડ બેભાન થઈને ઢળી પડી. તેને ત્યાં જ રહેવા દઈ પોઈરટ અને બોક તેના કમ્પાર્ટમેન્ટની તલાશી લેવા દોડ્યા. બધા મુસાફરો ત્યાં એકઠા થઈ ગયેલા. બે કમ્પાર્ટમેન્ટ વચ્ચેના દરવાજા પર હર્બાડની બૅગ લટકતી હતી, નીચે ફર્શ પર મોટો છરો પડ્યો હતો. સસ્તો, પણ ધારદાર, થોડો કટાયેલો. ડૉક્ટર કહે છે કે રેટચેટના શરીર પરના ઘા આ છરાથી થઈ શક્યા હોય. મિસિસિ હબાર્ડ ભાનમાં આવીને પાછી ફરે છે. પોઈરટ : 'ગ્રેટાએ રાતે જતાં પહેલાં આ દરવાજો બંધ કરેલો તેની તમને ખાતરી છે? હર્બાડ : 'હા, હા, મેં નજરોનજર જોયેલું.' પોઈરટ : 'ગ્રેટાએ હૅન્ડલ ખેંચ્યું હોય, પણ દરવાજો બંધ કર્યો ન હોય એવું ન બને ?' મિસિસ હર્બાડ બીજા કમ્પાર્ટમેન્ટમાં ખસેડ્યા પછી પોઈરટે તેનો સામાન તપાસ્યો. પણ તેમાંથી કશું વાંધાજનક મળ્યું નહીં, પણ બીજા મુસાફરોના સામાનમાંથી શું મળ્યું ?

ઓરિયૅન્ટ એક્સપ્રેસ ટ્રેન પર થયેલા ખૂનની તપાસ દરમિયાન પોઈરટ બધાં મુસાફરોનો સામાન તપાસે છે. કર્નલ આર્બથનોટના સામાનમાંથી હોકલી સાફ કરવાનું સાધન મળે છે. કાઉન્ટેસની સૂટકેસ પરનું લેબલ ભીનું થયેલું છે અને પેલો ખૂબ વગોવાયેલો કિમોનો તો મળી આવે છે ખુદ પોઈરટની પોતાની સૂટકેસ પરથી જ. પોઈરટ સાથેની વાતમાં પ્રિન્સેસ કહે છે, 'રેટચેટે જેનું ખૂન કરેલું તે ત્રણ વર્ષની બાળકીની મા સોનિયા આર્મસ્ટ્રૉન્ગ માટે મને ઘણો પ્રેમ છે. મેરી અને કર્નલ વચ્ચેની

કાને પડેલી વાતચીત અંગે પોઈરટ મેરીને પૂછે છે, પણ તે કશો ખુલાસો કરવાની ના પાડી દે છે. પણ તે કહે છે કે, 'મેં અગાઉ ક્યારેય રેટચેટને જોયો નહોતો અને કર્નલને પણ હું પહેલેથી ઓળખતી નથી.' પછી પોઈરટ, મિસ્ટર બોક અને ડૉક્ટર ચર્ચા કરવા ડાઈનિંગકારમાં બેસે છે. પોઈરટ કહે છે કે મૅક્ક્વીનના કહેવા પ્રમાણે રેટચેટ ફ્રેન્ચ ભાષા જાણતો નહોતો. એટલે ૧૨:૪૭ વાગે રેટચેટના કમ્પાર્ટમેન્ટમાંથી જે બૂમ સંભળાઈ તે બીજા કોઈએ પાડેલી, કારણ તે ફ્રેન્ચ ભાષામાં પડાઈ હતી. રેટચેટના કમ્પાર્ટમેન્ટમાં કોઈ ત્યારે જ ઘૂસી શક્યું હોય, જ્યારે ટ્રેન સ્ટેશન પર ઊભી હતી. કારણ તે વખતે કન્ડક્ટરો ટ્રેનમાંથી નીચે ઊતર્યા હોય. પછી પોઈરટ કેટલાક સવાલ રજૂ કરે છે. એક : 'રેટચેટના કમ્પાર્ટમેન્ટમાંથી મળેલો રૂમાલ કોનો હતો ? બે : 'પાઈપ સાફ કરવાનું સાધન મળી આવ્યું તે કોનું હતું ?' ત્રણ : 'પેલો જાંબલી કિમોનો કોણે પહેર્યો હતો ?' ચાર: 'કન્ડક્ટરનો યુનિફૉર્મ કોણે પહેરી લીધો હતો ?' પાંચ : 'રેટચેટની ઘડિયાળ ૧:૧૫ વાગે બંધ કેમ થઈ ગઈ ? છ : 'ખૂન કેટલા વાગે થયું અને કેટલા માણસોએ કર્યું ?' પછી પોઈરટ પોતે જ જવાબો આપવા લાગે છે. 'હાથરૂમાલ કદાચ ખરેખર પડી ગયેલો, પણ પાઈપ સાફ કરવાનું સાધન જાણી જોઈને મૂકવામાં આવેલું, તપાસને ગેરમાર્ગે દોરવવા.' પોઈરટ કહે છે કે, દરેક મુસાફર પાસે મેં તેનું નામ લખાવ્યું છે; લખવા માટે બધાએ પેન જમણે હાથે ઉપાડેલી, માત્ર પ્રિન્સેસે પોતાનું નામ લખી આપવાની ના પાડી. રેટચેટ પર થયેલા ઘામાં કેટલાક કોઈક ડાબોડીએ કરેલા છે. એ ઘા પ્રિન્સેસે કર્યા હોય. પોતે ડાબોડી છે એ હકીકત સંતાડવા તેણે નામ લખવાની ના પાડી. ડૉક્ટર કહે છે કે હુમલો કરનાર એક - બે નહીં, ઘણા લોકો હોવા જોઈએ.' પોઈરટ કહે છે કે, 'કાઉન્ટેસનું સાચું નામ હેલેના ગોલ્ડનબર્ગ છે અને તે લિન્ડા આર્ડનની દીકરી તથા મિસિસ આર્મસ્ટ્રૉન્ગની બહેન છે. રેટચેટના કમ્પાર્ટમેન્ટમાંથી જે અડધો બળેલો કાગળ મળી આવ્યો તે મૅક્ક્વીન કહે છે તેમ તેણે પોતે નહોતો બાળી નાખ્યો, પણ ખૂનીઓએ બાળી નાખેલો. કાઉન્ટેસે પોતાના પાસપોર્ટ પર જાણી જોઈને ચીકણા ડાઘ પાડ્યા છે - પોતાનું ખરું નામ છુપાવવા માટે. 'પછી પોઈરટ કાઉન્ટેસને બોલાવે છે અને કહે છે કે, 'તમારું ખરું નામ શું છે તે હું જાણું છું. તમારું નામ છે હેલેના ગોલ્ડનબર્ગ, મિસિસ આર્મસ્ટ્રૉન્ગની બહેન.' કાઉન્ટેસ આ વાત તરત કબૂલી લે છે. પણ કહે છે કે, 'મેં રેટચેટને માર્યો નથી. હું મારા કમ્પાર્ટમેન્ટમાંથી બહાર નીકળી

જ નહોતી. પેલો મળી આવેલો રૂમાલ પણ મારો નથી.' ડેઝીની નર્સ સુઝાન વિશેના સવાલોના જવાબમાં કાઉન્ટેસ કહે છે કે, 'તે ફ્રેન્ચ હતી અને પોતે ખૂનમાં સંડોવાયેલી છે એવો શક ગયો છે એમ જણાતાં તેણે આપઘાત કરેલો.' ત્યાં જ પ્રિન્સેસ આવી પહોંચે છે અને પોઇરટને કહે છે : 'મને જાણવા મળ્યું છે કે મારો એક રૂમાલ તમારી પાસે છે.' પોઇરટ પેલો રૂમાલ તેની સામે ધરે છે. પ્રિન્સેસ કહે છે કે, 'આ રૂમાલ રેટચેટના કમ્પાર્ટમેન્ટમાં કઈ રીતે પહોંચ્યો તે મને સમજાતું નથી.' સાવ દૂબળી - પાતળી પ્રિન્સેસને જોઈ ડૉક્ટર પોઇરટને કહે છે કે આ સ્ત્રી તે વળી કોઈનું ખૂન શું કરવાની હતી ? પણ પોઇરટ કશુંક જુદું વિચારે છે. કર્નલ આર્બથનોટને બોલાવીને પોઇરટ પાઈપ સાફ કરવાના સાધન વિશે પૂછે છે. આર્બથનોટ 'હું એ અંગે કશું જાણતો નથી' એમ કહે છે. કહે છે કે, 'રેટચેટ સાથે હું તો એક અક્ષરે બોલ્યો નથી.' પોઇરટ : 'બોલ્યા ભલે ન હો, પણ તમે તેનું ખૂન કર્યું હોય એ બનવાજોગ છે.' મેરીને બોલાવીને પોઇરટ કહે છે કે, 'નાની બાળકી ડેઝીનું ખૂન થયું ત્યારે તું આર્મસ્ટ્રૉન્ગ કુટુંબમાં નોકરી કરતી હતી એ વાત તેં છુપાવી કેમ ?' 'મેરી કબૂલ કરે છે કે, 'હું તે વખતે એ કુટુંબમાં રહેતી હતી. પણ જો એ વાત જાણે તો બીજું કોઈ મને નોકરીએ રાખે નહીં એટલે હું એ વાત છુપાવતી રહી.' પછી મેરી રડી પડે છે ત્યારે કર્નલ ઉશ્કેરાઈ જાય છે ને પોઇરટને ધમકાવવા લાગે છે.

મિસ્ટર બોક કહે છે કે આ તો જાણે દરેક મુસાફરને આર્મસ્ટ્રૉન્ગ કુટુંબ સાથે લાગતુંવળગતું હોય એમ લાગે છે. પોઇરટ કહે છે કે તમે કદાચ આજાણતાં, પણ સત્ય ઉચ્ચાર્યું છે. ઇટાલિયન એન્ટોનિયો પણ કબૂલ કરે છે કે તે અગાઉ આર્મસ્ટ્રોન્ગના કુટુંબમાં શૉફર તરીકે કામ કરતો હતો અને ડેઝી ઘણીવાર મારા ખોળામાં બેસીને મોટર ચલાવતી. ગ્રેટા તો આવતાવેંત જ રડવા લાગે છે. કબૂલ કરે છેઃ ડેઝીની નર્સ તે હું જ. મારે એ વાત પહેલેથી જણાવવી જોઈતી હતી. માસ્ટરમૅન પણ સામે ચાલીને કહે છે કે અગાઉ હું કર્નલ આર્મસ્ટ્રૉન્ગને ત્યાં નોકરી કરી ચૂક્યો છું. પણ તે એન્ટોનિયોને બચાવવાનો પ્રયત્ન કરે છે : 'એ બચાડાનું માખી મારવાનુંય ગજું નથી.' હાર્ડમૅન આવે છે ત્યારે તે પોઇરટને કહે છે કે એને આર્મસ્ટ્રૉન્ગ કુટુંબ સાથે કશું લાગતુંવળગતું નથી. પછી તે પોઇરટને પૂછે છે : 'પેલી અમેરિકન સ્ત્રી અને તેની નોકરાણી ખરેખર કોણ છે તે તમે જાણો છો ?' પોઇરટ : 'હા, આર્મસ્ટ્રૉન્ગ કુટુંબની રસોઈયણ અને

ઘરનોકરાણી. હાર્ડમૅન : 'રેટચેટનું ખૂન કોણે કર્યું તે જાણો છો ?' પોઇરટ: 'એની તો મને ક્યારનીય ખબર પડી ગઈ છે.' પછી પોઇરટ બધા મુસાફરોને ડાઈનિંગ કારમાં એકઠા કરે છે. બધાં એકઠાં થયા પછી પોઇરટ : 'બે શક્યતાઓ રહેલી છે. બેમાંથી કઈ સ્વીકારવા જેવી છે તે ડૉક્ટર અને મિસ્ટર બોક નક્કી કરશે. પહેલી શક્યતા : ટ્રેન સ્ટેશને ઊભી હતી ત્યારે ખૂની ટ્રેનમાં ચડ્યો. તેણે કન્ડક્ટરનાં કપડાં પહેરી લીધાં. પછી રેટચેટના કમ્પાર્ટમેન્ટમાં જઈ તેનું ખૂન કર્યું. ખૂન રાતે ૧૨:૧૫ વાગે થયું. ૧૨:૪૭ વાગે જે અવાજ સંભળાયો તે કોઈ ત્રીજી વ્યક્તિનો હતો.

બીજી શક્યતા : મૅક્‌ક્વીનની બીજી ઊલટતપાસ પછી મારી શંકા દૃઢ થવા લાગી. 'આર્મસ્ટ્રૉન્ગના નામવાળા કાગળની વાત પોઇરટે કરી ત્યારે મૅક્‌ક્વીન પણ એ કાગળ તો... - આટલું બોલી અટકી ગયેલો. તેથી પોઇરટને ખાતરી થયેલી કે કાગળ બાળી નંખાયો હોવાનું તે જાણે છે અને તેથી રેટચેટના ખૂન સાથે સંકળાયેલો છે. માસ્ટરમૅને કહેલું કે સૂતાં પહેલાં રેટચેટને દારૂ પીવાની ટેવ હતી. પણ આ શક્ય નથી. જેને માથે મોત ભમતું હોય તે માણસ સૂતાં પહેલાં દારૂ ન પીએ. મિસ ડેબનહેમ અને કર્નલ એકબીજાંને પહેલેથી ઓળખે છે. કર્નલ મિસ ડેબનહેમને 'મેરી' કહી બોલાવે છે. કોઈ અંગ્રેજ બચ્ચો અજાણી સ્ત્રીને તેના પહેલા નામથી બોલાવે નહીં. મિસિસ હર્બાર્ડે ગ્રેટાને બારણું બંધ છે કે નહીં તે જોવા કહેલું એ વાત ખોટી છે. કારણ બારણાનો આગળિયો મિસિસ હર્બાર્ડ પોતે જ જોઈ શકે તેમ હતું. હકીકતમાં રેટચેટનું ખૂન ૧૨:૪૭ વાગે નહીં, પણ સવારે બે વાગ્યાના સુમારે થયું હતું. ૧૨:૪૭ વાગે આખો ત્રાગડો ભુલાવામાં નાખવા માટે રચાયો હતો. એક જ ટ્રેનના એક જ ડબ્બામાં આર્મસ્ટ્રૉન્ગ કુટુંબ સાથે સંકળાયેલાં આટલાં લોકો પ્રવાસ કરતા હોય તે અણધાર્યો અકસ્માત ન જ હોય. એ બધાં ખૂન સાથે સંકળાયેલાં છે. આર્મસ્ટ્રૉન્ગ કુટુંબે પોતાની બાર જણાની જ્યૂરી બનાવી. એ બારે જણાએ રેટચેટ પર એક - એક ઘા કર્યો. અદાલતની સજામાંથી રેટચેટ બચી ગયો, પણ આર્મસ્ટ્રૉન્ગ કુટુંબે તેને સજા કરી. પણ કન્ડક્ટરનાં કપડાં પહેરેલા માણસને ગણીએ તો કુલ ૧૩ જણા થાય, બાર નહીં ! પોઇરટ : 'પ્રિન્સેસ નિર્દોષ છે. તેને બદલે તેનો વર સંડોવાયેલો છે.' પછી મિસિસ હર્બાર્ડ તરફ જોઈ પોઇરટ : 'તમારું ખરું નામ છે લિન્ડા આર્ડન, મશહૂર અભિનેત્રી અને સોફિયા આર્મસ્ટ્રૉન્ગની મા.' પછી લિન્ડા આખું કાવતરું પોઇરટને સમજાવે છે. 'અદાલતે જે સજા રેટચેટને કરી હોત તે અમે કરી.

તેમ કરીને બીજી કેટલીયે નિર્દોષ બાળકીઓના જાન બચાવ્યા. ખૂનના આરોપમાં મને એકલીને પકડો. બીજાંને જવા દો. તમારી બીજી શક્યતા સાચી છે.' ત્યારે પોઇરટ કહે છે : 'આપણે પોલીસ પાસે પહેલી શક્યતાની જ વાત કરશું. આર્મસ્ટ્રૉન્ગ કુટુંબની આબરુ બચાવવા તેમ કરવું જરૂરી છે.' ડૉક્ટર અને મિસ્ટર બોક પણ પોઇરટની વાત માની લે છે. આમ, બાર ખૂની શોધાયા ખરા, પણ પકડાયા નહીં.

●

૪૩. આંતરવિગ્રહની અને પ્રણયવિગ્રહની કથા
ગોન વિથ ધ વિન્ડ/ માર્ગરેટ મિચેલ

અંગ્રેજીમાં જેને 'ઍક્સિડન્ટ-પ્રોન' કહે છે તેવી સ્ત્રી હતી એ. આખી જિંદગી દરમિયાન નાના-મોટા અકસ્માતોનો ભોગ બનતી જ રહી. નાનપણમાં ફ્રૉક સળગ્યું અને બંને પગે દાઝી ગઈ એ પહેલો અકસ્માત. ત્રણ ત્રણ વખત તો મોટર ઍક્સિડન્ટનો ભોગ બની એ. બે વખત હાડકાં-પાંસળાં ભાંગ્યાં, લાંબો વખત પથારીવશ રહી. પણ ૧૯૪૯ના ઑગસ્ટની ૧૧મી તારીખે જે ત્રીજો મોટર અકસ્માત નડ્યો તે જીવલેણ નીવડ્યો. પાંચ દિવસ બેભાન રહ્યા પછી ઑગસ્ટની ૧૬મી તારીખે તેનું અવસાન થયું. એ સ્ત્રીનું નામ: માર્ગરેટ મિચેલ.

પણ માર્ગરેટના જીવનમાં સૌથી મોટો - અને સૌથી સુખદ અકસ્માત બન્યો તે તો ૧૯૩૬ના જુલાઈની૩૦મી તારીખે. તે દિવસ સુધી એ એક અનામી સ્ત્રી હતી. તે દિવસ પછી તેનું નામ અમેરિકામાં ઘરે ઘરે જાણીતું થઈ ગયું, તેણે લખેલી નવલકથા 'ગોન વિથ ધ વિન્ડ'ને કારણે. ઈ. સ. ૧૯૦૦ના નવેમ્બરની ૮મીએ જન્મેલી માર્ગરેટે નાનપણથી જ પોતાનાં દાદી અને બીજાં વડીલોના ખોળામાં બેસીને અમેરિકન આંતરવિગ્રહ વિશેની જાતજાતની વાતો સાંભળેલી. જ્યૉર્જિયા રાજ્યના ઍટલાન્ટામાં જન્મી અને ઊછરી. ગુલામી પ્રથાની તરફેણમાં દક્ષિણનાં જે સાત રાજ્યોએ સંઘ સરકાર સામે મોરચો માંડેલો તેમાંનું એક રાજ્ય જ્યૉર્જિયા. એટલે માર્ગરેટ નાનપણથી જ આંતરવિગ્રહ વિશેની અનેક વાતોથી પરિચિત બની. વળી માતા મેબેલ જોડાયેલી હતી સ્ત્રીઓ માટે મતાધિકાર મેળવવાની ચળવળમાં. ઍટલાન્ટાના આવા જૂથની તે પ્રમુખ હતી એથી તેમની ઘણી મિટિંગ મેબેલને ત્યાં મળતી ત્યારે એ સ્ત્રીઓનાં સુખદુ:ખની વાતો ખૂણામાં ઊભા રહીને માર્ગરેટ સાંભળ્યા કરતી. પિતા યૂજિન સફળ વકીલ હતા પણ ઍટલાન્ટાના ઈતિહાસના જાણકાર હતા અને બે મોટી લાઇબ્રેરીઓ સાથે સંકળાયેલા હતા. એટલે

જે જોઈએ તે પુસ્તક વાંચવા માટે માર્ગરેટને સહેલાઈથી મળી રહેતું. સિવિલ વૉર અને સ્ત્રીઓની દશા વિશે વાંચી-સાંભળીને ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ અણનમ ટકી રહે તેવી વ્યક્તિઓ માટે માર્ગરેટના મનમાં બાળપણથી જ આદરભાવ બંધાયો. બાળપણથી જ પહેલાં વાર્તાઓ કહેવાનો અને પછી લખવાનો શોખ જાગ્યો. તેનાં માતા-પિતા તો લોકોમાં જાણીતાં હતાં જ, પણ માર્ગારેટનું પોતાનું વ્યક્તિત્વ પણ આકર્ષક અને મોહક હતું એટલે થોડી મોટી થયા પછી તે કોઈ પણ સમૂહમાં આકર્ષણનું કેન્દ્ર બની રહેતી, જેમ તેની નવલકથાની નાયિકા સ્કાર્લેટ ઓહારા બની રહે છે તેમ જ. ૧૯૧૯ના અરસામાં પહેલાં પ્રેમી ક્લિફર્ડનું અને પછી માતાનું અવસાન થયું અને પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ પડતો મૂકીને માર્ગરેટે વિધુર પિતા અને ઘરને સંભાળવાની જવાબદારી ઉપાડી લીધી. કિનાર્ડ અપ શૉ સાથેનું પ્રેમલગ્ન ઝાઝો વખત ટક્યું નહીં અને થોડા મહિના પછી જ બંનેએ છૂટાછેડા લીધા. ઍટલાન્ટા જર્નલ સનડે મૅગેઝિનમાં પહેલાં ફ્રીલાન્સર તરીકે લખતી થઈ અને પછી તેમાં નોકરી કરવા લાગી માર્ગરેટ. ૧૯૨૫માં જોન માર્શ સાથે બીજાં પ્રેમલગ્ન કર્યાં જે સુખી નીવડ્યાં. ૧૯૨૬માં નોકરી છોડીને માર્ગરેટ ફુલટાઈમ ગૃહિણી બની. એ જ વર્ષે એક અકસ્માતમાં ઘૂંટણ ભાંગ્યો અને લાંબો વખત પથારીવશ રહેવું પડ્યું. ઍટલાન્ટાના ઇતિહાસ અંગેનાં પુસ્તકો સ્થાનિક લાઈબ્રેરીમાંથી પતિ નિયમિત લઈ આવતો તે વાંચવા લાગી. થોડા મહિનામાં માર્ગરેટે બધાં પુસ્તકો વાંચી નાખ્યાં ત્યારે પતિએ કહ્યું કે હવે નવું પુસ્તક વાંચવું હોય તો એ તારે જ લખવું પડશે ! બસ, આટલી એક ટકોર અને માર્ગરેટે 'ગોન વિથ ધ વિન્ડ' લખવાનું શરૂ કર્યું. પૂરાં દસ વર્ષ તેણે આ નવલકથા પર કામ કર્યું. પોતે જે લખે છે તે પ્રગટ થઈ શકે એવો તો ઘણાં વર્ષો સુધી તેને ખ્યાલ જ નહોતો આવ્યો. એ તો પોતાના આનંદ ખાતર લખ્યે જતી હતી. નવા લેખકોની શોધમાં નીકળેલો મૅક્મિલન કંપનીનો હેરોલ્ડ લેથામ નામનો પ્રતિનિધિ ૧૯૩૫માં માર્ગારેટને મળ્યો. અચકાતાં અચકાતાં તેણે હસ્તપ્રત લેથૉમને આપી. થોડો વખત વીત્યા પછી માર્ગરેટના મનમાંથી નવલકથાની વાત લગભગ નીકળી ગઈ હતી. ત્યાં અચાનક ૨૧મી જુલાઈએ તેને મૅક્મિલન તરફથી તાર મળ્યો. 'પુસ્તક પ્રગટ કરશું. પહેલી દસ હજાર નકલ પર દસ ટકા અને પછીની નકલો પર પંદર ટકા રૉયલ્ટી આપશું. તારથી જવાબ આપો એટલે કૉન્ટ્રેક્ટ મોકલીએ.' પછી પ્રકાશકના એડિટરની સૂચના પ્રમાણે

માર્ગરેટે કેટલાક ફેરફારો કર્યા. કેટલોક ભાગ ફરી લખ્યો, અમુક પાત્રોનાં નામ બદલ્યાં. પણ સૌથી મોટી મુશ્કેલી તો નવલકથાને શું નામ આપવું તેની હતી. 'અનધર ડે', 'પેન્સી', 'ટુમૉરો ઈઝ અનધર ડે', 'ટુમૉરો ઍન્ડ ટુમૉરો', 'ધેર ઈઝ ઑલવેઝ ટુમૉરો', 'ટુમૉરો વિલ બી ફેર', 'ટુમૉરો મૉર્નિંગ' વગેરે ઘણાં નામ સૂચવાયાં અને બાજુ પર હડસેલાયાં. છેવટે માર્ગરેટે પોતે જ 'ગોન વિથ ધ વિન્ડ' નામ સૂચવ્યું જે પ્રકાશકે તરત સ્વીકારી લીધું. પણ આ તબક્કે પ્રકાશકના એડિટરે કથાના મુખ્ય પાત્ર 'પેન્સી'નું નામ બદલવા કહ્યું અને તેનું નામ છેવટે પડ્યું સ્કાર્લેટ ઓહારા. ફરી આખી હસ્તપ્રતમાં નામ બદલવાનું કામ માર્ગરેટે કરવું પડ્યું. પુસ્તક પ્રગટ થાય તે દિવસે ન્યૂયૉર્કમાં હાજર રહેવાનું પ્રકાશક મૅક્‌મિલન કંપનીનું આમંત્રણ નબળી તબિયતને કારણે માર્ગરેટે નકાર્યું એટલે પછી પ્રકાશકે એટલાન્ટા લાઈબ્રેરી ક્લબમાં માર્ગરેટનું ભાષણ ગોઠવ્યું. પુસ્તક પ્રગટ થતાંવેંત રાતોરાત માર્ગરેટ સેલિબ્રિટી બની જશે એની ખાતરી પ્રકાશકને હતી અને એવું બને તે માટે તૈયાર રહેવા તેમણે માર્ગરેટ અને તેના પતિને સૂચવ્યું પણ હતું. પણ તેમણે એ સૂચન બહુ ગંભીરતાથી લીધું નહીં. પ્રકાશકે પુસ્તકની એક લાખ નકલ છાપીને તૈયાર રાખેલી. પુસ્તક પ્રગટ થયું તે દિવસે માર્ગરેટ ઍટલાન્ટાની ડેવિડસન્સ નામની પુસ્તકોની દુકાને ગઈ અને પોતાની નવલકથા ખરીદવા માટે લોકો જે રીતે પડાપડી કરી રહ્યા હતા તે જોઈ તે આભી જ બની ગઈ. વીસમી સદીની પહેલી બ્લૉકબસ્ટર નવલકથા પ્રગટ થઈ ચૂકી હતી. ૧૯૯૫ સુધીમાં 'ગોન વિથ ધ વિન્ડ'ની ત્રણ કરોડ નકલ વેચાઈ છે ! ૨૩ ભાષામાં તેના અનુવાદ થયા છે. માર્ગરેટને ૧૯૩૭નું પુલિત્ઝર પ્રાઈઝ મળ્યું અને નવલકથા પરથી ફિલ્મ બનાવવાના હક્ક પચાસ હજાર ડૉલરમાં વેચાયા. અગાઉ કોઈ પુસ્તક પરથી ફિલ્મ બનાવવા માટે આટલી મોટી રકમ કોઈ લેખકને ચૂકવાઈ નહોતી. ૧૯૩૯ના ડિસેમ્બરની ૧૫મી તારીખે 'ગોન વિથ ધ વિન્ડ' ફિલ્મ રિલીઝ થઈ અને તેને પણ રાતોરાત અસાધારણ સફળતા મળી. ૧૯૩૯માં તેને સર્વોત્તમ ફિલ્મ માટેના ઍવૉર્ડ સહિત આઠ ઓસ્કાર મળ્યા.

'ગોન વિથ ધ વિન્ડ'માં લેખિકાએ અમેરિકાનાં ઉત્તર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચેના આંતરવિગ્રહની અને અનેક પાત્રોના પરસ્પરના વિગ્રહની વાત અત્યંત કુશળતાથી વણી લીધી છે. સોળ વરસની કન્યા આળસ મરડે રે એવી સ્કાર્લેટને આપણે કથાના આરંભમાં જોઈએ છીએ

એક સાથે બે પુરુષો સાથે ફ્લર્ટ કરતી. પણ સ્કાર્લેટ ચાહે છે એશલે નામના એક ત્રીજા યુવકને. પણ એશલે ચાહે છે મેલોનીને. બધા પુરુષોના આકર્ષણનું કેન્દ્ર બની રહેતી સ્કાર્લેટની બીજી બધી સ્ત્રીઓ ઈર્ષા કરે છે, પણ મેલોનીને તેની ઈર્ષા નથી. પાર્ટીમાં પુરુષો બધા આવી રહેલા આંતરવિગ્રહની ચર્ચા કરતા હોય છે અને ગુલામી તરફી દક્ષિણનાં રાજ્યો જીતી જશે એમ કહેતા હોય છે, ત્યારે રેહટ બટલર નામનો એક પુરુષ સાવ જુદો અભિપ્રાય વ્યક્ત કરે છે અને અહીંથી જ પ્રેમ, દ્વેષ, ઈર્ષાની કથા સાથે લેખિકા આંતરવિગ્રહને સાંકળી લે છે. 'હું તને ચાહું છું અને તારી સાથે લગ્ન કરવા માગું છું.' એમ સ્કાર્લેટ એશલેને કહે છે. પણ એશલે તો આપણા સરસ્વતીચંદ્રનો ભાઈ નીકળે છે અને સ્કાર્લેટને કહે છે કે મને પણ તારા માટે પ્રેમ છે, પણ એક ભાઈને બહેન માટે હોય તેવો. જવાબમાં સ્કાર્લેટ મારે છે એશલેના ગાલ પર તમાચો! ઓરડામાં છુપાયેલો બટલર આ બધું જુએ છે અને એશલેના ગયા પછી સ્કાર્લેટ સામે પ્રગટ થાય છે ત્યારથી બંને વચ્ચે લવ-હેટનો સંબંધ શરૂ થાય છે. ચાર્લ્સ હેમિલ્ટન નામનો એક યુવક લગ્નની દરખાસ્ત રજૂ કરે છે અને માત્ર એશલેને જલાવવાના હેતુથી સ્કાર્લેટ તેની સાથે પરણી જાય છે. પણ લગ્ન પછી ચાર્લ્સ આંતરવિગ્રહમાં લડવા જાય છે અને મરાય છે. તે પછી સ્કાર્લેટ અને રેહટ એકબીજાં પ્રત્યે આકર્ષાઇ નજીક આવે.છે. ઍટલાન્ટા પર દુશ્મનનો હુમલો થતાં શહેર ખાલી થવા લાગે છે. એ જ વખતે એશલેની પત્ની મેલોનીને પ્રસૂતિની પીડા ઊપડે છે. કોઈ ડૉક્ટર ન મળતાં સ્કાર્લેટ તેની સુવાવડ કરે છે, અને પુત્રનો જન્મ થાય છે. પહેલાં જ્યાં રહેતાં હતાં તે તારા પ્લાન્ટેશન જવા માટે સ્કાર્લેટ, રેહટ, મેલોની અને તેનું બાળક ગાડીમાં નીકળે છે. પીછેહઠ કરતા દક્ષિણના લશ્કરે ધીખતી ધરા કરવા લગાડેલી આગમાંથી બધાં પસાર થાય છે. લૂંટારાઓના હુમલાનો ભોગ બને છે, પણ છેવટે બધા તારા પહોંચે છે. બધાંને મૂકીને રેહટ લડાઈમાં જોડાવા જાય છે.

તારા ખાતે બધું ખેદાનમેદાન થઈ ગયું છે એટલું જ નહીં, સ્કાર્લેટની મા મૃત્યુ પામી છે અને પિતા ચિત્તભ્રમની અવસ્થામાં છે. ઘર લૂંટાઈ ગયું છે. ગુજરાન ચલાવવા ખાતર સ્કાર્લેટ ખેતરમાં કપાસ વીણવાનું કામ કરવા લાગે છે. કારણ તેણે ભગવાનને સાક્ષી રાખીને કસમ ખાધા છે કે ગમે તે થાય પણ પોતે ભૂખે નહીં મરે. આંતરવિગ્રહ પૂરો થતાં એશલે ઘરે પાછો ફરે છે.

આંતરવિગ્રહ પછીના નવા વ્યવસ્થા તંત્રમાં તારા પ્લાન્ટેશનને માથે ૩૦૦ ડૉલરનો ટૅક્સ ભરવાનો આવે છે, પણ એટલા બધા પૈસા કાઢવા ક્યાંથી ? પોતાની મિલકત તેઓ વેચવા પણ નથી માગતા. રેહટ પાસેથી પણ સ્કાર્લેટને પૈસા નથી મળતા એટલે ૩૦૦ ડૉલર મેળવવા ખાતર સ્કાર્લેટ ફ્રૅન્ક કેનેડી નામના પુરુષને પરણી જાય છે. થોડા વખત પછી એક ધિંગાણામાં એશલે ઘવાય છે અને ફ્રૅન્ક કેનેડીનું મૃત્યુ થાય છે અને સ્કાર્લેટ બીજી વખત વિધવા બને છે. થોડા વખત પછી રેહટની દરખાસ્ત સ્વીકારી સ્કાર્લેટ તેની સાથે પરણી જાય છે. બંને ન્યૂ ઑર્લિયન્સ જઈ ધામધૂમથી હનીમૂન મનાવે છે અને પછી ઍટલાન્ટામાં રહેવા લાગે છે. બંનેને એક દીકરી થાય છે જેનું નામ પાડે છે બોની. પણ સ્કાર્લેટના મનમાંથી હજી એશલે ખસ્યો નથી એટલે ધૂંવાપૂંઆ થયેલો રેહટ બોનીને લઈને લંડન ચાલ્યો જાય છે, પણ બોનીને ત્યાં ગમતું નથી એટલે પાછો આવી સ્કાર્લેટ સાથે રહેવા લાગે છે. સ્કાર્લેટ ફરી સગર્ભા થાય છે. પણ દાદર પરથી પડી જતાં બાળકને ગુમાવે છે, ઊંચેથી કૂદવાનો અખતરો કરવા જતાં બોની પણ તેનાં મા-બાપની નજર સામે જ મૃત્યુ પામે છે. સ્કાર્લેટને હવે ખ્યાલ આવે છે કે હકીકતમાં તે ક્યારેય એશલેને ચાહતી નહોતી. પણ એશલેએ તેની અવગણના કરી તેથી તે તેની પાછળ પડી હતી. પોતે ખરેખર તો રેહટને જ ચાહે છે એમ પણ સ્કાર્લેટને લાગે છે, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. સ્કાર્લેટને છોડીને ચાર્લસ્ટન જવાનો નિર્ણય રેહટે લીધો છે. સ્કાર્લેટ તેને પૂછે છે:

'હવે હું ક્યાં જઈશ ? હવે હું શું કરીશ ?' અને ત્યારે આખી નવલકથામાંથી સૌથી વધુ જાણીતા થયેલા વાક્ય દ્વારા રેહટ તેને જવાબ આપે છે: 'માય ડિયર, આઈ ડોન્ટ ગિવ અ ડેમ.'

૧,૦૩૭ પાનાંની નવલકથાની આ તો રૂપરેખા છે. ૧૯૩૯માં તેના પરથી બનેલી ફિલ્મે ધૂમ મચાવી. પણ ૧૯૯૮માં તેનો નવાવતાર રજૂ થયો ત્યારે તે ખાસ ચાલી નહીં અને છતાં આજે પણ 'ગોન વિથ ધ વિન્ડ'નું સ્થાન સૌથી વધુ વેચાતી અને વંચાતી નવલકથાઓમાં છે.

●

૪૪. અનામી નાયિકાની રહસ્યકથા
રેબેકા/ દાફ્નૅ દ મોરિયર

એક નવલકથા. તેમાં બે મુખ્ય સ્ત્રીપાત્રો. પણ નવલકથાની શરૂઆત થાય છે તે પહેલાં તેમાંના એક સ્ત્રીપાત્રનું તો અવસાન થઈ ચૂક્યું છે. એટલે વાચક એ પાત્રને પ્રત્યક્ષપણે કથામાં ક્યારેય જોતો નથી. અલબત્ત, આખી કથા પર એ પાત્ર છવાયેલું રહ્યું છે, એટલું જ નહીં એ નવલકથાને નામ પણ એ સ્ત્રીપાત્રનું જ આપવામાં આવ્યું છે. બીજું સ્ત્રીપાત્ર આખી કથામાં સતત હાજર રહે છે એટલું જ નહીં, કથા તેને મુખે જ કહેવાઈ છે. એટલે કે તે કથાની નૅરેટર છે, પણ આખી નવલકથા પાંચ વાર વાંચી જાવ તોય આ બીજા સ્ત્રીપાત્રનું - નૅરેટરનું નામ ક્યાંય નહીં મળે. કથાનું એક પાત્ર જ નૅરેટર હોય ત્યારે તે પોતાનો ઉલ્લેખ નામથી ન કરે તે તો સમજાય, પણ આખી નવલકથા એવી ચતુરાઈપૂર્વક લખાઈ છે કે બીજું કોઈ પાત્ર પણ ક્યાંય આ નૅરેટરના નામનો ઉપયોગ જ નથી કરતું. આ નવલકથા તે 'રેબેકા'.

૧૯૩૮ના ઍપ્રિલમાં પ્રગટ થયેલી નવલકથા રેબેકા એક વિલક્ષણ નવલકથા છે. પ્રગટ થતાંવેંત ખૂબ લોકપ્રિય થઈ. ઑર્સન વેલ્સ જેવાએ આ નવલકથાનું રેડિયો-નાટ્યરૂપાંતર કરેલું જે કૅમ્પબેલ પ્લેહાઉસે ભજવેલું. તેમાં વેલ્સે પોતે મુખ્ય પુરુષ પાત્રની ભૂમિકા ભજવેલી. આ રેડિયો નાટક ૧૯૩૮ના ડિસેમ્બરમાં પ્રસારિત થયેલું. ત્યારબાદ ૧૯૩૯માં 'રેબેકા'ની લેખિકાએ પોતે તેનું નાટ્યરૂપાંતર તૈયાર કરેલું જે એ વખતે લોકપ્રિય થયેલું એટલું જ નહીં, આજ સુધી અવારનવાર ભજવાતું રહ્યું છે, દુનિયાની અનેક ભાષાઓમાં. ગુજરાતીમાં પણ ઇન્ડિયન નૅશનલ થિયેટરે તેનું રૂપાંતર 'તિલોત્તમા' નામે ભજવેલું. એ અફલાતૂન રૂપાંતર જયંત પારેખે કરેલું.

પણ 'રેબેકા'ને સૌથી વધુ લોકપ્રિયતા મળી તે તો ૧૯૪૦માં, જ્યારે તેના પરથી તૈયાર થયેલી ફિલ્મ રિલીઝ થઈ ત્યારે. સસ્પેન્સ

ફિલ્મોના બેતાજ બાદશાહ આલ્ફ્રેડ હિચકૉકે તેનું દિગ્દર્શન કર્યું હતું અને તેમાં મેક્સિમ દ' વિન્ટરનું મુખ્ય પુરુષ પાત્ર ભજવ્યું હતું સર લૉરેન્સ ઓલિવિયરે. અનામી નૅરેટરના પાત્રમાં જોઆન ફૉન્ટેન હતી. આ ફિલ્મને તે વર્ષે સર્વશ્રેષ્ઠ ફિલ્મ મોટેનો ઑસ્કાર ઍવૉર્ડ મળ્યો હતો.

કથાની નાયિકા અને નૅરેટર પોતાને આવેલા એક સ્વપ્નની વિગતો સંભારતી હોય તે રીતે 'રેબેકા'નો આરંભ થાય છે. નવલકથાના પહેલા શબ્દો છે : 'ગઈ રાતે મને એક સપનું આવ્યું હતું કે...' અને પછી એ સપનાની સાંભરણ રૂપે આખી કથા વાચક સામે ખૂલતી આવે છે. મધ્યમવર્ગની, યુવાન, દેખાવડી નૅરેટર મૉન્ટે કાર્લોમાં અત્યંત ધનાઢ્ય, આધેડ વયના વિધુર મેક્સિમ દ' વિન્ટરને એક હોટેલમાં મળે છે. બંને એકમેકની નજીક આવે છે, પરણે છે. લગ્ન પછી કૉર્નવૉલમાં આવેલી મેન્ડરલે નામની મેક્સિમની વિશાળ હવેલીમાં બંને આવે છે. હવેલીના બીજા બધા નોકરો સાથે હાઉસકીપર મિસિસ ડેનવર્સ પણ બંનેનું સ્વાગત કરે છે. ડાકણ જેવા દેખાવની ડેનવર્સને જોતાંવેંત જ નૅરેટર છળી ઊઠે છે. વળી ડેનવર્સ મેક્સિમની મૃત પત્ની રેબેકાની ભક્ત છે. નથી પોતે રેબેકાને એક ક્ષણ પણ ભૂલતી, નથી બીજા કોઈને ભૂલવા દેતી. હવેલીની પાછળ આવેલા દરિયાકિનારા નજીક તેની હોડીને નડેલા અકસ્માતથી રેબેકા ડૂબી મરી હતી અને બે મહિના પછી તેનું શબ હાથ આવ્યું હતું. આ બધી કરુણ યાદો એ કિનારા સાથે સંકળાયેલી છે, એટલે ત્યાં ક્યારેય ન જવા મેક્સિમ નૅરેટરને ચેતવે છે. મધ્યમવર્ગની નૅરેટર માટે અત્યંત ધનવાનની હવેલીનું વાતાવરણ તો ગૂંગળાવનારું છે જ, પણ ત્યાં ડગલે ને પગલે સામે મળતી રેબેકાની યાદ સહેવી આ યુવાન નવવધૂ માટે વધુ મુશ્કેલ બને છે. ડેનવર્સની રેબેકા માટેની ભક્તિ જેટલી પ્રગટ છે, તેટલો જ પ્રગટ તેનો નૅરેટર પ્રત્યેનો ધિક્કાર પણ છે. દરિયા તરફ પડતી પશ્ચિમ બાજુએ આવેલા ઓરડા નૅરેટરે જોયા નથી, પણ પતિ સાથે હવેલીના પૂર્વ દિશાના ભાગમાં તે રહે છે. એકવાર તેનો પતિ લંડન ગયો હોય છે ત્યારે નૅરેટર હિંમત કરી પશ્ચિમ તરફનો ભાગ જોવા જાય છે. ભૂતની જેમ ડેનવર્સ હાજર થઈ જાય છે અને રેબેકાનો ઓરડો, તેનાં કપડાં, તેનું ડ્રેસિંગ ટેબલ,તેનો નાઈટ ડ્રેસ – બધું નૅરેટરને બતાવે છે. જાણે રેબેકા હજી જીવતી હોય અને રોજ ઓરડો વાપરતી હોય તે રીતે ડેનવર્સ તેની સજાવટ અને સાફસફાઈ કરે છે.

મેક્સિમ લંડનથી પાછો ફરે છે તે પછી એક 'ફૅન્સી ડ્રેસ બૉલ' પ્રસંગે ડેનવર્સ જાણી જોઈને નૅરેટરને રેબેકાનાં કપડાં પહેરવા લલચાવે છે.

અલબત્ત, નૅરેટરને ખબર નથી કે આ કપડાં રેબેકા પહેરતી. પણ એ કપડાંમાં નૅરેટરને જોતાંવેંત મેક્સિમ રાતોપીળો થઈ જાય છે અને સૌ મહેમાનો દેખતાં તેને તાબડતોબ કપડાં બદલી નાખવા કહે છે. પાર્ટીના બીજાં દિવસની સવારે જ હવેલી પાછળ આવેલા દરિયાકિનારા નજીક એક વહાણને અકસ્માત નડે છે. મેક્સિમ અને હવેલીના બીજા બધાં મદદે દોડે છે અને બધા ખલાસીઓને બચાવી લે છે. વહાણને કેટલું નુકસાન થયું છે તે તપાસવા માટે એક મરજીવાને દરિયામાં ઉતારવામાં આવે છે. બહાર આવીને તે કહે છે કે વહાણને તો ઝાઝું નકસાન થયું નથી, પણ દરિયાને તળિયે એક હોડી પડી છે. બધા મળીને એ હોડીને તળિયેથી ખેંચીને કિનારે લઈ આવે છે. હોડીની કૅબિનમાં એક સ્ત્રીની લાશ પડી છે અને સૌની આંખ આશ્ચર્ય અને આઘાતથી ચકળવકળ થઈ જાય છે. કારણ એ લાશ છે રેબેકાની. રેબેકાની લાશ જોઈને મેક્સિમ ધૂંઆપૂંઆ થઈ જાય છે અને નૅરેટરને કહે છે કે હું ખરેખર તો ક્યારેય રેબેકાને ચાહતો નહોતો કારણ રેબેકા છિનાળ હતી, અનેક પુરુષોનાં પડખાં સેવતી હતી, પણ હવેલીની આબરુ બચાવવા મેક્સિમ અને રેબેકા સુખી લગ્નજીવનનું નાટક ભજવતાં રહ્યાં. હોડીમાંથી મળેલી લાશ અંગે કાનૂની તપાસ થાય છે. તપાસ દરમિયાન જણાય છે કે પેલી હોડીને તળિયે ત્રણ બાકોરાં હતાં, જે જાણી જોઈને પાડવામાં આવ્યાં હોય તેવાં હતાં. હવે રેબેકાના મૃત્યુનું રહસ્ય વધુ ઘેરું થાય છે. એનું મૃત્યુ એ અકસ્માત હતો ? આપઘાત? કે પછી ખૂન ? અને જો ખૂન, તો એ કર્યું કોણે ? વળી તપાસના અનુસંધાનમાં લંડન ગયેલાં મેક્સિમ અને નૅરેટર પાછાં ફરે છે ત્યારે જુએ છે કે મેન્ડરલે હવેલી આગમાં બળીને ભસ્મીભૂત થઈ ગઈ છે. પહેલાં જેને પૉપ્યુલર નૉવેલ કે રોમૅન્ટિક નૉવેલ કે રહસ્યકથા તરીકે ઓળખાવાતી હતી તે 'રેબેકા'માં વખત જતાં વિવેચકોને માનવ સ્વભાવ, મનોવિજ્ઞાન, પાત્રાલેખન, લેખિકાના આત્મચરિત્રના અંશો, માનવસંબંધો અંગેની અનેક વિશિષ્ટતાઓ પ્રગટ થતી દેખાઈ છે. 'રેબેકા' પ્રગટ થયા પછીનાં વીસ વર્ષોમાં તેની ૩૯ આવૃત્તિ છપાઈ હતી અને વીસ ભાષામાં તેના અનુવાદ થયેલા. 'રેબેકા'ની લેખિકાનો જન્મ ૧૯૦૭માં, તેનું મૃત્યુ ૧૯૮૯માં. 'રેબેકા'ની નૅરેટર ભલે અનામી રહી, પણ તેની લેખિકાનું નામ ? નામ હતું દાર્ફે દ મોરિયર.

•

૪૫. સાર આ સંસારમાં ન જોયો
ધ સ્ટ્રેન્જર/ આલ્બેર કામુ

કોણ જાણે કેમ પણ નાનપણથી જ તેને મોટરમાં બેસતાં બહુ બીક લાગતી. આથી બને ત્યાં સુધી તે મોટરમાં બેસવાનું ટાળતો. લાંબી મુસાફરી તો હંમેશાં ટ્રેનમાં જ કરતો. મનોવૈજ્ઞાનિકો આવી મનોદશાને મોટર-ફોબિયા તરીકે ઓળખે છે. પણ ૧૯૬૦ના જાન્યુઆરીની ચોથી તારીખે એક મિત્રના આગ્રહને વશ થઈને તે મોટરમાં બેઠો, ખિસ્સામાં ટ્રેનની રિટર્ન ટિકિટ તો પડી હતી છતાં મોટરમાં બેઠો અને એ મોટરને અકસ્માત થયો તેમાં તે માર્યો ગયો. આમ, આખી જિંદગી જેનાથી ડરતો રહ્યો તે મોટરે જ તેનો ભોગ લીધો. તેનું નામ આલ્બેર કામુ. ૧૯૫૭ના વર્ષનું સાહિત્ય માટેનું નોબેલ ઇનામ તેને મળેલું. અસ્તિત્વવાદી વિચારણા અને એ વિચારણા પ્રગટ કરતી સર્જનાત્મક કૃતિઓ માટે ખૂબ જાણીતો થયો. તેની માતૃભાષા ફ્રેન્ચ અને લખ્યું પણ બધું ફ્રેન્ચમાં, પણ જન્મ અલ્જિરિયામાં ૧૯૧૩ના નવેમ્બરની સાતમીએ. જિંદગીનાં ઘણાં વર્ષો પણ અલ્જિરિયામાં જ ગાળ્યાં. માંડ એક વર્ષનો થયો ત્યાં પહેલા વિશ્વયુદ્ધમાં પિતા માર્યા ગયા. એ મૃત્યુના આઘાતથી માતાને પક્ષઘાત થયો અને જીવનભર માટે તેણે વાચા ગુમાવી. સ્કૉલરશિપો મેળવી ભણ્યો. નાટક કંપનીમાં, છાપામાં, ઠેકઠેકાણે નોકરી કરી. સામ્યવાદી પક્ષમાં જોડાયો અને થોડાં વર્ષ પછી છૂટો પડ્યો. જ્યાં પૉલ સાર્ત્ર જેવા સમર્થ વિચારક અને લેખકનો મિત્ર બન્યો, બંનેએ સાથે મળીને છાપું કાઢ્યું અને ચલાવ્યું. પણ પછી સાર્ત્ર સાથે ઝઘડ્યો, દોસ્તી તૂટી. લગભગ પોણી જિંદગી ક્ષયરોગથી પીડાતો રહ્યો. નોબેલ ઇનામ મળ્યા પછી આર્થિક સ્થિતિ સુધરી. માનપાન પણ મળ્યાં. સરકારે શરૂ કરેલી પ્રાયોગિક રંગભૂમિની સંસ્થાના વડા તરીકે નિમણૂક પણ થઈ હતી. પણ એ સ્થાન સંભાળે તે પહેલાં જ પેલો મોટર અકસ્માત થયો. ૧૯૪૨માં પ્રગટ થયેલી તેની 'ધ સ્ટ્રેન્જર' (તેનું બીજું નામ 'ધ આઉટસાઈડર' પણ

છે) કામુની સૌથી વધુ જાણીતી નવલકથા છે. ઈશ્વર - બિશ્વર જેવું કાંઈ છે જ નહીં, આ દુનિયાનો અને માણસના જીવનનો કશો અર્થ નથી. મૃત્યુ પછી પુનર્જન્મ કે સ્વર્ગ-નરક જેવું કશું જ નથી. આવી અસ્તિત્વવાદી વિચારણા આ નવલકથાના મૂળમાં રહેલી છે એટલે અહીં નથી કોઈ નાયક કે નાયિકા, નથી અંકોડાબંધ આલેખાયેલા પ્રસંગો, નથી રહસ્ય, અને છતાં વીસમી સદીની ઉત્તમ નવલકથાઓમાં 'ધ સ્ટ્રેન્જર'ની ગણના થાય છે. 'આજે માનું મૃત્યુ થયું કે પછી કદાચ ગઈ કાલે થયું હોય. મને પાક્કી ખબર નથી. વૃદ્ધાશ્રમમાંથી તાર આવેલો તેમાં એટલું જ લખેલું: 'માનું મૃત્યુ થયું છે. દફનવિધિ આવતીકાલે છે'. હવે આનો શો અર્થ કરવો? મૃત્યુ આજે પણ થયું હોય કે પછી ગઈ કાલે પણ થયું હોય.' જેને મોઢે આખી કથા કહેવાઈ છે તે મુખ્ય પાત્ર મર્સોલના આ શબ્દોથી 'ધ સ્ટ્રેન્જર'નો આરંભ થાય છે. નોકરીમાંથી બે દિવસની રજા લઈને દફનવિધિ માટે જાય છે ખરો, પણ મનમાં માના મૃત્યુનો શોક નથી. બસમાં આરામથી ઊંઘી જાય છે. માતાના મૃતદેહ પાસે બેસીને ખરખરો કરવા આવનારાની વાતો સાંભળતાં તેની આંખમાં એક આંસુય નથી આવતું. સિગારેટ ફૂંકે છે, ઝોકાં ખાય છે, ક્યારેક કાંઈ જ બન્યું ન હોય તેમ ગપાટા મારે છે. સવારે સ્મશાનયાત્રા નીકળે છે ત્યારેય મર્સોલના મનમાં તો 'બહુ ગરમી પડે છે' એવા વિચારો જ ચાલી રહ્યા છે. વૃદ્ધાશ્રમમાં રહેતો થોમસ નામનો એક વૃદ્ધ મર્સોલની માને ચાહતો થયો હતો અને તેની આંખોમાં આંસુ છે, પણ મર્સોલની આંખમાં નહીં. દફનવિધિ પછી તરત ઘરે પાછો ફરીને બાર કલાક ઊંઘી જાય છે મર્સોલ. બીજે દિવસે મારી નામની મિત્ર સાથે સિનેમા જોવા જાય છે. પછી બંને રાત સાથે ગાળે છે અને મર્સોલ દેહસુખ માણે છે. બીજે દિવસે રેમન્ડ નામના વેશ્યાઓના દલાલને મળે છે. બંને સાથે જમે છે, એક આરબ સાથે રેમન્ડને થયેલા ઝઘડાની, રેમન્ડની પ્રેમિકાની ને એવી બધી વાતો કરે છે. જોતજોતામાં બંને મિત્રો બની જાય છે. પછીના ઘણા દિવસો મર્સોલ સિનેમા જોવામાં, છોકરીઓ સાથે હરવાફરવામાં અને તેમની સાથે દેહસુખ માણવામાં કાઢી નાખે છે.

મર્સોલને તેની નોકરીમાં બઢતીની તક મળે છે પણ તે માટે પેરિસ બદલી થાય તેમ છે. મર્સોલમાં મહત્ત્વાકાંક્ષાનો સદંતર અભાવ છે એટલે એ આ તક તરછોડે છે. પેલી સ્ત્રી-મિત્ર મારી પૂછે છે કે, 'તું મારી સાથે લગ્ન કરીશ ?' 'ત્યારે મર્સોલ કહે છે કે, મારી તો ઈચ્છા

નથી, પણ જો તારે કરવાં હોય તો લગ્ન કરીશ ! ' બીજે દિવસે મારી, મર્સોલ અને રેમન્ડ દરિયાકિનારે ફરવા જાય છે. જમીને આરામ કર્યા પછી મર્સોલ અને રેમન્ડ રેતીમાં ચાલતા હોય છે ત્યાં તેમને બે આરબનો ભેટો થાય છે. ચારે વચ્ચે મારામારી થાય છે અને રેમન્ડ ઘવાય છે. ગુસ્સે થયેલો રેમન્ડ કશું આડુંઅવળું કરી ન બેસે માટે મર્સોલ તેની બંદૂક લઈ લે છે. પછી મર્સોલ એકલો ફરવા નીકળે છે. ગરમીથી કંટાળી થોડો છાંયો શોધી ઊભો રહે છે. પણ પેલા બેમાંનો એક આરબ પણ ત્યાં જ ઊભો છે. તે મર્સોલને ડરાવવા પોતાનો છરો બહાર કાઢે છે. છરાનું ચમકતું પાનું, ગરમી, ઉકળાટ, આંખમાં આવતો તડકો - આ બધાથી અકળાયેલો મર્સોલ રેમન્ડની બંદૂકમાંથી ગોળી છોડે છે. પહેલી જ ગોળીથી તે ઢળી પડે છે, તો પણ બીજી ચાર ગોળી પણ તે આરબના શરીરમાં ધરબી દે છે. પકડાય છે. કેસ ચાલે છે. મર્સોલને નથી પશ્ચાત્તાપ, નથી પોતાના બચાવમાં રસ, સરકારે આપેલા વકીલને તે સહકાર નથી આપતો અને ફરિયાદ પક્ષના વકીલનાં વખાણ કર્યા કરે છે. 'હું પાપ-પુણ્યમાં કે ભગવાન-બગવાનમાં માનતો નથી કહી જેલમાં પાદરી પર હુમલો કરે છે. પશ્ચાત્તાપ કરવાની ન્યાયાધીશની સલાહનો પણ તે ઉપહાસ કરે છે. અગિયાર મહિના ખટલો ચાલે છે એ દરમિયાન જેલમાં રહે છે. માનું મૃત્યુ થયું ત્યારથી તૈયાર કરેલા પૂર્વઆયોજિત કાવતરાને પરિણામે આરબનું ખૂન કરેલું એમ પુરવાર થતાં મર્સોલને ફાંસીની સજા થાય છે. પોતે સજામાંથી બચી જશે એવા તરંગોમાં ક્યારેક રાચે છે તો ક્યારેક ઝટ સજા થાય તો સારું એમ ઇચ્છે છે. ફાંસી હંમેશાં વહેલી સવારે અપાય તે જાણે છે. એટલે આખી રાત જાગતો રહે છે. જીવન, મૃત્યુ, પ્રેમ કશાનો અર્થ નથી કશાથી ફરક પડતો નથી, એમ વિચારતો રહે છે અને પછી સૂઈ જાય છે. સવારે શું થયું ? ફાંસીની સજા મળી ? લેખક કશું કહેતા નથી. ૧૯૬૭માં 'ધ સ્ટ્રેન્જર' પરથી ફિલ્મ બનેલી : લો સ્ટ્રાનિયેરો, ફ્રેન્ચ અને ઇટાલિયનમાં. ગુજરાતીમાં આ નવલકથાના બે અનુવાદ પ્રગટ થયા છે : રવીન્દ્ર ઠાકોરે 'આઉટસાઈડર' નામે કરેલો અનુવાદ ૧૯૭૨માં પ્રગટ થયેલો, 'ઇતરજન' નામે ભારતી દલાલે કરેલો અનુવાદ ૧૯૭૬માં. કામુની આ નવલકથા વંચ્યા પછી આપણને આપણી જૂની રંગભૂમિનું ગીત યાદ આવે : 'સાર આ સંસારમાં ન જોયો, મેં બહુ રીતે તપાસતાં; સાર આ સંસારમાં ન જોયો.'

●

૪૬. દુનિયામાં દરેક માણસ એકલો છે
ધ હ્યુમન કોમેડી / વિલિયમ સારોયાન

ચારેક વર્ષની ઉંમરનો એક છોકરો. નામ એનું યુલિસિસ મૅકોલે. એને મન આખી દુનિયા એટલે અજાયબીનો ભંડાર. સતત ખાંખાંખોળાં કર્યા કરે, નાનાં મોટાં પરાક્રમો કરતો રહે. વિલિયમ સારોયાનની નવલકથા 'ધ હ્યુમન કૉમેડી' શરૂ થાય છે ત્યારે તે એક ઝાડ પાસે ઊભો છે. ઝાડની બખોલમાંથી એક મોટો ઘૂસ બહાર નીકળે છે, યુલિસિસને તો મજા પડે છે. તે પોતાની આંખ મિચકારે છે, પણ એ જોવા કાંઈ પેલો ઘૂસ ઊભો રહેતો નથી. બીજી જ ક્ષણે યુલિસિસની નજર બાજુમાંના અખરોટના ઝાડ પર પડે છે. ડાળી પર એક પક્ષી આવીને બેસે છે. આનંદથી ઊભરાતી આંખે યુલિસિસ તેને જોઈ રહે છે. વૃક્ષો, પંખીઓ, પશુઓની આ સૃષ્ટિ જોવાની યુલિસિસને મજા પડતી. પણ તેના કરતાંય તેને વધુ મજા પડતી માણસો, મશીનોની સૃષ્ટિ જોવાની. અમેરિકાના કૅલિફોર્નિયા રાજ્યના ઈથાકા ગામની ભાગોળેથી ટ્રેન પાવો વગાડતી પસાર થાય છે. યુલિસિસને તો મજા પડી જાય છે. ટ્રેનમાં બેઠેલા મુસાફરો જાણે એના મસિયાઈ ભાઈ-બહેન થતાં હોય તેમ તે ઊછળી ઊછળીને હાથ હલાવવા લાગે છે. પણ કોઈ મુસાફર સામો હાથ હલાવતો નથી. જાણે કોઈએ યુલિસિસને જોયો જ નથી ! પણ ના, બધા મુસાફરો એવા મૂંજી નથી. એક નિગ્રો મુસાફર યુલિસિસની સામે જોરજોરથી હાથ હલાવે છે અને મોટે મોટેથી બોલે પણ છે : 'ઘરે જાઉં છું, હો... હો... હો, મારે ઘરે.' નિગ્રો શું બોલ્યો તે તો બચાડા યુલિસિસને પાધરું સંભળાયું – સમજાયું નહીં, પણ તેણે મનોમન વિચાર્યું : 'આ દુનિયા માળી છે મજાની હોં ! આટલા બધા લોકો, પણ દરેક જણ એકલો. પણ આ બધું જોવાનો પડે છે ટેસડો હોં !' યુલિસિસને દુઃખ એક જ વાતનું છે, જે માણસો સાથે ઓળખાણ થાય છે, ઘરોબો બંધાય છે એ બધા થોડા વખતમાં જ ક્યાંક અલોપ થઈ જાય છે અને માળા ફરી મળતા જ નથી! બાપુ ગયા તે ગયા, ફરી કોઈ દિ' તેમનું મોઢું જોવા મળ્યું નથી. અને હવે

તેને ડર છે કે મોટો ભાઈ માર્ક્સ પાછો નહીં આવે. દુનિયામાં મોટી લડાઈ ફાટી નીકળી છે. મોટેરાંઓ એને બીજું વિશ્વયુદ્ધ કહે છે. તેમાં લડવા ગયો છે ભાઈ, અને હવે આ બીજો ભાઈ – ચૌદેક વર્ષનો – હોમર પણ કહે છે કે હુંય જવાનો છું. સાંભળીને યુલિસિસ લગભગ કરગરી પડેલો : 'ભાઈ, ન જા, મને એકલો મૂકીને ન જતો' સાંભળીને હોમરે કહેલું : 'અરે ગાંડા ભાઈ, હું કાંઈ આજકાલમાં થોડો જ જવાનો છું ? હજી તો ઘણીવાર છે. તું નાહકનો ચિંતા ન કર.'

ચૌદ વર્ષનો હોમર. બાપ તો કુટુંબને છોડીને ચાલ્યો ગયો છે. બધાંનાં પેટનો ખાડો પૂરવા મા વૈતરું કરે છે. એનું નામ કેટી. માણસ જાતમાં શ્રદ્ધા ભરપૂર. શ્રીમદ્ ભગવદ્ ગીતા તો ક્યાંથી વાંચી હોય એણે, પણ એટલું માનતી કે જે ભલું વિચારે છે, ભલું બોલે છે, ભલું કરે છે, તેનો ભગવાન પણ કોઈ દિ' વાળ વાંકો નથી કરી શકતો. માને ટેકો કરવા ચૌદ વર્ષના હોમરે નોકરી લઈ લીધી છે, ખેપિયાની. ગામમાં નાની તાર ઑફિસ છે. મિસ્ટર થોમસ સ્પેંગલર ચલાવે છે. જે તાર સંદેશ આવે તે સરનામા પ્રમાણે ઘરે પહોંચાડી આવવાના. પણ હોમર દિલ દઈને કામ કરે છે. તાર આવે ત્યાં સુધી ફિલસૂફીની સુફિયાણી વાતો કર્યા કરે. હોમરને એ સાંભળવામાં મજા પડે. પણ મનમાં સતત એક ડર : 'નક્કી કાલ સવારે કોક એવું મશીન શોધી કાઢશે કે તાર મોકલવા માટે માણસની જરૂર જ ન પડે. મશીન પોતે જ સંદેશો મોકલી દે અને ત્યારે મારી આ નોકરી છૂટી જશે.' ડરનો માર્યો વધુ દારૂ ઢીંચે અને પછી કામ તરફ ધ્યાન ન રહે. મશીન બિચારું ટક... ટક કર્યા કરે, પણ એ તરફ ધ્યાન જ ન હોય. ત્યારે હોમરનેય બીક લાગે કે ક્યાંક નોકરી ન જાય. એમાં વળી એક દિ' વૉર ડિપાર્ટમેન્ટનો તાર આવ્યો. ગામમાં રહેતી એક મેક્સિકન બાઈના નામનો. તારમાં લખેલું: 'અમને જણાવતાં પારાવાર દુ:ખ થાય છે કે તમારો દીકરો યુદ્ધના મેદાનમાં વીરગતિને પામ્યો છે'. આ તાર આપવા હોમર ગયો. બાઈ બિચારી અભણ. કાળો અક્ષર ભેંસ બરાબર. એટલે હોમરને કહે છે તું જ તાર વાંચી સંભળાવ. હોમરે તાર વાંચ્યો ત્યારે પહેલાં તો બાઈ એ વાત માનવા તૈયાર જ ન થાય. મારો દીકરો જુઆન તો ખૂબ હોશિયાર, બહાદુર, એ કાંઈ એમ મરે નહીં. નક્કી કાંક ભૂલ થઈ લાગે છે – કાં વૉર ડિપાર્ટમેન્ટની કાં ગામની તાર ઑફિસની. પછી થોડી વારે ધીમે ધીમે સાચી વાત બાઈએ સ્વીકારી. પણ ત્યારે રોકકળ કરવાને બદલે હોમરને કહેવા લાગી: 'મારી પાસે બેસ ને ભઈલા, વાતો કર. તને ખાવા

માટે પીપર આપું. મારો દીકરો જુઆન તો હવે આ દુનિયામાં નથી રહ્યો, તો આજથી તું જ મારો દીકરો !' પણ પછી થોડીવારે હોમર બાઈને ઘરેથી નીકળી ગયો. રાતે ઘરે જઈને માને બધી વાત કરી. પછી કહ્યું : 'મા, કોણ જાણે કેમ પણ પેલી બાઈની વાત સાંભળીને મને લાગ્યું કે આ દુનિયામાં હું સાવ એકલો છું. હા, એકલી અટૂલી હતી તો પેલી બાઈ, પણ તેને જોઈને મને થતું રહ્યું કે હુંય તેના જેવો એકલવાયો છું.' આ સાંભળી માએ કહ્યું : 'બેટા, હવે તેં બાળપણનો ઉંબરો ઓળંગી જુવાનીમાં પગ મૂક્યો છે. એટલે હવે તારે આ વાત સમજવી પડશે. દુનિયામાં દરેક માણસ સાવ એકલો છે, અટૂલો છે. આ યુદ્ધો થાય છે, માણસો ટપોટપ મરે છે, એટલે માણસ એકલવાયો નથી પણ માણસ એકલવાયો બની ગયો છે એટલે તે આવાં યુદ્ધો કરે છે.'

આ એકલતાની વાત કાંઈ સારોયાને ફૅશન ખાતર ચોંટાડેલી નથી. પોતાના અંગત જીવનમાં તેને આવી એકલતાનો ભારોભાર અનુભવ થયેલો. હોમરની જેમ સારોયાનનો જન્મ પણ અમેરિકાના કૅલિફૉર્નિયામાં ફ્રેસ્નો ખાતે ૧૯૦૮માં થયો હતો. ત્રણેક વર્ષનો થયો ને પિતાનું મૃત્યુ થયું, તેં પણ પત્ની ટાહુકીને હાથે, અકસ્માત. સારોયાનનો બાપ મૂળ આર્મેનિયાનો, પણ પછી અમેરિકા આવી વસેલો. ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે. ન છૂટકે વિલિયમને અને તેના ભાઈઓને અનાથાશ્રમમાં રહેવા મોકલી દેવા પડ્યા. છ વર્ષનાં વહાણાં વાયાં, તે પછી ચામડાં કમાવવાના કારખાનામાં ટાહુકીને નોકરી મળી. એટલે તેણે છોકરાઓને પાછા પોતાની સાથે રહેવા બોલાવી લીધા. પંદર વર્ષની ઉંમરે સારોયાને સ્કૂલ છોડી. હોમરની જેમ જ તાર-ઑફિસમાં કામ કર્યું. સારોયાનનો બાપ હતો ભણેલો ગણેલો. લખવાનો શોખીન. માએ એ લખાણો વિલિયમને બતાવ્યાં ત્યારે જ તેણે મનોમન નક્કી કરી નાખ્યું : 'મોટો થઈને લેખક બનીશ.' ૧૯૩૦માં પહેલો વાર્તાસંગ્રહ પ્રગટ થયો. 'ધ હ્યુમન કૉમેડી' ૧૯૪૩માં પ્રગટ થઈ અને તે જ વર્ષે તેના પરથી ફિલ્મ બની. એ વર્ષનો પટકથા માટેનો ઑસ્કાર ઍવૉર્ડ સારોયાનને મળેલો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન લશ્કરમાંય જોડાયો. ૧૯૪૩માં ૩૫ વર્ષની ઉંમરે ૧૭ વર્ષની કૅરોલ માર્ક્સને પરણ્યો. બે બાળકો થયાં. પછી છૂટાછેડા. પણ ફરી એ જ કૅરોલ સાથે બીજીવાર લગ્ન. પછી ફરી બીજીવાર છૂટાછેડા ! દારૂ અને જુગારની લતે ચડ્યો. પૈસે ટકે ખુવાર થયો. ૧૯૬૧માં તેણે લખ્યું : 'હું એક વિખૂટો પડી ગયેલો માણસ છું. મારી જાતથી વિખૂટો, મારા કુટુંબથી

વિખૂટો, હા, હું ઈશ્વરથી વિખૂટો પડ્યો નથી. જો કે ઈશ્વર વિશે હું એટલું જ માનું છું કે તેની વ્યાખ્યા થઈ શકે તેમ નથી, તે આપણા બધાંની અંદર રહેલો છે, અને તેને આપણી જરાય પડી નથી.' ૧૯૮૧ના મેની ૧૮મીએ સારોયાનનું અવસાન થયું.

'ધ હ્યુમન કોમેડી' નવલકથાના ૧૪ વર્ષના હોમરે હવે પોતાના ગામમાં થનારી ૨૨૦ વાર લાંબી દોડસ્પર્ધામાં ભાગ લેવાંનું નક્કી કર્યું છે. માત્ર ભાગ લેવાનું જ નહીં, જીતવાનું નક્કી કર્યું છે. એટલે રોજ સવારે વહેલો ઊઠીને તે કસરત કરવા લાગે છે. ત્યારે પેલો નાનકડો યુલિસિસ તેને કુતૂહલપૂર્વક જોઈ રહે છે. પછી સ્કૂલે જતી વખતે હોમર વાડ ઠેકીને કૂદવાની પ્રેક્ટિસ કરે છે, પણ આ હરીફાઈ જીતવાનું કામ હોમરે ધારેલું એટલું સહેલું નથી. ગામમાં રમતગમત શીખવતો બાયફિલ્ડ નામનો ઉસ્તાદ હતો. ઉદ્ધત, તુંડમિજાજી અને અકડુ. ગામના એક ધનવાન કુટુંબના નબીરા હર્બટને તે હરીફાઈ માટે તૈયાર કરી રહ્યો છે. વળી જે દિવસે હરીફાઈ યોજાઈ તે દિવસે હોમરને માથે બીજી એક આફત પણ આવી પડી. પ્રાચીન ઇતિહાસ શીખવતી શિક્ષિકા મિસ મિક્સના ક્લાસમાં હોમર અને હબર્ટ વચ્ચે ઝઘડો થયો અને બંને ગાળાગાળી પર ઊતરી આવ્યા. હબર્ટ દોડસ્પર્ધામાં હોમરનો હરીફ હતો એટલે જ હોમર ખીજાયેલો એવું નહોતું, પણ તેમના ક્લાસમાં હેલન નામની એક ફૂટડી છોકરી હતી. હોમર તેને મનોમન ચાહતો હતો, પણ પેલો હર્બટ પણ હેલનની પાછળ લટ્ટુ થયો હતો. ખરું તેલ તો તેથી રેડાયું હતું હોમરના પેટમાં. એટલે મિસ મિક્સે બંને છોકરાઓને સ્કૂલ પૂરી થયા પછી પણ ક્લાસમાં બેસી રહેવાની સજા કરી. બાયફિલ્ડે હબર્ટને છોડાવવાની કોશિશ કરી, જુઠ્ઠું પણ બોલ્યો તે માટે, પણ મિસ મિક્સ તેનો ત્રાગડો સમજી ગઈ. એટલે તેણે બંને છોકરાઓને છોડી મૂક્યા. એટલું જ નહીં, જ્યાં હરીફાઈ થવાની હતી ત્યાં પોતે પણ તે જોવા પહોંચી ગઈ.

હોમરને મેદાને પહોંચતાં મોડું થયું એટલે તેને કપડાં બદલવાનો સમય મળ્યો નહીં. તેથી ટ્રેક સૂટ પહેરવાને બદલે સ્કૂલમાં પહેરેલાં કપડાં પહેરીને જ તે હરીફાઈમાં ભાગ લેવા મેદાનમાં ઊતર્યો. આ જોઈને હર્બર્ટ અને બાયફિલ્ડ ધૂંધવાયા. દોડસ્પર્ધા શરૂ થઈ. હોમર હર્બર્ટ સતત એકબીજાની લગોલગ દોડતા રહ્યા. બાયફિલ્ડને બીક લાગી કે આ તો ક્યાંક હોમર જીતી જશે. એટલે તેણે પોતાની ટાંગ વચમાં નાખી હોમરને ગડથોલિયું ખવડાવી દીધું, પણ ધૂળ ખંખેરીને હોમર ઊભો થાય એ તકનો

લાભ લઈને આગળ નીકળી જવાને બદલે પેલો હર્બર્ટ તો ઊભો રહી ગયો! હોમર પાછો દોડવા લાગે એની રાહ જોતો, અને છતાં અંતે હર્બર્ટ હરીફાઈ જીતી ગયો. જો કે તેની અને હોમરની વચ્ચે ઝાઝું અંતર નહોતું. મિસ મિક્સ આ બધું જોઈને બરાબરની બગડી હતી. તેણે બાયફિલ્ડ પાસે હોમરની માફી મંગાવી. પછી તેણે બધા છોકરાઓને ઘરે જવા કહ્યું.

હોમર ઘરે પાછો જઈ રહ્યો હતો ત્યાં તેણે એક દુકાન આગળ ટોળું જોયું. જુએ છે તો પોતાનો ભાઈ યુલિસિસ જ દુકાનમાં વિચિત્ર પરિસ્થિતિમાં સપડાયો હતો. કેટલાક લોકો તેને એક પાંજરામાંથી બહાર કાઢવા મથતા હતા, પણ ફાવતા નહોતા. આ જોઈ હોમરે એ પાંજરાને તોડી જ નાખ્યું અને ભાઈને સહીસલામત બચાવ્યો. આવી આફત દરમિયાન પણ યુલિસિસ તો જરાય ગભરાયા વગર ટોળામાંના લોકોના ગભરાયેલા ચહેરા તરફ કુતૂહલપૂર્વક તાકી રહ્યો હતો. એટલું જ નહીં, પાંજરામાંથી છૂટ્યા પછી યુલિસિસ તો સીધો તાર-ઑફિસે જઈ રમવા લાગ્યો. આખા દિવસ દરમિયાન ચડી ગયેલું કામ પૂરું કરવા હોમર તાર-ઑફિસ ગયો ત્યારે ત્યાં યુલિસિસને રમતો જોઈ એ તો ડઘાઈ જ ગયો.

તાર-ઑફિસમાંની હોમરની નોકરીને હજી તો માંડ ત્રણ દિવસ જ પૂરા થયા હતા, પણ આટલા ટૂંકા સમયમાં તેણે બધું કામ શીખી લીધું હતું. એ રાતે હોમરને એક સપનું આવ્યું. સપનામાં તેણે જોયું કે પોતે સાઈકલ પર જઈ રહ્યો છે. રસ્તામાં તેને બાયફિલ્ડ મળે છે અને તે હોમરને રોકવા પ્રયત્ન કરે છે. એટલે હોમર પોતાની સાઈકલને હવામાં ઉડાડે છે. પહેલાં બાયફિલ્ડના માથા ઉપર, પણ પછી તો છેક વાદળાંઓ સુધી પહોંચી જાય છે હોમરની સાઈકલ. પછી તો હોમર વાદળાં વચ્ચે પૂરપાટ સાઈકલ મારી મૂકે છે. ત્યાં જ તેને પોતાનો બીજો એક હરીફ દેખાય છે. વાદળાં વચ્ચે તે પણ પૂરપાટ સાઈકલ દોડાવે છે. થોડી વારે હોમરને ખ્યાલ આવે છે કે આ બીજો સાઈકલ સવાર તે બીજું કોઈ નહીં, પણ ખુદ મૃત્યુ છે. તેને તે પોતાના ગામ તરફ જતો જુએ છે. હોમર તેને રોકવાનાં ફાંફાં મારે છે, પણ ફાવતો નથી, એટલે તે ડૂસકે ડૂસકે રડવા લાગે છે. તેને રડતો સાંભળી યુલિસિસ જાગી જાય છે. ગભરાય છે અને માને બોલાવી લાવે છે. મા આવીને હોમરને સાંત્વન આપે છે અને નચિંતભાવે સૂઈ જવા કહે છે. જતાં જતાં મા હોમરના ઓરડામાંનું ઍલાર્મ ઘડિયાળ લેતી જાય છે જેથી સવારે હોમર થોડી લાંબી ઊંઘ

ખેંચી શકે.

બીજે દિવસે સવારે હોમર માને કહે છે કે મને આવાં ડરામણાં સપનાં આવે છે તેનું કારણ મારી નોકરી છે. લડાઈમાં શહીદ થયેલા છોકરાઓ અંગેના તાર-સંદેશા મારે ઘણી વાર તેઓની માતાઓને પહોંચાડવા પડે છે. છોકરાઓ મોટા થાય પછી તેમણે રડવું ન જોઈએ તે હું જાણું છું, પણ આવા તાર હાથમાં આપતી વખતે મારી આંખમાં આંસુ આવી જાય છે. આ સાંભળીને મા કહે છે કે તારાં આ આંસુ પોચટ બાયલાપણાનાં નથી, પણ બીજા માણસ માટેની હમદર્દીનાં છે અને આવી હમદર્દી તો માણસમાત્રમાં હોવી જરૂરી છે. હમદર્દીમાંથી કરુણા જન્મે છે જે બીજાના ઘાવને રુઝાવે છે. પછી મા કહે છે કે કાલે રાતે તું ડૂસકે ડૂસકે રડતો હતો તેય આ દુનિયાનાં દુઃખોનો પડઘો હતો. પછી હોમર જાય છે ત્યારે તેની માને ભ્રમ થાય છે કે જાણે પોતાનો પતિ બાજુમાં જ ઊભો છે. આવો ભ્રમ તેને ઘણી વાર થતો. પતિ તેને કહે છે : 'એક દિવસ તો માર્ક્સે પણ મરવું પડશે.' હોમરની મા કહે છે : 'હા, હું જાણું છું... પણ...'

યુલિસિસ પોતાના એક દોસ્તાર સાથે રમતો ભમતો રહે છે. એક માણસની સ્મશાનયાત્રા બંને કુતૂહલપૂર્વક જુએ છે. પછી ગામની લાઈબ્રેરીમાં જાય છે અને પુસ્તકોનાં પાનાં ઉથલાવે છે. બંનેને હજી વાંચતા તો નથી આવડતું, પણ પુસ્તકોમાંનાં ચિત્રો જોવાની બંનેને મઝા પડે છે. યુલિસિસ આમ તો લહેરીલાલા જેવો છોકરો છે, પણ એક વાર તે ખૂબ ગભરાઈને રડવા લાગે છે. ગામની એક દુકાનમાં કશીક જડીબુટ્ટી વેચવાની જાહેરાત કરવા માટે એક માણસ રૉબોનો વેશ ધારણ કરી બેઠો હતો. તેને જોઈને યુલિસિસ હેબતાઈ જાય છે અને એક અંધારા ખૂણામાં ભરાઈ જાય છે. યુલિસિસે હજી 'મૃત્યુ' શબ્દ સાંભળ્યો નહોતો, પણ આ તેને થયેલો મૃત્યુનો પહેલો સાક્ષાત્કાર હતો. જો કે પછી હોમર યુલિસિસને શોધી કાઢે છે અને તેને સાંત્વન આપી ફરી હસતોરમતો કરે છે.

હોમર અને યુલિસિસનો મોટો ભાઈ માર્ક્સ બીજા વિશ્વયુદ્ધમાં લડવા ગયો છે. લશ્કરી જહાજમાં જઈ રહેલો માર્ક્સ પોતાના મિત્ર સાથે કુટુંબ વિશે વાતો કરી રહ્યો છે. દોસ્ત ટોબી તો અનાથ છે, પોતે મૂળ કયા દેશનો છે એની પણ તેને ખબર નથી. આ સાંભળી માર્ક્સ કહે છે કે તું અમેરિકન છે અને એટલું જ પૂરતું છે. મૂળ કે કુળ શોધવાની જરૂર નથી.

થોડી વાર પછી માર્ક્સ અને તેનો દોસ્ત ટોબી બંને પ્રાર્થના કરે છે : 'હે ભગવાન, આ દુનિયામાં જે જે બેઘર છે તેમને ઘર આપજો. અમારા ગામના, દેશના, દુનિયાના સૌ લોકોનું ભલું કરજો.' બીજી બાજુ માર્ક્સે લખેલો કાગળ હોમરને મળે છે. તેમાં તેણે લખ્યું છે કે' હું ન હોઉં તો અને ત્યારે મારું જે કાંઈ હોય તે તને મળશે. અને જો મારો મિત્ર ટોબી ગામમાં પાછો આવે તો તેને તારા ભાઈ તરીકે આવકારજે.' આ કાગળ વાંચીને રડતાં રડતાં હોમર મિસ્ટર ગ્રોગનને કહે છેઃ ' જો મારો ભાઈ માર્ક્સ યુદ્ધમાં મરાશે તો આ દુનિયા પર હું થૂંકીશ. તેને કાયમ માટે ધિક્કારીશ'. રણભૂમિ પરથી માર્ક્સનો પત્ર આવ્યો એ વાતને છ મહિનાનાં વહાણાં વાઈ ગયાં. ઘણા સૈનિકો પોતાને ગામ પાછા ફર્યા હતા. એક દિવસ હોમર અને યુલિસિસ રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. રસ્તામાં પેનીનો એક સિક્કો પડ્યો હતો. હોમરે યુલિસિસને કહ્યુંઃ 'ઊપાડી લે આ સિક્કો. આ રીત પૈસા મળે એ તો સારાં શુકન કહેવાય.' એ રસ્તા પર જ થોડે દૂર તાર-ઑફિસ આવી હતી. મિસ્ટર ગ્રોગન ત્યાં એકલા બેઠા હતા. 'કોઈ કામકાજ છે ?' એમ તેમને પૂછવા હોમર ત્યાં રોકાયો. ગ્રોગન દારૂના નશામાં ખોવાયેલા હતા. તાર-ઑફિસનું મશીન બિચારું એકલું ટક ટક કરી રહ્યું હતું. એટલે હંમેશની જેમ ગ્રોગનને ભાનમાં લાવવા હોમરે તેમના ચહેરા પર પાણી છાંટ્યું. પછી તે કૉફી લેવા ગયો. પાછો આવ્યો ત્યારે ગ્રોગન મશીન પર ઢળી પડ્યા હતા. આવી રહેલો તાર-સંદેશો અડધોપડધો મશીન પર ઊતર્યો હતો. હોમરે ગ્રોગનને ઢંઢોળ્યા તો એ તો ઢળી પડ્યા. અરે ! આ તો મરી ગયા લાગે છે. હવે શું કરવું. ત્યાં તો હોમરની નજર તારના મશીન પર પડી. વૉર ડિપાર્ટમેન્ટમાંથી તાર આવ્યો હતો. 'અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે માર્ક્સ મૅકોલે રણમેદાનમાં દુશ્મન સામે લડતાં લડતાં પરમગતિને પામ્યા છે. એમણે એકલે હાથે...'

એવામાં મિસ્ટર સ્પેન્ગલર આવી પહોંચ્યા. તેમણે પરિસ્થિતિને સંભાળી લીધી. હોમરને તારના મશીનથી ખેંચીને અળગો કર્યો. તેને આઘાતની કળ વળે તે માટે હોમરની સાથે વાતો કરવા લાગ્યા. હોમરે કહ્યું :' મારા ભાઈને મારી નાખનાર દુશ્મનો માટે મારા મનમાં ધિક્કારની લાગણી જાગવી જોઈએ. પણ કોણ જાણે કેમ તે જાગતી નથી. મારા ભાઈ માટે મારા મનમાં પ્રેમની લાગણી જાગવી જોઈએ. પણ કોણ જાણે કેમ તે જાગતી નથી. મારું હૃદય જાણે બહેર મારી ગયું છે. કોઈ જાતની

લાગણી જ અનુભવતું નથી. મને કહો, મારા ભાઈને મારનાર એ દુશ્મન કોણ છે ? હું એ જાણીશ તો કદાચ મારા હૈયામાં ધૂંધવાતો ક્રોધ બહાર આવશે.' આ સાંભળીને સ્પેન્ગલરે હોમરને કહ્યું : 'આપણી સૌથી નજીક હોય તેને માટે આપણને પ્રેમ હોય તે સ્વાભાવિક છે. પણ આપણો પ્રયત્ન એ પ્રેમનો ધીમે ધીમે વિસ્તાર કરીને તેમાં બને તેટલા વધુ માનવીઓને આવરી લેવાનો હોવો જોઈએ. વળી સારા માણસનું કોઈ દિવસ મૃત્યુ થતું નથી અને માણસ સારો ત્યારે બને છે, જ્યારે એના હૃદયમાં પ્રેમ છલકાતો હોય છે.'

એ જ રાતે માર્ક્સ મૅકોલેનો દોસ્ત ટોબી જ્યૉર્જ ગામમાં પાછો ફર્યો. તે યુદ્ધ દરમિયાન ઘવાયો હતો અને તેથી ચાલતાં લંગડાતો હતો. તે ગામમાં આંટા મારી રહ્યો હતો ત્યાં તેને મિસ્ટર સ્પેન્ગલર અને હોમરનો ભેટો થયો. તેને જોતાં જ હોમરને લાગ્યું કે આ જુવાનને હું ઓળખું છું. પણ ક્યાં, ક્યારે મળ્યો હતો તે કાંઈ યાદ આવતું નથી કે પછી હું તેને ખાતરીપૂર્વક ઓળખતો જ નથી ? કાંઈ ખાતરી પૂર્વક કહી શકાય તેમ નથી. પછી ટોબી પહોંચે છે મૅકોલે કુટુંબને ઘરે. માર્ક્સ, હોમર અને યુલિસિસની સત્તર વર્ષની ઉંમરની બહેન બૅસ બારણું ખોલે છે. તેને જોતાં જ ટોબી કહે છેઃ 'તું બૅસ છે ને ?' એક સાવ અજાણ્યો, ઘવાયેલો યુવાન પોતાને ઓળખે છે એ જોઈ બૅસને તો ભારોભાર નવાઈ લાગે છે. ત્યારે ટોબી કહે છે કે હું માત્ર તને જ નહીં, તારા ઘરનાં સૌ કોઈને સારી રીતે ઓળખું છું. માર્ક્સે મને તમારા બધાં વિશે ઘણી વાતો કરી છે. ત્યારે બૅસને થાય છે કે આ જુવાન તો માર્કસના મૃત્યુના ખબર આપવા આવ્યો લાગે છે. પણ ટોબી તો કંઈક જુદું જ કહે છે. તે કહે છે કે માર્ક્સ યુદ્ધમાં મરાયો નથી, જીવતો છે. એટલામાં હોમર ઘરે આવી પહોંચે છે. ટોબીની વાત સાંભળીને તે કહે છેઃ 'પણ આજે બપોરે જ માર્ક્સના મૃત્યુના સમાચાર આપતો તાર આવ્યો છે. તેમાં લખ્યું છે કે 'અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે...' અને પછી હોમર તારનો કાગળ ટોબીની સામે ધરે છે.' ટોબી કહે છે : 'ના, એ સમાચાર સાચા નથી. ફાડી નાખ એ તાર'. પછી બૅસ, હોમર અને ટોબી ઘરમાં દાખલ થાય છે. ટોબીને જોતાંવેંત કૅટી મેકોલે કહે છેઃ 'આવ મારા દીકરા.'

બીજા વિશ્વયુદ્ધને નજર સમક્ષ રાખીને લખાયેલી આ નવલકથા એ યુદ્ધ પૂરું થાય તે પહેલાં જ, ૧૯૪૩માં પ્રગટ થયેલી. એ વખતે વાચકો તેના તરફ આકર્ષાયા હતા. પણ બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું તે પછીના

ગાળામાં આ નવલકથાની અને સારોયાનની લોકપ્રિયતામાં ઓટ આવવા લાગી. વાચકોને તેમાં વધુ પડતા લાગણીવેડા દેખાવા લાગ્યા. વળી એ સમય હતો ધરી રાજ્યોની જીતને બિરદાવવાનો અને આપખુદશાહી દુશ્મનોને ઉતારી પાડવાનો. પણ સારોયાનમાં યુદ્ધનો વિરોધ હતો, દુશ્મનનો વિરોધ નહીં. બીજા વિશ્વયુદ્ધ વખતે સારોયાન અમેરિકન લશ્કરમાં જોડાયો હતો, પણ તેને યુદ્ધનો પ્રત્યક્ષ અનુભવ નહીં જેવો હતો. કારણ તેને એવી ફરજ સોંપવામાં આવેલી કે ઘણોખરો વખત તેણે મૅનહટનની એક હોટેલમાં ગાળવો પડેલો. ૧૯૪૨માં તેને લશ્કરી ફરજ પર લંડન મોકલવામાં આવ્યો. તેના લંડનવાસ દરમિયાન ૧૯૪૬માં તેની નવલકથા 'ધ ઍડવેન્ચર્સ ઑફ વેસ્લી જૅક્સન' પ્રગટ થઈ. તેમાં તેણે યુદ્ધનો વિરોધ કર્યો હતો અને શાંતિની હિમાયત કરી હતી. લશ્કરમાં કામ કરતો માણસ આવી યુદ્ધવિરોધી નવલકથા લખે? લશ્કરી અદાલતમાં તેના પર કામ ચલાવવા અંગેના ચક્રો ગતિમાન થઈ ગયાં. પણ પછી સારે નસીબે સારોયાન કોર્ટ માર્શલમાંથી બચી ગયો.

'ધ હ્યુમન કૉમેડી' પરથી ૧૯૪૩માં તે જ નામની ફિલ્મ બની. લૂઈ મેયરે આ નવલકથા પરથી ફિલ્મ બનાવવાના હક્ક ૬૦ હજાર ડૉલરમાં સારોયાન પાસેથી ખરીદ્યા હતા. ફિલ્મની પટકથા લખવાનું પણ એમજીએમ સ્ટુડિયોએ સારોયાનને જ સોંપેલું અને તે માટે તેને અઠવાડિયાના ૧૫૦૦ ડૉલરને હિસાબે મહેનતાણું ચૂકવેલું. ૧૯૪૩નો શ્રેષ્ઠ પટકથા માટેનો ઑસ્કર ઍવૉર્ડ સારોયાનને મળ્યો.

સાહિત્ય લેખનના કસબ તરફ, સાહિત્ય સર્જનના સિદ્ધાંતો તરફ પહેલેથી જ સારોયાને બળવો પોકાર્યો. પોતે કશા આયાસ વગર અને ખૂબ જ ઝડપથી લખી શકતો એ વાતનો તેને ગર્વ હતો. વસ્તુગૂંથણી, વ્યાકરણ, વાક્યરચના, વિરામચિહ્નો, સ્પેલિંગ તરફ તે ઓછામાં ઓછું ધ્યાન આપતો. પરિણામે તેનું કોઈ પણ પુસ્તક પ્રગટ થતાં કેટલાક વિવેચકો તેના પર તૂટી પડતા. પણ સારોયાનની સીધીસાદી વાત અને તેને કહેવાની રીતને કારણે વાચકોનાં હૃદય તે જીતી શકતો હતો. આજે તેની નવલકથા વાંચતાં તેમાંની ઘણી વાતો તરંગ જેવી લાગે. તેની દુનિયા અને તેમાં જીવતાં પાત્રો વધુ પડતાં આદર્શવાદી લાગે. પણ સારોયાને એક વાર કહેલું: 'દુનિયા જેમ કહે તેમ મારે લખવાનું હોય, તો એ રીતે લખતાં બમણી કે ત્રણ ગણી મહેનત કરવી પડે. એટલે પછી મેં મારું મન જેમ કહે તેમ લખવાનું રાખ્યું.'

●

૪૭. જાનવર વાડીનું રાજ્યતંત્ર
એનિમલ ફાર્મ/ જ્યૉર્જ ઑરવેલ

આપણા દેશના બિહાર રાજ્યમાં આવેલા મોતીહારીમાં ૧૯૦૩ના જૂનની પચ્ચીસમી તારીખે એમનો જન્મ અને અંગ્રેજી ભાષાના એ એક મોટા ગજાના લેખક ! એમનું નામ એરિક આર્થર બ્લેર. નથી સાંભળ્યું આવા કોઈ લેખકનું નામ ? જ્યૉર્જ ઑરવેલનું નામ તો સાંભળ્યું હશે. બસ, તો એરિક આર્થર બ્લેરનું જ ઉપનામ જ્યૉર્જ ઑરવેલ. એ જ નામે જાણીતા. પિતા સિવિલ સર્વન્ટ. અફીણ ખાતામાં કામ કરતા. દાદા પણ હિન્દુસ્તાનમાં બ્રિટિશ લશ્કરમાં કામ કરતા. પિતા રિચર્ડ અને માતા ઈડા વચ્ચે ઉંમરમાં ૧૮ વર્ષનો તફાવત. બિહારના લોકોની કારમી ગરીબી એરિકે બાળપણમાં જ જોઈ. ત્યારથી જ ગરીબો માટેની હમદર્દી તેમના મનમાં જાગેલી. જો કે એરિક આઠેક વર્ષના થયા ત્યારે એરિકને અને તેમની બહેન માર્જોરીને લઈને માતા ઇંગ્લૅન્ડ રહેવા લાગી જેથી બાળકોને સારું શિક્ષણ મળે. વિખ્યાત ઈટનની સ્કૂલમાં એરિક ભણ્યા. એ જમાનામાં જે ઈટનમાં ભણે તે પછી ઑક્સફર્ડ કે કેમ્બ્રિજ જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં ભણવા જાય. પણ એરિકને આગળ ભણવામાં રસ નહોતો. તેને બદલે ૧૯૨૨માં એરિક હિન્દુસ્તાનમાંની બ્રિટિશ પોલીસમાં જોડાયા. મ્યાનમાર કહેતાં બર્મા તે વખતે અંગ્રેજોના ભારતીય સામ્રાજ્યનો ભાગ. ત્યાં એરિકે પાંચ વર્ષ પોલીસમાં નોકરી કરી. પણ આ નોકરી દરમિયાન જે જોયું-જાણ્યું તેથી એરિક બ્રિટિશ સામ્રાજ્યવાદના વિરોધી બન્યા. વળી પાંચ-છ વર્ષની ઉંમરથી જ એરિકે એક સપનું જોયેલું - લેખક બનવાનું. એટલે નોકરીનું રાજીનામું આપી લંડન જઈ ત્યાંની ગરીબ - ગુરબાંની એક વસતિમાં નાનકડી ખોલી ભાડે રાખી એરિક રહેવા લાગ્યા. લખવાનો મહાવરો કરવા લાગ્યા. એ ખોલીમાં હીટિંગની સગવડ નહોતી. કડકડતી ઠંડીમાં લખતાં લખતાં ઘણીવાર આંગળાં ઠીંગરાઈ

જાય ત્યારે મીણબત્તીની દીવેટની ગરમીથી આંગળાં શેકી ફરી લખવા લાગતા ! પછી પેરિસ જઈ ત્યાંની ઝૂંપડપટ્ટીમાં રહ્યા. ૧૯૩૩માં તેમનું પહેલું પુસ્તક 'ડાઉન ઍન્ડ આઉટ ઈન પેરિસ ઍન્ડ લંડન' પ્રગટ થયું, પણ એરિક બ્લેરના નામથી નહીં, ઉપનામ જ્યૉર્જ ઑરવેલથી. બસ, ત્યારથી એરિક બ્લેર બની ગયા જ્યૉર્જ ઑરવેલ. ૧૯૪૫ના ઑગસ્ટની છઠ્ઠી અને નવમી તારીખે અમેરિકાએ જાપાનનાં હિરોશીમા અને નાગાસાકી પર અણુબૉમ્બ ઝીંક્યા. એ જ મહિને ઑરવેલની 'ઍનિમલ ફાર્મ' નવલકથા બજારમાં વેચાણ માટે મુકાઈ. સામ્રાજ્યવાદ અને આપખુદશાહીની હાડોહાડ ટીકા કરતી હતી - અલબત્ત, કટાક્ષ દ્વારા - આ નવલકથા. રાજકીય વિચારણા અને કલાત્મકતાના વિરલ સંગમને કારણે આ નવલકથાએ ઑરવેલને રાતોરાત પ્રસિદ્ધિ અપાવી.

કથાનાં મોટાં ભાગનાં પાત્રો છે મેનોર ફાર્મમાં રહેતાં પ્રાણીઓ. ઈંગ્લૅન્ડમાં આવેલા આ ફાર્મનો માલિક છે મિસ્ટર જોન્સ. એક દિવસ વધુ પડતો દારૂ ઢીંચવાથી જોન્સ ફાર્મનો દરવાજો પૂરો વાસ્યા વગર પથારીમાં પડી ઊંઘી જાય છે. ઓલ્ડ મેજર નામનું ડાહ્યું અને સન્માન્ય ડુક્કર ફાર્મનાં બધાં પ્રાણીઓની મિટિંગ બોલાવે છે. એક આળસુ, દારૂડિયો આવડત વગરનો માણસ આપણા ભોગે તાગડધિન્ના કરે છે. બધાં પ્રાણીઓ ભેગાં મળી તેની આપખુદી સામે બળવો પોકારીએ. 'બીસ્ટ્સ ઑફ ઈંગ્લૅન્ડ' નામનું પ્રાણીઓનું રાષ્ટ્રગીત પણ તે બધાં પ્રાણીને શીખવે છે. ત્રણ દિવસ પછી ઑલ્ડ મેજરનું મૃત્યુ થાય છે પણ તેણે જગાવેલી બળવાની ચિનગારી ઓલવાતી નથી. સ્નોબોલ અને નેપોલિયન નામના બે ડુક્કર નેતાગીરી લે છે. પ્રાણીઓ બધાં ઉદ્વિગ્ન છે, ત્યાં એક દિવસ દારૂના નશામાં જોન્સ તેમને ખાવાનું આપવાનું જ ભૂલી જાય છે અને બળવાનો ભડકો જાગે છે. બધું ખાવાનું લૂંટીને ખાઈ જાય છે અને 'કાયદો અને વ્યવસ્થા' સ્થાપવા દોડી આવેલા જોન્સ અને તેના સાથીઓને ભગાડી મૂકે છે. મેનોર ફાર્મના પ્રાણીઓ આઝાદ બને છે. 'મેનોર ફાર્મ' નામના પાટિયાની જગ્યાએ 'એનિમલ ફાર્મ'ના નામનું પાટિયું ગોઠવાય છે. સ્નોબોલ અને નેપોલિયન ફાર્મનાં પ્રાણીઓ માટે સાત આદેશ જાહેર કરે છે : બધાં બેપગાં આપણાં દુશ્મન. બધ્ધાં ચારપગાં કે બે પાંખાળાં તે મિત્ર. કોઈએ કપડાં પહેરવાં નહીં. કોઈએ પલંગમાં સૂવું નહીં. કોઈએ દારૂ પીવો નહીં. કોઈ પ્રાણીએ બીજા પ્રાણીને મારવું નહીં. બધાં પ્રાણીઓ સમાન છે.

પણ થોડા વખત પછી પ્રાણીઓમાં વિખવાદ શરૂ થાય છે, મારું - તારું શરૂ થાય છે. સ્નોબોલ અને નેપોલિયન આમને સામને આવી જાય છે અને પ્રાણીઓમાં પણ ભાગલા પડવા લાગે છે. નવ શિકારી કૂતરાની મદદ લઈને નેપોલિયન સ્નોબોલને ફાર્મમાંથી હાંકી કાઢે છે. હવે નેપોલિયન સર્વસત્તાધીશ બને છે અને પોતાને મનગમતી યોજનાઓ પ્રાણીઓનું ભલું કરવાને નામે અમલમાં મૂકે છે. પોતાની યોજનાઓનો અમલ કરાવવા માટે તે બધાં પ્રાણીઓ પાસેથી ગુલામની જેમ કામ લે છે. હવે નેપોલિયન માણસો સાથે વેપાર કરવાની વાત કરે છે. પણ ઓલ્ડ મેજરે આપેલા પેલા સાત આદેશનું શું ? બધાં બેપગાં આપણાં દુશ્મન છે એ વાત... વેલ, નેપોલિયન સાત આદેશમાં જરૂરી સુધારા કરી નાખે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં પ્રાણીઓ ભૂખે મરે છે પણ નેપોલિયન તો માણસ સાથે મરઘીનાં ઈંડાંનો વેપાર શરૂ કરે છે ! પછી બળવાનું કાવતરું પકડી પાડ્યું છે એમ કહી નેપોલિયન કેટલાંક પ્રાણીને દેહાંતદંડની સજા કરે છે. 'બીસ્ટ્સ ઑફ ઇંગ્લૅન્ડ' ગીત ગાવા પર પ્રતિબંધ મુકાય છે. તેને બદલે નેપોલિયનની ભારોભાર પ્રશંસા કરતું એક ગીત ગાવાનું ફરજિયાત બનાવાય છે અને ફાર્મની દીવાલો પર ઠેર ઠેર એ ગીત ચિતરાવવામાં આવે છે. એ જ વખતે આજુબાજુના માણસો ફાર્મ પર હુમલો કરે છે. પણ બધાં પ્રાણીઓ મહામહેનતે માણસોને હરાવે છે. પણ જીતનું બધું શ્રેય પોતે લઈને નેપોલિયન પુષ્કળ દારૂ ઢીંચે છે. હવે ડુક્કરો માટે વધારે ખાવા પીવાનું, વધારે સગવડ અને બાકીનાં પ્રાણીઓ માટે એ બધું ઓછું એવી વ્યવસ્થા થાય છે. ડુક્કરો ગળામાં લીલા રંગની રિબન લગાવી છેલબટાઉ બની ફરે છે. બૉક્સર નામનો ઘોડો માંદો પડે છે ત્યારે તેને હૉસ્પિટલમાં મોકલવાને નામે નેપોલિયન તેને કસાઈને ત્યાં મોકલી દે છે. પછી પહેલા બે આદેશમાં ધરમૂળથી ફેરફાર થાય છે. નવો નિયમ છે 'ચોપગાં સારાં, પણ બેપગાં વધુ સારા'. પડોશમાં રહેતા ખેડૂતોને ડુક્કરો મિજબાની આપે છે. માણસો તેમને સ્વરાજ્ય અને સુરાજ્ય સ્થાપવા માટે અભિનંદન આપે છે. બીજાં બધાં ભૂખ્યાં પ્રાણીઓ થોડે દૂર ઊભાં રહીને મિજબાનીનો તમાશો જોઈ રહ્યાં છે અને સામે બેસી મિજબાની માણી રહેલાઓમાંથી માણસ કોણ અને ડુક્કર કોણ એ કહેવું અશક્ય છે એ વાતનો તેમને ખ્યાલ આવે છે.

ટી. બી.ની લાંબી માંદગી ભોગવ્યા પછી ૧૯૫૦ના જાન્યુઆરીની

૨૧મીએ ઑરવેલનું અવસાન થયું. ૧૯૫૪માં 'ઍનિમલ ફાર્મ' પરથી ઍનિમેશન ફિલ્મ બની અને વિધિની વક્રતા જુઓ ! સામ્યવાદ સામેના પ્રચારમાં વાપરી શકાય તે હેતુથી એ ફિલ્મ બતાવવાનો બધો ખર્ચ અમેરિકાની જાસૂસી સંસ્થા સીઆઈએ દ્વારા આપવામાં આવેલો! 'પશુરાજ્ય' નામે જયંતી દલાલે કરેલો આ નવલકથાનો અનુવાદ ૧૯૪૭માં પ્રગટ થયેલો.

●

૪૮. હકાલપટ્ટી થયેલા છોકરાની દાસ્તાન
ધ કેચર ઇન ધ રાય/ જે. ડી. સેલિંજર

દુનિયાદારીની દૃષ્ટિએ માણસ ઊંધી ખોપરીનો. અમેરિકાના મોટા ગજાના લેખકોમાં એની ગણના થાય, પણ કેટલાયે દાયકા તેણે એક અક્ષર પણ છપાવ્યો નહીં. નહીં પુસ્તરૂપે, નહીં મૅગેઝિનોમાં કહે કે, 'હું ક્યાં બીજા કોઈ માટે લખું છું? હું તો મારા પોતાના આનંદ માટે જ લખું છું.' એના પિતા હતા જ્યુ જાતિના અને મા ખ્રિસ્તી. પણ એ પોતે પહેલાં જૈન- બૌદ્ધધર્મ તરફ આકર્ષાયો. પછી હિન્દુ ધર્મ તરફ સ્વામી રામકૃષ્ણનો ઉપાસક બન્યો. કેટલાંય વર્ષો ન કોઈ પત્રકારને મળ્યો, ન મીડિયાને મુલાકાત આપતો. તેનો ફોટો કોઈ છાપે એય ન ગમતું તેને. એ રહેતો હતો તે ઘરમાં એક વાર આગ લાગી. ખબર મળતાવેંત પત્રકાર દોડ્યા. એમને એમ કે આવે વખતે તો પ્રેસ સાથે થોડી વાતચીત કરશે એ, પણ બળતું ઘર કૃષ્ણાર્પણ કરી એ તો પાછલે બારણેથી રફુચક્કર થઈ ગયો. રિપોર્ટરોની નજરે પડ્યા વિના ત્રણ સંગ્રહોમાં એકઠી થયેલી પચાસેક વાર્તાઓ અને એક નવલકથા એટલું જ તેણે લખ્યું છે. એ નવલકથા છેક ૧૯૫૧માં પ્રગટ થયેલી. પણ તેણે જે એક નવલકથા પ્રગટ કરી તેની ગણના વીસમી સદીની અગ્રગણ્ય અમેરિકન નવલકથાઓમાં થાય છે.

એ નવલકથા તે 'ધ કૅચર ઇન ધ રાય' અને તેનો ઊંધી ખોપરીનો લેખક તે જેરોમ ડેવિડ સેલિંજર, જે ઓળખાય છે જે. ડી. સેલિંજર તરીકે. ૧૯૧૯ના જાન્યુઆરીની પહેલીએ ન્યૂ યૉર્ક શહેરમાં તેનો જન્મ. ઘણી સ્કૂલ- કૉલેજોનાં પગથિયાં ઘસ્યાં પણ કયાંયથી એકાદી ડિગ્રી ન મેળવી! ધનવાન કુટુંબનો નબીરો. સેલિંજર કુટુંબ ન્યૂ યૉર્કના ધનાઢ્ય વિસ્તાર પાર્ક ઍવન્યૂ પરના મોટા ઍપાર્ટમેન્ટમાં રહે. ૧૯૪૧માં જે.ડી.ઊના ઓ'નીલ નામની છોકરીના પ્રેમમાં પડ્યો. આ ઊના તે પ્રખ્યાત અમેરિકન નાટ્યકાર યુજિન ઓ'નીલની દીકરી. બંને વચ્ચેનો પ્રેમસંબંધ એકાદ વર્ષ ચાલ્યો, પણ પછી ઊના પ્રખ્યાત નટ- દિગ્દર્શક ચાર્લી

ચૅપ્લિનના પ્રેમમાં પડી અને ૧૯૪૩ના જૂનમાં તેને પરણી ગઈ! ૧૯૪૧માં સેલિંજર અને ઊના મળ્યાં તે પહેલાં ૧૯૪૦માં સેલિંજરની પહેલી ટૂંકી વાર્તા 'ધ યંગ ફૉક્સ' 'સ્ટોરી' નામના મૅગેઝિનમાં પ્રગટ થઈ ચૂકી હતી. બીજું વિશ્વયુદ્ધ શરૂ થયા પછી ૧૯૪૨માં સેલિંજરની લશ્કરમાં ફરજિયાત ભરતી થઈ. તે પછી પણ તેની વાર્તાઓ સામાયિકમાં પ્રગટ થતી રહી. ૧૯૪૪માં નૉર્મન્ડી પરના ખૂનખાર આક્રમણમાં તેણે ભાગ લીધો. ૧૯૪૫માં તેને લશ્કરમાંથી છૂટો કરવામાં આવ્યો તે પછી સિલ્વિયા નામની ફ્રેન્ચ સ્ત્રી સાથે તેણે લગ્ન કર્યાં અને કેટલોક વખત બંને યુરોપમાં રહ્યાં. પણ ૧૯૪૬માં સિલ્વયાએ છૂટાછેડા માટે અરજી કરી. ૧૯૫૦માં સેલિંજરની વાર્તા પરથી બનેલી ફિલ્મ 'માય ફૂલિશ હાર્ટ' રિલીઝ થઈ, પણ તે જોઈને સેલિંજર ખૂબ જ નાસીપાસ અને વ્યગ્ર થઈ ગયો અને પછી ૧૯૫૧ના જુલાઈની ૧૬મીએ 'ધ કૅચર ઈન ધ રાઈ' નવલકથા અમેરિકામાં લિટલ બ્રાઉન ઍન્ડ કંપનીએ પ્રગટ કરી. ઑગસ્ટમાં તેની બ્રિટિશ આવૃત્તિ પ્રગટ થઈ.

ઘણાંને મતે 'ધ કૅચર ઈન ધ રાય' માર્ક ટ્વેનની ટોમ સૉયરની સગોત્ર નવલકથા છે. 'રાય' એટલે રાગી જેવું એક ધાન્ય જે યુરોપ-અમેરિકામાં બ્રેડ બનાવવામાં અને વ્હિસ્કી બનાવવામાં વપરાય છે. આ નવલકથામાં સેલિંજરે હોલ્ડન કૉફિલ્ડ નામના એક કિશોરની દાસ્તાન કહી છે. હોલ્ડનના જ શબ્દોમાં કહેવાયેલી આ કથાના આરંભે જ તેણે ભારપૂર્વક કહ્યું છે કે આ કાંઈ મારી આત્મકથા નથી. કથાનો આરંભ થાય છે, ત્યારે હોલ્ડન મનોવૈજ્ઞાનિક સારવાર લઈ રહ્યો છે. અને ગયે વર્ષે નાતાલના દિવસોમાં શું બન્યું હતું એ તે યાદ કરી રહ્યો છે અને આ યાદો એ જ તેની દાસ્તાન. એ દાસ્તાનને આરંભે હોલ્ડન પેન્શી પ્રેમસ્કુલમાં ભણતો એક છોકરો છે- કાચો કુંવારો, બેજવાબદાર. પાંચમાંથી ચાર પરીક્ષામાં નાપાસ થયો એટલે એને સ્કૂલમાંથી કાઢી મૂકવામાં આવ્યો છે, એટલે ઈતિહાસના શિક્ષક મિસ્ટર સ્પેન્સરને તે મળવા જાય છે. સ્પેન્સર તેને સલાહ આપે છે કે જીવન એક રમત છે અને બીજી કોઈપણ રમતની જેમ તેના નિયમો પાળીને જીવનની રમત પણ રમવી જોઈએ. પણ હોલ્ડનને ગળે માસ્તરની આ વાત ઝાઝી ઊતરતી નથી. કારણ આવા બધાંથી હવે એ રીઢો થઈ ગયો છે. આ કાંઈ પહેલી વાર તેને સ્કૂલમાંથી કાઢી મુકાયો છે એવું નથી. અગાઉ બીજી ચાર સ્કૂલોમાંથી પણ તેને કાઢી મૂકવામાં આવેલો! સ્પેન્સરને મળીને હોલ્ડન છાત્રાલયમાં જાય છે. ત્યાં

તેને રૉબર્ટ એક્લેનો ભેટો થાય છે. આ રૉબર્ટ હતો વિચિત્ર સ્વભાવનો અને ભારે ગુંદરિયો. હોલ્ડન અને તેની સાથે જ રૂમમાં રહેતા વોર્ડને ઘડીભર રેઢા ન મૂકે. હવે વોર્ડ હતો ચબરાક અને તોછડો. તે હોલ્ડમૅનને કહે છે કે તું મને અંગ્રેજીમાં એક નિબંધ લખી આપ. કારણ? કારણ મારે જેન નામની છોકરી સાથે ફરવા જવાનું છે એટલે નિબંધ લખવાનો મને ટાઈમ નથી. આટલો હુકમ કરીને વોર્ડ તો જેનને લઈને ચાલતો થાય છે. ન્યૂ યૉર્ક સિટીમાં ફિલ્મ જોવા તેના ગયા પછી હોલ્ડન બચાડો રૂમમાં બેસીને વોર્ડ માટે નિબંધ ઘસડી કાઢે છે, વોર્ડ પાછો આવીને એ નિબંધ વાંચીને ગુસ્સે થાય છે. આવો કચરા જેવો નિબંધ લખી આપ્યો તેં મને? આ સાંભળી હોલ્ડનને પણ ગુસ્સો આવે છે અને પોતે લખેલો નિબંધ તે ફાડી નાખે છે. પછી થોડો ઠંડો પડે છે ત્યારે પૂછે છે કે જેન સાથેની તારી ડેઈટ કેવી રહી? ત્યારે વોર્ડ જવાબ આપે છે, મજા પડી ગઈ યાર! અમે તો બદ્ધું- હા બદ્ધું- કરી લીધું ,માણી લીધું!, હવે આ જેન અગાઉ હોલ્ડનની દોસ્ત હતી એટલે આ વાત સાંભળીને હોલ્ડન રાતોપીળો થઈ જાય છે અને વોર્ડને મુક્કો મારે છે. પણ વોર્ડ હતો બળિયો. તે મારી મારીને હોલ્ડનનો ખીમો કરી નાખે છે. એ પછી હોલ્ડન નક્કી કરે છે કે બે દિવસ પછી સ્કૂલ શા માટે છોડવી? આજે રાતે જ છોડી દેવી અને છોડી દે છે એ સ્કૂલ અને છાત્રાલય. પહોંચી જાય છે ન્યૂ યૉર્ક શહેરમાં. વિચારે છે કે ઘરે જતાં પહેલાં એકાદ હોટેલમાં રહીશ હું.

બેસી જાય છે ન્યૂ યૉર્ક જતી ટ્રેનમાં. સ્કૂલમાં સાથે ભણતા અર્નેસ્ટ મોરો નામના છોકરાની મા તેની બાજુમાં જ બેઠી છે ટ્રેનમાં. આફત! પોલ ખુલ્લી પડી જશે. એટલે હોલ્ડ પોતાની સાચી ઓળખાણ છુપાવે છે. સ્કૂલમાં રુડોલ્ફ નામનો એક ઝાડુવાળો હતો તે યાદ આવે છે એટલે કહી દે છે કે મારું નામ રુડોલ્ફ છે. પછી અર્નેસ્ટના મોંફાટ વખાણ કરે છે. જ્યારે હકીકતમાં તો અર્નેસ્ટ એક ઠોઠ અને તોફાની છોકરો હતો. ન્યૂ યૉર્ક પહોંચીને હોલ્ડન એડમન્ડ હોટેલમાં રહેવા જાય છે. પોતાના રૂમની બારીમાંથી તેને હોટેલના બીજા રૂમોમાં ચાલી રહેલી પ્રેમલીલાઓ દેખાય છે, એટલે હોલ્ડનને પણ શૈયાસુખની ઈચ્છા થાય છે. કેવેન્ડિશ નામની એક સ્ટ્રીપર અને વેશ્યાનો સંપર્ક કરે છે, પણ તે 'ના' પાડી દે છે. એટલે પછી હોટેલની લેવેન્ડર રૂમ નામની નાઈટક્લબમાં જઈ હોલ્ડન સિયેટલથી ફરવા આવેલી બેર્નીસ નામની છોકરી સાથે ડેન્સ કરે છે. પછી તે ગ્રીનવિચ વિસ્તારમાં આવેલી બીજી એક નાઈટક્લબમાં જાય છે, પણ

જાય છે તેવો જ પાછો ફરે છે. કારણ હોલ્ડનનો ભાઈ ડી. બી. પણ એ ક્લબમાં અવારનવાર જતો, તેની એક દોસ્ત લિલિયાન જોડે અને હોલ્ડન ક્લબમાં ગયો ત્યારે એ લિલિયાન પણ ત્યાં હાજર હતી! અને હોલ્ડન તેની નજરે ચડવા માગતો નહોતો. એટલે તે તરત જ હોટેલ પર પાછો ફર્યો. તે લિફ્ટમાં પોતાના રૂમમાં જતો હતો ત્યારે લિફ્ટમૅને તેને સહજતાથી પૂછ્યું : 'આજની રાત પૂરતી સારી કંપની જોઈતી હોય તો સગવડ કરી આપું, સાહેબ!' હોલ્ડને તેને 'હા' તો પાડી દીધી પણ પછી જ્યારે રૂપજીવિની તેના રૂમમાં આવી ત્યારે હોલ્ડન નર્વસ થઈ ગયો. પેલી કહે કે જેવી તમારી મરજી, પણ નક્કી કર્યા પ્રમાણે દસ ડૉલર તો મને આપવા જ પડશે! હોલ્ડન આપે છે તેને પાંચ ડૉલર તે લઈને પેલી તે વખતે ચાલતી થાય છે, પણ થોડી જ વારમાં લિફ્ટમૅનને લઈને પાછી આવે છે અને બીજા પાંચ ડૉલર માગે છે. હોલ્ડન તેમની સાથે જીભાજોડી કરે છે ત્યારે લિફ્ટમૅન તેને મારવાની ધમકી આપે છે. પણ બન્ને વચ્ચેના ઝઘડા દરમિયાન સની (રૂપજીવિની) હોલ્ડનના ખિસ્સામાંથી પાંચ ડૉલર ચોરી લે છે! જતાં પહેલાં લિફ્ટમૅન હોલ્ડનના પેટમાં જોરથી મુક્કો મારે છે. તેમના ગયા પછી હોલ્ડન બદલો લેવાનો વિચાર કરે છે : મારું ચાલે તો એના પેટમાં જ બંદૂકની ગોળી ધરબી દઉં. પણ પછી પોતે કંઈ જ કરી શકે તેમ નથી એમ વિચારી આપઘાત કરવાનો મનસૂબો ઘડે છે.

બીજે દિવસે હોલ્ડન સેલી હેઝ સાથે મૅટિની શોમાં પિક્ચર જોવા જવાનું નક્કી કરે છે. તે પોતાનો સામાન લઈને હોટેલમાંથી નીકળી જાય છે અને ગ્રાન્ડ સેન્ટ્રલ સ્ટેશન પરના લૉકરમાં સામાન મૂકવા જાય છે, જેથી પેલા લિફ્ટમૅનનું મોઢું જોવું ન પડે. સ્ટેશન પર તેને બે ખ્રિસ્તી સાધ્વીઓ મળે છે જેની સાથે હોલ્ડન રોમિયો- જુલિયેટ વિષે ચર્ચા કરે છે અને આગ્રહ કરીને સાધ્વીઓને દાનરૂપે થોડા પૈસા આપે છે. સેલીને મળતાં પહેલાં હોલ્ડન તેની બહેન ફોબી માટે ગ્રામોફોન રેકર્ડ ખરીદે છે અને પછી સેલીની સાથે સિનેમા જોવા જાય છે. સેલીને મળતાવેંત હોલ્ડન કહે છે કે ' હું તને ચાહું છું, હું તને પરણવા માગું છું' તેને સેલી કાંઈ ખાસ ગમતી નહોતી, પણ છોકરી મળી છે તો પરણી નાખીએ! પિક્ચર પૂરું થયા પછી સેલી કહે છે કે મારો બીજો એક દોસ્ત પણ છે અને તેની સાથે હું ઘણીવાર ફરવા જાઉં છું. આ સાંભળી હોલ્ડન કહે છે કે તો પછી જા, જઈને એને જ ભેટ. પછી હોલ્ડનને થાય છે કે આ બધી વાતો ઢંગધડા વગરની છે, ગાંડાના બકવાસ જેવી છે. પછી હોલ્ડન અને સેલી આઇસ

સ્કેટિંગ કરે છે અને સાથે જમે છે. જમતાં જમતાં હોલ્ડન કહે છે કે 'આ બધાંથી હવે હું ઊબાઈ ગયો છું. ચાલ, આપણે બન્ને ન્યૂ ઇંગ્લૅન્ડ ભાગી જઈએ! ત્યાં જઈ જંગલમાં ઝૂંપડી બાંધીને આપણે સાથે સુખેથી રહેશું.' સેલી નનૈયો ભણે છે ત્યારે હોલ્ડન ગુસ્સે થઈને તેને ભૂંડી ગાળ ભાંડે છે જે સાંભળી સેલી રડવા લાગે છે.

સેલીથી છૂટા પડ્યા પછી હોલ્ડન પોતાના કાર્લ લ્યૂસ નામના એક દોસ્તને ફોન કરે છે. પછી બન્ને મિત્રો વિકર બારમાં મળે છે. હોલ્ડન સતત સેક્સ અને છોકરીઓની જ વાત કરે છે તે સાંભળી કાર્લ ગુસ્સે થઈ જાય છે ને કહે છે કે 'તારે કોઈ મનોચિકિત્સક પાસે સારવાર લેવાની જરૂર છે.' આટલું કહીને કાર્લ તો ચાલતી પકડે છે, પણ હોલ્ડન બારમાં બેસીને ખૂબ ઢીંચે છે. નશામાં ને નશામાં તે સેન્ટ્રલ પાર્કમાં ફરવા જાય છે. ફરતાં ફરતાં ફોબી માટે લીધેલી રેકર્ડ હાથમાંથી પડીને તૂટી જાય છે ત્યારે હોલ્ડન રડવા જેવો થઈ જાય છે. વળી તેના મનમાં બીક પેસી જાય છે કે થોડા જ વખતમાં હું મરી જવાનો છું. એટલે તે જલદી જલદી ઘરે જઈ ફોબીને મળે છે. મા-બાપની નજર પોતાના પર ન પડે તેવો પ્રયત્ન કરે છે. સૂતેલી ફોબીને તે જગાડે છે અને બન્ને વાતો કરવા લાગે છે. પણ હોલ્ડન નપાસ થવાથી તેને સ્કૂલમાંથી કાઢી મૂક્યો છે એ વાત જાણતાંવેંત ફોબી નાસીપાસ થઈ જાય છે અને કહે છે કે જો આ વાતની ખબર આપણા બાપાને પડશે તો તને મારી જ નાખશે! હોલ્ડન કહે છે કે તો હું કોલોરાડો ભાગી જઈશ. પણ ફોબી કહે છે કે આ તો કેવળ તારા મનના તુક્કા છે, કોલોરાડો કાંઈ રેઢું નથી પડ્યું! પછી હોલ્ડન પોતાની સ્કૂલની આકરી ટીકા કરે છે, ત્યારે ફોબી તેને પૂછે છે કે આ દુનિયામાં કશું એવું છે ખરું જે તને ગમતું હોય? હોલ્ડન અસંબંદ્ધ રીતે બે-ચાર નામ આપે છે. પણ ત્યાં તો તેનાં મા બાપ ઘરે આવે છે એટલે હોલ્ડન તરત જ ઘરમાંથી છટકી જાય છે અને પોતાના અગાઉના અંગ્રેજીના શિક્ષક મિસ્ટર એન્ટોલિનીને ત્યાં રહેવા જાય છે. એન્ટોલિની તેને કહે છે કે તું વિનાશને માર્ગે બહુ ઝડપથી આગળ વધી રહ્યો છે. પછી હોલ્ડનને સમજાવવા માટે એન્ટોલિની ઘણી વાતો કહે છે પણ તે સાંભળતાં સાંભળતાં હોલ્ડન તો સૂઈ જાય છે! થોડી વારે જાગીને નક્કી કરે છે કે આ ઘરમાં ન રહેવાય! તે કહે છે કે 'મારો સામાન ગ્રાન્ડ સેન્ટ્રલ સ્ટેશને પડ્યો છે તે લઈને થોડીવારમાં પાછો આવું છું,' પછી આખી રાત હોલ્ડન રેલવે સ્ટેશન પર પડ્યો રહે છે. સવારે ફોબીને ચિઠ્ઠી મોકલે છે કે બપોરે

જમવા ટાણે મને મળ. પણ પછી તેના મનમાં ફરી મોતનો ડર ભરાઈ જાય છે. રસ્તો ઓળંગતી વખતે પણ તેને થાય છે કે હમણાં હું મરી જઈશ! બપોરે મળે છે ત્યારે તેની હાલત જોઈ ફોબીને હોલ્ડનની દયા આવે છે. કહે છે કે 'ચાલ, મારી સાથે ઘરે' પણ આ સાંભળતાવેંત હોલ્ડન ધૂંઆપૂંઆ થઈ જાય છે. પછી બન્ને નજીકમાં આવેલા બાગમાં જાય છે જ્યાં હોલ્ડન એકાએક મોટે મોટેથી રડવા લાગે છે.

બસ. અહીં હોલ્ડન પોતાની આપવીતી પૂરી કરે છે. પછી શું થયું, માંદો કેવી રીતે પડ્યો, ક્યાં, કેવી સારવાર લીધી એની વિગતો આપવાની ના પાડે છે. પછી કહે છે કે લોકોને ક્યાં મારી તબિયતની પડી છે! તેમને તો હું આવતે વર્ષે ભણવા માટે પાછો કોઈ સ્કૂલમાં જઈશ કે નહીં તે જાણવામાં રસ છે. પછી આખી કથા દરમિયાન જેમને મળ્યો, જેમની સાથે ઝઘડયો એ સૌને વારાફરતી યાદ કરે છે અને કહે છે કે એ બધાં મને બહુ યાદ આવે છે, મને પેટમાં મુક્કો મારનાર પેલો લિફ્ટમૅન પણ! એ બધાં વગર મને ગોઠતું નથી! 'રાય' એટલે રાગી જેવું અનાજ એ આપણે અગાઉ જાણેલું. પણ તેને આ કથા સાથે શો સંબંધ? 'કૅચર ઇન ધ રાય' એ પકડદાવ જેવી એક રમત છે અને રૉબર્ટ બર્ન્સની એક કવિતામાં તેનો ઉલ્લેખ કરતી પંક્તિ આવે છે તેના પરથી સેલિંજરે આ શીર્ષક યોજ્યું છે. દુનિયાના છોકરાઓ કોઈ ભેખડની ધાર પર પકડદાવ રમી રહ્યા છે; જરાક બેધ્યાન થાય અને ગબડે ઊંડી ખીણમાં! એમને બચાવવા હોય તો એમને પકડવા જોઈએ. ૧૯૧૦ના જાન્યુઆરીની ૨૭મીએ સેલિંજરનું અવસાન થયું.

●

૪૯. પુસ્તકોને દેશવટો દેનાર દેશની કથા
ફેરનહાઈટ ૪૫૧/ રે બ્રેડબરી

બંબાવાળાનું કામ શું? એ તે કાંઈ પૂછવા જેવો સવાલ છે? બંબાવાળાનું કામ આગ બુઝાવવાનું, બીજું શું? પણ ધારો કે વિજ્ઞાન એટલું આગળ વધ્યું હોય કે એવાં ગામો અને શહેરો બન્યાં હોય કે જ્યાં ક્યારેય અકસ્માતને કારણે આગ લાગી શકે જ નહીં, તો? તોય બંબાવાળાની જરૂર પડે? હા. શા માટે? આગ લગાડવા માટે! ચોવીસમી સદીની વાત કરતી નવલકથા 'ફેરનહાઈટ ૪૫૧'નો કથાનાયક ગાય મોન્ટાગ બંબાવાળા તરીકે આ કામ કરે છે – ગામનાં અમુક ચોક્કસ ઘરોને આગ લગાડવાનું. જે શહેરમાં રહેતો હતો મોન્ટાગ, એ શહેરના લોકો એકદમ સુખશાંતિમાં રહેતા હતા. કોઈપણ વિષય અંગે લોકોમાં ક્યારેય મતભેદ થતો જ નહીં અને એટલે ઝઘડો, હુલ્લડ, હડતાલ વગેરે પણ ક્યારેય થતાં જ નહીં. એવું કેમ બને? કારણ કે મત ધરવાનું કે વિચારવાનું કામ લોકોનું હતું જ નહીં. મત માત્ર સરકારનો, વિચારતા' માત્ર સત્તાધીશ. ભિન્ન મત જ ન હોય ત્યાં મતભેદ થાય જ ક્યાંથી? મતભેદ, ઝઘડા, હુલ્લડ, હડતાલ, સંઘર્ષ વગેરેમાંથી લોકોને બચાવવા માટે સરકારે મતબંધી લાદી હતી અને લોકો વિચારતા ન થાય, મત ધરાવતા ન થાય એટલા માટે શહેરમાં પુસ્તકો, છાપાં, સામયિકો વગેરે પર પ્રતિબંધ મૂક્યો હતો.

પણ ગમે તેવા સુખચેનમાં લોકોને રાખો, તોય કેટલાક લોકો હોય છે અદકપાંસળિયા. દુઃખ અને અશાંતિ વગર એમને ચેન ન પડે. એટલે પોતાના ઘરમાં છુપાવીને પુસ્તકો રાખે અને રાતે બધાં બારીબારણાં બંધ કરી ટમટમતા દીવાના અજવાળામાં વાંચેય ખરા! પણ સરકાર માઈબાપની આંખ ચારેકોર ફરતી જ હોય. તેના જાસૂસોને પુસ્તકોવાળા ઘરની વાસ આવ્યા વગર ન રહે. અને એવી વાસ આવે કે તરત ફોન જોડે બંબાખાનાને. બંબાખાનામાં ઘંટડી રણકી ઊઠે. મોન્ટાગ જેવા

બંબાવાળા હાથમાં લેઝર મશાલો લઈ બંબામાં ઝડપથી ચડી જાય. જોતજોતામાં બંબો પુસ્તકોવાળા ઘર પાસે આવીને ઊભો રહે. મોન્ટાગ ઊતરે. લેઝર મશાલથી માત્ર પુસ્તકોને જ નહીં, આખા ઘરને ઘડીના છઠ્ઠા ભાગમાં ભસ્મીભૂત કરે. ન રહે ઘર, ન રહે પુસ્તકો. બંબાની સાઈરનનો અવાજ શમી જાય. ફરી બધે સુખશાંતિ ફેલાઈ જાય. પણ ઘરમાં પુસ્તકો સંઘરવાની ભૂલ તો થોડા લોકો જ કરે. બાકીના મોટાભાગના તો એયને ટેસડા કરે ટેસડા! વિચારવાની લપછપ તો કરવાની નહોતી. કેટલાક કેફી દવાઓના નશામાં ચકચૂર રહે. કેટલાક દિવસ-રાત જળોની જેમ ટેલિવિઝન કે રેડિયોને વળગ્યા રહે : ''ચરે, ફરે, રતિ કરે, ગર્ભને ધરે, અવતરે, મરે,''- આ લોકોનું જીવન.

મોન્ટાગ પણ સુખી હતો. નોકરી ગમતી. ઘર બાળવામાં મજાય આવતી. એના બંબાને આવતો જોઈને લોકો કેવા નાસભાગ કરતા! પણ એક ટેવ હતી મોન્ટાગને. કોઈ પણ ઘર બાળે તે પહેલાં ચોરીછૂપીથી એક પુસ્તકને ઘરમાંથી ઉપાડી લેતો, ઘરે લઈ જતો. વાંચતો ક્યારેય નહીં, પણ સંઘરી રાખતો. આમ તો પરણેલો હતો મોન્ટાગ મિલી નામની એક બાઈને, પણ લગ્નજીવન સુખી નહોતું. કારણ મિલી આખો દિવસ કેફી દવાઓના ઘેનમાં જ ચકચૂર રહેતી. મોન્ટાગની પડોશમાં એક ષોડશી રહે. નામ હતું ક્લેરિસે. બધા પ્રત્યે દયામાયા રાખતી. બચાડા મોન્ટાગ માટે પણ દયા હતી એના મનમાં. પણ એ દયા ક્યારે મનની માયામાં પલટાઈ ગઈ એની ન તો ક્લેરિસેને ખબર પડી, ન મોન્ટાગને. ષોડશી હતી તો સોનાની થાળી જેવી, પણ તેનામાં હતી એક લોઢાની મેખ. શી ખામી હતી તેનામાં? ''આમ તો બીજું કાંઈ નહીં, પણ 'એને બહુ પૂછવાની ટેવ''. ક્લેરિસે વિચારતી એટલે પૂછતી કે પૂછતી એટલે વિચારતી એ તો રામ જાણે! પણ થોડા દિવસમાં ક્લેરિસે માટેના પ્રેમરોગની સાથોસાથ મોન્ટાગને પણ વિચારવાનો ચેપ લાગ્યો! 'મારી પત્નીથી હું સુખી છું? મારી નોકરીથી હું સુખી છું શું?'-એવા એવા સવાલો માળો જાતને પૂછવા લાગ્યો! અને પછી એક ભયંકર સવાલ તેના મનમાં ઉઠ્યો : આ પુસ્તકમાં એવું તે શું હોય છે કે જેથી સરકાર જ્યાં દેખાય ત્યાં પુસ્તકોને બાળી નાખે છે? આવું આવું વિચારતો બેઠો હતો ત્યાં જ બંબાખાનાના ફોનની ઘંટડી રણકી. લેઝર મશાલ લઈને દોડયો મોન્ટાગ. એક ડોસીના ઘરમાંથી ચોપડીઓ મળી આવી હતી. તેનું ઘર બાળી નાખવાનું હતું. બીજાં ઘરો બાળવા જતો મોન્ટાગ ત્યારે તો તેમાં

રહેનારા તરત રફુચક્કર થઈ જતાં; પણ ડોસી તો ઊંધી ખોપરીની હતી. કહે કે હું તો મારી ચોપડીઓ સાથે જ બળી મરીશ. અને મોન્ટાગ આગ લગાડે તે પહેલાં જ ડોસીએ જાતે જ પોતાના ઘરને આગ લગાડી અને ચોપડીઓ સાથે બળી મરી! લોકોનાં ઘરો બાળતાં પહેલાં તેમાંથી ચોરીને જે પુસ્તકો ભેગાં કરેલાં તેમાંથી એક પુસ્તક લઈ મોન્ટાગ વાંચવા બેઠો. તેને લાગ્યું કે પોતે જે સુખ જિંદગીમાં નથી મેળવી શક્યો તે મેળવવાની ચાવી આ પુસ્તકોમાં રહેલી છે. બરાબર એ જ ટાણે મોન્ટાગનો બૉસ તેને ઘરે આવે છે. કહે છે કે, 'મને ખબર છે, તું ચોપડી સંઘરવાના કુછંદે ચડ્યો છે. પણ આપણા સુખી અને સુવ્યવસ્થિત સમાજમાં પુસ્તકોને સ્થાન નથી. માણસોએ પૂરતી પ્રગતિ નહોતી કરી ત્યારે તેમને પુસ્તકો જેવાં સાધનોની જરૂર પડતી. હવે આપણે એટલી પ્રગતિ કરી છે કે પુસ્તકો નકામાં બની ગયાં છે. તું આ કુટેવ છોડી દે. નહીંતર કોક' દિ તારું ઘર પણ... ગભરાયેલો મોન્ટાગ એક જૂના મિત્ર પ્રોફેસર ફેબરને મળવા જાય છે. બન્ને પુસ્તકો પાછળ ઘેલા બને છે. કાનમાં પહેરી શકાય એવો નાનકડો ટુ-વે રેડિયો ફેબર મોન્ટાગને આપે છે જેથી બન્ને સતત એકબીજાના સંપર્કમાં રહી શકે. પ્રોફેસરની સલાહ વિરુદ્ધ જઈને મોન્ટાગ પોતાની પત્નીને એક પુસ્તકમાંથી થોડો ભાગ વાંચી સંભળાવે છે અને પછી નોકરીએ જાય છે. થોડીવારમાં બંબાખાનાની ઘંટડી રણકે છે. મોન્ટાગ એક વધુ ઘર બાળવા નીકળે છે, પણ એ ઘર એનું પોતાનું જ છે! મોન્ટાગ પોતાનું ઘર તો બાળે છે, પણ પછી બૉસ સાથે બાથંબાથી પર આવી જાય છે. તેના કાનમાં ખોસેલો ટુ-વે રેડિયો પડી જાય છે અને જે લેઝર ટોર્ચથી ઘરો બાળેલાં એનાથી જ મોન્ટાગ બૉસને બાળીને ભડથું કરી નાખે છે. પછી ભાગેલા મોન્ટાગને પકડવા યાંત્રિક શિકારી કૂતરો તેની પાછળ પડે છે. પોતાની પાસેનાં પુસ્તકો લઈને મોન્ટાગ સંતાય છે ફેબરના ઘરમાં. ફેબર તેને નદી કાંઠે વસેલા હોબો કૅમ્પમાં મોકલે છે. દેશનિકાલ કરાયેલા લેખકો, કવિઓ, બુદ્ધિજીવીઓને એ કૅમ્પમાં રાખવામાં આવ્યા છે. તેમાંના એકની મદદથી મોન્ટાગ પોતાના શરીરનું પીએચ ફૅક્ટર બદલી નાખે છે જેથી યાંત્રિક કૂતરો તેને ઓળખી ન શકે. પણ એક-બે દિવસ પછી ટી.વી. પર સમાચાર આવે છે કે સરકારના વફાદાર યાંત્રિક શિકારી કૂતરાએ મોન્ટાગને શોધીને ખતમ કરી નાખ્યો છે! પોતાની નિષ્ફળતા છુપાવવા સરકારે કોઈ બીજા જ માણસને મરાવી નાખ્યો છે! પછી હોબો કૅમ્પના રહેવાસીઓને પૂછે છે કે અહીં ક્યાંય

પુસ્તકો કેમ દેખાતાં નથી? જવાબ મળે છે કે અમે બધાં પુસ્તકો કંઠસ્થ કરી લીધાં છે જેથી ભવિષ્યમાં ક્યારેક પુસ્તકો પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાય ત્યારે તે બધાં ફરી છાપી શકાય! ત્યાં જ યુદ્ધ ફાટી નીકળે છે. બૉમ્બમારામાં આખું શહેર નાશ પામે છે. હોબો કેમ્પના રહેવાસીઓ નવા સમાજની સ્થાપના કરે છે : જ્યાં પુસ્તકોનો, વિચારોનો, ભિન્ન મતનો આદર થતો હોય એવા એક નવા સમાજની.

બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકન સમાજમાં અને સરકારમાં અસહિષ્ણુતા વધી ગઈ હતી. જનરલ મૅકાર્થીની વિચારસરણી પ્રમાણે ભિન્નમતને દબાવી દેવાના પ્રયત્નો થઈ રહ્યા હતા. વાણી અને વિચારના સ્વાતંત્ર્ય પર બંધનો લાદવાનો પ્રયત્ન થતો હતો. આવી પ્રવૃત્તિ અને વૃત્તિના વિરોધમાં રે બ્રૅડબરીએ આ નવલકથા ૧૯૫૩માં પ્રગટ કરી હતી. પોતે લખેલાં સો કરતાં વધુ પુસ્તકોની બડાઈ મારનારા આપણા કેટલાક લેખકો રે બ્રૅડબરી આગળ ઠિંગુજી જેવા લાગે. ૧૯૨૦ના ઑગસ્ટની બાવીસમી તારીખે અમેરિકાના ઈલિનૉય રાજ્યમાં જન્મેલા બ્રૅડબરીએ ૫૦૦ કરતાં વધારે કૃતિઓ પ્રગટ કરી છે. પ્રગટ થઈ ત્યારથી આ નવલકથા અમેરિકામાં સતત વેચાતી રહી છે. ૨૦૧૨ની જૂનની પાંચમી તારીખે રે બ્રૅડબરીનું અવસાન થયું.

●

૫૦. ગુરુ થા તારો તું જ
ધ એડ્વેન્ચર્સ ઑફ ઑગી માર્ચ /સોલ બેલો

સોલ બેલો વીસમી સદીના અમેરિકન સાહિત્યના એક મોટા ગજાના નવલકથાકાર. ૮૯ વર્ષની ઉંમરે ૨૦૦૫ની પાંચમી ઍપ્રિલે અવસાન. ૧૯૭૬નું સાહિત્ય માટેનું નોબેલ ઇનામ. પહેલી નવલકથા 'ડૅંગલિંગ મૅન' ૧૯૪૪માં પ્રગટ થઈ, પણ નવલકથાકાર તરીકે સિદ્ધિ અને પ્રસિદ્ધિ મળી તે ૧૯૫૩માં પ્રગટ થયેલી 'ધ ઍડ્વેન્ચર્સ ઑફ ઑગી માર્ચ' થી. ૧૯૫૦ના દાયકાથી કેટલોક વખત આપણી ભાષામાં ઘટનાલોપ, ભાષાકર્મ, આકૃતિ વગેરેના આત્યંતિક મહત્ત્વનો વાયરો વાયો - પણ સોલ બેલોની આ નવલકથા ઘટનાઓ, પાત્રો વગેરેથી ભરપૂર છે. પોતાની જાતને જાણવા અને સ્થાપવા મથતો કથાનાયક ઑગી માર્ચ અનેક પાત્રોના પરિચયમાં આવે છે, અનેક પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે, અનેક સ્થળોમાં ભ્રમણ કરે છે. અહીં વ્યક્તિ કેન્દ્રમાં છે, પણ સમાજનો છેદ ઉડાવી દેવાયો નથી, બલકે સમાજ સાથે સંકળાયેલી વ્યક્તિ અહીં કેન્દ્રમાં છે.

સોલ બેલોની જેમ ઑગી પણ અમેરિકાના શિકાગો શહેરમાં ઊછર્યો છે. પોતાના જીવનની દિશા અને દશા પોતે શોધવા માગે છે. બીજું કોઈ તેને 'ઘડે' એ તેને મંજૂર નથી. પોતાના ભ્રમણની અને પોતાની આંતરિક ખોજની કથા તેણે પોતે જ કહી છે. ગરીબ એવા જ્યુ કુટુંબનું સંતાન છે. આર્થિક અને સામાજિક રીતે પછાત કહી શકાય તેવા વર્ગનો છે; છતાં તેનામાં નથી કડવાશ, નથી વેરભાવ. પણ સતત અનુભવો મેળવવાનો, સતત જાણકારી મેળવવાનો તેનો પ્રયત્ન છે. આ રીતે જ પોતાની જાતને અને પોતાના ભાવિને ઘડી શકશે તેમ તે માને છે, એટલે સામી છાતીએ જીવનનો અને જગતનો મુકાબલો કરે છે. તેને ઘડવાનો પહેલો પ્રયત્ન કરે છે ઘરડાં દાદીમા. ઑગી અને તેનો મોટો ભાઈ સાયમન મજૂર વર્ગના માહોલમાંથી બહાર નીકળી 'મોટા માણસ' બને

એવી દાદીમાની ખ્વાહિશ છે. આઠ વર્ષની ઉંમરના ઑગીને દાદી 'વ્યવહારુ' રીતરસમ શીખવે છે - થોડું જુઠ્ઠું બોલીને કઈ રીતે લાભ મેળવી લેવો. કારણ દાદીમાને છે કે મોટા માણસ બનવું હોય તો આવું તો થોડુંક કરવું પડે. પણ દાદીમાં ઢાળે તેવા બીબામાં ઢળવા માટે ઑગી તૈયાર નથી. લક્ષ્ય એક જ છે - સફળ થવું. તે માટે બનતું બધું કરવા તે તૈયાર છે, કરે પણ છે. વ્યવહારડાહ્યો પહેલાં નિશાળમાં અને પછી નોકરીમાં ઑગીને પાછળ રાખી દે છે. જુઠ્ઠું કેમ બોલવું, લુચ્ચાઈ કેમ કરવી તે સાયમનને બરાબર આવડી ગયું છે. એટલે તે ઝટ પકડાતો નથી. ક્યારેક તેને પગલે ચાલવાનો ઑગી પ્રયત્ન કરે છે ત્યારે પોતાની અણઘડતાને લીધે પકડાઈ જાય છે. ઑગી બાર વર્ષનો હતો ત્યારે નાતાલ દરમિયાન સાન્તાકલોઝના મદદનીશ તરીકે થોડાક પૈસા ચોરવાનો પ્રયત્ન કરે છે, પણ પકડાઈ જાય છે અને બીજા દેખતાં અપમાન અને જાકારો સહન કરવાં પડે છે.

હાઈસ્કૂલમાં ભણવા જાય છે ત્યાં સુધીમાં કુટુંબ સાથેનાં ઑગીનાં બંધનો ઢીલાં થઈ ગયાં છે. નાના ભાઈ જ્યોર્જીને સુધારણા કેન્દ્રમાં મોકલી દેવો પડ્યો છે, ઑગી દુનિયાદારીની રીતે ઘડાવા તૈયાર નથી. દાદી નાસીપાસ થયાં છે, તેમની તબિયત લથડી છે અને કુટુંબને છોડી ઘરડાંઘરમાં રહેવા ચાલ્યાં ગયાં છે. પત્ની અને છોકરાઓને એકલાં મૂકીને ઑગીનો બાપ ઘર છોડીને ચાલ્યો ગયો છે. એટલે હવે ઑગી ઢળે છે વિલિયમ ઈનહૉર્ન તરફ. વિલિયમ પક્ષઘાતથી પીડાય છે. ઑગી તેને પોતાની પીઠ પર ઊંચકીને ફેરવે છે. શરીર ભલે જડ થઈ ગયું છે વિલિયમનું, પણ તેનો જીવ બરોબર છે.જીવન અને જગત વિષે તે સતત વાતો કરતો રહે છે અને ઑગી આભો બનીને સાંભળતો રહે છે. શરીરની અશક્તિ સામે વિલિયમ હાર કબૂલ કરતો નથી. તેને જીવનમાં, પૈસામાં, સેક્સમાં ભરપૂર રસ છે. તેની આવી હિમ્મતને ઑગી દાદ દે છે પણ તેની ક્યારેક હલકી તો ક્યારેક ક્રૂર રીતભાતને ઑગી સ્વીકારી શકતો નથી. વિલિયમને તે ગુરુપદે સ્થાપવા રાજી નથી, કારણ તેનું મન કહે છે : 'ગુરુ થા તારો તું જ '.

પણ ૧૯૨૯માં શેરબજાર કડડભૂસ થાય છે અને વિલિયમ પાયમાલ થઈ જાય છે. ત્યારે જો ગોરમૅન નામના એક ગુંડાની પડખે ઑગી ચડે છે. ગોરમૅન અને ઓગી એક મોટી ચોરીનું કાવતરું ઘડે છે. પણ યોજના પાર નથી પડતી. પોલીસને હાથે ઑગી પકડાતો નથી, પણ

આ અનુભવથી તે હલબલી જાય છે. વિલિયમને જ્યારે આ બનાવની ખબર પડે છે ત્યારે તે 'તું તો મૂરખનો સરદાર છે' એમ કહી ઑગીની હાંસી ઉડાવે છે. પણ કાયદાનો ભંગ કરીને ચોરી કરવાના કામમાં ઑગી કેમ સંડોવાયો તેનું કારણ વિલિયમ જોઈ શકે છે : 'વિરોધ કરવો એ તારો સ્વભાવ છે. પ્રવાહની સાથે તરવાનું તને ફાવે તેમ જ નથી.' વિલિયમની આ વાત ઑગીને ગળે તો ઊતરે છે, પણ તેથી કાંઈ વિલિયમ પોતાની મરજી પ્રમાણે તેને ઘડે તે ઑગી સ્વીકારતો નથી. દાદીમાના આવા પ્રયત્નને તે વશ થયો નહોતો, જો ગોરમેને ચીંધેલા મારગે તે ચાલ્યો નહીં, વિલિયમના પ્રયત્નોને પણ ગાંઠતો નથી. તો બીજી બાજુ વિલિયમ સાથેનો સંબંધ તે કાપી પણ નાખતો નથી. ઑગી ગ્રેજ્યુએટ થાય છે. ખુશાલીમાં વિલિયમ તેને ભેટ આપે છે. શી છે ભેટ? ઑગીને તે એક વેશ્યા પાસે લઈ જાય છે! પછી આગળ ભણવા માટે ઑગી ભાઈ સાયમન જ કૉલેજમાં દાખલ થાય છે. પણ ઉચ્ચ અભ્યાસની શિસ્તબદ્ધ તાલીમ તેને માફક આવતી નથી. ભણવાની સાથોસાથ તે એક ડિપાર્ટમૅન્ટલ સ્ટોરના બેઝમેન્ટમાં સૅલ્સમૅન તરીકે નોકરી કરે છે, પણ નોકરીની રીતરસમ પણ તેને માફક આવતી નથી. સારે નસીબે થોડા વખતમાં તેને પરાંના એક મોટા સ્ટોરમાં નોકરી મળે છે. તવંગરોના નબીરાઓ માટે મોજશોખની વસ્તુઓ વેચે છે. આ દુકાન, આ નોકરી મળ્યા પછી ઑગી ભણવાનું છોડી દે છે. લખપતિઓની દુનિયાનો તેને પરિચય થાય છે. દુકાનના માલિકની પત્ની મિસિસ રેનલિંગના મનમાં ઑગી વસી જાય છે. તે મનસૂબો કરે છે ઑગીની ઘડવાનો. આધેડવયની છે મિસિસ રેલિંગ; પણ તરવરાટ, ઉત્સાહ, કંઈક કરી નાખવાની ધગશ તેનામાં ભરપૂર છે. ઑગીને ઍડ્વર્ટાઇઝિંગનું ભણવા પોતાને ખર્ચે મોકલે છે, હવા ખાવાના સ્થળે જાય છે ત્યારે ઑગીને પણ પોતાની સાથે લઈ જાય છે, ત્યાં ઘણાં ધનવાનો રજા ગાળવા આવ્યાં છે, ત્યાં એસ્થર ને થિયા નામની બે બહેનો ઑગીની નજરે પડે છે. બન્ને હતી ધનવાન અને રૂપવાન. બન્ને છોકરી ઑગીના મનમાં વસી જાય છે. પણ થોડો વખત તેના મનમાં ખેંચતાણ ચાલે છે : 'એસ્થર કે થિયા, કોને ચાહું છું હું?' થોડી ગડમથલ પછી ઑગી નક્કી કરેછે : 'ચાહું છું તો એસ્થરને.' દિવસો સુધી ઑગી એસ્થરની પાછળ પાછળ ભમ્યા કરે છે. ઑગી એસ્થરને પ્રેમ કરે છે ખરો, પણ 'તને હું પ્રેમ કરું છું' એમ એસ્થરને કહેવાની તેનામાં હિમ્મત નથી. છેવટે મન કાઠું કરીને તે પોતાની વાત એસ્થરને કહે છે. પણ એસ્થર

ઑગીના પ્રેમને ઠુકરાવે છે અને એના આઘાતથી ઑગી બેભાન થઈ જાય છે. જો કે પાછળથી‘ થિયા ઑગીને કહે છે કે’ એસ્થર અને હું તો એમ માનતાં હતાં કે તું તો રેનલિંગની વાસનાપૂર્તિ માટે તેની સાથે રહેતો ગિગોલો છે! ’ ઑગી અંગેની સાચી વિગત જાણ્યા પછી હવે થિયા ઑગીના પ્રેમમાં પડે છે. એટલું જ નહીં, તે પોતાનું શરીર ઑગીને ધરી દે છે. પણ થિયાની આવી વર્તણૂકથી શરમિંદો થઈને ઑગી ત્યાંથી ભાગી છૂટે છે.

મિસિસ રેનલિંગને પણ ઑગી દાદ દેતો નથી. છતાં તે ઑગીને પોતાનો કરવા મથે છે. પૈસા અને મોભો બતાવીને ઑગીને લલચાવે છે. કહે છે કે, ‘એક વખત તું પૈસા મેળવ, મોટો મોભો મેળવ સમાજમાં, પછી એસ્થર કે થિયા જેવી તો કંઈ કેટલીય છોકરીઓ તારી પાછળ દોડતી આવશે.’ ઑગીને વિમાસણ થાય છે. એટલે તે દોડે છે વિલિયમ પાસે, તેની સલાહ લેવા; પણ અત્યારે વિલિયમભાઈ એક નવી રખાત પાછળ પાગલ બન્યા છે એટલે ઑગીને સલાહ આપવાની તેને પડી નથી. પણ પછી ઑગીને સમજાય છે કે મિસિસ રેનલિંગ કહે છે તેમ કરવું એટલે પોતાના ભાવિનું ઘડતર બીજાના હાથમાં સોંપવું. પણ તેમ કરવા ઑગી રાજી નથી. એટલે મિસિસ રેનલિંગની દરખાસ્તને ઠુકરાવીને ઑગી ભાગી છૂટે છે.

ઑગી મિસિસ રેનલિંગ પાસેથી તો ભાગી છૂટયો પણ પછી તેને ફરી ભેટો થયો પુરાણા સાથી જો ગોરમૅનનો. હવે એ કૅનેડાની સરહદ પરથી ગેરકાયદે રીતે લોકોને અમેરિકામાં ઘૂસાડવાનું કામ કરતો હતો. મનેકમને ઑગી તેના આ ધંધામાં જોડાય તો છે. ઓગી અને જો એક ચોરેલી મોટરમાં જતા હોય છે ત્યારે પોલીસ આવી પહોંચે છે, પણ ઓગી ભાગી છૂટે છે અને જો પકડાઈ જાય છે. ઑગી ભાગીને લોકોના મોટા ટોળામાં ભળી જાય છે. થોડા કલાક પછી તે જુએ છે કે જોને પોલીસે કોટડીમાં પૂર્યો છે. પછીનાં થોડાં અઠવાડિયાં ઑગી ટ્રેનમાં આમથી તેમ ભમતો રહે છે, પણ તેમ કરતાં શંકાસ્પદ વ્યક્તિ તરીકે પકડાય છે, એક રાત હવાલાતમાં ગાળે છે અને પછી છૂટીને પાછો શિકાગો ભેગો થઈ જાય છે.

ઑગી ઘરથી દૂર હતો એ દરમિયાન તેનો મોટો ભાઈ સાયમન સિસિ ફ્લેક્સનરના પ્રેમમાં પડે છે અને લગ્ન કરી શકાય એટલા પૈસા ભેગા કરવા માટે ધમપછાડા કરે છે. ઘરનું રાચરચીલું તેણે વેચી નાખ્યું

છે અને માને પડોશીને ત્યાં રહેવા મોકલી દીધી છે. ઑગીને મોકલવા પૈસા જોઈએ છે એવું કહીને સાયમને વિલિયમ પાસેથી પણ પૈસા ઉધાર લીધા છે. પણ પછી બેઝબૉલની રમત પર સટ્ટો ખેલવામાં તે એ પૈસા ખોઈ નાખે છે. તેના આટલા ધમપછાડા છતાં છેવટે સિસિ સાયમન સાથેના વિવાહ તોડી નાખે છે અને માર્ચ કુટુંબના જ બીજા એક જરા મોટી ઉંમરના છોકરા સાથે પરણી જાય છે. પરિણામે સાયમન વિફરે છે, ખૂબ ધાંધલ ધમાલ કરે છે અને જેલ ભેગો થાય છે. જે રાતે સાયમન જેલમાં ગયો તે જ રાતે ઑગી પણ હવાલાતની હવા ખાય છે. છેવટે બન્ને ભાઈ મળે છે, ત્યારે સાયમન કહે છે કે હવે પછી પ્રેમબેમની વાત જ નહીં. હવે તો એક જ ધ્યેય - સફળતા. આવું નક્કી કર્યા પછી થોડા વખતમાં જ સાયમન શાર્લોટ મેગ્નસનું દિલ જીતી લે છે. ખાસ તો એટલા માટે કે તેનો બાપ ખૂબ પૈસાદાર છે, કોલસાનો મોટો વેપારી છે. આ સંબંધ પછી સાયમનનો સિતારો ચમકે છે, પણ ઑગી માને છે કે સાયમને લીધેલો રસ્તો એ મોતને નોતરવાનો રસ્તો છે. સાયમન પાસેના પૈસા વધતા જાય છે, સત્તા વધતી જાય છે અને સાથોસાથ એનાં કૂડકપટ પણ વધતાં જાય છે. પોતે પોતાની સ્વતંત્રતા ખોઈ નાખી છે એ વાત સાયમનના મનમાં ખટક્યા કરે છે અને એટલે પોતાની જાતને શિક્ષા કરવા માટે તે અવારનવાર આપઘાત કરવાના વિચારો કર્યા કરે છે. સાયમનને ડગલે ને પગલે સફળતા તો મળતી રહે છે, પણ હવે મનોમન તેને પોતાની આવી સફળતાની શરમ આવે છે. જ્યારે બીજી બાજુ ઑગી પોતાની જિંદગીનો ઘાટ પોતે ઘડવાના નિર્ણયને વળગી રહે છે. પરિણામે તે સતત ચીલો ચાતરીને ચાલતો રહે છે. પેડિલા નામના એક મેક્સિકન વિદ્યાર્થી પાસેથી તે અભ્યાસીઓને કામની એવી ચોપડીઓ દુકાનોમાંથી ચોરવાની કળા શીખી લે છે. જોતજોતામાં તે આ કામમાં પાવરધો થઈ જાય છે, પણ પેડિલા તેનાથી નારાજ રહે છે. કારણ, ચોરેલી ચોપડી વેચતાં પહેલાં પોતે તે વાંચી લેવાનો ઑગી આગ્રહ રાખે છે અને તેના આવા આગ્રહને કારણે ઑગીની આવકમાં ઘટાડો થાય છે પણ તેની જાણકારીમાં બેહદ વધારો થાય છે.

ઑગીના ચોરેલાં પુસ્તકોના ઘરાકોમાં એક છે હૂકર ફ્રેઝર. રાજ્યશાસ્ત્રનો અભ્યાસ કરતો હૂકર ઑગી પાસેથી પુસ્તકો તો લે છે, પણ પૈસા આપ્યા વગર. આ હૂકરની પ્રેમિકા મિમિ વિલાસે સાથે ઑગીને દોસ્તી થાય છે. ઑગીની જેમ જ આ મિમિ પણ ચીલો ચાતરીને, પોતાની

રીતે જ જીવવામાં માને છે. પણ ઑગીને હજી પોતાના જીવનનું ધ્યેય મળ્યું નથી; જ્યારે પારાવાર યાતના ભોગવ્યા પછી મિમિને એ મળી ગયું છે. એના જીવનનું ધ્યેય છે પ્રેમ. પણ મુશકેલી એ છે કે, હૂકર તો પરણેલો છે. થોડા વખત પછી મિમિ સગર્ભા થાય છે અને એ વાતની ખબર પડતાં જ હૂકર ભાગી છૂટે છે. એટલે પછી ગર્ભપાત કરાવવા માટે ઑગી મિમિને દવાખાને લઈ જાય છે. આમ, ઑગી મિમિને તો આફતમાંથી બચાવે છે, પણ તે પોતે એક જાતની આફતમાં ફસાઈ જાય છે. છેલ્લા ઘણા મહિનાથી સાયમન ઑગીને પટાવવાનો પ્રયત્ન કરી રહ્યો છે. પોતાનો માર્ગ પોતે કરી લેવાનો ધખારો છોડી દે , દુનિયાદારીની રીતરસમ અપનાવ, ખાઈ પીને રાજ કર. આ સાયમનને પ્રતાપે જ ફૂસી મેગ્નસ નામની છોકરી માટે ઑગીના મનમાં પ્રેમના અંકુર ફૂટયા છે. આ ફૂસી તે સાયમનની સાળી, શાર્લોટની બહેન! ભાઈ સાયમને ચીંધેલા દુનિયાદારીના સુખસગવડવાળા માર્ગે આગળ વધવા ઑગી લગભગ તૈયાર થઈ ગયેલો, પણ પછી તે એ માર્ગે આગળ વધતો નથી. કારણ, ફૂસી અને તેનાં કુટુંબીજનો પાસે જઈને કોઈ ચાડી ખાઈ આવ્યું છે: ‘આ ઑગી તો છે ને, એક કુંવારી છોકરીને ગર્ભપાત કરાવવા દવાખાને લઈ ગયો હતો. નક્કી દાળમાં કાંક કાળું હોવું જોઈએ. નહિતર કુંવારી છોકરીને ઑગી શા માટે દવાખાને લઈ જાય?’ આ વાત સાંભળતાં જ ફૂસી અને સાયમન બન્ને ઑગી તરફથી મોઢું ફેરવી લે છે. ત્યારે ઑગીને થાય છે, ‘જે થયું તે સારું જ થયું. પ્રેમની કેડીએ તો હું લગભગ ચાલવા લાગેલો જ. હા, હજી સત્તાના માર્ગ પર પગ નહોતો મૂક્યો. પણ જો મૂક્યો હોત તો તે મારી સ્વતંત્રતાને ભોગે જ મૂક્યો હોત!’

એટલે પછી ફરી એકવાર ઑગી નીકળી પડે છે. પોતાનું ભાવિ પોતે ઘડવા માટે. વળી એક નવું સાહસ. હવે તે કૉંગ્રેસ ઑફ ઈન્ડસ્ટ્રિયલ ઑર્ગેનાઈઝેશન્સને મજૂરો પૂરા પાડવાનું કામ કરે છે. સાથોસાથ સોફી ગર્ટિસ નામની એક છોકરી સાથે મન બહેલાવે છે. એક સાંજે ઑગી અને સોફી રંગરેલિયાં કરી રહ્યાં હતાં ત્યારે બારણે ટકોરા પડે છે. ઑગી બારણું ખોલીને જુએ છે તો સામે ઊભી છે થિયા ફેન્ચલ જે અગાઉ ઑગીની પાછળ પડી હતી. ઑગી ઘરમાં એકલો નથી એનો ખ્યાલ થિયાને આવી જાય છે એટલે ‘મને પછી હોટેલ પર મળવા આવજે’ એટલું કહીને થિયા જતી રહે છે. બીજે જ દિવસે મજૂરો પૂરા પાડવાના કામ અંગેના ઝઘડામાં ઑગીને સારો એવો મેથીપાક મળે છે. વિરોધીઓના ગુંડા તેની પર તૂટી

પડે છે. મજૂરોના રાજકારણ સાથે કે રાજકારણના મજૂરો સાથે જોડાવાનું મારું કામ નહીં , એમ મનોમન નક્કી કરી ઑગી થિયાને મળવા જાય છે. બન્ને હોટેલની લિફ્ટમાં જ મળી જાય છે ને એકમેકને ખૂબ ઉત્કટતાથી ભેટે છે. તે પછીનાં ત્રણ દિવસ- રાત બન્ને એકમેકના સાથમાં વિતાવે છે.

છૂટાછેડા લેવા માટે થિયા મેક્સિકો જવાનું નક્કી કરે છે અને ઑગીને પોતાની સાથે આવવા કહે છે. થિયા પોતાનું ધાર્યું જ કરવા ટેવાયેલી છે, તેની સાથે રહીને પોતાની સ્વતંત્રતા જાળવી શકશે નહીં એ વાત ઑગી બરાબર જાણે છે. પણ સાથે એય જાણે છે કે પોતે થિયા માટે જેવું આર્કષણ અનુભવે છે, તેવું આ જ સુધી બીજી કોઈ સ્ત્રી માટે અનુભવ્યું નથી. એટલે તે થિયાને પગલે ચાલવાનું નક્કી કરે છે. કહે છે: 'એ મને જેમ દોરતી તેમ હું દોરાતો'. થિયાના રેફ્રિજરેટરમાં સલાડની શાકભાજી સાથે પૈસાની નોટોનાં બંડલ ખડકેલાં છે. થિયા ઑગીને કહે છે કે આમાંથી જોઈએ એટલા પૈસા લઈ લે. પણ ઑગીને લઈને થિયા મેક્સિકો જવા માગે છે તે માત્ર પોતાના વરથી છૂટાછેડા લેવા માટે નહીં, બીજી પણ એક જૂની ધૂન તેના મન પર સવાર થયેલી છે.

થિયા ઑગીને લઈને મેક્સિકો તો ગઈ, પણ પછી તેણે પહેલું કામ પતિ સાથે છૂટાછેડા લેવાનું કર્યું? ના. તેનો એક વિચિત્ર શોખ પોષવા માટે તેણે એક ગરુડ ખરીદ્યું અને પછી તેને તાલીમ આપીને કેળવવાનું કામ ઑગીને સોંપ્યું. આથી ઑગીને વિમાસણ થઈ : થિયાને આ એવો તે કયો શોખ હશે કે પ્રેમ, છૂટાછેડા એ બધા કરતાંય તે ગરુડને તાલીમ આપવાને વધુ મહત્ત્વ આપે છે? પણ થિયાએ તો ગરુડનું નામ પણ પાડી દીધું, કેલિગુલા અને મેક્સિકોના તેના અચિંત્યનિવાસ (કૅર-ફ્રી હાઉસ) માં ત્રણે રહેવા લાગ્યાં. થિયા, ઑગી અને કેલિગુલા. ઑગીએ કેલિગુલાને તાલીમ આપવાનું શરૂ કરી દીધું અને થોડા દિવસોમાં તો તે ગરુડ ગરોળી અને એવા બીજા નાના જીવોનો શિકાર કરતાં શીખી ગયું. ઑગીને આવી નિરર્થક હત્યા ગમતી તો નહીં, પણ થિયાએ તેને સમજાવ્યું કે હિંસા એ સૃષ્ટિનો અનિવાર્ય નિયમ છે. થિયાનું ધ્યેય તો કેલિગુલા પાસે ઈગુઓના નામના મોટા સરિસૃપ જીવનો શિકાર કરાવવાનું હતું, પણ છેલ્લી પરીક્ષાને દિવસે જ કેલિગુલા પાણીમાં બેસી ગયું; જાણે કહેતું ન હોય કે સૃષ્ટિના નિયમની ઉપરવટ જઈને પણ પોતાને યોગ્ય લાગે તે રીતે વર્તવાનો વ્યક્તિને અધિકાર છે. તેણે

ઈગુઆના પર તરાપ તો મારી પણ પછી તેનાં તરફડિયાં જોઈ તેને છોડી દીધું. આ જોઈને થિયાએ તો જબરી રોકકળ કરી મૂકી, પણ તેની પરવા કર્યા વગર કેલિગુલા તો નિરાંતે ઊડીને અચિંત્યનિવાસમાં જઈ બેઠું.થિયાના મનમાં કેલિગુલા માટે ધિક્કાર ઊભરાવા લાગ્યો, પણ ઑગીના મનમાં સહાનુભૂતિ જાગી. તેને થયું મારી જિંદગી ઘડવા માટે જેમ હું મારી રીતે વર્તું છું, તેમ આ ગરુડ પણ પોતાની સ્વેચ્છા પ્રમાણે વર્તે છે. થોડા દિવસ પછી કેલિગુલાની ફરી પરીક્ષા લેવાય છે. ફરી નાપાસ. સપડાયેલા ઈગુઆનાને તે છોડી દે છે અને ફરી ભરાઈ જાય છે અચિન્ત્યનિવાસમાં. એટલું જ નહીં, આ બીજી પરીક્ષા વખતે ભડકેલા ઘોડા પરથી પડી જતાં ઑગી ઘવાય છે. હવે થિયાનો ગુસ્સો માઝા મૂકે છે. ગરુડને પ્રાણીબાગમાં મોકલી દે છે અને ઑગીને અચિન્ત્યનિવાસમાં લગભગ કેદીની જેમ રાખે છે. માંદા ઑગીને ઘરમાં એકલો મૂકીને તે તો નીકળી પડે છે જંગલમાંથી સાપ પકડવા, રોજેરોજ. અને બીજી બાજુ થિયા છૂટાછેડા માટેની કાર્યવાહી શરૂ કરી દે છે. જે દિવસે થિયાને છૂટાછેડા મળે છે તે જ દિવસે ઑગી તેને કહે છે કે, 'ચાલ હવે વહેલી તકે આપણે પરણી જઈએ.' પણ થિયા તો નનૈયો ભણી દે છે. કેમ? તેના મનમાં શંકા છે કે ઑગી પરણવા તૈયાર થયો છે તે પ્રેમને કારણે નહીં, પણ પોતાની મિલકતને કારણે. એટલે તે ઑગીને કહે છે કે પહેલાં તું ફરી શિકાર કરવાનું શરૂ કર, દારૂ પીવાનું અને જુગાર રમવાનું ઓછું કર. પછી તારી સાથે લગ્નનો વિચાર કરીશ. ઑગી સમજી જાય છે કે હવે અમે બન્ને એકમેકથી દૂર જવા લાગ્યાં છીએ. તેમાં પડોશમાં રહેતા ઑલિવરના ઘરે યોજાયેલી એક પાર્ટી વખતે બળતામાં ઘી હોમાય છે. થિયા સાથે ડૅન્સ કરવાની ઑગી ના પાડે છે અને થિયાને અણગમતા એવા એક પુરુષના હાથમાં તેને ડૅન્સ માટે પધરાવી દે છે. એટલું જ નહીં, ઑલિવરની ઉપવસ્ત્રા સ્ટેલાના હાથમાં હાથ પરોવી ઑગી બગીચામાં ટહેલવા લાગે છે. સ્ટેલા કહે છે કે અમેરિકાની પોલીસ ઑલિવરને પકડવાની તૈયારી કરી રહી છે અને પોતે પોલીસના લફરામાં સપડાવા માગતી નથી. સ્ટેલા કહે છે કે જો તું મને ઑલ્વિરના પંજામાંથી છોડાવીને મેક્સિકો સિટી લઈ જા, તો પછી હું મારી જાત તને સોંપી દઈશ. પણ ઑગી કહે છે કે હું તને મેક્સિકો સિટી સુધી નહીં, નજીકના એક ગામ સુધી લઈ જઈશ. પછી ત્યાંથી કોઈ વાહન શોધીને મેક્સિકો સિટી પહોંચવાની જવાબદારી તારી. ઑગી પોતાના ખખડધજ ખટારાને

મહામહેનતને ચાલુ કરે છે અને સ્ટેલાને લઈ ઊપડી જાય છે. પણ ખટારાના ખખડાટથી થિયા ચોંકી જાય છે. તેને થાય છે કે નક્કી ઑગી સ્ટેલાને લઈને ભાગી ગયો ગયો! આથી તે ધૂંઆપૂંઆ થઈ જાય છે. બીજી બાજુ ડુંગરાળ રસ્તે જતાં એક ખીણની ધારે ઑગીનો ખખડધજ ખટારો ખોટકાઈ જાય છે. આખી રાત બન્ને એ ઉજ્જડ જગ્યાએ ગાળે છે અને જાણે સાવ સ્વાભાવિક હોય તેમ શરીરસંબંધ બાંધે છે. બીજે દિવસે સવારે ખટારો સમો કરાવી ઑગી સ્ટેલાને નજીકના ગામે મૂકી આવે છે. સ્ટેલાના હાથમાં તે થોડા પૈસા મૂકીને કહે છે કે હવે ગમે તેમ કરી મેક્સિકો સિટી પહોંચી જા. સ્ટેલાને છોડીને ઑગી આવે છે પાછો અચિન્ત્યનિવાસમાં.

પણ ઑગીને પાછો ફરેલો જોઈને થિયા તો વિફરે છે. કહે છે: હવે તારે ને મારે શો સંબંધ? તું અહીં પાછો આવ્યો જ શું કામ? તું છે જ મનનો નબળોપોચો. બીજા જેમ ઢાળે તેમ ઢળી જાય છે. મારા વિચારોની અને મારી માન્યતાઓની તને પડી જ નથી. તું સ્ટેલા સાથે જતો રહ્યો તેથી ઈર્ષાથી હું બળી મરું છું એવું નથી પણ તારી વર્તણૂકથી હું નાસીપાસ થઈ જાઉં છું. જવાબમાં ઑગી કહે છે કે તારા શિકારના ઘાતકી શોખને જેમ હું સ્વીકારી લઉં છું, તેમ મારા વિચારોને પણ તારે સ્વીકારી લેવા જોઈએ. પણ આ સાંભળીને તો થિયાનો પિત્તો જાય છે અને તે ઘરમાંથી ચાલી જાય છે. થિયા પરનો ગુસ્સો હવે ઑગી તેના ઘર પર ઊતારે છે. ઘરના રાચરચીલાની ભાંગફોડ કરે છે અને બધા ડાબરા ખોલીને થિયાએ પકડેલા સાપોને છોડી મૂકે છે. પણ પછી જરા ટાઢો પડે છે અને થિયા સાથેના પોતાના સંબંધ અંગે વિચારવા લાગે છે. તે વિચારે છે કે બીજી કોઈ વ્યક્તિ મને ઘડી શકે તે શક્ય જ નથી, પછી ભલેને એ બીજી કોઈ વ્યક્તિ જેને હું ચાહતો હોઉં તેવી સ્ત્રી હોય. જો કે કુદરત પર કાબૂ મેળવવાની થિયાની ધગશ મારે પણ કેળવવાની જરૂર છે. તે નક્કી કરે છે કે થિયાને શોધીને કહીશ કે ચાલ, ગઈ ગુજરી ભૂલીને આપણે ફરી એકમેકને ચાહવા લાગીએ. પણ એ જ વખતે ઑગીને થિયાનો દોસ્ત મળે છે. તે કહે છે કે થિયા જતી રહી છે કારણ તે બીજા એક પુરુષને ચાહે છે. તું તેની જિંદગીમાં આવ્યો તે પહેલાં થિયા તેને ચાહતી હતી. પછી તને ચાહવા લાગી. પણ ઘોડા પરથી પડવાના અકસ્માતને કારણે તું પથારીવશ રહ્યો તે દરમિયાન બન્ને વચ્ચે પ્રેમ ફરી પાંગર્યો. આ સાંભળી ઑગી હતાશ થાય છે છતાં થિયા પાસે જઈ કરગરે છે. પણ

થિયા તો રોકડું પરખાવી દે છે : 'હવે તારે ને મારે સનાનસુતકનોય સંબંધ રહ્યો નથી.'

એટલે પછી ઑગી આવે છે પાછો શિકાગો. ભાઈ અને માને મળે છે. બન્નેની દશા જોઈ દુભાય છે. મા પૂછે છે : 'તું શું કમાય છે?' ઑગી: 'હું જિંદગી કમાઉં છું'. મોટો ભાઈ સાયમન હવે લખપતિ થઈ ગયો છે, પણ પોતાના આત્માની સ્વતંત્રતાને ભોગે. ભાઈને જોઈને ઑગી વિચારે છે કે જીવનમાં પૈસા જરૂરી છે, પણ તેનાથીય વધુ જરૂરી છે પૈસાને પચાવવાની તાકાત. એ ન હોય તો પૈસો રૂંવેરૂંવે ફૂટી નીકળે. પછી કેટલાંક જૂનાં મિત્રો-સખીઓને મળે છે. તે બધાંને ઑગી એક નિષ્ફળ માણસ લાગે છે અને તે માટે દરેક જણ કોઈ કારણ આગળ ધરે છે. કોઈ કહે છે કે તું વધુ પડતો સારો માણસ છે, કોઈ કહે છે કે દુરિતનો સામનો કરવાની તારામાં શક્તિ નથી. કોઈ કહે છે કે વાસ્તવિકતા સાથે તું મેળ બેસાડી શકતો નથી. ઑગીને લાગે છે કે દરેક મિત્રની વાતમાં સત્ય રહેલું છે. પણ સંપૂર્ણ સત્ય નહીં, સત્યનો અંશ રહેલો છે. છતાં તે મિત્રોને કહે છેઃ ' હું હતાશ થયો નથી, ભાંગી પડ્યો નથી. મારી જિંદગી ખુશીથી જીવું છું. સારી વસ્તુઓ મેળવવાનો મેં પ્રયત્ન કર્યો છે, પ્રેમને વશ થયો છું, નવી નવી યોજનાઓ ઘડતો રહ્યો છું અને સારા સારા વિચારો કરતો રહ્યો છું. જિંદગી જીવવામાં મને મોજ પડી છે. આથી વધુ મારે શું જોઈએ?'

ઑગી માર્ચે મિત્રો સામે મન તો મનાવ્યું કે આપણે તો લીલાલહેર છે, પણ પછી તેને થયું કે હવે કાંઈક કરવું તો જોઈએ. એટલે તે ભણવા માટે ફરી યુનિવર્સિટીમાં દાખલ થયો. તેની ઇચ્છા શિક્ષક થવાની હતી એટલે તેણે શિક્ષણશાસ્ત્રનો અભ્યાસક્રમ પસંદ કર્યો. તેના મનમાં હતું કે મારી નિશાળ બીજી બધી કરતાં સાવ જુદી જ હશે. પહેલું તો એ કે મારી નિશાળ ઈંટ-ચૂનાનાં મકાનમાં નહીં હોય, પણ કુદરતને ખોળે હશે. ઝાડની ઘટામાં બેસીને હું બાળકોને કક્કો - બારાખડી કે પલાખાં નહીં શીખવું, પણ જીવન આનંદ અને સંતોષપૂર્વક કેમ જીવવું એ શીખવીશ. પણ યુનિવર્સિટીમાં ભણવા માટે પૈસા જોઈએ. એટલે તે એક નોકરી લે છે. એક લખપતિ શેઠ છે. પૈસાદાર છે, પણ સાથે ધૂની પણ છે. એ સુખના ઇતિહાસ પર સંશોધન કરીને પુસ્તક લખવા માગે છે. એનું નામ રોબી. ઑગી આ રોબીશેઠના મદદનીશ તરીકે કામ કરવા લાગે છે. પરિણામે ઑગી ભૌતિકવાદના ઇતિહાસનો અભ્યાસ કરે છે. ત્યારે એને ખ્યાલ આવે છે કે પોતાના જ્ઞાનને કોઈ એક ચોક્કસ દિશામાં વાળવાની જેવી

ધગશ રોબીમાં છે તેવી મારામાં છે જ નહીં. તે કહે છે : ‘ મારે કોઈપણ વસ્તુ પુરવાર નથી કરવી કે નથી જિંદગીની નિસરણી ચડતાં ચડતાં છેક ઉપલા પગથિયે પહોંચવું. ભલે નીચી પાયરીએ, પણ હું સીધુંસાદું જીવન જીવવા માગું છું’

પણ ત્યાં તો બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળે છે. યુવાનોની લશ્કરમાં ફરજિયાત ભરતી શરૂ થાય છે. પણ અગાઉ ઘોડા પરથી પડી ગયો હતો અને ઑપરેશન કરાવ્યું હતું તેથી તેને લશ્કરમાં પ્રવેશ મળતો નથી. એટલે પછી એ જોડાઈ જાય છે વેપારી વહાણવટામાં. તાલીમ લઈ રહ્યો હોય છે ત્યાં તેના જીવનમાં ફરી એકવાર સ્ટેલાનો પ્રવેશ થાય છે. બન્ને પ્રેમમાં પડે છે. બને તેટલા જલદી પરણી જવું એમ બન્ને નક્કી કરે છે. લગ્ન પહેલાંના દિવસોમાં ઑગી હેરોલ્ડ મિન્ટોચિયાન નામના પૈસાદાર માણસને મળે છે. તેની સાથે ઑગી લાંબી લાંબી ચર્ચાઓ કરે છે. હેરોલ્ડ પ્રેમ અને વાસ્તવિકતા અંગે લાંબા લાંબા ભાષણો ઝીંકે છે. તે કહે છે કે પ્રેમ એ બીજું કશું નથી પણ વ્યાભિચારનું સ્વીકૃતરૂપ છે. એટલે માત્ર એક જ વ્યક્તિ સાથે પ્રેમ હોઈ શકે નહીં. દુનિયામાં બીજું બધું બદલાતું રહે છે, તેમ પ્રેમીઓ પણ બદલાતાં રહે છે એ જ સૃષ્ટિનો ક્રમ છે. આ વાતમાં થોડું સત્ય રહેલું છે એ સ્વીકારે છે ઑગી, પણ સ્ટેલાના પ્રેમમાં ગળાડૂબ છે એટલે તે હેરોલ્ડની વાત સ્વીકારી શકતો નથી. હેરોલ્ડની પ્રેમિકા હેરોલ્ડને વફાદાર નથી આ વાત હેરોલ્ડ પોતે પણ જાણે છે અને ઑગીને પણ એ વાતની ખબર છે.

ઑગી અને સ્ટેલાનાં લગ્ન રંગેચંગે થઈ જાય છે. બે દિવસ પછી ઑગી ઉપડે છે વેપારી વહાણમાં દરિયાની સફરે અને સ્ટેલા જાય છે અલાસ્કા, અમેરિકન લશ્કરમાં જોડાવા માટે. કેનરી ટાપુઓ પાસે ઑગીનું વહાણ ટૉર્પિડો વાગતાં ભાંગીને ભુક્કો થાય છે. એક લાઈફ બોટ ઑગીના હાથમાં આવે છે, પણ તે એકલો નથી; સાથે જ લાઈફબોટ પર હાયમન બાસ્ટેશો નામનો બીજો એક માણસ પણ છે. એ વહાણમાં સુતાર તરીકે કામ કરતો હતો. પણ હતો ભેજાગેપ. પોતે મોટી મોટી શોધખોળો કરવા માટે જ જન્મ્યો છે એમ માનતો. પોતાની શોધખોળો લઈને એ જુદી જુદી છ યુનિવર્સિટીઓ પાસે ગયેલો અને છયે યુનિવર્સિટીએ તેને હાંકી કાઢેલો.પોતે અસાધારણ માણસ છે એમ જ તે માનતો. આપણને બચાવી લે એવા કોઈ વહાણની શોધ કરીએ એમ ઑગીએ કહ્યું ત્યારેય પેલા ધૂનીએ એની વાત માની નહીં.

હાયમન કહે કે એના કરતાં આપણે તરીને કેનરી ટાપુ પર પહોંચી જશું, ત્યાં સુખેથી રહેશું અને હું મારા પ્રયોગો આગળ ચલાવીશ. પણ આવી ભેજાગેપ વાત માનવા ઑગી તૈયાર નથી. એટલે પેલો ધૂની માણસ ઑગીને માર મારી, બંધક બનાવે છે. પણ રાતે ઑગી છૂટીને પેલા ગાંડિયાને ઊંઘતો ઝડપી તેને જ બંધક બનાવે છે. સારે નસીબે બીજે જ દિવસે એક વહાણ બન્ને ને બચાવી લે છે. બન્ને થોડો વખત હૉસ્પિટલમાં રહે છે અને પછી ઑગી પોતાને ઘરે પાછો ફરે છે.

યુદ્ધ પૂરું થયા પછી ઑગી અને સ્ટેલા પેરિસમાં ઠરીઠામ થાય છે. સ્ટેલા ફિલ્મો બનાવે છે. ઑગી સ્ટેલાને ચાહે છે તો ખરો, પણ તેને ખ્યાલ આવે છે કે સ્ટેલાને કારણ – વિનાકારણ જુઠ્ઠું બોલવાની આદત છે. તે ઑગીને મળી તે પહેલાં તેના જીવનમાં બીજો એક પુરુષ આવી ચૂક્યો હતો, પણ આ વાત સ્ટેલાએ ઑગીથી છુપાવી હતી એ વાતની પણ ઑગીને ખબર પડે છે. પણ હવે જીવનમાં વધુ ગૂંચવણો ઊભી નથી કરવી, શાંતિથી કુટુંબ બનાવીને જીવવું છે એટલે ઑગી આ વાત સામે આંખઆડા કાન કરે છે. નવલકથા પૂરી થવામાં છે ત્યારે હેરોલ્ડ મિન્ટોચિયાનના આડતિયા તરીકે મુસાફરીએ ઊપડે છે. સાથે છે ઑગી માર્ચની જૅકલીન નામની નોકરાણી. તે પોતાનાં સગાંવહાલાંને મળવા જઈ રહી છે એટલે ઑગીને સથવારે તેય નીકળી પડે છે. જૅકેલીન દેખાવમાં કાંઈ રૂપરૂપનો અંબાર નહોતી, શામળી અને ઠીંગણી હતી. પણ ભલભલા પુરુષને પાણી પાણી કરી નાખવાની શક્તિ પોતાનામાં છે એમ તે માનતી. કોઈ પુરુષની 'ના' સાંભળવાની તેને ટેવ નહીં. તેને જોઈને ઑગીને થાય છે કે આજ સુધી મેં જીવન વિષે જે કાંઈ વિચાર્યું છે તે ખોટું નથી. દરેક માણસને પોતાની જિંદગી પોતાની રીતે જીવવાનો હક્ક છે. તે વિચારે છે કે નથી બીજો કોઈ માણસ મારું જીવન ઘડી શકે તેમ કે નથી કુદરત મારું જીવન ઘડી શકે તેમ. કોલંબસ જેમ અજાણી ધરતીની શોધમાં નીકળી પડેલો તેમ હું પણ નીકળી પડ્યો છું જીવનની શોધમાં. હા, આમ કરવામાં મને નિષ્ફળતા મળે એમ બને. પણ એમ તો કોલંબસનેય પહેલાં ક્યાં નિષ્ફળતા નહોતી મળી? તેને તો બંદી બનાવીને પાછો મોકલવામાં આવેલો. પણ તેથી કાંઈ અમેરિકા જેવો કોઈ દેશ છે જ નહીં એવું તો પુરવાર નહોતું થયું.

બસ. ઑગી માર્ચની સાહસકથા અહીં પૂરી થાય છે. સોલ બેલોએ જ્યારે આ નવલકથા લખી ત્યારે અમેરિકામાં પણ આધુનિક નવલકથાની,

આકૃતિવાદ અને ભાષાકર્મની બોલબાલા હતી. પણ બેલો તેનાથી છેટા રહ્યા છે. અહીં તો પ્રસંગો અને પાત્રોની ભરમાર છે અને તેય પાછાં એકબીજાં સાથે બહુ નિકટતાથી સંકળાયેલાં નથી. 'ભ્રમણગાથા' એ યુરોપ- અમેરિકાની નવલકથાનો એક આગવો અને મહત્ત્વનો પ્રકાર છે. બેલોની નવલકથા આ પ્રકારની છે. ઑગી માર્ચ સતત ભ્રમણ કરતો રહે છે અને નવલકથામાંનાં અનેક પાત્રો અને પ્રસંગો તેની સાથે સંકળાયેલાં છે એ જ કથાને બાંધતું સૂત્ર છે. વિચારો અને અનુભવોમાંથી ઑગી પસાર થતો રહે છે. એટલું જ નહીં, તેની સતત પોતાના મનમાં તાવણી પણ કરતો રહે છે. પ્રલોભનોને એ વશ થતો નથી એવું તો નથી, પણ તે પ્રલોભનોનો ગુલામ બનતો નથી. દુનિયા કે સમાજ ભલે ગમે તેટલો વિરોધ કરે; માણસે ભાગવું જોઈએ નહીં, ટકી રહેવું જોઈએ. છેવટે ઑગી કહે છે કે હું એક હસતો માણસ છું. દુઃખના અનુભવને પણ હસતાં હસતાં ઝીલી શકું છું. બીજા આધુનિક નવલકથાકારોની જેમ સોલ બેલોનો સૂર હતાશાનો, નિરાશાનો, એકલવાયાપણાનો નથી. પણ આશાનો છે.

●

૫૧. પ્રતિબંધિત પ્રેમની પ્રતિબંધિત કથા
લોલિટા/ નાબોકોફ

"ટાઈપ કરેલાં ૪૫૯ પાનાંનો એક ટાઈમબોમ લખવાનું કામ મેં હમણાં જ પૂરું કર્યું છે. એ નવલકથાની હસ્તપ્રત આ સાથે મોકલી છે. એ પ્રગટ કરવામાં રસ પડે તો જણાવશો." અમેરિકાના પ્રતિષ્ઠિત પુસ્તક પ્રકાશકોને આવા પત્રો લખેલા, પણ એકેએક પ્રકાશકે એ નવલકથા 'સાભાર પરત' કરી. કારણ, એમાંની સામગ્રી ખરેખર સ્ફોટક હતી અને કોઈ પ્રકાશક 'આવી' નવલકથા પ્રગટ કરવાનું જોખમ લેવા માગતો નહોતો. છેવટે અમેરિકાનો નહીં તો ફ્રાન્સનો એક પ્રકાશક તૈયાર થયો. પેરિસના ઑલિમ્પિયા પ્રેસ નામના પ્રકાશકે માત્ર પાંચ હજાર નકલ પ્રગટ કરી. એ નવલકથાનું નામ હતું 'લોલિટા'. પાંચ હજાર નકલો તો ધીમે ધીમે વેચાઈ ગઈ પણ કોઈ વિવેચકનું તેના તરફ ધ્યાન સુધ્ધાં ન ગયું. એટલે તેના લેખક વ્લાડિમિર નાબોકૉફે પ્રતિષ્ઠિત વિવેચક ગ્રેહામ ગ્રીન પાસે ધા નાખી અને કહ્યું કે કાંઈક કરો. થોડા દિવસ પછી લંડન ટાઈમ્સમાં ગ્રેહામ ગ્રીનનો ઈન્ટવ્યૂ પ્રગટ થયો. તેમાં તેમણે 'લોલિટા'ને વર્ષના એક ઉત્તમ પુસ્તક તરીકે ઓળખાવીને તેનાં પેટ ભરીને વખાણ કર્યાં. હવે 'લંડન ટાઈમ્સ'ને અને 'સનડે એક્સપ્રેસ'ને બાપે માર્યાં વેર. એટલે 'સનડે એક્સપ્રેસ'ના તંત્રી જોન ગોર્ડને 'આજ સુધીમાં મેં વાંચેલી ગંદામાં ગંદી ચોપડી' તરીકે 'લોલિટા'ને ઓળખાવી તેની અને તેના લેખકની ભરપૂર ટીકા કરી. તેમણે લખ્યું કે આ તો નવલકથા નહીં પણ અમર્યાદ પોર્નોગ્રાફી છે. હવે વાત વણસી. બ્રિટિશ સરકારે તાબડતોબ 'લોલિટા' પર પ્રતિબંધ મૂકી દીધો અને પરદેશથી બ્રિટનમાં આવેલી તેની બધી નકલ જમા કરાવાનો હુકમ કસ્ટમ ખાતાને આપ્યો. એટલાથી સંતોષ ન થયો એટલે ફ્રેન્ચ સરકાર પર પણ 'લોલિટા' ને પ્રતિબંધિત કરવા માટે બ્રિટનની સરકાર દબાણ લાવી. પરિણામે ૧૯૫૬ના ડિસેમ્બરની ૨૦ મી તારીખે ફ્રાન્સમાં પણ 'લોલિટા' પર પ્રતિબંધ

મૂકવામાં આવ્યો જે બે વર્ષ સુધી ચાલુ રહ્યો. છેવટે ૧૯૫૮માં અમેરિકામાં 'પુટનામ' નામના પ્રકાશકે 'લોલિટા' છાપવાની હિમ્મત કરી. પ્રગટ થયા પછી માત્ર ત્રણ જ અઠવાડિયામાં તેની એક લાખ નકલ વેચાઈ ગઈ. ત્યારથી વીસમી સદીની એક સૌથી વધુ ચર્ચાસ્પદ નવલકથા તે બની રહી. એવું તે શું છે આ 'લોલિટા'માં? પહેલી નજરે તો તે રહસ્યકથા અને પ્રણયકથાનું મિશ્રણ હોય તેવું લાગે. પણ નવલકથા અંગેની મુશ્કેલી ઊભી થઈ પાત્રોની ઉંમર અને તેમની વચ્ચેના સામાજિક સંબંધને કારણે. 'લોલિટા'ની શરૂઆત 'જોન રે, જુનિયર, પીએચ. ડી. નામની કાલ્પનિક વ્યક્તિએ લખેલી 'પ્રસ્તાવના'થી થાય છે. તેમાં જણાવ્યું છે કે હમ્બર્ટ નામના માણસ પર માંડવામાં આવેલા ખટલાની કાર્યવાહી અદાલતમાં શરૂ થાય તે પહેલાં જ ૧૯૫૨માં જેલમાં તેનું મૃત્યુ થયું. તેના મૃત્યુ બાદ તેણે લખેલી આત્મકથાની હસ્તપ્રત મળી આવી છે. લેખકે તેને 'લોલિટા' ઉર્ફે એક વિધુર શ્વેત પુરુષની કબૂલાત એવું નામ આપ્યું છે. હવે પછીનાં પાનાંમાં એ કબૂલાતરૂપી આત્મકથન પ્રગટ કર્યું છે. હમ્બર્ટ આરંભ કરે છે પોતે યુરોપમાં વિતાવેલા બાળપણની વાતોથી. નાનપણમાં એનાબેલ નામની એક છોકરીને ચાહતો હતો, પણ તેનું અણધાર્યું અવસાન થયું, ત્યારથી હમ્બર્ટ 'પરીબાળાઓ' - નાની ઉંમરની છોકરીઓ તરફ અદમ્ય આકર્ષણ અનુભવે છે, મોટી ઉંમરે પણ. માનસિક અસ્થિરતાનો પણ ભોગ બને છે હમ્બર્ટ અને જુદા જુદા પાગલખાનામાં રહી આવે છે.પછી પહોંચે છે અમેરિકાના નાનકડા ગામમાં. શાર્લોટ હેઝ નામની વિધવાના મકાનમાં એક રૂમ ભાડે રાખી રહેવા લાગે છે. શાર્લોટની બાર વરસની દીકરી 'લોલિટા' પ્રત્યે તેના મનમાં અદમ્ય આકર્ષણ જાગે છે. લોલિટા સુંદર છે, સેક્સી છે પણ ખાસ તો તેને જોઈને હમ્બર્ટને બાળસખી એનાબેલની યાદ આવે છે. હમ્બર્ટ લોલિટાને ચાહે છે, તેની સાથે ફ્લર્ટ કરે છે, પણ શાર્લોટની બીકથી આગળ વધી શકતો નથી. શાર્લોટ હમ્બર્ટને ચાહે છે, પણ દેખાવે અને સ્વભાવે શાર્લોટ તો ચીતરી ચડે એવી છે; પણ લોલિટાને નજર સામે રાખવાનો હમ્બર્ટ માટે એક જ રસ્તો છે - શાર્લોટ સાથે લગ્ન કરી લેવાનો. એટલે એક વાર લોલિટા સ્કૂલના કેમ્પમાં ગઈ હતી ત્યારે હમ્બર્ટ શાર્લોટ સાથે પરણી નાખે છે.

હવે હમ્બર્ટ મનોમન શાર્લોટને મારી નાખવાનું કાવતરું ઘડે છે, પણ તેનો અમલ કરી શકતો નથી. હમ્બર્ટની ડાયરી શાર્લોટના હાથમાં આવે

છે. એ ડાયરી વાંચતાં તેને ખ્યાલ આવે છે કે હમ્બર્ટ ચાહે છે તો લોલિટાને, શાર્લોટને તો તે ધિક્કારે છે. એટલે તે હમ્બર્ટને છોડીને ચાલી જાય છે પણ રસ્તામાં મોટર અકસ્માતમાં શાર્લોટનું મૃત્યુ થાય છે. હમ્બર્ટ કૅમ્પમાં જઈને લૉલિટાને શાર્લોટના મૃત્યુની ખબર આપે છે. લોલિટા માંડ બાર વર્ષની અને દુનિયાદારીની દૃષ્ટિએ સાવકી દીકરી, હમ્બર્ટ આધેડ વયનો; પણ બંને 'એનચાન્ટેડ હન્ટર' નામની હોટેલમાં રહી પહેલીવાર શરીરસંબંધ બાંધે છે. આ બધું બને છે તે દરમિયાન કોઈ અજાણ્યો માણસ પીછો કરી રહ્યો છે એવો વહેમ હમ્બર્ટને જાય છે. એક વર્ષ સુધી હમ્બર્ટ લોલિટાને સાથે રાખી આખા અમેરિકામાં ફરતો ફરતો ૩૪૨ હોટેલોમાં રાતવાસો કરે છે. ક્યારેક લોલિટા શરીર સંબંધ બાંધવાની આનાકાની કરે તો હમ્બર્ટ તેને અનાથશ્રમમાં મૂકી આવવાની ધમકી આપે છે. હમ્બર્ટને એક કૉલેજમાં નોકરી મળે છે. લોલિટા છોકરીઓની સ્કૂલમાં ભણવા લાગે છે, પણ લોલિટાને બીજા છોકરાઓ સાથે દોસ્તી બાંધતી જોઈને હમ્બર્ટ અકળાય છે. એટલે ફરી લોલિટાને લઈને અમેરિકામાં રખડવા નીકળી પડે છે. ટ્રેપ નામનો એક માણસ તેમનો પીછો કરે છે અને એક વખત લાગ જોઈને ડૉક્ટરના દવાખાનામાંથી લોલિટાને તે ઉપાડી જાય છે. બે વર્ષ સુધી હમ્બર્ટ લોલિટાને શોધે છે પણ તેની ભાળ મળતી નથી. દરમિયાન રીટા નામની એક સ્ત્રી સાથે હમ્બર્ટ રહે છે. એક દિવસ હમ્બર્ટને લોલિટાનો પત્ર મળેછે : " હું પરણી છું, સગર્ભા છું, પૈસાની જરૂર છે, પૈસા મોકલો." લોલિટાના પતિને મારી નાખવાના ઇરાદાથી હમ્બર્ટ તેમને ઘરે જાય છે, પણ ત્યાં જઈ તેને ખબર પડે છે કે લોલિટા પોતાના પ્રેમી ક્લેર ક્વિલ્ટિને પરણી હતી. ક્લેર બાળકોની અશ્લીલ ફિલ્મો બનાવતો હતો, તેમાં કામ કરવાની લોલિટાએ ના પાડી દીધેલી એટલે ક્લેરે તેને ત્યજી દીધી હતી. હમ્બર્ટ ફરી પોતાની સાથે રહેવા લોલિટાને કહે છે, પણ તે ના પાડી દે છે. હવે હમ્બર્ટ ક્વિલ્ટિને શોધીને તેનું ખૂન કરે છે. હમ્બર્ટની ધરપકડ થાય છે અને જેલમાં રહ્યે તે પોતાની આપવીતી લખે છે. અદાલત સજા ફરમાવે તે પહેલાં જ જેલમાં હમ્બર્ટનું મૃત્યુ થાય છે અને એ જ વર્ષના નાતાલના દિવસે બાળકને જન્મ આપતાં લોલિટાનું પણ મૃત્યુ થાય છે.

૧૮૯૯ના ઍપ્રિલની ૨૩મીએ વ્લાડિમિર નાબોકોફનો રશિયામાં જન્મ, અત્યંત ધનાઢ્ય કુટુંબમાં. રોલ્સરૉયમાં બેસીને વ્લાડિમિર સ્કૂલમાં ભણવા જતો! નાનપણથી પતંગિયાં પકડવાનો ને સંઘરવાનો શોખીન.

ઘરે આવતા ટ્યૂટરો પાસે રશિયન ઉપરાંત અંગ્રેજી અને ફ્રેન્ચ શીખેલો. સ્કૂલમાં ભણતો એ દરમિયાન બે કાવ્યસંગ્રહ છપાવેલા, ખાનગીમાં વહેંચવા માટે; પણ રશિયન ક્રાન્તિએ બધું ઉપરતળે કરી નાખ્યું. નાબોકોફ કુટુંબ રશિયા છોડી ઇંગ્લૅન્ડ ભાગ્યું. વ્લાડિમિર કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં ભણવા લાગ્યો. ફ્રેન્ચ અને રશિયન સાથે બી. એ. થયો. ૧૯૨૩માં બર્લિન, ત્યાંથી પેરિસ, ૧૯૪૦માં ન્યુ યૉર્ક. ત્યાંના મ્યુઝિયમ ઑફ નેચરલ હિસ્ટરીમાં લેપિડોપ્ટરિસ્ટ પતંગિયાઓના - વિશેષજ્ઞ - તરીકે નોકરી. ૧૯૪૧માં અંગ્રેજીમાં લખેલી પહેલી નવલકથા પ્રગટ થઈ. ૧૯૫૦ના અરસામાં રૉકી માઉન્ટન્સમાં પતંગિયાં પકડવા ગયેલો તે દરમિયાન 'લોલિટા' લખવાનું શરૂ કર્યું. તેનાથી મળેલી અપાર પ્રસિદ્ધિથી થાકી - કંટાળી સ્વિટ્ઝરલૅન્ડ રહેવા ચાલ્યો ગયો. ૧૯૭૭માં ત્યાં જ અવસાન. તે પહેલાં ૧૮ નવલકથા, આઠ વાર્તાસંગ્રહ, સાત કાવ્યસંગ્રહ અને નવ નાટક લખ્યાં. 'લોલિટા' પરથી બે ફિલ્મ બની, પહેલી ૧૯૬૨માં અને બીજી ૧૯૯૭માં.

●

૫૨. મનની ભૂતાવળ આઇ નેવર પ્રોમિસ્ડ યૂ અ રોઝ ગાર્ડન / જોઆનગ્રીનબર્ગ

એક વિવેચકે કહ્યું છે કે નવલકથા એ છેવટે તો આત્મકથાનો જ એક પ્રકાર છે. કારણ, ઘણી નવલકથામાં તેના લેખકના જીવનનું પ્રતિબિંબ કોઈ ને કોઈ રીતે ઝિલાયેલું હોય છે. ૧૯૩૨માં જન્મેલી જોઆન ગ્રીનબર્ગ જ્યુઈશ- અમેરિકન લેખિકા. બાર નવલકથા અને ચાર વાર્તાસંગ્રહો. પણ સૌથી વધુ લોકપ્રિય થઈ છે તે તેની 'આઈ નેવર પ્રૉમિસ્ડ યૂ અ રોઝ ગાર્ડન'. આત્મકથા નથી આ, પણ લેખિકાના જીવનના અનુભવોનું પીઠબળ મળ્યું છે આ નવલકથાને. અલબત્ત, આ અનુભવો એવા છે કે વાંચ્યા પછી આપણને થાય કે આવા અનુભવ કોઈને ન મળજો. કથાનું મુખ્ય પાત્ર છે ડેબોરા બ્લાઉ. હજી ૨૦ વર્ષનીયે થઈ નથી. નાનપણથી સ્કિઝોફ્રેનિયા નામના ગંભીર મનોરોગની ભોગ બની ગઈ છે. માનસિક દર્દીઓ માટેની હૉસ્પિટલ - જેને આપણે ગાંડાઓની હૉસ્પિટલ માનીએ અને કહીએ છીએ- માં ત્રણ વર્ષ સુધી રહીને આ છોકરીએ પોતાના રોગ સામે આપેલી લડત એ આ નવલકથાનું મુખ્ય કથાવસ્તુ છે. ૧૯૫૦ પછીના બે-ત્રણ દાયકામાં આપણી ભાષામાં પણ મનના અને તનના રોગીઓને કેન્દ્રમાં રાખીને કેટલીક નવલકથાઓ લખાઈ. સ્કિઝોફ્રેનિયાનો જ ભોગ બનેલી સ્ત્રીની કથા વર્ષા અડાલજાએ 'મારે પણ એક ઘર હોય'માં આપેલી. પણ ગ્રીનબર્ગની આ નવલકથામાં જે ઝીણી ઝીણી વિગતોનું આલેખન છે, હૉસ્પિટલ, ત્યાંના ડૉક્ટરો, બીજા કર્મચારીઓ, દરદીઓ વગેરેનાં જે હૂબહૂ ચિત્રો છે, સારવાર પદ્ધતિની જે માહિતી છે, પોતીકા અનુભવમાંથી જ ઊઠે એવો સાચકલાઈનો જે રણકો છે તે આપણે ત્યાં લખાયેલી આ પ્રકારની નવલકથાઓમાં ભાગ્યે જ જોવા મળે છે.

નવલકથાનો આરંભ થાય છે ત્યારે ડેબોરા છે ષોડશી, સોળ વર્ષની ઉંમરની. પણ સોળે શણગાર સજીને નીકળી નથી એ, તેની મા એસ્થર

અને પિતા જેકબ દીકરી ડેબોરાને લઈને પોતાની મોટરમાં જઈ રહ્યાં છે. ત્રણમાંથી કોઈના મનમાં આનંદ નથી, ઉમંગ નથી. છે હતાશા, ઉદાસી. કારણ, માબાપ દીકરીને મૂકવા જઈ રહ્યાં છે, માનસિક રોગોથી પીડાતા દરદીઓ માટેની હૉસ્પિટલમાં. થોડા દિવસ પહેલાં જ ડેબોરાએ આપઘાત કરવાનો પ્રયત્ન કરેલો, પણ સારે નસીબે બચી ગઈ. પણ માઠાં નસીબને કારણે વાયઆરના કાલ્પનિક સામ્રાજ્યમાં ખોવાઈ ગઈ. એ સામ્રાજ્ય, એના કાયદાકાનૂન, એનો વહીવટ એ બધું હતું તો ડેબોરાના મનની સર્જત. કેવળ કપોળકલ્પના. પણ ડેબોરાએ તો એ માયાવી સામ્રાજ્યને જ સાચું રૂપ માની લીધેલું અને આસપાસની સાચી દુનિયા તેને મન મિથ્યા હતી. વાસ્તવિક દુનિયાથી ડરતી હતી ડેબોરા, એટલે તેણે પોતાની કાલ્પનિક દુનિયામાં આશરો લઈ લીધો હતો. દૂરથી ડેબોરા જુએ છે કે હૉસ્પિટલની બારીઓ પર લોઢાના જાડા સળિયા જડેલા છે. આ જોઈ આનંદ થાય છે એને. હા, આ હૉસ્પિટલની દુનિયા કદાચ વધારે સલામત હશે. પણ એ જ વખતે એક દરદીની કારમી ચીસ કાને અથડાય છે. એ સાંભળીને ડેબોરાનાં મા-બાપ શિયાંવિયાં થઈ જાય છે: ''અરેરે! આપણી લાડકી દીકરીને આવી જગ્યાએ એકલી મૂકી દેવાની?'' પણ ડૉક્ટરે સલાહ આપી છે કે હવે આમ કર્યા સિવાય છૂટકો નથી. હૈયાધારણ પણ આપી છે થોડી, કે ઘણા દરદીઓ સાજા થઈને બહાર આવે છે અને પાછા મારા - તમારા જેવી જિંદગી જીવવા લાગે છે. ડેબોરાની બાબતમાં પણ આવું કેમ ન બને?

તનના કોઈ રોગ થાય તો તેમાં બહુ નાનમ નથી અનુભવતા લોકો. તેને છુપાવતા નથી. પણ મનનો રોગ એ તો લોઢાની મેખ. છુપાવવાનો છાવરવાનો, કોઈને એ વિષે વાત નહીં કરવાની.આપણા દેશના લોકો જ આવું માને છે એમ નથી, અમેરિકાના લોકોય માને. એટલે આજ સુધી એસ્થર અને જેકબે ડેબોરાના રોગની વાત બધાંથી છાની રાખી છે- ડેબોરાની નાની બહેન સૂઝીને પણ વાત નથી કરી. એસ્થરનાં મા-બાપને પણ વાત નથી કરી. પણ હવે જ્યારે ડેબોરા ઘરમાંથી ગેરહાજર છે, ત્યારે આ વાત છુપાવવી કઈ રીતે, ક્યાં સુધી? એટલે મા-બાપ નક્કી કરે છે કે હવે તો સાચી વાત કહ્યે જ છૂટકો. બીજી બાજુ હૉસ્પિટલમાં એક ડૉક્ટર છે ક્લારા ફ્રાઈડ. મૂળ જર્મનીની વતની. બીજા પણ કેટલાક દરદીઓના કેસ તેની પાસે છે. કામ ઘણું રહે છે, સમય મળવો મુશ્કેલ છે. પણ વિગતો જાણ્યા પછી તેમને

ડેબોરાના કેસમાં રસ પડે છે. પોતાના હાથમાં લે છે તેનો કેસ. અપાર સમજણ અને સહાનુભૂતિ છે આ ડૉક્ટર ક્લારા ફ્રાઈડમાં. તેના પ્રોત્સાહનને કારણે જ ડેબોરામાં પોતાના દરદ સામે લડવાની હિમ્મત આવે છે. ડૉક્ટર ક્લારાને બહોળો અનુભવ છે અને તે માને છે કે પાગલખાનામાંના લોકો કરતાં ઘણીવાર પાગલખાનાની બહારના લોકો પાગલની જેમ વધુ વર્તતા હોય છે. પોતે જર્મનીમાં હતી ત્યારે ટિષ્ડા નામની એક છોકરીની પોતે સફળતાપૂર્વક સારવાર કરેલી તે વાત યાદ આવે છે. થાય છે, આ ડેબોરા પણ સાજીસારી કેમ ન થઈ શકે?

પણ ડેબોરા તો આખો દિવસ વાયઆરની સૃષ્ટિની મનની ભૂતાવળમાં જ રમમાણ રહે છે. એ સૃષ્ટિમાં તો તેણે પોતાનું નામ પણ બદલી નાખ્યું છે. હવે ડેબોરા નહીં, પણ જાનુસ છે. શરૂઆતમાં તો ડૉક્ટર ક્લારા સાથે જરાય નથી બનતું ડેબોરાને. ડેબોરા માને છે કે પોતે એક વખત સ્કૂલમાં કાગળ પર આ 'જાનુસ' નામ લખેલું તે મોટી ગંભીર ભૂલ હતી. તેને કારણે વાયઆરની સૃષ્ટિનું પગેરું દુનિયાને મળી ગયું. એટલે તે જ દિવસથી વાયઆરની સૃષ્ટિએ કડક સેન્સરશિપ લાદી દીધી હતી. ડેબોરા પર. વાયઆરની દુનિયા વિષે કોને જ વાત નહીં કરવાની. પણ આ ડૉક્ટર ક્લારા તો મનમાં ધરબાયેલી વાતો બહાર કઢાવવા મથતી હતી. ક્લારા તો જુઠ્ઠાડી છે, ડેબોરાને થયું. મીઠું મીઠું બોલીને મને ભરમાવવા માગે છે. એટલે ડેબોરા ડૉક્ટર ક્લારાને દાદ દેતી નથી. પણ ક્લારા કહે છે કે મને તારી વાતમાં વિશ્વાસ છે. તું માંદી હોવાનો ઢોંગ કરે છે એમ હું નથી માનતી. પણ તારી માંદગી તનની નહીં, મનની છે. જો તું મને સહકાર આપે, તારી માંદગી સામે લડવાની હિમ્મત કરે, એ માટે મહેનત કરે, તો તું સાજી થઈ શકે.

દીકરીને હૉસ્પિટલમાં મૂકીને પાછા ફર્યા પછી મા-બાપના ઉચાટનો પાર નથી. પોતે જાણે ડેબોરાના ગુનેગાર હોય તેવું લાગે છે તેમને. ફૂલ જેવી સોળ વરસની છોકરી. પહેરવા- ઓઢવાના ને મહાલવાના દિવસો. પણ આપણે મૂકી આવ્યાં એને પાગલખાનામાં. એટલે બન્ને કાગળ લખે છે હૉસ્પિટલને 'અમારે અમારી દીકરીને મળવું છે, એને જોવી છે, એના ખબરઅંતર પૂછવા છે. અમને મુલાકાતની રજા આપો.' આ કાગળ ડૉક્ટર ક્લારા વંચાવે છે ડેબોરાને. વાંચીને ડેબોરા કહે છે કે, 'મારી મા ભલે મળવા આવે, એને મળીશ; પણ બાપને નહીં

મળું. કેમ? મને જોઈને એ મારી દયા ખાશે, લાગણીમાં તણાઈ જશે. મને અહીંથી પાછી ઘરે લઈ જશે. પણ મારે ઘરે જવું નથી. એટલે બાપને નહીં મળું.' આ વાત ડૉક્ટર ક્લારા જ્યારે જણાવે છે ત્યારે જેકબને આઘાત લાગે છે. 'અરેરે! મારી દીકરીને મારામાં વિશ્વાસ નથી?' દુઃખ થાય છે, ગુસ્સો આવે છે. પણ છૂટકો નથી. હૉસ્પિટલવાળા કહે છે કે જો દરદીની જ ઇચ્છા ન હોય તો કોઈને મળવાની ફરજ અમે તેને કઈ રીતે પાડી શકીએ? એટલે છેવટે એસ્થર એકલી જ જાય છે હૉસ્પિટલમાં ડેબોરાને મળવા. દીકરીએ ભલે બાપથી મોઢું ફેરવી લીધું. પણ બન્ને ન જઈએ તેને મળવા એવું તો ન જ કરાય ને? એસ્થર પાછી આવીને વાત તો કરશે ડેબોરાની. અને છેવટે મુલાકાતનો દિવસ આવે છે. એસ્થર જાય છે હૉસ્પિટલ. પણ ડેબોરાને મળતાં પહેલાં એકલી મળે છે ડૉક્ટર ક્લારાને અને બન્ને વાતો કરે છે. ડેબોરાના કુટુંબજીવનની, ડેબોરાના ભૂતકાળની.

એસ્થરનો બાપ મૂળ લૅટિવિયાનો. પગે ખોડ. એક જ્યુ તરીકે લૅટિવિયામાં જે અપમાનો સહન કરવા પડેલાં તેનો ડંખ આખી જિંદગી રહ્યો. દેશ છોડીને થયો અમેરિકામાં સ્થાયી. ભણ્યોગણ્યો અમેરિકા આવી, સારા એવા પૈસા બનાવ્યા. ઉપલા વર્ગનાં કુટુંબો સાથે પોતાનાં બાળકોને ઘરોબો બંધાય એવી આશા સાથે ધનાઢ્યોના રહેણાંકના વિસ્તારમાં ઘર લીધું. પણ ઘરની દાઝી વનમાં ગઈ તો વનમાં લાગી આગ. એ વિસ્તારના લોકોમાં પણ જ્યુ વિરોધી જુવાળ. એટલે અડોશપડોશના કોઈએ બ્લાઉ કુટુંબ સાથે ઘરોબો બાંધ્યો નહીં. અધૂરામાં પૂરું શરૂઆતમાં એસ્થરનાં માબાપને જેકબ દીઠેય ગમતો નહીં. દીકરી તેને પરણે એ અંગે વિરોધ. પણ ડેબોરાના જન્મ પછી એ વિરોધ શમી ગયો. ડેબોરા ફૂટડી હતી, વાન ઊજળો. એટલે એસ્થરનાં મા-બાપે તેના જન્મને શુકનિયાળ માની લીધો અને જેકબ સામેનો વિરોધ પણ પડતો મૂક્યો. ડેબોરાના જન્મ વખતે અમેરિકામાં ભયંકર આર્થિક મંદીનું મોજું ફરી વળેલું. હિસાબનીશ તરીકે કામ કરીને જેકબ ઘરના બે છેડા માંડ ભેગા કરતો. પણ એસ્થરનાં મા-બાપે ડેબોરાને અછોવાનાં કર્યાં. મોંઘાંદાટ રમકડાં ને કપડાં, છોકરીનું ધ્યાન રાખવા મોટા પગારની આયા. એટલું જ નહીં, ડેબોરાને કોઈ વાતે ઓછું ન આવે એ માટે એસ્થર અને જેકબ પોતાની સાથે જ રહેવા આવે એવો આગ્રહ રાખ્યો. આ રીતે ઘરજમાઈ બનતાં જેકબનો જીવ તો ઘણો કોચવાયો, નાનમ પણ અનુભવી. પણ સાસુ-સસરાના આગ્રહ આગળ નમવું પડ્યું. પાંચ વર્ષની

થઈ ત્યાં ડેબોરા અચાનક ખૂબ જ ઉદ્ધત, તોફાની, દાધારંગી બની ગઈ. ગમે તેવી આકરી શિક્ષા પણ તેના વર્તનને સુધારવામાં નિષ્ફળ. પછીથી ખબર પડી કે તેની આવી વર્તણૂકનું કારણ હતું ડેબોરાના મગજમાં થયેલી એક ગાંઠ. જાણીતા ડૉક્ટર પાસે ઑપરેશન કરાવ્યું. ઑપરેશન સફળ તો થયું પણ તે પછી ઘણા વખત સુધી ડેબોરાએ ઘણી પીડા અનુભવી. ડેબોરાના જન્મ પછી એસ્થરને બે કસુવાવડ થઈ ગઈ. તે પછી ડેબોરાની બહેન સૂઝી જન્મી. સૂઝીના જન્મ પહેલાં એસ્થર ડેબોરા સાથે ખૂબ સમજણ અને સહાનુભૂતિપૂર્વક વર્તી હતી. જેકબને પણ એક મોટું કામ મળી ગયું. તેમાંથી સારી એવી કમાણી થઈ. એટલે જેકબે પોતાનું અલગ ઘર ખરીદ્યું. પણ એકાદ વર્ષ પછી ખબર પડી કે જે પેઢીમાં જેકબ કામ કરતો હતો તે તો વેપારમાં મોટે પાયે કાળાંધોળાં કરતી હતી. એટલે જેકબે એ કામ છોડ્યું, ઘર વેચી નાખ્યું. ફરી એસ્થર અને દીકરીઓ સાથે સસરાએ આપેલા એક ઘરમાં રહેવા લાગ્યો. ત્રણ વર્ષ સુધી ડેબોરાને સમર કૅમ્પમાં મોકલી, પણ પછી ખબર પડી કે ત્યાં તો જબરું જ્યુ-વિરોધી વાતાવરણ હતું. આ અરસામાં જ બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને જેકબની આર્થિક સ્થિતિ વધુ વણસી. એટલે સસરાએ આપેલું મકાન વેચી નાખવું પડ્યું અને જેકબનું કુટુંબ ભાડાના ઍપાર્ટમેન્ટમાં રહેવા ગયું. હવે ડેબોરા થોડી મોટી થઈ હતી. તેને જુદી જુદી કલાઓમાં ખૂબ રસ હતો. છોકરી હતી ખૂબ લાગણીશીલ, સાથે અનિદ્રાનો રોગ પણ વળગેલો. પણ માબાપે માની લીધું કે કલાકારનો જીવ હોય તો આવું તો બને; પણ એ પછી થોડા વખતમાં ડેબોરાએ આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો.

એસ્થરે ડૉક્ટર ક્લારાને કહ્યું કે આજ સુધી હું મારા વર કરતાં મારાં મા-બાપને વધુ માન અને પ્રેમ આપતી રહી છું. હવે મને મારી ભૂલ સમજાય છે અને જે કર્યું તે માટે પસ્તાવો પણ થાય છે. આટલાં વર્ષો મારાં મા-બાપની દયા પર જીવવું પડ્યું તેથી જેકબના સ્વાભિમાનને અને આત્મવિશ્વાસને જબરી ઠેસ લાગી છે. અમારી વચ્ચેના વિસંવાદનો ભોગ અમારી દીકરી ડેબોરા બની છે. ત્યારે ડૉક્ટર ક્લારાએ કહ્યું કે ડેબોરાની માનસિક બીમારી માટે તમે માબાપ જવાબદાર નથી, એટલે એ અંગેનો ઉચાટ મનમાંથી કાઢી નાખો. ડૉક્ટરે એમ પણ કહ્યું કે કોઈ જુઠ્ઠું બોલે તો તેના પ્રત્યે ડેબોરા ભયંકર નફરત અનુભવે છે. જુઠ્ઠું બોલનારને તે માફ નથી કરી શકતી. એવા માણસ પર પછી તે ક્યારેય વિશ્વાસ મૂકતી નથી. એટલે તમે જ્યારે ડેબોરાને મળો ત્યારે મહેરબાની કરી જરાય જુઠ્ઠું ન

બોલશો. એ જે પૂછે એના સાચેસાચા જવાબ આપજો.

પણ ડેબોરાના મનમાં જુઠ્ઠું બોલનાર માટેની આવી નફરત કેમ ઘર કરી ગઈ હતી? તેનું કારણ હતું પેલી મગજમાંની ગાંઠનું ઑપરેશન. તે વખતે ઑપરેશન પહેલાં ડૉક્ટરે ડેબોરાને કહેલું કે ઑપરેશન વખતે કે પછી તને જરાય પીડા નહીં થાય. પણ પછી તો લાંબા વખત સુધી તે પીડા ભોગવતી રહી. ઑપરેશન પછી ડૉક્ટરના એક મદદનીશે કહ્યું કે 'ઑપરેશન કરાવતાં તું ડરે નહીં એટલા માટે ડૉક્ટર ખોટું બોલ્યા હતા કે પીડા નહીં થાય.' બસ! ત્યારથી જુઠ્ઠાઓની આ દુનિયા પરથી ડેબોરાનો વિશ્વાસ ઊઠી ગયો અને ધીમે ધીમે તે વાયઆરની કાલ્પનિક સૃષ્ટિને જ સાચી માનીને તેમાં જ રમમાણ રહેવા લાગી. હૉસ્પિટલમાં આવ્યા પછી ડેબોરાને કાર્લાનો પરિચય થયો. કાર્લાની માએ તેની પર તથા કાર્લાના ભાઈ પર ગોળીબાર કરેલો. પછી પોતાની બંદૂકથી આપઘાત કરેલો. પણ કાર્લા બચી ગઈ. પણ આ બનાવ પછી કાર્લાએ મગજની સમતુલા ગુમાવી અને તે આ હૉસ્પિટલમાં આવી. અહીં કાર્લા અને બીજા દર્દીઓ પોતાને 'ગાંડા' તરીકે ઓળખવામાં નાનમ અનુભવતાં નથી. પોતાને વિષે ડૉક્ટર ક્લારા સાથે વાત કરતી વખતે પહેલાં તો ડેબોરા વાયઆરની કાલ્પનિક સૃષ્ટિની ભાષામાં વાત કરે છે, પણ પછી મહામહેનતે ડૉક્ટર તેને વાસ્તવિક દુનિયાની ભાષામાં વાત કરવા સમજાવે છે. એટલે પછી ડેબોરા પોતાની વાત ડૉક્ટરને અંગ્રેજીમાં કહે છે. તે કહે છે કે જ્યારે બહેન સૂઝીનો જન્મ થયો ત્યારે મેં તરત કહેલું કે આ તો કુબ્જા જેવી કદરૂપી છોકરી છે. મારી આ વાત સાંભળીને ઘરનાં બધાં ડઘાઈ ગયેલા. બસ, તે દિવસથી ઘરમાં મારાં માનપાન ઘટી ગયાં અને સૌ સૂઝીને અછોવાનાં કરવા લાગ્યાં. કારણ, સૂઝી દેખાવડી હતી, રમતિયાળ હતી. ડેબોરા કહે છે કે હું સ્કૂલમાં પણ જરા મોટી ઉંમરે દાખલ થઈ. એટલે મારા વર્ગમાંના બીજા વિદ્યાર્થીઓ પણ મારાથી અતડા રહેતા. મારી માને આ વાતનો ખ્યાલ આવી ગયો હતો એટલે બીજા વિદ્યાર્થીઓ સાથે હું હળતીભળતી થાઉં એવા ઇરાદાથી તે અમને સૌને એકવાર પિકનિક પર પણ લઈ ગયેલી. વળી પોતે જ્યુ હોવાને કારણે ડેબોરાને અનેક વખત પડોશીઓનાં અને સાથે ભણનારાઓનાં મેણાંટોણાં સાંભળવા પડતાં. પણ અહીં આવ્યા પછી ડૉક્ટર ક્લારા ખૂબ જ સમજણ અને સહાનુભૂતિપૂર્વક વર્ત્યાં હતાં એટલે ડેબોરાના મનમાં ડૉક્ટર માટે માન જાગ્યું હતું.

પણ પછી પાછી બાજી જરા બગડેલી. વાયઆરની દુનિયાના દેવોએ ડેબોરોને કહ્યું કે તું અમારામાંની એક નથી. આથી છંછેડાયેલી ડેબોરાએ પોતે જ પોતાના હાથ પર ઈજા કરી અને બેફામ રીતે વર્તવા લાગી. આથી તેને કામચલાઉ રીતે પાગલોના વૉર્ડમાં ખસેડવામાં આવી. પણ અહીં ડેબોરાને ગોઠી ગયું. કારણ અહીં તો કોઈ ડાહ્યા હોવાનો ઢોંગ કરતું નહોતું. જે ગાંડા હતા તે પોતે જ કહેતા કે અમે તો ગાંડા છીએ. પછી ડેબોરા ડૉક્ટરને વાયઆરની દુનિયા વિષે વાત કરે છે. કહે છે કે પહેલાં તો એ દુનિયામાં મને આનંદ આવતો. પણ પછી ધીમે ધીમે એ દુનિયાની આપખુદીને કારણે મને બીક લાગવા માંડી, વેદના થવા લાગી. એ પછી ડેબોરા પર ગાંડપણનો હુમલો થયો તે એટલે સુધી કે હૉસ્પિટલના સ્ટાફે તેને હાથપગ બાંધીને રાખવી પડી. ડેબોરાએ ડૉક્ટરને કહ્યું કે વાયઆરના દેવોએ મને કહ્યું છે કે તારા જીવનમાં ત્રણ ફેરફારો થશે અને પછી અમારા અરીસા વડે તારું મોત થશે. ડેબોરાએ કહ્યું કે મારા જીવનમાં ત્રણ ફેરફારો થઈ ચૂક્યા છે. હવે ગમે તે ઘડીએ વાયઆરના દેવો તેમના અરીસા વડે મારું મોત નિપજાવશે.

ડેબોરાને હૉસ્પિટલમાં જે વૉર્ડમાં રાખવામાં આવી હતી તે વૉર્ડના દર્દીઓ હોબ્સ નામના એક કર્મચારીને બહુ રંજાડતા. કારણ, દર્દીઓને એ વાતનો ખ્યાલ આવી ગયો હતો કે હોબ્સ તેમનાથી ડરતો હતો. અને એ ડરતો હતો એનું કારણ એ હતું કે તેને લાગતું હતું કે તેના પોતાનામાં પણ ગાંડપણનો અંશ રહેલો હતો. હોબ્સ સાથેની ધાંધલધમાલ ચાલતી હતી તે દરમિયાન જ હેલન નામની એક બેફામ બનેલી દર્દીએ ડેબોરા પર હુમલો કર્યો. બહારની દુનિયામાં બને તેમ આ હૉસ્પિટલમાં પણ હુમલાનો ભોગ બનનાર- ડેબોરા કરતાં બધાં હુમલો કરનાર હેલન પર વધુ ધ્યાન આપવા લાગ્યાં. પોતાની સાથે નિશાળમાં ભણતા એક છોકરાનો ફોટો અગાઉ હેલને ડેબોરાને બતાવેલો અને પોતાની કેટલીક અંગત વાતો કહેલી. પણ પાછળથી હેલનને લાગ્યું હશે કે આમ કરવામાં પોતે ભૂલ કરી હતી એટલે તેણે ડેબોરા પર હુમલો કર્યો હતો - ડેબોરા આવું માનતી હતી. સારવારની એક સેશન દરમિયાન ડેબોરા ઉત્સાહભેર પોતાની વાયઆરની સૃષ્ટિનું ચિત્ર દોરવા લાગી. આ વાયઆર એ કલ્પના નથી પણ વાસ્તવિકતા છે એવું પુરવાર કરવા માટે તે ચિત્ર દોરી રહી હતી. પણ ડૉક્ટર ક્લારાને એક વાતનો આનંદ થયો : ભલે આ કારણે, પણ ડેબોરા પોતાની ઉદાસીનતામાંથી બહાર તો આવી. લગભગ

એ જ વખતે પેલી કાર્લા ડેબોરાનો વૉર્ડ છોડીને અસ્થિર મગજના દર્દીઓ માટેના વૉર્ડમાં ગઈ. કારણ, ત્યાં પોતાનું ગાંડપણ છુપાવી શકાશે એમ તેને લાગતું હતું. હૉસ્પિટલમાં ડોરિસ રિબેરા નામની એક દર્દી હતી. ત્રણ વરસની સારવારને પરિણામે સાજી થઈને તે બહારની દુનિયામાં પાછી ગઈ હતી. આ વાતની ખબર પડતાં થોડા દર્દીઓ રાજી થયા હતા પણ ડેબોરા અને બીજા કેટલાક દર્દીઓ પર ગાંડપણનો હુમલો આવ્યો હતો. વાયઆરના દેવોએ કહ્યું હતું ડેબોરાને કે 'તું આ રીતે સાજી થઈને બહારની દુનિયામાં પાછી ક્યારેય જઈ શકીશ નહીં' એટલે તેના પર ગાંડપણનો હુમલો; એટલે એ બધાંને પણ અસ્થિર મગજના દર્દીઓ માટેનાં વૉર્ડમાં મોકલવામાં આવ્યાં. 'ત્યાં પેલી કાર્લાએ કહ્યું કે, તમારા બધાના મનમાં બીક છે કે આ રીતે અમારે પણ સાજા થઈને બહારની દુનિયામાં પાછા જવું પડશે તો શું થશે?' આ સાંભળીને પહેલાં તો ડેબોરા કાર્લાને ભૂંડી ગાળો ભાંડે છે, પણ પછી ડેબોરા તેની માફી માગે છે અને કહે છે કે તારી વાત કદાચ સાચી પણ હોય!

ડેબોરાને અસ્થિર મગજના દર્દીઓના વૉર્ડમાં ખસેડવામાં આવી છે એવી ખબર મળતાં એસ્થર અને જેકબ ચિંતાથી આકુળવ્યાકુળ બને છે. આ જોઈ સૂઝી ઘરમાં બૂમબરાડા પાડે છે અને કહે છે કે તમને બધાંને તો ડેબોરાની જ પડી છે, મારી તો કોઈ દરકાર જ કરતું નથી. એસ્થર ડૉક્ટર ક્લારાને મળવા જાય છે. અસ્થિર મગજના દર્દીઓ માટેના વૉર્ડમાં મુલાકાત માટેની છૂટ નથી અપાતી એ નિયમ એસ્થર જાણે છે, પણ તેને આશા છે કે ડૉક્ટર ક્લારા અપવાદરૂપે તેને ડેબોરાને મળવા દેશે. ડૉક્ટર ક્લારા સાથેની એક સેશન દરમિયાન ડેબોરા કહે છે કે 'મારામાં ભારોભાર ઝેર ભરેલું છે અને એટલે મેં મારી બહેન સુઝીને ખતમ કરી નાખી છે.' ડૉક્ટર ક્લારા કહે છે કે, 'તારા મનને આવું ઠસાવીને તું સત્યથી મોઢું છુપાવવા મથે છે. તું તારાં કુંટુબીજનો સાથે જે રીતે વર્તી, તેઓ તારી સાથે જે રીતે વર્ત્યાં અને તું પોતે તારી જાત સાથે જે રીતે વર્તી, તેની સચ્ચાઈથી તું દૂર ભાગવા મથે છે.' ડેબોરા કહે છે કે ના, એવું નથી. સૂઝીના જન્મ પછી તેને મારી નાખવાનો પ્રયત્ન મેં ખરેખર કરેલો. ડેબોરા સૂઝીને ઊંચકીને બારીની બહાર ફેંકી દેવા જતી હતી ત્યાં જ તેની માં તેને જોઈ ગઈ. પણ આવું કરવા માટે ન તો ડેબોરાને કોઈ સજા થઈ કે ન તો આ બનાવની ચર્ચા ઘરમાં ક્યારેય થઈ.

દર્દીઓની પજવણીથી વાજ આવી ગયેલા હોબ્સે છેવટે આપઘાત

કર્યો. તેની જગ્યાએ એલિસ નામનો નવો કર્મચારી આવ્યો. તે ધરમ અને તેનાં આદેશોમાં દઢ શ્રદ્ધા ધરાવતો હતો. સિલ્વિયા નામની દર્દી હંમેશા મૂંગીમંતર રહેતી. પણ એલિસની વાતો સાંભળ્યા પછી સિલ્વિયા એટલું બોલી કે 'આપઘાત કરવો એ પાપ છે એમ એલિસ માને છે.' ક્યારેય ન બોલતી સિલ્વિયા આટલું બોલી એટલે એ વાતની જાણ નર્સને કરવા માટે લી મિલર નામની એક દર્દીએ દોટ મૂકી. લી મિલરના આ પગલાથી ડેબોરાને તેને માટે માન થાય છે અને તે લીનાં વખાણ કરે છે. પણ વાયઆરની સૃષ્ટિના દેવો તરત જ ડેબોરાને ડારો દે છે કે તું જો આ રીતે તારી દુનિયાના લોકોનાં વખાણ કરીશ તો અમે તને કાયમી ગાંડપણની સજા કરશું. આ સાંભળી ડેબોરા પર ગાંડપણનો વધુ એક હુમલો આવે છે. દર્દીઓ સતત એલિસની અને તેની ધાર્મિક માન્યાતાઓની ઠેકડી ઉડાડયા કરે છે. ડેબોરા કહે છે કે તમે અમને ગાંડા ગણો છો પણ ખુદ તમને જ ધર્મશ્રદ્ધાનું ઝોડ વળગ્યું છે. પણ એલિસ તો પોતાને ખ્રિસ્તી ધર્મનો શહીદ માને છે. મેકફેર્સન નામનો બીજો એક કર્મચારી દર્દીઓનો માનીતો હતો. દર્દીઓ તેને ક્યારેય પજવતા નહીં. તે ડેબોરાને કહે છે કે એલિસની ધર્મશ્રદ્ધાની બાબતમાં માથું ન માર. પણ આ સાંભળી ડેબોરા તો રોકડું પરખાવે છે કે 'શું એલિસ કે શું હોબ્સ, તમે બધા અમારા કરતાં જુદા નથી, અમારા જેવાં જ ગાંડા છો.' આ સાંભળી મેકફેર્સન ગુસ્સે થાય છે. ડેબોરાને કહે છે : ઘણાં દર્દીઓને સારવારની જરૂર હોય છે, તે લેવાની તેમની ઈચ્છા પણ હોય છે, પણ આ સારવાર મોંઘી હોવાને કારણે તેઓ તે લઈ શકતાં નથી. તું અને બીજા દર્દીઓ નસીબદાર છો કે અહીં સારવાર લઈ શકો છો અને તમારું ધ્યાન રાખવા માટે એલિસ અને મારા જેવા કર્મચારીઓ હાજર છે. અમે ન હોઈએ તો તમારું શું થાય એની જરા કલ્પના તો કરી જો!' મેકફેર્સનની આ વાત સાંભળી એક બાજુથી ડેબોરા ગભરાય છે, પણ બીજી બાજુથી તેને આનંદ થાય છે કે ગાંડા દર્દીની જેમ મને ડરાવવા-ધમકાવવાને બદલે આ માણસ હું જાણે તેની સમોવડિયણ હોઉં તે રીતે મારી સાથે વર્ત્યો.

હવે ડૉક્ટર ક્લારા ડેબોરાને સમજાવવાનો પ્રયત્ન કરે છે કે વાયઆરની સૃષ્ટિ એ તારી કલ્પનાની ભૂતાવળ છે, પણ તારા પૂરતી એ સાચી સૃષ્ટિ છે. મારા દાદાના મનમાં જીવનની છેલ્લી ઘડી સુધી જે ક્રોધ, રોષ, ઈર્ષા, હતાશા ભરેલા પડયાં હતાં તે મારામાં પણ ઊતરી આવ્યાં છે એમ ડેબોરાને લાગે છે. નાનપણમાં એક જ્યુ તરીકે પડોશીઓ અને

તેમનાં છોકરાં તરફથી જે અપમાનો સહન કરવાં પડ્યાં પોતાને, તેને કારણે એ રોષ વધુ ભભૂકી ઊઠ્યો. આ બધી વાતો કરતાં ડેબોરા એકાએક એક નર્સને યાદ કરે છે. કહે છે કે હું નાની હતી ત્યારે તેણે મારી ખૂબ સારસંભાળ રાખેલી. ડૉક્ટર ક્લારા કહે છે કે તારા જન્મ પછી તારી માને બે-બે કસુવાવડો થઈ. તે દરમિયાન તે તારાથી દૂર રહી તેથી તને નિરાધારતા લાગેલી. જીવનમાંથી જાણે બધા રંગો ઊડી ગયા હોય તેમ તને લાગેલું. આજે પણ જ્યારે જ્યારે તારા પર ગાંડપણનો હુમલો થાય છે ત્યારે ત્યારે તું એવી જ નિરાધારતા અને રંગહીનતા અનુભવે છે. આ બધી વાતચીત દરમિયાન ડેબોરાને સધિયારો આપવા ડૉક્ટર ક્લારા તેને સ્પર્શ કરે છે. એ સ્પર્શ થતાં જ જાણે પોતાના શરીરમાંથી વીજળી પસાર થઈ ગઈ હોય એવું ડેબોરાને લાગે છે.

હૉસ્પિટલમાંના ઘણા કર્મચારીઓ દર્દીઓથી ગભરાય છે. તેઓ પોતાનાથી ન ડરે તેવા પ્રયત્નો ડેબોરા કરે છે, પણ તેને પરિણામે તો એ લોકો ડેબોરાથી વધુ ગભરાવા લાગે છે. એ જ અરસામાં હેલન પર બેફામ ગાંડપણનો હુમલો થાય છે. તેને પલંગ સાથે બાંધીને રાખવામાં આવે છે. હેલનની નાડી તપાસવા એલિસ આવે છે. પણ હેલન તેને તેમ કરવા દેતી નથી અને ધમપછાડા મારે છે. એટલે એલિસ હેલનને ઉપરાઉપરી જોરદાર તમાચા ચોડી દે છે. હૉસ્પિટલના નિયમ પ્રમાણે આ રીતે દર્દીને મારવાનો કર્મચારીઓને હક્ક નથી. એટલે પોતાની નજરે એલિસનું આવું વર્તન જોનારી ડેબોરા એ અંગે હૉસ્પિટલના સત્તાવાળાઓને ફરિયાદ કરે છે.

ડેબોરાએ એલિસની વર્તણુક વિરુદ્ધ ફરિયાદ તો કરી પણ તેની ખાસ અસર થઈ નહીં. ડૉક્ટર ક્લારાએ તેને થોડો સધિયારો આપ્યો : દર અઠવાડિયે સ્ટાફની મિટિંગ મળે છે તેમાં હું આ અંગે વાત કરીશ. જો કે તેમણે સાથોસાથ એમ પણ કહ્યું કે ગાંડાઓ માટેના વૉર્ડમાં કેવું વર્તન કરવું અને કેવું ન કરવું તે અંગેની પૉલિસી નક્કી કરવા અંગે દખલ કરવાનો મારો અધિકાર નથી એટલે મારી વાતની ઝાઝી અસર થવાનો સંભવ નથી. આ સાંભળી ડેબોરાએ કહ્યું કે તમારી ડાહ્યાઓની દુનિયા આવી અન્યાયી હોય તો તે મારે સાવ નક્કામી છે. ત્યારે ડૉક્ટર ક્લારાએ કહ્યું કે તને સાજી કરવાનું મેં માથે લીધું છે તે એટલા માટે કે સાજીસારી થઈને તું સુખ, શાંતિ અને ન્યાય માટે લડી શકે. પછી ડૉક્ટરે ડેબોરા પાસેથી તેના પિતા સાથેના સંબંધ અંગેની વાતો કઢાવવાનો પ્રયત્ન કર્યો.

ત્યારે ડોબેરાએ કહ્યું કે મારો અને મારા બાપનો સ્વભાવ જ એવો છે કે અમે ઝટ ઉશ્કેરાઈ જઈએ છીએ. એક વાર એક પુરુષે મારી સાથે અડપલું કર્યું ત્યારે મારા પિતા મારા પર ખૂબ ગુસ્સે થઈ ગયા હતા. નક્કી તેં જ એવું કશુંક કર્યું હશે કે તે પુરુષ અડપલું કરવા લલચાય. એટલું જ નહીં, બાપાએ મને એક તમતમતો તમાચો ચોડી દીધો. પછી ડેબોરાએ જી થઈ જાય એમ હું ઇચ્છું છું. બીજી બાજુ ડૉક્ટર ક્લારા ડેબોરાના મનની વાતો જાણવાનું ચાલું રાખે છે. ડેબોરાએ કહ્યું કે જ્યારે તે નવ વર્ષની હતી ત્યારે વાયઆરના દેવોએ તેને મન ફાવે તેવું રૂપ ધારણ કરવાની શક્તિ બક્ષી હતી. એટલે બીજા વિશ્વયુદ્ધ વખતે તેણે જપાની સૈનિકનું રૂપ ધારણ કરી લીધું હતું અને અમેરિકન સૈનિકોને હાથે પકડાઈ ગઈ હતી. પણ વાયઆરની આવી ખાનગી વાત ડૉક્ટરને કહી તેથી વાયઆરના દેવો ખફા થયા છે અને એટલે સજા કરશે. તેથી ડેબોરાએ સામે ચાલીને નર્સને કહ્યું કે મને બાંધી રાખ. ત્યારે વાયઆરના દેવોએ ડેબોરાને કહ્યું કે તારું આ હૉસ્પિટલમાં આવવું એ પણ અમારી યોજનાનો જ એક ભાગ હતું. લાંબા વખત સુધી બંધનમાં રહ્યા પછી ડેબોરા અકળાઈ ગઈ અને મદદ માટે બૂમો પાડવા લાગી. પણ ડેબોરાનાં બંધન છોડવામાં કર્મચારીઓએ સારી એવી ઢીલ કરી. આથી ડેબોરા તેમના પર તો રોષે ભરાઈ જ, પણ ડૉક્ટર ક્લારા પર પણ ગુસ્સે થઈ. તેણે ડૉક્ટર ક્લારાને કહ્યું : તમે મને સાજી નહીં પણ બરબાદ કરવા માંગો છો. ત્યારે ડૉક્ટરે કહ્યું કે હું શું કરવા માગું છું અને શું કરી શકું છું તે તો સમય જ બતાવશે.

સાજા થયા પછી હૉસ્પિટલ છોડીને ઘરે ગયેલી ડોરિસ રિબેરાને પણ ફરી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. ડોરિસનાં તોફાનનો પાર નથી. આ જોઈ બીજા દર્દીઓ હતાશ થઈ જાય છે. અહીંથી સાજા થઈને નિરામય જીવન જીવવાની આશા તો મૃગજળ સમાન છે. પછી એક અકસ્માતમાં ડેબોરાનો પગ ભાંગે છે અને તેને સારવાર માટે બીજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવે છે. ત્યારે ત્યાંનો સ્ટાફ તેના તરફ ભય અને કૌતુકપૂર્વક જુએ અને વર્તે છે. ત્યારે ડેબોરા વિચારે છે કે હું સાજી થઈને બહાર જઈશ તોય દુનિયાના લોકો તો મને આ જ રીતે જોશે. પાછી ફરીને ડેબોરા ડૉક્ટર ક્લારાને કહે છે કે એ હૉસ્પિટલમાં હતી તે દરમિયાન હું ઘણીવાર ગાંડા હોવાનો ઢોંગ કરતી કારણ બહારની દુનિયાના લોકો મને તો ગાંડા જેવા લાગ્યા અને તેમની સાથે જો ઘરોબો બાંધવો હોય તો મારેય તેમના જેવા દેખાવું પડે. પછી ડેબોરાએ ડૉક્ટરોને

કહ્યું : હું હૉસ્પિટલમાં આવી તે પહેલાં બધાં મને એમ જ કહ્યાં કરતાં કે તને કંઈ જ નથી થયું, તું તો સાજીસારી છો. એક તમે જ મને કહ્યું કે ના ડેબોરા, તું ખરેખર માંદી છે.' ત્યારે ડૉક્ટર ક્લારા કહે છે કે ઉનાળા દરમિયાન હું થોડો વખત રજા પર જવાની છું તે દરમિયાન ડૉક્ટર રોયસન તારો કેસ સંભાળશે. ડૉક્ટર ક્લારાના ગયા પછી ડેબોરા માની લે છે કે ક્લારાનું અવસાન થયું છે. ડૉક્ટર રોયસન ડેબોરાના મનમાં એ વાત ઠસાવવા પ્રયત્ન કરે છે કે વાયઆરની સૃષ્ટિ એ વાસ્તવિક નથી, કેવળ તારા મનની ભૂતાવળ છે. આ વાતથી ડેબોરાને એટલો તો આઘાત લાગે છે કે તે દીવાસળી અને સળગતી સિગારેટ વડે પોતાને આખે શરીરે ડામ દે છે. બીજા એક ડૉક્ટર ડેબોરાને પડેલા ઘાની સારવાર કરે છે પણ તે વખતે ડેબોરા પર ફરી ગાંડપણનો હુમલો થાય છે. તેને ગાંડાઓ માટેના વોર્ડમાં મોકલવામાં આવે છે. ત્યાં એક દર્દી ડેબોરાને કહે છે કે તું તો ગજબની છો. કેટલાય લોકોને જખમી કર્યા છે તે! આ સાંભળી ડેબોરા વધુ ઉશ્કેરાય છે. એક ડૉક્ટર તેને સધિયારો આપે છે, પણ ગાંડાઓના વૉર્ડમાં પણ ડેબોરા પોતાના શરીરે ડામ દેવાનું ચાલુ રાખે છે. વળી તે પોતાના જખમ એવી સિફતથી છુપાવે છે કે ડૉક્ટરોને લાગે છે કે તે હવે સાજી થઈ ગઈ છે, અને તેટલે તેને ફરી બી વૉર્ડમાં મોકલી દેવી જોઈએ. પણ ડેબોરા જાણે છે કે બી વૉર્ડમાં તો દીવાસળી અને સિગારેટ વધુ સહેલાઈથી મળી રહે છે એટલે જો પોતે ત્યાં જશે તો પોતાની જાતને વધુ ડામ દેશે અને તો તેનું મૃત્યુ વહેલું થશે. આથી તે પોતાના જખમ ગાંડાઓ માટેના વૉર્ડના ડૉક્ટરોને બતાવે છે. તે જોયા પછી ડૉક્ટર દીવાસળી અને સિગારેટ પર વધુ કડક બંદી ફરમાવે છે. છતાં ડેબોરા ક્યાંકથી, કોક રીતે આ બન્ને વસ્તુઓ શોધી કાઢે છે. ડૉક્ટર ક્લારા રજા પરથી પાછી આવે છે ત્યારે ડેબોરા ડૉક્ટર રોયસોન માટેનો અણગમો પ્રગટ કરે છે. ડેબોરા પોતાના શરીરે પોતે જ ડામ દે છે એ વાતની ખબર પડતાં તેનાં મા-બાપની ચિંતાનો પાર રહેતો નથી. એસ્થર ડૉક્ટર ક્લારાને મળવા આવે છે ત્યારે તે એસ્થરને કહે છે : 'ખોટી ખોટી આશા આપીને હું તમને છેતરવા માંગતી નથી. પણ એટલી વિનંતી આગ્રહપૂર્વક કરું છું કે અહીંની તેની સારવાર મહેરબાની કરી ચાલુ રાખશો. તેને અહીંથી હમણાં ઘરે લઈ જશો નહીં.' ડેબોરાના જખમ ઝટ રૂઝાતા નથી. આથી ડૉક્ટર ક્લારાને ચિંતા થાય છે, પણ ડેબોરા કહે છે કે મારી જાતે મારા શરીરે ડામ દેવાની મારી આ ટેવ અંગે તમે ઝાઝી ચિંતા

ન કરો. પણ સાથોસાથ તે એ પણ નક્કી કરે છે કે હવે પછી ડામ દેવા માટે બીજા દર્દીઓ કે ડૉક્ટરો પાસેથી ચોરેલી દીવાસળી કે સિગારેટ નહીં વાપરું. આથી ડોકટર ક્લારા પાસેથી ચોરેલું દીવાસળીનું એક બૉક્સ તે પાછું આપી દે છે, પણ તે પછી ડેબોરા પર ફરી ગાંડપણનો હુમલો થાય છે. વાયઆરની દુનિયાની ભાષાના શબ્દો તે આખા બાથરૂમની દીવાલો પર લખી નાખે છે - પોતાના લોહી વડે! ડૉક્ટર ક્લારાને તે કહે છે કે મને મારી જાત પર જ ખૂબ ગુસ્સો આવ્યો અને હું મારી જાતથી જ ખૂબ ડરવા લાગી એટલે મેં આવું કર્યું. પણ હવે વધુ સારવાર નથી લેવી. મારે સાજા નથી થવું. હું જેવી છું તેવી જ સારી છું. આ સાંભળીને ડૉક્ટર ક્લારા કહે છે શું કરવું અને શું ન કરવું એ તો તારે જ નક્કી કરવાનું છે. સાજા થવું કે ન થવું, સારવાર લેવી કે ન લેવી એ તારે જ ઠરાવવાનું છે. તારી જિંદગીની માલિક તું જ છો.

ડેબોરા પર હવે વારંવાર ગાંડપણના હુમલા થવા લાગ્યા, પણ હૉસ્પિટલનો સ્ટાફ હવે તેની સાથે વધુ સમભાવપૂર્વક વર્તતો હતો. એકવાર એક ઠંડી રાતે ડેબોરાએ એક કર્મચારીને કહ્યું કે શું ગાંડાને કે શું તારા જેવા ડાહ્યાને, આવી ટાઢમાં કોટ પહેરવાથી ગરમાવો મળે. કંઈ નહીં તો આપણા બે વચ્ચે એટલું સરખાપણું તો છે જ. આ સાંભળી પેલો કર્મચારી છેડાઈ પડ્યો : અરે, અમારે તો આ પાપી પેટ ખાતર આવું નોકરું કરવું પડે છે. પગાર ઓછો ને ડાહ્યા રહીને ગાંડાઓની સારવાર કરવાની. અહીં આવતા દર્દીઓએ તો એવું કાંઈ કરવું પડતું નથી. એમને તો અહીં લીલાલહેર છે. પણ તેની આ વાત સાંભળી ડેબોરા તેની ટેવ પ્રમાણે છેડાઈ પડી નહીં, હવે તેના શરીર પરના જખમ પણ રુઝાવા આવ્યા હતા. ડૉક્ટર ક્લારા ડેબોરાને સમજાવવાનો પ્રયત્ન કરે છે કે સૂઝીને મારી નાખવાના પ્રયત્નની વાત પણ વાસ્તવિકતા નહીં, પણ કદાચ ડેબોરાની કલ્પનાની પેદાશ છે.

ડેબોરાની તબિયતમાં થયેલા સુધારાને પ્રતાપે તેને પાંચ દિવસ માટે ઘરે જવાની છૂટ મળી. ઘરમાં તો સૌએ તેનું હોંશ અને ઉમળકથી સ્વાગત કર્યું. પણ બીજાં સગાંવહાલાંના જાત જાતના સવાલોના જવાબ આપતાં ડેબોરાને નાકે દમ આવી ગયો. સૂઝી તેના મિત્રો સાથે મુસાફરીએ જવાની હતી. પણ ડેબોરા આવી એટલે તેણે જવાનું માંડી વાળ્યું. બહેનની આવી લાગણી જોઈ ડેબોરા મ ોમન શરમાઈ - તેના પ્રત્યે દ્વેષભાવ કેળવવા બદલ. તે વિચારવા લાગી, વાયઆરની દુનિયામાંથી હું

વાસ્તવિક દુનિયામાં પાછી ફરું તો કેવું? હવે વાયઆરની દુનિયા પણ પહેલાં જેવી રહી નથી. હાલતાં ને ચાલતાં સજાની વાત ને જાતજાતની સતામણી. ડેબોરાએ હૉસ્પિટલમાં દોરેલાં ચિત્રો તેની મા એસ્થર હોંશપૂર્વક સગાંવહાલાંને બતાવે છે. પણ રાતે એ અંગે ડેબોરા અને એસ્થર વચ્ચે બોલાચાલી થાય છે. સૂઝી કહે છે મારે વિષે તો તું કોઈ સાથે ઉત્સાહપૂર્વક વાત નથી કરતી, ને આ ડેબોરાનાં ગાંડાંઘેલાં જેવાં ચિત્રો તું ઊછળી ઊછળીને બધાંને બતાવે છે. હું પહેલેથી જ ઘરમાં અણમાનીતી છું. ત્યારે એસ્થર કહે છે કે બેટા, એવું નથી. તારાં વખાણ કરવાં એ તો બડાઈ મારવા જેવું ગણાય. પણ ડેબોરાનાં ચિત્રો વિષે હું હોંશથી વાત કરતી હતી જેથી એ લોકો ડેબોરાની માંદગી વિષે ઝાઝી ખણખોદ ન કરે.

પાંચ દિવસ પછી ડેબોરા હૉસ્પિટલમાં પાછી આવી છે ત્યારે ત્યાં તેને એક નવી દર્દીનો મેળાપ થાય છે. આ નવી દર્દી છે કાર્મેન, લાખોપતિ બાપની દીકરી. થોડા દિવસ પછી એક રાતે ડેબોરા અને કાર્લા હૉસ્પિટલમાંથી હળવેકથી સરકી રસ્તા પર એકલાં ફરવા નીકળી પડે છે. બંને જ્યારે પાછાં ફરે છે ત્યારે તેમને એકાંતવાસની સજા કરવામાં આવે છે. સવારે ડૉક્ટર આ અંગે ડેબોરાની પૂછપરછ કરે છે. ડેબોરા કહે છે કે કાલે રાતે અમને બંનેને લાગેલું કે અમે ગાંડાં નથી, પણ ડાહ્યાં થતાં જઈએ છીએ, એટલે ડાંહ્યાંઓની દુનિયામાં લટાર મારવા નીકળી પડેલાં. ડૉક્ટરને આ ખુલાસાથી સંતોષ થાય છે.ડેબોરા અને કાર્લાને કશી વધુ સજા કરતા નથી. બે-ચાર દિવસ પછી ડેબોરા અને તેના સાથી દર્દીઓને ખબર પડે છે કે કાર્મેનને તેનો લખપતિ બાપ હૉસ્પિટલમાંથી પાછી ઘરે લઈ ગયો છે. કેમ? ગાંડી દીકરી પાછળ મોટોમસ ખરચ કરવા તે તૈયાર નથી. આ વાત સાંભળીને ડેબોરાને થાય છે કે મારાં માબાપ કેવાં સારાં છે! તેઓ કંઈ લખપતિ નથી છતાં આટલા લાંબા વખત સુધી તેમણે મને આ હૉસ્પિટલમાં રહેવા દીધી છે, ખર્ચની દરકાર કર્યા વગર. એટલું જ નહીં, એક-બે દિવસમાં જ ખબર મળે છે કે કાર્મેનને ઘરે લઈ ગયા તે પછી તેણે આપઘાત કરીને પોતાની જિંદગી ટૂંકાવી છે. ડેબોરા સાથી દર્દીઓને કહે છે કે કાર્મેન અહીં રહી હોત તો આવું ન બન્યું હોત અને કદાચ તે સાજી પણ થઈ હોત.

પછી ડેબોરા હૉસ્પિટલના સત્તાવાળાઓને વિનંતી કરે છે કે હવે મને હૉસ્પિટલમાં રહેવાને બદલે હૉસ્પિટલની નજદીકના કોઈ મકાનમાં રહેવાની પરવાનગી આપો. પરવાનગી મળે છે. મિસિસ કિંગ નામની

એક ઘરડી બાઈ બહુ લાંબા વખતથી ગામમાં રહી નથી, એટલે હૉસ્પિટલના દર્દીઓ અંગે તેના મનમાં બીક કે સૂગ નથી. એટલે તે પોતાના મકાનમાંનો એક ઓરડો ડેબોરાને ભાડે આપે છે. ડેબોરા ગામના લોકો સાથે હળવા મળવાનો પ્રયત્ન કરે છે. લોકો અપમાન તો નથી કરતા ડેબોરાનું, પણ તેને પોતાની નજીક પણ નથી આવવા દેતા. ડેબોરા પોતાના ભૂતકાળના સુખી દિવસોને યાદ કરે છે. આ ઝોડ વળગ્યું તે પહેલાં બધાં તેની સાથે કેવાં વહાલપૂર્વક વર્તતાં! વળી તે કબૂલાત કરે છે કે વાયઆરની સૃષ્ટિને તેણે પોતે જ પોતાની કલ્પનાથી ઊભી કરી છે - વાસ્તવિક દુનિયાથી દૂર ભાગી છૂટવાના આશયથી, પણ બીજી બાજુથી તેને બીક લાગે છે કે મારા એવા વિચારોથી ગુસ્સે થઈને વાયઆરના દેવો મને સજા કરશે તો? પણ ડૉક્ટર ક્લારા ધીમે ધીમે તેની બીક દૂર કરે છે. હવે ડેબોરાની ઇચ્છા પગભર થઈને સ્વતંત્રપણે જીવવાની છે, પણ જ્યાં સુધી પોતે ભણે ગણે નહીં ત્યાં સુધી નોકરી મેળવવાનું શક્ય નથી એ વાતનો તેને ખ્યાલ આવે છે. વળી ગામની સ્કૂલમાં તે ભણવા ચાહતી નથી. કારણ, એક તો ક્લાસમાંના બીજા બધા વિદ્યાર્થીઓ ઉંમરમાં પોતાનાથી ત્રણ-ચાર વર્ષ નાના હોય, અને વળી તેમાંના ઘણા ડેબોરાનો ભૂતકાળ પણ જાણતા હોય. હૉસ્પિટલના સલાહકાર તેને કહે છે કે તું સ્કૂલમાં જવાને બદલે તારી મેળે જ જીઇડીની પરીક્ષાની તૈયારી કરે તો કેવું? પહેલાં તો ડેબોરાને વાયઆરના દેવોના ખોફની બીક લાગે છે. પણ પછી તે એ પરીક્ષા માટે તૈયારી શરૂ કરે છે. ડાહ્યાઓની વાસ્તવિક દુનિયાની રીતરસમ પ્રમાણે જીવવાની દિશામાં આ તેનું પહેલું પગલું. સારા માર્કે પરીક્ષામાં પાસ થાય છે. હવે ધારે તો વધુ ભણવા કૉલેજમાં પણ દાખલ થઈ શકે છે. પોતાની સફળતાની વાત કરવા તે મા-બાપને ફોન કરે છે. પણ ફોન પર ડેબોરાનાં મા-બાપના બોલવામાં આનંદ અને ગર્વ કરતાં દયા વધુ ડોકાય છે તેથી ડેબોરા નાસીપાસ થાય છે. હૉસ્પિટલ પાછા ફરતી વખતે તેના મનમાં ફરી વિચારો ઘોળાવા લાગે છે. ડાહ્યાઓની વાસ્તવિક દુનિયા મને ક્યારેય નહીં સ્વીકારશે. બીજાઓ જેવી સાધારણ જિંદગી હું ક્યારેય જીવી નહીં શકું. તે હૉસ્પિટલમાં પાછી ફરે છે. પછી ગાંડપણના હુમલાને પરિણામે તે બેભાન થઈ જાય છે. પણ ડેબોરા જ્યારે પાછી ભાનમાં આવે છે ત્યારે- ત્યારે તે પોતાનાં ભણવાનાં પુસ્તકો પાછાં હાથમાં લે છે અને વાયઆરના દેવોને હિમ્મતપૂર્વક કહે છે : 'તમે ભલે મારા માર્ગમાં ગમે તેટલા અવરોધો નાખો. આ દુનિયામાં

મારું સાચું અને માનપૂર્વકનું સ્થાન મેળવવા માટેની મારી લડતમાં હું પાછીપાની કરવાની નથી.' આશાના આ કિરણ સાથે જ આ નવલકથા પૂરી થાય છે.

આ નવલકથાની જ્યુઈશ- અમેરિકન લેખિકા જોઆન ગ્રીનબર્ગનો જન્મ બ્રૂકલીનમાં ૧૯૩૨ની સાલમાં. બાર નવલકથા લખી, ચાર વાર્તા સંગ્રહો લખ્યા. આ નવલકથામાંના ઘણા અનુભવોમાંથી ખુદ જોઆન પસાર થઈ છે. સ્કિઝોફ્રેનિયાના દરદમાંથી બહાર આવવા માટે હૉસ્પિટલમાં રહીને ત્રણ વર્ષની લડત આપ્યા પછી અમેરિકન યુનિવર્સિટી ઑફ કોલોરાડોમાંથી એન્થ્રોપોલૉજી અને અંગ્રેજી સાથે બી.એ. કર્યું. એ અભ્યાસ દરમિયાન તેને અમેરિકાના મૂળ વતનીઓ - રેડ ઇન્ડિયન્સ-ની સંસ્કૃતિમાં રસ પડ્યો. તેમની વસાહતોમાંના વસવાટ દરમિયાન મળેલા અનુભવોને આધારે કેટલીક વાર્તાઓ લખી. બહેરાં-મૂંગાંની મુશ્કેલીઓ અને તેમની સારવારમાં પણ રસ લેવા માંડી. બહેરાં મા-બાપ અને સાંભળતી દીકરીની વાત તેણે 'ધિસ સાઈન' નવલકથામાં કહી. પણ સૌથી વધુ નામ જાણીતું થયું તે તો 'આઇ નેવર પ્રૉમિસ્ડ યૂ અ રોઝ ગાર્ડન' નવલકથાને લીધે. તેના પરથી ૧૯૭૭માં ફિલ્મ બની હતી તેને પણ લોકપ્રિયતા મળી હતી.

●

૫૩. એક ડૉક્ટરની વ્યથાની કથા
ડૉક્ટર ઝિવાગો/ બોરિસ પાસ્તરનાક

૧૯૫૮માં સાહિત્ય માટેનું નોબેલ ઈનામ આપવાની જાહેરાત થઈ ત્યારે પહેલાં તો તેમણે તેનો 'સહર્ષ સ્વીકાર' કર્યો. પણ પછી ગણતરીના દિવસોમાં જ તેમણે આ ઈનામનો અસ્વીકાર કર્યો, બલકે હકીકતમાં અસ્વીકાર કરવાની તેમને ફરજ પાડવામાં આવી. જે પુસ્તક માટે આ ઈનામ આપવામાં આવેલું તે પ્રગટ કરવા પર એ દેશની સરકારે તો ૧૯૫૬માં પ્રતિબંધ મૂકેલો. પણ ૧૯૫૮ની શરૂઆતમાં તેનો અંગ્રેજી અનુવાદ અમેરિકામાં પ્રગટ થયેલો તેને આધારે તેમને ઈનામ આપવાની જાહેરાત થયેલી. પણ આ જાહેરાત થઈ કે તરત તેના લેખકને 'જુડાસ', 'ક્રાન્તિનો દુશ્મન',' જ્યાં ખાય ત્યાં જ ગંદકી કરનાર ભૂંડ' વગેરે વિશેષણોથી સત્તાવાર રીતે નવાજવામાં આવ્યો અને નોબેલ ઈનામને 'મૂડીવાદી દેશની મૂડીવાદી વ્યવસ્થાની વિષકન્યા' તરીકે ઓળખાવવામાં આવ્યું. આ બધાં અપમાનો તો પેલા લેખકે સહી લીધાં, પણ પછી દેશના ૮૦૦ 'લેખકો'ની સહીથી પ્રગટ થયેલા પત્રમાં એ દેશદ્રોહી લેખકની કાયમ માટે દેશમાંથી હકાલપટ્ટી કરવાની માગણી કરવામાં આવી ત્યારે એ લેખક ચોંકી ઊઠયા. તેઓ દેશની તત્કાલીન સરકારના વિરોધી હતા, પણ દેશને તો તેઓ બેહદ ચાહતા હતા. દેશનિકાલની સજામાંથી બચવા માટે છેવટે તેમણે સ્વીડિશ અકાદમીને તાર કરી ઈનામનો પોતે અસ્વીકાર કરે છે એમ જણાવી દીધું એટલું જ નહીં, પોતાની 'ભૂલો' માટે જાહેરમાં લેખિત માફી પણ માગી લીધી. પરિણામે તેઓ સાહિત્ય માટેના નોબેલ ઈનામનો અસ્વીકાર કરનાર પહેલા લેખક બન્યા.

• આ લેખક તે રશિયાના બોરિસ પાસ્તરનાક. જન્મ ૧૮૯૦, અવસાન ૧૯૬૦. જે નવલકથા માટે તેમને આ ઈનામ અપાયેલું તે 'ડૉક્ટર ઝિવાગો'. ૧૯૫૮માં તેનો અંગ્રેજી અનુવાદ અમેરિકામાં પ્રગટ થયો પછી તો દુનિયાની ૧૮ ભાષાઓમાં તેના અનુવાદો પ્રગટ થયા અને

વાચકો વિવેચકોએ 'ડૉક્ટર ઝિવાગો'ની અપાર પ્રશંસા કરી. ભોગીલાલ ગાંધીએ 'ઉધ્વસ્ત આકાશ' નામે કરેલો તેનો સંક્ષિપ્ત અનુવાદ ૧૯૫૯માં જ ગુજરાતીમાં પ્રગટ થયેલો! ૧૯૬૫માં એમજીએમે આ નવલકથા પરથી બનાવેલ ફિલ્મને પણ અસાધારણ સફળતા મળેલી. દિગ્દર્શક ડેવિડ લીનની આ છેલ્લી ફિલ્મમાં ઓમર શરીફ, જૂલિ ક્રિસ્ટી વગેરેએ અભિનય આપેલો.

યુરી, ટોનિયા, લારા અને મારીનાનાં ચાર કુટુંબનાં અને બીજાં પાત્રો મળી કુલ લગભગ સો પાત્રો ધરાવતી 'ડૉક્ટર ઝિવાગો'ની કથાની રૂપરેખા આપવી મુશ્કેલ છે. મોસ્કોના ધનાઢ્ય વેપારીના દીકરા યુરી ઝિવાગોનો જન્મ ૧૮૮૯માં થયો છે. પ્રમાણમાં નાની ઉંમરે તે મા-બાપ ગુમાવે છે. મરતાં પહેલાં બાપ પૈસેટકે પાયમાલ થઈ ગયેલા એટલે યુરી ગ્રોમેકોઝ કુટુંબમાં તેના દીકરાની જેમ ઉછરે છે. ડૉક્ટર થાય છે અને સાથોસાથ થાય છે કવિ. યુવાન વયે ગ્રોમેકોઝ કુટુંબની ટોનિયા સાથે તેનાં લગ્ન થાય છે. બન્નેને એક દીકરો - સક્ષા - થાય છે. ૧૯૧૪ માં પહેલું વિશ્વયુદ્ધ થતાં યુરીએ ફરજિયાત લશ્કરમાં જોડાવું પડે છે. મૂળ ફ્રેન્ચ કૂળની વિધવાની દીકરી લારાને કોમારોવ્સ્કી નામનો વકીલ સતત સતાવતો રહે છે અને પોતાની સાથે દેહસંબંધ બાંધવા આગ્રહ કર્યા કરે છે. તેનાથી વાજ આવી ગયેલી લારા કોમારોવ્સ્કી પર બંદૂક ચલાવે છે, પણ તે બચી જાય છે અને પોતાની આબરૂ બચાવવા વકીલ એ પ્રકરણ ભીનું સંકેલી લે છે. લારા તો ચાહે છે પાશા એન્ટિપોલ નામના એક પડોશી યુવાનને. કોમારોવ્સ્કી પ્રકરણ પછી પણ પાશા તો લારાને ચાહે છે જ, અને બન્ને લગ્ન કરી લે છે. પણ પછી બન્નેના લગ્નજીવનમાં વહેમને કારણે તિરાડ પડે છે અને પાશા લશ્કરમાં જોડાઈ લારાથી અલગ થઈ જાય છે. લડાઈ દરમિયાન દુશ્મનના હુમલામાં પાશા સપડાય છે અને સૌ કોઈ માની લે છે કે તેનું મોત થયું છે. લારા તેની ભાળ મેળવવા ખાતર નર્સ બની લશ્કરમાં જોડાય છે. પાશાનો પત્તો તો નથી મળતો પણ લારા અને યુરી ઝિવાગોનો મેળાપ થાય છે. બન્ને પ્રેમમાં પડે છે પણ પછી એ પ્રેમસંબંધને આગળ વધતો અટકાવવા લારા હૉસ્પિટલ છોડી ચાલી જાય છે. ઝિવાગો પણ પછી મોસ્કો જઈને પત્ની અને પુત્ર સાથે રહેવા લાગે છે.

૧૯૧૭માં યુદ્ધનું સ્થાન રશિયન ક્રાન્તિ લે છે. સરકારી હૉસ્પિટલમાંની કપરી કામગીરીને ઝિવાગો પહેલાં તો વળગી રહે છે

અને ભૂખમરા અને ટાઈફોઈડથી પીડાતા અનેક મોસ્કોવાસીઓની ખડેપગે સારવાર કરે છે. પણ પછી કુટુંબને લઈ તે યુરિઆટિન નામના ગામમાં ચાલ્યો જાય છે અને ખેતી કરીને ગુજરાન ચલાવે છે. બધાએ મરેલો માની લીધેલો તે પાશા હકીકતમાં દુશ્મનને હાથે પકડાયેલો હતો. તેમના હાથમાંથી છટક્યા પછી નામ બદલીને સંજોગવશાત તે અને તેની પત્ની લારા યુરિઆટિન ગામમાં જ રહેવા આવ્યાં છે. હવે તે ક્રાન્તિકારીઓ સાથે ભળી ગયો છે અને પોતાના વિસ્તારનો કમાન્ડર બની ગયો છે. પણ તે ખરેખર કોણ છે તેની કોઈને ખબર ન પડે એ આશયથી પાશા અને લારા અલગ અલગ ઘરમાં રહે છે. પાશાને બચાવવા ખાતર લારા દેખીતી રીતે વિધવાનું જીવન જીવે છે અને દીકરી કાટેન્કાને ઉછેરે છે. પણ લારા અને ઝિવાગો અકસ્માત એકમેકને મળે છે અને બન્ને વચ્ચેનો પ્રેમ ફરી પાંગરે છે. પણ પોતે પત્નીને છેહ દઈ રહ્યો છે તે યોગ્ય નથી એમ માનતો ઝિવાગો લારા સાથેના પ્રેમસંબંધને તોડી નાખવાની અણી પર હોય છે ત્યાં જ ફોરેસ્ટ બ્રધરહૂડ નામના બોલ્શેવિક ગેરીલા જૂથને હાથે તે પકડાય છે અને બંદૂકની અણીએ તેઓ ઝિવાગોને એ જૂથના ડૉક્ટર તરીકે કામ કરવા ફરજ પાડે છે. વરસ સુધી તેમની સાથે કામ કર્યા પછી ઝિવાગો છટકી જાય છે. ગામમાં પાછો ફરે છે ત્યારે તેને ખબર પડે છે કે તેની ગેરહાજરીમાં પત્ની ટોનિયા તો પહેલાં મોસ્કો અને પછી ત્યાંથી ફ્રાન્સ ભાગી ગઈ છે એટલે ઝિવાગો અને લારા એકમેકની સાથે સુખમાં દિવસો વીતાવે છે. પણ પછી ક્રાન્તિ વધુ ઉગ્ર રૂપ લેતાં બન્નેને માથે ભય તોળાય છે. લારાનો જૂનો પ્રેમી કોમારોવ્સ્કી સાઈબેરિયાને રસ્તે ફ્રાન્સ ભાગી જવા ઝિવાગોને સૂચવે છે, પણ લારાને પાછળ એકલી છોડી જવા તે તૈયાર નથી.

૧૯૨૨નું વર્ષ. હતાશ અને ધૂની બની ગયેલા ઝિવાગોએ હવે દાક્તરી છોડી દીધી છે અને મોસ્કોમાં રહી નાનાંમોટાં કામ કરી ગુજરાન ચલાવે છે. કવિતા લખવાનો નાદ પણ ફરી લાગ્યો છે અને વાસિયા નામનો યુવાન તેનાં કાવ્યો ખાનગીમાં પ્રગટ કરે છે. ઝિવાગો મારીના નામની એક સ્ત્રી સાથે હવે પરણ્યો છે અને તેમને બે બાળકો પણ થયાં છે. ૧૯૨૯માં ચાલીસ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાથી ડૉક્ટર ઝિવાગોનું અણધાર્યું અવસાન થાય છે. મરતી વખતે તેની પાસે માત્ર એક જ મૂડી બચી છે – તેનાં કાવ્યો. ખાનગીમાં છપાતાં અને વંચાતાં આ કાવ્યોએ તેને સારી પ્રતિષ્ઠા અપાવી છે.

વર્ષ ૧૯૪૩. લારા અને ઝિવાગો અલગ થયાં ત્યારે લારા સગર્ભા હતી. તેની દીકરી તાનિયાનો જન્મ સાઈબેરિયામાં થયેલો અને તેને એક પાલક કુટુંબને ભરોસે છોડીને લારા અલોપ થઈ ગઈ હતી. લેખકે ફોડ પાડીને કહ્યું નથી પણ સંભવતઃ સ્ટાલિનના શાસનમાં કેદ પકડાઈને કૉન્સન્ટ્રેશન કૅમ્પમાં તે મૃત્યુ પામી હતી. તાનિયાના ઉછેર માટે તેણે એક પાલક કુટુંબ સાથે ગોઠવણ કરી હતી. પણ આ કુટુંબ તેને માથે ત્રાસ ગુજારતું હતું. પાલક પિતાના મૃત્યુ પછી તે અહીં તહીં ભટકતી થઈ ગઈ હતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન લશ્કરમાં ધોબણ તરીકે કામ કરતી તાનિયાને મેજર જનરલ એવગ્રાફ ઝિવાગો પોતાના ભાઈ યુરીની દીકરી તરીકે ઓળખી કાઢે છે અને પોતાની દીકરી તરીકે દત્તક લે છે. ત્યાં કથા પૂરી થાય છે. પણ પછી પરિશિષ્ટરૂપે ડૉક્ટર યુરી ઝિવાગોનાં ૨૪ કાવ્યો આપવામાં આવ્યા છે જે ડૉક્ટર ઝિવાગોની ટૂંકી અને દુઃખભરી જિંદગીને સમજવામાં મદદરૂપ થાય તેવાં છે. સોવિયેટ યુનિયનના વિઘટન પછી આ નવલકથા રશિયામાં પહેલીવાર ૧૯૮૭ માં પ્રગટ થઈ. પાસ્તરનાકના દીકરાએ સ્ટૉકહોમ જઈ નોબેલ ઇનામનો પિતા વતી ૧૯૮૯માં સ્વીકાર કર્યો. નોબેલ ટ્રસ્ટના નિયમોને કારણે ઇનામની રકમ તો આપી શકાય તેમ નહોતું પણ દરેક વિજેતાને અપાતો મેડલ તેને આપવામાં આવેલો.

●

૫૪. યુદ્ધની સામે યુદ્ધ
કેચ ૨૨ / જોસેફ હેલર

કોઈ નવલકથાનું નામ અંગ્રેજી ભાષાને એક નવો શબ્દપ્રયોગ આપે એવું વારંવાર બનતું નથી. અમેરિકન નવલકથાકાર જોસેફ હેલરે નવલકથા તો સાત-આઠ લખી છે પણ તેની પહેલી જ નવલકથાએ અંગ્રેજી ભાષાને એક નવો શબ્દપ્રયોગ આપ્યો : 'કેચ ટ્વેન્ટી- ટુ'. તમારી સામે બે વિકલ્પ હોય, પણ બન્નેમાં તમને સરખું જ નુકસાન થવાનું હોય, સરખી જ મુશ્કેલી પડવાની હોય, બેમાંથી એકે વિકલ્પ વધુ સારો એમ કહી શકાય તેમ ન હોય ત્યારે એવી પરિસ્થિતિને કહેવાય છે કેચ ટ્વેન્ટી-ટુ. તેણે આ નવલકથા લખી પછી અમેરિકાના બે-ત્રણ પ્રતિષ્ઠિત સામયિકોએ તો એ 'સાભાર પરત' કરી. પછી પુસ્તકરૂપે ૧૯૬૧માં પ્રગટ થઈ ત્યારે પણ ઘણાખરા વિવેચકોએ જાતજાતના વાંધાવચકા કાઢયા, પણ વાચકોને આ નવલકથા ગમી ગઈ. ખૂબ વંચાવા લાગી. ૧૯૭૦માં આ નવલકથા પરથી તૈયાર થયેલ ફિલ્મને પણ ઘણી લોકપ્રિયતા મળી. આ નવલકથાને તથા તેના પરથી બનેલી ફિલ્મને અસાધારણ લોકપ્રિયતા મળી તેનું એક કારણ ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકાની અમેરિકાની પરિસ્થિતિ હતી. એ વખતે અમેરિકા વિયેટનામ યુદ્ધમાં સપડાયું હતું. આ યુદ્ધમાં ૫૮ હજાર જેટલા અમેરિકનો માર્યા ગયા હતા સત્તાવાર આંકડા પ્રમાણે. અમેરિકન પ્રજામાં - અને ખાસ કરીને યુવાનોમાં - વિયેટનામ યુદ્ધ માટેનો વિરોધ વધુ ને વધુ ઉગ્ર બનતો જતો હતો અને 'કેચ૨૨' નવલકથાનો પણ મુખ્ય સૂર છે યુદ્ધના વિરોધનો, યુદ્ધની નિરર્થકતાનો, યુદ્ધ એ રાજકારણીઓનું ગાંડપણ છે એવી માન્યતાનો.

પણ હેલરની આ નવલકથા ઘરના સલામત ખૂણે બેસીને વાંચેલાં છાપાં કે સાંભળેલા રેડિયો સમાચારને આધારે લખાઈ નથી. યુદ્ધના પ્રત્યક્ષ સ્વાનુભવને આધારે લખાઈ છે. ૧૯૨૩માં બ્રૂકલિનમાં જન્મેલા

હેલર બીજા અનેક અમેરિકન યુવાનોની જેમ અભ્યાસ અધૂરો મૂકીને બીજા વિશ્વયુદ્ધ વખતે અમેરિકન લશ્કરમાં જોડાયા હતા.વાયુસેનાના વિમાનોમાંથી બોમ ફેંકવાની કામગીરી તેમણે કરી હતી. તેમણે ફ્રાન્સ અને ઈટલી પર ૬૦ વખત બૉમ્બમારો કર્યો હતો. ત્યારબાદ ૧૯૪૫ના જૂનમાં લશ્કરમાંથી છૂટા થઈ ફરી અભ્યાસ શરૂ કર્યો. અંગ્રેજી સાહિત્ય સાથે ૧૯૪૯માં કોલમ્બિયા યુનિવર્સિટીમાંથી એમ. એ. થયા પછી ફુલબ્રાઈટ સ્કૉલર તરીકે ઈંગ્લૅન્ડ જઈ ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો. અંગ્રેજીના અધ્યાપક બન્યા, 'ટાઈમ' અને 'લૂક' સામયિકોના વિજ્ઞાપન વિભાગમાં કામ કર્યું. અભ્યાસકાળ દરમિયાન જ વાર્તાઓ લખવાનું શરૂ કરેલું. ૧૯૫૩માં 'કૅચ ૧૮' નામે વાર્તા લખી. પછીથી આઠ વર્ષ એ વાર્તાને વિસ્તારીને નવલકથા લખવા પાછળ ગાળ્યાં. નવલકથાનું નામ પણ પહેલાં તો 'કૅચ૧૮' રાખેલું. પણ બીજી એક નવલકથા સાથે એ નામ મળતું આવતું હતું એટલે પછીથી બદલીને 'કૅચ ૨૨' કર્યું. ૧૯૮૬માં હેલર પક્ષાઘાત અને જ્ઞાનતંતુઓના એક અસાધારણ રોગનો ભોગ બન્યા, પણ પછી લગભગ સાજા થઈ ગયા. પોતાની આ માંદગી અને તેની સામેની લડત વિષે તેમણે 'નો લાફિંગ મૅટર' નામનું પુસ્તક લખ્યું, જે ૧૯૮૬માં પ્રગટ થયું. 'કૅચ ૨૨' નાં પાત્રોનાં પચાસ વર્ષ પછીનાં જીવનને આલેખતી નવલકથા 'ક્લોઝિંગ ટાઈમ' ૧૯૯૪માં પ્રગટ થઈ. હૃદયરોગના હુમલાથી ૧૯૯૯માં હેલરનું અવસાન થયું.

'કૅચ ૨૨'નો નાયક જોસેફ યોસારિયન વાયુસેનામાં બૉમબર તરીકે કામ કરે છે, લેખક હેલરની જેમ. હેલરનું લશ્કરી થાણું એક ટાપુ પર હતું, યોસારિયનનું પણ એક ટાપુ પર, પણ લડતાં લડતાં હવે તે યુદ્ધથી ત્રાસી ગયો છે, તેની નિરર્થકતા સમજાઈ ગઈ હોવાથી તેમાંથી છૂટવા માગે છે. પણ લશ્કરના કાયદા તેને તેમ કરતાં રોકે છે. એટલે માંદગીનો ઢોંગ કરીને તે લશ્કરી હૉસ્પિટલમાં જાય છે. ત્યાં બીજા સૈનિકોએ લખેલા અને તેમના પર આવેલા પત્રો સેન્સર કરવાનું હળવું કામ તેને સોંપવામાં આવે છે. પણ થોડા વખત પછી યોસારિયન આ કામથી પણ કંટાળી જાય છે અને પોતે વૉશિંગ્ટન ઈર્વિંગ નામ ધારણ કરીને તેની જેમ; તો ક્યારેક ચૅપલિન ટેપમૅનની જેમ વર્તવા લાગે છે. તેના આવા વર્તનથી લશ્કરી અધિકારીઓ ચોંકી જાય છે અને યોસારિયન દુશ્મનનો જાસૂસ તો નથીને એની તપાસ કરવા સી. આઇ. ડી.ના બે અધિકારીઓને બોલાવે છે. યોસારિયનની જેમ લડાઈમાંથી છૂટવા બીજા

સૈનિકો પણ માંદગીનો ઢોંગ કરવા લાગે છે એટલે પછી યાસારિયનને પરાણે ફરી યુદ્ધમાં મોકલી દેવામાં આવે છે. યુદ્ધના મોરચે બીજા કેટલાક સૈનિકો પણ યોસારિયનની જેમ - ઘેલાની જેમ - વર્તે છે. તેના જ રૂમમાં રહેતો ઓર જાણી જોઈને પોતાનું વિમાન ક્રૅશ- લૅન્ડ કરે છે. ક્લેવિંજર યોસારિયન સાથે લાંબી લાંબી ચર્ચાઓ કર્યા કરે છે. હેવરમેયર આખો દિવસ પીનટ બટર બ્રિટલ ખાધા કરે છે અને પોતાની બંદૂકથી ખેતરાઉ ઉંદરડાને માર્યા કરે છે. ડૉક્ટર ડેનિકા પોતે મનોરોગથી પીડાય છે અને સૈનિકોની સારવાર કરવા કરતાં વધુ તો તેમની માંદગીને હસી કાઢે છે. ચીફ વ્હાઈટ ચિક્કાર દારૂ પીએ છે. જોને રોજ રાતે ભયંકર સપનાં સતાવે છે. ચૅપલિન ટેપમૅનને લશ્કરી છાવણીમાંથી હાંકી કાઢવામાં આવ્યો છે. તે છાવણી બહારની ઝાડીમાં શાંતિથી રહે છે. તેને યોસારિયન અને બીજા સૈનિકો અંગે લાગી આવે છે, પણ તેમની તરફદારી કરવાની તેનામાં હિમ્મત નથી. તેનો મદદનીશ કૉર્પોરલ વ્હાઈટકોમ્બ કર્નલ કૅથકાર્ટ સાથે મળી ગયો છે. ચૅપલિન પર લશ્કરી અદાલતમાં મુકદમો ચાલે એવી વેતરણ કર્યા કરે છે. નેટલે અને કૅપ્ટન બ્લેક એક વેશ્યા બાબત સતત ઝઘડયા કરે છે. યોસારિયને નેટલેને મારી નાખ્યો છે એવા વહેમને લીધે વેશ્યા યોસારિયનનો જીવ લેવા પ્રયત્ન કરે છે, પણ પોતાના વિમાનમાંથી વેશ્યાને ફેંકી દઈ યોસારિયન તેને જ મારી નાખે છે. લેફટનન્ટ મિલો યુદ્ધ કરતાં અંગત વેપારમાં વધુ ધ્યાન આપે છે. આમાંના ઘણા યુદ્ધથી આઘા ભાગવા માગે છે. પણ ભાગી શકતા નથી. એટલે એમની લાચારી જુદે જુદે રૂપે પ્રગટ થાય છે.

યુદ્ધમાંથી છૂટવા યોસારિયન તરકીબો અજમાવતો રહે છે. ક્યારેક બોમ ફેંક્યા વગર પાછો ભાગી આવે છે. ક્યારેક ઈન્ટરકૉમ બગડી ગયો છે એવું બહાનું કાઢે છે, ક્યારેક નકશા પરની યુદ્ધરેખાને આઘીપાછી કરી નાખે છે, છતાં તે યુદ્ધમાંથી છૂટી શકતો નથી. બીજી બાજુ તેના સાથીઓને મરતા જોઈને તેના મનમાં યુદ્ધની નિરર્થકતા વધુ ને વધુ દૃઢ થતી જાય છે. છેવટે યોસારિયન પોતે ગાંડો હોવાનો ઢોંગ કરે છે. બધાં કપડાં કાઢી નાખીને કૅમ્પમાં ફરવા લાગે છે. ગાંડપણના બહાના હેઠળ પોતે યુદ્ધમાંથી છૂટી શકશે એમ માને છે. પણ ડૉક્ટર ડેનિકા તેને માટે 'કૅચ ૨૨'ની પરિસ્થિતિ ઊભી કરે છે. લશ્કરનો નિયમ એવો છે કે ગાંડપણને કારણે પોતાને લડવામાંથી મુક્ત કરવા માટેની અરજી તે સૈનિકે પોતે કરવી જોઈએ. પણ ડૉક્ટર કહે છે કે જો યોસારિયન આવી અરજી કરે તો એ

સાબિત થશે કે તે ખરેખર ગાંડો નથી, કારણ ગાંડો માણસ આવી અરજી લખવા જેટલો સ્વસ્થ ન હોય અને જો તે ગાંડો ન હોય તો પછી તેને લડવામાંથી મુક્ત કરવાનો સવાલ જ ઊભો થતો નથી. જો ખરેખર ગાંડો હોય અને અરજી ન કરે તો પણ તેને લડવામાંથી મુક્ત ન કરી શકાય, કારણ તે માટેની અરજી જ તેણે ન કરી હોય તો છૂટો કઈ રીતે કરાય? આમ, બન્ને બાજુ યોસારિયન માટે તો આફત જ છે. છેવટે બીજો કોઈ ઉપાય ન દેખાતાં યોસારિયન લશ્કરી છાવણીમાંથી ભાગી જાય છે.

●

૫૫. કોયલ ઊડી રે ગઈ
વન ફ્લ્યુ ઓવર ધ કકૂઝ નેસ્ટ/ કેન કેસી

૧૯૬૨માં એ નવલકથા પહેલીવાર પ્રગટ થઈ તે પછી માત્ર અમેરિકામાં આજ સુધીમાં તેની એકસો આવૃત્તિ પ્રગટ થઈ છે, પણ પહેલી આવૃત્તિ પ્રગટ થઈ કે તરત એક નર્સે તેના લેખક - પ્રકાશક પર કેસ માંડેલો અને તેમણે કેસ લડવાને બદલે નવલકથામાં ફેરફાર કરવાનું સ્વીકારી સમાધાન કરી લીધેલું. એ નવલકથા પરથી બનેલી ફિલ્મને ૧૯૭૫માં બેસ્ટ ફિલ્મ સહિતના પાંચ ઑસ્કાર ઍવૉર્ડ મળેલા, પણ નવલકથાના લેખકે ફિલ્મ બનાવનારાઓ પર કેસ માંડેલો - પોતાની નવલકથાને વફાદાર ન રહેવા માટે. એ નવલકથા તે તેના લેખકને પ્રસિદ્ધિ અને લોકપ્રિયતાની ટોચે બેસાડનાર 'વન ફ્લ્યુ ઓવર ધ કકૂઝ નેસ્ટ'- તેના લેખક કેન કેસેનો જન્મ ૧૯૩૫ના સપ્ટેમ્બરની ૧૭મી તારીખે. ૨૦૦૧ના નવેમ્બરની દસમી તારીખે લિવરના કેન્સર માટેના ઑપરેશન પછી તેનું અવસાન થયું. એક સંશોધન કેન્દ્ર અને હૉસ્પિટલમાં નોકરી કરતાં કરતાં થોડી વધુ આવક રળી લેવાના ઈરાદે એલએસડી અને એવા બીજા માદક પદાર્થો લેવા અંગેના પ્રયોગમાં ભાગ લેવાનું તેણે સ્વેચ્છાએ સ્વીકાર્યું. પૈસા તો જેટલા મળ્યા હશે તેટલા, પણ કાયમ માટે એ લતે ચડી ગયો. પરિણામે જેલમાં પણ ગયો. ૧૯૬૦ના દાયકામાં અમેરિકામાં કાઉન્ટર કલ્ચર - પ્રતિસંસ્કૃતિનો જુવાળ આવેલો તેનો એક અગ્રણી બન્યો. હૉસ્પિટલની નોકરી દરમિયાન જે અનુભવો થયેલા તેને પરિણામે જ લખાઈ 'વન ફ્લ્યુ ઓવર ધ કકૂઝ નેસ્ટ'. કાઉન્ટર કલ્ચરની વિચારસરણીનો પ્રભાવ પણ તેના પર ખરો જ.

આ નવલકથાં ઘણાખરા પ્રસંગો ગાંડાઓ માટેની હૉસ્પિટલમાં બને છે અને તેમાં પાત્રો પણ ઘણાં છે - કેટલાંક થોડાં ગાંડાં, કેટલાંક વધુ ગાંડા, કેટલાંક ડાહ્યાં લાગતાં પણ ખરેખર ગાંડાં, કેટલાંક ગાંડાં લાગતાં પણ ખરેખર ડાહ્યાં અને કેટલાંક ડાહ્યાં પાત્રો પણ ખરાં. આખી કથા કહેવાઈ

છે ચીફ બ્રોમડેન ઉર્ફે ચીફ બ્રૂમ દ્વારા. બધાં માને છે કે તે બહેરો- મૂંગો છે, પણ હકીકતમાં તે બહેરો કે મૂંગો નથી. કથાનાં બે મુખ્ય પાત્રોમાનું એક છે ગાંડા દર્દીઓ પર દાદાગીરી કરતી, તેમને દબડાવતી, સતાવતી, સજા કરતી નર્સ રેટચેડ, જેનો ઉલ્લેખ નવલકથામાં મોટે ભાગે 'જાડી-ધફડી નર્સ' તરીકે થયો છે. જેને સજારૂપે ફરજિયાતપણે પાગલખાનામાં મોકલવામાં આવ્યો છે તે રેન્ડલ પેટ્રિક મેકમર્ફી. બધા દર્દીઓ અને કેટલાક ડૉક્ટરો પણ જાડી-ધફડી નર્સથી ડરે છે, પણ પહેલા જ દિવસથી રેન્ડલ અને નર્સ વચ્ચે તણખા ઝરવા લાગે છે. ચાલાક નર્સને ખ્યાલ આવી જાય છે કે રેન્ડલ બીજા દર્દીઓને ઉશ્કેરે તેવો છે એટલે તે રેન્ડલ પર સવિશેષ દાબ રાખવાનું ઠરાવે છે. રેન્ડલ બળાત્કારના ગુનામાં સંડોવાયેલો હતો પણ મગજની અસ્થિર હાલતમાં તેણે આ ગુનો કર્યો હતો એવા બચાવને કારણે તેને જેલને બદલે પાગલખાનામાં મોકલવામાં આવેલો. પાગલખાનાના ડૉક્ટર સ્પિવીને વહેમ છે કે રેન્ડલ ખરેખર પાગલ નથી, પણ ગુનાની સજામાંથી બચવા પાગલપણાનો ઢોંગ કરે છે. નર્સનું કહ્યું કરવાની સલાહ બીજા દર્દીઓ રેન્ડલને આપે છે, પણ રેન્ડલ કહે છે કે એ જાડી બાઈથી હું કાંઈ ડરતો નથી. એક જ અઠવાડિયામાં હું તેને ઠેકાણે લાવી દઈશ. બીજે દિવસે સવારે નર્સ વૉર્ડમાં આવે છે ત્યારે રેન્ડલ માત્ર ટુવાલ વીંટાળીને તેની સામે ઊભો રહી ફરિયાદ કરે છે કે હું નાહવા ગયેલો ત્યારે કોઈ મારાં કપડાં ચોરી ગયું છે. મને ઝટ બીજાં કપડાં આપો નહીંતર આ ટુવાલ પણ કાઢી નાખીશ! પછી વૉર્ડમાં આખો દિવસ મોટે મોટેથી વગાડાતા સંગીતનો રેન્ડલ વિરોધ કરે છે. નર્સ કહે છે કે બુઢ્ઢા ગાંડાઓના આનંદપ્રમોદ માટે આ સંગીત વગાડાય છે એટલે બંધ નહીં કરાય. રેન્ડલ કહે છે કે એના કરતાં બાજુનો એક ઓરડો રમતગમત માટે ખોલી આપો તો દર્દીઓને વધુ આનંદપ્રમોદ મળશે. નર્સ તેનું સૂચન ધૂત્કારી કાઢે છે પણ ડૉક્ટર સ્પિવીને પટાવીને રેન્ડલ એ સૂચન અમલમાં મુકાવે છે. ડૉક્ટરનો આ નિર્ણય સાંભળી નર્સના હાથ ધ્રૂજવા લાગે છે. આ છે તેની નબળાઈની પહેલી નિશાની. પછી દિવસ દરમિયાન વધુ વખત ટી.વી. જોવા દેવાય એવી માગણી કરવા રેન્ડલ બીજા દર્દીઓને ઉશ્કેરે છે, પણ નર્સથી ગભરાઈને કોઈ તેને સાથ આપતું નથી. પણ દર્દીઓની એક મિટિંગ દરમિયાન રેન્ડલ આ માગણી રજૂ કરે છે. દર્દીઓના મત લેવાય છે. બધાના મત માગણીની તરફેણમાં પડે છે પણ બહાનું કાઢીને નર્સ જાહેર કરે છે કે માગણીનો ઠરાવ બહુમતીએ પસાર

થયો નથી. એટલે રેન્ડલ આખો દિવસ ટી.વી સામે બેસીને ધરણા કરે છે અને ધીમે ધીમે બીજા દર્દીઓ પણ તેની સાથે જોડાય છે. આથી છંછેડાયેલી નર્સ ડૉક્ટરોને કહે છે કે હવે તો આ રેન્ડલને પાઠ શીખવીને જ હું જંપીશ.

ચેસવિક નામનો દર્દી વધુ સિગારેટની માગણી કરે છે એટલે નર્સ તેને ઇલેક્ટ્રિક શૉક આપે છે. ત્યાર બાદ એ કેદી સ્વિમિંગ પૂલમાં મરેલો મળી આવે છે. રેન્ડલનો વિરોધ ઓછો થાય છે અને નર્સની પકડ વધુ મજબૂત થાય છે. હૉસ્પિટલમાં એક્સ-રે પડાવવા જતાં રેન્ડલ જ્યાં ઇલેક્ટ્રિક શૉક આપતા હતા તે રૂમ અને જ્યાં દર્દીઓનાં મગજ પર લોબોટોમીની શસ્ત્રક્રિયા થતી હતી એ વિભાગો જુએ છે. થોડા વખત પછી કોઈ બહાનું કાઢીને નર્સ રમતગમત માટેનો રૂમ બંધ કરાવી દે છે. આ સાંભળી રેન્ડલ નર્સના ટેબલ પર હાથ પછાડી કાચનો ગ્લાસ તોડે છે. પણ નર્સ ગુસ્સે થતી નથી. દર્દીઓને મચ્છીમારી કરવા જવા દેવાની રેન્ડલે કરેલી માગણી નર્સ કમને સ્વીકારે છે. થોડા દર્દી જાય છે અને તાજામાજા થઈ પાછા આવે છે. હવે નર્સ કહે છે કે રેન્ડલ બીજા દર્દીઓના પૈસા ચોરી જાય છે. હૉસ્પિટલમાં કામ કરતા બે હબસી વૉર્ડબૉય એક દર્દીને સતાવે છે તેનો રેન્ડલ વિરોધ કરે છે. વૉર્ડબૉય તેના પર તૂટી પડે છે પણ ચીફ બ્રોમડેન વચ્ચે પડી રેન્ડલને બચાવે છે. પણ નર્સ બન્નેને ઉશ્કેરાયેલા ગાંડાઓ માટેના વૉર્ડમાં મોકલી દે છે. અને તેમને ઇલેક્ટ્રિક શૉક અપાવે છે, વારંવાર; પણ રેન્ડલ નમતો નથી. રેન્ડલને પાગલખાનામાંથી ભગાડવાની યોજના બીજા દર્દીઓ ઘડી કાઢે છે, પણ અણીને વખતે ભાગવાને બદલે રેન્ડલ ઊંઘી જાય છે! પછી નર્સના દમનથી ત્રાસીને બીજો એક દર્દી આપઘાત કરે છે. પણ નર્સ કહે છે કે રેન્ડલે તેને મારી નાખ્યો છે. આ સાંભળતાંવેંત રેન્ડલ નર્સ પર હુમલો કરી તેને ગળાફાંસો આપવાનો પ્રયત્ન કરે છે. ઝપાઝપીમાં નર્સનાં કપડાં ફાટી જાય છે. બીજે દિવસે લોબોટોમીનું ઑપરેશન કરાવી નર્સ રેન્ડલને ગરીબ ગાય જેવો બનાવી દે છે. રેન્ડલની આવી દશા ન જોવાતાં ચીફ બ્રોમડેન ઓશિકાથી ગૂંગળાવી દઈને રેન્ડલના જીવનનો અંત આણે છે. પછી નર્સની ઑફિસમાં જઈ જે સાધનો વડે તે દર્દીઓને અંકુશમાં રાખતી હતી તે બધાં સાધનો તે બારીની બહાર ફેંકી દે છે અને પછી રેન્ડલ જે ન કરી શક્યો તે કરે છે – પાગલખાનામાંથી ભાગી જાય છે. કેટલાંક વર્ષો પહેલાં આ નવલકથાનું ગુજરાતી નાટ્યરૂપાંતર – 'ચાન્નસ' ઇન્ડિયન

નૅશનલ થિયેટરે ભજવેલું જેમાં રેન્ડલની ભૂમિકા પરેશ રાવલે કરેલી. પાગલખાનાની અને પાગલોની આ વાત સાથે કકૂ અને તેના નેસ્ટને - કોયલ અને તેના માળાને વળી શો સંબંધ એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય. અંગ્રેજીમાં બોલચાલની સ્લૅન્ગમાં 'કકૂ' શબ્દ ગાંડાઘેલા, ભેજાગેપ માણસ માટે વપરાય છે. 'હિ એક્ટ્સ લાઈક અ કકૂ ' એમ કહેવાય તો એનો અર્થ થાય કે તે ગાંડાઘેલાની જેમ વર્તે છે. એટલે કકૂઝ નેસ્ટ એટલે પાગલખાનું. કથાનાયક રેન્ડલ ભલે મૃત્યુ દ્વારા પણ તેમાંથી ભાગી છૂટે છે તેની આ કથા છે માટે તેનું નામ 'વન ફ્લ્યુ ઓવર ધ કકુઝ નેસ્ટ'. સાવ જુદા સંદર્ભમાં લખાયેલું, પણ પેલું જાણીતું ગીત યાદ આવે :

કોયલ ઊડી રે ગઈ ને પગલાં પડી રે રહ્યાં.

●

૫૬. પ્રેમનું જીવલેણ સંગીત
ધ થૉર્ન બર્ડ્ઝ/ કોલિન મેક્કોલો

એક પક્ષી. નાનકડું. રૂપેરંગે કાંઈ બહુ આકર્ષક નહીં. પણ અદ્ભુત ગીત ગાય. એવું ગાય કે ઔરંગઝેબનો અવતાર પણ જો ત્યાંથી પસાર થતો હોય તો એ ગીત સાંભળવા ઘડીભર ઊભો રહી જાય! પણ પક્ષી આવું અદ્ભુત ગીત રોજ રોજ ન ગાય. આખી જિંદગીમાં માત્ર એક જ વાર એ ગીત ગાય અને એ એક જ વખત આવે એટલે કોઈ કાંટાળા ઝાડ પર જઈને બેસે. પોતાની કુમળી છાતી કાંટા પર દબાવતું જાય. છેવટે કાંટા પક્ષીના હૃદયને વીંધી નાખે અને એ પહેલું અને છેલ્લું ગીત ગાતાં ગાતાં જ પક્ષી પોતાના પ્રાણ છોડી દે – ઑસ્ટ્રેલિયામાં આવી દંતકથા પ્રચલિત છે. સાચી છે કે નહીં તે તો આપણને ખબર નથી. પણ દંતકથા હંમેશાં સત્ય-અસત્યથી પર હોય છે. આ પક્ષીનું નામ 'થૉર્ન બર્ડ'. જીવનમાં ઉત્તમની પ્રાપ્તિના આનંદનો અને સર્વસ્વના ભોગની કરુણતાનો અનુભવ એક સાથે જ થાય. એવો કંઈક આ દંતકથાનો મતલબ, તેનો માયનો. ઑસ્ટ્રેલિયન દંતકથાના અર્થને સાર્થક કરતી નવલકથા ઑસ્ટ્રેલિયન નવલથાકાર કોલિન મૅક્કોલોએ લખી છે, તેનું નામ પણ 'ધ થૉર્ન બર્ડ્ઝ'.

ન્યૂઝીલૅન્ડમાં રહેતું એક ગરીબ કુટુંબ. આ ક્લિયર્સ નામના કુટુંબની ત્રણ પેઢીની ૧૯૧૫ થી ૧૯૬૫ સુધીનાં પચાસ વર્ષની વાત આમ તો આ નવલકથામાં કહેવાઈ છે, પણ આ નવલકથામાંનું એક થૉર્ન બર્ડ તે એ કુટુંબની દીકરી મેગી. પિતા 'પેડી' વારંવાર દિવસો સુધી ઘરમાંથી ક્યાંક ચાલ્યો જાય. મેગીના ચાર ભાઈઓ આખો દિવસ ખેતરમાં કાળી મજૂરી કરે ત્યારે કુટુંબ માંડ રોટલા ભેગું થાય. એક બાજુથી કારમી ગરીબી અને બીજી બાજુથી આટલાં બધાં પેટ ભરવાની ચિંતા એટલે મેગીની મા 'ફી' હંમેશાં અકળાયેલી, ધૂંધવાયેલી, દૂણાયેલી રહે. દીકરા તો દી' વાળે એટલે એમને તો મા બની શકે તેટલા સાચવે. પણ

ફીની અવગણનાનો, ગુસ્સાનો, બેપરવાઈનો ભોગ બને બિચારી 'મેગી'. ઘરમાં એક કુટુંબીજન તરીકે તેની ભાગ્યે જ ગણના થાય.

પણ ત્યાં તો અણધારી રીતે ક્લિયર્સ કુટુંબના નસીબ આડેનું પાંદડું ખસી જાય છે. કુટુંબના વડા પેડીની ઑસ્ટ્રેલિયામાં રહેતી બહેન મેરી કાર્સન આખા કુટુંબને પોતાની સાથે રહેવા બોલાવે છે. ઑસ્ટ્રેલિયાની સૌથી વધુ ધનવાન નહીં તોય અત્યંત ધનવાન એવી આ મેરી. નાખી નજર ન પહોંચે તેવાં એનાં ખેતરો. પેડી, ફી અને એનાં બાળકોને બોલાવી લીધાં પોતાની પાસે- એની પાછળ દયાભાવ નહીં એમ તો નહીં, પણ વ્યવહારુ ગણતરી પણ ખરી. બધાં છે મહેનતુ. ખેતરમાં તન તોડીને કામ કરશે. પાંચ પુરુષો જે મજૂરી કરશે તે જોતાં સાત જણના રોટલા કાંઈ ભારે નહીં પડે. પેડી અને ફી સંતાનોને લઈને ન્યુઝીલૅન્ડ છોડી ઑસ્ટ્રેલિયા આવી પહોંચે છે. રેલવે સ્ટેશને તેમને લેવા આવ્યો છે રાલ્ફ. મેરી આ રાલ્ફ પર મહેરબાન છે. તેણે રાલ્ફને એક મોટર પણ ભેટ આપી છે. એ મોટરમાં જ રાલ્ફ સ્ટેશને પહોંચે છે. પેડી રાલ્ફ સાથે પોતાના છોકરાઓની ઓળખાણ કરાવે છે. આ ફ્રૅન્ક, આ છે બૉબ, આ તેનાથી નાનો જૅક અને આ સૌથી નાનો સ્ટુઅર્ટ અને આ ફી, મારી પત્ની. ત્યાં તો પેડીની પાછળ લપાઈ- છુપાઈને ઊભેલી નવ વર્ષની એક છોકરી આગળ આવે છે અને કહે છે : 'અને હું છું મેગી.' બધાં ઘરે પહોંચે છે ત્યારે મેરીને પણ મેગીને જોઈ નવાઈ લાગે છે : અરે, આ લોકોને એક દીકરી પણ છે! એમણે તો ક્યારેય એ વિષે કહ્યું જ નહોતું!

દિવસો જતા જાય છે તેમ મેગી અને રાલ્ફ મિત્રો બની જાય છે. રોમન કૅથલિક ચર્ચનો પાદરી રાલ્ફ ચર્ચની બાજુની કૉનવેન્ટ સ્કૂલમાં ભણવાની વ્યવસ્થા કરી આપે છે. મેરીનું ઘર ચર્ચથી દૂર છે એટલે રાલ્ફ મેગીને સ્કૂલ નજીક રહેવાની સગવડ પણ કરી આપે છે - પોતે અને ચર્ચનો રખેવાળ જે મકાનમાં રહે છે તે જ મકાનમાં. થોડાં વર્ષોમાં મેગી એક અત્યંત સ્વરૂપવાન યુવતી બને છે. બાળક મેગી અને રાલ્ફ વચ્ચે જે મૈત્રી બંધાઈ હતી તે હવે પ્રેમમાં પરિણમે છે. બંને એકબીજાંને અત્યંત ઉત્કટાથી ચાહે છે અને એકમેકના સાન્નિધ્યમાં પરમ સુખનો થોડો કાળ વિતાવે છે. પણ રાલ્ફ છે રોમન કૅથલિક સંપ્રદાયનો પાદરી. લગ્ન, શરીરસુખ, પ્રેમ એ બધું તેને માટે પ્રતિબંધિત. એટલે પહેલેથી જ મેગી જાણે છે - અને વાચક પણ સમજે છે કે આ પ્રેમ ક્યારેય સફળ થઈ શકવાનો નથી, લગ્નમાં પરિણમવાનો નથી. રોમન કૅથલિક સંપ્રદાયના

નિયમોનું ઉલ્લંઘન કરીને ચર્ચની ખફગી વહોરીને લગ્ન કરવાની રાલ્ફમાં હિમ્મત નથી. રાલ્ફના નામની માળા જપીને આખી જિંદગી ગાળી શકાય નહીં એટલું મેગી પણ સમજે છે. એટલે જેનો ચહેરો-મહેરો રાલ્ફને મળતો આવે છે તેવા મ્યુલર્સ નામના પુરુષ સાથે તે ઘર માંડી લે છે. પણ બંનેનું લગ્નજીવન અત્યંત ક્લેશભર્યું નીવડે છે. ૭૫ વર્ષની ઉંમરે મેરી કાર્સનનું મૃત્યુ થાય છે, ત્યારે પોતાના વસિયતનામામાં તેણે પોતાની બધી મિલકત રાલ્ફને આપી છે. કારણ કે એક જમાનામાં તે પણ રાલ્ફને ચાહતી હતી. પણ હવે મેગીની આંખ સામે રહેવું અઘરું છે એટલે રાલ્ફ ત્યાંથી ભાગી છૂટે છે. ખૂનના એક ગુનામાં સંડોવાયેલો મેગીનો ભાઈ આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યો છે. મેગી અને તેનો ભાઈ સ્ટુઅર્ટ તેને જેલમાં મળવા ગયાં હતાં ત્યાંથી પાછા ફરતાં જુએ છે કે મેરીના વિશાળ ખેતરમાં આગ લાગી છે અને એ આગ તેમનાં રહેણાંકનાં મકાનો તરફ આગળ વધી રહી છે. એ આગમાં મેગીનો બાપ રેડી અને તેનો ભાઈ સ્ટુઅર્ટ બળી મરે છે. વખત વીતે છે. મેગી એક દીકરીને જન્મ આપે છે. સફળતાની સીડી ચઢતાં ચઢતાં રાલ્ફ રોમન કૅથલિક સંપ્રદાયમાં પોપ પછીના બીજા સર્વોચ્ચ સ્થાને પહોંચીને કાર્ડિનલ બને છે.

૧૯૩૭ના જૂનની પહેલી તારીખે ઑસ્ટ્રેલિયાના વેલિંગ્ટનમાં એક અત્યંત ગરીબ કુટુંબમાં કોલિન મૅક્કોલોનો જન્મ. જિંદગીનાં બાર વર્ષ મા-બાપ સાથે સતત રઝળપાટ, પાંચ વર્ષની ઉંમરથી વાર્તા-કવિતા લખતી. ન્યૂરોફિઝિયોલૉજીનો અભ્યાસ કર્યો. લંડનની એક જાણીતી હૉસ્પિટલમાં અને પછી અમેરિકાની યેલ મેડિકલ સ્કૂલના ન્યૂરોલૉજી વિભાગમાં કામ કર્યું. માબાપનું અત્યંત ક્લેશમય લગ્નજીવન જોઈ નક્કી કરેલું કે પરણવું નહીં. ઘડપણ માટે મૂડી ભેગી કરવાના ઈરાદે નોકરી સાથે લખવાનું શરૂ કર્યું. ૧૯૭૪માં પહેલી નવલકથા 'ટિમ' પ્રગટ થઈ. તેમાંથી પચાસ હજાર ડૉલરની કમાણી થઈ. બીજી નવલકથાની હસ્તપ્રત તેણે પ્રકાશકને ૧૯ લાખ ડૉલરમાં વેચી! તેને અસાધારણ સફળતા મળી. વીસ ભાષામાં અનુવાદ થયા. આ નવલકથા તે 'ધ થૉર્ન બર્ડ્ઝ'. નોકરી છોડી. અમેરિકા છોડ્યું. ઑસ્ટ્રેલિયાથી હજાર માઈલ દૂર આવેલા ટચૂકડા નોરફોક ટાપુ પર રહેવા લાગી. ટાપુના એક મૂળ વતની રિક લોન - રોબિન્સન સાથે પ્રેમમાં પડી, પરણી ૪૭ વર્ષની ઉંમરે. આંખની અસાધ્ય બીમારીને કારણે દૃષ્ટિ ઝાંખી થતી જાય છે. લખવા - વાંચવા માટે ખાસ પ્રકારના કાચનો ઉપયોગ કરવો પડે છે, પણ કોલિન કહે છે કે છેલ્લા

શ્વાસ સુધી હું લખતી કે લખાવતી તો રહીશ જ. આંખની બીમારીને કારણે ડૉક્ટરો સિગારેટ છોડવાની સલાહ આપે છે. પણ કોલિન કહે છે : 'વીસ વર્ષથી પીઉં છું. જે નુકસાન થવાનું હશે તે તો થઈ ગયું. હવે જે થોડાં વર્ષો બચ્યાં હોય તેમાં સિગારેટ વગર રહેવું ફાવે તેમ નથી. સિગારેટ એ કદાચ કોલિન માટે થોર્ન બર્ડની છાતીમાં ભોંકાતા કાંટાની ગરજ સારતી હશે.

●

૫૭. એક સ્ત્રીની વીતકકથા
ધ કલર પર્પલ / એલિસ વૉકર

આ કથા છે એક અમેરિકન સ્ત્રીની. આફ્રો-અમેરિકન સ્ત્રીની. રંગભેદનો ભોગ બનેલી સ્ત્રીની. પુરુષે દબાવેલી, કચડેલી, મસળીને ફેંકી દીધેલી સ્ત્રીની. ગરીબીમાં સબડતી સ્ત્રીની. સ્ત્રી હોવું, આફ્રો-અમેરિકન સ્ત્રી હોવું, ગરીબ આફ્રો-અમેરિકન સ્ત્રી હોવું, એનાથી વધુ મોટી કમનસીબી શી હોઈ શકે? પણ આ બધી મર્યાદાઓને ઓળંગીને, બધાં બંધનોને ફગાવી દઈને આવી એક સ્ત્રી કઈ રીતે પોતાના પગ પર ઊભી રહીને પોતાની આત્મપ્રતિષ્ઠા કરે છે એની કથા કહે છે નવલકથા 'કલર પર્પલ'. કથાનાયિકા સેલી, તેની બહેન નેત્તી, શગ આલ્બર્ટ, તેમનાં કેટલાંક કુટુંબીજનો અને સેલીના અનામી પતિના જીવનને લેખિકા એલિસ વૉકરે આ નવલકથામાં સમાવી લીધાં છે પણ એક ગરીબ- ગુરબા કુટુંબના આઠમા સંતાન તરીકે જન્મીને પોતે જે કાંઈ વેઠયું તેનો પડછાયો પણ વૉકરની આ નવલકથા પર પડ્યો છે અને એટલે કેટલેક અંશે આ નવલકથા આત્મકથનાત્મક પણ બની છે.

માત્ર ચૌદ વર્ષની વયે સેલી પર બળાત્કાર થાય છે. સંજોગો એવા છે કે છોકરી બળાત્કાર કરનારને પૂરો ઓળખી શકતી નથી. પણ તેને વહેમ છે કે બળાત્કાર કરનાર પુરુષ ખુદ તેનો પિતા જ હતો. બળાત્કારને પરિણામે સેલી એક નહીં પણ બે બાળકોને જન્મ આપે છે. સેલીનો પિતા બન્ને બાળકોને ગામના જ એક કુંટુંબને સોંપી દે છે, ઉછેરવા માટે, અને 'સારું ઠેકાણું' જોઈને સેલીને પરણાવી દે છે. આખી કથામાં ક્યાંય લેખિકાએ સેલીના પતિનું નામ નથી આપ્યું. જ્યાં પણ તેનો ઉલ્લેખ આવે છે ત્યાં ત્યાં 'મિસ્ટર......' એમ જ લખ્યું છે. એ રીતે તેમણે સેલીના પતિને માત્ર એક વ્યક્તિ નહીં, પણ સ્ત્રીને દબાવતા, કચડતા, મસળતા આફ્રો-અમેરિકન પુરુષના, બલ્કે પુરુષમાત્રના પ્રતિનિધિરૂપે આલેખ્યો છે. સેલીનું લગ્નજીવન યાતનામય છે. તેનો પતિ બીજવર છે. આગલા લગ્નનાં બાળકોને ઉછેરવાની જવાબદારી પણ પતિએ સેલીને માથે

નાખી છે, વારેઘડિયે પતિ સેલીને હડધૂત કરે છે, ઢોરમાર પણ મારે છે, સેલીના કોઈ 'વાંકગુના' વગર! સેલીની બહેન નેત્તી ઘર છોડીને ભાગી જાય છે અને સેલી સાથે રહેવા લાગે છે તે પછી સેલીની દશા થોડી સુધરે છે; પણ એ 'સુખ' ઝાઝું ટકતું નથી. સેલીનો પતિ નેત્તીને ઘરમાંથી હાંકી કાઢે છે.

નેત્તી શહેરમાં પાછી જઈ સેલીનાં બાળકો જે કુટુંબમાં ઊછરતાં હતાં તેને મળે છે. એ ઘરમાં નોકરાણી તરીકે કામ કરવા લાગે છે. બાળકોને ઉછેરનાર સેમ્યુઅલ અને કોરીન બન્ને મિશનરીઓ છે અને આફ્રિકા જવાની તૈયારીમાં છે. નેત્તી પણ તેમની સાથે આફ્રિકા જાય છે. સેલીનાં બાળકો તો સાથે છે જ. બાળકો હવે મોટાં થયાં છે, તેમનાં નામ છે આદમ અને ઓલિવિયા. સેલીનો ઓરમાન દીકરો હાર્પો એક કાચી કુંવારી છોકરીને ફોસલાવે - ફસાવે છે, તેને સગર્ભા કરે છે અને પછી તેને - સોફિયાને પરણે છે. બાપ જેમ સેલીને દબાવતો, દબડાવતો હતો તેમ હાર્પો પણ સોફિયાને દબાવવા, દબડાવવા જાય છે પણ સેલી કરતાં સોફિયા જુદી માટીની છે. સામી થાય છે, વિફરે છે. છેવટે હાર્પોને છોડીને બહેન ઓડેસા સાથે રહેવા ચાલી જાય છે. સેલીના પતિની શગ અવરી નામની રખાત પણ છે. એ માંદી પડે છે ત્યારે સારવાર માટે સેલીનો પતિ તેને પોતાને ઘરે લઈ આવે છે. તેની ચાકરી કરવાની સેલીને ફરજ પાડે છે. પણ શગને પહેલીવહેલી જોઈ ત્યારથી જ તે સેલીને ગમી ગઈ છે એટલે તો તે રાજીખુશીથી તેની સેવાચાકરી કરે છે. પહેલાં તો શગ સેલીને હડધૂત કરે છે, પણ પછી તેને પણ સેલી ગમવા લાગે છે. સોફિયા ચાલી ગઈ તે પછી હાર્પોએ ઘરને નાચગાનની ક્લબ બનાવી દીધું છે, પણ ત્યાં ચકલુંય ફરકતું નથી. એટલે હાર્પો શગને ક્લબમાં ગાવા વીનવે છે. અને પહેલી જ રાતે શગના મધુર અવાજથી આકર્ષાઈને ઘણાં લોકો ક્લબમાં એકઠાં થાય છે. પહેલી રાતે શગ સેલીને પણ પોતાની સાથે જ રાખે છે અને તેના માનમાં એક ખાસ ગીત ગાય છે. શગના જ આગ્રહથી સેલીનો પતિ સેલીની મારઝૂડ પણ બંધ કરે છે. તો બીજીબાજુ પતિને પથારીમાં ખુશ કેવી રીતે કરવો તે સેલીને શગ શીખવે છે. પણ શગને ખ્યાલ આવે છે કે સેલીને સમલીંગી સંબંધમાં વધુ રસ છે. શગ અને સેલી એક રાત માટે સાથે સૂએ પણ છે. ત્યાં તો હાર્પોને છોડીને ચાલી ગયેલી સોફિયા પાછી આવે છે, પણ પોતાના એક પુરુષ મિત્રને પણ સાથે લેતી આવે છે! તે ક્લબમાં જઈને હાર્પોને મળે છે અને બન્ને સાથે નાચ કરે છે. પણ એ

જોઈને હાર્પોની મૈત્રિણી સ્ક્વીકના પેટમાં તેલ રેડાય છે અને તે સોફિયાને તમાચો ચોડી દે છે. પણ સોફિયા એમ ગાંજી જાય એવી નથી. એક મુક્કો મારી તે સ્ક્વીકના બે-ચાર દાંત પાડી નાંખે છે. પછી સંજોગવશાત્ સોફિયાનો મેળાપ ગામના મેયર અને તેમની પત્ની સાથે થાય છે. પોતાનાં બાળકોને સંભાળવા માટે આયા તરીકે નોકરી કરવા તેઓ સોફિયાને કહે છે. સોફિયાની 'ના' સાંભળી મેયર તેને તમાચો ચોડી દે છે તો સોફિયા મેયરને ધક્કો મારે છે અને આઘાતથી મેયરનું મૃત્યુ થાય છે. સોફિયાને બાર વરસની જેલની સજા થાય છે. સ્ક્વીક તેને મળવા જેલમાં જાય છે ત્યારે જેલનો વૉર્ડન સ્ક્વીક પર બળાત્કાર કરે છે. ગ્રેડી નામના એક પુરુષને પરણીને શગ સેલી અને તેના પતિની સાથે જ રહેવા લાગે છે. ત્યારે શગને ખ્યાલ આવે છેકે સેલીની બહેન નેત્તી આફ્રિકાથી જે કાગળો બહેન સેલીને લખતી હતી તે સેલીનો પતિ પોતાની પાસે દબાવી રાખતો હતો. સેલીને આ વાતની ખબર પડે છે ત્યારે તે પતિને મારવા ધસે છે પણ શગ તેને વારે છે. બધા પત્રો શોધી કાઢી સેલી અને શગ સાથે બેસીને વાંચે છે. એ પત્રોમાં નેત્તીએ પોતાની આપવીતી લખવા ઉપરાંત આફ્રિકાના લોકોના શોષણની અનેક વાતો લખી છે. સેમ્યુઅલ, કોરીન અને નેત્તી સાથે આફ્રિકા ગયેલ સેલીનો દીકરો આદમ તાશી નામની એક આફ્રિકન છોકરીના પ્રેમમાં પડી તેને પરણ્યો છે. બધા પત્રો વાંચ્યા પછી સેલી પતિનું ઘર છોડી દે છે. સેલી અને શગ મેમફિસ જઈ પૅન્ટ સીવવાનો ધંધો શરૂ કરે છે. સેલીની કુશળતાને લીધે ધંધો ખૂબ સારો ચાલે છે અને હવે સેલીને સાચી વાતની ખબર પડે છે. વર્ષો પહેલાં તેના પર જેણે બળાત્કાર કરેલો તે પુરુષ તેનો પિતા નહોતો. પોતાના સાચા પિતાના મૃત્યુ પછી તે પુરુષ- 'પા' છળકપટથી સેલીની માતાને પરણ્યો હતો. 'પા' નું ખરું નામ હતું આલ્ફાન્ઝો. આ આલ્ફાન્ઝોનું મૃત્યુ થતાં તેનું વિશાળ ઘર પણ સેલી અને નેત્તીને મળે છે. સેલી પોતાના નવા ઘરને સજાવવામાં પડી છે ત્યારે એક ઓગણીસ વર્ષના વાંસળી-વાદક સાથે શગ દેશ જોવા નીકળી પડે છે. સેલીના પતિએ હવે 'આલ્બર્ટ' નામ ધારણ કર્યું છે અને સારું કમાયો છે. પોતે સેલીને સતાવી તે માટે તેને પશ્ચાત્તાપ થાય છે અને નેત્તીના બધા પત્રો તે સેલીને આપી દે છે અને આલ્બર્ટ અને સેલી સારા મિત્રો બની રહે છે. કેટલાંક વર્ષો પછી શગ પાછી ફરે છે અને નિવૃત્તિમય જીવન ગાળવાનું નક્કી કરે છે. સેલી હવે સમૃદ્ધ બની ગઈ છે. તે સોફિયાને નોકરી આપે છે. સેમ્યુઅલની પત્ની કોરીનના અવસાન

પછી તેની સાથે લગ્ન કરીને નેત્તી આફ્રિકાથી પાછી ફરે છે. મોટાં થઈ ગયેલાં પોતાનાં બાળકોને સેલી જુએ છે. સેલી અને નેત્તી એકબીજાંને ભેટી પડે છે અને સેલી કહે છે કે આજે હું જેવી સુખી છું તેવી જિંદગીમાં ક્યારેય નહોતી.

'કલર પર્પલ'ની કથા જેટલી ભાતીગળ છે એટલી જ ભાતીગળ તેની લેખિકા એલિસ વૉકરની જીવનકથા પણ છે.

'કલર પર્પલ'ની લેખિકા એલિસ વૉકર એનાં મા-બાપનું આઠમું સંતાન. ઘરમાં સૌથી નાની. 'ઘર' એટલે એક નાનકડું ઝૂંપડું. એલિસનો બાપ ખેતમજૂર. મા ઘરકામ કરતી નોકરાણી. અમેરિકાના જ્યૉર્જિયા રાજ્યના ઍટોનટોન નામના નાના ગામમાં રહે. એલિસનો જન્મ ૧૯૪૪ના ફેબ્રુઆરીની નવમી તારીખે. એ વખતે જ્યૉર્જિયામાં રંગભેદનું જબરું જોર. આફ્રો-અમેરિકન કુટુંબની એલિસે નાનપણમાં અનુભવ્યાં ગરીબી અને રંગભેદને કારણે થતાં અપમાનો. એની અસર એલિસનાં લખાણો પર આજ સુધી રહી છે. પણ નાનપણમાં એલિસ હતી ખૂબ આનંદી, મળતાવડી, લોકોને આંજી નાખવાની હોંશવાળી. પણ હતી છોકરાછાપ. એક વાર ભાઈઓ સાથે કાઉબૉય્ઝ ઍન્ડ ઇન્ડિયન્સની રમત રમતી હતી. રમકડાની બંદૂકમાંથી ભાઈએ ગોળી છોડી તે વાગી એલિસની જમણી આંખમાં. આંખ લાલઘૂમ અને દડા જેવી થઈ ગઈ. કુટુંબની આવક વર્ષે માંડ ત્રણસો ડૉલર. મા-બાપે માની લીધું કે બે-ચાર દિવસમાં એલિસની આંખ સારી થઈ જશે. થોડા ઘરગથ્થુ ઉપચાર કર્યા. પણ આંખમાં ચેપ લાગ્યો. એલિસની હાલત વધુ બગડી ત્યારે ડૉક્ટર પાસે લઈ ગયા. પણ ડૉક્ટરે કહ્યું કે ઘણા મોડા પડ્યાં છો તમે. એલિસે જમણી આંખ ગુમાવી એટલું જ નહીં, ઘાને લીધે તેનો ચહેરો પણ બેડોળ બની ગયો. ત્યારે એલિસની ઉંમર હતી માત્ર આઠ વર્ષ. પોતાના બેડોળ ચહેરાથી એટલી સભાન થઈ ગઈ કે એકલી એકલી સૂનમૂન બેસી રહેતી. સ્કૂલમાં બીજાં બાળકો તેને ચીડવતાં એટલે ભણવામાં પણ પાછી પડવા લાગી. પણ કલાકો સુધી બેઠી બેઠી ચોપડીઓ વાંચ્યા કરતી અને મનોમન ભગવાનને પ્રાર્થના કર્યા કરતી કે આંખ ગઈ તો ભલે, પણ મારા ચહેરાનું બેડોળપણું દૂર કરો. પોતાનાં અટૂલાપણા, હતાશા વગેરેને વ્યકત કરતાં કાવ્યો લખવા લાગી. એલિસ ચૌદ વર્ષની થઈ ત્યારે બોસ્ટનમાં રહેતો તેનો મોટો ભાઈ બિલ બે પાંદડે સુખી થયો હતો. તેણે એલિસને પોતાને ત્યાં બોલાવી તેના ચહેરાના બેડોળપણાને દૂર કરવા માટેનું ઑપરેશન

કરાવ્યું. હવે માત્ર ઘેરા ભૂરા રંગનો એક ઘા આંખની નીચે રહ્યો. ચહેરાની બાકીની બધી બેડોળતા દૂર થઈ અને એલિસ પાછી હસતી-રમતી, હળતી-મળતી આનંદી છોકરી બની ગઈ. ભણવામાં પણ આગળ રહેવા લાગી. સાથે ભણનારાઓ સાથે એવી તો હળીમળી ગઈ કે તેના વર્ગની 'રાણી' તરીકે પણ ચૂંટાઈ આવી! ૧૯૬૧માં સ્કૉલરશિપ મળી એટલે ઘર છોડી આફ્રો-અમેરિકન છોકરીઓ માટેની સ્પેલમૅન કૉલેજમાં ભણવા ગઈ. પછી ૧૯૬૩માં ન્યૂ યૉર્કની પ્રખ્યાત સારાહ લૉરેન્સ કૉલેજમાં ભણવા ગઈ. કૉલેજનાં વર્ષો દરમિયાન એલિસમાં રહેલી બળવાખોર વૃત્તિ બહાર આવી. આફ્રો-અમેરિકન લોકોની લડતમાં ઝંપલાવ્યું. માર્ટિન લ્યૂથર કિંગ, જૂનિયરને ઘરે જવાનું આમંત્રણ મળ્યું. હેલસિન્કી અને યુગાન્ડાની મુલાકાત લીધી.

પણ કૉલેજના અભ્યાસકાળ દરમિયાન જ એક બીજી આફત આવી પડી. એલિસ સગર્ભા બની. ફરી હતાશા, ફરી વેદના. ઘણા દિવસ તો આપઘાત કરવાના વિચાર કરતી રહી. રોજ રાતે ઓશીકા નીચે બ્લેડ રાખીને સૂતી, પણ આપઘાત કરતાં જીવ ન ચાલ્યો. ફરી કવિતા મદદે આવી. પોતાનાં દુઃખ, હતાશા તેણે કવિતા દ્વારા પ્રગટ કર્યાં. એ જમાનાના અમેરિકામાં ગર્ભપાત ગેરકાયદે, સજાને પાત્ર ગુનો ગણાય. પણ એક સખીની મદદથી એલિસે ગર્ભપાત કરાવી લીધો. આ ઘટના દરમિયાન પોતે જે અનુભવ્યું તેને આધારે તેણે 'ટુ હેલ વિથ ડાઈંગ' નામની વાર્તા લખી, જેને સારી પ્રસિદ્ધિ મળી. ૧૯૬૬માં મૅલ લેવેન્થાલ નામના જ્યુ યુવાનના પ્રેમમાં પડી. બન્ને પરણ્યાં. તેમનાં આંતર્વર્ણીય લગ્નને કારણે ઘણો વિરોધ સહન કરવો પડયો. બન્નેને મારી નાખવાની ધમકીઓ પણ મળતી એટલે રાતે બંદૂક સાથે રાખીને તેઓ સૂતાં. ૧૯૬૮માં પહેલો કાવ્યસંગ્રહ 'વન્સ' પ્રગટ થયો. ૧૯૬૯માં દીકરી રેબેકાનો જન્મ થયો તેના ત્રણ દિવસ પહેલાં એલિસે પોતાની પહેલી નવલકથા 'ધ થર્ડ લાઇફ ઑફ ગ્રેન્જ કોપલૅન્ડ,' લખવાનું કામ પૂરું કર્યું. ૧૯૭૦માં આ નવલકથા પ્રગટ થઈ ત્યારથી આજ સુધી વિવેચકોના એક તહોમતનો એલિસ સામનો કરતી આવી છે : એલિસ આફ્રો-અમેરિકન પુરુષ પાત્રોને વધુ પડતા દુષ્ટ, હલકટ, ક્રૂર, કામાંધ, આપખુદ ચીતરે છે અને આવી ટીકા કરનારાઓમાં આફ્રો-અમેરિકન વિવેચકો જ આગળ પડતા છે. પણ એલિસનો બચાવ સતત એ રહ્યો છે કે મેં પોતે મારી જિંદગીમાં આવા અનેક પુરુષોને જોયા - જાણ્યા છે એટલે આવા

આલેખનમાં અતિશયોક્તિ નથી, હકીકતનું કથન છે. ૧૯૭૬માં પરસ્પર સમ્મતિથી એલિસ અને તેના પતિએ છૂટાછેડા લીધા અને તે જ વર્ષે એલિસની નવલકથા 'મેરિડિયન' પ્રગટ થઈ. વિદ્યાર્થી હતી ત્યારે જેનો પરિચય થયેલો તે રૉબર્ટ એલનના પ્રેમમાં પડી. ૧૯૭૮માં લેખન કરવા માટે ગગનહેમ ફાઉન્ડેશનની ગ્રાન્ટ મળી. બીજા બધા કામધંધા છોડી, આર્થિક મુશ્કેલી સ્વેચ્છાએ વેઠી, ત્રીજી નવલકથા લખવા મંડી પડી. ૧૯૮૨માં આ નવલકથા પ્રગટ થઈ. તેને અમેરિકાનો નૅશનલ બુક ઍવૉર્ડ મળ્યો, ૧૯૮૩નું પુલિત્ઝર પ્રાઇઝ પણ મળ્યું. અમેરિકાનું આ સૌથી પ્રતિષ્ઠિત ઇનામ મેળવનાર પહેલી આફ્રો-અમેરિકન વ્યક્તિ બની એલિસ. તેની આ નવલકથા તે 'કલર પર્પલ', આફ્રો-અમેરિકન સ્ત્રી-પુરુષો જેવી ભાષા બોલે છે તેવી ભાષામાં લખાયેલી આ નવલકથા એની મા વાંચે એવી એલિસની તીવ્ર ઇચ્છા હતી. માએ થોડાં પ્રકરણો વાંચ્યાં પણ ખરાં. પણ પછી તેના પર પૅરેલિસિસનો તીવ્ર હુમલો થયો અને થોડા વખત પછી માનું અવસાન થયું.

'કલર પર્પલ' પ્રગટ થતાવેંત બેસ્ટ સેલર બની ગઈ. તેના પરથી ફિલ્મ બનાવવાની દરખાસ્ત એલિસ પાસે આવી. સાડાત્રણ લાખ ડૉલર આપવા વૉર્નર બ્રધર્સ કંપની તૈયાર હતી. ફિલ્મનિર્માણ ક્ષેત્રે પછીથી પ્રખ્યાત બનેલા સ્ટિવન સ્પિલબર્ગની 'કલર પર્પલ' પહેલી ફિલ્મ. ક્વિન્સિ જોન્સ જેવા જાણીતા સંગીતકારનું સંગીત. તેવી જ રીતે પાછળથી વિખ્યાત બનેલ વ્હૂપી ગોલ્ડબર્ગ અને ઓપ્રાહ વિન્ફ્રેએ આ ફિલ્મમાં મહત્ત્વની ભૂમિકાઓ ભજવેલી. ફિલ્મ બની રહી હતી તે દરમિયાન જ એલિસ તે વખતે અજાણી એવી એક માંદગીનો ભોગ બની. ફિલ્મના શૂટિંગ દરમિયાન ટ્રેલરમાં સૂતાં સૂતાં એલિસ બધું જોતી હતી, પણ તેના મનમાં બીક હતી કે હવે મોત હાથવેંતમાં છે; પણ જીવી ગઈ. ૧૯૮૬ના જાન્યુઆરીની ૧૮મીએ એલિસની જન્મભૂમિ એટોનટોનમાં ફિલ્મનો પ્રીમિયર શૉ યોજાયો તેમાં હાજર રહી ત્યારે ગામલોકોએ તેનું અત્યંત પ્રેમાદર પૂર્વક સ્વાગત કર્યું. એ જ દિવસે એલિસની બહેને એલિસ અને 'કલર પપર્લ'ના માનમાં ધ કલર પર્પલ ફાઉન્ડેશન શરૂ કર્યું. પણ ઘણાં ગામોમાં ખુદ આફ્રો-અમેરિકન લોકોએ જ ફિલ્મનો વિરોધ કરી થિયેટરોની બહાર દેખાવો કર્યા! કેટલાકે તો એલિસને દ્રોહી, જુઠ્ઠાડી અને રંડી તરીકે પણ નવાજી! પાંચ નવલકથા, ચાર નિબંધસંગ્રહ, પાંચ કાવ્યસંગ્રહો, બાળવાર્તાઓ લખવા ઉપરાંત એલિસ જાહેર જીવનમાં

સતત સક્રિય ભાગ લેતી રહી છે. નાગરિક હક્કો માટેનું આંદોલન હોય કે અણુશસ્ત્રોવિરોધી ચળવળ હોય; પર્યાવરણ બચાવવા માટેની પ્રવૃત્તિ હોય કે નારીસમાનતા માટેની લડાઈ હોય કે પછી અમેરિકાના મૂળ વતનીઓ રેડ ઇન્ડિયન્સના હક્કો માટે મેદાને પડવાનું હોય; બધામાં એલિસ વૉકર સતત ભાગ લેતી આવી છે. કારણ જીવન અને સર્જન એ તેને મન જુદાં નથી, પણ એક જ સિક્કાની બે બાજુ જેવાં છે.

●

૫૮. કાળી વ્યથાની આળી કથા
બિલવેડ / ટોની મોરિસન

એ બે વર્ષની છોકરીની કબરના પથ્થર પર માત્ર એક જ શબ્દ કોતર્યો હતો : 'બિલવેડ' 'વહાલી'. છોકરીની મા સેથેની ઈચ્છા તો હતી એ પથ્થર પર બે શબ્દો કોતરાવવાની : 'ડિયરલી બિલવેડ'; પણ બે શબ્દો કોતરાવવાની તેની શક્તિ નહોતી. ગરીબ તો હતી જ સેથે. કબરના પથ્થર પર શબ્દો કોતરવવા માટે તેની પાસે દોઢિયુંય નહોતું એટલે પથ્થર કોતરનાર સલાટે સેથેને કહ્યું :'એક શબ્દ કોતરાવાની કિંમત, મારી સાથે દસ મિનિટ માટે સહશયન.' ચૂકવી, એટલી કિંમત ચૂકવી પણ પછી બીજા શબ્દ માટે બીજી વાર.... ના એટલી શક્તિ નહોતી. એટલે સેથેએ એક શબ્દથી જ સંતોષ માની લીધો : 'બિલવેડ'- આ વાત છે ૧૯૮૭માં પ્રગટ થયેલી ટોની મોરિસનની નવલકથા 'બિલવેડ'ની.

૧૮૭૩ની સાલમાં કથાનો આરંભ થાય છે ત્યારે સેથે અને તેની બીજી દીકરી ડેનવર સિનસિનાટી નજીકના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૪ નંબરના મકાનમાં રહે છે. આડોશપડોશમાં ઘણાંખરાં લોકોએ એ બંને સાથેનો સંબંધ કાપી નાખ્યો છે. કારણ? કારણ સેથેનો કાળોતરો ભૂતકાળ - અઢાર વર્ષ પહેલાં સેથે ભાગી છૂટેલી ગુલામીની જંજીરો તોડીને. અને વિધિની વક્રતા પણ કેવી! જે ફાર્મ પર ગુલામીમાં સબડતી હતી સેથે એનું નામ હતું'સ્વીટ હોમ'. સ્વીટ હોમમાં રહેતા ગુલામો માટે પહેલાં તો જીવવું થોડું ઠીક હતું. કારણ તેમના રખેવાળ મિસ્ટર ગાર્નરમાં થોડી દયામાયા હતી. સારી રીતે રાખતો પોતાની મિલકત જેવા ગુલામોને. ખેતરો પરના કામકાજમાં ગુલામોની ઈચ્છા પ્રમાણે તેમને કામ કરવા દેતો ઘણીવાર. આસપાસનાં બીજાં ફાર્મના રખેવાળ ગમે તેટલી મોટી ઉંમરના ગુલામોને પણ 'એય પોયરા' કહી તુચ્છકારથી બોલાવતા. ગાર્નર એવું ન કરતો. માન તો ન આપતો, પણ હડધૂત પણ ન કરતો ગુલામોને. પણ ગુલામીનાં કાળાં વાદળ પરની રૂપેરી

કોર ઝાઝી ન ટકી. મિસ્ટર ગાર્નરનું મૃત્યું થયું. ગુલામો પાસેથી કામ લેવાનું, તેમની રખેવાળી કરવાનું મિસિસ ગાર્નરનું તો ગજું નહોતું. એટલે એ કામ કરવા પોતાના એક સગાને લઈ આવી તે. નામ એનું શું હતું તે તો ગોરા રામજી જાણે, કાળા ગુલામો તો તેને 'સ્કૂલ ટીચર'ના નામે જ ઓળખતા. ઘાતકી હતો, ચાલાક હતો. દયાનો છાંટોય નહીં તેના દિલમાં. ને પાછો પોતે મોટો ભણેશરી હોય અને કાળા ગોરા વિશે સંશોધન કરતો હોય એવો ડોળ કરતો. એને મનમાં પાકી ખાતરી હતી કે કાળિયાઓ કરતાં ગોરાઓ ચડિયાતા છે. છતાં એ 'હકીકત' પુરવાર કરવા માટે જાતજાતના પ્રયોગો કરતો. ગુલામ હબસીઓનાં માથાંનાં માપ લેતો. પછી પ્રાણીઓના માથાંનાં માપ લેતો. પછી પોતાના 'પ્રયોગ'ને આધારે 'તારણ' રજૂ કરતો. હબસીઓ માણસ કરતાં જનાવર જેવા વધુ છે. તેની મદદમાં તેના બે ભત્રીજા સાથે રહેતા. બળાત્કાર, ખૂન એ તો રમતવાત હતી એમને મન. પણ ત્રણે નરાધમોએ સેથે સાથેના 'પ્રયોગ'માં તો હદ કરી હતી. એક ભત્રીજાએ સેથેને બળજબરીથી પકડી રાખી હતી. બીજો ભત્રીજો સેથેને બચબચ ધાવતો હતો, સ્કૂલ ટીચર આ 'પ્રયોગ'ની નોંધ લખી રહ્યો હતો અને સેથેના વરને થોડે દૂર ઊભો રાખીને આ આખો 'પ્રયોગ' જોવાની ફરજ પાડવામાં આવી હતી! બીજા કેટલાય ગુલામોની જેમ ગાંડો થઈ ગયો સેથેનો વર પણ, અને ક્યાં અલોપ થઈ ગયો તેની ખબરે ન પડી.

પણ આવા જીવતા દોજખમાંથી ગમે તેમ કરીને ભાગી છૂટી સેથે, પોતાનાં ચાર છોકરાંને લઈને. ભાગી ત્યારે ચોથું તો હજી પેટમાં હતું. ભાગ્યા પછી એક ભલી ગોરી બાઈની મદદથી તેને જન્મ આપ્યો હતો. ભાગીને પહોંચી સિનસિનાટી, જ્યાં ગુલામીની પ્રથા નહોતી. તેને હતું કે હવે મુક્તિની હવામાં શ્વાસ લઈ શકાશે. પણ ૧૮૫૦માં અમેરિકામાં એક કાળો કાયદો ઘડાયો હતો. દક્ષિણનાં રાજ્યોમાં ગુલામીની પ્રથા હતી, ઉત્તરનાં રાજ્યોમાં નહોતી. એટલે દક્ષિણમાંથી ભાગેલા ગુલામો ઉત્તરનાં રાજ્યોમાં આશરો લેતા. પણ જો કોઈ ભાગેલા ગુલામનો માલિક તેને આખા અમેરિકામાં ગમે ત્યાંથી શોધી કાઢે તો તેને ફરી ગુલામ બનાવી પોતાની સાથે લઈ જઈ શકે તેમ આ કાયદો હતો. એ કાયદાનું નામ 'ફ્યૂજિટિવ સ્લેવ ઍક્ટ ઑફ ૧૮૫૦'. સેથેનાં નસીબ બે ડગલાં આગળ. તેનો જૂનો માલિક સેથેને શોધતો સિનસિનાટી આવી પહોંચ્યો

અને સેથેને તેણે પકડી પાડી. ફરી એ જ ગુલામીની જિંદગી જીવવી પડશે. મારે તો ઠીક, મારાં ચાર બાળકોએ પણ. એટલે ૨૮ દિવસની આઝાદીને અંતે કાળજું કઠણ કરીને સેથેએ નિર્ણય કર્યો : ગુલામીમાંથી બચવા ખાતર ચારે બાળકોને મારી નાખવાં. પણ સફળ થઈ માત્ર બે મહિનાની નાનકડી દીકરીનું ગળું કાપી તેને મારી નાખવામાં. બાકીનાં બાળકો બચી ગયાં. રઝળપાટમાં જન્મેલી, મા હજી ઠરીઠામ થઈ નહોતી, એટલે છોકરીનું નામ પાડ્યું નહોતું. એટલે તો તેની કબરના પથ્થર પર કોઈ નામ કોતર્યું નહોતું. માત્ર 'બિલવેડ' - 'વહાલી' એટલું જ કોતરાવ્યું હતું. વહાલ, માતાનું વહાલ પણ કેવા અણધાર્યાં ને અણચિંતવ્યારૂપે પ્રગટ થતું હોય છે! દીકરી દવલી હતી એટલે મારી નાખી નહોતી. વહાલી હતી એટલે જ તેને મારી નાખી હતી, માએ. પોતે ગુલામીમાં સબડીને પશુ જેવું જીવન જીવે, તેવું જીવન દીકરીએ જીવવું ન પડે એટલા ખાતર તેને મારી નાખી હતી. અને પછી દસ મિનિટના સહશયનની કિંમત ચૂકવીને સલાટ પાસે કબરના પત્થર પર કોતરાવ્યું હતું- 'વહાલી'.

પણ ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થશે કાલે. હારેલી હતી સેથે, થાકેલી હતી. રઝળપાટમાં દૂબળી ગાય જેવી થઈ ગઈ હતી. માલિકે તેને પકડી તો પાડી. પણ સેથેને જોઈને તેને થયું કે હવે આ કાંઈ ગુલામ તરીકે કમરતોડ મજૂરી કરી શકે તેમ લાગતું નથી. એને પાછી લઈ જઈશ તો બે ટંકના રોટલાય માથે પડશે. એટલે સેથેને પોતાની સાથે પાછી ન લઈ ગયો તેનો જૂનો માલિક. દીકરીને મારી નાખવાના ગુના બદલ ફાંસીની સજા થવાની હતી સેથેને. પણ તેમાંથી ઊગરી ગઈ! કારણ, ઉત્તરનાં રાજ્યોમાં હબસી ગુલામો માટે થોડું કૂણું વલણ. વળી વરનો પત્તો નહોતો. બીજાં ત્રણ છોકરાંય કાંઈ મોટાં તો નહોતાં જ. સેથેને ફાંસી મળે તો એ ત્રણ છોકરાનું કોણ? એટલે માફી મળી ગઈ સેથેને. અને સેથે પેલા ૧૨૪ નંબરના મકાનમાં રહીને બાળકોને ઉછેરવા લાગી. સેથેની સાથે તેની ઘરડી મા બેબી સગ્ઝ રહેતી હતી. થોડા વખત પછી તે છળીને મરી ગઈ. થોડા મોટા થયા એટલે સેથેના બે દીકરા હાવર્ડ અને બગલર પણ ઘર છોડી ભાગી ગયા. ઘરમાં હવે બે જ જણ રહ્યાં : સેથે અને તેની દીકરી ડેનવર. પણ ડોસી કોનાથી છળીને મરી ગઈ હતી? બે દીકરાઓ માની દરકાર કર્યા વગર કેમ ભાગી ગયા? ઘરમાં માત્ર બે જ જણ - સેથે અને તેની દીકરી ડેનવર - રહેતાં હતાં. કે પછી ત્રીજા કોઈનો પણ વાસ હતો એ ઘરમાં? હતો, તો કોનો?

'બિલવેડ' નવલકથાની વાર્તાનો ૧૮૭૩માં આરંભ થાય છે ત્યારે ૧૨૪ નંબરના મકાનમાં સેથે અને તેની દીકરી ડેનવર ઉપરાંત પણ બીજા બે જણ રહે છે. તેમાંના એકનું નામ છે પૉલ ડી. અને બીજું? બીજું રહે છે સેથેની દીકરી બિલવેડનું ભૂત! માએ મારી નાખી તેનો બદલો લેવા ભૂત બનીને આવી હતી એ! પૉલ ડી. પહેલાં સેથેની જેમ જ, તેની સાથે 'સ્વીટ હોમ'માં એક ગુલામ તરીકેની જિંદગી ગુજારતો હતો. સેથેની જેમ જ પૉલ ડી પણ પોતાની પહેલાંની જિંદગીને, ગુલામીનાં વર્ષોને ભૂલી શકતો નથી. પણ અમેરિકાનો આંતરવિગ્રહ પૂરો થયો તે પછી બીજા હજારો ગુલામોની જેમ પૉલ ડી પણ મુક્ત બન્યો હતો. પોતાના મનમાંથી લાગણીઓને- ગુસ્સાને, હતાશાને, બદલો લેવાની ઝંખનાને તેણે ટૂંપો દઈ દીધો છે. કશું વિચારવું જ નહીં, ભૂતકાળને ભૂલી જવો. પણ સહેલું નથી એ. વારેવારે યાદ આવે છે એ દિવસો જ્યારે એને ગુલામો માટેની અલાયદી જેલમાં દિવસે સાંકળોથી બાંધી રાખવામાં આવતો અને રાતે નાનકડા પાંજરામાં પૂરી દેવામાં આવતો હતો.

માએ મારી નાખી ત્યારે બિલવેડ તો નાનકડી બાળકી હતી. પણ તેનું ભૂત એવી બાળકીરૂપે ઘરમાં નથી રહેતું. જો જીવતી હોત તો જેવડી થઈ હોત બિલવેડ, તેવડું મોટું છે તેનું ભૂત. પણ હા. તેને મોટેરાંની જેમ બોલતાં નથી આવડતું અને કપડાં પણ ચિત્રવિચિત્ર પહેરે છે. બે-ત્રણ વર્ષની નાની બાળકી જેવાં. પણ ઘરમાં તરખાટ મચાવ્યા કરે છે બિલવેડનું ભૂત. ક્યારેક ભીંત પરના આયના તોડી નાખે છે, સેથેએ કેક બનાવ્યું હોય તો તેના પર પોતાનાં આંગળાંની છાપ ઉપસાવી દે છે, કાચનાં કપરકાબીનો કચ્ચરઘાણ વાળે છે, તો ક્યારેક જાણે લોહીમાં લથબથ હોય તેમ લાગે તેવા લાલ પ્રકાશમાં નહાતી દેખાય છે. તેની બીકે જ સેથેના બે દીકરા ઘર છોડી જતા રહ્યા હતા. બિલવેડના ભૂતના તરખાટના ત્રાસે ભાગ ભજવ્યો હતો બેબી સગ્સના મોતમાં. બિલવેડના ભૂતને કારણે જ સેથે પોતાના ભૂતકાળને ભૂલી શકતી નથી ઘડી માટે પણ. બિલવેડના ભૂત સાથે જો કોઈને ગોઠતું હોય તો તે ડેનવરને. આસપાસનાં લોકોએ સેથેનો અને ડેનવરનો લગભગ બહિષ્કાર કર્યો છે એટલે સાવ અટૂલી પડી ગઈ છે ડેનવર. એટલે ભલે ભૂત તો ભૂત, છે તો બહેન બિલવેડનું ભૂત, ગોઠે છે તેની સાથે ડેનવરને. ઘણીવાર બંને બહેનો ભેગી મળીને રમે છે પણ ખરી!

આ નવલકથામાં બિલવેડનું ભૂત એ મુખ્ય પાત્ર છે,પણ આ ભૂતકથા નથી. કથામાંનાં બધાં પાત્રો ભૂત અંગેની માન્યતામાં શ્રદ્ધા ધરાવે છે અને વાચક ભૂત-બૂતના તૂતમાં માનતો ન હોય તો પણ બિલવેડના ભૂતને એક હકીકત તરીકે સ્વીકારવા લાગે છે. કથાનાં બીજાં પાત્રોની જેમ. બેબી સગ્સ કહે છે : 'મને કોઈ એવા એકાદ નીગ્રોનું ઘર તો બતાવો કે જેમાં ભૂત ન રહેતું હોય. નસીબદાર છીએ આપણે તો, કે ઘરમાં નાનકડી દીકરીનું ભૂત રહે છે. મારો મરદ ભૂત થઈને આવ્યો હોત તો?' અને ઘરમાં રહેતા ભૂતથી સેથે ઘણીવાર અચકાય છે ખરી, પણ તેનેય ગમે તો છે આ ભૂત ઘરમાં રહે છે તે. ભલે ભૂત રૂપે, પણ વહાલી- બિલવેડ- દીકરી આંખ સામે તો રહે છે!

પૉલ ડી. સેથેને ચાહે છે. લગ્ન નથી કર્યાં બંનેએ, પણ પતિ પત્ની તરીકે સાથે રહેવા માગે છે. પણ બિલવેડના ભૂતથી આ સહન નથી થતું. આખું ઘર ઉપરતળે કરી નાખે છે ભૂત. એટલું જ નહીં, સેથે સાથે ઘર ન માંડે પૉલ ડી. એટલા ખાતર જાતજાતનાં નખરાં લટકાં કરી પૉલ ડી.ને તે પોતાના તરફ આકર્ષે છે! એમાં નથી ફાવતી ત્યારે સેથેના જીવનની પેલી ગુપ્ત વાત જણાવી દે છે પૉલ ડી.ને : આ સેથે છે ને, તેણે જ પોતાની બે મહિનાની દીકરીને ગળે ટૂંપો દઈને મારી નાખી હતી. આ જાણ્યા પછી સેથેને છોડીને ચાલતો થાય છે પૉલ ડી. ના, આવી ઘાતકી બાઈ સાથે ઘર ન મંડાય. વિચારે છે પૉલ ડી. બિલવેડના ભૂતના આ બધા ખેલથી ગાંડા જેવી થઈ જાય છે સેથે. અડોશપડોશનાં લોકો પાસે મદદ માટે ધા નાંખે છે ડેનવર. એલા નામની એક સ્ત્રી બીજી કેટલીક સ્ત્રીઓને લઈને પહોંચે છે સેથેને ઘરે. જાદુટોણા, જંતરમંતર, દોરાધાગાની જાણકારી છે આ એલાને. એ બધાંનો ઉપયોગ કરીને ઘરમાંથી ભગાડી મૂકે છે એ બિલવેડના ભૂતને. સેથેએ દીકરીને શા કારણે મારી નાખી હતી તેની ખબર પડતાં પૉલ ડી.ને પણ પસ્તાવો થાય છે અને તે સેથેને ઘરે પાછો આવે છે. ભૂતકાળની ગુલામીનું ભૂત જતું રહ્યું છે. હવે એ ભૂતકાળને, એ ગુલામીના દિવસોને યાદ નથી કરવા. હવે ઘડતર અને ચણતર કરવું છે એક નવી જિંદગીનું, સેથે અને ડેનવર સાથે મળીને.

માર્ગરેટ ગાર્નર નામની એક હબસી ગુલામ સ્ત્રીના જીવનની સત્યઘટનાને આધારે લખાઈ છે ટોની મોરિસનની આ પાંચમી નવલકથા. ૧૯૮૭માં 'બિલવેડ' પ્રગટ થઈ તે પછી ટોની મોરિસનને ૧૯૮૮માં પુલિત્ઝર પ્રાઇઝ મળ્યું અને ૧૯૯૩માં નોબેલ પ્રાઇઝ મળ્યું. અમેરિકાના

ઓહાયો રાજ્યના લૉરેન નામના ગામમાં ૧૯૩૧માં ટોની મોરીસનનો જન્મ. મૂળ નામ તો હતું ક્લોએ એન્થની વોફોર્ડ. નાનપણમાં રંગભેદનો ઝાઝો અનુભવ નહોતો થયો તેને. કારણ, માતા-પિતા અમેરિકાના ઉત્તરનાં રાજ્યમાં રહેવા ચાલ્યાં ગયેલાં. પણ આસપાસનાં લોકો પાસેથી માત્ર રંગભેદની જ નહીં, ગુલામીની પણ અનેક વાતો સાંભળી હતી તેણે. ૧૯૪૯માં વૉશિંગ્ટન ડી. સી.ની હાવર્ડ યુનિવર્સિટીમાં ભણવા માટે દાખલ થઈ. યુનિવર્સિટીમાંના ઘણાંને તેનું નામ ક્લોએ બોલતાં ફાવતું નહોતું એટલે તેણે પોતાનું નામ બદલીને ટોની કરી નાખ્યું. ૧૯૫૫માં કોર્નેલ યુનિવર્સિટીમાંથી એમ. એ. થઈ. બે વર્ષ ટેક્સાસ સધર્ન યુનિવર્સિટીમાં અંગ્રેજી સાહિત્ય શીખવ્યું. પછી રેન્ડમ હાઉસ નામના પ્રતિષ્ઠિત પ્રકાશકના એડિટર તરીકે કામ કર્યું. જમૈકાના સ્થપતિ હેરલ્ડ મોરિસન સાથેનું લગ્નજીવન માત્ર છ વર્ષ ટક્યું. છૂટાછેડા પછી એકલે હાથે બે બાળકોને ઉછેરવાની સાથોસાથ પહેલી નવલકથા 'ધ બ્લૂએસ્ટ આઈ' લખી, જે ૧૯૭૦માં પ્રગટ થઈ. તેની આઠમી નવલકથા 'લવ' ૨૦૦૩માં પ્રગટ થઈ.

આપણે ત્યાં હજી આજે પણ દલિતો જે કાંઈ લખે છે તેને 'સાહિત્ય'- માં સ્થાન આપવા અંગે કેટલાકનાં મનનાં અવઢવ છે. જ્યારે પોતે જે કાંઈ લખે છે તે એક આફ્રો-અમેરિકન તરીકે લખે છે, એક સ્ત્રી તરીકે લખે છે, લિંગ અને જાતિના ભેદથી પીડાતી દુનિયામાં રહીને લખે છે એ વાત ટોની મોરીસન પોતે સ્વીકારે છે એટલું જ નહિ, એ રીતે તેણે જે કાંઈ લખ્યું છે તેની પ્રતિષ્ઠા આજે માત્ર અમેરિકામાં જ નહીં, આંતરરાષ્ટ્રીય સ્તરે પણ થઈ છે. વિખ્યાત ટી.વી. સ્ટાર ઓપ્રાહ વિન્ફ્રેએ ૧૯૯૮માં 'બિલવેડ' પરથી તે જ નામની ફિલ્મ બનાવી હતી જેમાં સેથેની ભૂમિકા પણ તેણે પોતે ભજવી હતી.

●

૫૯. અબ ઊડ જા રે પંછી
જાઝ / ટોની મોરિસન

સમય : ૧૯૨૬ની સાલ. સ્થળ : ન્યૂ યૉર્કના મૅનહટનની પડોશમાં આવેલું કાળિયા લોકોથી ખદબદતું હાર્લેમ. ઋતુ : કડકડતા શિયાળાની સવાર. પોતાના ખોરડાની બારી પાસે એક હબસણ ઊભી છે. એનું નામ વાયોલેટ ટ્રેસ. આવી કડકડતી ઠંડીમાં પણ બારી ખુલ્લી છે. વાયોલેટના હાથમાં એક પાંજરું છે. તેમાં છે કલબલ કરતાં કેટલાંક પાળેલાં પક્ષી. એમાંનું એક પક્ષી તો વાયોલેટનું ખાસ માનીતું, બોલતુંયે ખરું. વાયોલેટને જોઈને બોલી ઊઠે, 'આઇ લવ યૂ'. પચાસ વર્ષની આધેડ વયે પહોંચેલી વાયોલેટને સાંભળવું ગમતું. પણ આજે તેણે મનમાં કંઈક ગાંઠ વાળી છે. તે હળવેથી પિંજરનું બારણું ખોલે છે. ખોલતાં વેંત એક પછી એક પક્ષીઓ બહાર નીકળી, બારીમાં થઈને ખોરડાની બહાર ઊડી જાય છે. પેલું માનીતું પક્ષી પણ જતાં જતાં છેલ્લી વાર બોલતું જાય છે : 'આઇ લવ યૂ'. હાડચામના માળખા જેવી બાઈ - જોતાંવેંત કોઈ કહી આપે કે મગજનો એકાદ સ્ક્રૂ ઢીલો હશે. છેલ્લાં કેટલાંય વર્ષોથી હાર્લેમમાં રહેતી હતી વાયોલેટ. પણ શહેરી જીવનથી વાજ આવી ગયેલી. કથા કહેનાર કથક કહે છે કે શહેરી જીવનની તાણથી જ તેનું મન જરા ચકરભમ થઈ ગયું હતું. એક દિવસ બપોરે રસ્તે રખડવા નીકળેલી; એકાએક ખાસ કશા દેખીતા કારણ વગર રસ્તાની વચ્ચોવચ્ચ બેસી ગઈ હતી. આસપાસ લોકોનું ટોળું ભેગું થઈ ગયેલું. માંડ સમજાવીને રસ્તા વચ્ચેથી ઊભી કરી. ટોળામાં વળી કોક ઓળખીતું હતું તે ઘરે મૂકી આવ્યું વાયોલેટને.

આ વાયોલેટ તે ૧૯૯૨માં પ્રગટ થયેલી નવલકથા 'જાઝ'ની નાયિકા. 'નાયિકા' કહીએ છીએ તે તો સગવડ ખાતર. બાકી કાંઈ હસ્તિની કે હરિણી કે વાસકસજ્જા કે પ્રોષિતભર્તૃકા એવી નાયિકા નહીં. અમેરિકામાં વસતી લાખો હબસી બાઈઓમાંની એક. ૧૯૯૨માં 'જાઝ' પ્રગટ થઈ અને બીજે જ વર્ષે, ૧૯૯૩માં તેની લેખિકાને સાહિત્ય માટેનું

નોબેલ ઇનામ મળ્યું. એ લેખિકા તે ટોની મોરિસન. સાહિત્ય માટેનું નોબેલ ઇનામ મેળવનાર તે પહેલવહેલી આફ્રો અમેરિકન લેખિકા. ૧૯૭૦માં તેની પહેલી નવલકથા 'ધ બ્લૂએસ્ટ આય' પ્રગટ થઈ. વિવેચકોએ વખાણી પણ ઝાઝી વેચાઈ નહીં. વિવેચકો અને વાચકો બંનેએ વધાવી લીધી તે તો તેની ૧૯૭૭માં પ્રગટ થયેલી નવલકથા 'સૉન્ગ ઑફ સોલોમૅન' ને. બસ, ત્યારથી ટોની મોરિસને પાછું વાળીને જોયું નથી. ૧૯૮૭માં પ્રગટ થયેલી 'બિલવેડ'ને પુલિત્ઝર પ્રાઇઝ મળ્યું. નોબેલ ઇનામ આપતા જાહેરનામામાં 'જાઝ' ને એક સમૃદ્ધ સંકુલતા ધરાવતી અને ઘટનાઓ, પાત્રો તથા લાગણીઓને અસરકારક રીતે રજૂ કરતી નવલકથા તરીકે ઓળખાવમાં આવી હતી.

'જાઝ' ની વાયોલેટ રહેતી હતી તેના પતિ જો ટ્રેસની સાથે. ઘરના બે છેડા માંડ ભેગા થતાં. હેરડ્રેસરનું કામ જાણતી હતી પણ તે કામ કરવાનો પરવાનો તેની પાસે હતો નહીં. એટલે થોડાઘણાં ઘરાકોને ઘરે જઈને છાનીછપની રીતે તેમના વાળની સારસંભાળ લેતી અને કાપકૂપ કરતી. પણ પાસે પરવાનો નહીં એટલે મળવું જોઈએ તેના કરતાં ઓછું મહેનતાણું મળતું. વળી થોડા જાણીતા ઘરાકો પૂરતું જ કામ મર્યાદિત રાખવું પડતું. પૈસાની લાલચે કોઈ અજાણ્યાને ત્યાં જાય અને એ ફરિયાદ કરી દે કે આ બાઈ તો પરવાના વગર આ કામ કરે છે તો તો આવી જ બને! લગ્નનાં શરૂઆતનાં વર્ષોમાં ઉપરાઉપરી કસુવાવડો થયેલી. ત્યારે બહુ દુઃખ નહોતું થયું. બલ્કે મનમાં ક્યાંક હાશકારો થયેલો. પણ પછીનાં વર્ષોમાંય ઘરે પારણુ બંધાયું જ નહીં. ઉંમર વધવા લાગી તેમ તેમ વાયોલેટને એકલતા સાલવા લાગી. ઘણીવાર થતું. બે-ચાર બાળકો હોત તો ઘરમાં આવી એકલીઅટૂલી ન પડી ગઈ હોત હું. હા, પાંજરે પૂરેલાં પેલાં પક્ષીઓનો થોડો સાથ હતો ખરો, પણ એનેય હવે તો ઉડાડી મેલ્યાં હતાં. ઘણીવાર તેને દૂર દખ્ખણના પ્રદેશમાં રહેતી દાદીમા યાદ આવતી. ગરીબી તો દાદીમાના ઘરમાં પણ ક્યાં નથી? પણ પોયરાં-પોયરી, દોતરા-દોતરીથી કેવું ભર્યું ભાદર્યું! અરે, છેવટે એક બાળક પણ હોત ને મારે, તોય તે એક હાથ મારો ઝાલી ને બીજો હાથ એના બાપનો ઝાલીને અમને બંનેને જોડતી કડી બન્યું હોત એ! પણ હવે આ ઢળતી ઉંમરે...

આફ્રો-અમેરિકન પ્રજાની અમેરિકા અને દુનિયાને એક ખાસ દેણગી તે જાઝ સંગીત. જુદા જુદા ગાયકો અને વાદકો જુદા જુદા ટુકડા ગાય કે વગાડે. દરેકની પોતાની આગવી ખાસિયત. પણ બધા ટુકડા

સુમેળના-હાર્મનીના સૂત્રથી ગૂંથાઈ એક અખંડ સંગીત રચે. તેમાંનું કેટલુંક પહેલેથી નક્કી કર્યા પ્રમાણેનું હોય, કેટલુંક ગાયક કે વાદકને તત્ક્ષણ જે સૂઝ્યું તે હોય. બધું પહેલેથી જ બાંધેલું, આંકેલું, ગોખેલું નહીં. રમઝટના તાલ અને રમઝટ. આપણા જાઝમિજાજી ચંદ્રવદન મહેતાએ કહ્યું છે તેમ :

"ઝૅઝ કહો, ઝાઝ કહો, એક હી હૈ બાત,
સંગતમાં ગીત ભળે ખોખરાયેલો સાદ.
ઝાંઝ ઉપર પડઘમની ડ્રમડ્રમની ભીંસ,
ઝણઝણતા તાલ ઉપર સરગમની ચીસ.
ઝાંઝ ઉપર ઝાંઝ લયે, ઝમ, ઝમ, ઝમ,
હોહોહો, હાહાહા, એક સરીગમ.
ગીત કિયું, થાટ કિયો, મૂકોને લપ,
લક્કડની ટપટપી કરે ટપાટપ."

ના. ટોની મોરિસનની આ નવલકથામાં કોઈ જાઝ સંગીતકારની વાત નથી. સંગીત વિશેની આ નવલકથા નથી. અને છતાં લેખિકાએ તેને 'જાઝ' નામ આપ્યું છે. કારણ? કારણ કે લખાઈ જાઝ સંગીતની રીતે. એક ટુકડો એક ગાયક ગાય, બીજો ટુકડો બીજો વાદક વગાડે તેમ અહીં પણ કથાનો એક ટુકડો એક પાત્ર કહે છે, બીજો ટુકડો બીજું પાત્ર. કોઈ ટુકડો વળી કથક - નૅરેટરને મુખે કહેવાયો છે તો ક્યાંક લેખિકા પોતેય સીધી વાત કરે છે. પણ કથાનકના આ બધા જુદા જુદા ટુકડા એકબીજા સાથે સંકળાઈને એક સંવાદ-સુમેળ-હાર્મનિ રચે છે અને વાત કહે છે જાઝ જેની આગવી ઓળખાણ છે તેવાં આફ્રો-અમેરિકન કે બ્લૅક અમેરિકન કે નીગ્રો કે હબસી લોકોનાં જીવનની. એ જીવન જે શહેરમાં જિવાય છે તેની. જ્યાં આ કાળિયાઓ વસે છે એ હાર્લેમ પણ કથામાં એક પાત્ર જેવું જ બની ગયું છે. હબસીઓની રીતભાત, બોલચાલ, વહેમો અને માન્યતાઓ, ગરીબી કંકાસ, ગુનાખોરી, મારફાડ, વેઠવા પડતાં અપમાન અને એ બધાંની ઉપરવટ જઈને પણ જીવન ટકાવી રાખવાની તેમની ધગશ. આ બધું આ નવલકથામાં આબેહૂબ ઝિલાયું છે.

ટોની મોરિસનનો જન્મ ૧૯૩૧માં અમેરિકાના ઓહાયો રાજ્યના લૉરેનમાં. દક્ષિણનાં રાજ્યોમાં ત્યારે રંગભેદનું જબરું જોર. તેનાથી બચવા ટોનીનાં મા-બાપ પોતાનું વતન છોડી ઓહાયામાં આવી વસેલાં એટલે ટોનીને પોતાને રંગભેદનો બહુ કપરો અનુભવ નહીં, પણ

નાનપણમાં કુટુંબમાં થતી વાતો સાંભળેલી, ગીતો સાંભળેલાં, બૈરાંઓની ગુસપુસ સાંભળેલી. આ બધાંને પ્રતાપે કાળિયાઓના કપરા જીવનનું ચિત્ર અંકાઈ ગયેલું તેના મનમાં. પોતાની નવલકથાઓમાં આ જ જીવનને, એ હબસીઓની બોલી મિશ્રિત ભાષામાં જ તેણે રજૂ કર્યું છે. અહીં તો આપણે માત્ર મુખ્ય કથાનકના સગડ જ મેળવીએ છીએ.

'જાઝ' નવલકથાની આધેડ ઉંમરે પહોંચેલી નાયિકા વાયોલેટ ઝંખે છે એક બાળકને, પણ તેનો પતિ જો તો સત્તર-અઢાર વર્ષની એક ફૂટડી છોકરીના પ્રેમમાં પડી જાય છે. બન્ને વચ્ચેનો સંબંધ ત્રણેક મહિના તો સીધો ચાલે છે, પણ પછી પેલી છોકરી ડૉરકાસ જો જેવા આધેડ પુરુષથી કંટાળી જાય છે અને એકટન નામના એક યુવકના પ્રેમમાં પડે છે. આ એકટન હતો કામદેવનો અવતાર અને કંઈ કેટલીયે છોકરીઓ તેના પર મરી પડતી હતી. તેને મન તો ડોરકાસ મન બહેલાવાનું રમકડું જ હતી, પણ ડોરકસ તો ખરેખર તેની પાછળ પાગલ બની. એક દિવસ એક પાર્ટીમાં જો, ડોરકાસ અને એકટન ત્રણે ભેગાં થઈ જાય છે. પોતાની સદંતર અવગણના કરીને ડોરકાસ એકટનની આસપાસ જ ભમ્યા કરે છે એ જોથી જોયું જતું નથી અને તે પોતાની બંદૂકથી ડૉરકાસને મારી નાંખે છે. અત્યાર સુધી બચાડી વાયોલેટને તો પતિના લફરાની ગંધ જ આવી નહોતી. પણ પતિને હાથે ડોરકાસ મરાય છે પછી જોનો ભાંડો ફૂટે છે. પતિ પર, રોષ ચડે પેલી વાયોલેટને એ તો સ્વાભાવિક છે, પણ તેને ડોરકાસ પર પણ એવો તો ગુસ્સો આવે છે કે તે જઈ પહોંચે છે ડૉરકાસની અંતિમ યાત્રામાં અને ત્યાં જઈને તે ડોરકાસના શબની છાતીમાં છરી હુલાવી દે છે. અડોશપડોશનાં લોકો પહેલાંય વાયોલેટને થોડીક ભેજાગેપ બાઈ તરીકે ઓળખતા જ હતા, પણ તે આવો કાળો કામો કરે છે તે પછી તો ઘણાંખરાં લોકો તેનો રીતસર બહિષ્કાર જ કરે છે. ક્યારેક વાતચીતમાં તેનું નામ લેવું પડે તો પણ 'વાયોલેટ' ને બદલે તેને 'વાયોલન્ટ' કહે છે. પણ ડોરકાસની એક ખાસ મિત્ર ફેલીસ જો અને વાયોલેટ સાથે ઘણી બધી વાતચીત કરે છે. ડોરકાસ અને જો વચ્ચેનો સંબંધ ઉપરછલ્લો હતો. બન્ને એકબીજાંને ચાહતાં નહોતાં, જો ચાહે છે તો તને જ, એવું વાયોલેટને ગળે ઉતારે છે અને પરિણામે જો અને વાયોલેટનું લગનગાડું આડે પાટેથી ફરી સીધે પાટે ચાલવા લાગે છે.

ડોરકાસને સંગીત અને નૃત્યનો શોખ હતો; તો 'હું પણ સંગીત અને નૃત્ય શીખીશ', વાયોલોટ નક્કી કરે છે અને શિક્ષકો પાસે જઈ બન્ને

કલાઓની રીતસર તાલીમ લેવા લાગે છે. ઈર્ષાના ઝેરને કારણે ડોરકાસને પોતે મારી નાખી તે બદલ હજી જોને પસ્તાવો થતો નથી. તો બીજી બાજુ એ ડોરકાસને હજી ભૂલી પણ શકી નથી. રોજ રાતે ડોરકાસના ફોટો સામે તાકીને ક્યાંય સુધી બેસી રહે છે. પોતે એકલી ઊંઘી શકતી નથી એટલે વાયોલેટ પણ રોજ રાતે પતિની પાછળ પાછળ જાય છે અને ડોરકાસના ફોટોને અને તેના તરફ તાકી રહેલા જોને જોયા કરે છે અને ત્યારે પોતાનો ભૂતકાળ તેની નજર સામે ખડો થતો રહે છે.

હા, એ વાત બની હતી ૧૯૦૬માં. વાયોલેટ અને જો બન્ને એ વખતે વર્જિનિયામાં ખેતમજૂર તરીકે કામ કરતાં હતાં. ખેતમજૂર તો કહેવાતાં, બાકી હકીકતમાં તો ગુલામ તરીકે જ બન્ને ખેતરમાં કાળી મજૂરી કરતાં. એક દિવસ વૉલનટ (અખરોટ)ના ઝાડ નીચે બન્ને અકસ્માત મળી ગયાં. જોએ જ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. પરણ્યાં. પછી વર્જિનિયા છોડી હાર્લેમ રહેવા આવ્યાં. આજે તો એ વાતને વીસ વર્ષનાં વહાણાં વાઈ ગયાં; પણ ત્યારે તો મને કેટલું વહાલ કરતો હતો જો! મને ફૂલની જેમ હથેળીમાં સાચવતો. મારી પાછળ એ ઘેલો બન્યો હતો એમ જ લોકો કહેતા. એ જ વખતે જો પણ ભૂતકાળના વિચારોમાં સરી જતો, પણ વાયોલેટ સાથેના મીઠા દિવસોના વિચારોમાં નહીં. પણ એક વાર તેણે જોયેલી એક અર્ધનગ્ન ગાંડી બાઈના વિચારોમાં. તેના અંગ પર પૂરાં કપડાં નહોતાં એટલે લાજ ઢાંકવા તે ઝાડઝાંખરાની આડશ લઈને ઊભી હતી. અણધારી રીતે જ જોની નજર તેના પર પડી ગઈ. જનમીને જનેતાનું મુખ તો જોયું નહોતું જોએ. કોઈ કહેતું કે તારી મા તો તને જનમ આપીને જ મરી ગઈ. કોઈ કહેતું ગાંડી થઈને ભાગી ગઈ. સાચું ખોટું તો રામ જાણે, પણ પેલી અર્ધનગ્ન પાગલ બાઈને જોતાંવેંત જોને લાગ્યું કે આ જ મારી મા! જોએ તેની સાથે વાત કરવાનોય પ્રયત્ન કરેલો, પણ કશો જવાબ આપ્યા વગર ખડખડાટ હસતી હસતી પેલી બાઈ તો ઘડીભરમાં ઝાડઝાંખરામાં અલોપ થઈ ગઈ હતી. વર્જિનિયાના વસવાટ સાથે જોના મનમાં તો આ સ્મૃતિ જ જડાઈ ગઈ હતી અને તેને જ તે વારંવાર વાગોળ્યા કરતો. પછી વળી ડોરકાસના વિચારે ચડી જતો. જોની જેમ જ ડોરકાસ પણ મા વગરની જ ઊછરી હતી. એ જાણ્યું ત્યારે જ જોના મનમાં તેને માટે સહાનુભૂતિ જાગેલી. પછી એ સહાનુભૂતિ ક્યારે પ્રેમમાં પલટાઈ ગઈ એની તો એ વખતે ખુદ જોને પણ ક્યાં ખબર પડેલી? ડોરકાસ પણ ઘણીવાર જોને પોતાના ભૂતકાળની વાતો કહેતી. ઈલિનૉય

રાજ્યના ઈસ્ટ સેન્ટ લૂઈમાં રહેતી હતી ડોરકાસ. પણ ત્યાંના ગોરાઓને કાળિયાઓ માટે ભારે ખુન્નસ. કોને હાથે શું ગુનો થઈ ગયો એ તો કોને ખબર, પણ એક દિવસ અચાનક ધોળિયાઓનું એક મોટું ટોળું ચડી આવ્યું. પહેલાં કાળિયાઓનાં ઝૂંપડાંમાં તોડફોડ કરી, કેટલાય કાળિયાઓને ખેંચી ખેંચી બહાર કાઢ્યા અને તેમને ઢોરમાર માર્યો અને પછી આખી બસ્તીને આગ ચાંપી દીધી. ભડભડ બળતા ઝૂંપડામાં બળી મરી ડોરકાસે ભેગી કરેલી કંઈ કેટલીયે ઢીંગલીઓ અને ડોરકાસની મા! ગોરાઓના આ તાંડવ પછી જે બચ્યાં તે કાળિયાઓ ત્યાંથી ભાગી છૂટયાં અને ફરતાં ફરતાં હાર્લેમમાં આવી રહ્યાં. બસ્તીને આગ ચંપાઈ ત્યારે ડોરકાસ થોડે દૂર રમવા ગઈ હતી એટલે બચી ગઈ. બીજા નિરાશ્રિતોની સાથે જ તે પણ આવી પહોંચી હાર્લેમ.

ડોરકાસને સારે નસીબે તેની કાકી એલિસ હાર્લેમમાં રહેતી હતી એટલે તેણે ડોરકાસને આશરો આપ્યો. હાર્લેમ અંગેની ડોરકાસની પહેલી સ્મૃતિ હતી ૧૯૧૭ના જુલાઈની. ન્યૂ યૉર્કની ફિફ્થ ઍવન્યૂ પર ઊભી રહીને તેણે એક મોટી પરેડ જોઈ હતી. કેટકેટલાં સ્ત્રીપુરુષો હતાં એમાં! હા, કાળિયાઓ સાથે ધોળિયાઓ પણ હતા. બધાં હતાં સાવ મૂંગાં; નહીં કોઈ સૂત્રોચ્ચાર, નહીં કોઈ ધમપછાડા. પણ ઈસ્ટ સેન્ટ લૂઈમાંના હત્યાકાંડનો વિરોધ કરવા માટે નીકળી હતી એ પરેડ અને એ હત્યાકાંડને પરિણામે અનાથ બનેલી ડોરકાસે ફિફ્થ ઍવન્યૂની ફૂટપાથ પર ઊભા રહીને એ પરેડ જોઈ હતી. એલિસને હાર્લેમ દીઠું ગમતું નહીં. તેને કોઈના પર ભરોસો નહીં અને છતાં તે હાર્લેમમાં કેમ રહેતી હતી એ તો ફોડ પાડીને લેખિકા કહેતી નથી, પણ રહેતી હતી મન મારીને. ડોરકાસ રહેવા આવી એટલે એલિસની બીક વધુ વકરી. ડોરકાસ ઉપર જાતજાતનાં બંધનો. સારાં કપડાં નહીં પહેરવાનાં, ફાટ્યાં તૂટ્યાં જ પહેરવાનાં. કોઈની સાથે બોલવા ચાલવાનું નહીં. કોઈ અજાણ્યું બોલાવે તો પોતે બહેરી હોવાનો ઢોંગ કરવાનો. કોઈ પણ માણસ પર ક્યારેય ભરોસો મૂકવાનો નહીં. ગોરા માથા પર તો નહીં જ નહીં, પણ કાળા માથા પર પણ નહીં. શેરીમાં કાળિયાઓ ભેગાં થઈને ગાતાં-નાચતાં હોય ત્યાંય ભૂલેચૂકે નહીં જવાનું. હા, એલિસ અને ડોરકાસ બંધ બારણે ઘરમાં બેસીને એ સંગીત સાંભળતાં ખરાં. ત્યારથી ડોરકાસને સંગીત ગમવા લાગેલું. કાકી રોજ રાતે સ્પ્રિન્ગફિલ્ડમાં કામ કરવા જતાં. એ તકનો લાભ લઈને ડોરકાસ છૂપી રીતે ફેલિસ સાથે પાર્ટીઓમાં જવા લાગી. પહેલે

દિવસે તો કોઈએ ડોરકાસની સામુંય જોયું નહીં, કોઈ તેની સાથે નાચવા તો તૈયાર ક્યાંથી જ થાય? ડોરકાસ ઘણું દુભાઈ, પણ સંગીત ગમતું એટલે પાર્ટીઓમાં જવાનું ચાલુ રાખ્યું અને એમાં એક દિવસ પાર્ટીમાં જ જો મળી ગયો. પછી શું થયું તે તો આપણે જાણીએ છીએ.

વાયોલેટ નાની હતી ત્યારે જ તેનો બાપ ઘર છોડીને ભાગી ગયેલો. કુટુંબને માથે દેવું મૂકતો ગયેલો. એ દેવું ભરપાઈ ન થયું એટલે લેણદારો ત્રાટક્યા. ઘર અને ઘરવખરી જબરદસ્તીથી આંચકી લીધાં. વાયોલેટની મા રોઝ ડિયરે વિરોધ કર્યો તો તેની સામે કાગળનો એક ટુકડો ધરી દેવામાં આવ્યો. તેમાં તેના પતિએ પોતાની બધી 'મિલકત' લેણદારોને નામે કરી આપી હતી! લેણદારોના માણસો ઘરમાંથી ઘરવખરી લઈ જતા હતા ત્યારે ભાંગ્યા તૂટયા ડાઈનિંગ ટેબલ પર બેસીને રોઝ ડિયર કૉફી પી રહી હતી. પણ એ કપમાં ખરેખર કૉફી હતી નહીં, કપ ખાલી હતો! પણ પેલા લેણિયાતોએ તેને ખુરશી પરથી નીચે ધકેલીને ખુરશી-ટેબલ પણ આંચકી લીધાં. આ બધી વાતની ખબર પડતાં રોઝ ડિયરની મા ટ્રુ બેલે બાલ્ટિમોરથી 'મદદરૂપ થવા' આવી પહોંચી, પોતાની નોકરી છોડીને ચાર વર્ષ પછી છોકરાંને નાની(આજીબા)ને ભરોસે છોડીને રોઝ ડિયરે કૂવામાં કૂદીને આપઘાત કર્યો. તેના દફનને માંડ પંદરેક દિવસ થયા હશે ત્યાં તો તેનો ભાગી ગયેલો પતિ ઘરે આવ્યો. બાળકો માટે ચૉકલેટ લઈને.

એ વર્ષે વર્જિનિયાના રાજ્યના પેલેસ્ટાઈનમાં કપાસનો મબલખ પાક થયેલો એટલે ખેતરોમાં મજૂરી સહેલાઈથી મળી જતી. એટલે ટ્રુ બેલેએ પોતાની પૌત્રીઓને વર્જિનિયા મોકલી. એક રાતે ખેતરમાં વાયોલેટ એક ઝાડ નીચે સૂતી હતી, ત્યાં ઝાડ પરથી તેના પર એક અજાણ્યો પુરુષ પડતાં તે આભી બની ગઈ. આ પુરુષ તે બીજું કોઈ નહિ, પણ જો. ઝાડની ડાળી પડતાં તે નીચે પછડાયો હતો. કપાસના ખેતરોમાં કામની કમાણીમાંથી વધેલા પૈસા બહેનો સાથે નાનીમાને મોકલીને વાયોલેટ વર્જિનિયામાં જ રોકાઈ ગઈ અને જે મળે તે બીજું કામ કરવા લાગી. જો સાથેનો પરિચય લગ્નમાં પરિણમ્યો. લગ્ન પછી વાયોલેટ અને જો મજૂરીની શોધમાં ન્યૂ યૉર્ક આવ્યાં. શહેરમાં બે છેડા ભેગા કરવાનું મુશ્કેલ હતું એટલે બાળકો ન થાય તો સારું એમ બન્નેએ વિચાર્યું. આથી ત્રણ ત્રણ કસુવાવડો વખતે પણ વાયોલેટ ભાંગી પડી નહોતી. પણ ચાલીસી વટાવ્યા પછી વાયોલેટ બાળકોને ઝંખવા લાગી અને શહેરી જીવનને ધિક્કારવા લાગી. વાયોલેટના પતિ જોનો જન્મ ૧૮૭૩માં.

બાળપણમાં જ મા-બાપે ત્યજી દીધેલો. વર્જિનિયામાં રોડા અને ફ્રેન્ક વિલિયમ્સના કુટુંબમાં રહીને ઊછેર્યો. એ વર-વહુને પોતાનાં છ બાળક. સાતમો જો પણ જેવાં પોતાનાં તેવો; એ રીતે જોને ઉછેર્યો. ઉંમરલાયક થતાં જોને કહ્યું પણ ખરું કે તું અમારો પોતાનો દીકરો નથી.'મારાં મા-બાપ કોણ?'- એમ જોએ પૂછ્યું ત્યારે તેને કહેવામાં આવ્યું કે પોતાનું કશું નામનિશાન પાછળ છોડ્યા વગર એ લોકો અલોપ થઈ ગયેલાં.

બાલ્ટિમોર છોડીને ટુ બેલે દીકરીની સંભાળ લેવા વેસ્પર કાઉન્ટિ આવી ત્યારે રોઝ ડિયર એક ખંડિયેરમાં વસતી હતી. અગાઉ વેસ્પર કાઉન્ટિથી ટુ બેલે બાલ્ટિમોર ગઈ ત્યારે તે ગુલામડી તરીકે જીવતી હતી. પણ ૧૮૮૮માં તે પાછી આવી ત્યારે આઝાદ હતી. 'હું માંદી છું અને મરતાં પહેલાં ઘરે જવા માંગું છું' એવું કહી તેણે પોતાની માલિકણ વેરા ગ્રેને પટાવી હતી અને વેરાએ તેને ગુલામીમાંથી મુક્ત કરી હતી. બાલ્ટિમોરના સાધનસંપન્ન લોકોના વિસ્તારમાં એક મોટા મકાનમાં વેરા ગ્રેની સાથે ટુ બેલે રહેતી. તે જ મકાનમાં વેરાનો દીકરો ગોલ્ડન ગ્રે પણ રહેતો. વેરા પણ પહેલાં પોતાનાં મા-બાપ સાથે તેમની મોટી જાગીર પર વેસ્પર કાઉન્ટિમાં રહેતી. પણ તેને એક ગુલામ સાથે લફરું થયું અને તે સગર્ભા બની ત્યારે મા-બાપે તેને ત્યજી દીધેલી. ગોલ્ડન ગ્રે તે એ ગુલામથી થયેલો દીકરો. આ બધી વાતની ખબર પડયા પછી ગોલ્ડન ગ્રે પોતાના બાપ હેન્રી લેસ્ટ્રોયને શોધવા વર્જિનિયા જવા નીકળે છે. રસ્તામાં તેને એક સીસમ જેવી કાળી, અર્ધનગ્ન, સગર્ભા સ્ત્રી મળે છે. દયા ખાઈને ગોલ્ડન ગ્રે તેને પોતાની સાથે લઈ લે છે. છ કલાકની મુસાફરી પછી એક ખાલી મકાનમાં પહોંચે છે. ગોલ્ડન ગ્રે માને છે કે આ મકાન તેના બાપ હેન્રી લેસ્ટ્રોયનું જ છે. તે પોતે આરામ કરે છે. પેલી સ્ત્રીની સારવાર કરે છે અને પછી દારૂ પીને પડે છે. ત્યારે એક છોકરો ત્યાં આવે છે અને કહે છે કે મિસ્ટર હેન્રીએ તેમની ગેરહાજરીમાં તેમના ઢોરઢાંખરનું ધ્યાન રાખવા મને અહીં રાખ્યો છે. થોડા વખત પછી હેન્રી આવે છે ત્યારે ગોલ્ડન ગ્રેને આવેલો જોઈ ભડકે છે. તેને મન ગોલ્ડન તો ગોરો છે. અને ગોરો એટલે આફત! તોછડાઈપૂર્વક તે ગોલ્ડન ગ્રેને પૂછે છે : 'શું આપણે એકબીજાને ઓળખીએ છીએ?' ત્યારે ગોલ્ડન ગ્રે જવાબ આપે છે : 'ના બાપા. આપણે એકબીજાને ઓળખતા નથી.' પણ બંને વચ્ચેની વાત વધુ વણસે તે પહેલાં જ પેલી સ્ત્રી પ્રસૂતિની વેદનાથી ચીસો પાડવા લાગે છે. હેન્રી અને તેનો મદદનીશ છોકરો પ્રસૂતિ કરાવવાના કામમાં લાગી જાય

છે. ગામમાંથી મદદ માટે કોઈ બાઈને બોલાવે છે. પ્રસૂતિ થઈ ગયા પછી હેન્રી અને ગોલ્ડન ગ્રે વચ્ચે ટપાટપી થાય છે. ગોલ્ડન ગ્રે હેન્રીને ગોળીએ દેવાનો વિચાર કરે છે પણ તેનો અમલ કરી શકતો નથી.

કાળિયાઓના વિરોધી ગોરાઓએ જો રહેતો હતો તે આખા ગામને બાળી નાખ્યું ત્યારે જો પોતાની માને શોધવા શેરડીનાં ખેતરોમાં અને તેની પાસે આવેલાં જંગલોમાં ભટકવા લાગ્યો. અગાઉ આ ખેતરોમાં જોવામાં આવેલી એક ગાંડી બાઈ ફરી જોવા મળી નહીં. જેમાં તેને માનો અણસાર દેખાયેલો. નવલકથાને અંતે ડોરકાસની સખી ફેલિસ જો અને વાયોલેટને મળવાનું નક્કી કરે છે.ડોરકાસના મૃત્યુ પછીની જોની ઉદાસી અને કલ્પાંત વિશે તેણેય સાંભળ્યું છે અને તેને આશ્વાસન આપવા જવું જોઈએ એમ ફેલિસને લાગે છે. એક દિવસ બજારમાંથી હટાણું કરીને ઘરે પાછા ફરતાં તે જો અને વાયોલેટને ઘરે જાય છે. જો અને ફેલિસને વાતો કરતાં મૂકીને વાયોલેટ ત્રણે માટે રસોઈ કરવા રાંધણિયામાં જાય છે ત્યારે સહાનુભૂતિ અને મદદ માટે જો ફેલિસનો આભાર માને છે. ત્યારે ફેલિસ કહે છે કે આજ સુધી મેં એક વાત તમારાથી છુપાવી છે : મરતાં પહેલાં ડોરકાસે તમારે માટે એક સંદેશો મને આપ્યો હતો : ‘જોને કહેજે કે મારા મનમાં માત્ર એક જ સફરજન છે, એક જ.’ ફેલિસ કહે છે કે આ એક જ સફરજન તે તું, જો. આ વાત સાંભળીને જો વધુ ગમગીન બની જાય છે. જમી લીધા પછી ત્રણે જણા વાતો કરતાં બેઠાં છે. તેવામાં રસ્તા પરના સંગીતના સૂરો બારીમાંથી ઘરમાં પથરાય છે. સંગીતના તાલે તાલે જો અને વાયોલેટ નાચવા લાગે છે. તેઓ પોતાની સાથે નાચમાં જોડાવા ફેલિસને કહે છે પણ ફેલિસ ના પાડે છે. સંગીત પૂરું થતાં જો કહે છે કે આ ઘરમાં થોડાં પંખીઓની જરૂર છે. એ હોય તો ઘર ભર્યુંભાદર્યું લાગે. ફેલિસ કહે છે કે ઘરમાં એક થાળીવાજું હોય તો પણ સારું.

બસ. અમેરિકાના કાળિયાઓના જીવનની ભાતીગળ કથાને જાઝ સંગીતની જેમ જુદા જુદા ટુકડામાં કહેતી આ નવલકથા અહીં જ પૂરી થાય છે.

૬૦. કીમિયાગર લેખકની નવલકથા કીમિયાગર ધ આલ્કેમિસ્ટ / પાઉલો કોએલ્હો

દુનિયાનો સૌથી મોટો પુસ્તક મેળો દર વર્ષે ઑક્ટોબર મહિનામાં જર્મનીના ફ્રેન્કફર્ટ શહેરમાં યોજાય છે. ૨૦૦૩માં આ મેળામાં એક લેખકે એક અભૂતપૂર્વ વિક્રમ કરી ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકર્ડ્ઝમાં સ્થાન મેળવવાનો દાવો કર્યો છે. પુસ્તક મેળા દરમ્યાન લેખકો હાજર રહી ગ્રાહકો/ ચાહકોને પુસ્તક પર પોતાનો ઑટોગ્રાફ કરી આપે એ યુરોપ-અમેરિકામાં એક સામાન્ય ઘટના છે. આ લેખકે પણ ફ્રેન્કફર્ટ બુક ફેર દરમ્યાન આ રીતે પોતાના પુસ્તક પર ઑટોગ્રાફ કરી આપ્યા. તેમની એક નવલકથાના દુનિયાની ૫૬ ભાષામાં થયેલા અનુવાદોમાંથી કોઈ પણ એક નકલ ખરીદો અને લેખક તેના પર ઑટોગ્રાફ કરી આકે. પોતાના એક જ પુસ્તકના ૫૬ ભાષામાં થયેલા અનુવાદો ઉપર કોઈ લેખકે સહી કરી આપી હોય એવું આ પહેલાં ક્યારેય બન્યું નથી. આ પુસ્તક તે ૧૯૮૮માં પ્રગટ થયેલ નવલકથા 'ધ આલ્કેમિસ્ટ'. આજે દુનિયામાં સૌથી વધુ વેચાતા લેખક તરીકે જે.કે. રોલિંગ્ઝનું નામ જાણીતું છે. તેમના પછી બીજા ક્રમે બેસ્ટ સેલર ફિક્શન રાઈટર છે પાઉલો કોએલ્હો અને આ 'ધ આલ્કેમિસ્ટ' નવલકથા તેમણે લખી છે. ૫૬ ભાષાઓમાં આજ સુધીમાં આ નવલકથાની સાડા પાંચ કરોડ નકલ વેચાઈ ગઈ છે. જે ૫૬ ભાષાઓમાં આ નવલકથાનો અનુવાદ થયો છે તેમાં આપણા દેશની હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી અને ગુજરાતી ભાષાનો સમાવેશ થાય છે.

આમ તો આ 'કીમિયાગર' ખજાનાની શોધની કથા છે. સાન્તિયાગો નામનો એક રબારી છોકરો બહારના ખજાનાની શોધમાં નીકળે છે ખરો, પણ અંતે તેને મળે છે તે પોતાની અંદરનો ખજાનો. આ રબારી છોકરાને એક રાતે સપનું આવે છે. સપનામાં તેને દેખાય છે ઇજિપ્તના પિરામિડ નજીક દટાયેલો એક કીમતી ખજાનો. એટલું જ નહીં, સપનામાં તે જુએ

છે કે પોતે આ ખજાનાની શોધમાં નીકળી પડ્યો છે અને લાંબા પ્રવાસને અંતે તેને તે ખજાનો મળે છે પણ ખરો.

આવાં સપનાં તો ઘણાંને આવતાં હોય, પણ સવાર પડ્યે ભૂલી જવાતાં હોય. પણ સાન્તિયાગો તો મનમાં ગાંઠ વાળે છે કે પેલા ખજાનાની શોધમાં નીકળવું જ છે. પોતાને 'રાજા' માનતો એક અડધો પાગલ બુઢ્ઢો અને એક જિપ્સી સ્ત્રી ટેકો આપે છે સાન્તિયાગોની વાતને. બન્ને કહે છે કે સપનાં સાચાં પાડવાનું કામ માણસનું છે. તેં જે સપનામાં જોયું છે તે જ તારું ભાવિ છે અને ભાવિ સાચું પાડવું તે હવે તારા હાથમાં છે. અને જ્યારે કોઈ વ્યક્તિ ઉત્કટતાથી કોઈ વસ્તુને ઇચ્છતી હોય છે ત્યારે આખી સૃષ્ટિ તેને કોઈ ને કોઈ રીતે મદદ કરવા હંમેશાં તત્પર હોય જ છે - પછી એ ચીજ મેળવવાનું ભલે ગમે તેટલું મુશ્કેલ હોય. આ બન્નેની વાતોથી સાન્તિયાગોને પાનો ચડે છે અને પોતાનાં બધાં ઘેટાંબકરાં વેચી, તેમાંથી મળેલા પૈસા લઈ તે નીકળી પડે છે પેલા ખજાનાની શોધમાં.

સપનાં સાકાર કરવા મથતા માણસના માર્ગમાં અવરોધો તો આવવાના જ. મુસાફરીની શરૂઆતમાં જ એક ગઠિયો સાન્તિયાગોના બધા પૈસા ઓળવી જાય છે. પૈસા વગર આગળ મુસાફરી કરવી શી રીતે? એટલે એક વર્ષ સુધી સાન્તિયાગો નોકરી કરે છે સ્ફટિકની વસ્તુઓના એક વેપારીને ત્યાં. આ વેપારીને તો એ વાતનો ખ્યાલ પણ નથી, પણ આગળની મુસાફરીમાં કામ લાગે તેવી ઘણી વાતો સાન્તિયાગોને તેની પાસેથી જાણવા મળે છે. વરસને અંતે પોતાની પાસે પૂરતા પૈસા એકઠા થઈ જાય છે ત્યારે સાન્તિયાગો વિચારે છે કે ખજાનાની શોધનો આ ધખારો છોડી પાછા ઘર ભેગા થઈ જવામાં જ ડહાપણ છે. ઘર તરફ જતી એક વણજારમાં જોડાય છે પણ ખરો. પણ ત્યાં તેને એક અંગ્રેજ મળે છે. આ અંગ્રેજ છે કીમિયાગર - હલકી ધાતુને તાવી તાવીને તેને સોનું બનાવી દેનારો. બીજું બધું ભૂલીને આ કીમિયાગર પોતાની સિદ્ધિ પાછળ પડ્યો છે. તેને જોઈને સાન્તિયાગોને થાય છે કે પીછેહઠ કરવી તે મને ન શોભે. પણ આ કીમિયાગરની જેમ આદુ ખાઈને મંડી પડવું જોઈએ સ્વપ્નસિદ્ધિની શોધમાં. આથી તે ઘર ભણી પાછા ફરવાનો વિચાર છોડી ફરી ખજાનાની શોધ પાછળ લાગી જાય છે. રસ્તામાં તેને એક રૂપ રૂપના અંબાર જેવી યુવતી ભેટી જાય છે, ફાતિમા. સાન્તિયાગો તેના પ્રેમમાં પડી જાય છે. આ પ્રેમની અનુભૂતિ પછી સાન્તિયાગોને ખાતરી થઈ જાય છે

કે પ્રેમ જેવો અજબ બીજો કોઈ કીમિયાગર નથી. બીજા કીમિયાગરો તો કથીરને કુંદન બનાવી દે છે, પણ પ્રેમ તો ઇન્સાનને ભગવાન બનાવી દે છે. ફાતિમાનો પ્રેમ મળ્યા પછી ઘડીભર તો સાન્તિયાગોને થાય છે કે આ પ્રેમ કરતાં મોટો ખજાનો બીજો હોઈ જ ન શકે. શા માટે પેલા સપનામાં જોયેલા ખજાના પાછળ ખુવાર થવું? પણ ફાતિમા અને પેલો અંગ્રેજ કીમિયાગર બન્ને સાન્તિયાગોને પ્રોત્સાહન આપે છે પેલો ખજાનો શોધી કાઢવા માટે. પ્રવાસનો છેલ્લો ભાગ સૌથી વધુ મુશ્કેલ, જોખમી. પણ પરાક્રમ અને ફતેહપૂર્વક સાન્તિયાગો એ પ્રવાસ પૂરો કરે છે અને સપનામાં જે સ્થળે જે ખજાનો જોયો હતો બરાબર તે જ સ્થળે તે જ ખજાનો તેને મળે છે. સપનાં સાકાર કરવા માટે જરૂરી શક્તિ, શ્રદ્ધા, સાહસ છે તો આપણામાંના દરેકમાં. પણ બીજી-ત્રીજી વાતોમાં રોકાયેલા એવા આપણે આપણા જીવનનું લક્ષ્ય, આપણા જીવનનું સપનું સાકાર કરવાનું જ ભૂલી જઈએ છીએ. કોએલ્હો આ નવલકથામાં સપનાંને-આંતર પ્રતીતિને મહત્ત્વ આપે છે અને હૈયું દોરવે તેમ ચાલવાથી જીવનનું લક્ષ્ય મળી રહેશે તેમ સૂચવે છે. હા, આ નવલકથા જીવનવાદી છે, માંગલ્યદર્શી છે, બોધાત્મક છે. તેથી જ કદાચ તે આટલી લોકપ્રિય થઈ છે. પણ લોકપ્રિય થઈ છે એટલે જ કેટલાક સુગાળવા વિવેચકોએ તેને વખોડી છે, તેમાંના ચિંતનને ઉપરચોટિયું અને વિચારોને ફૂટપાથિયા કહેલા છે. ૧૯૮૮માં પહેલી આવૃત્તિની માત્ર ૫૦૦ નકલ જ વેચાયેલી. સન ૨૦૧૧ સુધીમાં સાડા છ કરોડ નકલ! બીજું કાંઈ નહીં તોય લોકોનાં હૃદય સુધી પહોંચવાનો કીમિયો તો પાઉલો કોએલ્હોને મળી જ ગયો છે.

૧૯૪૭માં જન્મેલ પાઉલોને તેનાં માબાપે જ ત્રણ વખત ગાંડાની ઇસ્પિતાલમાં મોકલેલો. છેવટે ડૉક્ટરે કહ્યું કે છોકરો સાજોનરવો છે; પણ તે પોતાની રીતે જીવવા માગે છે, તમારી અપેક્ષા પ્રમાણે નહીં, માટે તેને ઈજનેર બનાવવાનો આગ્રહ છોડી દો અને છોકરાને પોતાને પોતાના જીવનનું લક્ષ નક્કી કરવા દો. બસ, સ્વરૂપાંતરે આ જ વાત કોએલ્હોએ આ નવલકથામાં પણ કહી છે.

●

૬૧. પશુ તરીકે જીવતા માણસની કથા
ડિસ્ગ્રેસ / જે. એમ. કોએટ્ઝી

ધર્માચાર્યો, અર્થાચાર્યો, કામાચાર્યો, મોક્ષાચાર્યો - સૌ કોઈનો દાવો હોય છે કે તેમનો પ્રયત્ન માણસ જાતનાં દુ:ખદર્દ દૂર કરવાનો છે. દુ:ખ દૂર કરવાને નામે જ રાજકારણીઓ રાજ ચલાવે છે અને ક્રાન્તિકારીઓ સત્તાપલટો કરે છે. પણ સરકાર બદલવાથી, સત્તાપલટો કરવાથી, રાજપરિવર્તન કરવાથી કોઈ દિવસ માણસનાં દુ:ખદર્દ દૂર થઈ શકતાં નથી. સરકાર બદલવાથી બહુ બહુ તો માણસનાં દુ:ખદર્દનો પ્રકાર બદલાય છે, જૂનાંનું સ્થાન નવાં દુ:ખદર્દ લે છે, દુ:ખદર્દમાં પણ માણસને વૈવિધ્યનો અનુભવ થાય છે - આ વાત કહી છે ૧૯૯૯માં પ્રગટ થયેલ નવલકથા 'ડિસ્ગ્રેસ'માં, તેના લેખક જે. એમ. કોએટ્ઝીએ. એ નવલકથા પ્રગટ થઈ ત્યારે તેને પ્રતિષ્ઠિત બૂકર પ્રાઇઝ મળ્યું હતું અને પછી તેના લેખકને ૨૦૦૩ના વર્ષનું સાહિત્ય માટેનું નોબેલ પ્રાઇઝ મળ્યું. મૂળ દક્ષિણ આફ્રિકાના વતની એવા કોએટ્ઝીની મોટાભાગની નવલકથાઓમાં રંગભેદની નીતિ દૂર થયા પછીના દક્ષિણ આફ્રિકાના જીવનની ઝાંખી જોવા મળે છે. પણ આ નવલકથાઓ દ્વારા લેખકે સૂચવ્યું છે કે રંગભેદની નીતિ દૂર થઈ તેથી નથી તો અશ્વેતોનાં દુ:ખદર્દ દૂર થયાં, નથી તો શ્વેતોનાં. બીજી નવલકથાઓની જેમ 'ડિસ્ગ્રેસ'માં પણ લેખકનો સૂર નિરાશાવાદી, હતાશાભર્યો છે. અગાઉ પ્રગટ થયેલી 'વેઇટિંગ ફૉર ધ બારબૅરિયન્સ' (૧૯૮૦) અને 'લાઇફ ઍન્ડ ટાઇમ્સ ઑફ માઇકલ કે, (૧૯૮૩)માં પણ રાજકીય અને ઐતિહાસિક પરિબળોનું નિરૂપણ લેખકે વિનાશકારી વાવાઝોડાં તરીકે કર્યું હતું જે સારાનરસા, સાચાખોટા કશાયનો ભેદ કર્યા વગર સાર્વત્રિક વિનાશ વેરે છે.' ડિસ્ગ્રેસ'નો કથાનાયક છે પ્રોફેસર ડેવિડ લૂરી. સાહિત્યનો અધ્યાપક છે. અંગ્રેજી રોમૅન્ટિક કવિતા શીખવે છે, રંગભેદ દૂર થયા પછીના દક્ષિણ આફ્રિકામાં. અગાઉના રંગભેદભર્યા વાતાવરણમાં તો આવો કોઈ અધ્યાપક વાહિયાત

જ લાગ્યો હોત! કારણ, અશ્વેતોનાં દુઃખોની અવગણના કરીને તેમને વર્ડ્ઝ્વર્થ કે શેલીની કવિતા શીખવવી એ વાહિયાત વાત ગણાત. પણ રંગભેદ દૂર થયા પછીની સરકારે દેશના 'નવનિર્માણ'નું કાર્ય શરૂ કર્યું છે તેમાં ડેવિડ જ્યાં શીખવતો હતો તે યુનિવર્સિટીનું 'ટેક્નિકલ કૉલેજ'માં રૂપાંતર કરી નાખવામાં આવ્યું છે અને હવે સાહિત્ય શીખવવાને બદલે ડેવિડે 'કમ્યુનિકેશન સ્કિલ્સ'નો વિષય શીખવવો પડે છે. યુવાની વટાવી ચૂકેલા ડેવિડે પત્ની સાથે છૂટાછેડા લીધા છે પણ દેહની ભૂખ સંતોષવા માટે તે દર અઠવાડિયે એક વેશ્યા પાસે જતો રહે છે. પણ 'નવનિર્માણ' પછીના બદલાયેલા દિવસોમાં ડેવિડનું અને એના જેવા પ્રોફેસરોનું એવું તો અવમૂલ્યન થઈ ગયું છે કે પેલી વેશ્યા પણ તેને શરીરસુખ આપવાની ના પાડે છે અને મધરાતે વૉશ બેઝિનમાં વાંદો જોઈને કોઈ સ્ત્રી ભડકે તેમ ડેવિડને જોઈને ભડકે છે. આવી સ્થિતિમાં આવી પડેલો ડેવિડ વિચારે છે કે જેમ પાલતુ પ્રાણીને ખસી કરાવી નખાય છે તેમ મારા જેવા માણસને પણ કરાવી શકાતી હોત તો કેવું સારું! આખી નવલકથામાં વારંવાર લેખક માણસની સરખામણી પશુ-પ્રાણી કે જીવજંતુ સાથે કરે છે અને સૂચવે છે કે માણસના અને તેમના જીવતરમાં કશો ફરક નથી. છેવટે ડેવિડ આવા હીણપતભર્યા જીવનથી એવો તો વાજ આવી જાય છે કે કેપટાઉન છોડીને તે દૂર દૂરના એક ગામડામાં ખેતરમાં રહેતી પોતાની દીકરી પાસે ચાલ્યો જાય છે અને પ્રાણીઓ સાથે અને પ્રાણીઓ વચ્ચે જીવવા લાગે છે. પણ હજી તેની હીણપતનો છેડો નથી આવ્યો. માંદાં ઢોરોની પાંજરાપોળમાં એવાં ઢોરની રખેવાળી કરવાનું કામ તેણે સંજોગવશાત્ સ્વીકારવું પડે છે. આ કામ સ્વીકારતી વખતે ડેવિડે માની લીધેલું કે તેની કામગીરી માંદાં પ્રાણીઓની સારસંભાળ લઈને તેમને સાજાં કરવાની હશે, પણ કામ શરૂ કર્યા પછી તેને ખ્યાલ આવે છે કે ખરેખર તો તેણે માંદાં પ્રાણીઓ જેમ બને તેમ જલદીથી, ઓછાંમાં ઓછાં દુઃખદર્દ સાથે મરે તેમ કરવાનું છે! દીકરી ફ્રૂસી સાથે રહેવા જાય છે પછી ડેવિડને ખ્યાલ આવે છે કે સમલિંગી ફ્રૂસી પણ પ્રાણીઓ જેવું લાગણીવિહીન જીવન જીવે છે. ફ્રૂસી અને ડેવિડ પર એકવાર જીવલેણ હુમલો થાય છે પણ બન્ને બચી જાય છે. પડોશમાં રહેતા અશ્વેત પેટ્રસ સાથેના બન્નેના સંબંધો પણ ઉત્તરોત્તર વણસતા જાય છે. પોતાના પર હુમલો કરનારાઓને પેટ્રસે આશરો આપ્યો છે એવો ડેવિડને વહેમ છે અને તે અંગે તે પોલીસમાં ફરિયાદ કરે છે પણ કોઈ તેની વાત સાંભળવા

પણ તૈયાર નથી અને ડગલે પગલે તેણે જૂઠનો સામનો કરવો પડે છે. ફ્રૂસી એ હકીકતનો સ્વીકાર કરી લે છે કે આવા વાતાવરણમાં જો જીવતા રહેવું હોય તો માન-અપમાન, ન્યાય-અન્યાય, સાચ-જૂઠ વગેરે અંગેના બધા ખ્યાલો છોડી દેવા જોઈએ. ડેવિડ હજી આ સ્વીકારી શકતો નથી, પણ તેનેય લાગે છે કે આમ કર્યા વગર છૂટકો નથી. ફ્રૂસી કહે છે : જો જીવતા રહેવું હોય તો જિંદગી જીતવાનાં બધાં પત્તાં ફેંકી દેવા સિવાય છૂટકો નથી. નહીં હથિયાર, નહીં પૈસા, નહીં માલમિલકત, નહીં કોઈ હક્ક કે અધિકાર, નહીં આત્મસન્માન. કૂતરાની જેમ જીવવા તૈયાર થઈ જવું. અને કથાને અંતે ડેવિડ પણ બધું ત્યજી દે છે - દીકરી, ન્યાય અન્યાયના ખ્યાલો, ભાષા સાહિત્ય માટેની મમતા, બાયરન કવિ વિષે ઓપેરા લખવાનું સપનું, અરે મરતાં પ્રાણીઓ સુધ્ધાંને તે ત્યજી દે છે, પોતાની જાતનો વિચાર કરવાનું પણ ડેવિડ ભૂલી જાય છે. આમ, કોઈ કૂતરો ત્યજી શકે તેના કરતાં વધુ ત્યજીને ડેવિડ જીવતો રહે છે. કોઈપણ માણસ માટે આના કરતાં વધુ મોટી ડિસ્ગ્રેસ - નાલેશી બીજી કઈ હોઈ શકે? અને છતાં ડેવિડ જે રીતે આ બધું છોડી દે છે તે જોયા પછી આપણને ક્યાંક તેનામાં માણસ તરીકે રહેલી ડિગ્નિટી - ગરિમાની ઝલક જોવા મળે છે.

જૉન મેક્સવેલ કોએટ્ઝીનો જન્મ ૧૯૪૦ના ફેબ્રુઆરીની નવમીએ કેપટાઉનમાં થયો હતો. ૧૯૬૦માં અંગ્રેજી સાથે અને ૧૯૬૧માં મૅથેમૅટિક્સ સાથે બી. એ. થયા પછી થોડો વખત કોએટ્ઝીએ આઈબીએમ કંપનીમાં કમ્પ્યૂટર પ્રોગ્રામર તરીકે કામ કર્યું. ૧૯૬૦ના દાયકાનાં થોડાં વર્ષો ઇંગ્લેન્ડમાં રહ્યા પછી અમેરિકા જઈ તેણે ૧૯૮૩ સુધી સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યૂ યૉર્ક ઍટ બફેલોમાં ભાષાસાહિત્યના અધ્યાપક તરીકે કામ કર્યું. ૧૯૮૪માં યુનિવર્સિટી ઑફ કેપટાઉનમાં તે અંગ્રેજીનો પ્રાધ્યાપક બન્યો. ૨૦૦૨ના વર્ષથી કોએટ્ઝી ઑસ્ટ્રેલિયામાં રહે છે અને યુનિવર્સિટી ઑફ એડેલાઈડ સાથે સંકળાયેલો છે. તેનું પહેલું પુસ્તક ‘ડસ્કલૅન્ડસ’ (બે લઘુનવલ) ૧૯૭૪માં બહાર પડેલું. પણ લેખક તરીકે તેને પ્રસિદ્ધિ મળી તે તો ૧૯૮૦માં પ્રગટ થયેલ નવલકથા ‘વેઇટિંગ ફૉર ધ બારબેરિયન્સ’ દ્વારા. ૧૯૮૩માં પ્રગટ થયેલ ‘લાઇફ ઍન્ડ ટાઇમ્સ ઑફ માઇકલ કે માટે તેને બૂકર પ્રાઇઝ મળ્યું. ૧૯૯૯માં ‘ડિસ્ગ્રેસ’ ને પણ બૂકર પ્રાઇઝ મળતાં કોએટ્ઝી બે વખત આ ઇનામ મેળવનાર પહેલો લેખક બન્યો. ૨૦૦૩માં પ્રગટ થયેલ ‘એલિઝાબેથ કોસ્ટેલો : એઈટ લેસન્સ’માં તેણે નવલકથા અને નિબંધનું મિશ્રણ કરવાનો પ્રયત્ન કર્યો

છે. નવલકથા ઉપરાંત તેણે અનુવાદ, વિવેચન, પુસ્તક - સમીક્ષા, નિબંધ અને ભાષાવિચારણા અંગેનાં પુસ્તકો પણ પ્રગટ કર્યાં છે. સ્વભાવે શરમાળ એવો કોએટ્ઝી મીડિયાને ભાગ્યે જ મુલાકાત આપે છે અને બૂકર પ્રાઈઝ લેવા પણ તે જાતે ગયો નહોતો.

●

૬૨. લૂવ્રના મ્યુઝિયમમાં ખૂન
ધ દા વિન્ચી કોડ/ડેન બ્રાઉન

અંગ્રેજીમાં કેટલીક નવલકથાઓ વાવાઝોડાંની જેમ આવતી હોય છે, બહુ થોડા વખતમાં લાખો વાચકો પર છવાઈ જતી હોય છે અને પછી - પછી થોડા વખતમાં ભુલાઈ જતી હોય છે. લાખો નકલ વેચાય છે, લેખક અને પ્રકાશક ઢગલાબંધ કમાય છે, મીડિયાવાળા એ લેખકને અને નવલકથાને માથે મૂકીને નાચે છે, માથે મૂકવા માટે બીજું કશુંક ન મળે ત્યાં સુધી. આવી નવલકથાઓ મોટા ગજાની સાહિત્ય કૃતિ છે એમ કોઈ માનતું કહેતું નથી - લેખક પોતે પણ નહીં. અમેરિકનોએ તો આવી નવલકથાઓ માટે નવું નામ બનાવ્યું છે- કર્મશિયલ નૉવેલ, વેપારી નવલકથા. અમેરિકા - યુરોપમાં જ નહીં, આપણા દેશના અંગ્રેજી વાંચનારાઓ પર વાવાઝોડાની જેમ છવાઈ ગયેલી એક નવલકથા તે 'ધ દા વિન્ચી કોડ'. ૨૦૦૩માં તે પ્રગટ થઈ ત્યારે તેના લેખક ડેન બ્રાઉનની ઉંમર હતી ૩૯ વર્ષ. અમેરિકાના ન્યૂ હેમ્પશાયર રાજ્યના એકસેટરમાં ૧૯૬૪ના જૂનની ૨૨ મી તારીખે જન્મ. ભણ્યા પછી પોતાના જ ગામમાં અંગ્રેજીના શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરી. લખવાનો વિચાર તો પ્રમાણમાં મોડો આવ્યો. તેણે થ્રિલર પ્રકારની પહેલી નવલકથા વાંચી, સિડની શેલ્ડનની 'ડૂમ્સ ડે કૉન્સપિરસી'. અકસ્માત જ આ કૃતિ હાથમાં આવેલી, પણ તે વાંચ્યા પછી ડેનને થયું કે હું પણ આવી કૃતિઓ કેમ ન લખું! ડેનનો જન્મ અને ઉછેર ધાર્મિક કુટુંબમાં. મા ધાર્મિક ગીતો ગાતી વ્યવસાયી ગાયિકા હતી અને પિતા હતા ગણિતના પ્રોફેસર. ખ્રિસ્તી ધર્મ વિષે, જ્ઞાન-વિજ્ઞાનના અનેક વિષયો અંગે ઘરમાં મુક્તપણે ચર્ચા થતી. પરિણામે ધર્મ અને વિજ્ઞાન વચ્ચેના સંઘર્ષને તપાસવામાં ડેનને રસ પડયો. ઈ.સ. ૨૦૦૦માં પ્રગટ થયેલી 'એન્જલ્સ ઍન્ડ ડેમન્સ'માં તેણે આવી તપાસ આદરી છે. સમાજના કેટલાક ગુપ્ત ઘટકોમાં પણ ડેનને રસ. કેટલાક ધાર્મિક સંપ્રદાયો, કેટલાંક ખાનગી જૂથો, કેટલીક સહકારી

સંસ્થાઓ લોકોની નજરે ન પડે એ રીતે પોતપોતાનું કામ કરતાં હોય છે. એમનાં પોતાનાં ગુપ્ત આચાર-વિચાર, રીતરિવાજ, વિધિનિષેધ હોય છે. ૧૯૯૬માં પ્રગટ થયેલી 'ડિજિટલ ફોર્ટ્રેસ' અને ૨૦૦૧માં પ્રગટ થયેલી 'ડિસેપ્શન પોઈન્ટ'માં તેણે ગુપ્ત સરકારી તંત્રની વાત કહી છે. પણ આમાંની કોઈ નવલકથા તે પ્રગટ થઈ ત્યારે ઝાઝી લોકપ્રિય થઈ નહોતી. લેખક તરીકે ત્યારે ડેન બ્રાઉનનું નામ પણ બહુ ઓછા લોકોએ સાંભળેલું. પછી ૨૦૦૩માં પ્રગટ થઈ 'ધ દા વિન્ચી કોડ' ને રાતોરાત ડેન બ્રાઉન ઘરે ઘરે વંચાતો થઈ ગયો. લોકો તેની અગાઉની નવલકથાઓ પણ શોધી શોધીને વાંચવા લાગ્યા. જોતજોતામાં 'ધ દા વિન્ચી કોડ'ની આસપાસ એક આખી ઇન્ડસ્ટ્રી ઊભી થઈ ગઈ. સ્પેનમાં રહીને કલાના ઇતિહાસનો અભ્યાસ કરતો હતો ત્યારે ડેનને આ નવલકથા લખવાનું સૂઝ્યું. જગવિખ્યાત ચિત્રકાર લિયોનાર્દો દા વિન્ચીનાં ચિત્રોમાં ગૂઢ પ્રતીકો અપ્રગટ રીતે છુપાયેલાં છે એ હકીકત તેના જાણવામાં આવી. આગલી નવલકથા 'એન્જલ્સ ઍન્ડ ડેમન્સ' માટે અભ્યાસ કરી રહ્યો હતો ત્યારે ફરી લિયોનાર્દોનો પરિચય તાજો થયો. પછી તે પહોંચ્યો પૅરિસના લૂવ્ર મ્યુઝિયમમાં. ત્યાં રખાયેલાં લિયોનાર્દોનાં ચિત્રોનો અભ્યાસ કર્યો, કલાના ઇતિહાસના જાણકારોની મુલાકાત લીધી. એક વર્ષ સુધી અભ્યાસ કર્યો લિયોનાર્દો વિષે, ગૂઢ લિપિમાં લખાયેલું લખાણ ઉકેલવાના શાસ્ત્ર ક્રિપ્ટોગ્રાફી વિષે, પ્રતીકશાસ્ત્ર, સિમ્બોલૉજી વિષે. ઉપરાંત કૅથલિક ચર્ચના એક વિવાદાસ્પદ ફાંટા ઓપસ ડેઈનો પણ તેણે અભ્યાસ કર્યો અને તેના કેટલાક સભ્યની મુલાકાતો પણ લીધી. 'ધ દા વિન્ચી કોડ' માંની કેટલીક વાતોનો ખ્રિસ્તી સંપ્રદાયના ઘણા રૂઢિચુસ્ત લોકોએ વિરોધ કર્યો છે. કેટલાકે ડેનને ધર્મવિરોધી કહ્યો છે. પણ ડેને કહ્યું છે કે મારો હેતુ ધર્મની નિંદા કરવાનો નથી, ધર્મના સાચા સ્વરૂપ વિષે લોકો ચર્ચા કરતા થાય તે છે. છતાં ડેનની આ કૃતિનો વિરોધ કરતાં, નિંદા કરતાં પુસ્તકો પણ કેટલાક રૂઢિચુસ્તોએ લખ્યાં છે. પણ આ બધાથી 'ધ દા વિન્ચી કોડ'ના વેચાણમાં ઘટાડો થયો નથી, વધારો થતો રહ્યો છે. હવે ડેન બ્રાઉને નોકરી છોડી દીધી છે અને બધો સમય લખવા પાછળ રોકે છે.

નવલકથાનો આરંભ થાય છે એક રાતે ૧૦:૪૬ વાગે, પૅરિસના લૂવ્ર મ્યુઝિયમની ગ્રાન્ડ ગૅલેરીના ક્યુરેટર સોનિયેરના મોતથી. ઓપસ ડેઈ નામના સંપ્રદાયનો સિલાસ નામનો એક પાદરી સોનિયેરનો જાન લેવા તેની પાછળ પડ્યો છે. લૂવ્રના મ્યુઝિયમમાં એવી વ્યવસ્થા છે કે જો

કોઈ ચોર ભીંત પરથી ઉતારીને ચિત્ર ચોરવાનો પ્રયાસ કરે તો તરત જ તેની આજુબાજુ એક લોઢાના સળિયાનું પાંજરું ઊભું થઈ જાય અને ચોર તેમાં સપડાઈ જાય. પોતાની પાછળ પડેલા મારાથી બચવા માટે ૭૩ વર્ષનો સોનિયેર જાણી જોઈને એક ચિત્રને ભીંતથી અળગું કરે છે. જેથી પોતે પાંજરામાં પૂરાઈ જાય અને મારાથી બચી શકે. પણ આ પાંજરું તેને ઝાઝું રક્ષણ આપી શકતું નથી. જરીક વારમાં પેલો મારો ત્યાં આવી પહોંચે છે, સોનિયેર સામે ભરી બંદૂક તાકે છે અને પૂછે છે : ''ઝટ બોલ, 'એ' ક્યાં છે?'' પહેલાં તો પોતે કશું જાણતો નથી એવો ઢોંગ સોનિયેર કરે છે, અને પછી પેલા સિલાસને ખોટી જગ્યા બતાવે છે. પોતે ક્યારેક આવી આફતમાં સપડાશે એનો સોનિયેરને ખ્યાલ હતો એટલે સાચીને બદલે ખોટી જગ્યા કઈ રીતે બતાવવી, જેથી તે સાચી લાગે, તેનો મહાવરો તેણે કેળવી લીધો હતો. પણ જ્યારે તે સિલાસને ખોટી જગ્યાની વાત કરે છે ત્યારે તે તરત જ કહે છે: તારા ત્રણ સાગિરતોએ પણ આ જ જગ્યા બતાવી હતી, અને તે ખોટી છે એની મને ખબર છે. તારા ત્રણે મળતિયા જે રસ્તે ગયા તે રસ્તે હવે તું પણ જા.' આમ કહી સિલાસ સોનિયેરના પેટમાં ગોળી મારે છે. ઓપસ ડેઈ સંપ્રદાયની માન્યતા પ્રમાણે સિલાસ મરતા સોનિયેરને કહે છે : 'વેદના તારા માટે ફાયદાકારક છે' અને પછી તરત સિલાસ ત્યાંથી પોબારા ગણી જાય છે. મરતા સોનિયેરને થાય છે : આ ખાનગી વાત જાણતા ચાર જણમાંથી મારા ત્રણ સાથી તો મરી પરવાર્યા છે. હવે હું મરીશ પછી એ ખાનગી વાતનું રહસ્ય પણ મારી સાથે દફનાવાઈ જશે માટે ગમે તે રીતે એ રહસ્યના સગડ મારી પાછળ મૂકતા જવા જોઈએ. પણ કઈ રીતે? મારા જીવનની છેલ્લી પળો તો ગણાઈ રહી છે અને અહીં બીજું કોઈ છે પણ નહીં જેને હું એ રહસ્ય કહી શકું.

દૃશ્ય બદલાય છે. પૅરિસની રિટ્ઝ હોટેલમાં એક વૈભવી રૂમમાં રૉબર્ટ લૅંગ્ડન ઘસઘસાટ ઊંઘે છે. ત્યાં તેના રૂમના ફોનની ઘંટડી જોર જોરથી રણકે છે. સામે છેડે છે હોટેલના રિસેપ્શન કાઉન્ટરનો કર્મચારી. કહે છે સાહેબ, આપને મળવા એક અગત્યના મુલાકાતી ઉપર આપના રૂમમાં આવવા માગે છે. આગલી સાંજે લૅંગ્ડને ધાર્મિક પ્રતીકશાસ્ત્ર વિષે વ્યાખ્યાન આપેલું અને તેમાં કેટલીક વિવાદાસ્પદ વાતો કહેલી. એટલે તેને થાય છે કે કોઈ ધર્મઘેલો એ ભાષણ વિષે ચર્ચા કરવા અડધી રાતે દોડી આવ્યો હશે. એટલે તે ફોન પર કર્મચારીને કહે છે કે મારે અડધી રાતે કોઈને મળવું નથી એટલે આવનારને નીચેથી

જ પાછો વળાવી દે. જરીક વારમાં ફોન ફરી રણકે છે. કર્મચારી કહે છે કે તમારો સંદેશો મેં આગુંતકને આપ્યો, પણ પાછા જવાને બદલે તે માણસ તો સીધો ઉપર આપના રૂમ તરફ આવી રહ્યો છે! હવે તો આ મુલાકાતીને મળ્યા વગર છૂટકો નથી. આવનાર સાથે ઓછામાં ઓછી વાત કરવી, જેથી લાંબી ચર્ચા ન થાય. ગમે તેમ કરીને આવનારને વહેલામાં વહેલી તકે વળાવી દેવો. આમ વિચારીને લેંગ્ડન પોતાના રૂમનું બારણું ખોલે છે. આગુંતક લેંગ્ડનના રૂમમાં દાખલ થાય છે અને નમ્ર પણ કડકાઈભર્યા અવાજે કહે છે : મારું નામ જેરોમ કૉલેટ, ફ્રેન્ચ જ્યૂડિશિયલ પોલીસનો ઑફિસર. એક મામલા અંગે તમારી પૂછપરછ કરવી છે.

રિટ્ઝ હોટેલના રૉબર્ટ લેંગ્ડનના કમરામાં આવેલા મધરાતના મહેમાન પોલીસ અફસર જેરોમ કૉલેટે પૂછપરછ શરૂ કરી : ગઈકાલે સાંજે તમારું ભાષણ હતું, ખરું? હા. ભાષણ પછી તમે ક્યુરેટર સોનિયેરને ડ્રિંક્સ માટે મળવાના હતા, ખરું? હા મળ્યા હતા? હા, ડ્રિંક્સના પૈસાય તેમણે ચૂકવ્યા હતા. ક્યુરેટર સોનિયેરનું મોડી રાતે લૂવ્રના મ્યુઝિયમમાં જ મૃત્યું થયું છે. આમ કહી અફસરે સોનિયેરના શબનો ફોટો બતાવ્યો. લેંગ્ડને જોયું કે શબ અમુક ચોક્કસ રીતે ગોઠવાયેલું હતું. એ જોતાં જ લેંગ્ડન બેબાકળો બની ગયો. અગાઉ પણ બરાબર આ જ રીતે ગોઠવાયેલું એક શબ જોયું હતું અને તે વખતે વૅટિકનમાં મુશ્કેલી ઊભી થઈ હતી.

ક્યુરેટર સોનિયેરને મોતને ઘાટ ઉતારી દીધા પછી સિલાસ એક મકાનમાં ગયો. એ મકાન એક ધાર્મિક સંસ્થાનું હતું. ત્યાં સિલાસને એક અલગ ઓરડો આપવામાં આવેલો. ટેબલના સૌથી નીચેના ખાનામાંથી સિલાસે સેલફોન કાઢયો અને 'ગુરુ'ને ફોન જોડ્યો. તેણે કહ્યું : મેં સોનિયેર અને તેના ત્રણે સાથીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. આપણે બંને અને આપણા સાગરીતો જે શોધી રહ્યા છીએ તેનું એક જ ઠેકાણું ચારે જણે મરતાં પહેલાં બતાવ્યું છે, ચર્ચ ઑફ સેન્ટ - સલ્પિસ. આ સાંભળીને ગુરુએ સિલાસને આદેશ આપ્યો : તું અત્યારે ને અત્યારે જ ચર્ચ ઑફ સેન્ટ - સલ્પિસજા અને એ ગુપ્ત ચીજ હાથ કરી લે.' સિલાસ જે ધાર્મિક સંપ્રદાયમાં માનતો હતો તેમાં આત્મપીડનને બહુ મહત્ત્વ અપાતું. પોતાની જાતને પીડા આપવાથી અને એ પીડા હસતે મુખે સહન કરવાથી કરેલાં બધાં પાપ ધોવાઈ જાય છે એવું મનાતું. પોતાની જાતને પીડા આપવા માટે સિલાસે પોતાની જાંઘ પર કાંટાળો પટ્ટો પહેરી લીધો. પછી

પોતાની જાતને ચાબખા માર્યા. ચાબખા મારતાં મારતાં તે મંત્રનો જાપ કરતો હતો : પીડા ભોગવવાથી ભલું થાય છે.

કૉલેટની પૂછપરછ પછી તરત જ લેંગ્ડન તેની સાથે રિટ્ઝ હોટેલમાંથી બહાર નીકળ્યો. પોતાની મોટરમાં કૉલેટ તેને સીધો લૂવ્ર મ્યુઝિયમ લઈ આવ્યો. રસ્તામાં પૅરિસની કેટલીક પ્રખ્યાત ઇમારતો પસાર થતી ગઈ. લેંગ્ડન આ ઇમારતોના ઈતિહાસ વિષે વિચારતો રહ્યો. એફિલ ટાવરને જોઈને લેંગ્ડનને પોતાની પહેલાંની પ્રેમિકા વિટોરિયા યાદ આવી. કૉલેટે લેંગ્ડનને ગ્લાસ પિરામિડ આગળ ઉતાર્યો. લૂવ્રના મ્યુઝિયમના પ્રવેશદ્વાર પાસેનો આ ગ્લાસ પિરામિડ આઇ. એમ. પેઇએ બનાવેલો છે. ત્યાં આગળ લેંગ્ડનને 'ધ બુલ' તરીકે ઓળખાતા પોલીસ કેપ્ટનનો ભેટો થયો. રાતને વખતે લૂવ્રના મોટા બાગમાં અંધારું છવાયેલું હતું. 'ધ બુલ' તરીકે ઓળખાતો બેઝુ લેંગ્ડનને ગ્રાન્ડ ગૅલેરીમાં લઈ ગયો. સોનિયેર દેવીના મૂર્તિવિધાનનો ખાસ અભ્યાસી હતો. આ દેવીની પૂજા અગાઉના એક ધાર્મિક સંપ્રદાયમાં કરવામાં આવતી. લેંગ્ડન પણ અત્યારે આ દેવીપૂજા અને દેવીના મૂર્તિવિધાન અંગે એક પુસ્તક લખી રહ્યો હતો. જોકે પોતે આવું કોઈ પુસ્તક લખી રહ્યો છે એ વાત લેંગ્ડને ગુપ્ત રાખી હતી. કારણ, તેને બીક હતી કે એ પુસ્તકમાંની કેટલીક વાતો સારી એવી ચકચાર જગાડશે. ઑફિસર બેઝુ તોછડો હતો. લેંગ્ડન જ જાણે ગુનેગાર હોય તે રીતે વર્તતો હતો. લેંગ્ડને નોંધ્યું કે બેઝુએ પોતાના કપડા પર એક પિન લગાવી હતી જેના પર જિસસ અને તેમના બાર શિષ્યોનું ચિત્ર હતું. અમુક ચોક્કસ સંપ્રદાયના અનુયાયી આવી પિન પહેરે છે એ લેંગ્ડન જાણતો હતો. સોનિયેરના શબ ફરતું પાંજરું હજી ખોડાયેલું હતું. બેઝુ અને લેંગ્ડન બંને પાંજરું ઊંચું કરીને અંદર દાખલ થયા. તેમ કરવા જતાં લેંગ્ડનનું માથું પાંજરામાં સળિયા સાથે ભટકાયું.

ઓપસ ડેઈ નામના સંપ્રદાયનો વડો બિશપ મેન્યુઅલ એરિંગારોસા પોતાનો બેગ બિસ્તરો બાંધીને ન્યૂ યૉર્ક શહેરમાં આવેલા સંપ્રદાયના મુખ્યાલયમાંથી બહાર પડ્યો અને રોમ જતું વિમાન પકડવા ઍરપોર્ટ તરફ ઉપડયો. તેણે પ્રમાણમાં સાદાં કપડાં પહેર્યાં હતાં, પણ તેની આંગળી પર બિશપની વીંટી ઝગારા મારી રહી હતી. વિમાનમાં બેઠા પછી બિશપ ઓપસ ડેઈ સંપ્રદાયના ઇતિહાસ અંગે વિચારવા લાગ્યો. વીસમી સદીનાં આરંભનાં વર્ષોમાં આ સંપ્રદાયની શરૂઆત થઈ. તે એક રૂઢિચુસ્ત કેથલિક સંપ્રદાય હતો. હમણાં હમણાંથી આ સંપ્રદાયની આકરી ટીકા

થઈ રહી હતી. પણ છેલ્લા પાંચેક મહિનાથી ઓપસ ડેઈ સામે એક મોટો ખતરો પેદા થયો હતો. ના, એ ખતરો માસ મિડિયા તરફથી નહોતો, કે નહોતો એ આકરા ટીકાકારો તરફથી. તો કોના તરફથી એ ખતરો ઊભો થયો હતો? એ જાણવા માટે હે પ્રિય વાચક! તારે થોડી રાહ જોવી પડશે.

હવાઈ મુસાફરી દરમિયાન જ બિશપ પર એક ફોન આવ્યો. આપણે જે શોધી રહ્યા છીએ તે ક્યાં છે એ સિલાસે શોધી કાઢયું છે એમ ફોન પર બિશપને જણાવવામાં આવ્યું. પણ ચર્ચ ઑફ સેન્ટ સેલ્પિસમાં સિલાસ પ્રવેશ મેળવી શકે તે માટે બિશપની મદદની જરૂર હતી. બિશપે કહ્યું કે આ માટે હું મારી લાગવગ લગાડીશ. તો બીજી બાજુ સિલાસના ઉત્સાહનો પાર નહોતો. કારણ, સંપ્રદાય તરફથી એને મોટી જવાબદારી સોંપાઈ હતી. સિલાસ આ સંપ્રદાયમાં જોડાયો ત્યાર પછી આવું મોટું કામ તેને પહેલી જ વાર સોંપવામાં આવ્યું હતું. ઉત્સાહથી આગળ વધતાં સિલાસની આંખ સામે તેના ભૂતકાળનાં ચિત્રો પસાર થતાં જતાં હતાં.

લૂવ્રના મ્યુઝિયમમાં લેંગ્ડન સોનિયેરના શબને તાકી રહ્યો હતો. મરતાં પહેલાં સોનિયેરે પોતાના શરીરને અમુક ચોક્કસ રીતે ગોઠવ્યું હતું. લેંગ્ડન બેઝુને તેનું રહસ્ય સમજાવી રહ્યો હતો. મરતાં પહેલાં પોતાના જ લોહીથી સોનિયેરે પોતાના પેટ પર એક પંચખૂણિયા આકૃતિ દોરી હતી. આ પાંચ ખૂણિયો તારો મૂળ તો પેગન ધર્મમાં પૂજાતી દેવી વિનસનું પ્રતીક હતો. પણ પાછળથી તેનો સંબંધ મેલી વિદ્યા ને જાદુ-મંતર સાથે ખોટી રીતે જોડી દેવામાં આવ્યો. તો કૅપ્ટન બેઝુએ લેંગ્ડનનું ધ્યાન દોર્યું કે મરનારે હાથમાં માર્કર પેન પકડી રાખી હતી. આ પેનની વિશિષ્ટતા એ હતી કે અંધારામાં તે ચમકવા લાગતી. સાધારણ રીતે મ્યુઝિયમના કર્મચારી ચિત્રો વિષે નોંધ કરવા માટે આવી પેન વાપરે છે. પછી 'કાળા પ્રકાશ'નો ઉપયોગ કર્યો તો પેલી પેન વડે લખાયેલો એક સંદેશો જોવા મળ્યો. પણ બેઝુને તેમાં કંઈ ગતાગમ પડી નહીં એટલે તેણે એ સંદેશાનો માયનો સમજાવવા લેંગ્ડનને કહ્યું. લેંગ્ડન અને કૅપ્ટન બેઝુ વચ્ચે જે વાતચીત થઈ રહી હતી તે બધી જ સોનિયેરની ઑફિસમાં બેઠેલું કોઈ સાંભળીને ટેપ કરી રહ્યું હતું. એ 'કોઈ' તે બીજું કોઈ નહીં, પણ રિટ્ઝ હોટેલના કમરામાં લેંગ્ડનની પૂછપરછ કરનાર પોલીસ ઑફિસર કૉલેટ. પણ આ વાતની લેંગ્ડનને ખબર નહોતી.

મધરાત વીતી ગયા પછી ચર્ચ ઑફ સેન્ટ સલ્પિસની સિસ્ટર સેન્ડ્રિનના ફોનની ઘંટડી રણકી ઊઠી. આટલી રાતે વળી કોનો ફોન? પણ

સામે છેડે હતા સિસ્ટર સેન્દ્રિનના ઉપરી. તેમણે કહ્યું: 'બિશપ એરિંગારોસાનો આદેશ મને મળ્યો છે. ઓપસ ડેઈ સંપ્રદાયનો એક અનુયાયી આવશે. તેને અત્યારે ને અત્યારે જ ચર્ચમાં પ્રવેશ આપવાનો છે. આ વાત સાંભળી સિસ્ટરને અચંબો થયો, પણ આ તો ઉપરીનાય ઉપરીનો આદેશ. એટલે તેમ કર્યા વગર છૂટકો જ નહીં. જો કે તેના મનમાં ઓપસ ડેઈ સંપ્રદાય વિષે અણગમો હતો. ખાસ તો તે લોકો આત્મપીડનનું જે રીતે માહાત્મ્ય કરતા તે સિસ્ટરને ગળે નહોતું ઊતરતું. વળી એ સંપ્રદાયમાં સ્ત્રીઓને ઊતરતા દરજ્જાની ગણવામાં આવતી.

લૂવ્રના મ્યુઝિયમમાં કૅપ્ટન બેઝુ અને લેંગ્ડન વચ્ચેની વાતચીત કૉલેટ ટેપ કરી રહ્યો હતો ત્યારે જ 'કાળા પ્રકાશ!'માં સોનિયેરે લખેલો સંદેશો લેંગ્ડનની નજરે પડ્યો :

13-3-2-21-1-1-8-5

O, Draconian devil!

Oh, lame saint!

મરતાં મરતાં સોનિયેરે લખેલો સંદેશો વાંચીને લેંગ્ડન વિમાસણમાં પડયો. પહેલું તો એ કે આ સંદેશાનો અર્થ શો? અને બીજું એ કે સોનિયેરની માતૃભાષા ફ્રેન્ચ હતી. મરતો માણસ સાધારણ રીતે પોતાની માતૃભાષા, બોલે કે લખે. પણ સોનિયેરે સંદેશો ફ્રેન્ચમાં નહીં, અંગ્રેજીમાં લખ્યો હતો એમ કેમ? વધુ ખાંખાખોળાં કરવા માટે લેંગ્ડને ફરી 'કાળા પ્રકાશ'નો ઉપયોગ કર્યો તો તેને દેખાયું કે અદૃશ્ય શાહી વડે સોનિયેરે પોતે જ્યાં ઢળી પડ્યો હતો તેની આસપાસ એક વર્તુળ પણ દોર્યું હતું. એ વર્તુળને જોતાં લેંગ્ડનના ધ્યાનમાં આવ્યું કે સોનિયેરનું શબ જે રીતે એ વર્તુળની વચ્ચે પડ્યું હતું તે લિયોનાર્દો દા વિન્ચીના પેલા પ્રખ્યાત માણસના ચિત્રની યાદ આપતું હતું. એ ચિત્રનું નામ 'ધ વિટ્રુવિયન મૅન'. કૅપ્ટન બેઝુને આ આખી પ્રતીક યોજનામાં મેલી વિદ્યા પ્રત્યેનો ઈશારો દેખાયો. લિયોનાર્દો દા વિન્ચીનો ખ્રિસ્તી ધર્મસંસ્થા ચર્ચ સાથેનો સંબંધ અટપટો હતો. એક બાજુથી તેણે ધાર્મિક ચિત્રો દોર્યાં છે, તો બીજી તરફથી એ જ ચિત્રોમાં તેણે ચર્ચ વિરોધી સંદેશા ગૂઢ લિપિમાં આલેખ્યા છે. બેઝુ અને લેંગ્ડન વચ્ચેની આ બધી વાતચીત સોનિયેરની ઑફિસમાં બેઠેલો કૉલેટ સાંભળી રહ્યો હતો. એ વાતો સાંભળીને કૉલેટને બેઝુની ધર્મશ્રદ્ધા માટે તથા ગુનો ઉકેલવાની કાબેલિયત માટે માન થયું . લેંગ્ડન આવ્યો તે પહેલાં જ બેઝુએ કહેલું કે સોનિયેરનું ખૂન કોણે કર્યું હશે તેનો અંદાજ

મને આવી ગયો છે. પણ કૉલેટ બેઠો બેઠો માત્ર બેઝુ અને લેંગ્ડન વચ્ચેની વાતચીત જ નહોતો સાંભળતો, તેની નજર સતત ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટિમના સ્ક્રીન પર પણ હતી.

અને એ જ વખતે ગ્રાન્ડ ગૅલેરીમાં સોફી નેવેઉએ પ્રવેશ કર્યો. તેણે કહ્યું કે સોનિયેરે લખેલા ગુપ્ત સંદેશાનો ભેદ મેં ઉકેલ્યો છે. બેઝુએ પોતાનો ફોન બંધ કરી દીધો હતો અને કૉલેટને ખાસ સૂચના આપી હતી કે ગ્રાન્ડ ગૅલેરીમાં બીજી કોઈ જ વ્યક્તિને આવવા ન દેવી. એટલે સોફીને આવેલી જોઈને તે અકળાયો અને ગુસ્સે થયો. તે લેંગ્ડન સાથે વાત કરી રહ્યો હતો ત્યારે આવીને સોફીએ ખલેલ પહોંચાડી તેથી તે નારાજ થયો. કારણ બેઝુ પાકેપાયે માનતો હતો કે સ્ત્રીઓ પોલીસ ખાતામાં કામ કરવાને લાયક હોતી નથી. એક તો સ્ત્રી શરીરથી નબળી અને બીજું સ્ત્રી હાજર હોય તો બધા પુરુષનું ધ્યાન તેના તરફ વધુ રહે, કામ તરફ ઓછું. પણ સોફી કાંઈ ગાંજી જાય એવી નહોતી. તેણે તો લેંગ્ડનને પણ તરત સંદેશો આપ્યો. હમણાં ને હમણાં તમારે અમેરિકન એમ્બસીને ફોન કરવાનો છે એવો તાકીદનો સંદેશ છે. કયા નંબર પર ફોન કરવો તે નંબર પણ સોફીએ લેંગ્ડનને આપ્યો. પણ એ નંબર લગાડયો તો એ અમેરિકન એમ્બસીનો નંબર જ નહોતો. એ નંબર તો હતો સોફીની પોતાની આન્સરિંગ સર્વિસનો. એ સર્વિસ પર રેકર્ડ કરેલા સંદેશામાં લેંગ્ડનને જણાવવામાં આવ્યું કે તમે આફતમાં બરાબરના સપડાયા છો.

ચર્ચ ઑફ સેન્ટ સલ્પિસ જતાં જતાં રસ્તામાં સિલાસ પોતાના ભૂતકાળને વાગોળી રહ્યો હતો. નાનપણથી બાપ સાથે બનતું નહીં. બાપ ગાળાગાળી ને મારઝૂડ કરતો. એટલે પછી એક દિવસ સગા બાપનું કાટલું કાઢી નાખ્યું ને ઘર છોડીને ભાગ્યો. બસ, ત્યારથી મારફાડ, ખૂનખરાબી સિલાસને કોઠે પડી ગઈ. ખૂનના આરોપમાં જેલમાંય ગયેલો. પણ નસીબ સારાં. મોટો ધરતીકંપ થયો અને તેને પરિણામે જેલની કોટડીની દીવાલમાં મોટું બાકોરું પડી ગયું. સિલાસ મુઠ્ઠીઓ વાળીને જેલમાંથી ભાગ્યો. દોડતો દોડતો સીધો જઈ પહોંચ્યો સ્પેનમાં આવેલ ઓવેડોની ચર્ચમાં. ત્યાં તેને એરિંગારોસાનો મેળાપ થયો. તે વખતે હજી તે બિશપ નહોતો બન્યો, પાદરી હતો. પણ તેણે સિલાસને આશરો આપ્યો. હકીકતમાં 'સિલાસ' એવું નામ પણ ઓરિંગારોસાએ જ આપેલું. બાકી તેનું મૂળ નામ તો બીજું કાંઈક હતું. બાઈબલનું એક પાનું ખોલી, તેમાં 'સિલાસ' પર આંગળી મૂકી, એરિંગારોસાએ તેનું નવું નામ પાડ્યું, નવા

જન્મેલા બાળકનું પાડે તેમ. બસ, ત્યારથી સિલાસ ઓરિંગારોસાનો જમણો હાથ બની ગયો. બીજી બાજુ, પ્લેનની મુસાફરી દરમિયાન એરિંગારોસા પણ વિચારે ચડયો હતો. પેલું ગુપ્ત રહસ્ય જાણવા માટે ઓપસ ડેઈએ 'ગુરુ'ને મોટી બધી રકમની ઑફર કરી હતી. ગુરુએ એરિંગારોસાને સલાહ આપેલી કે હમણાં સિલાસનો સંપર્ક કરવો નહીં. જેથી પોલીસને કોઈના પર પણ વહેમ ન જાય.

ફોન પર સોફીએ રેકર્ડ કરેલો સંદેશો લેંગ્ડન સાંભળી રહ્યો હતો તે જ વખતે સોફી કૅપ્ટન બેઝુને કહી રહી હતી : 'જુઓ, આ ગૂઢ સંદેશો આ રીતે ઉકેલી શકાયો છે. તેમાં જે જે આંકડા લખ્યા છે તેને એક પછી એક ચડતા ક્રમમાં ગોઠવો : ૧-૧-૨-૩-૫-૮-૧૩-૨૧. આવા ક્રમને ફેબનાહચી ક્રમ તરીકે ગણિતમાં ઓળખવામાં આવે છે. ફેબનાહચી નામનો ગણિતશાસ્ત્રી ઈ.સ.ની ૧૨મી સદીમાં થઈ ગયો. તેણે બનાવેલા આ ક્રમની વિશિષ્ટતા એ છે કે તેમાંનો દરેક આંકડો તેનાથી આગલા બે આંકડાના સરવાળાની બરોબર હોય છે. જેમ કે અહીં 8+13=21, 5+8=13, 3+5=8, 2+3=5, 1+1=2 . પણ જો સોફીની વાત સાચી હોય તો તો મરતાં મરતાં સોનિયેરે બધાંને ઉલ્લુ બનાવ્યાં ગણાય. એટલે બેઝુને સોફીની વાત ગળે ન ઊતરી અને તેનાં અકળામણા અને ગુસ્સો ઓર વધી ગયાં. સોફી કહે છે : 'ચાલો, હવે હું જાઉં'. લેંગ્ડન બેઝુને કહે છે કે એમ્બસીએ સંદેશો આપ્યો છે કે મારા એક મિત્રને અકસ્માત નડ્યો છે. એ સાંભળીને હું ખૂબ અસ્વસ્થ થઈ ગયો છું. એટલે બાથરૂમમાં જઈ, મોં ધોઈ, જરા સ્વસ્થ થઈને થોડીવારમાં પાછો આવું છું. બેઝુને ખબર છે કે લેંગ્ડનના શરીર પર ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટિમનું ટ્રેકર તેની જાણ બહાર ગોઠવી દેવામાં આવ્યું છે એટલે લેંગ્ડન ક્યાં છે તેની ભાળ તો મળતી રહેશે. એટલે છો બાથરૂમ સુધી એકલો જતો; છતાં બેઝુએ કૉલેટને તાકીદ કરી હતી કે જો લેંગ્ડન ગૅલેરીની બહાર જતો જણાય તો તરત મને સાવધ કરવો.

લેંગ્ડન બાથરૂમમાં ગયો ત્યારે ત્યાં સોફી તેની રાહ જોતી હતી. તેણે પોતાની વાત ફોડ પાડીને લેંગ્ડને કહી : સોનિયેરનું ખૂન તમે જ કર્યું છે એમ પોલીસ માને છે. એટલે જ તમારી જાણ બહાર તમારા શરીર પર ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટિમ - જીપીએસનું ટ્રેકર ગોઠવી દેવાયું છે. આ સાંભળી તરત જ લેંગ્ડન પોતાના ખિસ્સા ફંફોસવા લાગ્યો. તેના આશ્ચર્ય વચ્ચે એક ખિસ્સામાંથી જીપીએસનું ટ્રેકર મળી આવ્યું. લેંગ્ડન સમજી

ગયો. મને મળવા હોટેલમાં કોલેટ આવ્યો ત્યારે જ તેણે મારા ખિસ્સામાં સરકાવી દીધું હશે. લેંગ્ડન એ ટ્રેકરને ફેંકી દેવા જતો હતો, પણ સોફીએ તેને વાર્યો; 'તો તો પોલીસ તરત તમારી પાછળ પડશે અને તમે જ ખૂની છો એવી ખાતરી થઈ જશે.' કૅપ્ટન બેઝુએ ખૂનના ઘટનાસ્થળનો એક ફોટો પોલીસ ખાતાની વેબસાઈટ પર અપલોડ કર્યો હતો. એ ફોટો સોફીએ લેંગ્ડનને બતાવ્યો. તેમાં જમીન પર લખેલો સંદેશો પણ વંચાતો હતો : 'પી. એસ. રૉબર્ટ લેંગ્ડનને ગમે ત્યાંથી શોધી કાઢો.' સોફી કહે છે કે ''તમને ખૂની ઠરાવીને તમારી ધરપકડ કરવા માટે પોલીસ પાસે પુરતા પૂરાવા છે. પણ હું જાણું છું કે તમે ખૂન નથી કર્યું. હકીકતમાં સોનિયેરે તમને શોધી કાઢવાનું મને કહ્યું હતું. સોનિયેર એ પણ જાણતા હતા કે દા વિન્ચીનું 'ધ વિટુવિયન મૅન' એ મારું, સોફીનું ગમતું ચિત્ર છે. તેને એ વાતની ખાતરી હતી કે ચિત્રની બાજુમાં જો તે આંકડાઓ લખશે તો તે ઉકેલવા માટે ક્રિપ્ટોગ્રાફી (ગૂઢલિપિ ઉકેલવાનું શાસ્ત્ર) નો વિભાગ પણ આ મામલા સાથે સંકળાશે. વળી મરતાં પહેલાં સોનિયેરે લખેલા સંદેશાની શરૂઆત 'પી. એસ.' થી થતી હતી. અંગ્રેજીમાં સાધારણ રીતે 'પી. એસ.' એ 'પોસ્ટ સ્ક્રીપ્ટ'ના ટૂંકા રૂપ તરીકે વપરાય છે અને પાછળથી ટપકાવેલી નોંધ માટે તે વપરાય છે; પણ અહીં પી. એસ. અક્ષરો મારું નામ સૂચવે છે. કારણ સોનિયેર મને 'પ્રિન્સેસ સોફી' કહીને બોલાવતા.'' આ બધી વાત દરમિયાન લેંગ્ડન મનમાં ને મનમાં વિમાસી રહ્યો છે : 'આ સોફી અને મરનાર સોનિયેર વચ્ચે કેવો સંબંધ હતો? સોફી તેની પ્રેમિકા હતી? કે પછી રખાત હતી?' સોફી હતી ભારે ચબરાક. લેંગ્ડનની વિમાસણ તે સમજી ગઈ. તમે વિચારો છો ને, કે મારે ને સોનિયેરને શું લાગેવળગે? સોનિયેર મારા દાદા થતા હતા. છેલ્લા થોડા વખતથી અમારી વચ્ચે અણબનાવ થયો હતો.

સોફી સાથે બાથરૂમમાં વાત કરતાં લેંગ્ડનને દસેક મિનિટ થઈ ગઈ. એટલે હજી લેંગ્ડન પાછો કેમ ન આવ્યો એવી ચિંતા બેઝુ અને કૉલેટને થવા લાગી. જો કે કૉલેટે કહ્યું કે તેના શરીર પર છુપાયેલું જીપીએસ ટ્રેકર હજી થોડું થોડું હલી રહ્યું છે એટલે તે હજી લેંગ્ડનના શરીર પર જ હોવું જોઈએ. જો ટ્રેકર છે એવો ખ્યાલ લેંગ્ડનને આવ્યો હોત તો પોતાના શરીરથી તેને દૂર કરીને તેણે ભાગવાનો પ્રયત્ન કર્યો હોત. અને તો ટ્રેકર સહેજ પણ હલતું ન હોત. કૉલેટને લાગે છે કે બેઝુ નાહકનો આ કેસને વધુ પડતી ગંભીરતાથી લઈ રહ્યો છે. તાજેતરમાં જ એક મામલામાં બેઝુનું

નામ થોડું બદનામ થયું હતું એટલે પોતાની છાપ સુધારવા માટે તે આ ખૂનના કિસ્સામાં વધુ પડતા ઉત્સાહથી કામ કરી રહ્યો છે. ત્યાં તો ક્રિપ્ટોલૉજી - ગૂઢલિપિ - વિભાગના વડાનો ફોન આવ્યો. તે બેઝુ સાથે સોફી વિષે વાત કરવા માંગતો હતો.

બીજી બાજુ સિલાસ ચર્ચ ઑફ સલ્પિસ તરફ આગળ વધી રહ્યો હતો. રસ્તામાં તેણે કેટલીક વેશ્યાઓને જોઈ - બધી વીસ વરસથી ઓછી ઉમ્મરની. તેમને જોઈને સિલાસના મનમાં કામનાનો કીડો સળવળ્યો, પણ પોતે જ પોતાના સાથળ પર બાંધેલા કાંટાળા પટ્ટાએ તેને સાવધ કર્યો. ઓપસ ડેઈ પંથમાં દાખલ થયા પછી સિલાસે બ્રહ્મચર્ય વ્રત લીધું હતું. જો એમ કરવાથી મુક્તિ મળતી હોય તો બ્રહ્મચર્યપાલન એ કોઈ બહુ મોટી કિંમત ન કહેવાય. આમ વિચારતો સિલાસ ચર્ચ ઑફ સલ્પિસ પાસે આવી પહોંચ્યો અને તેણે ચર્ચને બારણે ટકોરા માર્યા.

બપોરે જ સોફી પર સોનિયેરનો સંદેશો આવ્યો હતો તે અંગે સોફી વિચારી રહી હતી. છેલ્લાં દસેક વર્ષથી બન્ને વચ્ચેના સંબંધો મીઠા રહ્યા નહોતા. સોફીને પત્રો લખીને સોનિયેરે, એ પોતે નિર્દોષ હોવાની રજૂઆત વારંવાર કરી હતી, પણ સોફીને એ વાત ગળે ઊતરી નહોતી. એટલે તેણે સોનિયેર સાથેનો સંબંધ કાપી નાખ્યો હતો. પણ તે દિવસે સોફીને સોનિયરનો જે સંદેશો મળ્યો તે ખૂબ તાકીદનો હતો. સોનિયરે કહેલું કે આપણા બન્નેને માથે મોટી આફત તોળાઈ રહી છે અને એટલે તારા કુટુંબનું શું થયું તે હવે આજે તો મારે તને કહી દેવું જોઈએ. સોફી નાની હતી ત્યારે જ તેના કુટુંબનાં બધાં સભ્યોનું મોટર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. પણ સોફીને લાગ્યું કે મારી સાથેનો સંપર્ક ફરી ચાલુ થાય એટલા ખાતર સોનિયેરે આ વાત ઉપજાવી કાઢી લાગે છે. એટલે સંદેશો મળવા છતાં સોફીએ સોનિયેરને ફોન કર્યો નહીં. સોફીએ લેંગ્ડનને પૂછ્યું કે સોનિયેર તમને પણ મળવા માગતો હતો, એ શા માટે? લેંગ્ડને કહ્યું કે મને ખબર નથી. ત્યારે સોફીએ તેને કહ્યું કે તમે મારી સાથે મ્યુઝિયમમાંથી બહાર નીકળી જાવ અને અમેરિકન એમ્બસીમાં જઈ આશરો લો. સોનિયેરનું ખૂન કોણે, શા માટે કર્યું એની શોધ આપણે પછી કરીશું. પણ લેંગ્ડને એ રીતે ભાગી જવાની ના પાડી. બેઝુએ સોફીનો સેલફોન રણકાવ્યો, પણ સોફીએ તે બંધ કરી દીધો. પછી સોફી તેની આંખથી મ્યુઝિયમની બારીને માપી રહી. આ બારીમાંથી કૂદીને લેંગ્ડન ભાગી શકે કે નહીં, એમ તે વિચારતી હતી.

બીજી બાજુ બેઝુએ કૉલેટને જણાવ્યું કે, ક્રિપ્ટોલૉજી વિભાગના વડાએ સોનિયેરે લખેલા ગૂઢ સંદેશાનો ભેદ ઉકેલી લીધો છે. સોફીની જેમ તે પણ એમ જ માને છે કે સંદેશામાંના આંકડાઓ એ ફેબનાહચી ક્રમના અર્થહીન આંકડાઓ જ હતા. વળી વડાએ એમ પણ કહ્યું છે કે સોફીને મેં મ્યુઝિયમ મોકલી નથી. પણ સોનિયેર તેનો દાદો થતો હતો એટલે તે પોતાની મેળે જ ત્યાં આવી હશે. સોફીની જેમ કૉલેટ પણ માને છે કે આવા આંકડાઓ લખવા પાછળનો સોનિયેરનો હેતુ એ જ હશે કે સોફીને પણ આ મામલા સાથે સંકળાવાની તક મળે. તેવામાં તો ભયસૂચક ઘંટડી રણકી ઊઠી. બાથરૂમમાં કંઈક ગડબડ હતી. જીપીએ સ્ક્રીન પર નજર નાખતાં જણાયું કે લેંગ્ડન બારીમાંથી કૂદીને ભાગી ગયો લાગે છે. કૉલેટે સ્ક્રીન પર જોયું કે ટ્રેકર પહેલાં બારીની બહાર ગયું અને પછી આગળ વધતું અટકી ગયું એટલે તેણે માની લીધું કે બારીમાંથી કૂદીને લેંગ્ડને આપઘાત કર્યો હશે. પણ જરાકવારમાં ટ્રેકર ફરી હાલવા લાગ્યું. મ્યુઝિયમની ઈમારતથી દૂર જવા લાગ્યું અને પછી રસ્તા પર સરકવા લાગ્યું. બેઝુ દોડીને બાથરૂમમાં પહોંચી ગયો હતો. તેણે બારીની બહાર નજર કરી તો એક બહુ મોટો ખટારો જઈ રહ્યો હતો. એટલે બેઝુએ માની લીધું કે બારીમાંથી કૂદીને લેંગ્ડને આપઘાત કર્યો હશે. એટલે તે તરત જ ટ્રકનો પીછો કરવા દોડયો પણ હકીકતમાં લેંગ્ડન અને સોફી તો મ્યુઝિયમના જ એક અંધારા ખૂણામાં સંતાયાં હતાં. બનેલું એવું કે કચરાનો ડબો જોરથી મારીને સોફીએ પહેલાં બારીનો કાચ તોડ્યો હતો. પછી લેંગ્ડનના શરીર પરના ટ્રેકરને એક સાબુમાં ખોસ્યું હતું અને પછી તેણે એ સાબુ બારી નીચેથી પસાર થતા ખટારામાં ફેંક્યો હતો. મ્યુઝિયમમાં જેટલા પોલીસ હતા તે બધાને બેઝુએ પેલી ટ્રકનો પીછો કરવા હુકમ આપ્યો. એટલે હવે મ્યુઝિયમમાં પોલીસો ન રહ્યા. બધા પોલીસો ગયા એની ખાતરી થયા પછી સોફીએ લેંગ્ડનને એક ખૂણામાં આવેલા ચક્રાકાર દાદર પરથી નીચે ઉતાર્યો. સોફીની ચપળતા, તાબડતોબ યોજના ઘડી કાઢવાની શક્તિ અને હિંમતથી લેંગ્ડન પ્રભાવિત થયો.

બીજી બાજુ સિસ્ટર સેન્ડ્રિને બારણું ખોલ્યું એટલે સિલાસ ચર્ચમાં દાખલ થયો. સિસ્ટરે કહ્યું કે હું તમને આખું ચર્ચ બતાવું. પણ સિલાસે ના પાડી અને કહ્યું કે તમ તમારે નિરાંતે સૂઈ જાવ. મારે તો માત્ર પ્રાર્થના કરવી છે અને ચર્ચ જોવું જ હશે તો હું મારી મેળે ફરીને જોઈ લઈશ.

સિલાસની વાત સિસ્ટરે માની તો લીધી, પણ સિસ્ટરના મનમાં સિલાસ માટે વહેમ જાગ્યો હતો. એટલે અંધારામાં ઊભી રહીને તે સિલાસની હેરફેર પર નજર રાખવા લાગી.

લેંગ્ડન હજી સોનિયેરે લખેલા ગૂઢ સંદેશાનો ભેદ ઉકેલવાના વિચારોમાં જ ખોવાયેલો હતો. તેણે નોંધ્યું કે સંદેશામાંની દરેક વાતનો કોઈ ને કોઈ રીતે 'પીએચઆઈ' સાથે સંબંધ હતો. આ પીએચઆઈ એટલે ૧.૬૧૮નો આંકડો, જે દૈવી આંકડો મનાતો. આગલે દિવસે સાંજે જ પોતાના ભાષણમાં લેંગ્ડને આ આંકડાની વાત કરી હતી અને કુદરતમાં તેમ જ કલામાં ઠેર ઠેર કઈ રીતે આ આંકડો સંકળાયેલો જોવા મળે છે તેની સમજૂતી આપી હતી. પવિત્ર દેવીના પ્રતીકરૂપે મનાતા પંચખૂણિયા તારા સાથે પણ એ આંકડા સંકળાયેલા છે. ત્યાં જ અચાનક લેંગ્ડનને મનમાં ઝબકારો થયો : ''અરે, સોનિયેરના સંદેશામાંના પેલા અક્ષરો! એ અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવીએ તો આપણને વાંચવા મળે: 'લિયોનાર્દો દા વિન્ચી! ધ મોનાલિસા'. પણ મરતો માણસ પોતાના આખરી સંદેશામાં એક ચિત્રનું અને તેના ચિત્રકારનું નામ શા માટે લખે? ના. આ સંદેશામાંના આંકડા પણ અર્થહીન નથી, અને અક્ષરો પણ અર્થહીન નથી. માત્ર તેમનો અર્થ સમજાતો નથી. પણ સમજ્યા વગર, સંદેશાનો ભેદ ઉકેલ્યા વગર છૂટકો નથી. પણ એ ભેદ ઉકેલવો કઈ રીતે?

સાંકેતિક સંદેશામાંના અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવીને જ્યારે લેંગ્ડને વાંચ્યા ત્યારે સોફીએ કહ્યું કે 'હા, મારા દાદાને વિખ્યાત ચિત્રો અને ચિત્રકારોનાં નામના અક્ષરો ઊલટસૂલટ ગોઠવીને આવા એનાગ્રામ - વ્યસ્ત સંદેશા બનાવવાનો શોખ હતો. એ નાની હતી ત્યારે એક દિવસ દાદા તેને મોના લિસાનું ચિત્ર જોવા લઈ ગયા હતા - તે દિવસે લૂવ્રનું મ્યુઝિયમ બંધ હતું છતાં. એ વખતે સોફીને મોના લિસાના ચિત્રમાં ખાસ રસ પડ્યો નહોતો. પણ સોફીએ કહ્યું કે મોના લિસાના ચિત્રનો ઉપયોગ દાદાએ સંદેશો મૂકવા માટે કર્યો હોય એ શક્ય છે, કારણ એ માનીતું ચિત્ર હતું અને અવારનવાર તેઓ ક્યાંય સુધી મોના લિસા સામે એક ટકે જોઈ રહેતા. મરતાં પહેલાં પણ તેઓ તેમના આ માનીતા ચિત્ર પાસે ગયા હોય તે શક્ય છે. સોફીએ કહ્યું કે ચક્રાકાર દાદર ચડીને પાછા એ ચિત્ર પાસે જવું જોઈએ, પણ મારે એકલીએ. તેણે લેંગ્ડનને કહ્યું કે તમે તાબડતોબ અમેરિકન એમ્બસીમાં પહોંચી જાવ. ત્યાં જવા માટે તેણે પોતાની મોટરની ચાવી પણ લેંગ્ડનને આપી. જતાં જતાં લેંગ્ડન વિચારી રહ્યો

હતો. મને શોધી કાઢવાનું સોનિયેરે સોફીને શા માટે કહ્યું હશે? ગૂઢ સંદેશાને ઉકેલવાનું કામ તો મારી મદદ વગર પણ સોફી કરી શકી હોત. ત્યાં જ એના મનમાં એક ઝબકારો થયો, સંદેશામાંના 'પી.એસ.' અક્ષરો વિષે. અને તેણે પાછા વળી સોફી તરફ દોટ મૂકી.

સેન્ટ સલ્પિસ ચર્ચમાં ફરતાં સિલાસનું ધ્યાન રોઝ લાઈન - ગુલાબનાં ફૂલોનાં ચિત્રવાળી સીધી રેખા તરફ ગયું. પિત્તળની લાંબી પટ્ટી પર ગુલાબની ભાત ઉપસાવવામાં આવી હતી. આ પટ્ટી ચર્ચની બરાબર મધ્યમાં ઉત્તરથી દક્ષિણ દિશા તરફ જતી હતી. ઇંગ્લૅન્ડના ગ્રીનવિચને શૂન્ય રેખાંશનું માન આપવામાં આવ્યું તે પહેલાં સેન્ટ સલ્પિસ ચર્ચમાંની આ પિત્તળની પટ્ટી શૂન્ય રેખાંશનો નિર્દેશ કરે છે એમ મનાતું. સિલાસ પાસે એવી માહિતી હતી કે ઓપસ દેઈ મઠની ગુરુકિલ્લી રૂપ પથ્થર આ પટ્ટીના ઉત્તર તરફના છેડા પાસે આવેલા એક ચોખૂણિયા થાંભલાની નીચે હતો. આથી તેણે એ થાંભલા તરફ ચાલવાનું શરૂ કર્યું. લગભગ એ જ વખતે બિશપ એરિંગારોસા રોમ પહોંચી ગયા હતા.

બીજી બાજુ, મોના લિસાના ચિત્ર પાસે જઈને સોફી, દાદાએ કોઈ ગુપ્ત સંદેશો અદશ્ય શાહીમાં લખીને મૂક્યો છે કે કેમ તેની તપાસ કરી રહી હતી. ત્યાં તેણે હાંફતાં હાંફતાં લૅંગ્ડનને દોડીને પોતાની તરફ આવતો જોયો. લૅંગ્ડને સોફીને તરત જ પૂછ્યું : આ 'પી. એસ.' અક્ષરોનો 'પ્રિન્સેસ સોફી' ઉપરાંત બીજો કોઈ અર્થ થતો હોય એવું તને લાગે છે? આ સાંભળી સોફીએ તરત જ કહ્યું : હા, હું નાની હતી ત્યારે દાદાના કબાટના ખાનામાં મેં એક મોટી ચાવી જોઈ હતી. તેના પર 'પી. એસ.' અક્ષરો કોતર્યા હતા. ઉપરાંત ફ્રાન્સના રાજઘરાણાનું લીલીના ફૂલનું ચિત્ર પણ તે ચાવી પર કોતરેલું હતું. સોનિયેરે આ ચાવી શા માટે છે તે સોફીને ક્યારેય કહ્યું નહોતું ,પણ એટલું જરૂર કહેલું કે આ ચાવી મારી પાસે છે એ વાત જો તું કોઈને નહીં કહે તો એક દિવસ આ ચાવી તને જ મળશે. લૅંગ્ડને કહ્યું કે 'સોનિયેર પ્રાયેરી ઑફ સિયોં નામના એક અત્યંત ગુપ્ત મઠનો સભ્ય હતો એની મને ખબર છે. આ મઠ ગ્રીક લોકોના પેગન ધર્મની દેવીની ઉપાસનામાં માનતો. ઘણી જાણીતી વ્યક્તિઓ આ મઠ સાથે સંકળાયેલી હતી. લિયોનાર્દો દા વિન્ચી પણ આ મઠનો સભ્ય હતો. આ મઠના સભ્યો એક અત્યંત ગુપ્ત વાત જાણતા હતા.' આ સાંભળીને સોફીએ કહ્યુ કે હું નાની હતી ત્યારે મારા દાદાને મેં કેટલીક વિચિત્ર વિધિઓ કરતા જોયા હતા. આજે હવે સમજાય છે કે એ વિધિઓ આ

મઠની ધાર્મિક વિધિઓ હશે. બીજી બાજુ પોલીસે જે ભાગતા ખટારાનો પીછો કર્યો હતો તે ટ્રકને પકડી પાડી. પણ એ ટ્રકમાં લેંગ્ડન નહોતો. તેના શરીર પર જે ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટિમ- જીપીએસનું ટ્રેકર પોલીસે મૂક્યું હતું તે એક સાબુની ગોટીમાં ખોસેલું હતું અને એ સાબુ પેલા ખટારામાં પડ્યો હતો. પોલીસ સમજી ગઈ કે આપણને ઉલ્લુ બનાવીને ભાગી જવામાં લેંગ્ડન સફળ થયો છે.

સેન્ટ સલ્પિસ ચર્ચના પેલા ચોખૂણિયા થાંભલા પાસે આવી પહોંચેલો સિલાસ વાંકો વળીને થાંભલાના પાયાને ધારી ધારીને જોવા લાગ્યો. અત્યાર સુધીમાં તેણે જેનાં જેનાં ખૂન કર્યાં હતાં તે દરેક ઈસમે મરતાં પહેલાં તેને કહેલું કે ગુરુકિલ્લીરૂપ પથ્થર અહીં દટાયો હતો. તે ફર્શ પર જડેલી લાદી પર ટકોરા મારવા લાગ્યો. એમ કરતાં એક જગ્યાએ તેને લાદીની નીચે પોલાણ હોવાનું જણાયું. એ જગ્યાની લાદી ઉખેડવાની સિલાસે તૈયારી કરી. પણ સિલાસને ખ્યાલ નહોતો કે સિસ્ટર સેન્ડ્રિન છુપાઈને તેની હિલચાલ પર નજર રાખી રહી હતી. મઠની રખેવાળી કરવાની પોતાની ફરજમાંથી તે ચળે એવી નહોતી. થાંભલાના પાયા પાસેની લાદી ઉખેડવા માટે તૈયાર થયેલા સિલાસને જોઈને તેને થયું કે નક્કી કશુંક અઘટિત બનવાનું છે.

લેંગ્ડન પોલીસને હાથતાળી દઈને ભાગી ગયો તે પછી પોલીસે અમેરિકન એમ્બસીને ફોન કર્યો. ત્યારે પોલીસને જાણવા મળ્યું કે લેંગ્ડન માટે કોઈ અગત્યનો સંદેશો એમ્બસીમાં આવ્યો જ નહોતો! એટલે કે તારે માટે એમ્બસીમાં તાકીદનો સંદેશો આવ્યો છે તેમ સોફીએ પોલીસની હાજરીમાં લેંગ્ડનને કહેલું તે જૂઠું હતું. લેંગ્ડને જે જે ફોન કર્યા હતા તે નંબરનું પગેરું શોધતાં પોલીસને ખ્યાલ આવ્યો કે હકીકતમાં લેંગ્ડને અમેરિકન એમ્બસીને ફોન કર્યો જ નહોતો. તેણે જે નંબર પર ફોન કર્યો હતો તે તો હતો સોફીનો ફોન નંબર! આ વાતનો ખ્યાલ આવતાં પોલીસ ઑફિસર ધૂંઆપૂંઆ થયો. તેણે તરત જ પોતાના ફોન પરથી એ જ નંબર જોડ્યો.

લેંગ્ડનનું માનવું હતું કે મોના લિસાનું ચિત્ર આટલું બધું પ્રખ્યાત બન્યું તેનું એક કારણ એ હતું કે લિયોનાર્દો પોતે તેને પોતાના ઉત્તમ ચિત્ર તરીકે ઓળખાવતો અને પોતે જ્યાં જાય ત્યાં તેને સાથે લઈ જતો. હાર્વર્ડ યુનિવર્સિટીના ગુનેગારો માટેના એક વર્ગમાં પોતે મોના લિસા વિષે શીખવતો એ લેંગ્ડનને યાદ આવ્યું. મોના લિસાના ચિત્રમાં સ્ત્રી અને

પુરુષ બન્નેનાં અંગ-લક્ષણોના સમન્વય અને સંતુલન જોવા મળે છે. લેંગ્ડનનું માનવું હતું કે પ્રજોત્પત્તિનાં ઇજિપ્તનાં દેવ-દેવી એમોન અને લિસાનાં નામ પરથી મોના લિસા નામ બન્યું છે. તો વળી કેટલાકનું માનવું છે કે આ ચિત્ર હકીકતમાં લિયોનાર્દો દા વિન્ચીએ દોરેલું પોતાનું જ ચિત્ર છે, પણ તેણે પોતાને સ્ત્રીનું રૂપ આપ્યું છે. દરેક વ્યક્તિમાં સ્ત્રી અને પુરુષ બંનેના લક્ષણો રહ્યાં હોય છે એવી એક માન્યતા પ્રવર્તે છે અને આ ચિત્ર તેનો પુરસ્કાર કરે છે તેમ મનાય છે. મ્યુઝિયમમાં લેંગ્ડન અને સોફી જ્યારે મોના લિસાના ચિત્ર પાસે પહોંચ્યાં ત્યારે પહેલાં તો તેમનું ધ્યાન ફર્શ પર પડેલા લોહીના ડાઘા તરફ ગયું. મોના લિસાના ચિત્રની આગળ તેના રક્ષણ માટે જે કાચ લગાડવામાં આવ્યો છે તેના પર છ શબ્દોનો બનેલો એક સંદેશો લખ્યો હતો. પોલીસ ઑફિસર બેઝુએ તેના સાથી અફસર કૉલેટને જણાવ્યું કે લેંગ્ડનને ભાગી જવામાં સોફીએ મદદ કરી હતી. હવે બેઝુને ખ્યાલ આવ્યો કે સોફી અને લેંગ્ડન હજી લુવ્રના મ્યુઝિયમમાં જ હોવાં જોઈએ. એટલે તેણે તરત પોતાના અડધા માણસોને લૂવ્ર દોડાવ્યા. બીજા અડધા માણસોને તેણે તરત જ અમેરિકન એમ્બસી જવા હુકમ આપ્યો. કારણ, તે જાણતો હતો કે આખા પેરિસમાં લેંગ્ડનને આશરો આપી શકે તેવું તો આ એક જ સ્થળ હતું.

મોના લિસાના ચિત્ર પર લખેલો સંદેશો હતો : SO DARK THE CON OF MAN. લેંગ્ડને સોફીને કહ્યું કે દુનિયામાંથી દેવી - ઉપાસનાને જડમૂળથી ઉખેડી નાખવાના કૅથલિક ચર્ચના અભિયાનનો અને તેની સામેના પ્રાયોરી ઑફ સિયોંનો આ સંદેશામાં ગર્ભિત ઉલ્લેખ હતો. બરાબર એ જ વખતે એક પોલીસ ઑફિસર ત્યાં આવી પહોંચ્યો અને તેણે લેંગ્ડનની ધરપકડ કરી. જો કે સોફી એક બાંકડા પાછળ છુપાઈ ગઈ એટલે બચી ગઈ.

સેન્ટ સલ્પિસ ચર્ચમાં સિલાસ પોતાને જોઈતી ચીજ મેળવવા માટે ચર્ચની ફર્શ પર મઢેલી લાદી તોડવાની તૈયારી કરી રહ્યો હતો. પોતાનો ઝભ્ભો કાઢીને તેણે લાદી તોડવાના સળિયા ઉપર વીંટાળી દીધો હતો જેથી અવાજ ન થાય. સિલાસને હતું કે સિસ્ટર સેન્ડ્રિન સૂતી છે એટલે ઓછામાં ઓછો અવાજ થાય તેમ તે કામ કરવા માગતો હતો. પણ તેને ખબર નહોતી કે સિસ્ટર તો થોડે દૂર છુપાઈને સિલાસની દરેક હિલચાલ પર નજર રાખી રહી હતી. જ્યારે સિલાસે પોતાનો ઝભ્ભો કાઢી નાખ્યો ત્યારે તેના શરીર પરના અસંખ્ય જખમો જોઈને સિસ્ટર બેબાકળી બની

ગઈ. ઓપસ દેઈ સંપ્રદાયમાં આવા ક્રૂર અને ઘાતકી રીતરિવાજો શા માટે હશે તે તેને સમજાતું નહોતું. સિલાસે લાદી ઉખેડી નાખી તો તેની નીચે તેને એક પત્થર જોવા મળ્યો. બાઇબલની 'ધ બુક ઑફ જૉબ' માંની એક કડીનો સંદર્ભસૂચક આંકડો એ પથ્થર પર લખેલો હતો. સિલાસે તરત જ પોતાની પાસેના બાઇબલમાંથી એ કડી શોધી કાઢી. એ શોધવા માટે પાનાં ઉથલાવતી વખતે સિલાસ તલપાપડ થઈ રહ્યો હતો. પણ તેણે જેવી એ કડી વાંચી કે તરત તેને થયું કે કંઈક કાચું કપાયું છે. કારણ કે કડીનો અર્થ તો એવો થતો હતો કે 'અહીં સુધી તો તું પહોંચ્યો, પણ હવે આગળ નહીં જઈ શકે.' દરમિયાન સિસ્ટર સેન્દ્રિન પોતાના ઓરડા તરફ દોડી. સંકટ સમયે મદદ માટે જે ચાર ટેલિફોન નંબર તેને આપવામાં આવ્યા હતા તે તેણે શોધી કાઢયા.

ક્લોડ ગ્રોઆર્ડ નામના પોલીસ અફસરે, લેંગ્ડનને પકડી રાખ્યો હતો. પોતે જ્યાં છુપાઈ ગઈ હતી ત્યાંથી સોફી બહાર આવી અને 'મેડોના ઑફ ધ રૉક્સ'ના ચિત્ર પાસે પહોંચી. એ ચિત્ર ગૅલેરીના બીજે છેડે આવેલું હતું. તેણે અલ્ટ્રા વાયોલેટ લાઈટ વડે એ ચિત્રને તપાસ્યું. પણ તેને કશું નોંધપાત્ર જોવા ન મળ્યું. દાદા તેને આ ચિત્ર પણ ધ્યાનથી જોવાનું ઘણીવાર કહેતા એટલે તેને ખાતરી હતી કે તેમાં કશીક વિશેષતા હોવી જોઈએ. વળી મોના લિસાના ચિત્ર પર દાદાએ જે સંદેશો લખ્યો હતો– SO DARK THE CON OF MAN તે 'મેડોના ઑન ધ રૉક્સ' ચિત્રનું સૂચન કરતો ગૂઢ સંદેશો હતો. એટલે ચિત્રમાં કશું વિશિષ્ટ ન જણાતાં સોફીએ ચિત્રની પાછળ જોયું અને એની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. ફ્રાન્સના રાજવી કુટુંબનું ચિહ્ન અને અંગ્રેજી પી. એસ. અક્ષરો કોતરેલી પેલી ચાવી દાદાએ ત્યાં સંતાડી હતી! સોફીએ બહુ ઝડપથી નિર્ણય લઈ લીધો. તેણે દીવાલ પરથી 'મેડોના ઑન ધ રૉક્સ'નું ચિત્ર ઉતારી લીધું. પછી ક્લોડને તેણે કહ્યું. લેંગ્ડનને અને મને તું છોડી નહીં દે તો આ મહામૂલા ચિત્રને હું હતું ન હતું કરી નાખીશ! આ સાંભળી ક્લોડે પોતાની બંદૂક નીચે મૂકી દીધી અને લેંગ્ડનને છોડી મૂક્યો.

સિસ્ટર સેન્દ્રિને પોતાની પાસેના ચાર ટેલિફોન નંબર એક પછી એક જોડ્યા. પણ પહેલા ત્રણ નંબર તો નકામા ગયા. કારણ એ નંબર જેમના હતા તે ત્રણેનું થોડા વખત પહેલાં જ મૃત્યું થયું હતું. તેણે ચોથો નંબર જોડ્યો. સામે આન્સરિંગ મશીન બોલી રહ્યું હતું સિસ્ટર આન્સરિંગ મશીન પર સંદેશો મૂકવા જતી હતી. બરાબર તે જ વખતે સિલાસ તેના

ઓરડામાં આવી પહોંચ્યો. તેણે તરત જ સિસ્ટરને કહ્યું : 'પેલો ગુપ્ત પથ્થર ક્યાં દાટેલો છે તે મને કહે.' સિસ્ટરે કહ્યું કે, એ વિશે મને કશી ખબર નથી.' એટલે સિલાસને ગુસ્સો આવ્યો. સિસ્ટરના ઓરડામાંનું મોટું ભારે કેન્ડલ સ્ટેન્ડ ઉપાડીને તેણે સિસ્ટર પર ઝીંક્યું અને સિસ્ટરને મોતને ઘાટ ઉતારી દીધી.

સોફી અને લેંગ્ડને દોટ મૂકી અને બન્ને જઈ પહોંચ્યાં બચુકડી મોટર પાસે. તેમણે તરત જ મોટર અમેરિકન એમ્બસી તરફ દોડાવી. 'ધ મૅડોના ઑન ધ રૉક્સ'ના ચિત્ર પાછળથી મળેલી પેલી ચાવી વડે કઈ અજાયબી ખૂલતી હશે તેનો સોફી વિચાર કરી રહી હતી. દસેક વર્ષ પહેલાંનો એક બનાવ તેને યાદ આવી ગયો. નૉર્મન્ડીની હવેલીમાં તે એક્વાર જઈ પહોંચેલી. એક ખાનગી ઓરડામાં કેટલાંક સ્ત્રી-પુરુષો બેઠાં હતાં. બધાં કોઈક ધાર્મિક વિધિમાં મશગૂલ હતા. બધાંનું ધ્યાન કોઈ એક જ વસ્તુ તરફ કેન્દ્રિત થયેલું હતું અને ભેગાં થયેલાં સૌ બહુ વિચિત્ર રીતે વર્તતાં હતાં. આ ઘટનાની યાદ તાજી કરવામાં સોફીનું મન રોકાયેલું હતું એટલે સામેના રસ્તા તરફ તેનું ઝાઝું ધ્યાન નહોતું. પણ પછી પોલીસની સાયરનનો અવાજ સંભળાતાં સોફી ચમકી. તેણે જોયું કે અમેરિકન એમ્બસી જવાના રસ્તા પર નાકાબંદી કરીને પોલીસે રસ્તો રોકી લીધો હતો. એટલે સોફીએ પોતાની મોટર વાળીને અવળી દિશામાં ચલાવી. પણ નાકાબંદી કરીને ઊભેલી પોલીસની મોટરે તરત જ તેનો પીછો કર્યો. સોફી અને લેંગ્ડન આગળ વધતાં રહ્યાં. કઈ રીતે છટકવું તેની સંતલસ કરતાં રહ્યાં. લેંગ્ડને પેલી ચાવી જોઈ તો તેના ધ્યાનમાં આવ્યું કે ચાવી ક્રૉસના આકારની હતી. પણ ક્રૉસનાં ચારે પાંખિયાં સરખી લંબાઈનાં હતાં. સોફીના મનમાં એક વિચાર આવ્યો. એટલે તેણે મોટર રેલવે સ્ટેશન તરફ વાળી. સોફીની યોજના સફળ થવા વિશે લેંગ્ડનને શંકા હતી. તેણે કહ્યું કે આના કરતાં તો મેં પોલીસને આત્મસમર્પણ કર્યું હોત તો સારું થાત. સ્ટેશને પહોંચીને તેઓ પેરિસથી ઊપડતી પહેલી ટ્રેનની ટિકિટ લઈને ભાગવા માગતાં હતાં.

બીજી બાજુ રોમના ઍરપોર્ટ પર ઊતરીને બિશપ એરિંગારોસા મોટરમાં બેસી રહ્યા હતા. તેઓ નામદાર પોપના ઉનાળુ નિવાસસ્થાન ગેન્ડોલ્ફો કાસલ તરફ જઈ રહ્યા હતા. પાંચ મહિના પહેલાં એક મિટિંગમાં હાજરી આપવા માટે પોતે ગૅન્ડોલ્ફો ગયા હતા તે બિશપને યાદ આવ્યું. એ વખતે ગૅન્ડાલ્ફો જતાં રસ્તામાં બિશપ વિચારી રહ્યાં હતા

કે હાલના પોપ વધુ પડતા ઉદારમતવાદી છે. જે ગેન્ડોલ્ફોમાં વૈજ્ઞાનિક શોધખોળ માટેની વેધશાળા આવી હતી, તે જ ગેન્ડોલ્ફોને તેમણે પોતાનું ઉનાળુ રહેઠાણ બનાવ્યું હતું તે કેવું વાહિયાત કહેવાય! બિશપ માનતા કે ધર્મ અને વિજ્ઞાન એ બે કદી સાથોસાથ રહી શકે નહીં. એ મિટિંગ દરમિયાન એક ભયંકર સત્ય પ્રગટ થયું હતું. પણ આ વખતે ગેન્ડોલ્ફો જતી વખતે રસ્તામાં બિશપ સિલાસનો વિચાર કરી રહ્યા હતા. સિલાસ પેલો ગુપ્ત સંદેશો ધરાવતો પથ્થર મેળવવામાં સફળ થયો છે, એવા ખબર ઝટ મળે તો સારું એમ તેઓ ઈચ્છી રહ્યા હતા.

રેલ્વે સ્ટેશને પહોંચેલાં લેંગ્ડન અને સોફીએ પહેલાં તો બે ટિકિટ ખરીદી અને પછી એક ટેક્સીમાં બેસી ગયાં. લેંગ્ડને જોયું હતું કે પેલી ચાવીની પાછળ એક સરનામું લખેલું હતું. બન્ને તરત એ સરનામે પહોંચવા ઊપડ્યાં. તેમનો પીછો કરતા પોલીસ અધિકારીએ આ બધું જોયું હતું. તેણે અધિકારી કૉલેટને સંદેશો મોકલ્યો કે બન્નેએ ટ્રેનની ટિકિટ લીધી છે; પણ મોટે ભાગે તેમણે આપણને ભુલાવામાં નાખવા આમ કર્યું લાગે છે. કદાચ તેમનો ખરો ઈરાદો હવાઈ માર્ગે ભાગી છૂટવાનો હશે. માટે આ અંગે ઈન્ટરપોલને સાવચેત કરવી જોઈએ. જેમાં લેંગ્ડન અને સોફી બેઠાં હતાં તે ટેક્સી બોઈલ બોલોનના મેદાન આગળથી પસાર થઈ રહી હતી. આ મેદાન એટલે વેશ્યાઓનો અડ્ડો. એ વખતે સોફીએ લેંગ્ડન પાસે પ્રાયોરી ઑફ સિયોં અંગે વધુ માહિતી માગી. લેંગ્ડને કહ્યું કે એક અત્યંત ગુપ્ત રહસ્યને જાળવી રાખવા માટે આ પંથની સ્થાપના થઈ હતી. એક ખંડિયેર મંદિરમાંથી કેટલાક અત્યંત મહત્ત્વના દસ્તાવેજો મળી આવ્યા હતા. આ દસ્તાવેજોને પ્રતાપે પંથના મોભીઓ ખૂબ પૈસાદાર અને જાણીતા બની ગયા હતા. પણ એક પોપે આ બધા મોભીઓને મરાવી નાખ્યા હતા. ત્યારથી એ બધા દસ્તાવેજોને દુનિયાના જુદા જુદા ભાગોમાં ફેરવાતા રહ્યા છે અને તેમને અજાણી જગ્યાએ રાખવામાં આવે છે. લેંગ્ડને કહ્યું કે આ દસ્તાવેજો 'હોલી ગ્રેલ' તરીકે ઓળખાય છે. આ 'હોલી ગ્રેલ' એટલે પવિત્ર પ્યાલો. ઈશુ ખ્રિસ્તે લાસ્ટ સપર લીધું તે વખતે આ પ્યાલો વાપર્યો હતો તેમ પરંપરાગત રીતે મનાય છે. ઈશુને ક્રૉસ પર ચડાવવામાં આવ્યા તે પછી જૉસેફે આ જ પ્યાલામાં ઈશુનું રક્ત ઝીલ્યું હતું એમ પણ મનાય છે. મધ્યકાળમાં આ પ્યાલાને શોધવા માટે જોરશોરથી પ્રયત્નો થયેલા. પણ પ્રાયોરી ઑફ સિયોંમાં 'હોલી ગ્રેલ' શબ્દો એ પવિત્ર પ્યાલા માટે નહીં, પણ આ અત્યંત

ગુપ્ત દસ્તાવેજો માટે વપરાય છે. પોતે આ વિશે એક પુસ્તક લખ્યું છે તેની હસ્તપ્રતની વાત પણ લેંગ્ડનને કરી. પણ જે સંપાદકને તેણે હસ્તપ્રત બતાવેલી તેને લેંગ્ડનની વાતમાં ઝાઝું વજૂદ લાગ્યું નહોતું. બાઈબલ કે ચર્ચ આ માન્યતાને ટેકો આપતાં નથી. એટલે તે ક્યારેય પ્રમાણભૂત બની શકી નથી.

લેંગ્ડન અને સોફી વાતોમાં મશગૂલ હતાં. ત્યાં એકાએક સોફીનું ધ્યાન ગયું કે ટેક્સી ડ્રાઈવર ધાર્યા કરતાં કોઈક જુદી જ દિશામાં ટેક્સી હંકારી રહ્યો હતો. સોફી તરત કળી ગઈ કે તેનો ઈરાદો બંનેને પોલીસને હવાલે કરી દેવાનો હતો. એટલે સોફીએ તરત પોતાની બંદૂક ડ્રાઈવરના લમણા પર તાકી અને તેને ટેક્સીમાંથી ઊતરી જવા ફરજ પાડી. તેની જગ્યાએ હવે લેંગ્ડન ટેક્સી ચલાવવા બેઠો અને બંને નાઠાં.

ઓપસ ડેઈના તોષાખાનામાં બેઠો બેઠો સિલાસ પારાવાર ધૂંધવાઈ રહ્યો હતો. જે લોકો આ રહસ્ય જાણતા હતા તે બધાને તેણે મોતને ઘાટ ઉતારી દીધા. છતાં એ રહસ્યનો પોતે પત્તો મેળવી શકયો નહીં. મરતાં પહેલાં બધાએ તેને ખોટી માહિતી આપી! વળી સિસ્ટર સેન્ડ્રિનને પોતે મારી નાખી તેથી બિશપ એરિંગરોસાની સ્થિતિ કફોડી થશે એ વાતનો પણ તેને ખ્યાલ આવી ગયો હતો. સિલાસને આપઘાત કરવાનો વિચાર આવ્યો. જિંદગીમાં ભરપૂર મદદ કરી હોય તો તે એક આ બિશપે. તેમને પણ પોતે છેહ દીધો. બિશપે તો એક વાર કહ્યું કે 'સિલાસ! તારે હાથે તો ઘણાં મોટાં કામ થવાનાં છે.' અને પોતે આ શું કરી બેઠો?

લેંગ્ડન ટેક્સી ડ્રાઈવરની જગ્યાએ બેઠો તો ખરો, પણ મોટરના આ મૉડેલથી તે ઝાઝો પરિચિત નહોતો એટલે તેને ટેક્સી ચલાવવી બહુ ફાવતી નહોતી. એટલે પછી સોફી તેની જગ્યાએ બેઠી. ચાવીના પાછલા ભાગ પર જે સરનામું લખેલું હતું તે તરફ તે ટેક્સી હંકારી રહી હતી. લેંગ્ડન એ ચાવી તરફ તાકી રહ્યો હતો. જેનાં ચારે પાંખિયાં સરખાં હતાં એવો એક ક્રૉસ તેના પર કોતર્યો હતો. 'હોલી ગ્રેલ'ની રખેવાળી કરતા સુભટોનાં ચિહ્નને આ ક્રૉસ ઘણો મળતો આવતો હતો. ઈ.સ. ૧૪૪૭ પછી કોઈએ આ 'હોલી ગ્રેલ'નાં દર્શન કર્યાં નહોતાં. એ વર્ષે ચર્ચમાં એક આગ લાગી તે પછી પ્રાયોરી ઑફ સિયોંએ તેને બીજી જગ્યાએ સુરક્ષિત રાખી હતી. જોકે લેંગ્ડનને ખાતરી હતી કે જ્યારે લિયોનાર્દો દા વિન્ચી પ્રાયોરી ઑફ સિયોંનો મુખિયો હતો ત્યારે તેને આ ગુપ્ત સ્થળની જાણકારી હતી. એ પછી આજ સુધી તેનું સ્થાળાંતર કરવામાં આવ્યું નથી

એમ પણ લેંગ્ડન માનતો હતો. એ જગ્યા કઈ છે એ અંગેના કોઈ સગડ શોધવા માટે ઘણા ઇતિહાસકારોએ લિયોનાર્દોનાં ઘણાં ચિત્રનો ખૂબ બારીકીથી અભ્યાસ કર્યો હતો. તાજેતરમાં જ લિયોનાર્દોનાં 'એડૉરેશન ઑફ ધ મેજાઇ' ચિત્ર વિષે એક નવી હકીકત પ્રકાશમાં આવી હતી. લિયોનાર્દોના મૃત્યુ પછી એ ચિત્રને નવેસરથી રંગવામાં આવ્યું હતું. કારણ? કારણ કે ચિત્રમાં એક ગુપ્ત સંદેશો છુપાયો હતો. એ સંદેશાનું નામોનિશાન ભૂંસી નાખવા માટે મૂળ ચિત્રને ફરી રંગવામાં આવેલું. આ વાતને કારણે હોલી ગ્રેલ અંગેનું રહસ્ય વધુ ઘૂંટાયું હતું. સોફીએ કહ્યું કે આ ચાવી એ હોલી ગ્રેલની તો નહીં હોય? પણ લેંગ્ડને કહ્યું : પ્રાયોરી ઑફ સિયોંમાં તારા દાદા એટલો ઊંચો હોદ્દો ધરાવતા નહોતા કે આવા અત્યંત ગુપ્ત રહસ્યની ચાવી તેમની પાસે હોય.' પણ સોફીએ કહ્યું કે 'પ્રાયોરી ઑફ સિયોંની બેઠકમાં મેં મારા દાદાને જે રીતે ભાગ લેતા જોયા હતા એ પછી હું માનું છું કે ચાવી 'એ હોલી ગ્રેલ'ની જ ચાવી હોય એવો પૂરો સંભવ છે.' આવી વાતો કરતાં બંને પેલાં સરનામા સુધી પહોંચી ગયાં. એ સરનામું હતું બૅન્ક ઑફ ઝ્યૂરિકનું. એ સ્વિસ બૅન્કની પેરિસમાંની શાખા હતી.

બીજી બાજુ બિશપ ઓરિંગારોસા પોપના ઉનાળુ આવાસ પાસે આવી પહોંચ્યા. વૅટિકન સિટીના ધારાકીય સલાહકાર, સેક્રેટરિયેટ વૅટિકાના અને બીજા બે અધિકારીઓ સાથે તેઓએ બેઠક કરી. આ અધિકારીઓએ બિશપને એક મોટી સૂટકેસ આપી. બિશપે જેની માગણી કરી હતી તે વૅટિકન બૉન્ડ્ઝ તેમાં ભર્યાં હતાં, જેની કુલ રકમ બહુ મોટી થવા જતી હતી. આટલી મોટી રકમ બિશપને આપતાં જોકે આ અધિકારીઓ જરા અચકાતા હતા, કારણ આ પૈસા બિશપ પાસે ક્યાંથી આવ્યા તેનું પગેરું શોધવું મુશ્કેલ નથી એ તેઓ જાણતા હતા. વળી બિશપ આટલી મોટી રકમ શેને માટે વાપરશે એ વાત તેઓ જાણતા નહોતા. પણ સૂટકેસના બદલામાં બિશપે કેટલાંક કાગળિયાં તેમને આપ્યાં. એ પત્રો પર નજર ફેરવતાં અધિકારીઓને લાગ્યું કે બિશપ પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી રહ્યા હતા.

બૅન્ક ઑફ ઝ્યૂરિકમાં દાખલ થયાં તો ત્યાં સલામતી વ્યવસ્થા અને અવરોધોનો પાર નહોતો, પણ પેલી ચાવીની મદદથી બંને જણ એ બધું પાર કરી ગયાં. છેવટે બંને બૅન્કના મુખ્ય કાર્યાલય- ફ્રન્ટ ઑફિસ સુધી પહોંચ્યાં. ત્યારે તેમને સલામતી રક્ષકે એક લિફ્ટ તરફ દોર્યાં અને કહ્યું

કે આ લિફ્ટ તમને તમારા સેફ ડિપોઝિટ વૉલ્ટ સુધી લઈ જશે, પણ આ બંને ભાગેડુઓના ફોટા પોલીસે ટીવી પર ચમકાવ્યા હતા એટલે સલામતી રક્ષક તેમને ઓળખી ગયો. તેણે તરત જ ઇન્ટરપોલને તથા બૅન્કના પ્રેસિડેન્ટને ફોન કરી લેંગ્ડન અને સોફી આવ્યાની જાણ કરી દીધી. સેફ ડિપોઝિટ વૉલ્ટ સુધી તો બંને પહોંચી ગયાં, પણ પછી તેમને ખ્યાલ આવ્યો કે ખાનું ખોલવા માટે એકાઉન્ટ નંબર હોવો જરૂરી હતો. અને એ નંબર તો તેમની પાસે હતો નહીં! વળી રક્ષક બંનેને ઓળખી ગયો છે અને તેણે પોલીસને જાણ કરી દીધી છે એ વાતનો પણ વહેમ સુધ્ધાં બંનેને આવ્યો નહોતો. બંને દાખલ થયાં તે પછી રક્ષકે વૉલ્ટનો દરવાજો બંધ કરી દીધો હતો એટલે હવે તેઓ આબાદ સપડાયાં હતાં. વળી પોલીસ અધિકારી કૉલેટ બૅન્ક તરફ આવવા નીકળી ચૂક્યો હતો. બૅન્કના પ્રેસિડેન્ટ આન્દ્રે વર્નેને જેવા ખબર મળ્યા કે તરત તે પણ બૅન્ક તરફ ઊપડયો. તેને પહેલી ચિંતા એ હતી કે આ બધી ધમાલમાં ક્યાંક બૅંકનું નામ છાપે ચડે નહીં. એટલે બને તો આખી વાતને તે રોળીટોળી નાખવા માંગતો હતો, પણ જ્યારે તે વૉલ્ટમાં દાખલ થયો ત્યારે ત્યાં સોફીને ઊભેલી જોઈને તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેણે કહ્યું કે તારા દાદા તો મારા ખાસ મિત્ર છે. પોતાના દાદાનું મ્યુઝિયમમાં ખૂન થયું છે એવા ખબર જ્યારે સોફીએ આપ્યા ત્યારે આન્દ્રેને આઘાત લાગ્યો. પોતે ખાનું ખોલી શકે તે માટેનો જરૂરી ઍકાઉન્ટ નંબર જણાવવા સોફીએ આન્દ્રેને વિનંતી કરી, પણ આન્દ્રેએ કહ્યું કે એ નંબરની બૅન્કમાંય કોઈને ખબર હોતી નથી. માત્ર ગ્રાહક પોતે જ એ નંબર જાણે છે. તેણે કહ્યું કે પોલીસના હાથમાં તમે પકડાવ નહીં એ માટે અહીંથી ભાગવામાં હું તમને મદદ કરીશ, પણ જ્યાં સુધી આ ખાનું ખૂલે નહીં ત્યાં સુધી અમે અહીંથી ખસીશું નહીં એમ સોફી અને લેંગ્ડને આન્દ્રેને કહ્યું. આન્દ્રે વૉલ્ટમાંથી બહાર નીકળીને ગમે તે રીતે પોલીસને પાછી મોકલવાના પેંતરામાં પડ્યા. ત્યારે સોફી અને લેંગ્ડન વૉલ્ટમાં જ રહ્યાં અને પેલો જરૂરી નંબર શોધી કાઢવાની મથામણમાં હતાં. એકાએક લેંગ્ડનના મગજમાં ઝબકારો થયો. મરતાં પહેલાં પોતાના લોહીથી સોનિયેરે કેટલાક આંકડા મ્યુઝિયમની ફર્શ પર લખ્યા હતા. આ આંકડા તે જ ઍકાઉન્ટ નંબર હોવો જોઈએ, પણ ખાનું ખોલતાં પહેલાં કમ્પ્યુટરમાં માત્ર એક જ વખત ઍકાઉન્ટ નંબર ફીડ કરી શકાય એવી વ્યવસ્થા હતી. જો એ નંબર ખોટો હોય તો પછી ખાનું ખૂલે જ નહીં. એટલે સોફીએ ફરી એક વખત

ધ્યાનપૂર્વક એ આંકડા પર નજર નાખી. તેણે કહ્યું કે આંકડા જે ક્રમમાં લખેલા છે તે ક્રમમાં નહીં, પણ ફેબનાહચી ક્રમમાં ગોઠવવાથી એકાઉન્ટ નંબર બનતો હોવો જોઈએ. બંનેએ અધ્ધર શ્વાસે કમ્પ્યૂટરમાં એ નંબર ફીડ કર્યો. અને...

લેંગ્ડન અને સોફીનાં નસીબ પાધરાં તે સેફ ડિપોઝિટ લૉકરનો પેલો નંબર સાચો નીકળ્યો. બૅન્કની ઇલેક્ટ્રોનિક સિસ્ટમ ભંડકિયામાંથી એક પેટીને ઉપર લઈ આવી. તે ખોલી તો અંદર હતી રોઝવુડની બનેલી નાની પણ ભારેખમ પેટી. તેના ઢાંકણા પર ગુલાબનું ચિત્ર હતું. ગુલાબ એટલે 'હોલી ગ્રેલ' માટેનું સંઘનું પ્રતીક. પણ એ લાકડાની પેટીમાંથી એક અજબ અવાજ આવી રહ્યો હતો. એ અવાજ ખળખળ વહેતા ઝરણાના અવાજ જેવો હતો. આવો અવાજ સાંભળીને લેંગ્ડન અને સોફીને ભારે નવાઈ લાગી.

બૅન્કના પ્રમુખ આન્દ્રેએ બન્નેને મદદ કરી. લેંગ્ડન અને સોફીને તેણે એક બખ્તરિયા ખટારામાં બેસાડયાં. પોતે ડ્રાઈવરનો યુનિફૉર્મ પહેરી લીધો. પોતાનાં કપડાં નીચે તેણે એક બંદૂક પણ છુપાવી દીધી. તેણે ખટારો ચાલુ કર્યો ત્યાં જ પોલીસ અધિકારી કૉલેટ આવી પહોંચ્યો અને પૂછપરછ કરવા લાગ્યો. આન્દ્રેએ કહ્યું કે સાહેબ, હું તો માત્ર એક મામૂલી ડ્રાઇવર છું. બખ્તરિયા ખટારામાં શું છે એની મને ખબર નથી અને તેની ચાવી પણ મારી પાસે નથી. ત્યાં જ કૉલેટની નજર આન્દ્રેના કાંડા પરની મોંઘીદાટ રોલેક્સ ઘડિયાળ પર પડી એટલે તેને વહેમ પડ્યો. થોડી વધુ ઊલટતપાસ. પણ પછી તેણે ખટારાને અને આન્દ્રેને જવા દીધા.

બિશપ એરિંગરોસાને પોતે કફોડી સ્થિતિમાં મૂક્યા એ અંગે સિલાસના ઉચાટનો પાર નહોતો. છેવટે તેણે 'ગુરુ'ને ફોન કર્યો. ગુરુએ કહ્યું કે 'સોનિયેર મરતાં પહેલાં એક સંદેશો મૂકતો ગયો છે. હમણાં તું જ્યાં છે, જેમ છે તેમ જ રહેજે. મારી સૂચનાની રાહ જોજે. કોઈ વાતે ઉતાવળ કરતો નહીં.'

ખટારામાં બેઠાં બેઠાં લેંગ્ડન અને સોફીએ પેલી લાકડાની પેટી ખોલી. અંદર એક પંચખૂણિયો ગોળો હતો. તેના પર પાંચ અક્ષર કોતરેલા હતા. સોફીએ કહ્યું કે લિયોનાર્દો દા વિન્ચીએ વિકસાવેલી પદ્ધતિએ લખાયેલો આ એક ગૂઢ સંદેશ હતો. લાંબા અંતરે સલામત રીતે ખાનગી સંદેશા મોકલવા માટે વિન્ચીએ આ પદ્ધતિ વિકસાવી હતી. આ ગોળાની અંદર એક સંદેશો હશે,પણ ગોળાને ખોલવા માટે પાસવર્ડ જરૂરી હતો.

લાકડાની પેટી પર ગુલાબનું ફૂલ કોતર્યું હતું તે શાનો સંકેત હોઈ શકે તેની ચર્ચા બંને કરવા લાગ્યાં. લૅંગ્ડનને એ વાતનો ખ્યાલ આવ્યો કે બનવા જોગ છે કે તેમના હાથમાં પ્રાયોરીનો કીસ્ટોન આવી ગયો હતો. પણ તેને એક વાત સમજાતી નહોતી. માત્ર પ્રાયોરીના વડા મુખી પાસે જ આ કીસ્ટોન હોઈ શકે. પણ સોનિયેર.... ત્યારે સોફીએ કહ્યું કે મને તો પાકી ખાતરી છે કે મારા દાદા સોનિયેર જ પ્રાયોરીના વડા મુખી હતા. આ વાતો ચાલતી હતી ત્યાં જ ખટારો ઊભો રહ્યો. આન્દ્રેએ બંનેને નીચે ઉતાર્યાં. પણ પછી તરત જ પોતાની પાસેની ભરેલી બંદૂક તેમના તરફ તાકી. તેણે કહ્યું કે 'આ પેટી મને આપી દેશો તો જ તમને જીવતાં જવા દઈશ'આન્દ્રેએ કહ્યું : 'મેં હમણાં રેડિયો પર સાંભળ્યું કે ત્રણ ત્રણ ખૂનના આરોપી તરીકે પોલીસ તમારી શોધ ચલાવી રહી છે.' એ ત્રણ જણા કોણ હશે તેનો લૅંગ્ડનને ખ્યાલ આવી ગયો.

તેણે કશી આનાકાની વગર પેલી લાકડાની પેટી આન્દ્રેને આપી દીધી. પણ એ જ વખતે સિફતથી તેણે ખટારાના બારણાના મિજાગરા વચ્ચે બંદૂકની એક ફૂટી ચૂકેલી ગોળીનું ખોખું ભરાવી દીધું. જ્યારે આન્દ્રે બારણું બંધ કરવા ગયો ત્યારે મિજાગરો તૂટી ગયો. લૅંગ્ડને ચીલ ઝડપે પેલી પેટી પાછી આંચકી લીધી અને આન્દ્રેને ખેંચીને નીચે ફેંક્યો. પછી લૅંગ્ડન અને સોફી ખટારામાં ચડી બેઠાં અને સોફીએ ખટારો મારી મૂક્યો.

પોપના ઉનાળુ નિવાસેથી નીકળ્યા પછી બિશપ એરિંગરોસા'ગુરુ'ના સંદેશાની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો. પછી તેને ખ્યાલ આવ્યો કે ડુંગરાળ પ્રદેશોમાં તેના સેલ ફોનમાં નેટવર્ક બરાબર પકડાતું નહોતું તેથી કદાચ 'ગુરુ'નો સંદેશો પોતાના સુધી પહોંચી શક્યો નહીં હોય. આ વાતનો ખ્યાલ આવતાં બિશપ મૂંઝાયો. તેને થયું ગુરુ ક્યાંક એમ તો નહીં માની લે ને કે આખો સોદો પડી ભાંગ્યો છે!

લૅંગ્ડને સોફીને કહ્યું કે આપણે બંને વર્સાઈલ જઈ સર ટીબિંગને મળીએ. ટીબિંગ મારા મિત્ર છે અને ધર્મોના ઇતિહાસના અભ્યાસી છે. 'હોલી ગ્રેલ'નો પણ તેમણે ખાસ અભ્યાસ કર્યો છે. એટલે તેઓ કદાચ આપણને મદદ કરી શકશે. ટીબિંગે બીબીસી માટે' હોલી ગ્રેલ' વિશે એક દસ્તાવેજી ફિલ્મ પણ બનાવેલી જે ભારે વિવાદાસ્પદ બની હતી. એટલે પછી સોફીએ ખટારો ટીબિંગના ઘર તરફ હંકાર્યો. ત્યાં પહોંચ્યા પછી દરવાજાની બહારના ઇન્ટરકૉમ દ્વારા તેમણે ટીબિંગનો સંપર્ક કર્યો.

ટીબિંગે તેમને ફોન પર ત્રણ સવાલ પૂછ્યા. સંતોષકારક જવાબો મળ્યા પછી જ ટીબિંગે બન્નેને ઘરમાં આવવા દીધાં.

તો બીજી બાજુ પોલીસે બૅન્કના મૅનેજરનો સંપર્ક કર્યો. અને પેલા બખ્તરિયા ખટારા પરનું ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટિમનું ટ્રેકર સચેત કરવા કહ્યું.

લેંગ્ડન ટીબિંગના ઘરમાં દાખલ થયો ત્યારે તેણે પેલી લાકડાની પેટી સાથે લઈ લીધી પણ પછી ઘરમાંના એક મોટા દીવાનની નીચે તેને છુપાવી દીધી. પછી લેંગ્ડન અને સોફી એ જ દીવાન પર બેસી ગયાં. તેમને મળવા ટીબિંગ એ ખંડમાં આવ્યા. લેંગ્ડને કહ્યું કે સોફી 'હોલી ગ્રેલ' અંગેની સાચી હકીકત જાણતી નથી એટલે હું તેને અહીં તમારી પાસે લઈ આવ્યો છું. ટીબિંગે કહ્યું કે હું જે કાંઈ જાણું છું તે કહીશ. ટીબિંગે કહ્યું કે લિયોનાર્દો દા વિન્ચી માનતો હતો કે બાઈબલનો નવો કરાર ઈશ્વરે નહીં, પણ માણસે લખ્યો છે. આથી જ તેમાં કેટલીક બોધકથાઓ જોવા મળતી નથી. પોતાની સમસ્ત પ્રજા એક ધર્મના છત્ર તળે આવે તે માટે કૉન્સ્ટેન્ટાઈન ધ ગ્રેટ ખૂબ આગ્રહી હતો. આથી તેણે ઈ.સ. ૩૨૫માં બાઈબલમાં કેટલાક સુધારા કર્યા. લોકોને એકસૂત્રે બાંધવા માટે તેણે ઈશુને નેતામાંથી પવિત્ર પુરુષ બનાવી દીધા. લોકો અગાઉ સૂર્યપૂજા કરતા ધર્મમાં માનતા હતા એટલે એ ધર્મનાં કેટલાંક પ્રતીકો પણ તેણે બાઈબલમાં સિફતથી ગોઠવી દીધા. પછી ટીબિંગે સોફીને લિયોનાર્દો દા વિન્ચીના પ્રખ્યાત ચિત્ર 'ધ લાસ્ટ સપર'ની પ્રતિકૃતિ બતાવી. ટિબિંગે કહ્યું કે ઘણા લોકો માને છે કે આ ચિત્રમાં 'હોલી ગ્રેલ'ને છૂપી રીતે ગોઠવવામાં આવ્યું છે. પણ આ ચિત્રમાં ક્યાંય પવિત્ર પ્યાલો – 'હોલી ગ્રેલ' નથી. માત્ર દરેકના હાથમાં દારૂની પ્યાલીઓ જ છે. પણ આ 'હોલી ગ્રેલ' તે કોઈ વસ્તુ નથી. એ તો એક વ્યક્તિ છે એમ ટીબિંગ જણાવે છે. ત્યારે લેંગ્ડન કહે છે કે હકીકતમાં 'હોલી ગ્રેલ' એ સ્ત્રી છે. પ્રાચીન જમાનામાં સ્ત્રી અને પુરુષ માટે જે પ્રતીક વપરાતાં હતાં તે લેંગ્ડન સોફીને બતાવે છે. સ્ત્રી માટેનું પ્રતીક દારૂની પ્યાલીને મળતું આવતું હતું. એટલે 'હોલી ગ્રેલ' એ બીજું કશું નથી પણ પવિત્ર નારી માટેનું એક પ્રતીક છે. પણ આજે આ હકીકત ખ્રિસ્તી ધર્મમાં વિસરાઈ ગઈ છે. વળી ટીબિંગ અને લેંગ્ડને સોફીને કહ્યું કે આ 'હોલી ગ્રેલ' એટલે ગમે તે સ્ત્રી નહીં, પણ અમુક ચોક્કસ સ્ત્રી. ત્રણે વચ્ચે આ વાતો ચાલી રહી હતી ત્યારે જ ટીંબિગના નોકરે ટેલિવિઝન પર લેંગ્ડન અને સોફીના ફોટા જોયા.

પોતાના શેઠને મળવા આવેલાં બે જણના જ આ ફોટા છે અને પોલીસ તેમને શોધી રહી છે એટલું તો તે તરત સમજી ગયો. તે પછી લેંગ્ડન અને સોફી ક્યાં છે તેની માહિતી પોલીસ અધિકારી કૉલેટને મળી એટલે તરત પોતાની મોટરમાં બેસીને તે ઉપડ્યો વર્સાઇલ તરફ. તો બીજી તરફ પેલો ગુપ્ત કીસ્ટોન હાથ કરવા સિલાસ અધીરો બન્યો હતો. આ બન્ને વાતોથી અજાણ એવાં ટીબિંગ, લેંગ્ડન અને લેંગ્ડન સોફી વાતો કરી રહ્યાં હતાં. ટીબિંગ અને સોફીને મેરી મૅગ્ડલિનનું ચિત્ર બતાવી રહ્યા હતા. 'ધ લાસ્ટ સપર' ચિત્રમાં તે જિસસની બાજુમાં બેઠી હતી. એ ચિત્રમાં કેટલીક દારૂની પ્યાલી પણ છે અને અંગ્રેજીનો 'એમ' અક્ષર પણ છે. ટીબિંગે સોફીને કહ્યું કે જિસસને મેરી માટે ખૂબ માન હતું એટલું જ નહીં, એ બન્નેએ લગ્ન કર્યાં હતાં. ટીબિંગે એમ પણ કહ્યું કે પોતાના પછી પોતાનો પંથ ચાલતો રાખવા જિસસે મેરીને સૂચના આપી હતી, પણ પીટરને મેરી સાથે જરાય બનતું નહીં અને તે સતત મેરીની ઈર્ષા કર્યા કરતો. મેરી પોતે બેન્જામિનની વંશવારસ હતી. એ વંશની સારી એવી વગ હતી. લેંગ્ડન અને ટીબિંગે સોફીને એમ પણ કહ્યું કે જિસસને સંતાન પણ હતાં.

બીજી બાજુ બિશપ એરિંગારોસાએ ન્યૂ યૉર્કમાં આવેલા ઓપસ ડેઈના વડામથકે ફોન જોડીને પૂછ્યું કે મારે માટે કોઈ સંદેશો આપ્યો છે? તેમને એક ફોન નંબર આપવામાં આવ્યો અને ત્યાં સંપર્ક કરવા જણાવાયું. બિશપે ફોન જોડ્યો. એ નંબર હતો ફ્રાન્સની જ્યૂડિશયલ પોલીસનો. જે અફસરે ફોન ઉપાડયો તેણે કહ્યું કે મારે તમારી સાથે ઘણી બધી વાતો કરવાની છે.

ટીબિંગ અને લેંગ્ડનની વાતો સોફીને ગળે ઝટ ઊતરતી નહોતી. એટલે એ બન્નેએ તેને કેટલાંક પુસ્તકો બતાવ્યાં. આ પુસ્તકોમાં જે લખ્યું હતું તે જિસસ અને મેરી અંગેની તેમની વાતોને સમર્થન આપતું હતું. ટીબિંગે કહ્યું કે જેને 'હોલી ગ્રેલ' કહેવામાં આવે છે તે બીજું કશું નથી પણ પથ્થરનું બનેલું કૉફિન છે અને તે કૉફિનમાં મેરીના મૃતદેહના અવશેષો છે. વળી એ પણ પુરવાર થયેલું છે કે મેરીના જે જે વંશવારસો છે તેમને જિસસ સાથે પણ સંબંધ છે. ટીબિંગે ઉમેર્યું કે ફ્રાન્સનું રાજવી કુટુંબ, જે મેરોવિનજિયન તરીકે ઓળખાય છે તે પણ જિસસના વંશનું છે અને પ્રાયોરી ઑફ સિયોંનો સ્થાપક પણ જિસસનો વંશજ હતો. આ સાંભળતાં જ સોફીને વિચાર આવે છે કે તો તો કદાચ મારું કુટુંબ પણ... પણ પોતાની વાત પૂરી કરે તે

પહેલાં જ ટીબિંગના નોકરે ટીબિંગને ભઠિયારખાનામાં બોલાવ્યો. પણ સોફીના મનમાં શું ચાલે છે તે લેંગ્ડન પામી ગયો. તેણે સોફીને કહ્યું: સોનિયેર રાજવી કુટુંબ સાથે સંકળાયેલો નહોતો અને તારી મા પણ સંકળાયેલી નહોતી. એટલે તું જિસસની વંશજ હોઈ ન શકે. પછી લેંગ્ડને દંતકથાઓ અને કલાકૃતિઓ વિષે સોફીને ઘણી વાતો કહી. મોઝાર્ટનું 'ધ મૅજિક ફ્લ્યૂટ' નામનું ઓપેરા હોય કે પછી વૉલ્ટ ડિઝ્નીની ફિલ્મો હોય, ઘણી કલાકૃતિઓમાં 'પવિત્ર સ્ત્રી' અંગેના સંદર્ભો જોવા મળે છે. થોડી વારે ટીબિંગ ઓરડામાં આવ્યો અને રાતોપીળો થઈને બન્નેને પોતાના ઘરની બહાર તગેડી મૂકવા લાગ્યો. ત્યારે સોફીએ ટીબિંગને કહ્યું કે પેલો ગુપ્ત 'કીસ્ટોન' અમારા હાથમાં આવી ગયો છે. આ સાંભળતાં જ ટીબિંગ ઠંડો પડ્યો. એ જ વખતે ટીબિંગની હવેલીની બહાર સિલાસ આવી પહોંચ્યો હતો. તેણે આ વાત સાંભળી. તેણે હવેલીમાં ઘૂસીને કીસ્ટોન કે તેને વિષેની માહિતી આ લોકો પાસેથી ઓકવવાનું નક્કી કર્યું. એ વખતે લેંગ્ડન અને ટીબિંગ ફરી વાતે વળગ્યા હતા. લેંગ્ડને ટીબિંગને કહ્યું કે પ્રાયોરીના બધા સભ્યો માર્યા ગયા છે.

બન્નેનું માનવું હતું કે આ સભ્યો ઓળખાઈ ગયા હતા એટલે ચર્ચે જ તેમનો ખાતમો બોલાવી દીધો હતો. ગુપ્ત દસ્તાવેજો જાહેર કરવાની વેતરણમાં આ સભ્યો હતા એમ ચર્ચને લાગ્યું એટલે ચર્ચે તેમને મરાવી નાખ્યા હશે. ટીબિંગે કહ્યું કે એક માન્યતા પ્રમાણે હવે મીન રાશિનો યુગ પૂરો થાય છે અને કુંભ રાશિનો યુગ શરૂ થાય છે. આ નવા યુગમાં માણસ વિચારતો થશે. આ યુગપલટા વખતે ગુપ્ત દસ્તાવેજોને જાહેર કરવાનું પ્રાયોરીએ ઠરાવ્યું હશે. પછી કીસ્ટોન ક્યાં છે એ લેંગ્ડને ટીબિંગને કહ્યું. બરાબર એ જ વખતે પોતાની બંદૂક તાકીને સિલાસ હવેલીમાં દાખલ થયો.

પોલીસ અફસર કૉલેટ પણ ટીબિંગની હવેલીની બહાર આવી પહોંચ્યો હતો. પણ તેના ઉપરીએ તાકીદ કરી હતી કે મારી મંજૂરી સિવાય શકમંદોને પકડવા નહીં! કૉલેટને લાગતું હતું કે કાં મારા ઉપરીના મનમાં લેંગ્ડન ગુનેગાર હોવા અંગે શંકા છે એટલે અથવા ધરપકડનો બધો જશ પોતે ખાટી જવા માગે છે એટલે, ઉપરીએ મને આવી તાકીદ કરી છે. ટીબિંગની હવેલી બહાર બે વાહનો ઊભાં છે – એક છે બખ્તરિયા ગાડી અને બીજું, સિલાસે ભાડે લીધેલી ઑડી મોટર. પોલીસે આ બન્ને

વાહનોની નોંધ લીધી.

ટીબિંગ, લેંગ્ડન અને સોફીનું બધું ધ્યાન પેલી રોઝવુડ લાકડાની બનેલી ભારેખમ પેટી પર કેન્દ્રિત થયું હતું. લેંગ્ડનને લાગતું હતું કે નક્કી આ પેટીમાં પાસવર્ડ અથવા તેનો કોઈક સંકેત હોવો જોઈએ. તેણે પેટીને ધારી ધારીને જોઈ તો તેમાં એક કાણું હતું. લેંગ્ડને તરત જ એક ટાંકણી એ કાણામાં ખોસી. પેટી પર જે ગુલાબનું ફૂલ કોતર્યું હતું તે નીકળીને નીચે પડ્યું. ગુલાબની પાછળની જગ્યામાં સંદેશો લખેલો હતો. લેંગ્ડન એ સંદેશો વાંચી રહ્યો હતો તે જ વખતે સિલાસ ત્યાં આવી પહોંચ્યો અને તેણે લેંગ્ડનના માથા પર ફટકો માર્યો. પછી સિલાસે પોતાની ભરેલી બંદૂક ટીબિંગ અને સોફી તરફ તાકી કહ્યું, 'અત્તરઘડી આ પેટી મને સોંપી દો. નહીંતર' ટીબિંગે કહ્યું, 'લે ભાઈ, આ પેટી.' પેટી લેવા સિલાસ આગળ આવ્યો. ટીબિંગે લાગલો પોતાની કાખઘોડીથી સિલાસના સાથળ પર ફટકો માર્યો - બરાબર એ જ જગ્યાએ જ્યાં સિલાસે કાંટાળો પટ્ટો પહેર્યો હતો. સિલાસ ભોંય પર પડી ગયો . તરત જ ટીબિંગ અને સોફીએ તેને મુશ્કેટાટ બાંધી દીધો અને તેના મોઢામાં ડૂચો ખોસી દીધો. હવે લેંગ્ડનને પણ કળ વળી હતી. પછી એ ત્રણેએ કૉલેટને અને પોલીસને ભરમાવામાં નાખ્યા. ત્રણે જણા હવેલીના ઉપલા માળે છે એમ માની પોલીસો ઉપર દોડ્યા. પણ ઉપર તો કોઈ નહોતું. નીચે આવીને કૉલેટ ટીબિંગની મોટરોના તબેલા તરફ દોડ્યો. ત્યાં બધી મોટરો જેમની તેમ પડી હતી, એક સિવાય. ગુનેગારો પોલીસને હાથતાળી આપીને નાસી ગયા હતા.

રેન્જ રોવર મોટરમાં બેસીને લેંગ્ડન, સોફી અને ટીબિંગ ભાગી છૂટયા હતા. હવેલીની પાછળ આવેલાં ખેતરો અને ઝાડીમાંથી મોટર ઝડપભેર પસાર થઈ રહી હતી. પાછલી સીટ પર સિલાસ પડ્યો હતો. ટીબિંગે સતત તેના માથા સામે બંદૂક તાકી રાખી હતી. ટીબિંગે પોતાના મોબાઈલ પરથી ફોન કરીને પોતાનું અંગત વિમાન તૈયાર રાખવા જણાવ્યું. આ બધાંને ફ્રેન્ચ સત્તાવાળાઓના સકંજામાંથી છોડાવવા માટે તેમને ઇંગ્લૅન્ડ લઈ જવાનો તેનો ઇરાદો હતો. પાછલી સીટ પર પડેલા સિલાસ પાસેથી કેટલીક માહિતી કઢાવવી હતી, પણ સિલાસ એકનો બે થતો નહોતો. એવામાં લેંગ્ડનના મનમાં એક તુક્કો આવ્યો. તેણે સોફીને કહ્યું : તારો ફોન મને જરા વાપરવા આપને!'

લેંગ્ડને પોતાના પુસ્તકના સંપાદક ફોકમૅનને ફોન કર્યો. તેણે કહ્યું કે, તમારી હસ્તપ્રત મેં સોનિયેરને મોકલી છે. નવલકથાના પાછલા પૂંઠા

પર છાપવા માટેનું લખાણ લખી આપવા મેં તેમને વિનંતી કરી છે. 'ટીબિંગે લેંગ્ડનને પૂછ્યું : 'આ નવલકથામાં તમે પ્રાયોરીની ટીકા કરી છે?' લેંગ્ડન : 'ના, મેં તટસ્થ રહીને નવલકથા લખી છે.' જ્યારે ત્રણે જણાં ઍરપોર્ટ પર પહોંચ્યાં ત્યારે પાયલટે લેંગ્ડન અને સોફીને વિમાનમાં બેસાડવાની ના પાડી. પણ ટીબિંગે તેને પહેલાં મારી નાખવાની ધમકી આપી અને પછી મોટી લાંચની લાલચ આપી. એટલે પછી ત્રણે જણાં ટીબિંગના ખાનગી વિમાનમાં બેસી શક્યાં.

ઈંગ્લૅન્ડ જતા વિમાનમાં ટીબિંગે સોફીને પૂછ્યું : 'આ આખી બાબતમાં તારી ઉપસ્થિતિ કેટલી મહત્ત્વની બની શકે છે એનો તને ખ્યાલ છે? જો તારા હાથમાં 'હોલી ગ્રેલ' પવિત્ર દસ્તાવેજ આવી જાય તો એ દસ્તાવેજમાં જે કાંઈ લખ્યું છે તે આખી દુનિયાને જણાવવું કે ન જણાવવું તે તારે નક્કી કરવાનું રહેશે' અને પછી ટીબિંગે ઉમેર્યું, 'પણ મને કહે તો ખરી, તું શું કરીશ? દસ્તાવેજમાંની વિગતો જાહેર કરીશ કે નહીં?' પણ સોફી કાંઈ એમ ગાંજી જાય એવી નહોતી. તેણે કહ્યું : 'હજી ક્યાં પવિત્ર દસ્તાવેજ મારા હાથમાં આવ્યો છે? આવે તો અને ત્યારે આવું બધું વિચારીશ.'

બીજી બાજુ ટીબિંગની હવેલીએ હવે પોલીસ વડો બેઝુ પણ આવી પહોંચ્યો છે. લેંગ્ડન, સોફી અને ટીબિંગ પોલીસને હાથતાળી દઈને નાસી ગયાં તેથી તે કૉલેટ પર ખૂબ ગુસ્સે થયો છે: ત્યાં વળી બૅન્ક ઑફ ઝ્યૂરિકના પ્રમુખ આન્દ્રેનો ફોન આવે છે. તે કહે છે કે 'મેં તમને પહેલાં જે કહેલું તે સાચું નહોતું. તે રાતે લેંગ્ડન અને સોફી બૅન્કમાં આવ્યાં હતાં અને સોનિયેરના લૉકરમાંથી એક પેટી લઈ ગયાં હતાં.' બેઝુએ બીજા એક પોલીસ અફસરને ટીબિંગે કરેલા બધા ફોન નંબરો ચકાસી જોવાનું કહ્યું હતું. નંબરોની ચકાસણી કરતાં એક નંબર ઍરોડ્રોમનો નીકળ્યો. પૂછપરછમાં જાણવા મળ્યું કે હા, એ રાતે ટીબિંગે ફોન પર વાત કરી હતી.

લાકડાની પેટીના ઢાંકણ પરનું ગુલાબ ખરી પડ્યું તે પછી પાછળ જે ગૂઢ સંદેશો લખ્યો હતો તે ઉકેલવાની મથામણ લેંગ્ડન અને ટીબિંગ વિમાનપ્રવાસ દરમિયાન કરી રહ્યા હતા, પણ તેમાં તેમને સફળતા મળી નહીં. ત્યારે સોફીએ કહ્યું : 'લાવો, હવે મને જોવા દો' અને જોતાંવેંત તેણે કહ્યું : 'અરે, આમાં તે કોઈ મોટી વાત છે? આ સંદેશામાંનું લખાણ અવળું લખેલું છે. અરીસા સામે ધરવાથી તે સીધું વાંચી શકાશે. લિયોનાર્દો દા વિન્ચીને આ રીતે અવળું લખાણ લખવાની ટેવ હતી. તેણે પોતાની

નોંધપોથીઓ આ રીતે જ લખેલી છે.' પણ વિમાનમાં અરીસો હાથવગો નહોતો એટલે ત્રણે જણાએ છેલ્લેથી પહેલે અક્ષરો ફરી લખી કાઢ્યા અને સંદેશો ઉકેલ્યો. એ સંદેશો હતો ચાર લીટીની એક કવિતા! તેમાં મેરી મૅગ્ડલિન, તેનાં વંશવારસો, નાઈટ્સ ટેમ્પલાર અને પવિત્ર દસ્તાવેજના ઉલ્લેખો હતા. મધ્યકાળમાં જ્યારે યાત્રાળુઓ પવિત્ર ભૂમિની યાત્રાએ જતાં ત્યારે તેમનું રક્ષણ કરવા સાથે જે વળાવિયા રહેતા તે નાઈટ ટેમ્પલાર્સ તરીકે ઓળખાતા. તેઓ ધાર્મિક પંથનું તેમ જ લશ્કરનું એમ બેવડું સભ્યપદ ધરાવતા. આ સંદેશો આયેમ્બિક પેન્ટામીટર નામના છંદમાં અને અંગ્રેજી ભાષામાં લખાયો હતો. આ સંદેશામાં કહેવામાં આવ્યું હતું : ટૅમ્પલાર્સ જેની પ્રશસ્તિ કરે છે તે કબર પહેલાં શોધી કાઢો. પછી એટબેશ (હિબ્રૂ) સાઈફર નામના ગુપ્ત સંદેશાનો ઉપયોગ કરી પાસવર્ડ શોધી કાઢો.' પણ આ બધું કરવું કાંઈ સહેલું નહોતું. આ કામ થઈ શકશે કે કેમ એ અંગે ત્રણેયના મનમાં સંદેહ હતો.

ટીબિંગે ઍરોડ્રોમ પર ફોન કરેલો એવી માહિતી મળતાં જ પોલીસ અફસર બેઝુએ એ તરફ દોટ મૂકી. ટીબિંગ તો પોતાના ખાનગી વિમાનમાં છટકી ગયો, પણ તેની સાથે બીજું કોણ હતું તે જાણવા મળ્યું નહીં. હા, વિમાન ક્યાં જઈને ઉતરાણ કરવાનું છે તે જાણવા મળ્યું ખરું. તેણે તરત જ પોતાના સાથીદારને કહ્યું, 'કેન્ટની સ્થાનિક પોલીસને જણાવો કે જેવું આ વિમાન ઊતરે કે તરત તેને ઘેરી વળે.'

'દાદા સોનિયેરને એક વખત મેં વિચિત્ર ધાર્મિક વિધિમાં ભાગ લેતા જોયા હતા અને તે જોઈને મને તેમના તરફ નફરત ઊપજી હતી' એમ સોફીએ અગાઉ લેંગ્ડનને કહ્યું હતું. હવે લેંગ્ડનને ખ્યાલ આવ્યો કે એ ધાર્મિક વિધિ સાથે જાતીય સમાગમ સંકળાયેલો હોવો જોઈએ. તેણે સોફીને આ અંગે પૂછ્યું તો સોફીએ હા પાડી. લેંગ્ડને કહ્યું કે 'પવિત્ર પંથ'નો આ એક પુરાણો ધાર્મિક વિધિ હતો. ચર્ચના ચોખલિયાવેડાને પ્રતાપે સ્ત્રી-પુરુષના સંબંધને ગંદો માનવામાં આવ્યો તે પહેલાંના જમાનામાં સ્ત્રી-પુરુષ વચ્ચેના જાતીય સમાગમને પવિત્ર માનવામાં આવતો હતો, સોફીએ કહ્યું કે 'હા, મારા દાદાના ઘરમાં કેટલાંક સ્ત્રી-પુરુષો એકઠાં થયાં હતાં અને મારા દાદા એક સ્ત્રી સાથે મૈથુનમગ્ન હતા એ મેં જોયુ હતું. એ જોયું ત્યારથી મને દાદા પ્રત્યે નફરત જાગી હતી અને અમારી વચ્ચેનો સંબંધ તૂટી ગયો હતો,

ખાસ ભાડે કરેલા વિમાનમાં બિશપ એરિંગારોસા પેરિસ આવી

રહ્યો હતો. વિમાનની મુસાફરી દરમિયાન જ તેણે ફોન પર બેઝુ સાથે વાત કરી. આખી યોજના કડડડભૂસ થઈ રહી છે એવું જણાતાં તેની અકળામણનો પાર ન રહ્યો. હવે પેરિસ નહીં, પણ બને તેટલા જલદી લંડન પહોંચવું જોઈએ. વૅટિકનમાં પોપ તરફથી બૉન્ડરૂપે પુષ્કળ પૈસા મળ્યા હતા. આ બધાં બૉન્ડ આપી દેવાની લાલચ તેણે પાઇલટને આપી - જો વિમાનને પેરિસને બદલે લંડન લઈ જાય તો, પણ પાઇલટ ચાલાક હતો. તેણે કહ્યું: 'એ બૉન્ડફૉન્ડ મને ન ખપે. તમારા હાથની આંગળી પર આ જે વીંટી ઝગારા મારે છે ને, તે આપી દો તો લંડન લઈ જાઉં. એટલે એરિંગારોસાએ કચવાતે મને વીંટી ઉતારીને પાઇલટને આપી.

વિમાનમાં બેઠેલો લૅંગ્ડન પેલા ચાર લીટીના સંદેશા વિષે જ વિચારી રહ્યો હતો. એકાએક તેના મનમાં ઝબકારો થયો : 'ટેમ્પલાર્સ જેની પ્રશસ્તિ કરે છે એવી કબરનો પથ્થર' એટલે? પોપ ક્લેમેન્ટના જમાનામાં આ ટેમ્પલાર્સ પર એવો આરોપ મૂકવામાં આવેલો કે તેઓ શેતાનના પૂજારી છે. તેઓ જે દેવની પૂજા કરતા તેનો આકાર મોટા માથા જેવો હતો અને તે પથ્થરનો બનેલો હતો. તે Baphomet (બેફોમેટ) તરીકે ઓળખાતો. લૅંગ્ડન કહે છે કે 'આ 'બેફોમેટ' શબ્દ જ ગુપ્ત સંદેશા માટેની કૂંચીરૂપ હોવો જોઈએ.' ટીબિંગ આ વાત સાથે સહમત થયો. સંદેશામાં એટબેશ (હિબ્રૂ) સાઈફર નામની પદ્ધતિનો ઉપયોગ કરવાનું પણ કહેવામાં આવેલું. 'બેફોમેટ' શબ્દને આ પદ્ધતિથી તપાસતાં 'સોફિયા' શબ્દ હાથમાં આવ્યો. ગ્રીક ભાષામાં 'સોફિયા' શબ્દ ડહાપણનું સૂચન કરતો હતો અને વળી 'સોફિયા' એ સોનિયેરની પૌત્રી 'સોફી'ના નામનું જ એક જરા જૂદું રૂપ હતું. એટલે પછી આ પાસવર્ડની મદદથી સોફીએ ગુપ્ત સંદેશાવાળી પેટી ખોલી. તો તેની અંદર કીમતી ચર્મપત્રમાં વીંટાળેલી બીજી એક પેટી જોવા મળી. તેના પર ફરી એક કવિતા લખેલી હતી. તેમાં જેને લંડનમાં દફનાવવામાં આવ્યો છે તેવા એક સર સાહેબ-નાઈટ- નો ઉલ્લેખ હતો. ટીબિંગે તરત જ કહ્યું કે આવી કબર જોવા માટે આપણે લંડનમાં ક્યાં જવું જોઈએ તેની મને ખબર છે.

ટીબિંગની હવેલીમાં કૉલેટ અને બીજા પોલીસોની તપાસ હજી ચાલુ હતી. એક પોલીસને એક પોસ્ટકાર્ડ મળ્યું, જે તેણે કૉલેટને આપ્યું. એ પોસ્ટકાર્ડ પર એક કેથીડ્રલનું ચિત્ર હતું. ચિત્ર નીચે ટીબિંગે પોતાના અક્ષરમાં નોંધ લખી હતી કે 'આ ઈમારતનો આકાર સ્ત્રીની યોનિને મળતો આવે છે.' વળી પ્રાયોરી પંથના વડા કોણ કોણ હોઈ શકે તેમનાં

નામો પણ ટીબિંગે એ કાર્ડ પર ટપકાવ્યાં હતાં. આ પોસ્ટકાર્ડનું મહત્ત્વ કેટલું, તેમાંની માહિતી કેટલી ઉપયોગી, એ અંગે કૉલેટ વિચારમાં પડ્યો.

લેંગ્ડન, સોફી અને ટીબિંગ લંડન જવા માટે વિમાનમાં ઊપડયાં તો ખરાં, પણ ત્રણમાંથી કોઈની પાસે ઇંગ્લૅન્ડના વિઝા તો નહોતા જ, પાસપોર્ટ પણ સાથે નહોતા. એટલે વિમાન લંડન ઊતરે પછી દાખલ કેવી રીતે થશું એની વિમાસણ લેંગ્ડન અને સોફીને હતી. પણ ટીબિંગે કહ્યું કે તમે એની ચિંતા ન કરો. ત્યાંના ઑફિસરોને લાંચના પૈસા બાળશું ને એટલે એ લોકો આપણને જવા દેશે.લેંગ્ડનને ગળે આ વાત ન ઊતરી ત્યારે ટીબિંગે કહ્યું : 'એ ન ભૂલો કે હું સરસાહેબ (નાઈટ) તરીકે, સંશોધક તરીકે, જરીક ધૂની માણસ તરીકે ઇંગ્લૅન્ડમાં જાણીતો છું એટલે વાંધો નહીં આવે. એ જ વખતે પાઇલટે કહ્યું કે 'હમણાં જ કન્ટ્રોલ ટાવર તરફથી સૂચના મળી છે. સાધારણ રીતે જ્યાં ઉતરાણ થાય છે તેનાથી દૂરની જગ્યાએ આપણે ઉતરાણ કરવાનું છે અને બીજી સૂચના ન મળે ત્યાં સુધી કોઈએ પ્લેનમાંથી ઊતરવાનું નથી.' આ વાત સાંભળીને ટીબિંગને વહેમ પડ્યો એટલે લાંચના પૈસા આપી પાઇલટ પાસે પોતાનું ધાર્યું કરાવવા તે કૉકપિટમાં ગયો.

થોડીવારમાં વિમાન બિગીન હિલ ઍરપોર્ટ નામના એક નાના વિમાનમથકે ઊતર્યું. વિમાનમથકનો મૅનેજર સાયમન એડ્વર્ડ્ઝ રન-વે પર ઊતરેલા વિમાન સામે જોઈ રહ્યો. ત્યાં જ વિમાને એકાએક અણધાર્યો વળાંક લીધો અને તે સીધું ઊપડયું ટીબિંગના ખાનગી હૅન્ગર તરફ! આમ કરવાની સૂચના તો વિમાનને અપાઈ નહોતી. સ્થાનિક પોલીસો તો સાધારણ રીતે વિમાન જ્યાં ઊભું રહે ત્યાં ઊભા રહીને રાહ જોતા હતા. પણ વિમાનને બીજી દિશામાં જતું જોઈ એ લોકો વિમાસણમાં પડ્યા. ટીબિંગના ખાનગી હૅન્ગરમાં જેવું વિમાન ઊભું રહ્યું કે તરત તેનું બારણું ખૂલ્યું. સામે જ એક મોટીમસ મોટર ઊભી હતી. લેંગ્ડન, સોફી અને ટીબિંગ તરત જ આગલી સીટમાં બેસી ગયાં. મુશ્કેટાટ બાંધેલા સિલાસને તેમણે મોટરની પાછલી સીટ પર ખડક્યો. મોટર વીજળીવેગે ઊપડી. જરાક વાર પછી પોલીસ આવી પહોંચી અને વિમાનની ઝડતી લીધી. પણ ત્યારે વિમાનમાં તો કોઈ નહોતું.

પૂરપાટ દોડી રહેલી મોટરમાં ટીબિંગે તેના બે સાથીઓને કહ્યું કે પોપે જેની દફનક્રિયા કરી હોય તે કોઈ નાઈટ ટેમ્પલાર હોવો જોઈએ અથવા પ્રોયોરીનો કોઈ સરસાહેબ (નાઈટ) હોવો જોઈએ. વળી તેની

દફનક્રિયા લંડનના ટેમ્પલ ચર્ચમાં થઈ હોવી જોઈએ. એ કબર જો મળી જાય તો ખોવાયેલા ગોળ પથ્થરનો ભેદ ઉકેલી શકાય. નવાઈની વાત એ હતી કે પેરિસની હવેલીમાં જે નોકરને લેંગ્ડન અને સોફીએ જોયો હતો તે જ નોકર રેમી અત્યારે મોટર ચલાવી રહ્યો હતો! કયે રસ્તે થઈને જવાનું છે તેની સૂચના ટીબિંગ તેને આપી રહ્યો હતો ત્યારે લેંગ્ડન અને સોફી વચ્ચે બીજી જ વાત ચાલી રહી હતી. જિસસ અને મેરી મૅગ્ડલિન વચ્ચેના સંબંધની વાત જાહેર કરવી કે નહીં? લેંગ્ડનનું કહેવું હતું કે લોકોમાં જે માન્યતા પ્રચલિત છે તેને આઘાત આપે એવી આ વાત જાહેર ન કરવી. પણ તેની આ વાત સાથે સોફી સહમત નહોતી.

ફરી પોતાની જુગતી વાપરીને ટીબિંગે પોતાને માટે અને પોતાના સાથીઓ માટે ટેમ્પલ ચર્ચમાં પ્રવેશ મેળવ્યો. ટીબિંગે કહ્યું કે પહેલાંના જમાનામાં ટેમ્પલારો તેમની અણઘડ રીતે બૅન્ક ચલાવતા હતા. તેઓ ચર્ચમાં સોનું ભરી રાખતા. જે મુસાફરો પાસે યોગ્ય પ્રકારના દસ્તાવેજો હોય તે ચર્ચમાં જઈ સોનું લઈ શકતા -મુસાફરીના ખર્ચને પહોંચી વળવા માટે. આવી વાતો કરતાં ત્રણે જણ ચર્ચના કબરઘરમાં પહોંચ્યા. ત્યાં આગળ દસ સરસાહેબોને દફનાવવામા આવ્યા હતા.

ટીબિંગનો નોકર રેમી હકીકતમાં તો એક ભાડૂતી ઠગ હતો. તેની ખરી મુરાદ તો 'હોલી ગ્રેલ' હાથ કરીને રાતોરાત ખૂબ પૈસાદાર બની જવાની હતી. ત્રણે જણ ચર્ચમાં ગયાં તે પછી રેમીએ વોડકા ઢીંચ્યો અને પોતે રાતોરાત કેવો માલેતુજાર થઈ જશે એનાં દિવાસ્વપ્ન જોવા લાગ્યો. બિચારો સિલાસ હજી મોટરની પાછલી સીટ પર જ પોટલાની જેમ પડ્યો હતો. રેમીએ તેનાં બંધન છોડી નાખ્યાં અને કહ્યું કે 'તું જેમ ગુરુ માટે કામ કરે છે તેમ હું પણ ગુરૂ માટે જ કામ કરું છું. આવ ભાઈ હરખા, આપણે બેય સરખા.' બન્નેએ હાથમાં એક એક બંદૂક લીધી. રેમીએ કહ્યું કે 'આપણે જે કાંઈ કરવું હોય તે ઝટ કરવું જોઈએ.'

ટીબિંગ, લેંગ્ડન અને સોફીએ ઘણી મહેનત કરી પણ પેલી કવિતામાં જે ખોવાયેલા ગોળ પથ્થરનો ઉલ્લેખ હતો તે શોધવામાં તેમને સફળતા મળી નહીં. જે દસ કબરો હતી તેમાંથી નવ કબર પર તેમાં જેને દફનાવવામાં આવેલ તે સરસાહેબનું પૂતળું મૂક્યું હતું પણ એક કબર પર કોઈનું પૂતળું નહોતું. એવામાં કબરઘરનો રખેવાળ ત્યાં આવી ચડ્યો અને ત્રણે જણને પૂછપરછ કરવા લાગ્યો. ત્યાં તેને કાને અવાજ પડ્યો. એટલે તે એ દિશામાં જોવા ગયો. તેની સામે હાથમાં બંદૂક લઈને બે

માણસો - રેમી અને સિલાસ ઊભા હતા. બન્નેએ તેને મારી નાખવાની ધમકી આપી ત્યારે રખેવાળના તો મોતિયા મરી ગયા. જાણે તેના પર દયા કરતા હોય તેમ બન્ને બંદૂકધારીઓએ તેને છોડી મૂક્યો એટલે એ તો ઊભી પૂંછડીએ નાઠો. હવે બંને બંદૂકધારી ત્રણે સાથીઓ પાસે આવી પહોંચ્યા. સિલાસે પોતાની બંદૂક લેંગ્ડન તરફ તાકી કહ્યું : 'ગુપ્ત સંદેશાવાળી પેટી મારે હવાલે કર, નહીંતર ઘડીના છઠ્ઠા ભાગમાં તારું કાટલું કાઢી નાખીશ.' લેંગ્ડને કહ્યું : 'પહેલાં સોફી અને ટીબિંગને તું છોડી દે. નહીંતર પેટીને જમીન પર ફેંકી દઈશ તો અંદર જે પેપિરસ પર ગુપ્ત સંદેશો લખ્યો છે તે પણ હતો ન હતો થઈ જશે.' ગુરુએ રેમી અને સિલાસને તાકીદ કરી હતી કે હવે પછી કોઈનેય મારી ન નાખતા. એટલે હવે શું કરવું તેની વિમાસણમાં સિલાસ પડ્યો. ગુરુએ રેમીને એવી પણ તાકીદ કરી હતી કે તારો ચહેરો પેલા ત્રણ સાથીઓમાંથી કોઈને બતાવતો નહીં. છતાં બંદૂકની નળી તાકીને રેમીએ ટીબિંગને બંદી બનાવ્યો. હવે પેલી પેટી સિલાસને આપ્યા વગર લેંગ્ડનનો છૂટકો નહોતો. રેમી ટીબિંગને લઈને ચાલતો થયો અને સિલાસ પોતાની બંદૂક લેંગ્ડન અને સોફી સામે તાકીને ત્યાં જ ઊભો રહ્યો.

બીજી બાજુ વર્સાઈલમાં હજી પોલીસના માણસો ટીબિંગની હવેલીની ઝડતી લઈ રહ્યા હતા. એક પોલીસ કૉલેટ પાસે દોડતો આવ્યો. હવેલીના મૂળ મકાનની બાજુમાં કોઠારનું એક અલગ નાનું મકાન હતું. તેમાં એક માળિયું હતું. તેમાં કંઈક ચિત્રવિચિત્ર સાધનો છુપાવેલાં હતાં. કૉલેટે જઈને જોયું અને તરત સમજી ગયો કે આ તો કેટલાક લોકો પર સતત ચાંપતી નજર રાખવા માટેનાં ગુપ્તચર સાધનો છે. પણ ટીબિંગ આ રીતે કોના પર ચાંપતી નજર રાખી રહ્યો હતો?

ટીબિંગ અને રેમી ગયા તે પછી થોડીવારે સિલાસે લેંગ્ડન અને સોફીને છોડી મૂક્યાં; અલબત્ત, પેલી પેટી હવે સિલાસના હાથમાં હતી. લેંગ્ડન અને સોફી હવે લંડનની પ્રખ્યાત સબવેના સ્ટેશનમાં દાખલ થયાં. પણ હવે ટીબિંગનું શું? સોફી કહે કે આપણે રેમી અને સિલાસ અંગેની બાતમી પોલીસને આપી દઈએ. પણ લેંગ્ડનના મનમાં તો બીજી જ ચટપટી હતી. તે એક લાઈબ્રેરીમાં જઈને તેનો ઇલેક્ટ્રોનિક ડેટાબેઝ ઉથલાવવા માગતો હતો. સંદેશારૂપ કવિતાનો અમુક ભાગ હજી લેંગ્ડનને સમજાતો નહોતો. તેનો ઉકેલ આ ડેટાબેઝમાંથી મળવાની તેને આશા હતી. પણ સોફીને ટીબિંગની ચિંતા થતી હતી એટલે તેણે પોલીસને ફોન

જોડ્યો. લંડનની પોલીસે તરત જ ફ્રાન્સથી આવેલા બેઝુને ફોન આપ્યો. તેણે સોફીને કહ્યું કે લેંગ્ડન નિર્દોષ છે એની મને ખાતરી થઈ ગઈ છે. પણ તારી સલામતી માટે તું બને તેટલી જલદી લંડન પોલીસ સ્ટેશનમાં પહોંચી જા.

સોફીને લંડન પોલીસ સ્ટેશનમાં પહોંચી જવાનું જણાવીને પોલીસ ઑફિસર બેઝુ પહોંચ્યો ટીબિંગના પ્લેનમાં. બૅન્કના લૉકરમાંથી જે પેટી મળી હતી તે તેના હાથમાં તો આવી ગઈ હતી, પણ એ હતી ખાલી. એ જ વખતે તેને બૅન્કના પ્રેસિડન્ટ આન્દ્રેનો ફોન આવ્યો. તેણે કહ્યું કે બૅન્કના સેફ ડિપૉઝિટ લૉકરમાંથી આ રીતે પેટી ગૂમ થાય એથી બૅન્કની આબરૂ ધૂળમાં મળે, એટલે એ પેટી ગમે તે રીતે મને પાછી મળે તેવું કરો.

બીજી બાજુ ટીબિંગની હવેલીની ઝડતી લેતાં કૉલેટને માળિયા પર સંતાડીને ગોઠવેલું કમ્પ્યૂટર જોવા મળ્યું. તેના દ્વારા ટીબિંગ પાંચ વ્યક્તિઓની સતત જાસૂસી કરી રહ્યો હતો. એ પાંચમાંનો એક હતો લૂવ્ર મ્યુઝિયમનો ક્યુરેટર સોનિયેર! ફ્રેન્ચ ગુપ્તચર ખાતાના વડાની પણ સતત જાસૂસી થઈ રહી હતી. સોનિયેર પર જાસૂસી કરવા માટે તેના ટેબલમાં જ સાધન ગોઠવવામાં આવ્યું હતું.

લંડનમાં સિલાસ અને રેમીએ ટીબિંગને મોટરની પાછલી સીટ પર ખડક્યો હતો. ત્યાં સિલાસને એક સંદેશો મળ્યો : ‘જે કામ કરવાનું છે તે રેમી પાર પાડશે.’ રેમીને પણ સંદેશો મળ્યો જેમાં સિલાસને ક્યાં ઉતારી દેવો અને ગુરુને ક્યાં મળવું એ જણાવવામાં આવ્યું. રેમી મનોમન રાજી થયો. હાશ, આ સિલાસની તો ટાઢે પાણીએ ખસ જશે. રેમી મનોમન હસી રહ્યો હતો. ગુરુએ બિશપને અને સિલાસને પ્યાદાં તરીકે વાપરીને કેવા ઉલ્લુ બનાવ્યા!

કિંગ્ઝ કૉલેજમાં પહોંચેલાં લેંગ્ડન અને સોફી લાઈબ્રેરિયન પામેલા સાથે વાતો કરી રહ્યાં હતાં. ત્યાંના કમ્પ્યૂટર પર જે ડેટાબેઝ હતો તે બતાવવા પામેલા તૈયાર થઈ ગઈ. બંનેએ પામેલાને પેલી સંદેશાની કવિતાની પહેલી બે જ પંક્તિ બતાવી અને જેને લંડનમાં પોપે દફનાવ્યો હોય એવો નાઈટ - સરસાહેબ - કોણ છે તે શોધવા કહ્યું. પણ ડેટાબેઝમાંથી તો ઘણાં બધાં નામ મળ્યાં. એટલે પછી બંનેએ પામેલાને બીજી બે પંક્તિ પણ બતાવી. એ પંક્તિઓ જોતાં જ પામેલા સમજી ગઈ કે આ બંને પણ ‘હોલી ગ્રેલ’ની પાછળ પડ્યાં છે. તેણે કહ્યું : ‘તમારી પહેલાં પણ આવી શોધ કરનારાં ઘણાં મારી પાસે માહિતી માટે આવી

ગયાં છે, પણ તમારે જે માહિતી જોઈએ છે તે શોધતાં મને પંદર મિનિટ લાગશે.'

હવે સિલાસ પહોંચ્યો લંડનમાંના ઓપસ ડેઈના મથકે. ત્યાં પ્રવેશદ્વાર પર જ તેનું સ્વાગત કરવામાં આવ્યું અને રહેવા માટે એક ઓરડો અપાયો. ત્યાં તો ઈમારતના રખેવાળ પર લંડન પોલીસનો ફોન આવ્યો : 'જેની ચામડી, વાળ, આંખનો રંગ સફેદ હોય એવો કોઈ પાદરી હમણાં ત્યાં આવ્યો છે?' જ્યારે રખેવાળે હા પાડી ત્યારે પોલીસે કહ્યું કે 'અમે તાબડતોબ ત્યાં આવીએ છીએ, પણ એ પાદરીને અમારા ફોનની કે આવવાની જાણ ન કરતો.' તો રેમી જેમ્સ પાર્કમાં પહોંચીને ગુરુને મળ્યો. ગુરુએ તેને દારૂ પીવા આપ્યો. તેમાં ભોંયસીંગનો ભૂકો ભેળવવામાં આવ્યો હતો. રેમીને સીંગની સખત એલર્જી હતી એટલે દારૂ પીધા પછી થોડી જ વારમાં તેના રામ રમી ગયા. કયા નાઈટની કબરનો નિર્દેશ સોનિયેરે કર્યો હશે તે જાણવાનું ગુરુ માટે અઘરું નહોતું. કારણ, તે સોનિયેરની સતત જાસૂસી કરી રહ્યો હતો. બિશપ એરિંગારોસા જેવા વિમાનઘરની બહાર નીકળ્યા કે તરત બ્રિટિશ પોલીસનો એક અફસર તેમને મળ્યો. તેણે કહ્યું : કે 'બેઝુએ કહ્યું છે કે તમને સ્કૉટલૅન્ડ યાર્ડની ઑફિસે લઈ જવાના છે.' પોલીસની મોટરમાં જઈ રહેલા બિશપે પોલીસના વાયરલેસ પર ઓપસ ડેઈના મથકનું સરનામું બોલાતું સાંભળ્યું એટલે તેણે તરત જ પોલીસ અધિકારીને કહ્યું કે 'મને સ્કૉટલૅન્ડ યાર્ડને બદલે ઓપસ ડેઈના મથકે લઈ જાવ.'

કિંગ્ઝ કૉલેજમાં ડેટાબેઝમાંથી જે માહિતી મળી તે લેંગ્ડન અને સોફી જોઈ રહ્યાં હતાં. તેમાં સર આઇઝેક ન્યૂટન વિષેના એક પુસ્તકનો પણ ઉલ્લેખ હતો. તરત જ લેંગ્ડનના મનમાં ઝબકારો થયો. અમે જે નાઈટનું નામ શોધી રહ્યાં છીએ તે સર આઇઝેક ન્યૂટન જ. ન્યૂટન સરસાહેબ હતો, તેને લંડનમાં દફનાવવામાં આવ્યો હતો અને તેની દફનવિધિ જાણીતા અંગ્રેજ કવિ એલેક્ઝાન્ડર પોપે કરી હતી!

થાક્યોપાક્યો સિલાસ ઊંઘી ગયો હતો તે એકાએક ઝબકીને જાગી ગયો. કશુંક અમંગળ થવાના ભણકારા તેને સંભળાયા. તે ઊભો થયો તો બારીમાંથી તેણે બહાર ઊભેલી પોલીસની મોટર જોઈ. નક્કી મને શોધતી પોલીસ અહીં આવી પહોંચી છે, તે સમજી ગયો. એટલે તે ભાગ્યો. ભાગતા સિલાસ પર પોલીસે ગોળી છોડી. જવાબમાં સિલાસે પણ ગોળીબાર કર્યો, પણ ગોળી પોલીસના કોઈ માણસને વાગવાને બદલે

બિશપને વાગી.

કિંગ્ઝ કૉલેજમાંથી નીકળીને લેંગ્ડન અને સોફી સીધાં પહોંચ્યાં વેસ્ટ મિન્સ્ટર એબી જ્યાં બ્રિટનની કેટલીયે નામાંકિત વ્યક્તિઓને દફનાવવામાં આવી છે. બંને જણાં ન્યૂટનની કબર શોધવા લાગ્યાં. એ વખતે ગુરુ બહાર ઊભા હતા. ગુપ્ત સંદેશો તેમના હાથમાં હતો, પણ એ સંદેશામાં ખોવાયેલા ગોળ પથ્થરનો જે ઉલ્લેખ હતો તે ગુરુને સમજાતો નહોતો. લેંગ્ડન અને સોફી ન્યૂટનની કબર શોધી રહ્યાં છે તે ગુરુએ જોયું. ગુરુએ વિચાર્યું કે આ છેલ્લી કડીનો ભેદ ઉકેલવામાં લેંગ્ડન મદદરૂપ થઈ શકે, પણ લેંગ્ડન તેને મદદ કરે શા માટે ? ગુરુના મનમાં તરત જ આખી યોજના ગોઠવાઈ ગઈ. એવી યોજના જેને કારણે મદદ કર્યા વગર લેંગ્ડનનો છૂટકો જ ન થાય. લેંગ્ડન અને સોફી શોધતાં શોધતાં ન્યૂટનની કબર પાસે પહોંચી ગયાં, પણ આ કબર પર તો ઘણા ગોળાકાર પથ્થર હતા. ત્યાં સોફીનું ધ્યાન કબરની બાજુની ફર્શ પર ગુરુએ લખેલ સંદેશા તરફ ગયું. સંદેશામાં ગુરુએ લખેલું : 'ટીબિંગ મારા કબજામાં છે. બહારના બગીચામાં આવીને તમે બંને મને મળો.' સંદેશો વાંચીને બંને રઘવાયાં થઈને બગીચા તરફ દોડયાં. તેઓ જે રસ્તે દોડયાં તે રસ્તા પર આગળ સમારકામ થઈ રહ્યું હતું અને તેથી રસ્તો બંધ હતો. પાછાં ફરવા જાય તે પહેલાં તો પાછળનું બારણું પણ બંધ થઈ ગયું. બંને જણાં આબાદ સપડાયાં, પણ ના. ત્યાં માત્ર બે જ જણ નહોતા. ત્યાં ત્રીજો હાજર હતો ટીબિંગ, બંને તરફ રિવૉલ્વર તાકીને ઊભેલો. ટીબિંગને જોતાવેંત લેંગ્ડન અને સોફી તરત સમજી ગયાં : ટીબિંગ તે જ ગુરુ : ગુરુ તે જ ટીબિંગ.

હવે ટીબિંગે પેટછૂટી વાત કરી. ગુપ્ત દસ્તાવેજ વિશે કશું કહેવાનો સોનિયેરે ઇનકાર કરેલો. કારણ, ચર્ચે તેને ધમકી આપેલી. સોફીના કુટુંબનાં બીજાં બધાંને ચર્ચે મરાવી નાખ્યાં હતાં અને જો દસ્તાવેજ જાહેર થશે તો સોફીનો જીવ પણ જશે એવી ધમકી આપેલી. ટીબિંગ કહે છે કે 'સોનિયેર અને બીજા ત્રણ જણને મેં જ મરાવી નાખ્યાં હતાં. સોનિયેરના ગૂઢ સંદેશા ઉકેલવાની સોફીને ફાવટ હતી એટલે અત્યાર સુધી ટીબિંગે સોફી અને લેંગ્ડનને જીવતાં રહેવા દીધેલાં અને પોતાની સાથે રાખેલાં. ટીબિંગે બંનેને પૂછ્યું : 'ગુપ્ત દસ્તાવેજ શોધવામાં તમે મને મદદ કરશો? સોફીએ તરત જ ઘસીને ના પાડી દીધી, મારા દાદાને મરાવી નાખનારને હું કોઈ કાળે મદદ નહીં કરું. 'એટલે ટીબિંગે લેંગ્ડનને પૂછ્યું : તું મને મદદ કરીશ?

ઓપસ ડેઈની લંડનની ઈમારતની બહાર આંગણામાં બિશપ એરિંગરોસા ઘવાયેલી હાલતમાં પડ્યા છે. પડયા પડયા એમને પાંચ મહિના પહેલાંની એક વાત યાદ આવે છે. ગેન્ડોલ્ફો કાસલમાં નામદાર પોપના સેક્રેટરી સાથે તેમને વાતચીત થઈ હતી. બીજા કેટલાક અધિકારીઓ પણ હાજર હતા. તેમને કહેવામાં આવેલું કે થોડા જ વખતમાં પોપ પોતે એક વટહુકમ જારી કરવાના છે અને ઓપસ ડેઈ સાથેનો ચર્ચનો સંબંધ કાપી નાખવાના છે. ઓપસ ડેઈ જે ઝનૂની રીતે અનુયાયી બનાવવા માથાં મૂંડતો હતો, સ્ત્રીઓ તરફ જે હીણો વર્તાવ કરતો હતો, જે રીતે સજારૂપે શારીરિક ઈજા પહોંચાડતો હતો – તે બધું ચર્ચની આબરૂને બટ્ટો લગાડી રહ્યું હતું. પણ પોપ તેમને કાઢી મૂકે એવી હીણપતભરી સ્થિતિમાંથી બિશપ એરિંગારોસા બચી શકે તેમ હતા. પણ તે માત્ર એક જ રીતે : તેઓ પોતે સ્વેચ્છાએ ચર્ચથી અલગ થઈ જાય. જો છ મહિનાના ગાળામાં બિશપ આ પગલું ન ભરે તો પછી પોપ પોતે તેમની હકાલપટ્ટી કરશે. આ બધી વાતો થઈ તે પછી થોડા વખતમાં 'ગુરુ'નો ફોન આવેલો : 'મારી પાસે કેટલીક ગુપ્ત માહિતી છે. તેને આધારે 'હોલી ગ્રેલ'– પવિત્ર દસ્તાવેજ શોધી શકાય તેમ છે. એ શોધ્યા પછી તમારા હાથ ઘણા મજબૂત થઈ જશે. બિશપ આવા વિચારો કરી રહ્યા હતા ત્યારે સિલાસ ઉતાવળે તેમને હૉસ્પિટલમાં લઈ ગયો. બિશપને તપાસીને ડૉક્ટરે કહ્યું કે, કદાચ તેમની છેલ્લી ઘડીઓ ગણાઈ રહી છે.

બીજી બાજુ ન્યૂટનની કબર આગળ ઊભો રહીને લેંગ્ડન બારીની બહાર તાકી રહ્યો હતો, જાણે કોઈ ઊંડા વિચારમાં પડી ન ગયો હોય! ટીબિંગ ઉર્ફે ગુરુના સંકજામાંથી છૂટવા માટે તે બને તેટલો સમય મેળવવા માગતો હતો. લેંગ્ડને વિચાર્યું કે પેલો પાસવર્ડ 'એપલ' હોવો જોઈએ. એપલ – સફરજન – ન્યૂટનનાં નામ સાથે જોડાયેલું છે અને ઈવના પતનનું કારણ પણ છે. લેંગ્ડને ગુપ્ત સંદેશાવાળી પેટી ખોલી. તેમાંનો નકશો બહાર કાઢયો અને પછી તેણે ટીબિંગને કહ્યું : પાસવર્ડ શું છે તે હું જાણું છું આમ કહેતી વખતે તેણે જાણીજોઈને પોતાના ચહેરા પર ખંધુ સ્મિત પાથર્યું જેથી ટીબિંગ એમ માને કે લેંગ્ડન મને ઉલ્લુ બનાવી રહ્યો છે. પછી એકાએક લેંગ્ડને પેટીને બંધ કરી અને ઉપર ગુંબજ તરફ જોરથી ઉછાળી. ટીબિંગે નીચે પડતી પેટીને પકડી લેવા માટે મરણિયો પ્રયત્ન કર્યો, પણ પેટીનો કાચ તૂટી ગયો. પછી લેંગ્ડને ટીબિંગને કહ્યું કે 'અંદરનો

નકશો તો મારી પાસે છે.' આ બધી ધમાલ ચાલતી હતી ત્યાં જ પોલીસના માણસો આવી પહોંચ્યા. તેમણે તરત જ ટીબિંગને નિઃશસ્ત્ર કરી દીધો અને પછી ફર્શ પર સૂઈ જવા ફરજ પાડી. પોલીસ અધિકારી બેઝુ આવી પહોંચ્યો અને ટીબિંગની ધરપકડ કરી. તેને બહાર લઈ જવા લાગ્યો. બેઝુ સાથે જતાં જતાં પણ ટીબિંગ બૂમો પાડીને લેંગ્ડનને પૂછી રહ્યો હતો : 'નકશામાં શું છે એ તો મને કહે!'

બિશપને હૉસ્પિટલ પહોંચાડયા પછી સિલાસ કેનિંગ્સ્ટન ગાર્ડનમાં જઈને બેઠો. સિલાસની છાતીમાં પણ બંદૂકની એક ગોળી ઘૂસી ગઈ હતી. બેઠાં બેઠાં તે પ્રાર્થના કરવા લાગ્યો : 'હે પરમ કૃપાળુ પરમાત્મા! બિશપ એરિંગારોસાનો જીવ બચાવજો અને મારાં બધાં પાપો માટે મને માફ કરજો, હે દયાળુ દેવ!' ગાર્ડનમાં બાંકડા પર બેઠાં બેઠાં જ સિલાસનો જીવ નીકળી ગયો. પણ તે પહેલાં તેણે અનુભવ્યું કે ઈશ્વર દયાળુ છે, ઉદાર છે, માફી બક્ષે છે. પોલીસ ટીબિંગની ઊલટતપાસ લઈ રહી હતી, પણ તે અધવચ્ચે છોડીને બેઝુ બિશપને મળવા ઉપડયો. સિલાસના મૃત્યુના ખબર સાંભળીને બિશપ વ્યગ્ર થયો હતો, પણ જ્યારે તેને જાણવા મળ્યું કે ઓપસ ડેઈના ચાર મુખિયાઓને અને એક સાધ્વીને પેરિસમાં મારી નાખનાર સિલાસ હતો; ત્યારે તો બિશપની વ્યગ્રતાનો પાર ન રહ્યો. 'ગુરુ'ને આપવા માટે બિશપે પોતાની પાસે મોટી એવી રકમ રાખી હતી. તેણે હવે બેઝુને કહ્યું કે આ રકમ પાંચ મરનારોઓનાં કુટુંબીજનો વચ્ચે વહેંચી આપજો.

સોફી અને લેંગ્ડન હવે પહોંચ્યાં સ્કૉટલૅન્ડમાં આવેલા રોઝલિન ચૅપલમાં. ગુપ્ત સંદેશાવાળી પેટીમાં આ ચૅપલનો ઉલ્લેખ હતો. આ ચેપલ નાઈટ્સ ટેમ્પલાર દ્વારા બંધાયું હતું. ઘણાં વર્ષોથી કેટલાક લોકો માનતા હતા કે 'હોલી ગ્રેલ'ને આ ચૅપલમાં છુપાવવામાં આવ્યો છે, પણ એ વાત કોઈ પુરવાર કરી શક્યું નહોતું. ચૅપલમાં પહોંચ્યા પછી સોફીનું ધ્યાન ત્યાંની એક કમાન તરફ ગયું. એને તરત થયું : આ કમાન મેં પહેલાં પણ જોઈ છે. પણ ક્યારે? હા, યાદ આવ્યું. સાવ નાની હતી ત્યારે અહીં આવેલી. આ કમાનને તાકીને જોતાં જોતાં ઊંઘી ગઈ હતી. જ્યારે જાગી ત્યારે દાદા કોઈને 'આવજો' કહી રહ્યા હતા. કોને? બાજુના એક ઘરના રવેશમાં ઊભેલા કોઈકને.' આ બધું યાદ આવતાં સોફીના પગ એ ઘર તરફ ઊપડયા.

લેંગ્ડનના હાથમાંની પેટી જોઈને ચેપલના ભોમિયાએ પૂછ્યું : 'આ

પેટી તમારી પાસે ક્યાંથી આવી? આ પેટી તો મારા દાદાએ મને બતાવીને મારી દાદીને આપી હતી. પણ પછી મારા દાદા, મારાં મા-બાપ, મારી બહેન - બધાં એક મોટર અકસ્માતમાં માર્યાં ગયાં. તે જ વખતે સોફી પેલા બાજુના મકાનમાં જઈ પહોંચી. તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ ઘરમાં તો તેની દાદી જીવતી જાગતી બેઠીહતી. બન્ને સ્ત્રીઓ ભેટી પડી. એ જ વખતે ચૅપલનો ભોમિયો- સોફીનો ભાઈ - પણ ત્યાં આવી પહોંચ્યો અને પોતાની દાદી અને બહેનને ભેટી પડ્યો. પછી તો લેંગ્ડન પણ ત્યાં આવી પહોંચ્યો. સોફીની દાદી અને સોનિયેરની પત્ની મારીએ બધી વાત માંડીને કરી. કુટુંબના બધા સભ્યો કઈ રીતે વેરવિખેર થઈ ગયા. સોફીનાં મા-બાપ જિસસ અને મેરી મૅગ્ડલિનના વંશજ હતાં, પણ સલામતી ખાતર તેમણે પોતાની અટક બદલી નાખી હતી. કુટુંબીજનો મોટર અકસ્માતમાં માર્યાં ગયાં એમ કહેવાતું હતું પણ સોનિયેર અને મારીનું માનવું હતું કે હકીકત કંઈક જુદી જ હતી. સોફીની દાદી અને સોફીના ભાઈને માથે પણ ભય તોળાતો હતો. એટલે એ બન્ને પણ મરી પરવાર્યાં છે એવી અફવા ફેલાવવામાં આવી અને પછી દાદી અને ભાઈ વતન છોડી સ્કૉટલૅન્ડ આવી અજ્ઞાતરૂપે રહેવા લાગ્યાં. આ વાત સાંભળી લીધા પછી લેંગ્ડને મારીને પૂછ્યું : પણ હોલી ગ્રેલ ખરેખર આ ચૅપલમાં છે? જવાબમાં મારી સંદેશારૂપ કવિતા ફરી બોલી ગઈ. પછી કહ્યું : હોલી ગ્રેલ અહીં છે કે નહીં તેની મને ખબર નથી. પણ ખબર હોય તોય તે રહસ્ય કોઈને જણાવાય નહીં. પણ આ કવિતાનો સાચો અર્થ એક દિવસ તમારા મનમાં જ ઊગી આવશે, લેંગ્ડન. પણ ત્યારેય એ રહસ્ય તમે કોઈને જ કહી શકશો નહીં.'

'હોલી ગ્રેલ'ના ગુપ્ત રહસ્યને સાચવવા માટે ચાર નવા મુખિયા નીમવાની પળોજણ ઓપસ ડેઈમાં ચાલી રહી હતી. મારી ઘરમાં ગઈ અને સોફી બહાર આવી. સોફી અને લેંગ્ડન ખુલ્લાં ખેતરોમાં ફરવા નીકળી પડ્યાં. લેંગ્ડને સોફીને ચુંબન કર્યું, સોફીએ લેંગ્ડનને. હવે જુદાં પડવાનો વખત આવી ગયો હતો. પણ બરાબર એક મહિના પછી ફ્લોરેન્સ શહેરમાં ફરી મળીશું - બન્નેએ નક્કી કર્યું.

લેંગ્ડન ફરી પેરિસમાં. સંદેશારૂપે સોનિયેરે લખેલી કવિતાનો અર્થ હવે લેંગ્ડનનાં મનમાં સ્પષ્ટ થઈ ગયો હતો. એણે લૂવ્રના મ્યુઝિયમ તરફ દોટ મૂકી. નીચે ફર્શ પર એક નાનો પિરામિડ બાંધ્યો હતો. તેની ઉપર મસમોટો ઊંધો પિરામિડ લટકતો હતો. કવિતામાં સ્ત્રી-પુરુષનાં જે

પ્રાચીન પ્રતીકનો ઉલ્લેખ હતો તે પ્રતીકો તે આ પિરામિડ જ. પોતાના પુસ્તકની હસ્તપ્રતમાં લેંગ્ડને લખ્યું હતું કે નાનો પિરામિડ ભૂગર્ભમાંના ભોંયરાના પ્રવેશદ્વાર જેવો દેખાય છે, ત્યારે તો આવી કલ્પના કરેલી. પણ ના, એ જ હકીકત છે. તું લેંગ્ડનને શોધી કાઢજે એમ સોનિયેરે સોફીને કહેલું તે પણ આ અનુમાનને કારણે જ. એ નાના પિરામિડ પાસે આવી પહોંચેલો લેંગ્ડન ઘૂંટણિયે પડ્યો. બસ, અહીં જ હોવો જોઈએ એ 'હોલી ગ્રેલ' - પવિત્ર દસ્તાવેજ.

●

૭૦ ટકા ઓછી કિંમત : નીચે જણાવેલ પુસ્તકોની કિંમત અમે બજાર કિંમત કરતાં ઘણી ઓછી છાપી છે. એ છાપેલી કિંમત કરતાં પણ ૩૦-૪૦ ટકા ઓછી કિંમતે ગણી બજાર કિંમતે રૂ. ૧૮૦૦નાં પુસ્તકો માત્ર રૂ. ૫૪૫/-માં અમારા ખર્ચે ઘરબેઠાં પહોંચાડાય છે.

'સાહિત્ય સંગમ'ની 'ગ્રંથયાત્રા' યોજનામાં ૭૦ ટકા ઓછી કિંમતે જાણીતા લેખકોનાં નવાં પુસ્તકો રૂ. ૫૪૫/-માં પ્રગટ થઈ ગયાં છે. ત્રણે યોજનાનાં રૂ. ૧૬૩૫/-. પાંચે યોજનાનાં રૂ. ૨૭૨૫/- મોકલી આપના કુટુંબને સો-દોઢસો ઉત્તમ પુસ્તકોનો વારસો આપતા જાઓ ચેક મોકલો તો રૂ. ૩૫/- વધુ

ગ્રંથયાત્રા - ૧

૧.ફાફડા... જલેબી... ચટણી ! : શ્રી બકુલ ત્રિપાઠી. રૂ. ૧૨૫ ને બદલે રૂ. ૭૫
૨. બહુવચન : શ્રી ચંદ્રકાંત બક્ષી. રૂ. ૧૨૫ ને બદલે રૂ. ૭૫
૩. નિર્વિકલ્પ : શ્રી ભગવતીકુમાર શર્મા. રૂ. ૨૫૦ ને બદલે રૂ. ૧૪૦
૪.એક રૂપકથા : શ્રી રઘુવીર ચૌધરી. રૂ. ૧૨૫ ને બદલે રૂ. ૭૦
૫.અમે અજાણ્યાં : શ્રી વિનેશ અંતાણી રૂ. ૧૨૫ ને બદલે રૂ. ૭૫
૬.લાંબી સફર છે જિંદગી : શ્રી મોહમ્મદ માંકડ. રૂ. ૧૨૫ ને બદલે રૂ. ૭૫
૭. ગીતા નવી નજરે : શ્રી નગીનદાસ સંઘવી. રૂ. ૧૨૫ ને બદલે રૂ. ૭૫
૮. સાત પગલાં સફળતાનાં : શ્રી પ્રદીપ ત્રિવેદી. રૂ. ૧૨૫ ને બદલે રૂા. ૭૦
૯.બાળવિકાસની એ.બી.સી.ડી. : ડૉ. શશિકાંત શાહ. રૂ. ૧૨૫ને બદલે રૂ. ૭૫
૧૦.જીવન સંઘર્ષકથા : ડૉ. અશ્વિન દેસાઈ. રૂ.૩૦ ને બદલે રૂ.૨૦
૧૧.તનાવ-ડિપ્રેશન-માનસિક રોગો : ડૉ. મુકુલ ચોક્સી અને ડૉ. શશીકાંત શાહ રૂ. ૩૦ ને બદલે રૂ. ૨૦
૧૨. હું નાટક જીવું છું : શ્રી કપિલદેવ શુક્લ. રૂ. ૩૦ ને બદલે રૂ. ૩૦
૧૩. ઇંગ્લેન્ડ-ભારત : પત્રકારિત્વ અને જીવનશૈલિ : શ્રી વિપુલ કલ્યાણી. રૂ. ૨૫ ને બદલે રૂ. ૧૮
૧૪. નિહાળતો જા (ગઝલ) : ડૉ. રઈશ મણિયાર. રૂ. ૨૫ને બદલે રૂ. ૧૮
૧૫. કેટલાક વૈજ્ઞાનિકોનાં અવૈજ્ઞાનિક વલણો : પ્રા. શ્રી સૂર્યકાંત શાહ. રૂ. ૩૦ ને બદલે રૂ. ૨૦
૧૬. આદર્શ શિક્ષક : પ્રા. શ્રી હકૂમતરાય દેસાઈ, પ્રિ. દેવાંગ દેસાઈ, પ્રો. શ્રી હરિકૃષ્ણ જોષી. રૂ. ૩૦ને બદલે રૂ. ૨૦
૧૭. આદર્શ ઉદ્યોગસંચાલન : શ્રી રજની શેઠ, શ્રી જ્યોતિન્દ્ર લેખડિયા. રૂ.૩૦ને બદલે રૂ.૨૦
૧૮. સુખની શોધ : શ્રી જનક નાયક. રૂ. ૨૫ને બદલે રૂ. ૧૫
૧૯. ૨૦૦૫નું યાદગાર વાંચન : રૂ. ૧૨૫ને બદલે રૂ. ૫૦
૨૦. આદર્શ જીવનશૈલિ : શ્રી હિમાંશુ પાઠક, ડૉ. શ્રી મીનુ પરબિયા, શ્રી પ્રવીણભાઈ છેડા રૂ.૩૦ને બદલે રૂ.૨૦
૨૧. અમૃતા પ્રીતમ - સફરનામા : શ્રી બકુલ ટેલર. રૂ. ૨૫ને બદલે રૂ. ૧૫
૨૨. હુ વીલ કાય વ્હેન યુ ડાય : શ્રી રજની શેઠ. રૂ. ૨૫ને બદલે રૂ. ૧૮
૨૩. સુખીજીવન માસિક : રૂ. ૧૨૫ને બદલે રૂ. ૫૦

ગ્રંથયાત્રા - ૨

૧. મારા ગાંધી : શ્રી નારાયણ દેસાઈ. રૂ. ૧૬૫ને બદલે રૂ. ૯૫
૨.ક્ષણનો સાક્ષાત્કાર : શ્રી કુમારપાળ દેસાઈ રૂ. ૧૨૫ને બદલે રૂ. ૭૫
૩. શિખંડ, પૂરી, પાતરાં : શ્રી બકુલ ત્રિપાઠી. રૂ. ૧૨૫ને બદલે રૂ. ૬૦

૪. **મનપ્રવેશ:** શ્રી રવીન્દ્ર પારેખ. રૂ. ૧૦૫ને બદલે રૂ. ૬૦
૫. **અમેરિકા-અલપઝલપ** :ડૉ. વિજય શાસ્ત્રી. રૂ. ૧૦૦ને બદલે રૂ. ૬૦
૬. **મહેકતો રહેજે મનવા** : ડૉ. ચંદ્રકાન્ત મહેતા. રૂ. ૧૨૫ને બદલે રૂ. ૭૦
૭. **વાચસ્પતિની વ્યંગવાચા** : ડૉ. રમણ પાઠક, શ્રી ગજાનન. રૂ. ૧૨૫ને બદલે રૂ. ૭૫
૮. **આવતી કાલનો સૂરજ** : શ્રી ઈલા આરબ મહેતા. રૂ. ૧૨૫ને બદલે રૂ. ૭૫
૯. **જીવવું સહેલું છે** : શ્રી જનક નાયક. રૂ. ૧૬૦ને બદલે રૂ. ૯૦
૧૦. **મા ! તુઝે સલામ** : શ્રી હરીશ નાયક. રૂ. ૧૪૦ને બદલે રૂ. ૭૫
૧૧. **લાગણીનાં ઘરમાં આપણે (નવી પેઢી-જૂની પેઢીને માર્ગદર્શન)** : શ્રી નાનુભાઈ નાયક. રૂ. ૬૫ને બદલે રૂ. ૪૦
૧૨. **જીવનસાથીની પસંદગી** : શ્રી અવંતિકા ગુણવંત. રૂ. ૩૦ને બદલે રૂ. ૨૨
૧૩. **યોગ અને પ્રાણાયામ** : શ્રી જનક નાયક. રૂ. ૩૦ને બદલે રૂ. ૨૦
૧૪. **એલર્જીની અસલી ઓળખ** : શ્રી મનુ જપી રૂ. ૩૦ને બદલે રૂ. ૨૦
૧૫. **વેદવાક્ય** : શ્રી રીટા ત્રિવેદી રૂ. ૩૦ને બદલે રૂ. ૨૦
૧૬. **મુકેશનાં ૫૧ શ્રેષ્ઠ ગીતો** : રૂ. ૩૦ને બદલે રૂ. ૨૦

ગ્રંથયાત્રા - ૩

૧. **ભાસ્કર ચેતના** : શ્રી કાંતિ ભટ્ટ. રૂ. ૧૭૦ને બદલે રૂ. ૮૫
૨. **અંગત અને સંગત** : શ્રી હરિકૃષ્ણ પાઠક. રૂ. ૮૦ને બદલે રૂ. ૪૫
૩. **નજરોનજર** : શ્રી દિનકર જોષી. રૂ. ૧૨૫ને બદલે રૂ. ૭૫
૪. **દરિયા લહર સમાય** : ડૉ. પ્રવીણ દરજી. રૂ.૧૪૦ને બદલે રૂ. ૭૫
૫. **બહેરામજી બાવા યુરોપ અમેરિકામાં** : શ્રી બી.એન. દસ્તૂર. રૂ. ૫૦ને બદલે રૂ. ૩૫
૬. **બોત્તેર વર્ષનો બાબો** : શ્રી આબિદ સુરતી. રૂ.૧૨૫ને બદલે રૂ. ૭૫
૭. **અનેરો આનંદ જીવનનો** : શ્રી મૃદુલા મારફતિયા. રૂ. ૧૨૫ને બદલે રૂ. ૭૫
૮. **સાત ફેરા** : શ્રી મીનળ દીક્ષિત. રૂ. ૧૪૫ને બદલે રૂ. ૮૫
૯. **તરસ** : શ્રી જનક નાયક. રૂ. ૧૪૫ને બદલે રૂ. ૮૦
૧૦. **ઇન્દ્રધનુષની પાછળ પાછળ** : આર. અનુરાધા. રૂ. ૧૨૫ને બદલે રૂ. ૭૫
૧૧. **સમાજ, દર્દી અને તબીબ** : શ્રી પ્રદીપ પંડ્યા. રૂ. ૪૦ને બદલે રૂ. ૩૦
૧૨. **મળવા જેવો માણસ** : શ્રી જનક નાયક. રૂ. ૩૦ને બદલે રૂ. ૨૦
૧૩. **નોવેલ્ટી મુખવાસ, મસાલા, ગ્રેવી, પેસ્ટ, વઘાર** : સાધના ઠક્કર. રૂ. [illegible]ને બદલે રૂ. [illegible]
૧૪. **હાસ્યાત્ સદા મંગલમ્** : શ્રી કલ્પના દેસાઈ. રૂ. ૧૦૦ને બદલે રૂ. ૬૦
૧૫. **આપોઆપ** : શ્રી બકુલેશ દેસાઈ. રૂ. ૨૦
૧૬. **હૃદયરોગની એબીસીડી** : ડૉ.દિલીપ મોદી. રૂ. ૧૪૫ને બદલે રૂ. ૮૦
૧૭. **કુંવારપાઠું (એલોવિરા)** : વૈદ્ય હિરાલાલ ડી. પ્રજાપતિ, વૈદ્ય [illegible] રૂ. [illegible]ને બદલે રૂ. [illegible]
૧૮. **સુખીજીવન માસિક** : ૧ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫ને બદલે રૂ. ૫૦

ગ્રંથયાત્રા - ૪

૧. **ધર્મ અને સમાજ** : શ્રી નગીનદાસ સંઘવી. રૂ. ૧૨૫ને બદલે રૂ. ૭૫
૨. **એકવીસમી સદીમાં સફળ થવાની કળા** : શ્રી કાન્તિ ભટ્ટ. રૂ. [illegible]ને બદલે રૂ. [illegible]
૩. **માનસિક આરોગ્ય – તનના રોગ તેમ મનના રોગ** : ડૉ. બી. એ. પરીખ. રૂ. [illegible]ને બદલે રૂ. [illegible]
૪. **ભૂત-પ્રેતને ભગાડો** : ડૉ. બી. એ. પરીખ. રૂ. [illegible]ને બદલે રૂ. [illegible]

૫. તમારા તરુણ સંતાનોને સમજો : ડૉ. બી. એ. પરીખ. રૂ. ૪૫ને બદલે **રૂ. ૩૦**
૬. શરીર વિકાસ અને તે સાથે સંકળાયેલી માન્યતાઓ : ડૉ. બી. એ. પરીખ. રૂ. ૩૫ને બદલે **રૂ. ૨૫**
૭. આપણા વહેમો તથા અંધશ્રદ્ધાને ઓળખો અને સમજો : ડૉ. બી. એ. પરીખ. રૂ. ૩૫ને બદલે **રૂ. ૨૫**
૮. સ્વસ્થ તન પ્રસન્ન મન : ડૉ. દિલીપ મોદી. રૂ. ૯૫ને બદલે **રૂ. ૭૦**
૯. પ્રિય પત્ની : સંપાદક - શ્રી પ્રદિપ ત્રિવેદી. રૂ. ૩૬૦ને બદલે **રૂ. ૨૫૦**
૧૦. અવઢવ : શ્રી જનક નાયક. રૂ. ૧૪૫ને બદલે **રૂ. ૮૦**
૧૧. ક્રિકેટાયણ : શ્રી નિરંજન ત્રિવેદી. રૂ. ૧૨૫ને બદલે **રૂ. ૮૦**
૧૨. નોવેલ્ટી પ્રાંત પ્રાંતની વાનગીઓ : શ્રી સાધના ઠક્કર. રૂ. ૬૦ને બદલે **રૂ. ૩૫**
૧૩. ભય સામેનો જંગ : શ્રી જનક નાયક. રૂ. ૧૪૫ને બદલે **રૂ. ૮૦**
૧૪. બંટીના સુરજદાદા : શ્રી પુષ્પા અંતાણી. રૂ. ૬૦ને બદલે **રૂ. ૪૦**
૧૫. અમરતદાદીનું કબુતર : શ્રી રેખાબહેન શાહ. રૂ. ૫૦ને બદલે **રૂ. ૩૫**
૧૬. સુખીજીવન વાર્ષિક લવાજમ ફી રૂ. ૫૦

ગ્રંથયાત્રા - ૫

૧. ભગવતીકુમાર શર્માની સંવેદનસૃષ્ટિ : શ્રી ભગવતીકુમાર શર્મા. રૂ. ૧૩૦ ને બદલે **રૂ. ૯૦**
૨. યસ, વી કેન, બટ વ્હાય વી કેન નોટ ? એન્ડ હાઉ વી કેન ! : શ્રી નાનુભાઈ નાયક રૂ.૨૧૦ ને બદલે **રૂ. ૧૫૦**
૩. વિષયાન્તર : શ્રી વિજય શાસ્ત્રી. રૂ. ૧૨૫ ને બદલે **રૂ. ૮૦**
૪. હરીશ નાયકની શ્રેષ્ઠ સમાજકથાઓ : શ્રી હરીશ નાયક. રૂ. ૯૦ ને બદલે **રૂ. ૬૫**
૫. જીવનવ્યાપારની ફિલસૂફી : શ્રી કાંતિ ભટ્ટ. રૂ. ૨૫૦ને બદલે **રૂ. ૧૬૦**
૬. જીવનનું સત્ય : શ્રી રૂપિન પચ્ચીગર. રૂ. ૯૦ ને બદલે **રૂ. ૬૫**
૭. અહો, આશ્ચર્યમ્ : શ્રી નરેન્દ્ર જોશી. રૂ. ૧૩૦ ને બદલે **રૂ. ૯૦**
૮. ગ્રુપફોટો : શ્રી ગિરીશ ભટ્ટ. રૂ. ૧૩૦ ને બદલે **રૂ. ૯૦**
૯. વિશ્વની શ્રેષ્ઠ નવલકથાઓ : શ્રી દીપક મહેતા. રૂ. ૩૪૦ને બદલે **રૂ. ૨૨૫**
૧૦. ગિર ગયે, ગિરકર ઊઠે, ઊઠકર ચલે : શ્રી મોહમ્મદ માંકડ. રૂ. ૧૩૦ને બદલે **રૂ. ૯૦**
૧૧. કિડનીના રોગો : ડૉ. દિલીપ મોદી. રૂ. ૭૫ને બદલે **રૂ. ૫૦**
૧૨. માણસ ઉર્ફે માણસ : શ્રી જનક નાયક. રૂ. ૧૩૦ને બદલે **રૂ. ૯૦**
૧૩. અપહરણ : શ્રી જનક નાયક. રૂ. ૧૩૦ને બદલે **રૂ. ૯૦**

(૧) સાહિત્ય સંગમ, પંચોલીની વાડી સામે, બાવા સીદી, ગોપીપુરા, સુરત - ૩૯૫ ૦૦૧ ફોન : (૦૨૬૧) ૨૫૯૭૮૮૨ / ૨૫૯૨૫૬૩

Email : sahityasangamnjk@gmail.com

(૨) સાહિત્ય સંકુલ, ચૌટાબજાર, સુરત - ૩૯૫ ૦૦૩

ફોન : (૦૨૬૧) ૨૫૯૧૪૪૯

Email : janaknaik54@gmail.com

(૩) સાહિત્ય ચિંતન, કચરિયા પોળ, બાલા હનુમાન સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧ ફોન : (૦૭૯) ૨૨૧૭૧૯૨૯